॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# ભાલપ્રદેશ મહિમા તીર્થદર્શન

## ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓ

### સ્વામી નિત્યસ્વરૂપદાસજી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર
સરધાર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ગ્રંથમાળા શ્રેણી

# ભાલપ્રદેશ મહિમા તીર્થદર્શન

## ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓ


### સ્વામી નિત્યસ્વરૂપદાસજી



પ્રકાશક

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

# ભાલપ્રદેશ મહિમા તીર્થદર્શન

**લેખક :**

સ્વામી નિત્યસ્વરૂપદાસજી

**પ્રકાશક :**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,** તા.જી. રાજકોટ.

**પ્રથમ આવૃતિ :**

**પ્રત :** ૩૦૦૦ (ઈ.સ. ૨૦૨૧)

**પ્રકાશન તિથિ :**

સરધારધામને આંગણે ઉજવાયેલ નૂતન શિખરબધ્ધ

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ** પ્રસંગે

સં. ૨૦૭૮ માગશર સુદ - ૧૦, તા. ૧૩-૧૨-૨૦૨૧

website : www.sardhardham.org • E-mail : contac@sardhardham.org

**કિંમત : ૧૩૦/-**

(સૌજન્યને આભારી)

**પ્રાપ્તિસ્થાન :**

સરધાર : શ્રી સ્વામિનારાયણ મંદિર, તા.જી. રાજકોટ.મો. ૯૦૯૯૯૯૯૬૪૩
ભાવનગર : શ્રી સ્વામિનારાયણ મંદિર, ચિત્રા, રાજકોટ હાઈવે, નારીચોકડી. મો. ૭૮૭૮૪૪૪૪૩૦
મહુવા : શ્રી સ્વામિનારાયણ મંદિર, ખારગેટ, જી. ભાવનગર. મો. ૭૨૦૩૯૭૭૩૭૩
સુરત : શ્રી સ્વામિનારાયણ મંદિર, પાવર હાઉની પાછળ, ગજેરા સ્કુલની બાજુ, મો. ૮૦૦૦૦૫૮૫૦૩
ડોંબીવલી : શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં. મો. ૮૮૮૮૦૫૮૫૦૩
જગન્નાથપુરી : શ્રી સ્વામિનારાયણ મંદિર, પુરી-કોણાર્ક બાયપાસ હાઈવે રોડ. મો. ૮૦૦૦૦૫૮૫૦૬
વિદ્યાનગર : શ્રી સ્વામિનારાયણ મંદિર, પ્રોફેસર સોસાયટી સામે, મેઈન બજાર, વિદ્યાનગર. મો. ૯૮૭૯૨૫૮૫૦૩

**મુદ્રક :**

**હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ**

મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯, મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯



**ભગવાન શ્રી સ્વામિનારાયણ**
(શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર)

# ગ્રંથ પ્રકાશન સૌજન્ય

ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પ્રસન્નતાર્થે

સત્સંગ સાહિત્યપ્રેમી અને સંતો-ભક્તોના કૃપાપાત્ર

**અ.સૌ. લીલાબેન ભાઈલાલ ભાઈ ડોબરીયા**

હ. સ્નેહા, સરયૂ, કીર્તન નિલેશ ભાઈ ડોબરીયા - કમીકેરાળા

•

**પ.ભ. શ્રી સુરેશભાઈ ગોરધનભાઈ રજોડિયા - રેવા**

• •

**પ.ભ. શ્રી રાજુભાઈ મનજીભાઈ વિઠ્ઠાણી - નિંગાળા**

• • •

આ દાનવીર સેવાભાવી પરિવારને ઈષ્ટદેવ

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અસીમ કૃપા તથા

**સંતો-હરિભક્તો**નો રાજીપો પ્રાપ્ત થતા રહે

એ જ શ્રીચરણોમાં પ્રાર્થના સહ **જય શ્રી સ્વામિનારાયણ.**

# આમુખ

## ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવન ચરણારવિંદથી અંકિત થયેલ ભાલપ્રદેશના પ્રાસાદિક તીર્થસ્થાન દર્શનગાથા

નભમંડળનું આકાશ જેમ નવલખ તારાઓથી શોભે છે, તેમ ભારતવર્ષની ધરતી અનેક તીર્થોથી શોભે છે. પુરાણોમાં કહ્યું છે : ''**जाम्बवे भारतं वर्षं तीर्थं त्रैलोक्यविश्रुतम् । कर्मभूमिर्यतः पुत्र तस्मात् तीर्थं तदुच्यते ।।**' - જંબુદ્વીપમાં ત્રિલોક વિખ્યાત ભારત દેશ મહાન તીર્થ છે, કારણ કે એ નિષ્કામ કર્મભૂમિ છે માટે તેને તીર્થ કહેવાય છે.

સંસ્કૃત ભાષાના શબ્દકોશ 'અમરકોશ'માં તીર્થનો અર્થ કરતા કહ્યું છે : ''**निपानागमयोः तीर्थमृषिजुष्टे जले गुरौ ।**' - સાગર, સરિતા, સરોવર, વાવ, કુંડ, તળાવ વગેરે જળાશયોના નિપાન અર્થાત ઘાટ તથા આર્ષદ્રષ્ટા ઋષિઓએ જ્યાં બેસીને આગમ-શાસ્ત્રો પુરાણો લખ્યા તથા જ્યાં અવતારી પુરુષો અને સત્પુરુષોના ચરણારવિંદની છાપ પડી છે તે બધા 'તીર્થો' કહેવાયા છે.

તીર્થનો મહિમા ધર્મશાસ્ત્રોમાં ઘણોજ વર્ણવ્યો છે. ''**तरत्यनेन पापमज्ञानं वेति तीर्थम् ।**' - જેના દ્વારા પાપ અને અજ્ઞાનથી તરી શકાય તેને 'તીર્થ' કહેવાય. ''**तीर्यतेऽनेनेति तीर्थम् ।**' - જેનાથી સંસૃતિરૂપ ભવસાગર તરી જવાય એનું નામ 'તીર્થ.' તીર્થને શાસ્ત્રોમાં બે પ્રકારના વર્ણવેલા છે (૧) સ્થાવર અને (૨) જંગમ. તેમાં સ્થાવર એટલે સ્થિર-તીર્થોમાં પવિત્ર દેવસ્થાનો પવિત્ર નદીઓ, પવિત્ર પર્વતો, જળાશયો, પવિત્ર વૃક્ષો વગેરેનો સમાવેશ થાય છે. જંગમ એટલે હાલતાં-ચાલતાં તીર્થોમાં ભગવાનને ધારી રહેલા સત્પુરુષો, આચાર્યો વગેરેનો સમાવેશ થાય છે. આવા જંગમ તીર્થોની પ્રાપ્તિ પ્રાયઃ પૂર્વોક્ત સ્થાવર તીર્થોમાં જ થતી હોય છે માટે તીર્થયાત્રામાં સ્થાવર તીર્થોનો લક્ષ્ય વિશેષ કરીને રહે છે. વાસ્તવિકમાં સત્પુરુષો જ તીર્થમાં નિવાસ કરીને પાવનકારી તીર્થસ્થાનોનું તીર્થત્વ જાળવી રાખતા હોય છે માટે એમનો પણ મહિમા શાસ્ત્રમાં સવિશેષ કહેવામાં આવ્યો છે.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :- **'પ્રભુપદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે; પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય.'** (શ્રીહરિલીલામૃત : ૧/૬)

પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્પર્શથી, પદરજના અભિષેકથી તીર્થ સ્વરૂપ બનેલી જે ધરા તેનાં ભાગ્યની તો શું વાત કરવી ? પ્રભુચરણની રજ જે સ્થાનમાં પડેલી હોય તે સ્થાનમાં સૃષ્ટિકર્તા સ્વયં બ્રહ્માજી અને સંહારકર્તા મહાદેવ શિવજી પણ તે પવિત્ર ભૂમિમાં આવી મહિમાપૂર્વક વંદન કરી તે પૃથ્વીની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચડાવી પોતાનું પરમ સૌભાગ્ય સમજે છે.

પૂર્વે ભગવાનના અવતારો અને સત્પુરુષોએ જ્યાં જ્યાં વિચરણ કર્યું છે બધાં સ્થાનો તીર્થો બન્યા છે. વળી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોના કલ્યાણ કરવા માટે અનેક સ્થળે વિચર્યા છે. તે સ્થળે અનંત ઉત્સવો અને દિવ્ય લીલાચરિત્રો કરી તથા ઉપદેશો આપીને તે સ્થાનોને તથા વસ્તુઓને 'તીર્થરૂપ' દિવ્ય બનાવી દીધાં છે.

તે માટે 'શ્રીહરિલીલાકલ્પતરુ'ના નવમા સ્કંધમાં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ભગવાન શ્રીહરિના પ્રસાદીભૂત તીર્થનો મહિમા બતાવવા લખે છે કે : ''**अवीक्ष्याडपि प्रमादेन सर्वतीर्थानि भूतले । सर्वतीर्थफलं नृणामेतस्यैवेक्षया भवेत् ।।**' - પૃથ્વી પરનાં તીર્થોમાં જે પ્રમાદને લીધે જઈ શકતો નથી, પરંતુ કેવળ શ્રીજીમહારાજના પ્રાસદીસ્થાનના જ જે દર્શન કરે છે તેવા મનુષ્યોને સર્વ તીર્થનું ફળ મળે છે.

તેથી જ તો વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :- '**ભાગ્ય મોટા એ ભૂમિનાં, જિયાં હર્યા ફર્યા હરિ આપ; પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.**' (પુરુષોત્તમ પ્રકાશ : ૨૯/૪)

જે જે સ્થાનોમાં પ્રગટ પ્રભુએ વિચરણ કર્યું, પધરામણીઓ કરી તે તે શહેર-ગામ-ઘર-ધર્મશાળા-ફૂલવાડી-બગીચા-નદી-તળાવો અને સ્થાવર-જંગમ સમસ્ત મહાપ્રસાદીરૂપ પવિત્ર બની ગયાં. જ્યાં જ્યાં પ્રગટ પરમેશ્વર એવા ભગવાન શ્રીહરિના પદારવિંદ પડ્યાં એ ઓરડા, ઓસરી, ફળી, વાડી, ખેતર અને ચોક વગેરે અક્ષરધામ સમાન બની ગયાં ! જ્યાં પ્રગટ પરમાત્મા પોતે રમ્યા-જમ્યા અને હર્યા-ફર્યા એ સર્વે ભૂમિ વંદન કરવા યોગ્ય બની ગઈ. તે પવિત્ર પૃથ્વીની રજને સ્પર્શતા તન ને મન બંને પાવન થઈ જાય છે. પ્રસાદીની ધરતીમાં કોઈ પાપી મૃત્યુ પામે તો તેની પણ સદ્ગતિ થાય છે !

જ્યાં જ્યાં શ્રીજીમહારાજે વિચરણ કર્યું છે તે ભૂમિના મોટા ભાગ્ય છે. અને તે ધરતી પાવનકારી તીર્થરૂપ બની ગઈ છે. 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ બતાવે છે કેઃ- 'જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ; તે સ્થાન તો ઉત્તમ તીર્થ

ગણાય, પવિત્ર તે તીર્થ વિષે થવા.' (શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૪૭)

જે સ્થળે ભગવાન શ્રીહરિ, તેમની સાથે આવેલા મુક્તો આદિક સંતો-ભક્તોએ સહિત ફર્યા છે તે તે સ્થાનો સર્વે શ્રેષ્ઠ તીર્થધામ બની ગયા છે. તે તીર્થસ્થાનોમાં જવાથી વ્યક્તિ પવિત્ર બની જાય છે.

વૈશ્વિક દૃષ્ટિએ અને હિન્દુ સંસ્કૃતિ પ્રમાણે ભગવાનના અવતારોના ચરિત્રો જો ખોળવા બેસીએ તોપણ એ અખૂટ છે, પરંતુ પ્રત્યક્ષની વાત કરીએ તો પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ, કે જેના ગુણોનો મહિમા કહેતાં વેદો પણ 'ન ઈતિ ન ઈતિ' કહીને થાકી જાય એવા મહાપ્રભુ શ્રીહરિ - તેઓના ચરિત્રોને જો ચિંતવવા બેસીએ તો એ પણ અખૂટ, અમાપ, અગાધ અને અગણિત હોય તેમાં શું કહેવું ?

પ્રગટ ભગવાન શ્રીહરિના ચરિત્રો અસંખ્ય છે, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉજવાતા નાના-મોટા ઉત્સવ-સમૈયાઓને અનુરૂપ સત્સંગીઓના સત્સંગને પોષણ મળે, બળ મળે તેમજ પ્રેરણા મળે તેવા ચરિત્રોને આપણે વાંચતા-સાંભળતા કે ચિંતવતા આવ્યા છીએ. તેમજ જે તે ગામના આદર્શરૂપ સંતો-હરિભક્તોના જીવનકવનને વાગોળતા આવ્યા છીએ. એ ઉપરાંત સંપ્રદાયના પ્રસિદ્ધ તીર્થસ્થાનો અને લુપ્તપ્રાયઃ પ્રસાદીનાં સ્થાનોનાં પણ વાંચનયાત્રાને માધ્યમ બનાવી માનસિક દર્શન કરતા આવ્યા છીએ.

એ પ્રાસાદિક તીર્થસ્થાનોમાં ભાલપ્રદેશનાં તીર્થસ્થાનો સંબંધિત સંપ્રદાયના શાસ્ત્રોના આધારે સંકલિત કરાયેલ દિવ્ય-ચરિત્રગાથાને તલસ્પર્શી અભ્યાસ સાથે આવો આપણે પણ 'ભાલપ્રદેશ તીર્થદર્શનગાથા'ને આપણા હૈયાને સોળવલ્લા સોનાથી મઢી લઈએ અને એ સોનાનાં પાત્રમાં ચરિત્રોરૂપી અમૃતને ભરી, જન્મોથી પ્યાસા જીવાત્માઓ સુધી પહોંચાડી તેમને તૃપ્ત કરીએ.

તીર્થધામ સરધાર મૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં આ પુસ્તક સંપાદિત કરવામાં તથા ટાઈપિંગથી માંડીને ગ્રંથને તૈયાર કરવામાં સર્વ પ્રકારની ઘણી સેવા અમારા સંતમંડળના સંતોએ કરી છે. આ પુસ્તકનું પ્રૂફ રીડિંગ અમારા અનુજગુરુબંધુ પૂ. સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા સાધુ દયાસાગરદાસજીએ કાળજીપૂર્વક કર્યું છે.

આ પુસ્તકના નિર્માણ કાર્યમાં જે કોઈએ યત્કિંચિત યત્ન કર્યો છે તેમના પર ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો પૂર્ણ રાજીપો પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સહ....

**લી. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના**
**ઘણા સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.**

# અનુક્રમણિકા


૧. શ્રી ધોલેરાધામ તીર્થદર્શન ........................................ ૦૧

૨. રોજકામાં રંગભીના શ્રીહરિ........................................ ૫૮

૩. ખરડમાં સુખધામ ભગવાન શ્રીહરિ.................................. ૬૮

૪. પીપળીમાં પરમેશ્વર શ્રીહરિ........................................ ૭૪

૫. ગાંફમાં ગુણનિધાન શ્રીહરિ........................................ ૯૧

૬. પચ્છમમાં પુરુષોત્તમ શ્રીહરિ...................................... ૧૧૪

૭. કમિયાળામાં કૃપાનિધાન શ્રીહરિ.................................. ૧૨૪

૮. ભોળાદમાં ભક્તવત્સલ શ્રીહરિ.................................... ૧૪૪

૯. મોટી બોરુમાં બહુનામી ભગવાન શ્રીહરિ............................ ૧૫૦

૧૦. જાખડામાં જનપ્રતિપાળ ભગવાન શ્રીહરિ.......................... ૧૫૭

૧૧. ધંધુકામાં ધર્મકુમાર ભગવાન શ્રીહરિ............................ ૧૬૧

૧૨. ઝીંઝરમાં સુખકારી ભગવાન શ્રીહરિ.............................. ૧૬૫

૧૩. જસકામાં જબરેશ્વર ભગવાન શ્રીહરિ.............................. ૧૯૦

૧૪. ભીમનાથમાં ભગવાન શ્રીહરિ.................................... ૧૯૧

૧૫. પોલારપુરમાં પ્યારા ભગવાન શ્રીહરિ.............................. ૨૦૮

૧૬. ભાલપ્રદેશના અન્ય પ્રાસાદિક ગામો.............................. ૨૧૩

૧૭. સ્વામિનારાયણના દિવ્ય લીલાચરિત્ર મહિમાગાથા................ ૨૧૫

૧૮. ધોલેરાધામના દિવ્ય લીલાચરિત્રો................................ ૨૫૮

૧૯. ભાલપ્રદેશના ભક્ત રત્ન નામાવલી.............................. ૩૪૫

## ભગવાન શ્રી સ્વામિનારાયણના

## પ્રાગટ્યની શ્રીવેદવ્યાસજી પ્રણીત આગાહી

મયા કૃષ્ણેન નિહતાઃ સાઽર્જુનેન રણેષુ યે ।
પ્રવર્તયિષ્યન્ત્યસુરાસ્ તે ત્વધર્મં યદા ક્ષિતૌ ॥૪૨॥
ધર્મદેવાત્ તદા ભક્ત્તાદહં નારાયણો મુનિઃ ।
જનિષ્યે કોશલે દેશે ભૂમૌ હિ સામગો દ્વિજઃ ॥૪૩॥
મુનિશાપાન્નૃતાંપ્રાપ્તાન્ઋષીંસ્તાત!તથોદ્ધવમ્ ।
તતોઽવિતાઽસુરેભ્યોઽહં સદ્ધર્મં સ્થાપયન્નજ ! ॥૪૪॥

**હે બ્રહ્મન્ ! અર્જુને સહિત મારા દ્વારા રણમાં હણાયેલાં સવાસનિક અસુરો જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે. ત્યારે નારાયણમુનિ (શ્રીસ્વામિનારાયણ ભગવાન) એવો જે હું તે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી થકી પૃથ્વી ઉપર કોશલ દેશમાં સામવેદી-દ્વિજકુળમાં અવતાર ધારણ કરીશ.**

**હે અજ ! હે તાત ! સદ્ધર્મનું સ્થાપન કરતો થકો હું મુનિના શાપથી મનુષ્યત્વ પ્રાપ્ત કરેલા તે ઋષિઓનું તથા ઉદ્ધવનું અસુરો થકી રક્ષણ કરીશ.**

**સ્કંદપુરાણ : વિષ્ણુખંડ : વાસુદેવ માહાત્મ્ય : ૧૮/૪૨-૪૩-૪૪**


---

**પ્રકાશક :** ૧. શ્રીવેંકટેશ્વર (સ્ટીમ્) મુદ્રણાલય - મુંબઈ (૧૯૬૬)
૨. નાગ પ્રકાશક - દિલ્હી (૧૯૮૬)
૩. ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી - વારાણસી
૪. ગુરુમંડલ ગ્રંથમાલા - કલકત્તા

# ભાવપ્રદેશ

## મહિમા તીર્થદર્શન

# શ્રી ધોલેરાધામ તીર્થદર્શન



ભગવાન શ્રીહરિ સ્થાપિત છ ધામ પૈકી ભાલપ્રદેશના સત્સંગીઓની આસ્થાનું કેન્દ્ર તથા વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલા અને શ્રીજીભક્તિનું અદ્‌ભુત દર્શન એટલે...

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ધોલેરાધામ

ધોલેરા મંદિરનું ભગવાન શ્રી સ્વામિનારાયણે અતિ રાજી થઈ સ્વહસ્તે ખાતમુહૂર્ત કર્યું હતું. સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કામાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી ત્યાગાનંદ સ્વામી - આમ પાંચ સંતોને મંદિર નિર્માણ કરવા ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી હતી. બધા જ સંતોના



સાથ-સહકારથી સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનામાં સમાયેલ અદ્‌ભુત કલાને આ મંદિર નિર્માણ કાર્યમાં લગાવી હતી. કલાત્મક નકશીકામયુક્ત પાંચ

શિખર સહિત મંદિર ટૂંકસમયમાં જ તૈયાર થયું હતું.

ધોલેરા મંદિર એટલે શ્રીજીમહારાજના સંકલ્પનું દર્શન, ધોલેરા મંદિર એટલે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલા અને શ્રીજીભક્તિનું દર્શન. આ મંદિરનો મહિમા કહેતાં સ્વયં ભગવાન શ્રીહરિ કહે છે : 'માટે મારે એ મંદિર પર, ઘણું ઘણું રહે છે હેત; ધન્ય ધન્ય એહ સંતને, જે ઈયાં રહે કરી પ્રીત.'

જે મંદિરની નયનરમ્ય કલાત્મક કોતરણીને નિહાળી રાજી થયેલા ભગવાન શ્રીહરિની પ્રસન્નતા વ્યક્ત કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**જોવા મંદિર શ્રીમહારાજ, ગયા લૈ સાથે મિત્રસમાજ;**
**ઝાલી અદ્‌ભુતાનંદનો હાથ, ફર્યા મંદિરમાં મુનિનાથ.**
**અદ્‌ભુતાનંદ નિષ્કુળાનંદ, તેહ પ્રત્યે બોલ્યા જગવંદ;**
**થયું મંદિર તો બહુ સારું, જોઈ રાજી થયું મન મારું.**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૯)

આ મંદિરનું નિર્માણ કાર્ય એટલે ધોલેરા નરેશ પુંજાભાઈ, ભોજાભાઈ, બાપુજીભાઈ, વરહાભાઈ, ડોસા શેઠ, ગગજીભાઈ, કાનજીભાઈ તથા અજુબા, ફૂલીબા વગેરે હરિભક્તોના સેવા-સમર્પણ અને પ્રેમભાવનાની યશોગાથા...

સં. ૧૮૮૨, વૈશાખ સુદ - ૧૩, તા. ૧૯-૫-૧૮૨૬ શુક્રવારના રોજ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી ૧૯૧ વર્ષ પૂર્વે પોતાના શુભ વરદ્‌હસ્તે ભાલપ્રદેશના ભક્તજનોના સર્વે મનોરથો પૂર્ણ કરવા 'યાવત્ ચંદ્રદિવાકરૌ' આ મંદિરમાં શ્રી મદનમોહનજી મહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી છે.

નોંધ :- ઈ.સ. ૨૦૦૧ના વિનાશક ભૂકંપના કારણે ભગવાન શ્રીહરિ સ્થાપિત મંદિરના શિખર આદિક અમુક ભાગ અત્યંત ક્ષતિગ્રસ્ત થતાં બંસીપહાડપુર પથ્થરમાં અદ્‌ભુત નકશીકામયુક્ત કલાત્મક નયનરમ્ય રીતે મૂળ મંદિરનો જીર્ણોદ્ધાર ધોલેરા મંદિરના તત્કાલીન પૂ. કોઠારી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવ્યો છે.

## ધોલેરા મંદિર નિર્માણ મહિમાગાથા

**ધોલેરા - ઐતિહાસિક દૃષ્ટિએ :**

ચુડાસમા રાજવંશના રાજા ચંદ્રચૂડ પછી તેમના વંશજોને ભાલના પ્રથમ ૮૪

ગામોનું પરગણું મળ્યું. અહીંથી ચુડાસમા, સરવૈયા અને રાયમલ શાખા જુદી થઈ. ગાદીએ છેલ્લા ભુપતસંગ થયા. રાયમલ રાજાના વારસદારોનો ધંધુકામાં વસવાટ થયો. ઈ.સ. ૧૭૨૧માં ચુડાસમાના ત્રીજા ક્રમે આવતા મેરખજી, સુજજી, ભાણજીએ ધોલેરામાં ગાદીની સ્થાપના કરી રાજ્ય વસાવ્યું. મેરખજીના મેબકજી, તેમના કેશાભા અને તેમના બુટ્ટોભા થયા. બુટ્ટોભાને બનેસંગ અને પુંજાભા બે પુત્રો થયા. પુંજાભા ધોલેરા ગાદીના વારસ થયા.

દરબાર પુંજા બાપુના તાબાના નવ ગામ હતા : ધોલેરા, ખૂણ, મહાદેવપરુ, ભાણગઢ, નવું ગામ, રાતવાવ, ભીમતળાવ, મૂંડી અને ઝાંખી. પુંજાબાપુના બહેન અજુબા પણ ભગવાન શ્રીહરિના પરમ ભક્ત હતા. તથા તેમના કાકાની દીકરી ફૂલીબાને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અપાર ભક્તિ હતી. ફૂલીબાને કરમડ પરણાવ્યાં હતાં. તેમના પ્રેમને વશ થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે કરમડમાં અન્નકૂટોત્સવ કર્યો હતો. (જેનું શ્રીહરિલીલામૃત ગ્રંથના કળશ-૮ વિશ્રામ-૫૩,૫૪માં વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે.)

આજનું ધોલેરા તે ત્રણ-ચાર સદીઓ પૂર્વેનું ધોલેરા - ‘ધોલપુર’ નામનું નાનું સરખું રજવાડું હતું.ધોલેરા સાત નદીઓના સંગમથી ઘેરાયેલું, થોડેક દૂર ઉત્તર પૂર્વના સીમાડે ભાલપ્રદેશનું આ છેવાડાનું ગામ. દક્ષિણના પાદરમાં દરિયાના મોજાંઓ ઘુઘવાટા કરતાં. અને અડીખમ યોદ્ધાની માફક દરિયાની થપાટો ખાઈને વાવાઝોડાં અને વંટોળિયાનો સામનો કરી જમાના ખાધેલ આજે સારો પંથક ઉજળો બન્યો છે.

ધોલેરાનું અદ્‌ભુત આકર્ષણ એટલે ‘પાતળિયો’ ધોધ. અંગ્રેજોએ જમીનમાંથી ખનીજ કાઢવા ૭૦૦ ફૂટ ઊંડો બોર કર્યો તો ગરમગંધક યુક્ત પાણીનો ધોધ મળ્યો. ફરી બીજો ૧૮૦૦ ફૂટ ઊંડો બોર કર્યો તોપણ ગરમ પાણીનો ધોધ મળ્યો. જે પાણીના સ્નાનથી ચામડીના દર્દો મટી જાય છે. સરકારશ્રી દ્વારા પણ ધોલેરા અને ભાલપ્રદેશના વિસ્તારોમાં વિકાસના કાર્યો હાથ ધરેલા હોવાથી પુનઃ ઝડપભેર વિકાસ થવાની સંભાવના છે.

**મંદિર નિર્માણ પૂર્વભૂમિકા :**

**ભાગ્ય જગાડવા ભાલનાં, ધોલેરે બાંધીએ ધામ;**
**તેમાં બેસારિયે મૂર્તિ, અતિ શોભિત સુંદર શ્યામ.**
**એહ બંદર સુંદર સારૂં રે, જિયાં આવે છે લોક હજારૂં રે;**
**તિયાં મંદિર કરવું એક રે, સારું સહુથી વળી વશેક રે.**

**એમ નાથે કરી નિરધાર રે, પૂછ્યું પુંજાભાઈને તે વાર રે;**
**સુણો પુણ્યવાન પુંજાભાઈ રે, કરીએ મંદિર ધોલેરામાંઈ રે.**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૩૪/ ૪ થી ૬)

સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ સુરતના ભક્તોને દર્શન-સમાગમનું સુખ



આપી ભરૂચ, ખંભાત, ગુડેલ થઈ ધોલેરા પધાર્યા. અજુબાએ બનાવેલ થાળ જમી પોઢી ગયા. પછી ત્રીજે પો'રે મહારાજ ઊઠીને મુખારવિંદ ધોઈ જળપાન કરીને સંતો-હરિભક્તો સહિત તળાવની પાળ ઉપર આવી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે સમે ભગવાન શ્રીહરિને ઘણા રાજી જાણીને પુંજાભાઈ દરબારે તથા બીજા હરિભક્તોએ મહારાજને વિનંતી કરતા કહ્યું : “હે મહારાજ! કૃપા કરી આપ ધોલેરામાં મંદિર બંધાવી દેવ પધરાવો અને અમારા સૂકા ભાલપ્રદેશને ભક્તિરસ સત્સંગથી તરબોળ કરો.”

ભક્તોની ભાવના સાંભળી મહારાજ કહે : “આ અમારો ઢોલિયો છે તે જગ્યાએ સિંહાસન આવે એવી રીત અમારે અહીં મંદિર કરવું છે.” જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

પછી અલબેલે આગન્યા કરી, મંદિર કરવા માટ; ઈયાં મંદિર કરવું, જિયાં અમે ઢાળી છે પાટ.

**અતિ ઉત્તમ છે આ ભૂમિકા, મોટા ભાગ્યવાળી ભરપૂર;**
**ઓછું માહાત્મ્ય આનું નથી, જન મને જાણજો જરૂર.**
**જિયાં બેસી અમે જમિયા, વળી ઢાળ્યો ઢોલિયો અમૂલ્ય;**
**જુવો વિચારી જીવમાં, કોણ આવે આ ભૂમિને તુલ્ય.**
**માટે મંદિર આંહી આરંભો, અતિ ઉરે આણી આનંદ;**
**થાશે સરસ સહુથી, એમ બોલિયા સહજાનંદ.**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૩૫/ ૧ થી ૪)

તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામીએ એંધાણ રાખવા માટે ઢોલિયાના ચાર પાયાની ચાર જગ્યાએ ખીલીઓ રોપી દીધી. (હાલમાં આ જગ્યાએ શ્રીમદનમોહનજી મહારાજનું સિંહાસન છે.)

સેંકડો વર્ષ પહેલાં ધોલેરા ધીકતું બંદર હતું. અહીં ભારતની શ્રેષ્ઠ સંસ્કૃતિ ખીલી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરાની પસંદગી ભારે દીર્ઘદૃષ્ટિથી કરી હતી. એક તો ધોલેરા પ્રાચીન અને સમૃદ્ધ ભારતનું કેન્દ્ર હતું, બીજું મધ્ય ગુજરાતના ભાલબારા અને સૌરાષ્ટ્રના ભાલપ્રદેશના કેન્દ્રસ્થાને હતું.

ભગવાન શ્રીહરિનો ગઢપુરથી વડતાલ-ગુજરાત જવાનો માર્ગ ભાલપ્રદેશમાંથી પસાર થતો હતો. શ્રીજીમહારાજે સમસ્ત ભાલપ્રદેશને પોતાની પુનિત પદરેણુંથી પાવન કર્યો હતો.

શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને આજ્ઞા કરતા કહ્યું : ‘‘સ્વામી ! તમે ધોલેરામાં મંદિરનું નિર્માણ કરાવો.’’ તેમજ અદ્‌ભુતાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી અને ત્યાગાનંદ સ્વામી વગેરે સંતોને પણ આજ્ઞા કરી કે, ‘‘સંતો ! તમે નિષ્કુળાનંદ સ્વામીની સહાયતા માટે ધોલેરા જાવ.’’

ભગવાન શ્રીહરિની આજ્ઞા થઈ એટલે નિષ્કુળાનંદ સ્વામી સંતમંડળ સાથે ધોલેરા પધાર્યા. ધોલેરામાં મંદિરનું નિર્માણ કરવું સરળ નહોતું. એક તો ભાલની સૂકી ધરતી, વરસાદ આધારિત ખેતી, પાણી ખારાં, વિશેષ સાધન-સામગ્રી કે સગવડતા મળે નહિ.

‘પુરુષોત્તમ પ્રકાશ’ ગ્રંથમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે : **‘નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ; તિયાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ.’** (૩૬/૩)

ભાલની ધરતી સૂકી હતી, પરંતુ હરિભક્તોના હૈયાના હેતની સરિતાઓના નીર અખૂટ હતાં. દરબાર પુંજાભાઈએ ધોલેરામાં મંદિર કરવા માટે જોઈએ એટલા ધન-ધરા-ધામ અર્પણ કર્યાં હતાં.

મહાન વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું જન્મજાત કલા-કૌશલ્ય ધોલેરા મંદિરના નિર્માણમાં સોળે કળાએ ખીલ્યું હતું. સ્વામી ઉત્તમ કવિ હતા, એટલા જ ઉત્તમ શિલ્પી પણ હતા. સ્વામીએ મંદિરની સ્વહસ્તે કોતરેલી કમાન આજે પણ સર્વના દિલને આકર્ષે છે.

**મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ :**

ભગવાન શ્રીહરિએ વડતાલમાં નિવાસ કરીને સં. ૧૮૮૨ મહા સુદ - ૫ (વસંતપંચમી)એ સંપ્રદાયના બંધારણ રૂપ શિક્ષાપત્રીનું લેખનકાર્ય કર્યું. પછી વડતાલથી અમદાવાદ પધારી ત્યાં પુષ્પદોલોત્સવ ધામધૂમપૂર્વક કરી જેતલપુરથી થઈને કમિયાળા પધાર્યા. ત્યારે સેંસો વણાર, હઠીભાઈ, નથુ ગઢવી,

ખીમરાજભાઈ, મોડભાઈ તથા જીજીબા વગેરે ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યું. ચૈત્ર સુદ રામનવમીનો ભવ્ય ઉત્સવ કર્યો. આ સમૈયામાં ધોલેરાથી અદ્‌ભુતાનંદ સ્વામી વગેરે સંતો તથા દરબાર પુંજાભાઈ વગેરે ભક્તો ભગવાન શ્રીહરિના દર્શને આવ્યા હતા. મહારાજે સૌને કુશળ સમાચાર અને મંદિર નિર્માણના સમાચાર પણ પૂછ્યા. ત્યારે સંતો-ભક્તોએ કહ્યું :

**અદ્‌ભુતાનંદ ને પુંજોભાઈ, કહે સાંભળો જન સુખદાઈ;**
**ધોલેરામાં જે થાય છે ધામ, થયું તૈયાર ઘણું ખરું કામ.**
**માટે આપ તહાં હવે આવો, પ્રતિમાઓ રૂડી પધરાવો;**
**હશે મંદિર કાંઈ અધુરું, ધીમે ધીમે કરાવશું પુરું.**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૯/૨૫-૨૬)

"મહારાજ ! મંદિરનું કામ પૂર્ણ થવામાં છે, જે કામ બાકી રહ્યું છે તે ધીરે ધીરે થશે. પરંતુ આપ જો પધારો તો મૂર્તિ પ્રતિષ્ઠાનો મંગળ પ્રસંગ ઉજવાઈ જાય."



શ્રીજીમહારાજે તરત જ તેમને કહ્યું : "તમે ધોલેરા જાઓ અને અમે એક-બે દિવસમાં ત્યાં આવી પહોંચીશું. ત્યાં આવ્યા પછી પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરીશું."

ભગવાન શ્રીહરિએ પોતાની પ્રાર્થના સ્વીકારી લીધી તેથી અદ્‌ભુતાનંદ સ્વામી આદિક સંતો સાથે પુંજાભાઈ ધોલેરા જવા રવાના થઈ ગયા.

શ્રીજીમહારાજ ચૈત્ર વદ પડવાને દિવસે ધોલેરા પધાર્યા. પુંજાભાઈ આદિક ભક્તોએ મહારાજનું ભાવભર્યું સ્વાગત-સામૈયું કર્યું. સૌપ્રથમ મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામીનો હાથ પકડી મંદિર જોવા પધાર્યા, સાથે નિષ્કુળાનંદ સ્વામી પણ હતા. મહારાજે બધે ફરીને મંદિરનું કામકાજ જોયું, ખૂબ જ રાજી થયા. ભગવાન શ્રીહરિને થયું કે સંતોએ અંતરની ભક્તિનો રસ આ મંદિરના નિર્માણકાર્યમાં રેડી દીધો છે, નહીં તો વગર સાધને, વગર નાણે આવું અદ્‌ભુત કલાત્મક મંદિર કરવું મુશ્કેલ છે. પછી દેવોની પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે નારાયણ જોષીને બોલાવ્યા.

નારાયણ જોષીએ સં. ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ શુક્રવારનું મુહૂર્ત આપ્યું. આથી ભગવાન શ્રીહરિએ વિચાર કર્યો કે, મુહૂર્ત વેગળું ગયું તેથી એટલા બધા દિવસ અહીં રોકાવું ઠીક નહીં. ભગવાન શ્રીહરિએ દરબાર પુંજાભાઈ આદિક ભક્તોને કહ્યું : "દરબાર ! અમે એક-બે દિવસમાં ગઢપુર જઈશું અને પછી પ્રતિષ્ઠા ઉપર બે-ત્રણ દિવસ અગાઉથી આવીશું."

પરંતુ પુંજાભાઈ આદિક ભક્તોનો તથા આત્માનંદ સ્વામી આદિક સંતોનો પણ આગ્રહ હતો ભગવાન શ્રીહરિ ધોલેરામાં જ રોકાય અને સૌને દર્શન-સમાગમનું સુખ આપે. શ્રીજીમહારાજે તેમની વિનંતી માન્ય કરી.

**એવી વિનતિ સુણી એહ ઠામ, રહ્યા ધવળપુરે સુખધામ;**
**વળતી કહ્યું વૃષકુળરાજે, ધોળેરાના જ મંદિર કાજે.**
**રાધાકૃષ્ણની મૂર્તિયો જેહ, ગઢપુર માંહિ રાખી છે તેહ;**
**લેવા મોકલો બે અસવાર, સુણી અસ્વાર કીધા તૈયાર.**
**કહ્યું મૂર્તિયો લૈ ઝટ આવો, ધર્મવંશીઓને તેડી લાવો;**
**દાદાખાચરને રુડી રીતે, તેડી લાવો કુટુંબસહિતે.**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૯/૩૯ થી ૪૧)

થોડા દિવસ બાદ શ્રીજીમહારાજે પુંજાભાઈને કહ્યું : "આપણા અહીંના મંદિર માટે રાધાકૃષ્ણની મૂર્તિઓ ગઢપુરમાં રાખી છે, તો બે અસવારોને ગઢપુર મોકલો. ત્યાંથી તે મૂર્તિઓ ગાડામાં સારી રીતે ગોઠવી અહીં લઈ આવે."

દરબાર પુંજાભાઈનો આગ્રહ હતો કે ધર્મકુળ પરિવાર અને દાદાખાચરનો પરિવાર પણ પ્રતિષ્ઠા પ્રસંગે ખાસ હાજર રહે - તેવી ભગવાન શ્રીહરિ આજ્ઞા આપે. પુંજાભાઈનો પ્રેમભાવ જોઈ શ્રીજીમહારાજે તે પ્રમાણે અસવાર સાથે કહેવરાવ્યું.

ભગવાન શ્રીહરિની આજ્ઞાનુસાર બે સવારો ગઢપુર જવા તરત જ રવાના થયા.

થોડા દિવસમાં ગઢપુરથી મૂર્તિઓ આવી ગઈ. તે મૂર્તિઓ ત્યાં એક ઓરડામાં (હાલમાં અક્ષરઓરડી તરીકે ઓળખાતા સ્થાનમાં - જેનું સવિસ્તાર વર્ણન 'ધોલેરા મંદિરમાં પ્રાસાદિક તીર્થસ્થાનો - શ્રીજીમહારાજની બેઠક' શીર્ષકમાં આપવા આવ્યું છે, ત્યાં) મૂકી. ભગવાન શ્રીહરિ મૂર્તિઓ જોવા પધાર્યા અને મૂર્તિઓ ઉપર હાથ ફેરવતાં કહ્યું : "મૂર્તિઓ બહુ સુંદર અને ચમત્કારી છે."

મૂર્તિ લેવા જનાર અસવારોની સાથે ધર્મકુળ પરિવાર અને દાદાખાચરનો પરિવાર આવ્યો હતો. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને આચાર્ય શ્રી

રઘુવીરજી મહારાજે ભગવાન શ્રીહરિના દર્શન કરી દંડવત પ્રણામ કર્યા.

**દેખી રાજી થયા દીનનાથ, મૂક્યા બેયને મસ્તકે હાથ;**
**શિક્ષાપત્રીયો બે મંગાવી, આપી બેયને હેતે બોલાવી.**
**કહ્યું પાઠ તમે નિત્ય કરજો, એમાં છે લખ્યું એમ આચરજો;**
**જે જે શિષ્ય તમારા ગણાય, વરતાવજો તેને સદાય.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૦/૨-૩)

ભગવાન શ્રીહરિએ બંને આચાર્યશ્રીને મસ્તકે હાથ મૂકીને બંનેને એક-એક શિક્ષાપત્રી આપી, નિત્ય પાઠ કરવા તેમજ તે પ્રમાણે આચરણ કરવા અને આશ્રિતજનોને તે પ્રમાણે વર્તાવવા આજ્ઞા કરી. એક શિક્ષાપત્રી દાદાખાચરને પણ આપી.

પ્રતિષ્ઠાનો સમય નજીક આવ્યો. ભગવાન શ્રીહરિએ દેશોદેશના હરિભક્તો ઉપર ધોલેરા મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા કંકોત્રીઓ લખી મોકલાવી. પછી શ્રીજીમહારાજ મંદિરનું કામ ચાલતું હતું ત્યાં દરરોજ પાસે બેસી નિહાળતા હતા.

પ્રતિષ્ઠાના મુહૂર્તને થોડા દિવસ બાકી રહ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ ઉમરેઠથી હરિપ્રસાદ (હરિભાઈ) શર્માને વેદોક્તવિધિ અનુસાર મૂર્તિપ્રતિષ્ઠા કરાવવા માટે તેડાવ્યા. બીજા પણ ઘણા વિપ્રોને તેડાવ્યા. કર્મકાંડી બ્રાહ્મણો પણ આવ્યા અને તે વેદોક્તવિધિમાં મદદ કરવામાં જોડાઈ ગયા. દેશોદેશથી સંતો અને હરિભક્તોના સંઘ પણ આવવા લાગ્યા.

વિપ્રવર્ય હરિપ્રસાદ શર્માએ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે યજ્ઞકુંડ તૈયાર કરાવ્યા. વરૂણીમાં બ્રાહ્મણોને બેસારવાના હતા. તેમાં ધોલેરાવાસી નાગજી દવે તથા તેમના ત્રણ પુત્રો તેમજ ગાંફ, પીપળ, પચ્છમ, ખડોળ, ખરડ, ચોકડી, ઝીંઝર, ભોળાદ વગેરે ગામોના બ્રાહ્મણ હરિભક્તોને ભગવાન શ્રીહરિએ વરૂણીમાં વર્યા.

ભગવાન શ્રીહરિએ વડતાલમાં જે રીતે શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કરી હતી તે રીતે શ્રી મદનમોહનજી મહારાજની મૂર્તિઓનું વેદોક્તવિધિપૂર્વક પૂજન કરાવ્યું. અને બરાબર પ્રતિષ્ઠાના મુહૂર્ત પ્રમાણે સં. ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ના દિવસે રાધા અને કૃષ્ણની મૂર્તિઓ મંદિરમાં પધરાવી. ભગવાન શ્રીહરિએ કૃષ્ણની મૂર્તિનું નામ 'મદનમોહન' રાખ્યું. અને પોતે આરતી ઉતારી.

તેમાં અદ્‌ભુત દેખાયું તેજ, જાણે શ્રીહરિ પ્રત્યક્ષ એ જ; આરતી મહારાજે ઉતારી, સ્તુતિ સંતે મળીને ઉચ્ચારી. (શ્રીહરિલીલામૃત : ૮/૫૦/૩૨)

ભગવાન શ્રીહરિની મૂર્તિમાંથી નીકળતો શીતળ શાંત પ્રકાશ મદનમોહનજી મહારાજની મૂર્તિમાં પ્રવેશ્યો. આકાશમાં દુંદુભિ વાગ્યા, પુષ્પ વૃષ્ટિ થઈ. બંદૂકોના ધડાકા થયા અને ગર્જનાઓથી વાતાવરણ ગાજી ઊઠ્યું. આરતી પૂરી થયા બાદ સંતો-ભક્તોએ સ્તુતિ કરી. પુંજાભાઈ આદિક ભાલના ભક્તોએ ભેટ ધરી. પાંચસો રૂપિયા આપીને પુંજાબાપુએ ધજા ચડાવી ને સાતસો રૂપિયા આપીને ડોસા શેઠે કળશ ચડાવ્યો. પછી શ્રીજીમહારાજે કહ્યું : ‘‘આ મદનમોહનજીની મૂર્તિ બહુ જ પ્રતાપી છે અને જે ભક્ત ભક્તિભાવથી તેનું પૂજન કરશે, તેના સર્વ મનોરથ પૂર્ણ થશે. અહીં ધોલેરાધામમાં જે કોઈ જપ-તપ-વ્રત કરશે તે જનો સંસારરૂપી માયાથી પાર ઊતરશે. અમે અમદાવાદ, ભૂજ, વડતાલમાં મોટા-મોટા મંદિર બાંધીને અક્ષરધામરૂપ કર્યા છે તે જ પ્રમાણે આ ધોલેરા પણ મોટું તીર્થધામ ગણાશે. આ ધોલેરાધામનો મહિમા સર્વ ઠેકાણે બહુ વૃદ્ધિ પામશે.’’

ત્યારપછી ભગવાન શ્રીહરિએ વિપ્રોને જમાડીને અપાર દાન-દક્ષિણા આપી, તેથી તે રાજી થયા. પછી સર્વ સંતો-બ્રહ્મચારી-પાર્ષદો અને હરિભક્તોને પણ જમાડ્યા. બીજે દિવસે નૃસિંહ ચતુર્દશીનો મોટો ઉત્સવ કર્યો. પૂનમને દિવસે સવારમાં પારણાં કરીને ભગવાન શ્રીહરિ સભામાં બિરાજમાન થયા અને અદ્ભુતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીને મંદિરનું અધુરૂં રહેલું કામ પૂરું કરવાની આજ્ઞા આપી. આવી રીતે ધોલેરામાં જયજયકાર કરી ભગવાન શ્રીહરિ ગઢપુર પધાર્યા.

**ધોલેરા માંહિ ધર્મકુમાર, કર્યો એ રીતે જયજયકાર.**
**ધન્ય ધોલેરાનાં હરિજન, જેણે અરપિયાં તન મન ધન;**
**ધન્ય ધન્ય તે ધોલેરા ધામ, કરી લીલા ઘણી ઘનશ્યામ.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૦/૪૨-૪૩)

ભાલપ્રદેશ વેરાન, ઉજ્જડ અને નિરસ પ્રદેશ. ભાલને માટે કહેવત હતી કે, ‘કપાળમાં વાળ નહિ અને ભાલમાં ઝાડ નહિ.’ સુકો પ્રાંત, ખારી જમીન, વરસાદ ઓછો, સિંચાઈની કોઈ સુવિધા નહીં. ધોલેરામાં શ્રીજીસમકાલીન હરિભક્તો નહિવત. જેથી ઠાકોરજીને જમાડવાની પણ ચિંતા રહેતી. પરંતુ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

**જેહ દિનથી બેઠી એ મૂરતિ રે, તેહ દિનથી થયું સુખ અતિ રે.**
**શે’રમાં પણ થયો સમાસ રે, દેશપ્રદેશી વસ્યા કરી વાસ રે;**
**જિયાં હતાં વાંસડાના ઘર રે, તિયાં થઈ હવેલિયો સુંદર રે.**

**તે તો મદનમોહન પ્રતાપ રે, સહુ સુખિયાં થયાં છે આપ રે;**
**તે તો જાણે છે પોતાના જન રે, બીજાને તો મનાયે નહિ મન રે.**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૩૬/૧૨ થી ૧૪)

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધોલેરામાં મંદિર બંધાવીને શ્રીમદનમોહનજી મહારાજ પધરાવ્યા ત્યારથી આ ભાલપ્રદેશમાં લીલાલહેર થયા. સંતોના વિચરણથી આ પ્રદેશમાં સત્સંગ પણ સારો થયો. જ્યાં વાંસના ઘર હતા ત્યાં આજે સુંદર હવેલી થઈ ગઈ છે. આ બધું સુખ શ્રી મદનમોહનજી મહારાજના પ્રતાપે થયું છે. જેમ માનવશરીરમાં ભાલ શોભે છે તેમ આજે આ ભાલપ્રદેશે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિરમોડ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**શ્રી મદનમોહનજી મહારાજ :**

**પણ જાણે અજાણે જે જન રે, કરશે મદનમોહનનાં દર્શન રે;**
**તે તો આ લોક પરલોક માંહી રે, મોટા સુખને પામે સદાઈ રે.**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૩૬/૧૫)

**'त्रयोदश्यां यथाशास्त्रं कृष्णं मदनमोहनम् ।**
**राधया सहितं तत्र हरिस्थापयत्ततः ॥'**

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૫/૩૦)

ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં રાધાકૃષ્ણની મૂર્તિ તૈયાર કરાવીને સં. ૧૮૮૨, વૈશાખ સુદ - ૧૩, તા. ૧૯-૫-૧૮૨૬ શુક્રવારના રોજ ધોલેરામાં મંદિરના મધ્યશિખરમાં શ્રી મદનમોહનજી સ્વરૂપને બાથમાં લઈ સિંહાસનમાં પધરાવી શાસ્ત્રોક્ત વેદોક્તવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી મદનમોહનજી મહારાજનો મહિમા કહેતાં કહે છે :

વિશ્વદ્ધી શાન્મન્ મથદર પ્રહારં

**મદનમોહનની જે મૂરતિ રે, તે તો સુંદર શોભે છે અતિ રે;**
**જે જે નીરખે નયણાં ભરી રે, તેનું મન ચિત્ત લિયે હરી રે.**
**એવી મૂરતિયો છે અતિ સારી રે, પ્રતિપક્ષીને પણ લાગે પ્યારી રે;**
**મદનનું પણ મોહે મન રે, ત્યારે બીજા ન મોહે કેમ જન રે.**
**શોભાસાગર સુખની ખાણી રે, છબી જાતી નથી જો વખાણી રે;**
**જોઈ જોઈ જન મન લોભે રે, એવા મદનમોહન શોભે રે.**
**મૂરતિ બેસારી સારી સુંદર રે, અતિ શોભિત મહા મનોહર રે;**
**નિજભક્તની પૂરવા આશ રે, મૂર્તિ બેસારી ધોલેરે વાસ રે.**

**<u>જેણે જેણે જોયા નયણે નાથ રે, વળી પાયે લાગ્યા જોડી હાથ રે;</u>**
**<u>તેનાં સરી ગયાં સર્વે કામ રે, વળી પામશે પરમ ધામ રે.</u>**

(પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૩૫)



ભગવાન શ્રીહરિ કહે : "આ મદનમોહનજી મૂર્તિ મદનને એટલે કે સ્વયં કામદેવને પણ મોહ પમાડે એવી છે તો બીજાને કેમ ન પમાડે ? અમને તો મદનમોહજીની મૂર્તિ અતિપ્રિય લાગે છે. જેણે જેણે આ મૂર્તિના દર્શન કર્યા તેના સર્વે કામ પૂર્ણ થશે અને અમારા અક્ષરધામના અધિકારી પણ થશે."

પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે : 'રૂપ મદનમોહન જાણો મારું, પૂજવાથી આશા પુરનારું; ધોળેરા પણ છે મુજ ધામ, જન જાત્રા કરે એહ ઠામ.' (શ્રીહરિલીલામૃત : ૮/૫૧/૩૬)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મદનમોહન સ્વરૂપે ભાલપ્રદેશ અને દર્શન કરનાર સૌ કોઈ ભક્તોને સુખ, સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, ધનધાન્ય, પુત્ર-પરિવાર, વિદ્યા, બળ, બુદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ વગેરે તમામ મનોવાંછિત ફળને આપે છે. શ્રીજીમહારાજ કહે : "આ મદનમોહનજી સ્વરૂપે અમે કાયમને માટે રહ્યા છીએ એમ માની જે ભક્ત દર્શન કરશે, સેવા કરશે તેના સર્વે મનોરથ અમે આ મદનમોહનજીમાં રહી પૂર્ણ કરીશું."

**नियमेन करिष्यन्ति प्रत्यहं येऽस्य दर्शनम् ।**
**ते प्राप्स्यन्ति जना नूनं भुक्तिं मुक्तिं च वाञ्छिताम् ॥**
**सेवनादस्य पुत्रार्थी पुत्रं प्राप्स्यति निश्चितम् ।**
**धनं धनार्थी विद्यार्थी विद्यां कामं च कामुकः ॥**
**एतस्याराधनादिच्छा सर्वा पूर्णा भविष्यति ।**
**निष्कामाः सेवनादस्य तरिष्यन्ति भवाम्बुधिम् ॥**

જે જનો દરરોજ નિયમથી દર્શન કરશે, તે જનો ઈચ્છિત ભક્તિ અને મુક્તિ પામશે જ. આ દેવોની શ્રદ્ધાપૂર્વક સેવા કરવાથી પુત્રાર્થી પુત્ર, ધનાર્થી ધન, વિદ્યાર્થી વિદ્યા, કામનાવાળો તેના કામને જરૂર પામશે. આ મદનમોહનજી

મહારાજની આરાધનાથી સર્વે ઈચ્છાઓ પૂર્ણ થશે. નિષ્કામી ભક્તો સંસારરૂપી સમુદ્ર તરી જશે.

**શ્રી હરિકૃષ્ણ મહારાજ :**

એકસમયે શ્રીજીમહારાજે ગઢપુરમાં શ્રી ગોપીનાથજીના મંદિરમાં જ્યાં સુખશૈયા છે તે ઓરડામાં ઢોલિયા ઉપર બેઠા હતા. એક પાર્ષદને મોકલીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને બોલાવ્યા. ભગવાન શ્રીહરિના સમાચાર મળતા જ બંને આચાર્યશ્રીઓ શ્રીજીમહારાજની સમક્ષ આવ્યા. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા પુંજા શેઠને પણ બોલાવ્યા. તેથી તેઓ પણ શ્રીજીમહારાજની સમીપે આવીને વંદન કરીને સહુ બેઠા.



ભગવાન શ્રીહરિએ સૌને સંબોધીને કહ્યું :- "હે રઘુવીરજી ! હે અયોધ્યાપ્રસાદજી ! તમે બંને આ સત્સંગના સ્થંભ છો, માટે તમારા બંનેના ખભા ઉપર આ સત્સંગનો ભાર અમે મૂક્યો છે. તમારામાં અમે સદ્ગુરુના તમામ લક્ષણો જાણ્યા છે. માટે તમને બંનેને અમોએ અમારી ગાદી ઉપર આરુઢ કર્યા છે. તેથી વિષમ દેશકાળમાં પણ તમો ધીરજ મૂકશો નહિ. સત્સંગમાં અનેક વિઘ્નો આવશે. તમારાથી અમે જરાપણ વેગળા નથી રહેતા, માટે અમને સદાય પાસે જાણીને સત્સંગના કાર્યો કરજો. તમો ધીરજ છોડશો નહિ, કારણ કે તમારા આધારે સૌ સત્સંગીઓ સુખેથી અમારું ભજન કરે છે."

ભગવાન શ્રીહરિના વચનો સાંભળીને બંને આચાર્યશ્રીઓ તથા સદ્ગુરુ સંતો વિસ્મય પામીને વિચારવા લાગ્યા કે, શ્રીજીમહારાજ આજે આવું કેમ બોલે છે ?

શ્રીજીમહારાજ ફરી કહેવા લાગ્યા :-

**ઈચ્છો મુજને જો કરવા પ્રસન્ન, તમે તો માનો મારું વચન;**
**વળી એમ બોલ્યા નરવીર, તમે સાંભળો હે રઘુવીર.**
**પ્રતિમા ગોપીનાથની જેહ, જાણો મારું સ્વરૂપ છે તેહ;**
**તોય પ્રગટનું ધરવાને ધ્યાન, ધાતુનું રૂપ મુજ સમાન.**
**ગોપીનાથ પાસે પૂર્વ ઠામે, સ્થાપજો હરિકૃષ્ણને નામે;**
**જૂનાગઢ તણા મંદિરમાંય, પધરાવજો તે મૂર્તિ ત્યાંય.**

**દેવ રાધારમણ તણિ પાસે, સ્થાપજો પ્રતિમા તે હુલાસે;**
**તેમ ધોળેરામાં પણ કોડે, દેવ મદનમોહન તણિ જોડે.**

(શ્રીહરિલીલામૃત : ૧૦/૩/)

"રઘુવીરજી ! સાંભળો તમે મારી પ્રસન્નતામાં જ તમારું શ્રેય માનો છો, તેથી અમારી તમને આજ્ઞા છે કે જેવી રીતે તમોએ વડતાલમાં રણછોડરાયની સ્થાપના કરી તેવી જ રીતે ગઢપુરમાં અમોએ ગોપીનાથજી મહારાજની સ્થાપના કરી છે તે અમારું જ સ્વરૂપ છે. પરંતુ અમારી દૃઢ ઉપાસનાવાળા ભક્તોને પ્રગટ મૂર્તિનું ધ્યાન કરવા માટે ગોપીનાથજી મહારાજની મૂર્તિની પૂર્વ દિશામાં અમારું હરિકૃષ્ણ સ્વરૂપ ધાતુમાંથી બનાવરાવી પધરાવજો. તેમજ જૂનાગઢમાં પણ રાધારમણ દેવની બાજુમાં અમારું હરિકૃષ્ણ સ્વરૂપ પધરાવજો. અને ધોલેરામાં પણ મદનમોહનજી મહારાજની પાસે અમારું હરિકૃષ્ણ સ્વરૂપ પધરાવજો.

આમ, શ્રીજીમહારાજે સ્વયં પોતાના પુત્ર આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પોતાની સર્વોપરી સર્વોપાસ્ય ધ્યેયમૂર્તિ શ્રી હરિકૃષ્ણ સ્વરૂપની સ્થાપના કરવાની આજ્ઞા આપી હતી. અને શ્રીજીમહારાજની એ જ આજ્ઞા અનુસાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ સૌપ્રથમ સં. ૧૮૮૮ના મહા સુદ - ૫ (વસંતપંચમી)ને દિવસે ધોલેરામાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિની સ્થાપના કરીને ઉત્સવ કર્યો હતો : 'મૂરતી હરિકૃષ્ણની થાપી, રૂપ પ્રગટ પ્રભુનું પ્રતાપી; સંત વિપ્ર જમાડ્યા તે સ્થાન, દ્વિજને દિધાં દક્ષિણાદાન.'

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૪)

**શ્રી ઘનશ્યામ મહારાજ :**



હાલમાં મંદિરના પૂર્વ શિખરમાં કાષ્ઠમંડિત શ્રી ઘનશ્યામ મહારાજ બિરાજમાન છે. ધોલેરા નિવાસી સંતો દ્વારા જાણેલા ઈતિહાસ પ્રમાણે આ ઘનશ્યામ મહારાજની મૂર્તિ નંદસંતોએ સભામંડપમાં ધ્યાનાર્થે સ્થાપિત કરી હતી. ત્યારબાદ આજથી ૧૨૫ વર્ષ પૂર્વે મુખ્યમંદિરમાં પધરાવવામાં આવ્યા છે. કોઈ ચોક્કસ તિથિ કે ઈતિહાસ જાણવા મળ્યો નથી.

ઈ.સ. ૧૯૪૦માં શ્રી મદનમોહનજી મહારાજ આદિ દેવોની પૂજારી તરીકે પૂ. સ.ગુ.

બ્રહ્મચારી શ્રી વિષ્ણુપ્રિયાનંદજીના મંડળની નિમણુંક થઈ હતી. આ મંડળમાં બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી, બ્રહ્મચારી પવિત્રાનંદજી, બ્રહ્મચારી ઘનશ્યામાનંદજી વગેરે બ્રહ્મચારીઓ હતા. આ મંડળ સાથે રોજકા ગામનો એક બ્રાહ્મણ સત્સંગી યુવાન પણ સેવામાં હતો. એ જમાનામાં હજુ મંદિરમાં લાઈટ આવી નહોતી એટલે રાત્રિના સમયે નિજમંદિર તથા અન્ય જગ્યાએ ફાનસનો જ ઉપયોગ થતો હતો. મંદિર નાનું પણ કુદરતી સૌંદર્યથી ભરપૂર અને સંતો-પાર્ષદોથી ભર્યું ભર્યું રહેતું હતું. આજુબાજુના ગામડાઓના હરિભક્તો દેવદર્શન-કથાવાર્તા અને સંતસમાગમનો અનેરો લાભ લેતા.

આ અરસામાં મંગળા દર્શન માટે બ્રહ્મચારી પૂજારી પ્રાતઃકાળમાં ઊઠી વહેલા પાંચેક વાગ્યાના સુમારે મંદિરનાં દ્વાર ખોલી ઠાકોરજીની સેવા વગેરે કરી દીવાબત્તીઓથી મંદિર ઝળહળતું કરતા. એકવખત બ્રહ્મચારીજી સવારે પાંચેક વાગે શ્રી મદનમોહનજી મહારાજની સેવાપૂજા અને મંગળા આરતી માટે ફાનસવાળા સેવકને લઈને ગયા હતા. જ્યાં મંદિરના દ્વાર ખોલ્યા ત્યાં અચાનક સુસવાટાભેર પવન લાગવાથી ફાનસ ઓલવાઈ જતા ઘનઘોર અંધારું થઈ ગયું. ફાનસ ચાલું કરવા જાય તો વાર લાગે અને સેવામાં મોડું થાય એટલે બ્રહ્મચારીજીને ચિંતા થવા લાગી. ત્યાંજ શ્રી મદનમોહનજી મહારાજ ટુંકસમયમાં પોતાની બાજુમાં પ્રસ્થાપિત થયેલા શ્રી ઘનશ્યામ મહારાજને કહે : "પ્રભુ ! અજવાળું કરો, નહિ તો સેવામાં મોડું થશે." ત્યાં તો શ્રી ઘનશ્યામ મહારાજના સ્વરૂપમાંથી દિવ્ય પ્રકાશ નીકળ્યો. આ દર્શનથી બ્રહ્મચારી અત્યંત આનંદિત થઈ ગયા. મંદિરના બધા જ દ્વાર ખોલી પૂજા-સેવાની સઘળી ક્રિયાઓ કરી સમયસર મંગળા આરતીના દર્શન સૌને કરાવ્યાં.

**શ્રી હનુમાનજી-ગણપતિજી :**



આ બંને મૂર્તિઓ ભગવાન શ્રીહરિએ પોતે શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા સમયે મંદિરમાં પધરાવી છે. તેથી આ શ્રી હનુમાનજી તથા શ્રી ગણપતિજીની મૂર્તિઓ શ્રીજીમહારાજના યોગથી પ્રાસાદિક બનેલ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્પર્શથી પાવન

# ધોલેરા મંદિરમાં પ્રાસાદિક તીર્થસ્થાનો

## શ્રીજીમહારાજની બેઠક (અક્ષર ઓરડી)





આ બેઠક સ્થાન મંદિરથી પશ્ચિમ ભાગમાં આવેલું છે. ભગવાન શ્રીહરિ ધોલેરા પધારતા ત્યારે આ સ્થાને સંતો-હરિભક્તોની સભા કરીને બિરાજમાન થતા હતા.

---

**'હતો ઓરડો ઉત્તમ ત્યાંય, મૂકી મૂર્તિયો લાવી તે માંય;**
**મૂર્તિ જોવા આવ્યા મુનિનાથ, હેતે ફેરવ્યો ઉપર હાથ.**
**રાજી થૈ બોલ્યા વિશ્વવિહારી, મૂર્તિ છે ઘણી ચમતકારી;**
**વધશે એનો પ્રૌઢ પ્રતાપ, કીધે દર્શન ટળશે પાપ.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૦/૬-૭)

ધોલેરા મંદિરની પ્રતિષ્ઠા પૂર્વે ગઢપુરથી લાવેલી રાધા સહિત શ્રી મદનમોહનજી મહારાજની મૂર્તિઓને આ સ્થાને એક ઓરડો હતો તેમાં રાખવામાં આવી હતી. શ્રીજીમહારાજ સ્વયં મૂર્તિઓ જોવા પધાર્યા અને મૂર્તિઓ ઉપર પોતાનો હાથ ફેરવતાં કહ્યું : ''મૂર્તિઓ બહુ સુંદર અને ચમત્કારી છે. દિવસે દિવસે આ મૂર્તિનો પ્રતાપ વધતો જશે અને જે જે કોઈ દર્શન કરશે તેના પાપને ટાળશે.''

સમય જતાં ગાંફ ગામના દેવકૃષ્ણ વ્યાસે આ ઓરડાની આજુબાજુની જગ્યા તેના માલિક પાસેથી રૂપિયા ૩૫૦૦૦ હજારમાં ખરીદીને આ સ્થાને સુંદર કલાત્મક છત્રીનું નિર્માણકાર્ય કરાવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા હતા. જેની નોંધ લેતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે : 'ગાંફના દેવકૃષ્ણજી વ્યાસે, હાલ છત્રી કરાવેલી ભાસે.' (શ્રીહરિલીલામૃત : ૮/૫૦/૫)

હાલમાં જ આ બેઠક સ્થાન ઉપર નૂતન કલાત્મક 'અક્ષર ઓરડી' નામે દર્શનીય સ્થાન સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ધોલેરા મંદિરમાં સંગ્રહિત શ્રીજીમહારાજની પ્રાસાદિક તમામ વસ્તુઓ જેને અમૂલ્ય અને અલૌકિક કહેવાય; તે દર્શનાર્થે રાખવામાં આવેલ છે.

■ **નિર્માણ ઈતિહાસ :** ભગવાન શ્રીહરિએ વડતાલમાં નિવાસ કરીને સં. ૧૮૮૨ મહા સુદ - ૫ (વસંતપંચમી)એ સંપ્રદાયના બંધારણ રૂપ શિક્ષાપત્રીનું લેખનકાર્ય કર્યું. પછી વડતાલથી અમદાવાદ પધારી ત્યાં પુષ્પદોલોત્સવ ધામધૂમપૂર્વક કરી જેતલપુરથી થઈને કમિયાળા પધાર્યા. ત્યારે સેંસો વણાર, હઠીભાઈ, નથુ ગઢવી, ખીમરાજભાઈ, મોડભાઈ તથા જીજીબા વગેરે ભક્તોએ ભવ્ય સ્વાગત કર્યું. રામનવમીનો ભવ્ય ઉત્સવ કર્યો. આ સમૈયામાં ધોલેરાથી ભાયાત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, શ્રી ત્યાગાનંદ સ્વામી વગેરે સંતો તથા દરબાર પુંજાભાઈ, અજુબા, ફૂલીબા વગેરે સ્ત્રીભક્તો ભગવાન શ્રીહરિના દર્શને આવ્યા હતા. મહારાજે સૌને કુશળ સમાચાર અને મંદિર નિર્માણના સમાચાર પણ પૂછ્યા. ત્યારે સંતો-ભક્તોએ કહ્યું : "મહારાજ! મંદિરનું કામ પૂર્ણ થવામાં છે, માટે આપ પધારી દેવોની પ્રતિષ્ઠા કરો."

ભગવાન શ્રીહરિ કમિયાળાથી ધોલેરા પધાર્યા. દેવ પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવડાવ્યું. વૈશાખ સુદ - ૧૩નું મુહૂર્ત આવ્યું. જેને હજુ ૨૮ દિવસની વાર હતી. શ્રીજીમહારાજે વિચાર કર્યો કે, ભાલદેશમાં પાણીની તાણ છે, તેથી અહીં હજારો સંતો-હરિભક્તો આવે તો પાણીની મુશ્કેલી થાય. માટે અત્યારે ગઢડા જઈએ. ઉત્સવ વખતે આવીશું. સૌએ રોકાવા વિનંતિ કરી. પુંજાભાઈ દરબારે



દરબારગઢમાં ઉતારાની વાત કરી. પરંતુ ભગવાન શ્રીહરિ કહે : ‘‘અમે તો સંતો સાથે રહીશું.’’ પછી વાંસની રજોટવાળી ઓરડીમાં સ્વયં ભગવાન શ્રીહરિ ૨૮ દિવસ રહી, કથા-કીર્તન-ધર્મોપદેશ કર્યા સ્નાનાદિક ક્રિયા કરી સૌને જમાડ્યા પોતે થાળ જમ્યા અને પોઢ્યા. આમ પ્રગટ ભગવાનનો યોગ થતા સાધારણ ઓરડી ‘અક્ષર ઓરડી’ થઈ.

ભગવાન શ્રીહરિએ સં. ૧૮૮૨ વૈશાખ સુદ ૧૩ના દિવસે શ્રી મદનમોહનજી મહારાજની સ્થાપના કરી આરતી ઉતારી ધોલેરાના ખૂબ મહિમા કહ્યો. વળતે દિવસે નૃસિંહ જયંતીનો ઉત્સવ કરી ગઢપુર પધાર્યા.

મંદિરમાં મૂર્તિ સ્થાપના પછી ધોલેરામાં સંતોના નિવાસ માટે ધર્મશાળાનું નિર્માણકાર્ય ચાલુ થયું. જે પૂર્ણ થતાં સંતો ધર્મશાળામાં રહેતા. ભગવાન શ્રીહરિના સ્વધામગમન બાદ વાવાઝોડામાં ભગવાન શ્રીહરિ જ્યાં ૨૮ દિવસ સુધી રહ્યા હતા એ ‘અક્ષર ઓરડી’ પડી ગઈ. નિષ્કુળાનંદ સ્વામીને જ્યારે જ્યારે મહારાજની સ્મૃતિ થઈ આવે ત્યારે આ બેઠકે (અક્ષરઓરડી)એ આવી ધ્યાન કરતા.


પ્રબોધિની એકાદશીએ શ્રીજીમહારાજે સ્વામીને દર્શન આપી આ જગ્યાએ ભવ્ય બેઠકનું નિર્માણ કરવાની આજ્ઞા કરી. ભગવાન શ્રીહરિની ઈચ્છાથી એ વખતે ગાંફ ગામના રાજા રાયસિંહજીના દીવાન પરમભક્ત દેવકૃષ્ણ વ્યાસ સ્વામીના દર્શને આવ્યા. સ્વામીએ સર્વે હકીકત કહી. તેઓએ શ્રીજીમહારાજ અને સ્વામીનું વચન શિરે ધારણ કર્યું. એ વખતે આજુબાજુની જમીન ૩૨૦૦૦ હજારમાં ખરીદીને કુલ ૩૫૦૦૦ હજાર રૂપિયાના ખર્ચે આ બેઠકનું તેઓએ નિર્માણ કરાવ્યું હતું. પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો હતો. જેનું વર્ણન ‘શ્રી ઉન્મત્તગંગા માહાત્મ્ય’ ગ્રંથના અધ્યાય ૬ થી ૯માં સુધી સુંદર રીતે કરવામાં આવ્યું છે.

હાલ આ બેઠક સ્થાન દરિયાઈ ખારી હવા અને ભૂકંપ જેવા હોનારતોને લીધે ખૂબ નુકસાન અને જર્જરિત થતાં ધોલેરા મંદિર દ્વારા પૂ. કોઠારી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે જીર્ણોદ્ધાર કરી નયનરમ્ય કલાત્મક નકશીકામયુક્ત પથ્થરમાં ‘અક્ષર ઓરડી’નું નિર્માણકાર્ય થયું. જેમાં ભગવાન શ્રીહરિના સાક્ષાત્ અંગસ્પર્શની પ્રાસાદિક વસ્તુઓ દર્શનાર્થે રાખવામાં આવી છે.

## દર્શનીય પ્રાસાદિક વસ્તુઓ

ધોલેરા મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક વસ્તુઓ હાલમાં નિર્માણ પામેલ નૂતન ‘અક્ષર ઓરડી’માં સંગ્રહાલય (મ્યુઝિયમ) બનાવી તેમાં દર્શનાર્થે રાખવામાં આવેલ છે. આ તમામ પ્રાસાદિક વસ્તુઓનાં દર્શનમાત્રથી અંતરમાં અપૂર્વ શાંતિ અનુભવ થાય છે. આ સંગ્રહાલયમાં તેમજ આસપાસમાં નીચે પ્રમાણે પ્રાસાદિક વસ્તુઓ સંગ્રહિત છે.

(૧) દરબાર શ્રી પુંજાભાઈએ ભગવાન શ્રીહરિને ભેટમાં આપેલ રમણીય ઢાલ. (૨) ત્રાંબાકુંડી - જ્યારે જ્યારે ભગવાન શ્રીહરિ ધોલેરા પધારતા ત્યારે આ ત્રાંબાકુંડીમાં જળ ભરી સ્નાન કરતા. (૨) પથ્થર - જેના ઉપર બેસી એક મહિના સુધી ભગવાન શ્રીહરિએ સ્નાન કર્યું હતું. (૪) ભગવાન શ્રીહરિ જે ઢોલિયા ઉપર બેસી ધોલેરા મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો તે ઢોલિયો. (૫) સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ કલાત્મક નંદીશ્વર. (૬) લાકડાની કોતરણીવાળી કઠોડી. (૭) કલાત્મક નકશીકામ યુક્ત દ્વાર તથા સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામીનો પ્રસાદીનો ખડિયો, ભગવાન શ્રીહરિ બેઠા હોય તે ગોદડીઓ, વસ્ત્રો, છત્ર, બાજરો તથા ચરણારવિંદોની જોડ.



**સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિ દ્વારા રાજીપારૂપે પ્રાપ્ત થયેલ અદ્વિતીય ભેટ એટલે કે એક જ ચાદર ઉપર ૧૮ જોડી ચરણારવિંદ**





સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના કલા-કૌશલ્ય દ્વારા ધોલેરા મંદિરનું નિર્માણકાર્ય કર્યું. કેવળ છાશ-રોટલો એકવાર જમતા અને રાત્રિ-દિવસ મંદિરનું કાર્ય કરતા હતા. જેથી સ્વામીનું શરીર પણ દૂબળું થઈ ગયું હતું. સ્વામી દ્વારા થયેલ મંદિર સેવાથી અતિ પ્રસન્ન થઈ ભગવાન શ્રીહરિએ એક જ ચાદર ઉપર ૧૮ જોડી ચરણારવિંદની છાપ પાડી આપી હતી. જેનાં દર્શન નૂતન પ્રાસાદિક સંગ્રહાલયમાં થાય છે.

■ **લીલાપ્રસંગ :** ભગવાન શ્રીહરિ ધોલેરામાં પોતાના સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા કરી સંતો-હરિભક્તો સાથે કારિયાણી થઈ ગઢપુર પધાર્યા. ધોલેરામાં મંદિર થોડુંઘણું બાંધકામ બાકી હતું, તેથી નિષ્કુળાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને મંદિરનું કામ પૂર્ણ કરવાની જવાબદારી સોંપી હતી.

એકવખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સહિત વડતાલ જતા હતા. વાગડ થઈ આગળ જતા સૌને ધોલેરા જવાનું કહ્યું તેથી સૌએ ધોલેરા તરફ પ્રયાણ કર્યું. ધોલેરામાં ભગવાન શ્રીહરિ કથાવાર્તા કરી રાત્રિનિવાસ કર્યો. દરબાર પુંજાભાઈ અને હરિભક્તોને મળી કુશળ સમાચાર પૂછી મંદિર બાંધકામની પણ પૃચ્છા કરી. ત્યારે પુંજાભાઈએ નિષ્કુળાનંદ સ્વામીની

કલા-કૌશલ્યતા અને અથાગ પરિશ્રમથી મંદિરનું કામ સુંદર રીતે પૂર્ણ થયું છે તે જણાવ્યું. સવારમાં નિત્યનિયમથી પરવારી શ્રીજીમહારાજ મંદિર જોવા પધાર્યા. સાથે નિષ્કુળાનંદ સ્વામી વગેરે સંતો-હરિભક્તો હતા. મંદિરનું કાર્ય જોઈ ભગવાન શ્રીહરિ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા અને કંઈક માંગવા કહ્યું. ત્યારે સ્વામી કહે : "મહારાજ ! મારે કંઈ જોઈતું નથી." મહારાજે હઠ પકડી ત્યારે સ્વામીએ કહ્યું : "આપનાથી કંઈ વિશેષ હોય તો આપો !"

શ્રીજીમહારાજ નિષ્કુળાનંદ સ્વામીની નિષ્ઠા અને નિર્માનીપણું તેમજ નિઃસ્પૃહપણાથી ખૂબ પ્રસન્ન થયા અને કહ્યું : "સ્વામી ! આજ દિવસ સુધી કોઈને ન આપી હોય તેવી ભેટ તમને આપવી છે." **એમ કહી એક ચાદર અને કંકુ મંગાવ્યું. ચાદરને નીચે પથરાવી કંકુમાં ચરણ બોળી ચાદર ઉપર ભગવાન શ્રીહરિએ મોજથી નાચતા થકા આડાઅવળી ૧૮ જોડી ચરણારવિંદની છાપ અંકિત કરી દીધી.**

સંપ્રદાયમાં અન્ય સ્થાનોમાં ભગવાન શ્રીહરિના ચરણારવિંદોની છાપની એક યા એકથી વધુ જોડ કંકુના કે ચંદન રંગની છાપના દર્શન થાય છે. પરંતુ ધોલેરામાં ભગવાન શ્રીહરિ નૃત્ય કરતા હોય તેવી એકી સાથે ૧૮ જોડી ચરણારવિંદના દર્શન થાય છે. જે સંપ્રદાયમાં અદ્વિતીય છે. આવી અજોડ, અદ્‌ભુત અને અવર્ણનીય ચરણારવિંદની ચાદરની દુર્લભ પ્રાપ્તિ સંપ્રદાયના અન્ય મુખ્ય તીર્થસ્થાનોમાં પણ નહિ હોય !

આ ચરણારવિંદ ચાદરના દર્શનથી એવું ફલિત થાય છે કે, ભગવાન શ્રીહરિ નિષ્કુળાનંદ સ્વામી ઉપર કેટલા રાજી થયા હશે !

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા નિર્મિત

## મંદિરના મુખ્ય દ્વાર પર શોભતી હાથી મુખાકૃતિ કમાન



ધોલેરા મંદિરના મુખ્યદ્વાર પર શોભતી કલાત્મક નકશીકામ યુક્ત હાથી મુખાકૃતિ કમાન એટલે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલાના અદ્‌ભુત દર્શન. એ કમાન એટલે એક વૈરાગ્યમૂર્તિ સંત અને એક ઉત્તમ હરિભક્તના પ્રભુપ્રેમનું પ્રતીક.

ગાંફ ગામના ઠાકોર સાહેબ મનુભા બાપુ સ્વામીના શિષ્ય હતા. બાપુના આગ્રહને વશ થઈ સ્વામી તેમના ઘરે ઠાકોરજી સાથે પધરામણી કરવા પધાર્યા હતા. ઠાકોરજીની આરતી કરી સ્વામીનું સ્વાગત-પૂજન બાપુએ ખૂબજ ભક્તિભાવપૂર્વક કર્યું.

પછી સ્વામી સાથે વાત કરતા ઠાકોર સાહેબ કહે : ‘‘સ્વામી ! આપ શ્રીજીમહારાજને રાજી કરવા ધોલેરા મંદિર નિર્માણ કરો છો. મને ખબર છે કે આપ આપના શરીરની પણ પરવા કરતા નથી. જો આપ આટલું કરતા હોય તો મંદિર નિર્માણમાં જે ધન જોઈએ તે મારું જ વાપરો. લ્યો આ સોનમહોરો.’’

ઠાકોર સાહેબનો ધોલેરા મંદિર પ્રત્યેનો ભાવ જોઈ સ્વામી કહે : ‘‘બાપુ! અમારે ધન નહિ પણ બીજું જોઈએ છે.’’ ત્યારે બાપુ કહે : ‘‘અરે સ્વામી ! જે માંગો તે આપું.’’ ઘરના આંગણામાં પડેલ એક મોટા પથ્થર તરફ દૃષ્ટિ કરીને સ્વામી બોલ્યાઃ ‘‘પેલો પથ્થર જોઈએ છે.’’ ‘‘પણ સ્વામી ! એ પથ્થરનું શું કરશો?’’ બાપુએ પૂછ્યું.

ત્યારે સ્વામી કહે : ‘‘બાપુ ! તમારો પ્રભુપ્રેમ જોઈ થયું કે તમારા ભક્તિભાવને કાયમ ભક્તો યાદ કરે એટલે એ પથ્થરની કલાત્મક સુંદર કમાન બનાવી મંદિરના મુખ્યદ્વાર પર મૂકવી છે. જે કાયમ તમારા જેવા પ્રભુપ્રેમી ભક્તોની સ્મૃતિ કરાવે.’’

આમ, નિષ્કુળાનંદ સ્વામીએ તે પથ્થરમાંથી કલાત્મક નકશીકામયુક્ત કમાન બનાવી હતી. આજે પણ આ કમાન ધોલેરા મંદિરમાં શોભાયમાન છે. સ્વામીની આવી બીજી અનેક કૃતિઓ જોવા મળે છે. શ્રી મદનમોહનજી મહારાજ આગળનું આરસનું બારસાખ, હવેલી, શ્રી શિવલિંગ, નંદીશ્વર, કોતરણીયુક્ત દ્વાર, કઠોડો, વડતાલ બાર બારણાનો અદ્‌ભુત હિંડોળો, તેમજ ભગવાન શ્રીહરિની અંતિમયાત્રાની પાલખી વગેરે નિષ્કુળાનંદ સ્વામીની કલા દર્શાવતી પ્રાસાદિક વસ્તુઓ ધોલેરામાં તથા અન્ય ધામોમાં દર્શન આપે છે.

નિષ્કુળાનંદ સ્વામીના હાથમાં ટાંકણો હોય તો પથ્થર બોલતો થઈ જાય, રંધો હોય તો લાકડામાં ડિઝાઈન પડી જાય અને કલમ હોય તો કાવ્યો-કીર્તનો રચાઈ જાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્પર્શથી પાવન

## ધોલેરાધામમાં આવેલા પ્રાસાદિક તીર્થસ્થાનો

**તળાવ તથા સ્મૃતિછત્રી :**



મંદિરની બાજુમાં આ પ્રાસાદિક તળાવ આવેલું છે. આ તળાવમાં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે અનેકવાર સ્નાન કરીને જળક્રીડાઓ કરી હતી. તેમજ આ તળાવ પાસે ભગવાન શ્રીહરિ બિરાજમાન થઈ સંતો-હરિભક્તોની સભા કરી હતી. આ પ્રાસાદિક સ્થાન જાણી સ્મૃતિછત્રી બનાવી ચરણારવિંદ પધરાવ્યા છે.

**પ્રાસાદિક કૂવો :**

આ કૂવો મંદિર પાસે તળાવના કિનારે ભગવાન શ્રીહરિએ બંધાવ્યો છે અને તેનું જળ બહું મીઠું હતું. હાલમાં આ પ્રાસાદિક કૂવા ઉપર સ્મૃતિછત્રી કરવામાં આવી છે.



**શ્રી ખાંડેશ્વર મહાદેવ :**



'ચાલ્યા ત્યાંથી હરિ સાક્ષાત,
ગયા ધોલેરે પ્રગટ્યે પ્રભાત;
ખાંડેશ્વર મહાદેવમાં ગયા, દૈવી પુરુષ કોઈ ભેળા થયા.'

(શ્રીહરિલીલામૃત : ૩/૧૮)

શ્રી ખાંડેશ્વર મહાદેવ એટલે ધોલેરાની ઐતિહાસિકતા... ભગવાન શ્રી સ્વામિનારાયણ

નીલકંઠ વર્ણી સ્વરૂપે વનવિચરણ કરતાં સં. ૧૮૫૬માં ધોલેરા પધાર્યા ત્યારે રાત્રિનિવાસ આ ખાંડેશ્વર મહાદેવની જગ્યામાં કર્યો હતો. જેથી સંપ્રદાયના આશ્રિતજનો માટે પ્રાસાદિક દર્શનીય તીર્થસ્થાન છે.

■ **સ્થાન ઈતિહાસ :** ધોલેરા શ્રી સ્વામિનારાયણ મંદિરથી પૂર્વ દિશામાં ધર્મકુંડ સરોવર છે. આ સ્થાનમાં વર્ષો પહેલા ગોવાળિયા ગાયો ચરાવવા દરરોજ માટે આવતા હતા. એક ગાય ધર્મકુંડ સરોવરમાં જઈ એક જગ્યાએ ઊભી રહેતી અને આંચળમાંથી આપોઆપ દૂધની ધારા ધરતી ઉપર થતી. એકદિવસ ગાયના માલિકને થયું કે ગોવાળ લોકો મારી ગાય દોહી લે છે તેથી દૂધ આપતી નથી. પછી તપાસ કરતા ખ્યાલ આવ્યો કે ગાય કોઈ દેવતાઈ લાગે છે. તે જ દિવસે ગામના કોઈ શિવભક્તને મહાદેવજીએ દર્શન આપીને જે જગ્યાએ ગાય દૂધની ધાર કરે છે તે જમીનમાંથી શિવલિંગ બહાર કાઢવા જણાવ્યું. પછી જ્યાં ગાય દૂધની ધારા કરતી ત્યાં ખોદકામ કરતા મહાદેવજીનું લિંગ મળી આવ્યું. તેના પર હથિયાર વાગતા લોહી નીકળી આવ્યું. ખંડિત થયા એટલે 'ખંડેશ્વર મહાદેવ' નામથી ઓળખાવા લાગ્યા. ચમત્કારી શિવલિંગ જાણી વડોદરા શ્રીમંત સરકાર ખંડેરાવ મહારાજાએ મંદિર બનાવી આપ્યું તથા પૂજારીને વર્ષાસન બાંધી આપ્યું. ખંડેરાવ મહારાજાએ મંદિર બંધાવ્યું તેથી ગામલોકો 'ખાંડેશ્વર મહાદેવ' નામે ઓળખવા લાગ્યા.



■ **સ્થાનિક લીલાપ્રસંગ :** ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે ફૂલસમી કોમળકાયા, આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીનને ધારણ કરેલા, ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતાં, ન કોઈ સાધન, ન કોઈ સહારો, ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા, ન કશું અન્ન, ન કોઈ ફળ, કંઈપણ આશા નહિ ને વનની ગહરી વાટે, અનેક



સાધકોને યુગોની સાધનાના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, તીર્થોને સ્વતીર્થાટનથી મહાતીર્થત્વ અને તારકત્વ દેવાને કાજે સં. ૧૮૪૯ અષાઢ સુદ - ૧૦ના અયોધ્યાનો ત્યાગ કરી...અનેક સાધકોને સાધનના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, ઘણાક દિવસ ફરતાં ફરતાં... મહાપ્રભુ નીલકંઠ વર્ણી સુરત, ભરૂચ, વડોદરા, બોચાસણ, વડતાલ, બુધેજ, ગોરાડ, વડગામ, ભડિયાદ થઈને સં. ૧૮૫૬ ફાગણ વદમાં ધોલેરા પધાર્યા.

અહીં ખાંડેશ્વર મહાદેવની જગ્યામાં ઊતર્યા. મંદિરમાં શિવલિંગનો જળાભિષેક કરી વર્ણીપ્રભુ એક ખીજડાના વૃક્ષ નીચે બિરાજમાન થયા. વર્ણીરાજનું અદ્ભુત સ્વરૂપ જોઈ ગામના ઘણા દૈવી જીવો દર્શને આવવા લાગ્યા. એમાં કોઈ સુથાર આવ્યો. વર્ણીરાજના દર્શન કરી તેને ઘણો પ્રેમભાવ થયો એટલે પગમાં પહેરવા સુંદર કાષ્ઠની ચાખડી ભેટ આપી. તે સુથાર ભક્તને રાજી કરવા મહાપ્રભુએ ચાખડી પહેરી થોડું ચાલ્યા. પછી મંદિરના પૂજારીને અતિ પ્રસન્ન થઈ પોતાની પ્રાસાદિક ચાખડી ભેટમાં આપી. (જે હાલમાં ખાંડેશ્વર મહાદેવ મંદિરમાં દર્શનાર્થે રાખેલ છે.)

**દરબારી ચોરો :**

આ દરબારી ચોરામાં ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધારી દરબાર પુંજાજી બાપુ દ્વારા આપેલ ટીમણ જમ્યા હતા. હાલ આ પ્રાસાદિક સ્થાન ધોલેરામાં દર્શનીય છે.

■ **સ્થાનિક લીલાપ્રસંગ :** આ ચોરામાં દરબારો સભા કરી રોજ બેસતા, તેથી 'દરબારી ચોરો' કહેવાય છે. નીલકંઠ વર્ણી સ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ





ખાંડેશ્વર મહાદેવ પધાર્યા હતા ત્યારે ત્યાં વર્ણીરાજના દર્શનથી ધોલેરા ક્ષત્રિય દરબાર પુંજાજીને વર્ણી પ્રત્યે આકર્ષણ થયું. કિશોર અવસ્થા, તેજસ્વી સ્વરૂપ, તપથી કૃશ થયેલી કાયા ! તેમણે હાથ જોડ્યા અને કહ્યું : ''બ્રહ્મચારીજી ! ગામમાં આવશો ?''

આવા મુમુક્ષુઓને લક્ષમાં રાખીને જ મહાપ્રભુ નીલકંઠ વર્ણી ગામોગામ વિચરણ કરતા હતા. તેઓની દૃષ્ટિમાં આ ક્ષત્રિય ભક્ત હતા. તેથી વર્ણીરાજે તરત જ તેમનાં આમંત્રણનો સ્વીકાર કરતાં કહ્યું : ''ગામમાં ચોરામાં આવીશું.''

દરબાર આટલાથી પણ રાજી થયા. વર્ણીપ્રભુને આ દરબારી ચોરામાં બેસારી પોતે પોતાના ઘેરથી વર્ણીરાજ માટે જમવાનું લઈ આવ્યા. વર્ણીપ્રભુ જમ્યા અને પુંજાજી દરબારના અંતરમાં ટાઢક વળી.

**ધોલેરા દરબાર શ્રી પુંજાભા બાપુની મેડી :**





ધોલેરા દરબાર પરમભક્તરાજ શ્રી પુંજા બાપુના આ દરબારગઢમાં ભગવાન શ્રીહરિએ સંતો-હરિભક્તો સાથે પધારી અનેકવખત પધરામણી કરી છે તેમજ ઉતારો કરી રાત્રિનિવાસ પણ કર્યો છે અને અનેક લીલાચરિત્રો પણ કર્યાં છે. જે મેડી ઉપર બેસી ભગવાન શ્રીહરિએ માખણના ભજિયાં જમ્યા હતા તે, હાલમાં 'શ્રી પુંજાભા બાપુની ડેલી' નામે ઓળખાતા દરબારગઢના સૌને મંગળ દર્શન થાય છે.

■ **સ્થાનિક લીલાપ્રસંગ :** સં. ૧૮૮૧ માગશર મહિનામાં સુરતથી નીકળી ભરૂચ, આમોદ, ખંભાત થઈ ગુડેલ પધાર્યા. પોતે જ વંતાકનું શાક અને બાટીઓ બનાવી. સંતો તથા કાઠી હરિભક્તો માટે મિષ્ટાન્ન બનાવ્યાં. પરંતુ સુરતમાં રોજ મિષ્ટાન્ન જમીને કાઠી ભક્તો થાકી ગયા હતા. તેથી હવે મિષ્ટાન્ન પ્રત્યે તેમને અભાવ આવ્યો હતો. સુરાખાચર પૂરું જમ્યા નહીં. શ્રીજીમહારાજે તેમને શાક અને બાટી મોકલ્યાં.

સુરાખાચર પ્રસન્ન થતાં થતાં ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! પ્રસાદી ન મોકલી હોત તો હું તો ભૂખ્યો જ રહેત. ખાંડ તો હવે અબખે પડી ગઈ છે.''

સુરાખાચરની વાત સાંભળી મહારાજ હસ્યા. પછી પૂછ્યું : ''ક્યાં સુધી એવું રહેશે ?'' સુરાખાચર આ સાંભળી મૂંઝાયા. તેમને થયું કે થોડો વખત થશે એટલે પાછી તેની રુચિ તો જાગશે જ. એટલે તેમણે કહ્યું : ''મહારાજ ! હમણાં તો ભજિયાં, વડાં કે પૂડલા જેવું જમાડો તો ઠીક પડે.''

ભગવાન શ્રીહરિ તેમની યુક્તિથી મંદ મંદ હસવા લાગ્યા. મહારાજે કહ્યું :

“ભલે! હવે એવું ભોજન જમાડીશું.”

શ્રીજીમહારાજે ધોલેરામાં પુંજાભાઈના બહેન અજુબાને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું : “અમે આવતી કાલે ધોલેરા આવીએ છીએ. અમારી સાથે કાઠી ભક્તો છે. તો તેમને માટે ભજિયાં, વડાં, પૂડલા અને બાજરાના રોટલા બનાવજો. મિષ્ટાન્ન ઉપર તેમને હમણાં અભાવ થયો છે.”

બીજે દિવસે મહારાજ ધોલેરા પહોંચ્યા ત્યારે ત્યાં રસોઈ તૈયાર હતી.

સવારે અજુબાએ પોતાના ભાઈ પુંજાજી બાપુ અને ફૂલીબા વગેરે બધાને પોતાના સ્વપ્નની વાત કરી. તે સાંભળીને પુંજાજી બાપુ કહે : “બહેન ! ભગવાન શ્રીહરિ તો સુરત ગયા છે, તે છેક ત્યાંથી કાલે અહીં પહોંચે જ નહિ. માટે તમારાં સ્વપ્નાની વાત માની શકાય નહિ અને તે પ્રમાણે કરાય નહિ.”

ત્યારે અજુબા કહે : “ભાઈ ! બીજા સ્વપ્નાનો ભરોસો નહિ, પરંતુ આ તો મહારાજનું સ્વપ્ન છે અને મને મહારાજે સ્પષ્ટરૂપે સ્વપ્નમાં આજ્ઞા કરીને કહ્યું છે. માટે તે પ્રમાણે ભોજનની બધી જ સામગ્રી તૈયાર કરાવો.”

આમ, સીધું-સામગ્રી તૈયાર થયાં. સત્સંગી બહેનો રસોઈ કરવા લાગ્યાં. બપોર પછી પાંચેક વાગ્યાના સમયે સંતો તથા કાઠી ભક્તો સહિત ભગવાન શ્રીહરિ ધોલેરા પધાર્યા. અને સીધા જ પુંજાજી બાપુના દરબારગઢમાં આવ્યા. સૌના આનંદનો પાર ન રહ્યો. ભગવાન શ્રીહરિ અને સંતો-પાર્ષદોના ઉતારાની વ્યવસ્થા કરી.

અજુબા વગેરે સ્ત્રીભક્તોએ રસોઈ તૈયાર કરી રાખી હતી. ભગવાન શ્રીહરિએ સ્નાન કર્યું અને થાળ તૈયાર હતો એટલે જમવા પધાર્યા. કાઠી ભક્તો પણ પંક્તિમાં બેસી ગયા. બાજરાના રોટલા, માખણનાં ભજિયાં, વડાં, પૂડલા વગેરે પીરસાતાં જોઈ સુરાખાચરને આશ્ચર્ય થયું ! મહારાજે આટલે છેટે એટલી વારમાં સંદેશો પહોંચાડી દીધો ! પણ પાછળથી તેમને ખબર પડી કે મહારાજે અજુબાને સ્વપ્નમાં દર્શન દઈને કહી દીધું હતું. મહારાજની અકળ લીલા જોઈ તેમને આનંદ થયો.

પછી ભગવાન શ્રીહરિ જમતા જાય ને વારે વારે પાણી પીતા જાય ને ઉપર હાથ ફેરવતા જાય. સાથે ભજિયાંના વખાણ પર કરતા જાય. ત્યારે અજુબા બોલ્યા : “હે મહારાજ ! સારી પેઠે જમજો ને કાઠીઓને પણ માખણના ભજિયાં ખૂબ જમાડજો.” પછી મહારાજ ચળું કરીને ઊઠ્યા ને મુખવાસ લીધો.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી : વાત નં. ૨૦૬ના આધારે)

**શ્રી હિંગળાજીયા હનુમાનજી :**



સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા પૂજિત અને સારંગપુરનિવાસી શ્રી કષ્ટભંજન દેવનું નાનું સ્વરૂપ એટલે શ્રી હિંગળાજીયા હનુમાનજી. આ હિંગળાજીયા હનુમાનજીની સ્થાપના ધોલેરા મંદિરની જમીનની રક્ષાર્થે કરવામાં આવી છે.

શ્રી મદનમોહનજી મહારાજ તેમજ ધોલેરા તીર્થધામનો મહિમા જાણી દરબાર પુંજાજી તથા ભાલદેશના હરિભક્તોએ સ્વકલ્યાણાર્થે અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આશરે ૧૮,૮૦૦ થી ૨૦,૮૦૦ વીઘા જેટલી જમીન ધોલેરા મંદિરને ભેટમાં આપી હતી. મંદિરના દક્ષિણે એકાદ કીલોમીટરના અંતરે પણ ઘણી મોટી જમીન હતી. તેની સાચવણી અને ખેતી માટે ઘણા સંતો-પાર્ષદો-હરિભક્તો અવાર-નવાર જતા. આજુબાજુના વેરાન ઉજ્જડ વગડાને લીધે ખેતી જોખમાઈ જતી. ઢોરઢાંખર બગાડ કરતા અને વટેમાર્ગુઓ અનેક પ્રકારનું નુકસાન કરતા. આથી જમીનની જાળવણી થાય અને કોઈ નુકસાન ન કરે તે માટે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા પૂજિત અને સારંગપુરનિવાસી શ્રી કષ્ટભંજન દેવનું નાનું સ્વરૂપ એટલે શ્રી હિંગળાજીયા હનુમાનજી પ્રાપ્ત થયા. સ.ગુ. શ્રી આત્માનંદ સ્વામીના શિષ્ય સંતદાસજી સ્વામીએ આ હનુમાનજીની સ્થાપના કરાવી હતી.

## સાંપ્રદાયિક ગ્રંથોમાં ધોલેરાધામનું વર્ણન

શ્રી સત્સંગિજીવન, ભક્તચિંતામણી, શ્રીપુરુષોત્તમ પ્રકાશ, શ્રીહરિલીલામૃત, શ્રી ઘનશ્યામલીલામૃત, શ્રીહરિ ચરિત્ર ચિંતામણી, શ્રીહરિલીલાસિંધુ, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિચરિત્રામૃતસાગર, શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિકૃષ્ણલીલામૃત આદિક સાંપ્રદાયિક ગ્રંથોમાં વર્ણવ્યા મુજબ ભગવાન શ્રી સ્વામિનારાયણ સં. ૧૮૫૫ થી અ. સં. ૧૮૮૬ સુધી ધોલેરામાં પધારી જે અનેક લીલાચરિત્રો કર્યા હતાં, તેનું સાલવાર યથાશક્ય વર્ણન :

....કમિયાળા ગામમાં શ્રીહરિએ રામનો જન્મોત્સવ કર્યો. તે ઉત્સવમાં હજારોહજાર ભાલદેશના જનો આવ્યા. તે ભક્તોએ ઘણા પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિએ પોતાના ભક્તોએ પ્રાર્થના કરાયેલા સતા ત્યાં ચૈત્ર સુદી પૂર્ણિમા સુધી નિવાસ કર્યો. ચૈત્ર વદી પડવાને દિવસે દુર્ગપત્તન પ્રત્યે ચાલતા શ્રીહરિને ધોલેરાના અધિપતિ પુંજજીત રાજાએ પ્રાર્થના કરી, હે સ્વામિન્! ધોલેરા નગરમાં મંદિર ઘણું કરીને સંપૂર્ણ વર્તે છે જ. હે ભગવન્ ! તમો આવીને મંદિરમાં હાલમાં જ શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠા કરો. પછી પ્રતિષ્ઠા બાદ મંદિરનું કાર્ય જેટલું બાકી રહેશે તેને થોડા સમયમાં જ પૂર્ણ કરાવીશું. હે રાજન્ ! આ પ્રકારે પુંજાજીરાજાએ કહેલા ભગવાન શ્રીહરિ 'એ પ્રમાણે કરીશું' એમ કહીને તેમના પુર (ધોલેરા) તરફ ચાલ્યા. પોતાના અનુયાયીઓની સાથે શ્રીહરિના નિવાસ યોગ્ય કરેલાં પોતાનાં ગૃહમાં જ અનુયાયીઓ સહિત શ્રીહરિનો આતિથ્યસત્કાર કર્યો. પછી શ્રીહરિએ લગારેક અધુરૂં મંદિર જોઈને જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવડાવીને શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠાનું મુહૂર્ત પૂછ્યું. શ્રીહરિએ પ્રતિષ્ઠામુહૂર્ત પૂછેલા બ્રાહ્મણો વૈશાખ સુદી ત્રયોદશી ભૃગુવાસરે (શુક્રવારે) વિષ્ણુના સ્થાપનનું શુભ મુહૂર્ત છે આ પ્રમાણે શ્રીહરિને કહેતા હતા. શ્રીહરિને પ્રણામ કરીને પુંજજીત રાજાએ શ્રીહરિને ધોલેરા પુરમાં નિવાસ કરાવ્યો. હે મહીપતે! પોતાના ભક્તોને વશવર્તી શ્રીહરિ દરરોજ સારી વાર્તાઓથી પોતાના ભક્તોને (પુંજાજી, નારાયણ, ભોજ, મૌન, વૃદ્ધ, રત્ન, જીવન, ક્ષેમ, વનમાળી વગેરે હરિભક્તો અને અદ્ભુતાનંદ, આત્માનંદ, નિષ્કુળાનંદ આદિક સંતોને) આનંદ આપતા થકા ત્યાં સુખેથી રહ્યા.

પછી ભાલદેશના ભક્તો દરરોજ ધોલેરામાં આવતા હતા અને જતા હતા. તે ભક્તોને મહાન ઉત્સવ થયો. પછી શ્રીહરિએ સં.૧૮૮૨ના વૈશાખ સુદી તેરશને દિવસે મંદિરમાં રાધાએ સહિત મદનમોહન નામવાળા કૃષ્ણની શાસ્ત્ર પ્રમાણે સ્થાપના કરી. તે સમયે નાના પ્રકારના વાજિંત્રોના ધ્વનિપૂર્વક અતિશય પૂજાનો ઉત્સવ થયો અને શ્રીહરિએ હજારોહજાર બ્રાહ્મણોને જમાડ્યા. શ્રીહરિએ તેઓને દક્ષિણા અને વસ્ત્રો આપ્યાં અને બીજે દિવસે (વૈશાખ સુદી ચૌદશને દિવસે) નૃસિંહજીનો પણ ઉત્સવ ધોલેરાપુરમાં કર્યો. તે થકી બીજે દિવસે પૂર્ણિમાએ શ્રીહરિ ભોજન કરીને અનુયાયીજનો સાથે ધોલેરાથી નીકળીને પ્રતિપદાએ દિવસના ચોથા પ્રહરમાં દુર્ગપુરમાં પહોંચ્યા. (શ્રી સત્સંગિજીવન : ૪/૪૫/૧૯-૩૩)

## શ્રી ભક્ત ચિંતામણી

જમી જમાડિયા નિજ જન, પછી ત્યાંથી ચાલ્યા ભગવન; આવી રાત ધોલેરામાં રહ્યા, ત્યાંથી કારિયાણીએ આવિયા.

(પ્રકરણ : ૯૫/૬૦)

**એવું સાંભળી ચાલિયા શ્યામ, આવી રહ્યા ગલિયાણે ગામ;**
**ત્યાંથી નાથ આવ્યા છે પીપળી, રાજી થયાં દાદોભાઈ મળી.**
**ત્યાંથી આવ્યા ધોલેરે મહારાજ, મૂર્તિ સ્થાપન કરવા કાજ;**
**સર્વે સંઘ ને સાધુ છે સાથ, એવી રીતે પધારિયા નાથ.**
**સારું વરસ સુંદર કહીએ, વૈશાખ શુદી તેરશ લહીએ;**
**સારો સુંદર એ શુભ દન, તે દિ પધરાવ્યા મદનમોહન.**
**કર્યો સુંદર સારો સમૈયો, તે તો ન જાય મુખથી કૈયો;**
**જમ્યા બ્રાહ્મણ ને હરિજન, બીજાને પણ આપિયું અન્ન.**

(પ્રકરણ : ૯૭/૪૫-૪૮)

**રહી થોડા ઘણા તિયાં દન રે, કર્યું વરતાલે જાવાનું મન રે;**
**કારિયાણી ચોકડી ધોલેરે રે, રહ્યા પિપલિયે એહ ફેરે રે.**
**જમીકમિયાળેવ્રસડેરહ્યારે,ત્યાંથીનાથવરતાલેઆવિયારે;**
**રામનવમીનો ઉત્સવ કરી રે, પાછા આવિયા ગઢડે ફરી રે.**

(પ્રકરણ : ૧૦૦/૨૭-૨૮)

**દિયે અખંડ તે દરશન રે, જન ઉપર છે પરસન રે;**
**કર્યો ફૂલદોલ તિયાં વા'લે રે, પછી પધારિયા વરતાલે રે.**
**કારિયાણી માંહી રાત રહ્યા રે, ત્યાંથી નાવડે ધોલેરે ગયા રે;**
**પીપળીથી વરસડે ગામ રે, ત્યાંથી આવ્યા વરતાલ ધામ રે.**

(પ્રકરણ : ૧૦૦/૩૫-૩૬)

## શ્રી પુરુષોત્તમ પ્રકાશ

### દોહા

**વળીશ્રીહરિકે'સંતસાંભળો,મોટાંકરાવિયાંમંદિર;**
**તેમાં બેસારી મૂરતિયો, અતિ સારી સુંદિર.૧**

જે જે દેશે મંદિર કર્યાં, તે તે દેશને આવ્યાં કામ;
હવે સરવે દેશને અરથે, એક બંધાવીએ સારું ધામ. ૨
દેશી પ્રદેશી દર્શન કરે, તેનાં પ્રજાળવાં વળી પાપ;
એવું મંદિર એક કરવું, એમ બોલ્યા શ્રીહરિ આપ. ૩
ભાગ્ય જગાડવા ભાલનાં, ધોલેરે બાંધિએ ધામ;
તેમાં બેસારિયે મૂરતિ, અતિ શોભિત સુંદર શ્યામ. ૪

## ચોપાઈ

એહ બંદર સુંદર સારૂં રે, જિયાં આવે છે લોક હજારૂં રે;
તિયાં મંદિર કરવું એક રે, સારું સહુથી વળી વશેક રે. ૫
એમ નાથે કરી નિરધાર રે, પૂછ્યું પુંજાભાઈને તે વાર રે;
સુણો પુણ્યવાન પુંજાભાઈ રે, કરીએ મંદિર ધોલેરામાંઈ રે. ૬
વળી સતસંગીને કહે શ્યામ રે, કો'તો ધોલેરે બાંધિયે ધામ રે;
સહુ બોલો શુદ્ધ ભાવે કરી રે, એમ હરિજનને કહે હરિ રે. ૭
ત્યારે હરિજને જોડ્યા હાથ રે, ધન્ય ધન્ય કહે સહુ સાથ રે;
જાગે ભાગ્ય મોટું જો અમારું રે, કરો મંદિર તો બહુ સારું રે. ૮
મંદિરના જોગે મહારાજ રે, રહે સંતનો સહુ સમાજ રે;
હરતાં ફરતાં દર્શન થાય રે, અતિ મોટો એ લાભ કે'વાય રે. ૯
નથી એથી બીજું કાંઈ સારું રે, એમાં અતિ રૂડું છે અમારું રે;
એમ બોલ્યા સતસંગી સહુ રે, સુણી નાથ રાજી થયા બહુ રે. ૧૦
પછી આપ્યાં છાતીમાં ચરણ રે, જેહ ચરણ ભવભયહરણ રે;
કર્યા નિરભય છાપી છાતી રે, કહ્યે વાત એ નથી કે'વાતી રે. ૧૧
કર્યા બ્રહ્મમો'લના નિવાસી રે, રાજી થઈ આપે અવિનાશી રે;
પછી કહ્યું સહુ બાઈ ભાઈ રે, રે'જો મંદિરની સેવામાંઈ રે. ૧૨
પછી પુંજોભાઈ જે પવિત્ર રે, અતિ ડાહ્યા છે સહુના મિત્ર રે;
જેને જક્તસુખ લાગ્યું ઝેર રે, પંચવિષય સાથે રાખ્યું વેર રે. ૧૩
અન્ન ધન ને આયુષ જેહ રે, કર્યું હરિપરાયણ તેહ રે;
એવાં અતિ ઉદાર દંપતિ રે, કરી હરિને અર્પણ સંપતિ રે. ૧૪
ધન્યધન્યભક્તિભાઈયોનીરે,તેથીઅતિઅધિકબાઈયોનીરે;
એવાં જન જોઈ શ્રદ્ધાવાન રે, બહુ રાજી થયા ભગવાન રે. ૧૫

દીઠા હરિજન ઠાઉકા ઠીક રે, એક એક થકી જો અધિક રે;
પછી બોલ્યા શ્યામ સુખદાઈ રે, કરશું મંદિર જરૂર આંઈ રે. ૧૬
સહુ સેવામાંઈ તમે રે'જો રે, આ તો મોટો પરમાર્થ છે જો રે;
યાંથી ઉદ્ધરશે લાખુ ક્રોડી રે, એ તો નથી કમાણી કાંઈ થોડી રે. ૧૭
બીજાં કોટિ કોટિ કરે દાન રે, ના'વે જીવ ઉદ્ધાર્યા સમાન રે;
જેથી જન્મમરણ દુઃખ જાય રે, પામે અભયપદ સુખી થાય રે. ૧૮
એ તો પરમારથ મોટો ભારી રે, સહુ જુવો મનમાં વિચારી રે;
એમ પોતે બોલ્યા પરબ્રહ્મ રે, પૂર્ણકામ જે પુરુષોત્તમ રે. ૧૯
તમે સાંભળો સૌ નર નાર રે, અમે કર્યો છે જે આ વિચાર રે;
એવું સુણી હરખ્યા સહુ જન રે, સુખદાયક સ્વામી ધન્ય ધન્ય રે. ૨૦

ઈતિ શ્રી સહજાનંદ સ્વામિ ચરણકમલસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચતુસ્ત્રિંશઃ પ્રકારઃ ॥૩૪॥

## દોહા

પછી અલબેલે આગન્યા કરી, મંદિર કરવા માટ,
ઈયાં મંદિર કરવું, જિયાં અમે ઢાળી છે પાટ. ૧
અતિ ઉત્તમ છે આ ભૂમિકા, મોટા ભાગ્યવાળી ભરપૂર;
ઓછું માહાત્મ્ય આનું નથી, જન મને જાણજો જરૂર. ૨
જિયાં બેસી અમે જમિયા, વળી ઢાળ્યો ઢોલિયો અમૂલ્ય;
જુવો વિચારી જીવમાં, કોણ આવે આ ભૂમિને તુલ્ય. ૩
માટે મંદિર આંહી આરંભો, અતિ ઉરે આણી આનંદ;
થાશે સરસ સહુથી, એમ બોલિયા સહજાનંદ. ૪

## ચોપાઈ

પછી આદરિયું છે મંદિર રે, અતિ ઉતાવળું તે અચિર રે;
ખાતમુહૂર્ત ખાંત્યે શું કીધું રે, પછી મંદિરનું કામ લીધું રે.૫
થાય અહોનિશ કામ એહ રે, કરે જન કરીને સનેહ રે;
થયું તૈયાર વાર ન લાગી રે, ત્યાં તો પધાર્યા શ્યામ સુહાગી રે.૬
જોઈ મંદિર મગન થયા રે, સારું સારું કર્યું કે'છે રહ્યા રે;
હવે બેસારિયે જો મૂરતિ રે, રાધાકૃષ્ણની સારી શોભતિ રે.૭

પછી સમે સિંહાસન માથે રે, મદનમોહન પધરાવ્યા હાથે રે;
કરી પૂજા આરતી ઉતારી રે, થયો જય જય શબ્દ ભારી રે.૮
મદમોહનની જે મૂરતિ રે, તે તો સુંદર શોભે છે અતિ રે;
જે જે નીરખે નયણાં ભરી રે, તેનું મન ચિત્ત લિયે હરી રે.૯
એવી મૂરતિયો છે અતિ સારી રે, પ્રતિપક્ષીને પણ લાગે પ્યારી રે;
મદનનું પણ મોહે મન રે, ત્યારે બીજા ન મોહે કેમ જન રે.૧૦
શોભાસાગર સુખની ખાણી રે, છબી જાતી નથી જો વખાણી રે;
જોઈ જોઈ જન મન લોભે રે, એવા મદનમોહન શોભે રે.૧૧
મહા મનોહર જે મૂરતિ રે, તે તો બેસારી કરી હેત અતિ રે;
કર્યો મોટો ઉત્સવ એહ દન રે, સહુને કરાવ્યાં ભોજન રે.૧૨
કર્યો સમૈયો બહુ સારો રે, લાગ્યો પ્રેમી જનને પ્યારો રે;
જમ્યા રમ્યા સંત રૂડી રીતે રે, પરિપૂરણ થયા સહુ પ્રીતે રે.૧૩
જાણો જમ્યા તે હરિને હાથે રે, સંત સર્વે સતસંગી સાથે રે;
જે કોઈ ઉત્સવ પર આવિયું રે, તે તો જમ્યા વિના તે ન રહ્યું રે.૧૪
જમ્યા સહુ ઉત્સવનું અન્ન રે, એવો સમૈયો કર્યો ભગવન રે;
જે જે જમિયા જન અન્ન એહ રે, થયા મોક્ષભાગી સહુ તેહ રે.૧૫
વળી કર્યાં જેણે દરશન રે, તે તો થયા પરમ પાવન રે;
એવો કર્યો મોટો ઉપકાર રે, જગજીવ તારવા આ વાર રે.૧૬
મૂરતિ બેસારી સારી સુંદર રે, અતિ શોભિત મહા મનોહર રે;
નિજ ભક્તની પૂરવા આશ રે, મૂર્તિ બેસારી ધોલેરે વાસ રે.૧૭
કરવા અનેક જીવનું કલ્યાણ રે, આપે ઉઘાડી મોક્ષની ખાણ રે;
આવે દેશી પરદેશી દર્શને રે, નિરખે હરખિ હરખિ મને રે.૧૮
જેણે જેણે જોયા નયણે નાથ રે, વળી પાયે લાગ્યા જોડી હાથ રે;
તેનાં સરી ગયાં સર્વે કામ રે, વળી પામશે પરમ ધામ રે.૧૯
એમ ઈચ્છા કરી છે હરિ આપ રે, જીવ તારવા આપ પ્રતાપ રે;
બહુ જનની કરવી છે સાર રે, એવો કરી આવ્યા છે નિરધાર રે.૨૦

ઈતિ શ્રી સહજાનંદ સ્વામિ ચરણકમલસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચત્રિંશઃ પ્રકારઃ ॥૩૫॥

## દોહા

વળી શ્રીહરિ કે' સહુ સાંભળો, બહુ બહુ બનાવ્યાં મંદિર;
અનેક જીવ ઉદ્ધારવા, કર્યું કામ અનામ અચિર. ૧
સુંદર મંદિર સારાં થયાં, સ્થાપી મૂરતિયો મનોહર;
પણ મદનમોહન મારા મનમાં, અતિ સારા લાગે છે સુંદર. ૨
નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ;
તિયાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ. ૩
માટે મારે એ મંદિર પર, ઘણું ઘણું રહે છે હેત;
ધન્ય ધન્ય એહ સંતને, જે ઈયાં રહે કરી પ્રીત. ૪

## ચોપાઈ

મારે વચને જે ઈયાં રહે છે રે, સુખ દુઃખ શરીરે સહે છે રે;
એક મને કરવાને રાજી રે, નથી રાખી શરીરશું સાજી રે.૫
એહ સંત બીજા સંત જેહ રે, બરોબર માનું કેમ તેહ રે;
હોય બરોબર બેહુ જ્યારે રે, ત્યારે તમ ઘણું ઘેર મારે રે.૬
પણ એમ જાણશો મા કોય રે, જેહ ત્યાગ વા'લો મને નો' ય રે;
માટે સે'જે સે'જે તપ થાય રે, એવું છે જો એ મંદિરમાંય રે.૭
એહ સંતને જમાડશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે;
બીજા જક્તના જમાડે ક્રોડ્ય રે, તોયે આવે નહિ એની જોડ્ય રે.૮
એને પૂજી ઓઢાડે અંબર રે, વળી પાયે લાગે જોડી કર રે;
તે તો જન જાયે બ્રહ્મમો'લ રે, સત્ય માનજો છે મારો કોલ રે.૯
જેહ જન મારા રાજીપામાં રે, રહે હાથ જોડી ઉભા સામા રે;
એથી સંત બીજા કોણ સારા રે, એવા સંત લાગે મને પ્યારા રે.૧૦
દેહાભિમાનીતોદીઠાનગમેરે,જેકોઈભક્તિથીભાગતાભમેરે;
એમ શ્રીમુખે કહે વળી વળી રે, સત્ય લખ્યું જાણજો સાંભળી રે.૧૧
જેવો સંતનો કર્યો સતકાર રે, તેવો મૂરતિમાં છે ચમત્કાર રે;
જેહ દિનથી બેઠી એ મૂરતિ રે, તેહ દિનથી થયું સુખ અતિ રે.૧૨
શે'રમાં પણ થયો સમાસ રે, દેશીપ્રદેશી વસ્યા કરી વાસ રે;
જિયાં હતાં વાંસડાનાં ઘર રે, તિયાં થઈ હવેલિયો સુંદર રે.૧૩

તે તો મદનમોહન પ્રતાપ રે, સહુ સુખિયાં થયાં છે આપ રે;
તે તો જાણે છે પોતાના જન રે, બીજાને તો મનાયે નહિ મન રે.૧૪
પણ જાણે અજાણે જે જન રે, કરશે મદનમોહનનાં દર્શન રે;
તે તો આ લોક પરલોક માંઈ રે, મોટા સુખને પામે સદાઈ રે.૧૫
જાણે અજાણે લેશે જે નામ રે, તે તો જન છે પૂરણકામ રે;
ભાવ સહિત કરશે ભજન રે, તેનું બ્રહ્મમો'લે છે સદન રે.૧૬
તેહ સારું છે ધોલેરે ધામ રે, બહુ જીવનું કરવા કામ રે;
દેશી પ્રદેશી આવી ત્યાં બહુ રે, કરે હરિનાં દર્શન સહુ રે.૧૭
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ રે, આવે ત્યાંથી તણાઈ તતક્ષણ રે;
સો સો જોજનથી આવે જન રે, કરે મદનમોહનનાં દર્શન રે.૧૮
તે તો અવિચળ ધામમાં આપે રે, જાશે પ્રગટ પ્રભુ પ્રતાપે રે;
તેમાં સંશય કરશોમાં કોય રે, હરિ ધારે તે શું શું ન હોય રે.૧૯
માટે એ મૂરતિ દ્વારે કરી રે, જાશે બહુ જીવ ભવ તરી રે;
તેહ સારું કર્યું છે મહારાજે રે, અમૃતપદ પમાડવા કાજે રે.૨૦

ઈતિ શ્રી સહજાનંદ સ્વામિ ચરણકમલસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ષટ્ત્રિંશઃ પ્રકારઃ ॥૩૬॥

## શ્રીહરિલીલામૃત

અદેસિંહ બોલ્યા તેહ ઠામ, જજો આહિં થકી રુણી ગામ;
ત્યાંથી તો વડગામ વિચરજો, શીકોતરતણે આરે ઊતરજો.
એમ થૈને ધોળેરે સિધાવો, સીધો રસ્તો મેં સારો બતાવ્યો;
એ જ રસ્તે ચાલ્યા ઘનશ્યામ, રુણી મુકી આવ્યું વડગામ.
વ્યાસ ગોવિંદરામને ઘેર, દૂધ થુલી જમ્યા રુડીપેર;
ચાલ્યા ત્યાંથી હરિ સાક્ષાત્, ગયા ધોળેરે પ્રગટ્યે પ્રભાત.
ખાંડેશ્વર મહાદેવમાં ગયા, દૈવી પુરુષ કોઈ ભેળા થયા;
જેની જાતિ ક્ષત્રી કહેવાય, તે તો તેડી ગયા ચોરામાંય.
અતિ અંતરમાં હેત આવ્યું, પ્રભુજીને ત્યાં ટીમણ કરાવ્યું;
દૈવી જીવોએ દર્શન કીધું, નરદેહ તણું ફળ લીધું.
નિજજનતણીએમસૂધલીધી, ધવળપુરીપ્રભુએપવિત્રકીધી;
ઉપર થકી જણાય કામ એક, અકળિત કૃત્ય બીજાં કરે અનેક.

(કળશ : ૩, વિશ્રામ :૧૮)

ગામ ખરડ ગયા ગિરધારી, કૃત કૃત્ય કર્યાં નરનારી;
ગામોગામ કરીને નિવાસ, કર્યો આપ પ્રતાપ પ્રકાશ.
ગયા ધોળેરે ધર્મકુમાર, પુંજાભાઈ તણે દરબાર;
અજૂબા ફુલજીબાયે જોઈ, કરાવી વિપ્ર પાસે રસોઈ.
ભાવ ભાળી જમ્યા ભગવાન, દીધાં દૈવીને દર્શન દાન;
રહ્યા શ્રીહરિ ત્યાં એકરાત, પછી ઊઠીને ચાલ્યા પ્રભાત.

(કળશ : ૬, વિશ્રામ : ૭)

ગયા ગુડેલ ગામ સુપેર, રહ્યા ત્યાં જીજીભાઈને ઘેર;
ગયા પિપળીએ હરિરાય, દાદાભાઈના દરબારમાંય.
ગયા ધોલેરે અક્ષરધામી, ત્યાંથી નાવડે અંતરજામી;
હીરાભાઈને ઘેર શ્રીહરિ, એક રાત રહ્યા દયા કરી.

(કળશ : ૭, વિશ્રામ : ૪૮)

ગામ પીપળીયે પ્રભુ ગયા, રાત્ય ત્યાં દરબારમાં રહ્યા;
દાદાભાઈને દિલ ધરી હેત, સેવ્યા શ્રીજીને સંત સમેત.
ધોલેરે ગયા ધર્મકુમાર, ત્યાંથી ગઢપુરધામ મોઝાર,
કોટી જીવનું કલ્યાણ કરી, આવ્યા થોડા દિવસમાં ફરી.

(કળશ : ૭, વિશ્રામ : ૬૮)

દેવા દર્શન જનને ઉદાર, ગયા ધોલેરે ધર્મકુમાર;
સત્સંગી સામા આવ્યા ઘણા, મુખ્ય નામ કહું તેહ તણાં.
પુંજોભાઈ બનેસિંહ જાણો, વરહાભાઈ ત્રીજા પ્રમાણો;
ડોસાભાઈ તથા ખીમાભાઈ, આવ્યા એહઆદિક હરખાઈ.
પુંજાભાઈ તણે દરબાર, ઉતર્યા જઈ પ્રાણઆધાર;
ધનતેરશ ચૌદશ કાળી, કર્યા ઉત્સવ આવી દીવાળી.
ફુલીબા ને અજુબાએ મળી, ભગવાનની ભક્તિમાં ભળી;
અન્નકૂટ તણો જે સામાન, સજી રાખ્યો હતો તેહ સ્થાન.
ભાતભાત રસોઈ કરાવી, ધર્મપુત્રની પાસે ધરાવી;
કર્યો ઉત્સવ હરખી અત્યંત, જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત.

(કળશ : ૭, વિશ્રામ : ૮૩)

મહિમા સમજાય જ જેને, લાગે સ્વાદ પ્રસાદીનો તેને;
સુરોભક્ત કહે સત્ય કહું, જમ્યા સુરતમાં મિષ્ટ બહુ.

તેથી સાકર ખાંડ ઉપરથી, અરુચિ થઈ મારે અંતરથી;
તીખું તમતમું ખાટું ને ખારું, હવે ભોજન લાગે છે સારું.
પુડા ભજિયાં વડાં ને ઢોકળાં, મળે તો હવે ભાવે તે ભલાં;
બોલ્યા શ્રીહરિ સાંભળી એવું, કાલે તમને જમાડિશ તેવું.
પછી રાતે શયન કર્યું જ્યારે, ધોળેરે થયું આશ્ચર્ય ત્યારે;
અજુબા પુંજાભાઈની બેન, તેણે સ્વપ્ને દીઠા સુખદેણ.
કર જોડીને કીધા પ્રણામ, ત્યારે બોલિયા શ્રીઘનશ્યામ;
કાલે સાંજે તો સંત સહિત, અમે આવશું આંહી ખચીત.
માટે કાઠિયોને કાજે જોઈ, કહું તે તમે કરજો રસોઈ;
ભજિયાં વડાં પૂડલા ખારા, બાજરા તણા રોટલા સારા.
એમ કહી થયા અંતરધાન, બાઈ જાગી થયાં સાવધાન;
પુંજાભાઈ પાસે વાત કરી, સાંજે આવશે આંહિ શ્રીહરિ.
મને સ્વપ્ને દીધું દરશન, મિથ્યા થાય ન મારું સ્વપ્ન;
ફરસું કરવાને ભોજન, મને કૃષ્ણે કહ્યું છે વચન.
પુંજાભાઈ કહે પ્રભુ ક્યાં છે ? એ તો સુરત શહેર ગયા છે;
આજ સાંજે ક્યાંથી આવે આંહી, થાય દર્શન તો સ્વપ્ન માંહી.
બેન બાપજીભાઈજીની જેહ, તે સમે ફૂલીબા બોલ્યાં તેહ;
અજુબાનું તો સ્વપ્ન ફળે છે, વાત જે જે કહે તે મળે છે.
સાંજે નિશ્ચે પધારશે માવો, કહિ છે તે રસોઈ કરાવો;
ત્યારે આપિયો સામાન લાવી, અજુબાએ રસોઈ બનાવી.
પછી સાંજ સમો થયો જ્યારે, કૃપાનાથ પધારિયા ત્યારે;
કર્યું સામૈયું ત્યાં શુભપેર, ઉતર્યા પુંજાભાઈને ઘેર.
ધર્મવંશીયે ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
પુંજાભાઈ તણે દરબાર, જમ્યા કાઠિયો સૌ જમનાર.
ભજિયાં વડાં રોટલા જોઈ, થયા વિસ્મિત તે સહુ કોઈ;
જ્યારે જાણી સ્વપ્નતણી વાત, જાણ્યો મહિમા પ્રભુનો અઘાત.

(કળશ : ૮, વિશ્રામ : ૩૫)

અદ્ભુતાનંદ ને પુંજોભાઈ, કહે સાંભળો જન સુખદાઈ;
ધોલેરામાં જે થાય છે ધામ, થયું તૈયાર ઘણું ખરું કામ.
માટે આપ તહાં હવે આવો, પ્રતિમાઓ રૂડી પધરાવો;

હશે મંદિર કાંઈ અધુરું, ધીમે ધીમે કરાવશું પુરું.
એવી વિનતિ સુણી તેહ વાર, ગયા ધોળેરે ધર્મકુમાર;
સામૈયું લઈ સત્સંગી આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા.
પુંજાભાઈ તણે દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર;
જોવા મંદિર શ્રીમહારાજ, ગયા લૈ સાથે મિત્રસમાજ.
ઝાલી અદ્ભુતાનંદનો હાથ, ફર્યા મંદિરમાં મુનિનાથ;
અદ્ભુતાનંદ નિષ્કુળાનંદ, તેહ પ્રત્યે બોલ્યા જગવંદ.
થયું મંદિર તો બહુ સારું, જોઈ રાજી થયું મન મારું;
ઉતારે પછી શ્રીહરિ આવ્યા, નારાયણ જોશીને ત્યાં બોલાવ્યા.

કળશ - ૮ વિશ્રામ - ૪૯માં ચોપાઈ ૨૫ થી ૪૨ સુધી તથા વિશ્રામ -૫૦માં ચોપાઈ ૧ થી ૪૪ સુધી ધોલેરાનું વર્ણન.. (કળશ : ૮, વિશ્રામ : ૪૯-૫૦)

રસ્તે ક્યાંઈક કરતા મુકામ, પહોંચ્યા પ્રભુ ધોળેરે ધામ;
કરી દેવનાં દર્શન ત્યાંય, ઉતર્યા હરિમંદિર માંય.
કર્યો થોડા દિવસ ત્યાં નિવાસ, જગ્યા જે હતી મંદિર પાસ;
ભળતી જાણી કૃષ્ણને ભાવી, તેથી તે તો જગ્યા લેવરાવી.

(કળશ : ૮, વિશ્રામ : ૫૫)

બીજે દિન ગયા હરિ ઝમરાળે, ત્યાંથી ચોકડી સરોવર પાળે;
ગયા ધોળેરે ધર્મકુમાર, રહ્યા મંદિર માંહિ મુરાર.
ગયા પીપળિયે પરમેશ, દયાસાગર દીનજનેશ;
કમિયાળાના આવિયા જન, કહ્યાં વિનતિનાં તેણે વચન.

(કળશ : ૭, વિશ્રામ : ૫૭)

ગળિયાણે પ્રભુ પરવરિયા, હરિમંદિર માંહિ ઉતરિયા,
ગયા જાખડા ગામે જનેશ, ત્યાંથી પીપળિયે પરમેશ.
ગયા ધોળેરે ધર્મકુમાર, ત્યાંના હરિજન હરખ્યા અપાર;
નિજજનને ઘણું સુખ દેવા, વિચરે પ્રભુ દેશમાં એવા.

(કળશ : ૮, વિશ્રામ : ૫૭)

ત્યાંથી જાખડે જૈ રહ્યા રાત, પીપળી ગયા ઊઠી પ્રભાત;
ગયા ધોળેરે ધર્મકુમાર, દેવદર્શન કીધું તે ઠાર.
પુંજાભાઈ આદિ હરિભક્ત, આવ્યા સૌ પરિવાર સંયુક્ત;
પ્રભુને કર્યા પ્રેમે પ્રણામ, આપ્યું ભોજન આદિ એ ઠામ.

સૌના હૈયામાં હરખ ન માય, જાણે પ્રભુદર્શન ક્યાંથી થાય;
બીજે દિન ગયા નાવડે નાથ, બપોરા કર્યા ત્યાં સહુ સાથ.

(કળશ : ૯, વિશ્રામ : ૧)

## શ્રી ઘનશ્યામલીલામૃત

પુંજાજી આવ્યા તેડવા કાજ, એમ જાણી ગયા મહારાજ;
સંત હરિજન લઈ સંગે, ચાલ્યા પુંજાજી સાથે ઉમંગે.
ધોલેરે પધાર્યા મુક્ત સાથ, મંદિરમાં ગયા નરનાથ;
પછે વિપ્રને બોલાવ્યા પાસ, શુભ મુહૂર્ત પૂછ્યું અવિનાશ.
વૈશાખ સુદિ તેરશ દન, નક્કી મુહૂર્ત કીધું અભિન;
શાસ્ત્ર વેદની વિધિ પ્રમાણે, રૂડો હોમ કરાવ્યો તે ટાણે.

(ઉતરાર્ધ : તરંગ - ૮૪)

ભાલદેશમાં ધોલેરા ગામ, ત્યાં ગયા છે શ્રીઘનશ્યામ;
મોટું મંદિર કરાવ્યું છે સારું, સહુને લાગે છે બહુ પ્યારું.
સરોવરના કિનારામાંય, કૂવો બંધાવ્યો છે રૂડો ત્યાંય;
તેનું જળ અતિ મીઠું કર્યું, સૌના અંતરમાંહી તે ઠર્યું.

(ઉતરાર્ધ : તરંગ - ૯૩)

## શ્રીહરિચરિત્રચિંતામણી

(સ.ગુ. શ્રી દયાનંદ સ્વામી કૃત)

કાર્તિકનો સમૈયો કરી રે, આવ્યા ધોલેરે બંદર હરિ રે;
જગ્યા મંદિરની લેવરાવી રે, હરિ બિરાજ્યા ગઢપુર આવી રે.

(કડવું : ૧૮૨/૩)

રામનૌમિનો સમૈયો સાર રે, કરિ ગઢડે આવ્યા કિરતાર રે;
ધોલેરેબંદરમંદિરમાંહિરે,મદનમોહનપધરાવિયાત્યાંહિરે.

(કડવું : ૧૮૩)

થૈ નાવડે આવિ રે, સંતોને કંસાર જમાવિ રે;
ધોલેરા બંદર હરિ આવ્યા રે, પ્રિતે પુંજેજીયે પધરાવ્યા રે.
જમી પિપળીયે રહ્યા રાત રે, ત્યાંથી ચાલ્યા હરિ પ્રભાત રે;
બોરુ પાસે તલાવડી તિંહાં રે, કર્યો બે ઘડિ વિરામ ઈંહા રે.

(કડવું : ૧૯૩/૫-૬)

## શ્રીહરિલીલાસિંધુ

ઉભય માસ વરતાલ, આપ જન અંતરજામી;
વાસ કરી હરત્રાસ, દાસ સુખ દીન્હ અકામી.
ધવલનગ્ર સુતધર્મ, આયે જન આનંદ દાતા;
પુંજજીત ગ્રહપ્રીત, વાસકીનો વિખ્યાતા.
કરમંદિર કારન કમલદ્રગ, લેખ કરાયે ધરનીકો;
પુનિચલેઆપગઢપુરમેં,ભાનુકમલબનબરનીકો.

(ચતુર્દશરત્ન તરંગ : ૨૦/૪૫)

જયકારભયોજગમેંવિદિત,અસકિનમહોત્સવસબઅજીત;
પુનિકિનસ્થાપનાપ્રગટપ્રીત,પુરધવલમાંહીપ્રીતમપુનિત.
કરવાય શ્રેષ્ઠ મંદિર ક્રિપાલ, દરસાય નિજ મહિમા દયાલ;
વિધિ શાસ્ત્ર પ્રમાને શાંમ સોય, જનરંજ શાંમ કરવાય જોય.

(ચતુર્દશરત્ન તરંગ : ૪૩/૧૭-૧૮)

જલતુંબા ભરી સબ લેહુંજન, આગે રનહે યું કહ બચન;
અસ કહી ચલે આનંદકંદ, પુરધવલ આય પ્રભુ જક્તવંદ.
મંદિરમાંહી કિનો મુકામ, પુંજાજી આદિ કિને પ્રનામ;
નિજસદનજીમાયેથાલનાથ,સબેસંતજુક્તજીમેકરસનાથ.
અતિદીન્હસુખનિજજાનદાસ,કરુનાનિવાસભવહરનત્રાસ;
પુંજાજીકુ પ્રભુ મોદદીન, ભલે ભક્ત સબે ભવ સફલકિન.

(ચતુર્દશરત્ન તરંગ : ૪૫/૨૮-૩૦)

## હરિચરિત્રચિંતામણિ

(સદ્.શ્રીવાસુદેવચરણદાસજી સ્વામી કૃત)

ધન્ય ધન્ય ધોલેરા પુરને, પ્રભુ, પધાર્યા પ્રીતશું;
અવધવાસી સંત લઈને, રસિયોજી રૂડી રીતશું.
ધન્ય ધન્ય પુંજાભાઈને, પૂજ્યા શ્રીસહજાનંદ;
સર્વસ્વ અરપી શ્રીહરિને, પામ્યા અતિ આનંદ.
બેઠા બંગલામાં હરિ આવી, વા'લમજી ઢોલીડો ઢળાવી;
થઈ સભા ત્યાં સુંદર સારી, નીરખે સંત હરિજન નરનારી.

ગાયા કીર્તન ત્યાં બહુવાર, પછી નાહ્યા તે પ્રાણઆધાર;
જમ્યા જીવન ત્યાં રાજી થઈ, પીરસ્યો શીરો સંતને સુખદાઈ.
જ્યાં પોઢ્યા'તા ધર્મદુલારો, તિયાં ઓટો કર્યો છે એક સારો;
કરી વેદી તે નિષ્કુળાનંદે, કરવા દર્શન તે આનંદે.
જિયાં બેઠા ઢોલીડે જીવન, તિયાં પધરાવ્યા મદનમોહન;
પાસે પોતાની મૂર્તિ બેસારી, નીર્ખી પાવન થાય નરનારી.

(કિરણ : ૪૧/૧-૬)

## શ્રીહરિલીલાકલ્પતરુ

■ **પંચમ સ્કંધ :** અધ્યાય - ૩૭, સપ્તમ સ્કંધ : અધ્યાય - ૭૯, અષ્ટમ સ્કંધ: અધ્યાય - ૩૭, નવમ સ્કંધ : અધ્યાય - ૬, ૩૮. દશમ સ્કંધ : અધ્યાય - ૨૪ (મૂર્તિ પ્રતિષ્ઠા વર્ણન), બારમો સ્કંધ : અધ્યાય - ૨

## સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો

■ **વિશ્રામ :** ૩૯, ૭૨, ૮૧, ૮૮, ૧૦૫, ૧૦૬

## શ્રીહરિ ચરિત્ર ચિંતામણી

■ **વાત નં. :** ૨૦૬, ૨૦૮, ૨૦૯, ૨૧૯, ૨૨૦

## ધોલેરાધામ તથા ભાલપ્રદેશ નિવાસી મહા મુક્તાત્માઓ

■ ધોલેરાના ભક્તોની નોંધ લેતા 'શ્રી ભક્ત ચિંતામણી' ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

ભાખું ભક્ત હવે ભાલનાં, જેનાં અતિ નિરમળ અંગ;
સત્ય અસત્યને ઓળખી, વળિ કર્યો જેણે સતસંગ.૧
અંતર ત્યાગી અતિ ઘણાં, જેણે સહેજે તજ્યો સ્વાદ;
પ્રીત કરી પરબ્રહ્મ શું, તજી જગતનો વિખવાદ.૨
લેતાં નામ એ જનનાં, મારે હૈયે હરખ ન માય;
કહું સંક્ષેપે સાંભળો, સુણિ પાપ પ્રલય થાય.૩
ક્ષત્રિ પુંજોજી બાપુજી વર્સોભાઈ, કાયોજી અજુબા ફુલિબાઈ;
શા ત્રિકમ ડોસો રતનજી, કાનજી કલ્યાણજી ગગજી.૪

**ભક્ત કણબી ખીમો રતનો, ઘાંચી વનમાળી ભક્ત પ્રભુનો;**
**મોનો ને વળી દામો લુવાણો, એહ આદિ તે ધોલેરે જાણો. ૫**

(પ્રકરણ : ૧૧૮)

વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો તેમાં શ્રીહરિ, સંતો-પાળા રાજાઓ તથા ગામોગામના સત્સંગીઓ પધાર્યા હતા. તેમાં ધોલેરા ગામના હરિભક્તો આવ્યા હતા. તેઓ શ્રીહરિની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (સં. ૧૮૬૮ કાર્તિક સુદ ૧૪-૧૫)

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૫૩)

શ્રીહરિએ કારિયાણીમાં યજ્ઞ કરાવ્યો. તે વાત હવે અમે નજરે જોઈ છે તે કહીશું. યજ્ઞનો વિધિ જાણનારા હળવદના નિવાસી શંભુ શુકલ નામે વિપ્ર હતા તેમને તથા તે ગામના બીજા હરિભક્ત વિપ્રોને બોલાવ્યા. બોટાદ, રાણપુર, ચુડા, લીંબડી, વઢવાણ, શિયાણી, લખતર, મેંથાણ, ધ્રાંગધ્રા, શિહોર, મોરબી, વાંકાનેર, સાયલા, મુળી, સુદામડા, જસદણ, બાબરા, લાઠી, ગઢપુર, સરધાર, રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉના, મહુવા, ભાવનગર, પાલીતાણા, તળાજા, વળા, પછેગામ, કુંડલા, રાજુલા, ઉમરાળા, બરવાળા, ધોલેરા, ગાંફ તથા શ્રીનગરના અપાર વિપ્રો આવ્યા. પુરની પશ્ચિમ બાજુ ચોકમાં ત્રણ દિવસ સુજધી બ્રાહ્મણ જમાડ્યા. અશ્વ ઉપર બેસી ધર્મકુમાર શ્રીહરિ નિત્ય એક વખત ખબર લેતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૪૪)

■ હવે સ્વામી ભાલપ્રદેશના ભક્તોની નોંધ લેતા 'શ્રી ભક્ત ચિંતામણી' ગ્રંથમાં લખે છે :

**દાદો ચારણ શેઠ ઠાકરશી, ભજ્યા હરિ ગોરાસામાં વસી;**
**દ્વિજ રૂગનાથ ને ત્રિકમ, જગજીવન પુરુષોત્તમ. ૬**
**દ્વિજ ભક્ત કહીએ મયારામ, એહ આદિ ભડિયાદ ગામ;**
**ક્ષત્રિ ભક્ત એક રૂપોભાઈ, કાજુ જન કાદિપુરમાંઈ. ૭**
**વિપ્ર વસતો જગો ઓધવજી, હિરજી પુંજો શામો ને નાથજી;**
**દ્વિજ રળિયાત ગલાલબાઈ, ક્ષત્રિ હઠિ હરિ અજુભાઈ. ૮**
**કણબી ભક્ત હરજી લવજી, રણછોડ ને સોની હેમજી;**
**ભક્ત માવ છે એક બારોટ, પ્રેમી ભક્ત માવો પરિયટ. ૯**
**એહ આદિ ભક્ત બાઈભાઈ, સારા સતસંગી ગાંફમાંઈ;**
**ક્ષત્રિ ભક્ત દાદો દેશળજી, દેવબાયે લીધા હરિ ભજી. ૧૦**

દેવજાતિ ભક્ત દાદોભાઈ, એહ આદિ તે પિપલિમાંઈ;
દેવજાતિ ભક્ત ખીમરાજ, આવરદાસે કર્યું નિજકાજ. ૧૧
ભક્ત સેસો વણાર ને પ્રાગ, હઠી ડોસે કર્યો કુસંગ ત્યાગ;
કોળી ભક્ત વાંસો અજોભાઈ, વાઘા વસતાદિ ભક્ત કેવાઈ. ૧૨
દેવજાતિ એક જીજીબાઈ, કહીએ ભક્ત કમિયાળામાંઈ;
દ્વિજ ભક્ત ઓદ્ધવજી કહીએ, હરિભાઈ પીતાંબર લહીએ. ૧૩
પુરુષોત્તમ નાનજી નામ, જેઠો જાદવજી પ્રભુરામ;
મેઘજી આદિ ભક્ત છે ભાઈ, દ્વિજ ભક્ત એક ભાણિબાઈ. ૧૪
કણબી ભક્ત જેરાજ દેવજી, પચ્છમમાં લુવાર ભાઈજી;
ક્ષત્રિ રૂગનાથજી હરિજન, કરે ફેદરે હરિભજન. ૧૫
દ્વિજ નારાયણજી જેઠો જન, ક્ષત્રિ ગજોજી એ છે પાવન;
એહ આદિક ભક્ત ભણિએ, ખરા જન ખસતે ગણિયે. ૧૬
ગજો વિસો રવો છે ગઢવી, દેવુબાઈને ભગતિ ભાવી;
ક્ષત્રિભક્તકાકોભાઈ કહીએ, માનોભાઈ હઠિભાઈ લહીએ. ૧૭
જાઈભાઈ દુદોભાઈ જન, ભક્ત મશરુ આદિ પાવન;
દ્વિજ ભક્ત ભગો શિવરામ, કણબી રગનાથ રોજકે ગામ. ૧૮
ક્ષત્રિ સુજોજી નાથોજી નામ, ચારણ જેઠો બનુબા અકામ;
ભક્ત ભીમ ને આસો સુતાર, ખરા ભક્ત ખરડ્ય મોઝાર. ૧૯
ચોકડિયે હરખો હરિજન, કોળી કુળે સહિત પાવન;
ક્ષત્રિ ભક્ત ખેતોજી જામોજી, રૂડા રાજોભાઈ ને ખોડોજી. ૨૦
હોથીભાઈ નાનજીભાઈ જાણો, શેઠ જેઠો ગગો પરમાણો;
દ્વિજ હરિશંકર અંબારામ, એહાદિ જન ઝિંઝર ગામ. ૨૧
શેઠ વજો ને નરસૈદાસ, ધનો સુતાર ધંધુકે વાસ;
ક્ષત્રિ ભક્ત મુલુ ભીમ જાણ, કણબી જેઠો સુતાર પંચાણ. ૨૨
દ્વિજવીરોદલોદાજીકહીએ,આણંદાદિભક્તદ્વિજલહીએ;
ભક્ત કુબેર બેચર સોની, ખડોલમાં રેણાક એહુની. ૨૩
ભક્ત ભાટ છે વખતો નામ, રૂડો ભક્ત છે રાયકે ગામ;
દ્વિજ ભક્ત છે તુલજારામ, બાઈ ગલાલ અડવાલ્ય ગામ. ૨૪
હરિભક્ત છે દ્વિજ બેચર, ભજે પ્રભુ રહે રંગપર;
ક્ષત્રિ હલુભાઈ હરિજન, ભક્ત જમાલપર પાવન. ૨૫

ક્ષત્રિ રયો મેઘો અરજણ, વાઘો જેસંગ ભીમ સુજાણ;
કમો હરખો ને વશરામ, દ્વિજ કુબેર ગાંગજી નામ. ૨૬
ચારણ ભક્ત ભાવિ ભગવાન, જન રતનજી ને આયદાન;
સોની કૃષ્ણાદિ ભક્ત કહેવાય, વસે ગામ તે બળોલ્ય માંય. ૨૭
સોની ભક્ત ગોકુલ હડાળે, દ્વિજ કેશવજી વ્રત પાળે;
દ્વિજ ભક્ત છે હરજીવન, કોળી નાનજી ભક્ત પાવન. ૨૮
ચારણ અજો રહે બગોદરે, ભલિ ભક્તિ પ્રભુજીની કરે;
ભક્ત ભાટ આધાર છે રૂડો, ગજો ગોરો ખરો જન ખોડો. ૨૯
ખત્રિ ભક્ત ચેલો નથુભાઈ, કૃષ્ણ સઈ જવારદ માંઈ;
દેવજાતિ ભક્ત મઘુબાઈ, દ્વિજ મેઘજી સરગવાળા માંઈ. ૩૦
ભક્ત ભરવાડ સગરામ, સારો ભક્ત એ સમાણિ ગામ;
હરિભક્ત સોની હીરો એક, નથુ દેવચંદ દો વણિક. ૩૧
દ્વિજ માદેવ દયાળ કાનો, નથુ ખત્રિ બોરુમાંહિ માનો;
રાઘવજી પીતાંબરભાઈ, શા મોરાર મોટિ બોરુ માંઈ. ૩૨
કાશીદાસ ને કૃષ્ણ વણિક, ક્ષત્રિ ભક્ત ભાઈજી છે એક;
કહીએ ભક્ત તે કૃષ્ણ સુતાર, વસે જન જાખડા મોઝાર. ૩૩
હરિભક્ત ભલુજી ચારણ, ક્ષત્રિ તેજો પથો વટાંમણ;
ક્ષત્રિ ભક્ત સુજોજી બાદર, ખોડો જેઠિ અલુ ઉજાગર. ૩૪
દ્વિજ ભગવાન વલ્લભ નામ, જગજીવન ને રાજારામ;
સોની ભક્ત છે ભૂખણભાઈ, હરિજન એક જીવીબાઈ. ૩૫
ભક્ત વોરો અશમાલ એક, વસે કઉકે ન મૂકે ટેક;
ભક્ત ભાટ છે રાઈજી નામ, વસે દાસ પિસાવાડે ગામ. ૩૬
ક્ષત્રિ ભક્ત નાથો ને સજાણ, ભનો રાજો વેજલકે જાણ;
ક્ષત્રિભક્તગોપાલજીકહીએ,ભીમજીનેપથોભાઈલહીએ. ૩૭
હીરો હરભમ ભગવાન, વર્સો બાદર રૂપો નિદાન;
એહ આદિ ક્ષત્રિ બહુ ભાઈ, હર્જીબા અજુબા અંબાબાઈ. ૩૮
દ્વિજ પુરુષોત્તમ વજેરામ, ભક્ત ચારણ બાપુજી નામ;
ઠાર બેચર ગણેશ લુવાર, એહ આદિ તે કોઠ્ય મોઝાર. ૩૯
કણબી ભક્ત હરજી કહેવાય, ભજે હરિ વાલથેરામાંય;
દ્વિજ ભક્ત નારણજી નામ, રેવાશંકર સેવકરામ. ૪૦

મહાશંકર ભક્ત ભાણજી, શિવબાઈએ લીધા હરિ ભજી;
અવલ પુતલિબાઈ વણિક, ભજ્યા હરિ વજે ગ્રહિ ટેક. ૪૧
એહ આદિ બાઈ ભાઈ કંઈ, ભજે પ્રભુ ધોળકામાં રઈ;
દેવજાતિ કહીએ ડોસોભાઈ, વસે ભક્ત તે વાસણામાંઈ. ૪૨
કણબી જીતબાઈ હરિજન, ગામ ચરોડે ભક્ત પાવન;
કણબી ભક્ત કાશીદાસ નામ, વસે દાસ કાશીદરે ગામ. ૪૩
ક્ષત્રિ ભક્ત મોટા મોડભાઈ, વસે ગામ મોડાસરમાંઈ;
શેઠ કલ્યાણ ખોડો ભગત, અવલ વિછિયાવ્યે મુગત. ૪૪
ક્ષત્રિ નથુ નારાયણ જીજી, ગામ સાણંદમાં ભક્ત મૂળજી;
ક્ષત્રિ બાપુ તેજો જેઠિભાઈ, મોટાં ભક્ત ફઈબા ને બાઈ. ૪૫
ફુલિબા ફુલજીબા ને ગલી, દ્વિજ રાઈ નાથી ને અવલી;
રાજબાઈ દ્વિજ જીવરામ, ચારણ ભક્ત હીરબાઈ નામ. ૪૬
ભરવાડ ભક્ત એક લાલો, જેને લાગ્યો સતસંગ વ્હાલો;
રંગા મૈયારિ જવન સલામ, એહાદિ જન મછિયાવ્ય ગામ. ૪૭
ક્ષત્રિ ભક્ત જીવોજી અલુજી, ઘોડદી કાંધોજી ને દલુજી;
દાસ કલ્યાણ ને હીરબાઈ, બેચર લુવાર દદુકામાંઈ. ૪૮
ભક્ત સુતાર કલો અમલ, કોળી ગણેશ ભક્ત રહે થલ;
વનો દાસ દયાળ સોનાર, કોળી કલુ ધોલેરા મોઝાર. ૪૯
ભક્તલુવાણોરણછોડનામે,ક્ષત્રિવરસોજીડુભાલિગામે;
એક પુંજો સોની હરિજન, ભજે ઝાંપ્યા ગામે ભગવન. ૫૦
ભક્ત વણિક હરજીવન, કરે મોરાર હરિભજન;
હરિભક્ત કોળી રામબાઈ, એહ આદિ બદલાણામાંઈ. ૫૧
ભક્ત એક દ્વિજ નંદરામ, ભજે હરિ રહે મિટાલ્ય ગામ;
ક્ષત્રિ ભક્ત કસિયોજી કહિયે, વેજો સાદુલ ગોકળિ લહિયે. ૫૨
શેઠ નાથાદિ જન સુંદર, કાજુ ભક્ત રહે કામોતર;
સારા ભક્ત છે શિયાલ માંઈ, શેઠ માધો લાધો ઘેલોભાઈ. ૫૩
જેઠા અદિ વણિક ઉદાર, જેણે રાજી કિધા છે મોરાર;
ક્ષત્રિ રતનજી જેસો વળી, રૂપો વરજાંગ છે ગોકળી. ૫૪
એહાદિ ભક્ત બીજા છે બહુ, વસે ગામ શિયાલ્યમાં સહુ;
ઘણા દેશ ઘણાં ગામ નામ, ભજી હરિ પામ્યા પરમ ધામ. ૫૫

**હરિજનનાં નામ અપાર, એક જીભે ન હોય ઉચ્ચાર;**
**કહિ કહિ કિયાં લગી કહીએ, અપારનો પાર કેમ લહીએ. ૫૬**
**પૂર્વછાયો : અપાર જીવ ઓધરે, જિયાં પ્રકટ પુરુષોત્તમ;**
**કવિ કેમ કથી શકે, જેને નેતિ કહે નિગમ. ૫૭**
**હરિ હરિજન જશ ગાતાં, પતિત પાવન થાય;**
**સુણતાં જશ શ્રવણે, વળી કોટી કર્મ કપાય. ૫૮**
**કાન પવિત્ર જે કથા સુણતાં, જિભ્ભા પવત્ર ગાતાં જે જશ;**
**એવો કોણ અભાગિયો, કહેતાં સુણતાં કરે આળસ. ૫૯**
**માટે વિચારી મનમાં, કર્યો આદર નામ ઉચ્ચાર;**
**સદમતિ સહુ સાંભળો, કહું નામ કાંઈક નિરધાર. ૬૦**

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે ભાલદેશના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને અઢારમું પ્રકરણમ્ ॥૧૧૮॥

■ ધોલેરાના ભક્તોની નોંધ લેતા નિષ્કુળાનંદ કાવ્ય ‘હરિવિચરણ’ ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

**ભાખું ગામ અબ ભાલકે, જ્યાં વિચરે હરિ આપ;**
**દૈ દૈ દરશન દાનકું, કિયેહે જન નિષ્પાપ. ૩૬**
**જૈસે ભક્ત હે ભાલમેં, તૈસે નહિ હે ક્યાંઈ;**
**સેવા કરન હરિ સંતકી, અતિ શ્રદ્ધા મનમાંઈ. ૩૭**
**પોલારપુરપરબડિપુન્યવંતા,જિયાંરયેરજનીભગવંતા;**
**ગામ ચોકડિમેં રાત રહેતે, સબ લોકકું દરશન દિયેતે. ૩૮**
**સાપરસારેખમિદાનાંગામા,જિયાંહરિકરેતેવિશરામા;**
**નાવડાગામકેભક્તહેનકિ,પ્રભુઆયેદેખિશ્રદ્ધાઈનકી. ૩૯**
**ગામ વાઢેલા લેકે લુનધરે,**
**પ્રભુ પધારેહે ગામ સાંગાસરે; ગામ ઓતારિયે આયે**
**અવિનાશી, ત્યાંસે આયે ધોલેરે સુખરાશી. ૪૦**

ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિવિરચિતે હરિવિચરણગ્રંથે તૃતીયો વિશ્રામઃ ॥૩॥

**ગામ ધોલેરે આયકે, દિયે સબકું દરશન;**
**નિરખી જન નિજનાથકું, મગન ભયે હે મન. ૧**
**ધન્યધન્ય ધોલેરા ગામ, જિયાં ભક્ત રહત નિષ્કામ;**

પંચ વ્રતપર પ્રીતહે ઘની, ગ્રહી ટેક ન તજે આપની. ૨
ઐસે ભક્ત દેખી ભગવંતા, ભયેહે રાજી આપે જ્યું અત્યંતા;
સતસંગી સબ દેખે શિરોમની, સંતકિ સેવામેં શ્રદ્ધા ઘની. ૩
ઐસે ભક્ત દેખી ભયે રાજી, બોલાયે ભક્ત ભાવિક પૂંજાજી;
સુનહો પૂજાજી પરમ વિવેકા, આંહિ મંદિર કરિયે કહું એકા. ૪
તામેં બૈઠાયે સુંદર મૂરતિ, જો તુમકું હોયે વાત એ ગમતિ;
તબ બોલ્યા પૂજાભાઈ હરિજન, અંતરજામી સ્વામિ ધન્યધન્ય. ૫
એહ ઘાટ હે હમરે હૈયે, સો તુમ કહે નાથ વિન કૈયે;
મનોરથ એ હે મેરા મનકા, કરી રાખે તે બોહોત દિનકા. ૬
એહ દેશમેં સંત ન ઠેરે, રહિકે રાત ચલત સવેરે;
જો કરો મંદિર આંહિ મહારાજા, તો રહે સબ સંતનકો સમાજા. ૭
યું કહિ જોરે સબે જુગ પાનિ, તબ બોલે પ્રભુજી સુખદાનિ;
સુનહું સતસંગી ભક્ત હમારે, કરિ હું મંદિર સુંદર સારે. ૮
ઐસે કહિ મંદિર કરાવ્યા, તામેં મદનમોહન પધરાવ્યા;
મદનમોહનજી બેઠાયે મંદિરમેં, કિયા એ કાજ મહારાજે અચિરમેં. ૯
મદનમોહન શોભત અતિઅતિ, પાસે બેઠાઈ આપકી મૂરતિ;
એતને કામ કરિકે મહારાજા, ચલે હે આપે રાજ અધિરાજા. ૧૦
ગામ ગોરાસે ગયે ગિરધારી, પિયે હે ત્યાં જઈ સુંદર વારિ;
સોઢિ આકરૂ કાદિપુર ભડિયાદે, આમલિ નવાગામ ભોલાદે. ૧૧
કમિતાલ કોઠડિયા સર્ગવાળા, રતનપુર ફેદરા રૂપાળા;
ઝિંઝર ગામે ગયે ગુનવંતા, સંગે સંઘ હતે બહુ સંતા. ૧૨
ગામ ખરડમેં આયેહે નાથ, બોત ઘૃતે જન જમાંયે નિજ હાથ;
ગામ ગાંફકે હે ભક્ત ઉદારા, ત્યાંતો પધારે પ્રભુ બહુવારા. ૧૩
પછમ ગામ પિપલિ કહતહે, ભલે ભક્ત તાહિમેં રહતહે;
કમિયાળાકિ કહું ક્યા બડાઈ, વેરમવેર જ્યાં આયે સુખદાઈ. ૧૪
ખસતા ખડોળ રોઝકે રયેહે, જસકા ગામ ધંધુકે ગયે હે;
ઐસે ભાલમેં ફિરે ભગવંતા, દઈ દરશ બહુ ઉદ્ધારે જંતા. ૧૫

■ ધોલેરા તેમજ ભાલપ્રદેશના હરિભક્તોનું વર્ણન કરતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં લખે છે :

"દરબાર દાદાભાઈ, પૂંજાભાઈ અને મનુભા, એ ભાલપ્રદેશના મુખ્ય

હરિભક્તો ગણાય. તેમાં દરબાર અજુભાઈના પુત્ર મનુભા, તે પોતાના ભાયાતોમાં ટિલાયત કહેવાતા. સત્સંગ તેમને થયેલો. તેમણે ઘણા મહિમાથી શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ તેમના મનોરથોને પૂર્ણ કર્યા. જેટલા દરબારો ચુડાસમા ભાયાતો કહેવાતા, તે બધા સારા સત્સંગી થયા હતા. તેમની બુદ્ધિ નિષ્પાપ હતી. દરેક સાધુ સ્વભાવવાળા હતા. કોઈના મનમાં કુટિલતા તો હતી જ નહિ. તેઓ કોઈના ઉપર દાવપેચ રાખતા નહિ. સ્વભાવે સરળ અને વિશ્વાસુ મનવાળા હતા. જગતમાં બીજા જે કુટિલ સ્વભાવના લોકો હતા તે પણ આ ચુડાસમા દરબારો આગળ નમતા રહેતા. તેમના ગામ અને ગરાસ ઘણા સારા હતા. તેમજ તેમને અનાજ પણ સહુથી વધારે પાકતું હતું.

કેટલાક કપટી કાઠી દરબારોએ વિશ્વાસમાં લઈને, ઉંદર જેમ ફૂંકીને ખાય તેમ અમુક ચુડાસમા દરબારોના ગરાસને હડપી લીધો હતો અને કેટલાકે પોતાનો ગરાસ કાઠી દરબારો પાસે ગીરો મૂક્યો હતો. જ્યારે ચુડાસમા દરબારોને સત્સંગ થયો. તે પછી કેટલાક ચેતી ગયા. અને જે ચેત્યા નહિ તેઓ દુઃખી થયા. લોકોને સુખની રીત જે શીખવે છે તે શ્રીહરિની કૃપા જ કહેવાય ને ? જેણે શ્રીહરિના વચનમાં વિશ્વાસ રાખ્યો તેના દુઃખોને, ત્રાસને શ્રીહરિએ નષ્ટ કર્યો.

ભાલપ્રદેશના જે ભક્તો આવ્યા તેમણે એક પછી એક, એમ પૂજા કરી. જેને જેવી સમજણ હતી તેણે તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. કેટલાકે ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને કેટલાકે વસ્ત્ર અને આભૂષણ ધરાવ્યાં. કેટલાકે તો વિવિધ પ્રકારના મેવા અને ફળ લાવીને એટલા ધરાવ્યા કે તેનો પાર રહ્યો નહિ. કેટલાક ભક્તો શેરડીના સાંઠા લાવતા. જે કાંઈ નવીન ચીજ (રકમ) દેખાય, જે વસ્તુ શ્રીહરિના ઉપયોગમાં આવે એવી હોય, તે લાવીને શ્રીહરિની આગળ ધરતા. હરિભક્તોને સુખ આપવા માટે શ્રીહરિ નવાં નવાં ચરિત્ર કરતા હતા. ભક્તો તેમની સાથે જેવું મન રાખીને વર્તન કરતા હતા. શ્રીહરિ તેમને તેવું સુખ આપતા હતા. હરિભક્તો શ્રીહરિની પૂજા કર્યા પછી મનથી ઘણાં જ રાજી થઈને સંતોની પૂજા પણ કરવા લાગ્યા.''

(પૂર : ૮, તરંગ - ૭૧)

ધોલેરા મંદિરના શિલ્પી વૈરાગ્યમૂર્તિ

# સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી



સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૨૨ મહા સુદ - ૫ના રોજ જામનગર જિલ્લાના શેખપાટ ગામે થયો હતો. પિતાનું રામજીભાઈ અને માતાનું નામ અમૃતબાઈ હતુ. જેઓ પહેલા લતીપુર ગામમાં રહેતા હતા. એમના ગુરુ શ્રી આત્માનંદ સ્વામી હતા. (જે રામાનંદ સ્વામીના પણ ગુરુ હતા.) જેમણે રામજીભાઈને આશીર્વાદ આપ્યા હતા કે, 'તમારા ઘેરે મહામુક્તનો જન્મ થશે.' એ જ ધોલેરા મંદિરના શિલ્પી નિર્માણકર્તા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી. સ્વામીનું પૂર્વાશ્રમનું નામ 'લાલજી' હતું.

સં. ૧૮૬૦માં ભગવાન શ્રીહરિએ શેખપાટમાં વસંતપંચમીનો ઉત્સવ કરીને કચ્છ જવા લાલજી સુથારને ભોમિયા તરીકે સાથે લીધા. રસ્તામાં આધોઈ ગામે (જે ગામ સ્વામીના પૂર્વાશ્રમના સસરાનું ગામ હતું.) ભગવાન શ્રીહરિએ લાલજીને સાધુ દીક્ષા આપીને 'નિષ્કુળાનંદ' નામ ધારણ કરાવ્યું. ત્યારથી લાલજી સુથાર સંપ્રદાયમાં નિષ્કુળાનંદ સ્વામી નામથી પ્રસિદ્ધ થયા.

ગઢડામાં શ્રી ગોપીનાથજી મહારાજ પધરાવી શ્રીજીમહારાજે ગઢપુરની મહંતાઈ નિષ્કુળાનંદ સ્વામીને આપવાનું નક્કી કર્યું. તે વાતની સ્વામીને ખબર પડતાં તેઓ વહેલી સવારે ઊઠી ગઢાળી ચાલ્યા ગયા. બાદમાં ભગવાન શ્રીહરિને ખબર પડતાં મહારાજે સ્વામીના નિઃસ્પૃહીપણાના વખાણ કર્યા અને સ્વામીને પાછા ગઢપુર તેડાવ્યા ત્યારે સ્વામી પાછા આવ્યા પણ સ્વામીએ મહંતાઈ ન લીધી એવા તેઓ નિઃસ્પૃહી હતા.

નિઃસ્પૃહી જીવન જીવનાર નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના જીવનમાં નિઃસ્વાદી વર્તમાન પણ એટલું દૃઢપણે રાખેલું. એકવખત સ્વામી સત્સંગ પ્રચારાર્થે ચાર માસ વડોદરા રોકાયા હતા. તે વખતે ત્યાંના પ્રેમીભક્તો તે દરમ્યાન ભાવથી સંતોને જુદી જુદી રસોઈઓ આપીને જમાડતા. આ મેવા-મિષ્ટાન્નથી સ્વામી એક માસમાં જ અકળાઈ ગયા ને તુરત તેઓ વડોદરા છોડીને ચાલી નીકળ્યા હતા.

ભગવાન શ્રીહરિના સમયમાં ધોલેરા પંથકમાં રહેવું ઘણું મુશ્કેલીભર્યું હતું. ત્યાં રહેવાથી માંદા પડી જવાય એ ભયથી કોઈ ત્યાં જવા તૈયાર થતું નહીં. તે

વખતે શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને ત્યાં જવાની આજ્ઞા કરી તે સ્વામીએ વિના સંકોચે શિરે ચડાવીને ધોલેરા આવીને રહ્યા હતા.

એકવખત ભગવાન શ્રીહરિ કારિયાણી ગામે બિરાજમાન હતા. તે સમયમાં નિષ્કુળાનંદ સ્વામી ભગવાન શ્રીહરિને સ્નાન કરવા માટે કૂવાને કાંઠે જળ ભરવાની કુંડી ચણાવીને તેને લીંપવાનું કામ કરી રહ્યા હતા. તે દિવસોમાં ગોપાળાનંદ સ્વામી વડોદરાથી આવ્યા ને શ્રીજીમહારાજના દર્શન કર્યાં. ભગવાન શ્રીહરિએ આદરપૂર્વક પોતાની પાસે બેસાડી ગોપાળાનંદ સ્વામીને કહ્યું : “સ્વામી ! મુક્તો સહિત બ્રહ્મધામમાંથી આપણે અહીં આવ્યા ત્યારે આપણો ઉદ્દેશ હતો કે પૃથ્વી પરના મુમુક્ષુજીવોને નિર્વાસનિક અને બ્રહ્મરૂપ કરીને બ્રહ્મધામમાં પહોંચાડવા. આપણા એ ઉદ્દેશનું સ્મરણ તમોને છે ?” ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે : “હા મહારાજ ! તેનું સ્મરણ મને બરાબર છે જ.” ભગવાન શ્રીહરિ અને સ્વામીની આ બધી વાતો સાંભળીને નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : “ભુજમાં રામાનંદ સ્વામીએ મને જે વાત કહી હતી તે આજે યથાર્થ સમજાણી.”

નિષ્કુળાનંદ સ્વામી પોતે વૈરાગ્યપૂર્તિ હોવા છતાં સ્વામીએ પોતાના પદ્યસાહિત્યમાં શૃંગારરસ, કરુણરસ વગેરેથી સભર એવાં સુંદર કીર્તનોની રચના કરીને કવિત્વ શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. તદુપરાંત સ્વામીએ સાહિત્યનિર્માણમાં ભક્તચિંતામણી આદિક ૨૩ જેટલા ગ્રંથોની રચના કરીને સંપ્રદાયને બેનમૂન સાહિત્યની ભેટ ધરી છે.

સાહિત્યનિર્માણની માફક સ્વામીએ મંદિરનિર્માણ કાર્યમાં પણ એટલું જ મહત્ત્વનું યોગદાન આપેલ છે. વડતાલ મંદિરના નિર્માણકાર્યમાં ત્રણ શિખરમાંથી એક શિખરનો પાયો બ્રહ્માનંદ સ્વામીએ અને અન્ય બે શિખરના પાયા નિત્યાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીએ ખોદાવીને પૂરાવીને તૈયાર કરાવ્યા હતા. ગઢપુરમંદિરના નિર્માણકાર્યમાં પણ સ્વામીએ મહત્ત્વની સેવા કરેલ છે. તેમજ ધોલેરા મંદિરનું નિર્માણકાર્ય તો સ્વામીએ સ્વયં શિલ્પી તરીકે રહીને મંદિરના દરેક બાંધકામનું કાર્ય પોતાની દેખરેખ નીચે કરાવ્યું છે.

ઉત્તમ કવિત્વ શક્તિ ધરાવનાર નિષ્કુળાનંદ સ્વામી શ્રેષ્ઠ શિલ્પકાર તેમજ કુશળ કારીગર હતા. વડતાલમાં ભગવાન શ્રીહરિને ઝુલાવવા માટે સ્વામીએ બનાવેલો બાર બારણાનો હીંડોળો તથા ધોલેરા મંદિરમાં એક જ પથ્થરમાંથી બનાવેલી મંદિરના દ્વારની કમાન તથા સદ્‌ગુરુવર્ય રામાનંદ સ્વામીએ જ્યારે શ્રીજીમહારાજને ધર્મધુરા સોંપી તે સમે સ્વામીએ પોતે પોતાના હાથથી બનાવેલી


અને ભગવાન શ્રીહરિને અર્પણ કરેલી ઉત્તમ કારીગીરીવાળી પેટી એ સ્વામીની કુશળ કારીગરીના શ્રેષ્ઠ નમૂનાઓ છે.

આત્માનંદ સ્વામી, રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી આ રીતે ગુરુ, પરમગુરુ અને પરમેષ્ટી ગુરુ એ સર્વના કૃપાપાત્ર નિષ્કુળાનંદ સ્વામીની પ્રશંસા કરતાં શ્રીજીમહારાજ સ્વયં વચનામૃતમાં કહે છે : "જેમ મયારામ ભટ્ટ તથા આ મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે તેને સ્ત્રી ધનાદિક પદાર્થનો જોગ થાય તો પણ એ ડગે નહીં." (ગ.અં.પ્ર. ૨૬)

આ રીતે જેના હૃદયમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા ભરપૂર રહેલો છે એવા વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી ચિર સ્મરણીય, અનેકાનેક ભગવત્પ્રસન્નતાના કાર્યો કરીને સં. ૧૯૦૪ના અષાઢ વદ ૪ (તા. ૨૭-૭-૧૮૪૮, ગુરુવાર)ના રોજ ધોલેરા મંદિરમાં ધામમાં સિધાવ્યા હતા. જ્યાં સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો. ત્યાં હાલ છત્રી કરવામાં આવી છે. બાજુમાં શ્રી હિંગળાજીયા હનુમાનજી બિરાજે છે.

ધોલેરા મંદિરના પ્રથમ મહંત

## સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી



સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીનો જન્મ સં. ૧૮૩૯માં સુરેન્દ્રનગર જિલ્લાના કડુ ગામે થયો હતો. પિતાનું નામ સંઘા પટેલ અને માતાનું નામ દેવુબાઈ હતું. સ્વામીનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણદાસ હતું. તેમને વજુભાઈ, વિઠ્ઠલભાઈ અને કુબેરદાસ આમ અન્ય ત્રણ ભાઈઓ હતા. આ તમામ બાળકોને દેવુબાઈએ નાનપણથી જ સત્સંગના સંસ્કાર પાઈ દીધા હતા. કલ્યાણદાસ થોડા મોટા થયા એટલે બહુધા મામા અજા પટેલને ઘેર મેથાણમાં રહેતું. તેથી સંતોનો યોગ અવાર-નવાર થતો રહેતો.

ભગવાન શ્રીહરિએ ભાદરા ગામથી પત્ર લખીને શ્રીમંત સદ્‌ગૃહસ્થોને સાધુ થવાની આજ્ઞા કરેલી. ત્યારે કલ્યાણદાસ પોતે વિવાહમંડપમાં લગ્નની ચોરીએ હતા ત્યારે કારિયાણી, લોયા વગેરે ૧૮ ગામના ગામધણી શ્રીજીમહારાજના આદેશપત્રથી સાધુદીક્ષા લઈ નીકળેલા. કલ્યાણદાસના મામા અજાપટેલ તેમણે

પણ ભગવાન શ્રીહરિનો પત્ર વાંચી સાધુનો વેશ લીધો અને મંડળ સાથે ચાલી નીકળ્યા. આ સમાચાર કલ્યાણદાસને મળ્યા. તેમણે પત્ર વાંચ્યો તો તેમાં માંચાખાચાર, સુરાખાચર અને અજા પટેલ વગેરે આગેવાનોના નામો લખી પછી છેલ્લે લખ્યું હતું કે, 'એ આદિક હરિભક્તો આ પત્ર મળે એટલે તરત જ ઘરબાર છોડી પરમહંસ થઈ કાશીની યાત્રાએ ચાલી નીકળજો. તેમાં અમારો ઘણો જ રાજીપો છે. લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ.'

આટલું વાંચતા જ કલ્યાણદાસ બોલ્યા : "મામા ! આમાં તો મારું પણ નામ છે, માટે ચાલો હું પણ આવું છું." "પણ ક્યાં છે તારું નામ ?" "મામા ! આ 'આદિક' લખ્યું છે તેમાં મહારાજને કોઈકને તો બોલાવવા જ હશે ને ! એમાં હું આવી ગયો." એમ કહી મીંઢળબંધા કલ્યાણદાસ પોતાના મામા સાથે સાધુ થવા ચાલી નીકળ્યા હતા. કલ્યાણદાસને સાધુ થવાનો ખપ અને તેમનું અદ્‌ભુત કાર્ય જોઈ શ્રીજીમહારાજે તેમને સાધુદીક્ષા આપીને 'અદ્‌ભુતાનંદ' નામ ધારણ કરાવ્યું હતું તે જ આ ધોલેરા મંદિરના નિર્માણમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને સાથ આપનાર ધોલેરા મંદિરના પ્રથમ મહંત સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી.

એકવખત શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી વગેરે ૨૦ સંતોની સાથે અદ્‌ભુતાનંદ સ્વામીને જેતલપુરમાં ભણવા મોકલ્યા હતા. ત્યાં સેવા કરનાર ચૈતન્યાનંદ સ્વામી માંદા થઈ ગયા. તેથી છ મહિના સુધી ભણતરની સાથે પોતાના પગમાં વાળો (એક પ્રકારનો રોગ) નીકળ્યો હતો છતાં અદ્‌ભુતાનંદ સ્વામીએ સર્વે સંતો માટે કાવડ લઈને ભિક્ષા માગવાની સેવા કરી હતી. તેથી ભગવાન શ્રીહરિ અને સંતોની કૃપાથી તે રોગ આપોઆપ મટી ગયો હતો.

ત્યારબાદ એકવાર ૧૫૦ સંતો સાથે મુક્તાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ સુરત મોકલ્યા હતા. તે સમયે સુરતમાં મહારોગચાળો ફાટ્યો હતો. તેમાં ઘણા બધા સંતો પણ માંદા થઈ ગયા. ત્યારે સેવામાં અત્યંત શ્રદ્ધાવાળા અદ્‌ભુતાનંદ સ્વામી રાત-દિવસ સેવામાં લાગી ગયા. માંદા સંતોને ગરમ પાણીથી નવડાવે, ધોતિયા ધોઈ આપે, હાથ-પગ-માથું દાબે અને જેમને જેવું રુચતું હોય તેવું રાબ-રોટલો વગેરે ગામમાંથી માગી લાવીને પ્રેમથી જમાડે. એટલા ઝાઝા સંતો માંદા હતા કે પોતાને ખાવા-સૂવાનો પણ સમય ન મળે તોપણ સ્વામી અતિ મહિમાથી સેવા કરતા. તેથી સર્વ સંતો અને ભગવાન શ્રીહરિ અદ્‌ભુતાનંદ સ્વામી ઉપર અંતરથી રાજી થયા હતા.

એકવખત સ્વામીને ગઢડામાં તાવ આવતો હતો. તેથી પોતે લક્ષ્મીવાડીમાં

આરામ કરતા. મહારાજના દર્શન-સ્પર્શાદિકની ઈચ્છા બહુ રહેતી હોવાથી શરીરે થોડું સારું થાય એટલે તરત દરબારગઢમાં આવી તે લાભ લઈ લે. એકદિવસ મહારાજ સંતોની પંક્તિમાં પીરસતા હતા. ભવબ્રહ્માદિકને દુર્લભ એવી પ્રગટ પુરુષોત્તમ ભગવાનના હાથની પ્રસાદી જમવાની સ્વામીને ઈચ્છા થઈ, પણ બીમાર હોવાથી બેઠા નહીં. એમ સતત ચાર દિવસ ગયા. ત્યારે પાંચમે દિવસ દેહની પીડા નહિ ગણીને પણ દિવ્ય પ્રસાદી લેવા પંક્તિમાં બેસી ગયા.

ભગવાન શ્રીહરિએ પ્રથમ ચાર લાડુ આપ્યા. પછી બે આપ્યા. ત્રીજીવાર સ્વામીએ ના પાડી તોય મહારાજે બે લાડુ આપ્યા. પછી ચોથી વારે બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપવાની મહારાજે લહાણી કરી એટલે સ્વામીએ બે લાડુ લીધા. કુલ ૧૦ લાડુ જમી ગયા. પછી પાંચમી વખતે મહારાજે કહ્યું : ‘‘આ માંદો હવે એક લે તો તેને બે ચરણારવિંદ આપું.’’ ત્યારે સ્વામીએ તરત એક લાડુ લીધો. પછી છઠ્ઠી વખતે કહ્યું : ‘‘હવે એક લાડુ લે તો બે ચરણારવિંદ અને બે હાથ માથે મૂકવા.’’ તે રાજીપાના લોભે સ્વામીએ તો બારમો લાડુ પણ લીધો ને જમી ગયા. પછી ભગવાન શ્રીહરિએ તેમના માથે એક-એક ચરણ વારાફરતી મૂક્યો અને હાથ એંઠા હોવાથી ધોયા પછી મૂકીશું એમ કહ્યું. ત્યારે સ્વામી કહે : ‘‘મહારાજ! ધર્મના કામમાં ઢીલ નહિ, એંઠા જ મૂકો.’’ પછી મહારાજે ઘીવાળા બંને હાથ માથે મૂક્યા તેથી સ્વામીને બહુ જ આનંદ થયો. તેમને આવો મહિમા તથા પ્રીતિ છે તે જોઈને ભગવાન શ્રીહરિ તથા સર્વ સંતો પણ બહુ રાજી થયા.

ભગવાન શ્રીહરિને ધોલેરામાં મંદિર બાંધવું હતું, પણ ત્યાં બહુ પ્રકારની મુશ્કેલી હોવાથી કોઈ ત્યાંના મહંત બનવા તૈયાર નો’તા થતા. ત્યારે અદ્ભુતાનંદ સ્વામી માંદા હતા છતાં મહારાજની મરજી જોઈને તરત હા પાડી. તો શ્રીજીમહારાજ અત્યંત રાજી થયા. પછી પોતાની પૂજાના શાલિગ્રામ, માથે બાંધેલું મોળિયું તથા ટોપી અને બુરાનપુરી શેલું આ બધું જ પ્રસાદી તરીકે પ્રસન્ન થઈ મહારાજે આપ્યું. પછી ધોલેરા મંદિરમાં રહી ખૂબ સેવા કરવા લાગ્યા ત્યારે પાણીની ખૂબ તાણ રહેતી. આ દુઃખથી મુક્ત કરવા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ પોતાની ગાડી, તેને જોડવાના ગાંડો અને પારેવો નામના બે બળદ અને વાલજી નામનો ખેડૂત આપ્યા હતા.

(આ વાતનો વિસ્તાર અદ્ભુતાનંદ સ્વામીની વાતો નં. ૧૫૫માં આપેલ છે.)

અદ્ભુતાનંદ સ્વામીએ સેવાકાર્યની સાથોસાથ સત્સંગ પ્રચારનું કાર્ય પણ કરેલું. સ્વામીએ ચરોતર પ્રદેશ, કચ્છ પ્રદેશ, કાનમ પ્રદેશ અને નર્મદા કિનારાના

ભદામ વગેરે ગામોમાં મુમુક્ષુ જીવાત્માઓને ભગવાન શ્રીહરિના સ્વરૂપની ઓળખાણ કરાવી સત્સંગના પીયુષ પાયા હતા. તદુપરાંત વિજાપુરના વજીબાને તથા બોટાદના હમીરખાચરને પણ સત્સંગ કરાવ્યો હતો.

અદ્‌ભુતાનંદ સ્વામીએ ભાલપ્રદેશના અનેક ગામડાઓમાં પણ સત્સંગ કરાવી મુમુક્ષુઓને મોક્ષભાગી કર્યા હતા. ધોલેરામાં મંદિરનિર્માણ કાર્યમાં સ્વામીનો અવિસ્મરણીય ફાળો રહ્યો છે. ગઢપુર મંદિરના બાંધકામમાં પણ ભગવાન શ્રીહરિએ સ્વામીને આગેવાન કર્યા હતા. આમ, મંદિર નિર્માણ કાર્યમાં પણ અદ્‌ભુતાનંદ સ્વામીએ પોતાનું યોગદાન આપેલું છે.

આ અદ્‌ભુતાનંદ સ્વામીનું સવિસ્તાર જીવનદર્શન 'સંપ્રદાયના બ્રહ્મનિષ્ઠ સંતો' તથા 'અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો' વગેરે ગ્રંથોમાં સવિશેષ પ્રસિદ્ધ થયેલ છે, જે સત્સંગમાં સુપ્રસિદ્ધ પણ છે.

આ રીતે સત્સંગ અને સેવાકાર્ય દ્વારા અદ્‌ભુત જીવન જીવનાર સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી સં. ૧૯૩૯ કાર્તિક સુદ ૪ના રોજ ૧૦૦ વર્ષની ઉંમરે વડતાલમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિની સેવામાં સિધાવ્યા હતા.

ધોલેરા મંદિરના નિર્માણકાર્યમાં અગ્રગણ્ય સેવાનિષ્ઠ સંત

## સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામી



જામનગર રાજવંશમાં લાખાજી થયા. તેમને ચાર પુત્ર હતા. (૧) મોકાજી (૨) વિભાજી (૩) નારાયણજી અને (૪) હકાજી. તેમાં ત્રીજા પુત્ર નારાયણજીને પાંચ પુત્રો હતા. (૧) સુમરાજી (૨) અબડાજી (૩) રાણાજી (૪) અમરાજી અને (૫) અલિયાજી. તેમાં મોટા પુત્ર સુમરાજીને બે પુત્ર હતા. (૨) રણમલજી અને (૨) નારાયણજી. તેમાં રણમલજીને એક પુત્ર ડોસાજી થયા. આ ડોસાજીના લગ્ન ધોળકાની બાજુમાં દાઢા ગામના વાઢેર ભાઈજીભાઈની દીકરી બાઈ રાજબા સાથે થયા હતા. આ બંને દંપતિ રાજના વારસદાર હોવા છતાં નાનપણથી જ ભક્તિમય જીવન જીવતાં હતા. તેમને બે પુત્ર થયા હતા. તેમાં સં. ૧૭૯૮માં મોટા પુત્રનો જન્મ થયો હતો. તેમનું નામ ઉદેસિંહ ઉર્ફે અભયસિંહ હતું. અને એ જ આપણા ધોલેરા મંદિરના અગ્રગણ્ય સેવાનિષ્ઠ સંત સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામી થયા.

ભાઈ આત્માનંદ સ્વામીનો જન્મ જામનગર જિલ્લાનું નાના લાખાણી ગામે થયો હતો. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ પધાર્યા છે તેથી આ ગામ પ્રસાદીનું છે.

સ્વામી કહેતા કે, "હું ચાલીસ વર્ષ ઘેર રહ્યો, ૨૦ વર્ષ તીર્થયાત્રા કરી સંતસમાગમ, સાધના વગેરે કર્યું. અને સં. ૧૮૫૯માં મેઘપુર ગામમાં સર્વપ્રથમ ભગવાન શ્રીહરિના દર્શન થયા હતા." પ્રથમ દર્શને અંતરમાં ભક્તિના પૂર ઊમટ્યા. આશરે ૬૦ વર્ષની ઉમરે પહોંચેલા અભયસિંહે વીસ વર્ષના યુવાન સહજાનંદ સ્વામીના ચરણોમાં પોતાની જાતને સમર્પિત કરી. તેમના હૈયે પ્રથમ મિલનમાં જ હા પડી ગઈ કે આ ભગવાન છે. એટલે તેમણે ભગવાન શ્રીહરિને પોતાને દીક્ષા આપવાની વિનંતિ કરી. મહારાજે તેમને ત્યાં જ દીક્ષા આપી અને 'આત્માનંદ સ્વામી' નામ પાડ્યું.

સં. ૧૮૬૨માં ધોરાજીમાં હુતાશનીનો સમૈયો કરવાનું નક્કી થયું. તેથી સંતો ત્યાં તૈયારી માટે પધાર્યા. પછી મહારાજ જેતપુર, સાંકળી થઈ ધોરાજી પધાર્યા. પછી સંતો આવે છે એવું સાંભળીને શ્રીજીમહારાજ તેમની સામે ગયા ને ભાદર નદીના કિનારે ભેળા થયા. સામેથી સંતોને આવતા જોઈને ભગવાન શ્રીહરિ ઘોડેથી ઊતર્યા ને સર્વે સંતોને ભાવથી ભેટ્યા. પછી સંતોએ કહ્યું : "હે મહારાજ ! ઘોડે બેસો." એટલે મહારાજ કહે : "પગ અકડાઈ ગયા છે તેથી પગપાળા ચાલશું."

પછી ભગવાન શ્રીહરિ સંતો સાથે ચાલ્યા ત્યારે રસ્તામાં આત્માનંદ સ્વામી પ્રત્યે બોલ્યા : "હે સ્વામી ! આ સમે સત્સંગનું કામ ભારે છે. જેમ કોઈ મોટો શાહુકાર હોય તે માલ ખરીદવા મોટું જહાજ લઈને પરદેશ જાય છે ને તેને ઊંડા પાણીમાં ઊભું રાખી હોડીએ કરીને ઊતરીને કાંઠે આવે. પછી સમુદ્રના કિનારાના મોટા શહેરો હોય તેમાંથી માલ ખરીદે. તેમાં પ્રથમ સારો માલ લે, ને તેથી જહાજ ન ભરાય તો તેથી ઊતરતો માલ ખરીદે, ને તેથી ન ભરાય તો છેવટે પાણા પણ ભરે; તેમ અમે સત્સંગરૂપી મોટું જહાજ લાવ્યા છીએ. તે કેવડું છે ? તો મોટા શહેર જેવડું છે. તે પ્રથમ ઉત્તમ મુમુક્ષુરૂપી માલ ભરશું, પછી સોના-ચાંદીરૂપી માલ ભરશું."

એકવખત ભાઈ રામદાસજી બીમાર હતા. ભગવાન શ્રીહરિ તેમની પાસે બેસીને સુખદુઃખની વાતો કરતા હતા. તે સમયમાં ભગવાન શ્રીહરિએ ભાઈ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! તમારે કોની સાથે અતિ સ્નેહ છે ?" ભાઈસ્વામી

કહે : "મહારાજ ! આત્માનંદ સ્વામી છે તેની સાથે મારે અતિસ્નેહ છે. કારણ કે, તેમની સ્વધર્મનિષ્ઠા દૃઢ છે."

થોડા દિવસો પછી ભાઈ રામદાસજી અક્ષરવાસી થયા. તેથી ભગવાન શ્રીહરિ અને સંતો શોકાતુર થયા. ત્યારપછીથી એકદિવસ સંતોની સભામાં શ્રીજીમહારાજે કહ્યું : "ભાઈસ્વામી તો અક્ષરવાસી થયા. આપણે તેને સ્થાને કોને પસંદ કરીશું ?" સંતોએ કહ્યું : "હે મહારાજ ! આપ જેને પસંદ કરશો તેને અમો ભાઈસ્વામી તરીકે સ્વીકારીશું." ભગવાન શ્રીહરિ કહે : "ભાઈસ્વામીને આત્માનંદ સ્વામી સાથે સ્નેહ હતો માટે આત્માનંદ સ્વામીને જ ભાઈસ્વામીને સ્થાને રાખીએ" સંતો કહે : "આપે જે નિર્ણય કર્યો તે યથાર્થ છે." આ રીતે સર્વ સંતોની સંમતિ લઈ ભાઈ રામદાસજી સ્વામીને સ્થાને આત્માનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ નિયુક્ત કર્યા.

એ સમયમાં કારિયાણી ગામના દરબાર વસ્તાખાચર હાજર હતા. તેથી તેમને ભગવાન શ્રીહરિએ કહ્યું : "દરબાર ! હાલ આત્માનંદ સ્વામી ઝમરાળા ગામમાં છે. તમારા ગામથી તે ગામ નજીકમાં છે. તેથી ભાઈ રામદાસજીની આ ગોદડી, ગાદલી ને લાકડી ત્યાં લઈ જઈને તમે આત્માનંદ સ્વામીને આપજો અને કહેજો કે ભાઈ રામદાસજી સ્વામી અક્ષરવાસી થયા છે અને તેની ગોદડી, ગાદલી અને લાકડી મહારાજે તમને આપી છે ને કહેવડાવ્યું છે કે આજથી તમે ભાઈરામદાસજી સ્વામીને સ્થાને છો. માટે બધા જ સંતો-હરિભક્તો તમને ભાઈસ્વામીના નામથી જ માનશે, પૂજશે અને તમારી આજ્ઞા પ્રમાણે રહેશે." આમ, ત્યારથી આત્માનંદ સ્વામી 'ભાયાત્માનંદ સ્વામી કે ભાઈ આત્માનંદ સ્વામી' તરીકે સત્સંગમાં પ્રસિદ્ધ થયા.

એકવખત આત્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વગેરે ૫૦ સંતો મારવાડ દેશમાં સત્સંગ વિચરણ માટે ગયા ત્યારે ભગવાન શ્રીહરિનું વચન પાળવા સ્વામીએ ચાર-ચાર દિવસના ઉપવાસ હોવા છતાં ખટરસના નિયમને લીધે ઘીવાળી ખીચડી ન જમ્યા. સ્વામીએ ભૂખનું દુઃખ સહન કરીને પણ વચન પાળ્યું હતું. જેમ નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યમૂર્તિ હતા, સચ્ચિદાનંદ સ્વામી પ્રેમમૂર્તિ હતા, યોગીરાજ ગોપાળાનંદ સ્વામી અનુવૃત્તિની મૂર્તિ હતા તેમજ ભાઈ આત્માનંદ સ્વામી 'વચનની મૂર્તિ' હતા. સ્વામી ખરેખર વચનની મૂર્તિ બનીને રહ્યા. તેથી જ અનેકવાર ભગવાન શ્રીહરિનો રાજીપો પામી ગયા. ગઢડા અંત્ય પ્રકરણના ૨૪માં વચનામૃતમાં મોટેરા પરમહંસ તથા હરિભક્તોના અંગ

ઓળખાવતા ભગવાન શ્રીહરિ સ્વમુખે કહે છે : "મોટા આત્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહિ એવું અંગ.." આમ, શ્રીમુખના વચનની એમને મહોરછાપ લાગી ગઈ હતી.

ધોલેરા મંદિરના બાંધકામની જવાબદારી સંભાળવા કોઈ તૈયાર હતું નહીં તે સમયમાં ભાઈ આત્માનંદ સ્વામીએ એ જવાબદારી સ્વીકારી હતી. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી ભાઈ આત્માનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે પાંચ સંતોએ ધોલેરામાં અનેક દુઃખો વેઠીને પણ ખૂબ મહેનત કરી મંદિરનું નિર્માણકાર્ય કરાવ્યું હતું.

આ રીતે સંપ્રદાયના દરેક સેવાકાર્યમાં તત્પર ભાઈ આત્માનંદ સ્વામી સં. ૧૯૧૬ જેઠ વદ ૬ના દિવસે ૧૧૭ વર્ષની ઉંમરે ભાલપ્રદેશના વાગડ ગામમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અક્ષરવાસી થયા. સ્વામીના અંતસમયની બીમારીમાં બોટાદના શેઠ શિવલાલભાઈ ખૂબજ ભાવપૂર્વક સેવા કરી સ્વામીનો અતિ રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

આમ, ધોલેરા મંદિરના શિલ્પી એવા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, પ્રથમ મહંત સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ભાઈ આત્માનંદ સ્વામી તથા આ ત્રણેય સદ્‌ગુરુ સંતોની સાથે નિષ્કામાનંદ સ્વામી, ત્યાગાનંદ સ્વામીએ પણ રહીને ભગવાન શ્રીહરિની ખૂબજ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

**॥ સરનામું ॥**


**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - ધોલેરા, જી. અમદાવાદ.**
**ફો.નં. ૦૨૭૧૩-૨૩૪૨૫૦ મો.૯૮૭૯૪૧૧૧૦૭**


**દેવોનાં નિત્ય દર્શન માટે નિહાળો**
www.dholeradham.org
E-mail: sntemple.dholera@gmail.com

# રોજકામાં રંગભીના શ્રીહરિ



ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરથી ભાલપ્રદેશ થઈને જ્યારે વડતાલ જતા ત્યારે માર્ગમાં આવતા રોજકા ગામમાં પધારતા. ભગવાન શ્રીહરિ સૌપ્રથમ વખત સં. ૧૮૫૫માં વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણી સ્વરૂપે પધાર્યા છે તેવો ઉલ્લેખ 'આદર્શ ભક્તગાથા' ગ્રંથમાં કાકાભાઈના જીવન પ્રસંગમાં કરાયો છે. ત્યારબાદ સં. ૧૮૬૫ થી લઈને ૬૬, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫ અને સં. ૧૮૮૬ સુધીમાં ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર, સંતો-હરિભક્તો અને કાઠી દરબારો સાથે રોજકામાં ૩૦થી વધુ વખત પધારીને કથાવાર્તા તેમજ રાત્રિ રોકાણ કરીને દર્શનનું ખૂબ જ સુખ રોજકા દરબાર કાકાભાઈ આદિક સત્સંગીઓને આપ્યું છે. આ વર્ષો દરમ્યાન કોઈ વર્ષમાં એક વાર, બે વાર, ત્રણ વાર, ચાર વાર પધારીને રોજકા ગામની ભૂમિ તથા હરિભક્તોના ઘર, તળાવ વગેરેને ભગવાન શ્રીહરિએ પોતાની પવિત્ર પદરજથી તીર્થભૂમિ બનાવી છે.

રોજકા ગામના ગરાશિયા ગામધણી દરબાર પરમ ભક્તરાજ શ્રી કાકાભાઈને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની ઓળખાણ ધોલેરાના દરબાર પુંજાબાપુના યોગથી થઈ હતી. તેથી તેઓ ચુસ્ત સત્સંગી થયા હતા. તથા સારંગપુરના મેરાઈ ભગવાનજીભાઈના સમાગમથી મેરાઈ કુંટુંબમાં સત્સંગનો યોગ પ્રાપ્ત થયો હતો. તેથી રોજકામાં ક્ષત્રિય, ગઢવી, બ્રાહ્મણ, પટેલ તથા મેરાઈ વગેરે કુટુંબોમાં સત્સંગ ખૂબજ થયો હતો.

રોજકા દરબાર કાકાભાઈની સમજણ, સ્થિતિ અને સાધના ઘણા ઉચ્ચ પ્રકારના હતા. તેઓએ કેટલાક કઠિન નિયમો-વ્રતો સાથે ૧૫ વર્ષ સુધી રાત્રિના બે વાગ્યા સુધી ધ્યાન-ભજનનો વિશિષ્ટ અભ્યાસ કરી ભગવાન શ્રીહરિના સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હતો. પોતાના કુટુંબમાં, જ્ઞાતિમાં અને ગામમાં સત્સંગ વૃદ્ધિ પામે તે માટે કાકાભાઈ ઘણો ઘણો પ્રયાસ કરતા. એમના દાખડાથી રોજકામાં ધીરે ધીરે સત્સંગ થયો હતો. ગજો ગઢવી, રઘુનાથ પટેલ, શિવશંકર ભટ્ટ, ગગાભટ્ટ અને દરબાર મશરૂગોળ આદિક રોજકા ગામના હરિભક્તો પ્રસિદ્ધ હતા. રોજકા ગામના અમૃતલાલ શાસ્ત્રી સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી પાસે પંચકાવ્ય તથા ગીતા-ભાગવત આદિક ગ્રંથો ભણીને સારા વિદ્વાન થયા હતા.

ભગવાન શ્રીહરિ જ્યારે જ્યારે રોજકા પધારે ત્યારે દરબાર કાકાભાઈ અત્યંત પ્રેમથી વાજિંત્રો વગાડતા થકા સેના લઈને સામા જઈ વાજતે-ગાજતે પોતાના દરબારગઢમાં પધરાવી કિંમતી ભેટો ધરી ખૂબ શ્રદ્ધાથી સેવા પૂજા કરીને ભગવાન શ્રીહરિ તથા સંતો-હરિભક્તોનો અત્યંત રાજીપો લેતા. જેનું વર્ણન કરતા 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં લખ્યું છે :

**स्वैर्मार्गे विचरन् प्रायात् पुरं रोचकसंज्ञितम् ॥**
**अथ श्रुत्वा तमायान्तं तत्पुराधिपतिर्मुदा ।**
**सार्धं काकुभयोऽभ्यायाद्वाद्यनादैश्च सेनया ॥**
**तत्पुरवासिभि र्भक्तै र्युक्तो राजा स दूरतः ।**
**हरिंवीक्ष्याऽनमद्भक्त्यासाष्टाङ्गंचेतरेऽनमन्॥**

પ્રાતઃકાળમાં અશ્વ ઉપર બિરાજીને પોતાના સહચરોની સાથે માર્ગમાં વિચરતા ભગવાન શ્રીહરિ રોજકાપુરમાં પધાર્યા. તે ગામના અધિપતિ ક્ષત્રિય ભક્ત કાકુભાઈ શ્રીહરિ પધારે છે તે સાંભળીને વાદ્યોના ઘોષપૂર્વક સાથે સેના લઈ હર્ષપૂર્વક ભગવાન શ્રીહરિની સન્મુખ ગયા. તે પુરના ભક્તો તથા કાકુભા રાજા, દૂરથી શ્રીહરિના દર્શન કરીને ભક્તિના અનુરાગથી શ્રીહરિને સાષ્ટાંગ

નમસ્કાર કરવા લાગ્યા. રોજકાના અધિપતિ કાકુભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરીને પોતાના બંધુ વગેરે સાથે શ્રીહરિને પોતાના દરબારમાં હર્ષપૂર્વક નિવાસ કરાવી યથાયોગ્ય અત્યંત સેવા કરતા હતા. તે પુરમાં જગજીવન વગેરે બ્રાહ્મણો તેમજ કાંધોજી તથા માનોભાઈ વગેરે ક્ષત્રિય ભક્તો શ્રીહરિની સેવા કરતા હતા. બીજા ગજાદિ ભક્તો શ્રીહરિની પરિચર્યા કરતા હતા. દેવિકા, ભાનુ વગેરે સ્ત્રીભક્તો પણ શ્રીહરિની સેવા કરતાં હતાં. પછી કાકુભાઈએ ચંદન-પુષ્પાદિ તથા મહામૂલ્ય વસ્ત્રો-અલંકારોથી શ્રીહરિનું તથા તેમના બંધુઓનું પૂજન કર્યું. વળી મુનિ વગેરેનું પણ યથાયોગ્ય પૂજન કર્યું. રોજકા ગામના નિવાસી ભક્તોએ ચંદન-પુષ્પાદિ ઉપચારો તથા ભેટ સામગ્રીઓથી શ્રીહરિની પૂજા કરી. કાકુભાઈ નૃપે ભક્ષ્ય ભોજ્યાદિથી શ્રીહરિને તથા તેમના આશ્રિત ભક્તોને જમાડ્યા. સત્પતિ શ્રીહરિ ત્યાં અતિ મધુર ધર્માદિ વાર્તા કરીને ભક્તોને આનંદ પમાડતાં તે રાત્રિ ત્યાં રહ્યા. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૨/૧૧-૧૯)

કાકાભાઈ વિચારક, સાધક અને સદ્ગ્રંથોના અભ્યાસી હતા. શ્રવણ-મનન અને નિદિધ્યાસ કરી સાક્ષાત્કાર થયા સિવાય કોઈ બાબતને છોડી દેતા નહિ. હૃદય સદા પવિત્ર રહે, અંતરમાં અખંડ ભગવાન શ્રીહરિનું સ્મરણ થતું રહે, ચિત્તની વૃત્તિઓ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં જોડાયેલી રહે આ પ્રકારનો એમનો ઈશક હતો. અને એ માટે તેઓ મોટા મોટા સંતોનો સમાગમ કરી હરવખત અંતરની આંટી-ઘૂંટીઓનો ઉકેલ કરતા.

ગઢડા પ્રથમ પ્રકરણના ૭૦માં વચનામૃતમાં કાકાભાઈએ મહત્ત્વપૂર્ણ ત્રણ પ્રશ્નો પૂછ્યા છે : ...ગામ રોજકાના હરિભક્ત કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "અંતરને માંહીલીકોરે એક કહે છે જે વિષયને ભોગવીએ અને એક તેની ના પાડે છે, તે ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે ?" ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, "ના પાડે છે તે જીવ છે ને હા પાડે છે તે મન છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, આ આપણે છીએ તે જે દિવસથી સમજણા થયા અને મા-બાપની ઓળખાણ પડી, તે દિવસથી મા-બાપે નિશ્ચય કરાવ્યો જે, 'આ તારી મા ને આ તારો બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ, ને તારો મામો ને આ તારી બેન, આ તારી મામી ને આ તારી કાકી,, ને આ તારી માસી ને આ તારી ભેંશ, ને આ તારી ગાય ને તારો ઘોડો, ને આ તારું લૂગડું ને આ તારું ઘર, ને આ તારી મેડી ને આ તારું ખેતર ને આ તારાં ઘરેણાં.' ઈત્યાદિક જે કુસંગીના શબ્દ તે આ જીવની બુદ્ધિમાં

રહ્યા છે. તે કેવી રીતે રહ્યા છે તો જેમ કોઈક સ્ત્રીઓ ભરત ભરે છે, તેમાં કાચનો કટકો હોય છે તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે અને કાચના કટકાના ઠેકાણે તે જીવ છે. તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચવિષયે સહિત રહ્યાં છે. અને તે જીવને પછી સત્સંગ થયો ત્યારે સંતે પરમેશ્વરના મહિમાની ને વિષયખંડનની ને જગત મિથ્યાની વાર્તા કરી. તે સંતની વાર્તા ને તે સંતના રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે. તે એ બે લશ્કર છે ને સામસામાં ઊભાં છે, 'જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભાં હતાં ને પરસ્પર તીર ને બરછી ને બંદૂક ને તોપ ને જંજાળોની લડાઈ થતી હતી, અને કોઈક તલવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા ને તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ એમ કચ્ચરઘાણ ઊડતો હતો.' તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે, તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે અને વળી જે આ સંતના રૂપ છે, તે પણ 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા' એવા શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભા છે. અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા થઈ આવે છે ને જ્યારે આ સંતનું બળ થાય છે. ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા નથી થતી. એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે. તે જેમ - **'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥'** એ શ્લોકમાં કહ્યું જે, 'જ્યાં યોગેશ્વર એવા જે કૃષ્ણ ભગવાન છે અને ધનુષના ધરતલ અર્જુન છે ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે' તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો."

ત્યારે વળી તે કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે. અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે, પણ જે અંતરમાં કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે. અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે એમ છે." એમ શ્રીજીમહારાજે કહ્યું.

ત્યારે વળી કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! એકને તો

## રોજકા ગામમાં પ્રાસાદીક સ્થાનો







કુસંગીની લડાઈ આળશી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો છે, અને એકને તો એમ ને એમ લડાઈ થતી રહે છે. તે એ બેમાં જેને લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી; પણ જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે ત્યારે શી ગતિ થાય તે કહો ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા તેને તો જીતવા કઠણ જ છે, પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત

જિતાઈ જાય એવા નથી માટે એ તો એમ ને એમ લડે છે અને તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો તોપણ જે એનો ધણી છે તે શું નહિ જાણે ? જે 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યા હતાં તે નહિ જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા' એમ એ બેય ધણીની નજરમાં હોય. તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને આવા સંકલ્પવિકલ્પનું બળ છે અને લડાઈ લે છે માટે એને શાબાશ છે એમ જાણીને ભગવાન એની સહાય કરે છે. માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહિ. ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.' એમ પ્રસન્ન થઈની શ્રીજીમહારાજ બોલતા હવા.''

ગઢડા પ્રથમ પ્રકરણના ૭૨માં વચનામૃતમાં પણ કાકાભાઈએ શ્રીજીમહારાજને બે પ્રશ્નો પૂછ્યા છે :

પછી રોજકાના હરિભક્ત કાકાભાઈએ પૂછ્યું જે, ''જેને માહાત્મ્ય વિનાનો એકલો ભગવાનનો નિશ્ચય હોય તેનાં શા લક્ષણ છે ? અને જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેના શાં લક્ષણ છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને એકલો નિશ્ચય હોય તેને એમ ઘાટ થાય જે, 'ભગવાન તો મળ્યા છે પણ શું જાણીએ કલ્યાણ તો થશે કે નહિ થાય ?' અને જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શ્યો સંશય છે ? હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું' એમ સમજે તેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો.''

પછી વળી કાકાભાઈએ પૂછ્યું જે, ''ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના જે ભગવાનના ભક્ત તેનાં શાં લક્ષણ છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જે ભક્ત પોતાના દેહ થકી જુદો જે આત્મા તે રૂપ માને અને દેહના ગુણ જે જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઈત્યાદિક છે તે આત્માને વિષે માને નહિ અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી ઈત્યાદિક જે આત્માના ગુણ તે દેહને વિષે માને નહિ અને પોતાના શરીરને વિષે રહ્યો જે જીવાત્મા તેને દેખે અને તે આત્માને વિષે રહ્યા જે પરમાત્મા તેને પણ દેખે અને બીજાના દેહમાં જે આત્મા રહ્યો છે તેને પણ દેખે. અને એવો સમર્થ થયો છે તોપણ એ આત્મદર્શન થકી ભગવાન

અને ભગવાનના સંત તેને અધિક જાણે છે પણ પોતાને આત્મદર્શન થયું છે તેનું અભિમાન લેશમાત્ર ન હોય, એવાં જેનાં લક્ષણ છે તે ઉત્તમ ભક્ત કહેવાય. હવે જેને ભગવાનનો નિશ્ચય હોય અને આત્મનિષ્ઠા પણ હોય તોપણ ભગવાનના ભક્ત ઉપર ઈર્ષા આવે અને જો ભગવાન એનું અપમાન કરે તો ભગવાન ઉપર પણ ઈર્ષા આવે જે, 'મોટા થઈને વગર વાંકે આમ શીદ કરતા હશે' એવાં લક્ષણ હોય તે મધ્યમ ભક્ત જાણવો. અને ભગવાનનો નિશ્ચય તો હોય પણ આત્મનિષ્ઠા ન હોય અને ભગવાનને વિષે પ્રીતિ હોય અને જગતના વ્યવહારને વિષે પણ પ્રીતિ હોય અને સાંસારિક વ્યવહારને વિષે હર્ષશોકને પામતો હોય તેને કનિષ્ઠ ભક્ત જાણવો.''

ઉપરોક્ત બંને વચનામૃતો હંમેશાં અવશ્ય વાંચવા જોઈએ. જે સર્વને માટે મહાન લાભદાયક, સરળ ને શ્રેષ્ઠ માર્ગદર્શન આપે છે. કાકાભાઈના પ્રશ્નો તથા શ્રીજીમહારાજે આપેલા અમૂલ્ય ઉત્તરો વારંવાર વાંચી વિચારી પોતાના હૃદયમાં થતી અંતઃશત્રુઓની લડાઈનું, હારજીતનું નામું રાખી હંમેશાં સવાર-સાંજ સરવાળો તપાસતા રહી હૃદયમાંથી કેટલા અંતઃશત્રુઓને નિર્મૂળ કર્યા તેનું કડક આત્મનિરીક્ષણ અત્યંત સાવધાનતાપૂર્વક કરવું જોઈએ. કાકાભાઈ એવા આત્મનિરીક્ષક અનન્ય એકાંતિક ભક્ત હતા. તેથી તેમના ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા હતા.

સં. ૧૮૮૬ના ચૈત્ર માસમાં દરબાર શ્રી કાકાભાઈ બીમાર થયેલા ત્યારે પોતાને વિચાર થયો કે, આ દેહનો કાંઈ નિર્ધાર નહિ. અચાનક ચાલ્યા જવું પડે માટે હવે છેવટ મારા હાથે કાંઈક દાન-પુણ્ય કરી લઉં. આમ ધારી એમણે જે શ્રીજીમહારાજની સેવા કરી તે સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની હસ્તલિખિત વાતોમાં વિશ્રામ ૮૭માં લખી છે :

રોજકાના કાકાભાઈને શરીરે બીમારી જણાઈ એટલે તેમણે પોતાનાં પત્નીને પૂછ્યું કે, ''મારા શરીરને અચાનક કાંઈક થશે તો તારાથી ઘરેણાં નહિ પહેરાય માટે ઘરેણાં અને ઘોડી મહારાજ પાસે મોકલી આપીએ તો ?'' ત્યારે બાઈએ કહ્યું, ''બહુ સારું.'' પછી બાઈનાં બધા ઘરેણાં તથા પોતાનાં ઘરેણાં અને રૂપાની તાંસળી ને રૂપાનો અબખોરો, પાંચસો રૂપિયા રોકડા વગેરે સર્વે સામાન ખડિયામાં ભરી ઘોડી ઉપર નાખી રઘુનાથ ભક્ત સાથે ગઢપુર મોકલ્યો. પછી રઘુનાથ ભક્તે ગઢપુર આવી સર્વ સામાન તથા ઘોડી ભગવાન શ્રીહરિને સોંપીને કહ્યું કે, ''મહારાજ ! કાકાભાઈએ દંડવત્ પ્રણામ સાથે 'જય સ્વામિનારાયણ'

કહ્યા છે અને આટલી સેવા મોકલી છે, તેનો સ્વીકાર કરશો.''

પછી શ્રીજીમહારાજે તે બધો કિંમતી સામાન હતો તે સભામાં સર્વને દેખાડ્યો ને બોલ્યા જે, ''હરિભક્તની સમજણ તો જુઓ, દેહ મૂક્યા પહેલાં થોડીક બીમારી જણાણી ત્યાં તો પોતાની વહાલી કિંમતી ઘોડી ને પોતાનાં અને પોતાની સ્ત્રીનાં બધાંય ઘરેણાં મોકલી દીધાં.'' ત્યારે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી બોલ્યા, ''કાકાભાઈની સમજણ તો દાદાખાચર અને ઝીણાભાઈના જેવી છે.''

કાકાભાઈએ સાથે પત્ર મોકલ્યો હતો, તેમાં લખ્યું હતું કે, ''હે મહારાજ! મને હવે છેલ્લા દર્શન આપો અને આપનાથી ન આવી શકાય તો અંતકાળે તેડવા આવજો.'' આવી રીતે અતિ સ્નેહભર્યો કાગળ લખીને ગઢપુર ભગવાન શ્રીહરિને મોકલાવ્યો હતો. ભગવાન શ્રીહરિએ પત્ર વંચાવ્યો તેથી જાણ્યું કે, ''કાકાભાઈને દર્શનની બહુ તાણ છે. તેથી રોજકા જવાય તો દર્શન થાય. અને વળી ગઢપુરના ભક્તજનોની ઉદાસીનતા પણ ટળે.''

પછી ભગવાન શ્રીહરિ સંતો પ્રત્યે બોલ્યા : ''અમારે રોજકા જવું છે. માટે મેનો તૈયાર કરાવો.'' પછી તેમ કર્યું. તેમાં શ્રીજીમહારાજ બિરાજમાન થયા અને સાથે થોડા સંતો-પાર્ષદો લઈને ચાલ્યા તે રોજકા ગયા. ત્યાં ભગવાન શ્રીહરિએ કાકાભાઈને દર્શન દીધા. પોતાના ભક્તને સુખ દેવા ભગવાન શ્રીહરિ બે દિવસ ત્યાં રહ્યા. કાકાભાઈએ વિનંતિ કરી : ''હે પ્રભુ ! આ દેહ તો હાડ-માંસથી ભર્યો છે, નરકના કુંડ જેવો લાગે છે. માટે એમાંથી છોડાવીને આપના અક્ષરધામમાં પહોંચાડો.'' ત્યારે ભગવાન શ્રીહરિ બોલ્યા : ''ચિંતા કરશો નહિ, થોડા દિવસમાં અક્ષરધામને પામશો.'' તે સમયે કાકાભાઈએ પોતાના પત્નીના કડલાં હતા તે આપ્યા અને શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા : ''આમાંથી સંતોને રસોઈ કરાવી જમાડજો.''

સં. ૧૮૬૫માં કાકાભાઈને સત્સંગ થયો, ત્યારે ભગવાન શ્રીહરિએ તેમને નિત્ય એક મુહૂર્ત ધ્યાન કરવાનું કહ્યું હતું. ૨૧ વર્ષ સુધી આ નિયમ તેમણે અખંડ પાળ્યું. તેઓ સમજુ, અંતર્દષ્ટિવાળા, નિયમધારી અને નિષ્ઠાવાન ભક્ત હતા. તેથી ભગવાન શ્રીહરિ છેલ્લીવાર બિમાર હતા છતાં તેમને દર્શન દેવા રોજકા પધાર્યા હતા.

પછી શ્રીજીમહારાજ રોજકાથી ચાલ્યા તે ગઢપુર આવ્યા. ગઢપુરના જનો બહુ રાજી થયા. થોડા દિવસ થયા ત્યારે કાકાભાઈ દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા. તે સમયે દિવ્યસ્વરૂપે ભગવાન શ્રીહરિ અપાર સંતોએ

સહિત કાકાભાઈને તેડવા આવ્યા. ગામના સર્વ મનુષ્યોને પ્રત્યક્ષ દર્શન થયા. કાકાભાઈ દિવ્ય વિમાનમાં બેસીને ભગવાન શ્રીહરિના ધામમાં ગયા. આવું આશ્ચર્ય જોઈને ઘણા જનો સત્સંગી થયા.

આ પ્રસંગનું વર્ણન કરતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :

**રોઝકામાં રહે કાકોભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ;**
**વય વૃદ્ધે માંદા થયા તેહ, જાણ્યું જે હવે નહિ રહે દેહ.**
**પુણ્ય કરવાનું ચિત્ત વિચારી, એક સારી ઘોડી શણગારી;**
**માંડ્યો સામાન તે પર સારો, લેવા જોગ્ય પ્રવાસમાં ધાર્યો.**
**ભરિ ખડિયામાં વસ્તુ અનેક, તેમાં રૂપાની તાંસળી એક;**
**ઘોડી લૈ મોકલ્યો એક દાસ, ભેટ કરવા મહાપ્રભુ પાસ.**
**તેની સાથે લખ્યો એક પત્ર, પ્રભુદર્શન દ્યો આવી અત્ર;**
**નહિ આવી શકાય જો હાલ, આવજો તેડવા અંતકાળ.**
**ઘણી જુક્તિથી પત્ર લખાવ્યો, તેમાં સ્નેહ ઘણો દરસાવ્યો;**
**ગયો દાસ તે ગઢપુરધામ, પત્ર આપ્યો કરીને પ્રણામ.**
**ઘોડી ભૂધરને ભેટ ધરી, કૃપાનાથે અંગીકાર કરી;**
**પત્ર વંચાવતાં જાણ્યું એમ, ઘણો છે કાકાભાઈનો પ્રેમ.**
**તે માટે રોઝકે જો જવાય, આશા એહની પૂરણ થાય;**
**વળી ગઢપુરના જે નિવાસી, પામે ધીરજ ટાળે ઉદાસી.**
**સંત પાસે બોલ્યા સુખધામ, મારે જાવું છે રોઝકે ગામ;**
**પછી મેનો કરાવ્યો તૈયાર, બેઠા તેમાં જગતકરતાર.**
**થોડા સંત પાળા લઈ સાથ, ગયા રોઝકે નટવરનાથ;**
**હરખ્યું આખું ગઢપુર ગામ, જાણ્યું સાજા થયા ઘનશ્યામ.**
**કાકાભાઈ સ્મરે હરિરૂપ, પહોંચ્યા તહાં વૃષકુળભૂપ;**
**કાકાભાઈને દર્શન દીધાં, તેના ઈચ્છિત કારજ સીદ્ધાં.**
**રહ્યા બે દિન ત્યાં મહારાજ, સુખ દેવા સ્વભક્તને કાજ;**
**કાકોભાઈ કહે અહો શ્યામ, મને પહોંચાડો અક્ષરધામ.**
**હાડ માંસ તણો દેહ એહ, કુંડ નરક સમો લાગે તેહ;**
**કહે શ્રીજી નહિ અકળાશો, થોડા દિવસમાં ધામમાં જાશો.**
**કાકાભાઈની પત્નિનાં કલ્લાં, રૂપાનાં તે પડ્યાં હતાં ભલાં;**

**આપ્યાં શ્રીજીને અવસર જોઇ, કહ્યું સંતને દેજ્યો રસોઇ.**
**પછી ત્યાંથી ચાલ્યા પરમેશ, ગયા ગઢપુર શ્રીઈશ્વરેશ;**
**કહે વરણિ સુણો રાજાન, કેવા ભક્તવત્સલ ભગવાન.**
**કાકાભાઈ તણો પ્રેમ જાણી, ગયા રોઝકે સારંગપાણી;**
**સમૈયે ન ગયા વરતાલે, ગયા રોઝકે તોય તે કાળે.**
**ધન્ય ધન્ય તે ભક્તનાં ભાગ્ય, જેનાપર પ્રભુનો એવો રાગ;**
**પછી થોડા દિવસ ગયા જ્યારે, કાકાભાઈએ તજ્યું તન ત્યારે.**
**અંતકાળે દિઠું એવી રીતે, આવ્યા સંતસહિત પ્રભુ પ્રીતે;**
**સાથે દિવ્ય વિમાન જે લાવ્યા, ભક્ત તેમાં બેસીને સિધાવ્યા.**
**હતા પાડોસમાં જેહ જન, થયાં તેઓને પણ દરશન;**
**એવી આશ્ચર્યની વાત જોઇ, સતસંગી થયા જન કોઇ.**

(શ્રીહરિલીલામૃત : ૧૦/૩/૨-૧૯)

આ રોજકા ગામ ધોલેરાધામથી ધંધુકાના માર્ગે ૨૦ કી.મી. અંતરે આવેલું છે. હાલમાં રોજકા ગામમાં પશ્ચિમ દ્વારે શ્રી સ્વામિનારાયણ હરિમંદિર છે. તેમજ પ્રાસાદિક સ્થાનોમાં આંબલી, તળાવ અને દરબાર શ્રી કાકાભાઈનો દરબારગઢ મોજુદ છે.

**મુ. રોજકા, તા. ધંધુકા, જી. અમદાવાદ.**

# ખરડમાં સુખધામ ભગવાન શ્રીહરિ



આ ખરડ ગામ ધંધુકાથી ૧૦ કી.મી અને ધોલેરાધામથી ૩૪ કી.મીના અંતરે આવેલું છે. આ ખરડ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરથી વડતાલ કે અમદાવાદ વગેરે સ્થાનોમાં આવતા-જતાં સં. ૧૮૬૧ થી સં. ૧૮૮૪ સુધીમાં ૧૨ વખત પધાર્યા છે. આખા ગામમાં ભગવાન શ્રીહરિએ સત્સંગીઓના ઘેર પધરામણી કરી છે. ખરડ ગામના શ્રીજીસમકાલીન ક્ષત્રિય સુજોજી, નાથોજી, જેઠા ચારણ, બનુબા, ભીમ સુતાર, આસો સુતાર, ગોવિંદ દવે, પ્રાગજી દવે વગેરે ભક્તજનો પ્રસિદ્ધ છે.

**॥ સાલવાર ભગવાન શ્રી સ્વામિનારાયણની ખરડ ગામમાં પધરામણી ॥**

૧. સં. ૧૮૬૧માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે કુંડળથી ચાલ્યા તે ગાંફ થઈ ખરડ પધાર્યા હતા. અહીં દર્શનનું સુખ આપીને ઝીંઝર થઈ પોલારપુર પધાર્યા.

૨. સં. ૧૮૬૨માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો-હરિભક્તો સાથે જેતલપુર હુતાશની ઉત્સવ કરીને ત્યાંથી તે ચાલ્યા તે મછિઆવ, શિયાળ, અડવાલ થઈ કારિયાણીએ પધાર્યા ને ત્યાં તળાવ ખોદાવતા હવા ને ત્યાં દેશાંતરથી

હરિજનના સંઘ આવે તેમની પાસે તે સેવા ભક્તિ કરાવે તે પોતે સવારથી તળાવે પધારે ને તળાવ ગળાવે. પછી મુક્તાનંદ સ્વામી આદિક સંતમંડળને ગામ ધ્રાંગધ્રા મોકલ્યા ને પોતે ગુજરાતના સંઘને લઈને ગામ ખરડ સુધી વળાવીને સંઘને રજા દઈને પોતે અસવારીએ સહિત ચાલ્યા તે માર્ગમાં હરિભક્તોને દર્શન દેતા થકા દેશ ચરોતરમાં ગામ બોચાસણમાં કાશીદાસના ઘેર પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૬૨ની લીલા)

૩. સં. ૧૮૬૨માં બીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે ગઢપુરથી ચાલ્યા તે બોટાદ, કુંડળ, ભીમનાથ થઈ ખરડ પધાર્યા ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ગઢડા પધાર્યા. તેનું વર્ણન કરતા સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી લખે છે :

**'મઠમાં પધારો કૃપાનાથ, આજ તો મુને કરો સનાથ;**
**એમ કહી દેખાડ્યો બહુ ભાવ, ત્યારે બોલ્યા મનોહર માવ.**
**વળી આવીશું ઘણી જ વાર, તમારો છે જો પ્રેમ અપાર;**
**એમ કહીને રહ્યાં ત્યાં રાત, પછી વહેલા ઉઠ્યા છે પ્રભાત.**
**ચાલ્યા ત્યાં થકી નરવીર, ગામ ખર્ડે પોગ્યા મતિધીર;**
**અરુણોદય થયો તે સ્થાન, વળી વિચર્યા શ્રીભગવાન.'**

(શ્રી ઘનશ્યામલીલામૃત સાગર : ઉત્તરાર્ધ તરંગ : ૫૨)

૪. સં. ૧૮૭૧માં શ્રીજીમહારાજે ગઢપુરમાં રંગોત્સવ કર્યો. સમૈયો પૂરો થયા પછી ચરોતર અને ગુજરાતના સંઘો તેમજ જે સંતો હતા, તે ગઢપુરથી ચાલતા થયા. તે બધા સંઘોની રક્ષા કરવા માટે ભગવાન શ્રીહરિ તેમની સાથે અશ્વ ઉપર બેસીને ચાલ્યા, તે ભાલ દેશ સુધી ગયા. દિવસના પાછલે પહોરે ચાલ્યા એટલે ઝીંઝાવદર સાંજે પહોંચ્યા અને નદીને કિનારે રાત રહ્યા. પછી ત્યાંથી સવારમાં કારિયાણી ગયા. ત્યાં રસોઈ જમ્યા અને બપોર પછી ચાલ્યા તે સંધ્યા સમયે કુંડળ આવ્યા. નદી કિનારે રાત રહ્યા. ચંદ્રનું અજવાળું થયું ત્યારે મધરાતે ત્યાંથી ચાલ્યા, તે રોજીદ થઈને ચોકડી આવ્યા. પછી ત્યાંથી ખરડ ગામ આવીને રોકાયા.

તળાવની પાળે જ્યાં છાયા હતી ત્યાં બધા સંઘ ઊતર્યા. તે સંઘમાં નાનાભાઈ વિપ્ર અને કાશીદાસ મુખ્ય હતા. ચારસો જેટલા સંત હતા, તેમને જમાડવાને માટે ત્રણ મણની ખીચડી કરાવી, પણ તેમાં આઠ મણની તૂટ રહી. વધારે ખીચડી મળી નહિ. વાસણ મળવાની પણ ખામી રહી હતી. કુંભારને ઘેર જઈને ચોખ્ખા

રામપાત્ર લાવ્યા. બધા સંતો ચોક્કસ ભૂખ્યા રહેશે. આવો વિચાર શ્રીહરિના મનમાં થયો. હરિભક્તો બે મણ ઘી તો લાવ્યા હતા, પણ તોએ અડધી તૂટ તો શ્રીહરિને દેખાણી.

શ્રીહરિ ગાડા ઉપર બેઠા હતા, ત્યાંથી તરત નીચે ઊતર્યા અને મસ્તક ઉપર પાઘ બાંધતા બાંધતા દોડ્યા. વાણિયાની દુકાનેથી બે મણ ઘી તો પહેલા મળ્યું હતું. પછી લોકોને ઘેર ઘેર જઈને જેટલું ઘી મળે તેટલું ધન આપીને લેવડાવ્યું. છતાં શ્રીહરિનું મન માન્યું નહિ એટલે ભરવાડોને ઘેર ગયા. ત્યાંથી છ મણ ઘી મળ્યું ત્યારે શ્રીહરિનું મન માન્યું. પછી શ્રીહરિ ઉતારે આવ્યા અને સંતોની પંગત કરાવી. બધાને દોઢ દોઢ પાશેર (આશરે ૧૯૫ ગ્રામ) જેટલી ખીચડી અપાવી. પછી દયાળુ શ્રીહરિએ કમર કસી, હાથમાં લાલ રૂમાલ લીધો અને સંતોના ઉપર ખૂબ પ્રસન્ન થઈને ઘી પીરસવા આવ્યા. ઘી સારી રીતે સમાય તે રીતે ખીચડીને પહોળી કરાવી અને પછી શ્રીહરિ ઘણા પ્રેમથી થીણું ઘી આપવા લાગ્યા. પાત્રમાં જેટલું સામે તેટલું ઘી આપવા લાગ્યા. બે ત્રણ વખત ફર્યા. જેમ દહીં જમાડે તેમ શ્રીહરિએ ઘી ખવડાવ્યું.

આ રીતે સંતોને ઘીથી તૃપ્ત કર્યા. જમીને શ્રીહરિ ખરડના તળાવેથી તરત ચાલતા થયા અને સહુની પાસે પાણીના સાધનો ભરાવી લીધા. શ્રીહરિએ કહ્યું, “તડકાની ઋતુમાં ભાલમાં જ્યારે ચાલવાનું થાય અને પાણી પીવું હોય તો સહુ સંતો અને હરિભક્તોએ સાથે પાણી રાખ્યા સિવાય ક્યારેય ચાલવું નહિ. સહુ સંતો અને હરિભક્તોએ અમારું વચન માનવું. રાતમાં ચાલવું હોય તો કોઈ બાધ નથી, છતાં રણમાં તો તેનું ધ્યાન રાખવું.” આમ વાતો કરતા કરતા શ્રીહરિ રોજકા આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૫)

■ ભગવાન શ્રીહરિ ગાંફ ગામથી ચાલ્યા તે ગામ ખરડ આવ્યા અને તળાવ ઉપર ઉતારો કર્યો. અને ત્યાં તળાવ ઉપર સંત પાસે ખીચડી કરાવી. તે જોઈને મહારાજ કહે જે, “ખીચડી થોડી પડશે ને એમાં ઘી ખૂબ હોય તો ખીચડી પૂગે.” એમ કહીને પોતે ઘોડે સ્વાર થઈને ગામમાં પધાર્યા. ને કહે જે, “જેને ઘી વેચવાના હોય



તે અમને આપો.'' એવાં મહારાજનાં વચન સાંભળીને લોકો કહે જે, ''કાનુડો ઘી લેવા આવ્યા છે, તે આપણે સર્વે આપો.''

પછી ગામના સર્વે લોકો ઘીનાં માણિયાં લઈને આવે ને કહે જે, ''આ તો અધમણ ઘી છે.'' ત્યારે મહારાજ અધમણના રૂપિયા આપીને ઘી લઈ લે. ને કોઈ કહે જે, ''પંદર શેર ઘી છે, ને કોઈ કહે જે, મણ છે.'' એ પ્રમાણે રૂપિયા આપી આપીને ઘી લીધું ને ઘી લઈને ઉતારા ઉપર પોતે પધાર્યા.

અને સંતની પંગત તળાવના કાંઠા ઉપર કરી ને કુંભારના ઘરનાં રામપાતર મંગાવીને સંતને આપ્યાં. અને સંતે ખીચડી રામપાતરમાં પીરસી ને મહારાજ પોતે ઘી પીરસવા મંડ્યા. તેથી ખીચડી ઉપર ઘી છલકાઈ જાય ને રેલા ચાલે. એવી રીતે ઘી પીરસ્યું ને (અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે,) ''મારા ભાઈ ચૈતન્યાનંદ સ્વામી હતા તે મહારાજના સામું જોઈ રહ્યા હતા.'' તેથી મહારાજ કહે જે, ''ખીચડીમાં ખાડો કરતા નથી ને અમારી સામું જોઈ રહ્યા છો ?'' એમ કહીને પોતાને હાથે રામપાતરમાં ખીચડી હતી તે ખીચડીમાં ખાડો કરીને ઘી રેડ્યું. તે ખીચડી તણાય જાય તેટલું ઘી રેડ્યું. એવી રીતે સર્વે સંતને ખીચડીમાં ઘી પીરસ્યું ને હેઠે ઢોળ્યું; તે પૃથ્વી પણ પલળી ગઈ. એવી રીતે એ તળાવ ઉપર ખીચડી થોડી હતી ને ઘી ખૂબ પીરસ્યું; તેથી ખીચડી વધી પડી, એવી લીલા એ જગ્યાએ કરીને પોતે ખીચડી ને ઘી ને દહીં જમ્યા.

પછી ચળુ કરી મુખવાસ લઈને પછી સભા કરીને વિરાજમાન થયા. ને ત્યાં રાત રહ્યા. (આ જગ્યાએ હાલમાં છત્રી કરી છે.) અને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે સંતોએ સહિત પોતે સારંગપુર પધાર્યા.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૧૧૯)

૫. સં. ૧૮૭૨માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તોના સંઘ સહિત ગઢપુરથી વડતાલ જવા ચાલતા થયા. સાથે ઘણી મોટી સવારી હતી. તે વખતે શ્રીહરિ વારાફરતી ત્રણ ઘોડીઓ ઉપર બેસતા હતા. તે ત્રણેય ઘોડીના અલગ અલગ નામ હતા : એક માણકી, બીજી કેસર અને ત્રીજી ભૂતડી. ભૂતડી ઘોડી સફેદ રંગની હતી. તે બધા જ અશ્વોમાં ઊંચી અને લાંબી હતી. તેના ઉપર સોનેરી પલાણ મૂક્યું હતું. શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા ત્યારે તેના ઉપર બેઠા અને ખૂબ ખુશ હતા. બહુનામી શ્રીહરિ પહેલા કારિયાણી આવ્યા. ત્યાં રસોઈ જમ્યા. ત્યાંથી કુંડળમાં આવીને રાત રહ્યા. મધરાત પછી ત્યાંથી ચાલતા થયા. આગળ ચાલતા ખરડ ગામ આવ્યું. સુખધામ શ્રીહરિ ત્યાં રસોઈ જમ્યા.

ભગવાન શ્રીહરિ સાથે સોરઠ, વાળાંક, હાલાર, ગોહિલવાડ એ બધા પ્રદેશોના હરિભક્તો બાઈ-ભાઈ બધા ગાડા જોડી જોડીને ખરડ આવેલા. એટલે આ વખતે ભગવાન શ્રીહરિ મોટા સંઘ સાથે પધાર્યા હતા. ખરડ ગામમાં ખૂબ દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ પીપળી પધાર્યા

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૫૨)

૬. સં. ૧૮૭૩માં શ્રીજીમહારાજ સંઘ સાથે મોટી બોરુથી ચાલ્યા તે ભોળાદ, પીપળી, ગાંફ થઈને ખરડ પધાર્યા ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ ઝીંઝર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

૭. સં. ૧૮૭૪માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે બુધેજથી ચાલ્યા તે ગોરાડ, ગુડેલ, રોહણી, મીતલી, પીપળી થઈ ગાંફ ગામમાં પધાર્યા. તે પછી ગાંફથી સાત કોશ જેટલા રણમાં ચાલ્યા તે ચાર ઘડી દિવસ ચડ્યો ત્યારે ખરડ ગામ આવી પહોંચ્યા ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ઝીંઝર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૮)

૮. સં. ૧૮૭૪માં બીજીવાર ભગવાન શ્રીહરિ ગાંફ ગામની બહાર આવ્યા ત્યારે વળાવવા આવેલ હરિભક્તોને ઊભા રાખીને આગળ ચાલતા થયા. તે વખતે શ્રીહરિ બોલ્યા : “જ્યારે આ રણને પાર ઊતરી જાઈએ અને કીચડ બધો દૂર થાય તો જ ઘણી મજા આવે.” તે સમયે બધા અશ્વોને એકબીજાની પાછળ ચલાવ્યા. તે બધા ઘણા સુંદર લાગતા હતા અને તે પછી વરસાદ થયો. જ્યારે ખરડ ગામ આવ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા : “હવે કાંઈ દુઃખ રહ્યું નથી.” તે સમયે ખરડના બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા, પણ શ્રીહરિ તો ત્યાંથી તરત ચાલતા થયા અને ઝીંઝર ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૭)

૯. સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે વસો, અલિન્દ્રા, પછેગામ થઈ કમિયાળા પધાર્યા. ને ત્યાં મુક્તાનંદ સ્વામીને મળ્યા ને તેમના હાથની ખબર પૂછી ત્યારે સ્વામીએ કહ્યું કે, “તમારી કૃપાથી શાંતિ છે.” પછી તેમની સેવામાં સંત હતા તેમને મળીને સેસા વણારની મેડીએ પોતે ઊતર્યા. પછી ત્યાં જમીને સંત ને પાર્ષદને જમાડ્યા ને બે દિવસ રહીને મુક્તાનંદ સ્વામીને સાથે લઈને ચાલ્યા તે ગાંફ થઈને ખરડ પધાર્યા ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ઝીંઝર, કુંડળ થઈ કારિયાણી પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૬ તથા સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો : પેજ નં. ૧૨૩)

૧૦. સં. ૧૮૮૨માં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સાથે

વડતાલથી ચાલ્યા તે પીપળાવ, નાર, તારાપુર, મોરજ, ગોલાણ, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, કમિયાળા અને ગાંફ થઈને ખરડ ગામ આવ્યા. અને ત્યાં સહુએ ટીમણ કર્યું. ગામના સહુ હરિભક્તોએ શ્રીહરિના દર્શન કર્યા. પછી જ્યારે ચાલવાનો સમય થયો ત્યારે શ્રીહરિ ખરડથી ચાલતા થયા અને ઝીંઝર ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬)

૧૧. સં. ૧૮૮૩માં ભગવાન શ્રીહરિ, બંને આચાર્યશ્રીઓ તથા સંતો-હરિભક્તો સહિત વડતાલથી ચાલ્યા તે પીપળાવ, ગલિયાણા, જાખડા, કમિયાળા થઈને ખરડ પધાર્યા. ત્યાં સર્વે હરિભક્તોને દર્શન દઈને ત્યાંથી ઘોડા દોડાવીને પાછા રણમાં જઈને સંઘના મનુષ્ય બહુ તરસ્યા હતા તેમને શ્રીજીમહારાજે પાણી પાયું ને નાથાભાઈના ફળિયામાં લીંબડાના વૃક્ષ હેઠે પોતે પોઢ્યા. ત્યાંથી ચાલ્યા તે અણિયાળી, સુંદરિયાણા થઈ સારંગપુર પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો : પેજ નં. ૧૬૫)

૧૨. સં. ૧૮૮૪માં ભગવાન શ્રીહરિ વડતાલથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે સીંજીવાડા, ગલિયાણા, બોરુ, ગાંફ થઈને ખરડ ગામમાં પધારી જળપાન કર્યું. ત્યાંથી ઝીંઝર, કારિયાણી થઈને ગઢપુર પધાર્યા. ત્યારબાદ ગઢપુરથી જૂનાગઢ શ્રી રાધારમણ દેવની પ્રતિષ્ઠા કરવા પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૯)

ભગવાન શ્રીહરિના આ દર્શન (સં. ૧૮૮૪માં) ખરડ ગામના સત્સંગીઓને અંતિમ દર્શન હતા. ભાગ્યવંત ખરડ ગામમાં શ્રીજીમહારાજ બાર-બાર વખત પધારીને ભાલપ્રદેશના સત્સંગમાં ખરડ ગામને તીર્થધામ તરીકે પ્રસિદ્ધ કર્યું છે. આ ખરડ ગામમાં ભગવાન શ્રીહરિ, ધર્મકુળ, સંતો-પાર્ષદો અને હરિભક્તો પધાર્યા છે. ખરડ ગામના હરિભક્તો અનેકવખત ગઢપુર, વડતાલ, ધોલેરા કે વૌઠાના સમૈયામાં પધારી ભગવાન શ્રીહરિ, ધર્મકુળ અને સંતો-હરિભક્તોના પૂજનનો લાભ લઈને ધન્યભાગી બન્યા હતા.

**મું. ખરડ, તા. ધંધુકા, જી. અમદાવાદ**

# પીપળીમાં પરમેશ્વર શ્રીહરિ



આ પીપળી ગામ ધોલેરાધામથી વટામણ તરફ જતા માર્ગમાં ૧૭ કી.મીના અંતરે આવેલું છે. આ પીપળી ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે સં. ૧૮૫૫માં પધાર્યા હતા. ત્યારબાદ રાજાધિરાજ થયા પછી ગઢપુરથી વડતાલ કે અમદાવાદ વગેરે સ્થાનોમાં આવતા-જતાં સં. ૧૮૬૧ થી સં. ૧૮૮૫ સુધીમાં ૨૨ વખત પધાર્યા છે. આખા ગામમાં ભગવાન શ્રીહરિએ સત્સંગીઓના ઘેર પધરામણી કરી છે.

**॥ સાલવાર ભગવાન શ્રી સ્વામિનારાયણની પીપળી ગામમાં પધરામણી ॥**

૧. સં. ૧૮૫૫માં ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે વનવિચરણ કરતા કરતા પશ્ચિમ ભારતમાં પવિત્ર ગુજરાતની ભૂમિને વિશેષ ઉત્કૃષ્ટ કરવા માટે દક્ષિણ ગુજરાતના સીમાડેથી પ્રવેશીને ધરમપુર, સુરત, નર્મદા, વડોદરા, ડાકોર, વડતાલ, બુધેજ, ગુડેલ, મીતલી, ધોલેરા થઈ પીપળી પધાર્યા હતા. અહીં મુમુક્ષુજનોને દર્શન આપીને ગાંફ થઈ ખરડ પધાર્યા હતા.

૨. સં. ૧૮૬૧માં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે બુધેજથી ચાલ્યા તે ગોરાડ, ગુડેલ, રોણી, મીતલી થઈ પીપળી ગામે આવ્યા. ત્યાંના ક્ષત્રિય દરબાર દાદાભાઈ શ્રીહરિની સન્મુખ આવ્યા. બીજા એક દાદાભાઈ નામે ચારણ હરિભક્ત હતા. તેઓ પણ સામે આવ્યા અને ગામના લોકો પણ આવ્યા. તે બધા આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા. મનમાં ઘણા જ ઉત્સાહવાળા તે ભક્તો આવીને સંતોના ચરણમાં પણ નમી પડ્યા. શ્રીહરિને પીપળી ગામમાં પધરાવ્યા. અનેક પ્રકારના વાજિંત્રો વગડાવ્યા.

ગામની રાજબજારોને વિચિત્ર રીતે શણગારી. ભવનના દરેક દરવાજે કેળના સ્તંભ રોપાવ્યા. અને મોતીના તોરણ બંધાવ્યા. શ્રીહરિ પીપળીમાં સંધ્યા વખતે આવ્યા હતા. બધા સોનેરી શણગાર ધારણ કર્યા હતા. ડંકા નિશાન વગેરે અને સંતો પણ સાથે જ હતા. બહુ પ્રકારે મશાલો પ્રકટાવી અને અનંત દીવાઓ કર્યા. તે રાત દીવાઓને લીધે દિવાળીની રાતના જેવી થઈ હતી. એટલે ખૂબજ શોભા સંપન્ન થઈ હતી. ધર્મકુમાર શ્રીહરિને વધાવવાને માટે ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને ભવનના ગોખ અને અટારીઓ ઉપર ઊભી હતી. ગામના જેટલા લોકો હતા તે બધા દર્શન કરવા બજારમાં ઊભા હતા. તેઓ બંને હાથ જોડીને હૃદયમાં હેતના ઊમળકાથી શ્રીહરિને નમસ્કાર કરતા હતા.

રાજદરબારમાં જે ભવનો હતા તેને વિચિત્ર પ્રકારના શણગારોથી શણગાર્યા હતા. ભવનોના થાંભલા સોનેરી હતા અને તે અતિશય ઊંચા હતા. તે ભવનમાં શ્રીહરિને ઉતારો આપ્યો હતો. ત્યાં અદ્‌ભુત રીતે શોભા કરી હતી. શ્રીહરિને સોનેરી હિંડોળામાં બેસાડ્યા હતા. સંતોને અને હરિભક્તોને ઉતારા અપાવ્યા. અનંત બ્રહ્માંડના અધિપતિ પુરુષોત્તમ પોતાને ઘેર પધાર્યા હોવાથી સૌના મનમાં ખૂબજ ઉત્સાહ હતો. રાજા દાદાભાઈના મનમાં અતિશય ઉત્સાહ હતો. તેઓ શ્રીહરિની પાસે આવીને બેઠા.

તેમણે વર્ણી પાસે રસોઈ કરાવી. પછી રસોઈ તૈયાર થઈ ત્યારે સુખદાયક સુંદરશ્યામ શ્રીહરિ જમવા ઊઠ્યા. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. નિપુણતાથી ચરણોમાં ચાખડીઓ પહેરી. પછી જળથી ચરણ ધોયા અને રૂમાલથી તે વર્ણીએ કોરા કર્યા. એક સોનાનો બાજોઠ મૂક્યો હતો. ભક્તપતિ, ભક્તોના ચિત્તને ચોરનારા આવા સુંદરશ્યામ શ્રીહરિ પ્રસન્નતાથી ત્યાં આવીને તેના ઉપર બેઠા. વર્ણીએ જે ભોજન બનાવ્યા હતા, તે થાળમાં ભરીને શ્રીહરિની આગળ મૂક્યા. શ્રીહરિ તેને જમવા લાગ્યા. સાકર નાખેલો ઊજળો કંસાર હતો.

તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ભક્તજનો જમતી મૂર્તિનું ધ્યાન કરે, આવા આશયથી શ્રીહરિ પ્રેમથી જમતા હતા. ઘી અને કંસાર જમીને, સુંદર ભાત જમ્યા. ભાતમાં પોતાની રુચિ પ્રમાણે દૂધ અને સાકર લીધા હતા. જમીને હાથ ધોયા. પછી મુખવાસ લીધો. પછી શ્રીહરિએ સંતોને અને દરબારોને પોતાની પાસે જ જમવા બેસાડ્યા. જે જે ભોજન બનાવ્યા હતા તે બધા શ્રીહરિએ પંગતમાં પીરસ્યા. પોતે થાળ જમ્યા હતા. તેની પ્રસાદી દરબાર દાદાભાઈને આપી.

સંતોને અને દરબારોને જમાડીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. વાજિંત્રો મગાવીને ત્યાં સારાં કીર્તન ગવડાવ્યાં. મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ સુંદર કીર્તન ગાયા. પીપળી ગામના બધા લોકો કીર્તન ગવાતા સાંભળીને ત્યાં આવ્યા. બધા શ્રીહરિની પાસે બેઠા. કીર્તનગાન સાંભળીને સૌ રાજી થયા. સંતોની અલૌકિક રીત જોઈને તેઓ ઘણા પ્રેમભાવથી બોલ્યા. જગતમાં સંતો અનંત અને અપાર છે. ગણ્યે તેનો પાર આવે તેમ નથી. પણ તેમનામાં સાધુતાની રીત નથી. ઘેર ઘેર તેઓ ફરતા જ રહે છે. સ્ત્રીજાતિ ઉપર વધારે પ્રેમ રાખે છે અને તેમાં ભક્તિભાવનો શુભ ગુણ ઘણો છે એમ ઠેરાવી દે છે. પુરુષની નિંદા કરીને નારીના ઉચ્ચ ગુણોને બોલે છે. જેટલા વ્યસન અને ફેલ તે બધાથી તેઓ ભરપૂર રહે છે. જેટલા દોષ કહેવાય છે તે બધા સંતોને લાગતા નથી. આવું બોલે છે. જે સંત દોષની વાતો કરતા હોય તેને તેઓ 'કપટી માનવા', તેમ કહે છે. જે પાપમાત્ર કહેવાય છે તે બધા સંતોની આગળ તો ધ્રૂજે છે. વળી એવું પણ કહે છે કે જે સંત થઈને પાપથી ડરે તે બીજાનો પાપની મોક્ષ કઈ રીતે કરી શકશે. જે સંત પાપનો લેશમાત્ર પણ ડર રાખે નહિ. તેને પૂર્ણ અને સાચા સંત સમજવા. જે સંત નિર્ભય હોય છે તે બીજાને પણ નિર્ભય કરે છે અને જે મનુષ્ય નિર્ભય થઈ જાય છે તેનો જ મોક્ષ થાય છે. જે સંત નિર્ભય હોય તેનો જ સમાગમ કરવો અને તેવો સમાગમ કરનારાને જ નિર્ભય પદ મળે છે. પણ આવા સંતનો સત્સંગ ઘણો દુર્લભ છે.

ત્યારે શ્રીહરિ બોલ્યા, સહુ સાંભળો, પહેલા તો તમારે સંત શબ્દનો અર્થ મનમાં વિચારવો જોઈએ. જ્યારથી આ બ્રહ્માંડ થયું છે, ત્યારથી સન્માર્ગ અને કુમારગ, એ બે ચાલ્યા આવે છે. આ બાબતને મૂળથી જ તપાસવી જોઈએ. જે આંધળો અને બહેરો, બંને એક જ હોય તો તેને કાંઈ જ ગમ પડે નહિ. તો તે ભગવાનના સ્વરૂપની યથાર્થ વાતને તો જાણે જ ક્યાંથી.

શ્રીહરિ બોલ્યા, ભક્તો ! તમે સહુ સાંભળો. બધા જ પથ્થર પારસમણિ હોતા નથી એમ મનમાં સમજી રાખવું. પારસમણિ અને ચિંતામણિ બંને પથ્થર તો

છે પણ તેના ગુણ જુદા જુદા છે. જો ગુણ સમજાયા હોય તો તેના ધોરણ-મર્યાદાની ખબર પડે. ધાતુ અનેક જાતની છે અને તેમાં પણ અગણિત ભેદ રહ્યા છે. તેને બુદ્ધિમાન સમજી શકે છે. અને જે બુદ્ધિમાન છે તેને જ મનુષ્ય કહેવાય છે. દૂધ આવા નામથી તો બધા દૂધ એક જ છે, છતાં તેમાં અનંત પ્રકારના ભેદ રહ્યા છે. જેની બુદ્ધિમાં વિવેક હોય, તે મનુષ્ય તેને સમજી શકે.

જેટલા વ્યવહાર કહેવાય છે તે બધા વિવેક વિના થતા નથી. અને જે વિવેકથી વ્યવહાર કરે છે તેને બુદ્ધિમાન કહેવાય છે. વિવેક વગરના જેટલા વ્યવહાર થાય તે બધાને બુદ્ધિહીનના કરેલા કહેવાય. અને જે બુદ્ધિહીન હોય છે તે મનુષ્ય દુઃખી થાય છે. તે ક્યારેય સુખી થાતો નથી. ઓછી બુદ્ધિનો જે માણસ હોય, તે જો બુદ્ધિશાળી માણસનો સંગ રાખે તો તેમાં બુદ્ધિનો ઘણો વિકાસ થાય છે અને પછી તેને ઘણું જ સુખ મળે છે. જ્યારે વિવેક સાથેની બુદ્ધિ મળે ત્યારે તે સારરૂપ અને અસારરૂપ ગુણને સમજે છે. જ્યાં સુધી સાર કે અસાર ન સમજાય ત્યાં સુધી તેને માટે મોક્ષનો માર્ગ ઘણો દૂર કહેવાય.

દુનિયામાં જેટલા માણસ છે તે બધા કોટિધ્વજ-કરોડપતિ થઈ શકતા નથી. ઘેર ઘેર ઝવેરી હોતા નથી. મનમાં આવો વિવેક કરી રાખવો. જગતમાં જેટલા રાજાઓ છે તેમાં પણ કેટલીએ જાતના અનંત ભેદ રહ્યા છે. તેમજ સંતોમાં પણ પરસ્પર ભેદ રહ્યા છે તેને જે બુદ્ધિશાળી હોય તે જાણી શકે છે. બુદ્ધિ બુદ્ધિમાં પણ પરસ્પર અનંત ભેદ છે. બધી જ બુદ્ધિઓમાં એક સરખો ગુણ મળતો નથી. બચપણથી જ જેવો અભ્યાસ કરવામાં આવે, તેવા ગુણ બુદ્ધિમાં આવે છે. બીજા કોઈ ગુણ દુર્લભ નથી. જે ભગવાનનું ભજન કરવું, તે એક જ ગુણ દુર્લભ છે. પાતાળથી લઈને પુરુષ પ્રકૃતિના લોક સુધી વિચારી જુઓ. જીવ સુખને અને દુઃખને ભોગવતો જ રહ્યો છે.

બધા જ સુખો દુઃખથી ભરેલા છે, છતાં તે સુખોને જીવ વારંવાર ચાહે છે. એકવાર જે ખાધું હોય, જેનો અનુભવ પણ થઈ ચૂક્યો હોય, છતાં પણ તેને વારંવાર ખાધાજ કરે છે. અનુભવ કરીને જ્યારે વિચારે ત્યારે તે જ્ઞાન ઊપજે છે. અનુભવ વગરનો જીવ તો આંધળો ગણાય, વારંવાર તે ચારે ખાણોમાં - લખચોરાશીમાં ફર્યા જ કરે છે. અનુભવ તો દિવ્ય ચક્ષુ છે. તે જ્યારે સંતો આપે છે ત્યારે તેને જ્ઞાન આવે છે અને સત્ય અસત્ય અંગેના શુદ્ધ વિચારો પણ તેમાં આવે છે. અનુભવાત્મક જે જ્ઞાન છે તે જ સાચું જ્ઞાન છે. અનુભવ વિનાનું જ્ઞાન તો ઘાસ-ફૂસ (કચરાપૂંજા) જેવું ગણાય. જે સૂર્ય છે તે બહારના ભાગમાં અજવાળું કરે છે પણ અંતરમાં - અંતઃકરણમાં પ્રકાશ કરતો નથી. તે અંતરમાં પ્રકાશ પાડી

શકતો નથી. તેથી જ તેનો પ્રકાશ માયિક કહેવાય છે. જ્ઞાનરૂપ જે સૂર્ય છે તેના ઉપર કાંઈ આવરણ નથી. જ્ઞાનરૂપ સૂર્યનો ક્યારેય ઉદય કે અસ્ત થતો નથી. તે અનંત બ્રહ્માંડોમાં સહુને પ્રકાશિત કરે છે. જ્ઞાનરૂપ સૂર્યની આગળ આ ખગોળમાં ફરતો સૂર્ય તો અતિશય તમોરૂપ કહેવાય. અને તે કારણે જ બહારના સૂર્યથી મોક્ષપદ દેખાતું નથી અને અંતઃકરણનું અંધારું લેશમાત્ર પણ ટળતું નથી. જ્યાં સુધી અંતઃકરણમાં અંધારું હોય ત્યાં સુધી મોક્ષપદ તેને મળતું નથી. બહાર જે કાંઈ પદાર્થમાત્ર દેખાય છે તે મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા છે.

જ્યારે અનુભવાત્મક જ્ઞાન (દૃષ્ટિ) થાય ત્યારે મોક્ષમાર્ગ તરત જ દેખાય છે. અનુભાવાત્મક જ્ઞાન વિનાના તો પંડિતો, પુરાણીઓ, વેદો અને છ શાસ્ત્રોને ભણેલા જે હોય તોપણ તે બધા જીવના મોક્ષની વાતને જાણતા નથી. તેઓ ભણે, શબ્દાર્થ કે વાક્યાર્થ કરે, પણ જ્ઞાન વિનાના તે આંધળા જ રહેવાના. આ લોક કે પરલોક, તેમાં જે પદાર્થો ભર્યા છે. જેટલા રસ છે તે બધા ભૂમિમાં ભરેલા જ છે. ઉપર તો કાંઈ દેખાતું નથી પણ બુદ્ધિમાનને તેની ખબર પડી જાય છે કે અહીંયાં શું છે ? ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય, દૂધમાં ઉપરથી તો લેશમાત્ર પણ ઘી દેખાતું નથી. છતાં તેની પ્રક્રિયાથી ઘી અલગ કરવામાં આવે છે. તેમ અનુભવથી તેવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેને અનુભવ હોય અને શાસ્ત્રજ્ઞાન હોય, બંને હોય તો જે શાસ્ત્રનું રહસ્ય જેમ જાણવું ઘટે તે બધું પૂરું જાણી લે છે. હરેક સંતમાં કાંઈ ને કાંઈ ભેદ હોય જ છે તે કહે પાર આવે તેમ નથી. નામમાં તો કોઈ ફરક છે જ નહિ, પણ વર્તનમાં ફરક અપાર છે.

જેમાં મોક્ષનો અંકુર હોય તે યથાર્થ સંત છે. ચાહે તેટલા રમણીય વિષય હોય તો પણ તેને દેખીને તે સંતની દૃષ્ટિ તે વિષયમાં જાતી નથી. જે મનુષ્ય રમણીય વિષયને દેખીને તેના તરફ નજર કરતો રહે છે તે તો અત્યંત તુચ્છ છે, મળનો પણ મળ છે, અત્યંત હીન છે.

ભગવાન સિવાય અન્ય વિષયમાં જેને સાર ન દેખાય તેને જ સાચા સંત સમજવા. સાચા સંત ગુપ્ત રહેતા નથી. વર્તન ઉપરથી તે ઓળખાઈ જાય છે. જેનું સાચું (નિષ્પાપ) વર્તન હોય તે છુપાવ્યું છુપાતું નથી. જે આંધળો હોય તે દેખે નહિ અને જે બહેરો હોય તે સાંભળે નહિ. સાચા સંતને દેખીને પણ જે તેને માને નહિ તો તેને આંધળા તથા બહેરાના જેવા સમજવા.

શ્રીહરિના મુખની આવી વાત સાંભળીને જે લોકો ગામમાંથી આવ્યા હતા. તેમણે વ્રતમાન-નિયમને ધારણ કર્યા. શ્રીહરિને શરણે થયા. સત્સંગને

સાચો માન્યો અને બીજા મતને પાખંડી જાણ્યા. જ્યારે તે લોકોના અંતઃકરણમાં પ્રકાશ થયો, કાંઈ ઉજ્જ્વળતા દેખાણી ત્યારે તેમને હૃદયમાં સ્પષ્ટ સમજાયું. જેના અંતઃકરણમાં ઉજાસ થાય અને નિર્મળતા આવે તેને મોક્ષની વાત રુચે છે, ગમે છે. જ્યારે મુમુક્ષુના હૃદયમાં ઉજ્જ્વળતા થાય ત્યારે તે બીજાને પણ દેખાઈ આવે છે.

જ્યારે અરધી રાત થવા આવી ત્યારે શ્રીહરિ પોઢી ગયા. ત્યાં આવેલા બધા ગ્રામજનો ઊઠ્યા. પોતપોતાને ઘેર ગયા. ત્યારે સંતોએ ધ્યાન કરવાનું શરૂ કર્યું. પ્રકટ શ્રીહરિની મૂર્તિમાં મનને સ્થિર કરી દીધું. જ્યારે અરુણોદય થયો ત્યારે ધર્મના લાલ એવા શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી. ચાલતા ચાલતા કુંડળ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૮-૬૯)

૩. સં. ૧૮૬૨માં ભગવાન શ્રીહરિ વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, નાર, ઉંટવાડા, બુધેજ, ગુડેલ, રોણી, મીતલી થઈ પીપળી ગામ તરફ ચાલ્યા. બે સવારોને આગળ દોડાવ્યા. દરબાર દાદાભાઈને ખબર આપી કે, 'ઘોડાઓને માટે જોગાણ અને ઘાસ મગાવીને તૈયાર રાખે. બધું તળાવ ઉપર રાખે. અમે પાછળ આવીએ જ છીએ. જેટલું દૂધ મળે તેટલું રાખે અને સવાસો મેખ (તંબૂ માટેની ખીલીઓ) કરાવે. ગાદલાં અને રજાઈઓ જેટલી મળે તેટલી ભેળી કરી રાખે.'

દિવસ બે ઘડી બાકી હતો ત્યારે સવારે જઈને દરબાર દાદાભાઈને ખબર આપી. શ્રીહરિ પધારે છે એવા સમાચાર દાદાભાઈએ સાંભળ્યા. તેમનાં મનમાં ઘણો જ ઉમંગ અને આનંદ થયો. તરત જ તેમણે દાદાભાઈ ગઢવીને બોલાવ્યા. ગામના બધા જ લોકોને દરબાર દાદાભાઈએ તત્કાળ બોલાવ્યા. જેને જે યોગ્ય હતી તે સેવા તે સહુને કહી. કુંભારને કહ્યું, નવા પચીશ ગોળા લાવી સાફ કરીને તળાવે પાણી ભરી રાખો, આજે સેવા મળી છે તે તમારું મહાન ભાગ્ય છે. પ્રારબ્ધ કર્મને લીધે તો અપાર વેઠ કરવી જ પડે છે. તેવી આ વેઠ નથી. આ તો દેવોને પણ દુર્લભ એવી સેવા છે. મનમાં હરખ રાખીને વિચાર કરો. આવી સેવામાં અનંત લાભ રહ્યા છે. સેવા કર્યા સિવાય બેડો પાર આવે તેમ નથી. માટે પ્રસન્ન મનથી સેવા કરો.

દરબાર દાદાભાઈએ અન્ય લોકોને જે સેવા ચીંધી, તેની સાથે અલગ રીતે પોતાનો એક એક માણસ સેવા માટે મોકલ્યો. વળી એક સેવક સુતારને બોલાવ્યો. એટલે હીરાભાઈ અને ખોડાભાઈ વગેરે સુતાર આવ્યા. જેટલી જરૂરી હતી તેટલી મેખો તેયાર કરીને તે સુતારોએ પોતાનો જન્મ સુફળ કરી લીધો. કારણ કે જે જે મનુષ્ય શ્રીહરિની સેવામાં ઉપયોગી થયા તેનાં તેનાં જન્મ સુફળ થઈ ગયા. એક સેવકને ગામમાં ઘેર ઘેર કહેવા મોકલ્યો કે શ્રીહરિને માટે બધું

દૂધ જોઈએ છે. પછી જેણે પ્રેમભાવથી દૂધ આપ્યું તેણે નિશ્ચે પોતાનો જન્મ સુફળ કરી લીધો. જેણે નિષ્કામ ભાવે જેવી સેવા કરી શ્રીહરિએ તેને તેવું જ ફળ આપ્યું. સાકર, ઘી, ચોખા અને ઘોડાનાં જોગાણ માટેનું જે અને જેટલું અનાજ વગેરે જોઈતું હતું તે બધું ત્યાંના વેપારી વણિકે વેચાતું દરબાર દાદાભાઈને ત્યાં પહોંચતું કરી દીધું. જે લોકો તે વસ્તુને માથા ઉપર ઉપાડીને મૂકવા આવ્યા હતા, શ્રીહરિએ તેના જીવનો પણ મોક્ષ કર્યો.

ગામના લોકો પણ જેને જે મળ્યું તે ગાદલાં રજાઈ વગેરે પાગરણને પણ લઈને આવ્યા. કેટલાકે તો સારા સુંદર પલંગ પણ ત્યાં પહોંચાડ્યા. ગામમાં બધે આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું. પિત્તળ અને ત્રાંબાના વાસણ જે જોઈતા હતા તે બધાં લઈ આવ્યા. ગામના જે રબારીઓ હતા તે બધા પોતાની ગાયોનું દૂધ લઈને આપી ગયા. અને તે વખતે રસોઈ બનાવવા માટે અડાયા છાણાં પણ પુષ્કળ લાવી આપ્યા. ઘોડાને માટે અને બળદોને માટે ગોળ, ખાણ અને ઘાસ વગેરે પણ જે જોઈએ તે મગાવી રાખ્યું. ગામના જે મહેતર હતા તેમને ઘાસ ઉપાડી લાવવા નોકર મોકલીને બોલાવ્યા. એટલે તે મહેતરો પણ હરખભેર આવ્યા.

ગામનો મુખ્ય રાજમાર્ગ અને રાજાના દરબારગઢને વિચિત્ર રીતે શણગારીને ખૂબ જ ભવ્ય અને સુશોભિત કર્યો. માર્ગમાં કેળના સ્તંભ રોપાવી દીધા. બધી દુકાનોને પણ વિચિત્ર રીતે શણગારી દીધી. બિલોરી કાચના ઝાડ પ્રકટાવીને દિવાળીની જેમ સુંદર શોભા કરી દીધી. દરબારના બંધુઓએ-કુટુંબીઓએ સુંદર સવારીને શણગારીને તૈયાર કરી. સહુએ સોનેરી બખતર પહેર્યાં અને બધા તલવાર વગેરે સોનેરી હથિયારોને ધારણ કરીને સજ્જ થયાં. બધા સવારો પૂનમના ચંદ્રમાના જેવા તેજસ્વી અને સોહામણા લાગતા હતા. ગામના વાળંદ પાસે મશાલો તૈયાર કરાવીને ગામના લોકો પણ આનંદોલ્લાસથી સામૈયામાં ચાલ્યા. વિવિધ પ્રકારના વાજિંત્ર આગળ વાગતાં હતાં. તે વેળાએ સહુ શ્રીહરિની સન્મુખ ચાલ્યા. વિવેકી સહુ લોકોએ એક વિપ્રને સાથે લીધા. ફૂલહાર અને શ્રીફળ હાથમાં રાખ્યા હતા.

ગામના દરવાજાને પણ વિચિત્ર રીતે શણગાર્યો હતો. તેની શોભા અવર્ણનીય બની હતી. જ્યારે સામૈયું ગામ બહાર નીકળ્યું ત્યારે શ્રીહરિ નજીક જ આવી ગયા હતા. જેટલી બંદૂકો હતી તે બધી ફૂટવા લાગી. સંપૂર્ણ આકાશમાં તેની ગર્જનાઓ ફેલાઈ ગઈ અને જ્યારે દરબાર દાદાભાઈ શ્રીહરિને ભેટ્યા ત્યારે ચોપદાર 'જય જયકાર'નો ઉચ્ચાર કરવા લાગ્યા. દરબારે દંડવત્ પ્રણામ કર્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. આનંદના ઊભરાથી ગદ્‌ગદ કંઠ થઈ ગયા.

જેટલા ફૂલહાર લાવ્યા હતા તે બધા પહેરાવી દીધા. શ્રીહરિએ સહુ ભક્તોની સન્મુખ જોયું. ભક્તો શ્રીહરિની મૂર્તિને દેખીને તેમાં મનને પરોવવા લાગ્યા. પછી દરબારે પ્રાણઆધાર શ્રીહરિને પોતાના ગામમાં પધારવા માટે ઘણી પ્રાર્થના કરી. આપ દયાળુ મારે ઘેર ચરણ પગલાં કરીને તુરંત પાછા આવી જાજો. બીજા બધા રથ મુકામ ઉપર છોડે. અને બધી સવારી આપની સાથે ગામમાં આવે.

દરબારની પ્રાર્થનાને અનુસારે રથ મુકામ ઉપર છોડાવ્યા. અને શ્રીહરિ ગામમાં પધાર્યા. જરિયાની નિશાન અને ડંકા શ્રીહરિની આગળ ચાલ્યા. તે વખતે વિવિધ પ્રકારના બધા જ વાજિંત્ર વાગતાં હતાં. તે શોભા અદ્‌ભુત બની હતી, જેનું મુખથી વર્ણન કરી શકાતું નથી. તે વેળાએ શ્રીહરિની મૂર્તિ એટલી તેજસ્વી દેખાતી હતી કે જે ભક્તજનો દર્શન કરતા હતા તેમનાં મનને તે દર્શનથી તૃપ્તિ થતી ન હતી. શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા આવતા હતા. ત્યારે ગામના બધા જ લોકો દર્શન કરવાને માટે ઊભા રહ્યા હતા. સહુએ મનનાં અત્યંત પ્રેમથી ફૂલહાર લીધા હતા. તેનાથી શ્રીહરિની પૂજા કરીને પછી તેઓ ગુલાલ ઉડાડતા હતા અને આનંદોત્સવ કરતા હતા.

સંતો અને વર્ણીઓ જે હતા તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા અને પાર્ષદો બધા બંદૂકોના અવાજ કરતા હતા. સંતો ઝાંઝ મૃદંગ વગાડીને ધોળ રાગના મંગળમય કીર્તન ગાતા હતા અને ઘણો જ આનંદોલ્લાસ થતો હતો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી જે કીર્તન બોલતા હતા તેને સાંભળીને બધા ભક્તજનો ખૂબ જ રાજી થતા હતા અને તેઓ બોલતા કે આવા કીર્તન ક્યારેય સાંભળ્યાં કે દેખ્યાં નથી. ગામની જે બધી સ્ત્રીઓ હતી તે બીજાને હાથે શ્રીહરિને ફૂલહાર પહેરાવતી અને મોતીના થાળ ભરી ભરીને વધાવતી હતી. ગામના ભક્તોના મનમાં જે પ્રેમભાવ હતો તેને શ્રીહરિએ પૂર્ણ કર્યો. તે વેળાએ શ્રીહરિ આ રીતે રાજ દરબારમાં પધાર્યા અને પ્રેમપૂર્વક અશ્વ ઉપરથી નીચે ઊતર્યા.

ઉગમણા બારનું ભવન હતું. તેમાં સુંદર પલંગ બિછાવ્યો હતો. ત્યાં જઈને ભવનમાં પગલાં કરીને પછી પલંગ ઉપર બેઠા. તે વખતે જેવી સામગ્રી મળી શકી તેવી પૂજા દરબાર દાદાભાઈએ કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા લલાટમાં કરી. મોતીની માળા કંઠમાં પહેરાવી. મોતીના તોરા પાઘમાં લટકાવ્યા. બંને ભુજાઓમાં મોતીના બાજુબંધ બાંધ્યા. સાકરથી ભરેલો થાળ આગળ ધરાવ્યો અને કપૂરથી આરતી ઉતારી. પછી સ્તુતિ કરી. તેમના જે મનોરથ હતા તે બધાને શ્રીહરિએ પૂરા કર્યા. દરબાર દાદાભાઈએ તો આવો અપાર લાભ વારંવાર લીધો

હતો. હું જ્યારે સંક્ષેપથી વાત કહેતો હોઉં છું ત્યારે બધું પૂરું કહી શકાતું નથી. પણ હરિભક્તોને સંભારવા માટે આવી વાત સંક્ષેપમાં કહી દઉં છું.

જેને વધારે બુદ્ધિ હોય તે અધિક સ્પષ્ટ કરીને વર્ણવી શકે છે અને આપણા સત્સંગમાં એવા અધિક બુદ્ધિશાળી સંતો અનંત છે. જ્યાં સુધી બુદ્ધિમાં ચોખવટ થાતી નથી ત્યાં સુધી સાધારણ મનુષ્યને તેની ખબર પડતી નથી. હું  તો સહુ હરિભક્તોના ચરણોનો દાસ છું  એટલે  કિંચિત માત્ર ચરિત્રોને કહું છું. અનંત આકાશમાં જેમ ગરુડ અકલ્પ્ય રીતે ઊડી શકે છે તેમ શ્રીહરિનાં અનંત ચરિત્રોનું વર્ણન તો ગરુડના સમાન મહાન શક્તિશાળી વિદ્વાન કરી શકે છે. છતાં તેનો પાર પામી શકતા નથી. કરોડો કરોડ હજાર બ્રહ્માંડોના જેટલું દીર્ઘ આયુષ્ય મેળવીને કોઈ મનનાં સમાન વેગથી શ્રીહરિચરિત્રોને લખવા લાગે, તો પણ તે વિપુલ ચરિત્રોમાંથી એક તલભાર જેટલું જ લખી શકે છે. શ્રીહરિનાં ચરિત્રોને પારાવાર જાણીને જે પોતાનાં મનને મનાવીને તેમાંથી પાછું વાળી લે છે, પણ અહોભાવથી તેને ગાતો સાંભળતો નથી તો તે અનંત સમય સુધી સંસારમાં ભટક્યા કરે છે. જેમાં અપાર દુઃખ રહ્યું છે, લેશમાત્ર પણ સુખ નથી, એવા માયિક વિષયોમાં પણ પ્રબળ મોહને વશ થયેલો જીવ સાર માની રહ્યો છે.

આ જીવ અતિસૂક્ષ્મ અણુના જેવા અને અતિવિશાળ વિરાટના જેવા નર કે નારીના દેહ ધારીને માયિક વિષયોને ભોગવે છે અને તેનો વ્યસની (રોગી) થઈ જાય છે. જીવ જે જે દેહમાં જાય છે ત્યાં ત્યાં તેમાં તેને ખાણમાંથી નીપજતા હોય તેમ અનંત વિષયો પ્રાપ્ત થાય છે અને જ્યારે જીવને મનુષ્ય દેહ મળે છે ત્યારે જ તેને આવશ્યક અપાર જ્ઞાન પ્રાપ્ત થાય છે. મનુષ્ય દેહ મળ્યો હોય ત્યારે પણ જો કોઈ સાચા સંતનો સુયોગ થાય અને તેમાં વિશ્વાસ બેસે તો તે સંતો તેને સત્સંગ કરાવીને કુસંગથી છોડાવે છે. ભગવાન સિવાય અન્ય પદાર્થમાં જો રુચિ રહેતી હોય તો તેને અસન્માર્ગ-કુસંગ કહેવાય અને હરિભક્તો, સંતો, સત્સંગ, ભગવાન અને ભગવાનનું ધામ, એ પાંચને સન્માર્ગ કહેવાય છે.

ઉપર કહેલા પાંચ સિવાયના અન્ય પદાર્થના જો મનોરથો થયા કરતા હોય તો તેને જન્મ મરણરૂપ સંસારનું બીજ સમજવું. અને એ પાંચમાં જ્યારે રુચિ થાય ત્યારે સંસારનું બીજ બળી જાય છે. ભગવાનનાં સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન છે તે એક પ્રકારનો અગ્નિ છે. તેના જોગ સિવાય કર્મ બળતું નથી. કર્મ શુભ અને અશુભ, એમ બે પ્રકારનાં છે. તેમનાં ગુણધર્મ પણ અલગ અલગ હોય છે. શુભ કર્મ સંસારથી મુક્તિ આપે છે અને અશુભ કર્મ સંસારમાં બાંધી દે છે. જ્યારે સંસારમાં અપાર દુઃખ

જણાય ત્યારે તેમાંથી વાસના તૂટે અને દુઃખનો છેડો આવે છે. ભગવાનનું ભજન કરવામાં અપાર સુખ રહ્યું છે એમ જ્યારે જણાય ત્યારે દુઃખ છૂટે છે. સાચા સંત મળ્યા સિવાય જ્ઞાન થતું નથી, એમ મુમુક્ષુએ વિચારવું જોઈએ.

દરબાર દાદાભાઈ શ્રીહરિની પૂજા કરી રહ્યા. તે સમયે તેમણે ચરણોનાં ઉપર ચંદન ચરચ્યું અને તે ચરણોને પોતાની છાતીમાં ચાંપ્યા. આજે હૃદયમાં હરખ વ્યાપી ગયો હતો. તેમણે શ્રીહરિની સાથે આવેલા સંતો, વર્ણીઓ અને પાર્ષદોને ખૂબ જ શ્રદ્ધાથી પૂજ્યા. સૌને ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને બધા જ ત્યાગીઓને હરખથી એક એક વસ્ત્ર ઓઢાડ્યું. તે પછી દાદાભાઈના ભાઈએ પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી અને ભાવ પ્રમાણે પૂજા કરી. ત્યાં દેવબા નામે એક ક્ષત્રિય સત્સંગી બહેન હતા. તેઓ અત્યંત નિષ્ઠાવાળા સત્સંગી હતા. સત્સંગમાં અત્યંત ગાઢ ભાવવાળા હતા. શ્રીહરિના સિવાય અન્ય કોઈને જગત કર્તા સ્વીકારતા નહિ. તેણે અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવથી પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. સુંદર પલંગ બિછાવ્યો. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા.

તે સત્સંગી બહેને પોતાના સગાં કોઈ પુરુષને હાથે શ્રીહરિની પૂજા કરાવી. તેનાં મનની વિશુદ્ધ ભાવનાને શ્રીહરિએ પૂર્ણ કરી. શ્રીહરિની સાથે પધારેલા સંતો, વર્ણીઓ અને પાર્ષદો, એ સહુની પણ પૂજા કરાવી. તે સિવાય એક દાદાભાઈ નામે ચારણ સત્સંગી હતા. તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. શ્રીહરિને પલંગ ઉપર પધરાવ્યા અને ઘણા જ ભાવથી પૂજા કરી. 'કપાળમાં કેસર યુક્ત ચંદનની અર્ચા કરી અને ફૂલહાર પહેરાવ્યા. શ્રીફળ અને સાકરના થાળ ભરીને તત્કાળ શ્રીહરિની આગળ ધરાવ્યા. કપૂરથી આરતી ઉતારીને પોતાની બુદ્ધિ પ્રમાણે સ્તુતિ કરી. પછી ઘણા હેતથી ચરણ ઉપર ચંદન ચરચ્યું અને તેને હરખભેર પોતાની છાતીમાં ચાંપ્યા. સંતોની અને વર્ણીઓની પૂજા ફૂલના હાર પહેરાવીને કરી.

ત્યાં જે જે ભક્તજને શ્રીહરિની પૂજા કરી, તેને શ્રીહરિએ રાજી થઈને ફૂલહાર પ્રસાદીના રૂપમાં આપ્યા. સહુના મનોરથોને પૂરા કર્યા અને કોઈ પણ જાતની ખામી રહેવા દીધી નહી. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. રાજમાર્ગ ઉપર ચાલ્યા આવતા હતા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. તેનો ધ્વનિ આકાશમાં વ્યાપી ગયો હતો. આ પ્રમાણે ગામના બધા ભક્તોને દર્શન દઈને પોતાને મુકામે આવ્યા. મનમાં ખૂબ જ પ્રસન્ન હતા. પછી ત્યાં અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ત્યાં ચોપદારો હાથમાં સોનાની છડી રાખીને 'જય જય ભક્ત પ્રતિપાલ !!! અશરણશરણ !!! દીનજન રક્ષક !!!' આવી નેકીને ઊંચે અવાજે

બોલતા હતા. તે સ્થળે તંબુ તાણી દીધા હતા. શ્રીહરિ એક તંબૂમાં આવ્યા ત્યાં સુંદર મોટો પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને બેઠા.

બધા સંઘને માટે વર્ણીએ સુંદર ભાત બનાવ્યો. તેમાં શ્રીહરિને બાજોઠ ઉપર બેસાડીને સહુ પહેલા જમાડ્યા. તે પહેલા ધર્મપુત્ર શ્રીહરિએ મુકામ ઉપર આવીને ઠંડા જળથી સ્નાન કર્યું. રૂમાલથી અંગ કોરું કર્યું. એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ચરણોમાં ચાખડીઓ પહેરી. જ્યાં વર્ણી હતા ત્યાં લટકાં કરતાં લહેરી શ્રીહરિ આવ્યા અને બાજોઠ ઉપર બેઠા. વર્ણી એક થાળમાં ભાત પીરસી લાવ્યા. તે ભાત સાથે દૂધ અને સાકરને ઘણા જ ભાવથી દયાળુ શ્રીહરિ જમ્યા. શ્રીહરિને જેટલી રુચિ હતી તેટલું જમ્યા. જ્યારે તે દૂધ અને ભાતને જમી રહ્યા ત્યારે બંને હાથ ધોયા.

શ્રીહરિએ દરબાર દાદાભાઈને થાળની પ્રસાદી આપી. સંતો, દરબારો અને પાર્ષદોની પંગત કરાવી. જ્યારે બધા પંગતમાં બેસી ગયા ત્યારે પ્રથમ સંતોને તે ભાત પીરસ્યો. દૂધમાં સાકર નાખી હતી. પ્યારા શ્રીહરિ ઘણા પ્રેમથી દૂધ આપતા હતા. જ્યાં સુધી સંતો અને દરબારો વગેરે જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ દૂધ પીરસતા રહ્યા. વર્ણી અને વિપ્રોને માટે તો દૂધ પહેલા જ આપ્યું હતું. સંઘમાં પણ સહુને માટે દૂધ અપાવ્યું હતું. જ્યારે શ્રીહરિ પીરસતા ત્યારે કોઈ વસ્તુ ખૂટતી નહિ. ગામની સત્સંગી બાઈઓએ સંઘની સત્સંગી બાઈઓ માટે દૂધ પહોંચાડ્યું હતું. સંઘમાં વિપ્રોએ ભાત પહોંચાડ્યો હતો. જેને જેટલું જોઈએ તે આપ્યું હતું. પીપળીમાં સુખરાશિ અને અવિનાશી આવા શ્રીહરિ એક રાત રહ્યા. ત્યાંના હરિભક્તોને ઘણો જ આનંદ કરાવ્યો. સવારે તૈયાર થઈને ચાલ્યા અને ગાંફ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૧૪-૧૫-૧૬)

૪. સં. ૧૮૬૮માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે રોઝકાથી ચાલ્યા તે પચ્છમ, કમિયાળા થઈ પીપળી આવ્યા. ત્યાંના દાદાભાઈ ભૂપતિ હતા તે શ્રીહરિ સાથે તૈયાર થયા. પીપળી ઉપર ચાલ્યા તે ત્યાં સાબરમતી ઉતરાવી ભોગાવાનો સંગમ થાય છે, ત્યાં સૌ નાહ્યા ને ટીમણ કર્યા. ત્યાંથી રોણી, ગુડેલ થઈ બુધેજ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૪૦)

૫. સં. ૧૮૭૧માં ભગવાન શ્રીહરિ વડતાલમાં જન્માષ્ટમી, દશેરાનો સમૈયો કરી તથા બામરોલીમાં શરદપૂર્ણિમાનો ઉત્સવ ઉજવી બોચાસણ, ધર્મજ, વડદલા, ઉંટવાડા, બુધેજ થઈને પીપળી પધાર્યા હતા. તેનું વર્ણન કરતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી

મહારાજ લખે છે :-

**'કૃષ્ણ ત્યાંથી ચાલ્યા તેહ કાળે, ગયા સાંસદ થૈ ઉંટવાળે;**
**ગામ બુધેજમાં પ્રભુ ગયા, ખોડાભાઈ ભુવન રાત રહ્યા.**
**ગયા ગુડેલ ગામ સુપેર, રહ્યા ત્યાં જીજીભાઈને ઘેર;**
**ગયા પીપળીએ હરિરાય, દાદાભાઈના દરબારમાંય.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

૬. સં. ૧૮૭૨માં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સહિત વડતાલથી ચાલ્યા તે સુણાવ, પાળજ, પેટલાદ, પીપળોઈ, ખંભાત, મીતલી થઈ પીપળી પધાર્યા હતા. તેનું વર્ણન કરતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :-

**'ભાતું સુખડીનું ભેટ કીધું, શ્યામે સૌ સંતને વેંચી દીધું;**
**પછી ત્યાંથી પ્રભુ પરવરીયા, આરે મેંતલીને તે ઉતરીયા.**
**ગામ પીપળીએ પ્રભુ ગયા, રાત્ય ત્યાં દરબારમાં રહ્યા;**
**દાદાભાઈએ દિલ ધરી હેત, સેવ્યા શ્રીજીને સંત સમેત.**
**ધોલેરે ગયા ધર્મકુમાર, ત્યાંથી ગઢપુર ધામ મોઝાર;**
**કોટી જીવનું કલ્યાણ કરી, આવ્યા થોડા દિવસ માંહી ફરી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૮)

૭. સં. ૧૮૭૨માં બીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે બામરોલી, ગોરાડ થઈ મીતલી ગામ આવ્યા. તે વખતે જે ભાવિક ભક્તો હતા, તે બધા સન્મુખ આવ્યા અને તે સહુએ શ્રીહરિના દર્શન કર્યા. કેટલાક ભક્તો શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિને અર્પણ કર્યા. પછી શ્રીહરિ આગળ ચાલતા રહ્યા અને સાબરમતી નદીને ઊતર્યા. ત્યાં સાબરમતીમાં સ્નાન કરીને તરત બધો પૂજાવિધિ કરી લીધો. પછી અનંત ભુવનોના પતિ દેવાધિદેવ શ્રીહરિએ ત્યાં તરત ટીમણ કર્યું. અને સાથેના સહુ ભક્તો જ્યારે ટીમણ કરી રહ્યા ત્યારે શ્રીહરિ આગળ ચાલતા થયા. પછી આગળ ચાલતા શ્રીહરિ પીપળી ગામ આવ્યા. ત્યાંના જે હરિભક્તો હતા, તે બધા સન્મુખ દોડી આવ્યા. તે બધા આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા.

ગામના હરિભક્તોમાં દાદાભાઈ મુખ્ય હતા. તેઓ ગામના રાજા હતા. અને સર્વોત્તમ અનુપમ હરિભક્ત હતા. તે સિવાય દાદા લીલા નામના એક ગઢવી હતા. તે સિવાયના પણ કેટલાક હરિભક્તો હતા. દરબાર દાદાભાઈની

સમજણ તો સર્વોપરિ હતી.

માણસના દિલમાં જેટલો ખપ હોય છે તેવી તેની બુદ્ધિ હંમેશાં રહે છે. જેને ખપ મંદ હોય, તો તેની બુદ્ધિ પણ સત્સંગના માર્ગમાં મંદ રહે છે. મંદબુદ્ધિવાળાને ક્યારેય ઉત્સાહ આવતો નથી. ઉત્સાહ વિનાની જેટલી બાબતો હોય છે, તે બધી દૈવત વિનાની દેખાય છે. દરબાર દાદાભાઈ ગામમાં જેમ કહેતા હતા, તે પ્રમાણે બધા લોકો વર્તતા હતા. શ્રીહરિએ કહ્યું કે પીપળીમાં જે બધા રહે છે તે જનક વિદેહી જેવા છે અને દાદાભાઈ તથા તેમના ભત્રીજા અન્ય લોકોના જીવનરૂપ છે. તે બંનેને આધારે જ પીપળી ગામનો સત્સંગ ખૂબ આનંદપૂર્ણ દેખાય છે. ઘાટા અંધારામાં પડેલું રત્ન પણ પ્રકાશ સિવાય દેખાતું નથી. તેમ તે બંનેના સત્સંગથી બધો સત્સંગ ઉજ્જ્વળ છે. સમુદ્રમાં જે સ્થળે મોતી હોય તે ઘણું બળ કરવાથી હાથમાં આવે છે. સમુદ્રના મોતી સહેજે મળતા નથી, તેમ સત્સંગમાં પણ કેટલાક એવા ગામ હોય છે. અર્થાત્ ઘણી મહેનતે તેમાં સત્સંગ ટકે છે.

મોતી ઘણા કિંમતી હોય છે અને ઓછી કિંમતના પણ હોય છે. તેમ સત્સંગમાં જે ખપવાળા છે તે ઘણા કિંમતી છે અને ખપ વિનાના તો ઘણા હોય છે. ખપ વગરનાને ખપવાળા કરવા તે બુદ્ધિ વિના થઈ શકે નહિ. બુદ્ધિમાનમાં તે ગુણ રહ્યો છે. બુદ્ધિહીનમાં તેવા ગુણ રહ્યા નથી. શ્રીહરિએ જ્યારે આવી વાત કહી ત્યારે દરબાર દાદાભાઈએ કહ્યું, ‘મહારાજ, આપ સાચું કહો છો, બુદ્ધિ વગરના લોકો તો પશુ જેવા છે. ચિંતામણિ ઘણો અમૂલ્ય છે, પણ ઓખર કરવાને(માનવમળને ખાવાને) યોગ્ય પશુને ક્યારેય તેની ગમ પડતી નથી, એટલે તે ક્યારેય ચિંતામણિને દેખતા નથી.

ભગવાન અને સત્સંગ સિવાયની જે કાંઈ પણ વસ્તુ-પદાર્થ કહેવાય છે અને આ બ્રહ્માંડના જે ભોગ-સુખો છે, તે બધાં સત્સંગની દૃષ્ટિએ ઓખર જેવા છે. પશુ જેવા મનુષ્ય તો ઓખર જેવા વિષયમાં અપાર સુખ માને છે અને સત્સંગને નઠારો દેખે છે. કેટલાક લોકો સત્સંગ કરે છે, પણ તેને સત્સંગમાં વિષયનો જોગ મળતો નથી. અને તે જ્યારે કુસંગ કરે છે ત્યારે તેનાં મનમાં ઘણો આનંદ થાય છે. જે કુસંગમાં વારંવાર ધન અને સ્ત્રીનો જોગ થઈ જાય છે. તે કુસંગમાં રુચિવાળા લોકો પણ પોતાની રુચિના જ ગુરુ કરે છે, પણ મૃત્યુ પછી તેનું શું થશે ? મરણ પછીના વિચારની વાતને તે લોકો છોડી દે છે અને કુસંગમાં ઘણો પ્રેમ કરે છે.’

શ્રીહરિ કહે છે કે ‘જે લોકો સત્સંગમાં પ્રેમ કરે છે, તેના ઘણા ધન્યભાગ્ય છે અને સત્સંગમાં જેને પ્રેમ નથી તેના જેવા બીજા કોઈ અભાગિયા નથી.’ આમ

કહીને શ્રીહરિ ચાલતા થયા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૩૪)

૮. સં. ૧૮૭૨માં ત્રીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો તથા રાજાઓ સાથે ગઢપુરથી ચાલ્યા તે કારીયાણી, કુંડળ, ખરડ થઈ પીપળી ગામમાં આવ્યા અને ત્યાં રાત રોકાયા. પછી સાંજે રસોઈ જમીને પલંગ ઉપર પોઢી ગયા. પીપળીમાં ભવાયા આવ્યા હતા. વસંત અને હોરીનાં ગીત વાજિંત્ર વગાડીને ગાતા હતા. તે ગીતને શ્રીહરિ સાંભળતા રહ્યા. ભવાયાઓએ આખી રાત ગીત ગાયાં. પછી શ્રીહરિએ સવારે તેને પૂછ્યું, 'તમે ગામે ગામ રમતા રહો છો. તેમાં તમને શું મળે ?' ત્યારે તે ભવાયામાં એક કણબી હતો, તે બોલ્યો, 'પેટનું ગુજરાન કરીએ છીએ અને જોઈએ તેટલાં વસ્ત્ર તેમાં મળી રહે છે. કણબીના ગામમાંથી પાંચ દસ રૂપિયા મળે છે અને મુખથી કાંઈ હલકા શબ્દ બોલીએ છીએ ત્યારે કોઈ માણસ અમને પૈસા આપે છે. કરોડો કલ્પ વીતી જાય તોપણ અમે પાપથી ક્યારેય છૂટશું નહિ..! પાપથી છોડાવવાનું તો આપના હાથમાં છે. હે નાથ, આપ તો મહાન સમર્થ છો. હવે અમે પાપથી છૂટવા માટે આપની આગળ આજ ગીત ગાશું. બીજા પદાર્થો તો ઘણા મળે છે, તેનો કોઈ પાર રહેતો નથી. અમને પાપથી છોડાવવા, તે આપને માટે સહજ છે અને અમારે માટે ઘણું અશક્ય છે.' ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'જે લોકો સત્સંગ રાખે છે અને તેઓ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારને છોડી દેવારૂપ ચાર નિયમોને જે આ વખતે રાખે છે તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે. તે સિવાયનો જે જેટલો બીજો ભાવ રાખે છે તેટલો તેને લાભ મળે છે.' તે ભવાયાને આમ કહીને તેને વસ્ત્ર તથા ધન આપ્યું. પછી ત્યાંથી પોતે ચાલતા થયા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૫૨)

૯. સં. ૧૮૭૨માં ચોથીવાર શ્રીજીમહારાજ સંઘ સહિત બોચાસણથી ચાલ્યા તે રામોલડી, ઉંટવાડા, બુધેજ, ગુડેલ થઈ પીપળી પધાર્યા. દાદાભાઈને ઘેર અડદની દાળ ને કંકોડાનું શાક ને શીરોપૂરી ને દહીં સાકર જમીને સંતને જમાડીને ચાલ્યા તે આંબલી થઈને ધોલેરા પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૨ની લીલા)

૧૦. સં. ૧૮૭૩માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, ઈસણાવ, નાર, ઉંટવાડા, મોરજ, ગલિયાણા, વારણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ થઈ પીપળી પધાર્યા ને ત્યાં રાત રહ્યા. ત્યાંથી ભગવાન શ્રીહરિ ગાંફ, ખરડ થઈ ઝીંઝર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

૧૧. સં. ૧૮૭૩માં બીજીવાર શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો-હરિભક્તો સાથે ખંભાતથી ચાલ્યા તે મીતલીનો આરો ઊતરીને પીપળી પધાર્યા. દાદાભાઈના દરબારમાં ઊતર્યા ને ત્યાં પોતે જમીને સંતમંડળને જમાડીને રાત રહીને ચાલ્યા તે ધોલેરા પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૩ની લીલા)

૧૨. સં. ૧૮૭૪માં ભગવાન શ્રીહરિ વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, પંડોળી, નાર, રામોલડી, ઉંટવાડા, બુધેજ, ગોરાડ, ગુડેલ, રોણી થઈને મીતલી ગામ આવ્યા. ત્યાં સાબરમતી અને ભોગાવો નદીનો સંગમ થાય છે. શ્રીહરિ ત્યાં કેટલીયે વાર નાહ્યા છે. અને આ વખતે પણ ત્યાં આવીને નાહ્યા. સાબરમતી નદી ઊતરીને આગળ ચાલતા પીપળી ગામમાં આવીને રાત રહ્યા. ત્યાં દરબાર દાદાભાઈ સારા સત્સંગી હતા અને તેના ભવનમાં શ્રીહરિ ઊતર્યા હતા. શ્રીહરિ જે જે ગામમાં રાત રહેતા હતા ત્યાં હરિભક્તો ઘણા પ્રેમભાવથી વિવિધ પ્રકારની રસોઈ કરાવીને જમાડતા હતા. શ્રીહરિ જ્યાં રાત રહેતા હતા ત્યાં બધા હરિભક્તો ખૂબ ખૂબ ભાવનાથી સેવા કરતા હતા. જે મુખેથી કહી શકાય તેમ નથી. શ્રીહરિ પીપળીથી પાછલી રાતે સત્વરે ચાલ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૮)

ડ ભગવાન શ્રીહરિ વરસતા વરસાદમાં બુધેજથી ચાલ્યા તે ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ ગામ આવ્યા. ત્યાં ભોગાવો નદી ઊતરીને પીપળી આવ્યા. ત્યાં દાદાભાઈ સારા હરિભક્ત કહેવાતા હતા. તે ત્યાંના રાજા કહેવાતા હતા. બીજા પણ જે હરિભક્તો હતા, તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા અને ચરણકમળમાં પડ્યા. તેમના હૃદયમાં ઘણો આનંદ થયો. દાદાભાઈએ અવિનાશી અને સુખરાશિ શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પોતાના ભવનમાં લાવી, સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર શ્રીહરિ પ્રસન્નતાથી બેઠા. સાથે જે બ્રહ્મચારી હતા, તેણે હેતથી રસોઈ બનાવીને ઘણા પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. જમ્યા પછી ભક્તજનપ્રતિપાળ શ્રીહરિએ દાદાભાઈને થાળની પ્રસાદી આપી. પછી રાત રહીને ચાલ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૬)

૧૩. સં. ૧૮૭૪માં બીજીવાર શ્રીજીમહારાજ ગઢડાથી ચાલ્યા તે પીપળી પધાર્યા. ને ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી વડતાલ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૪ની લીલા)

૧૪. સં. ૧૮૮૦માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો તથા ધર્મકુળ પરિવાર સાથે વડતાલથી ચાલ્યા તે દાવોલ, બુધેજ, કમિયાળા થઈ પીપળી

પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ધોલેરા પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

૧૫. સં. ૧૮૮૨માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો-રાજાઓ તથા ધર્મકુળ પરિવાર સાથે કારિયાણીથી ચાલ્યા તે બરવાળા, ધોલેરા થઈ પીપળી પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી કમિયાળા થઈ બુધેજ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૨ની લીલા)

૧૬. સં. ૧૮૮૩માં શ્રીજીમહારાજ ધર્મકુળ-સંતો-હરિભક્તોના સંઘ સહિત ગઢપુરથી ધોલેરા થઈ વડતાલ જતાં પીપળી પધાર્યા હતા. તેનું વર્ણન કરતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :-

**'એમ સૌને કરી પ્રસન્ન, ગયા આંબલી ગામ જીવન;**
**પછી પીપળીએ રહ્યા રાત, ત્યાંથી પરવર્યા ઊઠી પ્રભાત.**
**ભોગાવો ઉતરી ભગવાન, ગયા વારણે કરુણાનિધાન;**
**ગયા ત્યાંના તળાવની પાળે, દીઠી મેડી ત્યાં દીનદયાળે.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૨/૪૪-૪૫)

૧૭-૧૮. સં. ૧૮૮૪ની સાલમાં બે વાર ભગવાન શ્રીહરિ ધર્મકુળ-સંતો-હરિભક્તો તથા રાજાઓ સાથે કારિયાણીથી વડતાલ જતાં પીપળી પધાર્યા તથા વડતાલથી ધોલેરે જતાં પીપળી પધાર્યા હતા. તેનું વર્ણન કરતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :-

**બીજે દિન ગયા હરિ ઝમરાળે, ત્યાંથી ચોકડી સરોવર પાળે;**
**ગયા ધોલેરે ધર્મકુમાર, રહ્યા મંદિરમાંહિ મુરાર.**
**ગયા પીપળીએ પરમેશ, દયાસાગર દીન જનેશ;**
**કમિયાળાના આવિયા જન, કહ્યાં વિનતિના તેણે વચન.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૭/૩-૪)

**ગલિયાણે પ્રભુ પરવરિયા, હરિ મંદિર માંહિ ઉતરિયા;**
**ગયા જાખડા ગામે જનેશ, ત્યાંથી પીપળીએ પરમેશ.**
**ગયા ધોલેરે ધર્મકુમાર, ત્યાંના હરિજન હરખ્યા અપાર;**
**નિજજનને ઘણું સુખ દેવા, વિચરે પ્રભુ દેશમાં એવા.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૭/૩૯-૪૦)

૧૯. સં. ૧૮૮૪માં ત્રીજીવખત શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો અને ધર્મકુળ પરિવાર સાથે ગઢડાથી ચાલ્યા તે કારિયાણી, ઝમરાળા, ધોલેરા થઈ પીપળી પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી કમિયાળા થઈ ભોળાદ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૪ની લીલા)

૨૦. સં. ૧૮૮૫માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-હરિભક્તો સાથે વડતાલથી ધોલેરા જતા પીપળી પધાર્યા હતા. તેનું વર્ણન કરતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :-

**'રુડી રીત્યે તહાં રહિ રાત્ય, પ્રભુ પરવર્યા ઊઠી પ્રભાત;**
**બપોરા કર્યા જૈ ગલિયાણે, જમ્યા સાથવો શ્યામ તે ટાણે.**
**ત્યાંથી જાખડે જૈ રહ્યા રાત, પીપળી ગયા ઊઠી પ્રભાત;**
**ગયા ધોલેરે ધર્મકુમાર, દેવદર્શન કીધું તે ઠાર.'**

(શ્રીહરિલીલામૃત : ૯/૧/૩૪-૩૫)

૨૧. સં. ૧૮૮૫માં બીજીવખત ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો તથા ધર્મકુળ અને રાજાઓ સાથે બરવાળાથી ચાલ્યા તે નાવડા, સાંગાસર, ધોલેરા, આંબલી થઈ પીપળી પધાર્યા. ત્યાં તળાવને કાંઠે રાત રહ્યા. અયોધ્યાવાસીએ થાળ કર્યો તેને તેમના ઉતારે જઈને પોતે જમ્યા. સવારના પહોરમાં ત્યાંથી પોતે ગાડે બેસીને ચાલ્યા, તે ભોગાવાને કાંઠે ગયા. સંતે ખડનો પુલ (પુલ-રસ્તો) બાંધ્યો તે ઉપર પોતે ગાડે બેસીને ઊતર્યા ને સંત ઉપર બહુ રાજી થયા.


(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૫ની લીલા)

૨૨. સં. ૧૮૮૫માં ત્રીજીવખત ભગવાન શ્રીહરિ, ધર્મકુળ-સંતો-હરિભક્તો તથા રાજાઓ સાથે કારિયાણીથી ચાલ્યા તે બરવાળા, ઓતારીયા થઈ પીપળી પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી કમિયાળા, સીંજીવાડા થઈ વડતાલ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૦૭)

**મું. પીપળી, તા. ધોલેરા, જી. અમદાવાદ**

# ગાંફમાં ગુણનિધાન શ્રીહરિ



ગાંફ ગામ ધોલેરાધામથી ૧૪ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગાંફ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે સં. ૧૮૫૫માં પધાર્યા હતા. ત્યારબાદ રાજાધિરાજ થયા પછી ગઢપુરથી વડતાલ કે અમદાવાદ વગેરે સ્થાનોમાં આવતાં-જતાં ૨૨ વારથી વધુ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં વસ્તા રાવળ, ભાઈજીભાઈ, મેઘજીભાઈ, જગાભાઈ, પુંજાભાઈ, નાગજીભાઈ અને ગગાભાઈ વ્યાસ તેમજ પંડ્યા નાથજી, હીરજી, ઓધવજી, પુરુષોત્તમ ઠાકર, બંને બેચરભાઈ વ્યાસ, દેવકૃષ્ણભાઈ વ્યાસ, જગાભાઈ વ્યાસ, નારાયણજી શુક્લ, જગાભાઈ શુક્લ, આશારામ શુક્લ વગેરે બ્રાહ્મણ ભક્તો તેમજ ગામના ઠાકોર મનુભા, કુંવર અજુભા, હઠીભાઈ ક્ષત્રિય તથા ગોવિંદભાઈ, લવજીભાઈ, હરજીભાઈ રણછોડભાઈ પટેલ તથા હેમરાજભાઈ સોની, માવજીભાઈ ગઢવી, માવાભાઈ ધોબી તથા અવલબાઈ, રૂડીબાઈ વગેરે સ્ત્રીભક્તો પ્રસિદ્ધ હતા.

જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

**'વિપ્રવસતોજગોઓધવજી,હિરજીપુંજોશામોનેનાથજી;**
**દ્વિજ રળિયાત ગલાલબાઈ, ક્ષત્રિ હઠિ હરિ અજુભાઈ. ૮**
**કણબી ભક્ત હરજી લવજી, રણછોડ ને સોની હેમજી;**
**ભક્ત માવ છે એક બારોટ, પ્રેમી ભક્ત માવો પરિયટ. ૯**
**એહ આદિ ભક્ત બાઈભાઈ, સારા સતસંગી ગાંફમાંઈ.'**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૧૧૮)

ગાંફ ગામના દેવકૃષ્ણ વ્યાસે ધોલેરા મંદિરની પ્રતિષ્ઠા પૂર્વે ગઢપુરથી લાવેલી રાધા સહિત શ્રી મદનમોહનજી મહારાજની મૂર્તિઓને હાલની અક્ષરઓરડીની બેઠકે એક ઓરડો હતો તેમાં રાખવામાં આવી હતી તે સ્થાને આજુબાજુની જગ્યા તેના માલિક પાસેથી રૂપિયા ૩૨૦૦૦ હજારમાં ખરીદીને આ સ્થાને સુંદર કલાત્મક છત્રીનું નિર્માણકાર્ય કરાવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવ્યા હતા. જેની નોંધ લેતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે : **'ગાંફના દેવકૃષ્ણજી વ્યાસે, હાલ છત્રી કરાવેલી ભાસે.'** (શ્રીહરિલીલામૃત : ૮/૫૦/૫)

ધોલેરા મંદિરની પ્રતિષ્ઠા વખતે વરૂણીમાં બ્રાહ્મણોને બેસારવાના હતા તેમાં ગાંફ ગામના વસ્તા રાવળ આદિક બ્રાહ્મણો પણ બેઠા હતા. ભગવાન શ્રીહરિએ કારિયાણીમાં ત્રણ દિવસનો યજ્ઞ કરાવ્યો હતો તેમાં હોમ કરાવવા માટે ઘણા ગામના સત્સંગી વિપ્રો વરૂણીમાં આવ્યા હતા, તેમાં ગાંફ ગામના સત્સંગી વિપ્રો પણ પધાર્યા હતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૪૪)

સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં ગાંફ ગામના સત્સંગીઓ પણ ગયા હતા અને શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૫૩)

### ॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગાંફ ગામમાં પધરામણી ॥

■ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગાંફ ગામમાં સૌપ્રથમવાર સં. ૧૮૫૫માં નીલકંઠ વર્ણીસ્વરૂપે વનવિચરણ કરતા થકા સાબરમતી ઊતરીને પીપળી થઈ ગાંફ ગામમાં પધાર્યા હતા. અહીં દર્શનનું સુખ આપી ભગવાન શ્રીહરિ ખરડ, ઝીંઝર, ભીમનાથ, પોલારપુર થઈ બરવાળા આવ્યા હતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨/૫૧)

■ ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તોના સંઘ સહિત વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, નાર, ઉંટવાડા, બુધેજ, ગુડેલ, રોણી, મીતલી, પીપળી થઈ ગાંફ ગામ આવ્યા. ગાંફ ગામમાં વસ્તા રાવળ નામે એક વિપ્ર સત્સંગી હતા. તેમનો પરિવાર બધો જ સત્સંગી થયો હતો. દેવા દવે અને ગગા દવે તથા તેમનો બધો પરિવાર, એ બધા પવિત્ર બુદ્ધિવાળા વિપ્રો હરિભક્ત હતા. ક્ષત્રિયોમાં હઠીભાઈ તથા હરિભાઈ એ નામે સગા બે ભાઈ ઘણા જ શૂરવીર સત્સંગી હતા. બીજા એક 'માનજી' નામે ક્ષત્રિય હરિભક્ત હતા. તેઓ પછીના સમયમાં કેટલાક વરસ શ્રીહરિની સેવામાં રહ્યા હતા. તે સિવાય માવાભાઈ નામે એક ગઢવી સારા સત્સંગી હતા. તેઓ સારા કવિ અને પરમ વિવેકી હતા. તેના બધા જ પુત્રો પણ હરિભક્ત થયા હતા. હિમરાજ નામે એક સોની અને લવજી નામે કણબી ઘણા ઉદાર સત્સંગી હતા. વળી એક ગુલાબગર નામે અતીત પણ પાકા સત્સંગી હતા. બીજા પણ જે હરિભક્તો હતા તે બધા મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા.

ગગા દવે ગાંફના રાજાના દિવાન હતા. તે રાજાની બધી સવારીને સન્મુખ લાવ્યા. રાજાના કુંવર 'અજુભાઈ' નામે હતા, તે સવારીમાં મુખ્ય રહ્યા હતા. તેઓ ડંકા, નિશાન અને બધા વાજિંત્રોને લાવ્યા હતા. તેનાથી હરિભક્તોમાં સ્નેહભાવ છવાઈ ગયો હતો. તે સમયે બધા ફૂલહાર લઈને આવ્યા તે શ્રીહરિને પહેરાવ્યા. એક એક શ્રીફળ લાવીને ભેટમાં મૂકતા અને દંડવત પ્રણામ કરીને ચરણોમાં પડતા. જ્યારે રાજકુંવર શ્રીહરિને મળ્યા ત્યારે બંદૂકોના અપાર અવાજ થયા. રાજકુંવરે થાળમાં પાંચ શ્રીફળ ભરીને ભેટ મૂક્યા. ફૂલહારની છાબ ભરીને લાવ્યા હતા. તે પણ શ્રીહરિને ઘણા ભાવથી પહેરાવ્યા. સંતોને અને વર્ણીઓને પણ ફૂલહાર પહેરાવ્યા. શ્રીહરિએ રાજકુંવરને પ્રેમથી બોલાવ્યા. ગામના બીજા બધા હરિભક્તોને પણ ઘણા જ સ્નેહભાવથી બોલાવ્યા.

ગોંડળના રાજા હઠીભાઈ શ્રીહરિની સાથે હતા. તેના હાથીને દેખીને રાજકુંવરે બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું : "મારી એક વિનંતી છે. આપ હાથી ઉપર બેસો. હે હરિ ! આપના મનમાં તો દરેક વાહન સમાન જ હોય પણ અમે હાથીને વિશેષ માનીએ છીએ. હાથી ઉપર આપ વિરાજ્યા હોવ, તેવી સ્મૃતિ અમને કાયમ રહે. અમારી ભાવનાને આપ પૂર્ણ કરો. આપના ધામ સુધીમાં અનંત બ્રહ્માંડો છે, તેને આપની આ એક મૂર્તિએ જ શોભાડી દીધાં છે. આપની મૂર્તિનું જે સૌંદર્ય છે તે સામાન્ય આંખોની દેખાતું નથી. જ્યારે શ્રેષ્ઠ કવિઓ તેને

અપૂર્વરૂપમાં વર્ણવે છે ત્યારે તે સુંદરશોભા આ મૂર્તિમાં દેખાય છે. આપની મૂર્તિ શોભાના ધામરૂપ છે. જો આપ હાથી ઉપર બેસો તો હાથીનો જન્મ પણ સફળ થાય. આપના સિવાયનો એકલો હાથી પણ શોભતો નથી.''

તે વખતે બીજા બધા દરબારોએ પણ કહ્યું : 'આ રાજકુંવર જે કહે છે તે ખરી વાત છે. તેમાં લગારેય ખોટું નથી. આપના વિનાનો એકલો હાથી તો ઊજડ પહાડના જેવો શૂન્ય લાગે છે.' સહુ હરિભક્તોનાં વચન સાંભળીને શ્રીહરિ મંદ મંદ હસવા લાગ્યા. આંખના પ્રસન્નભાવથી દરબારને સંમતિ આપી એટલે ખૂબજ હરખથી હાથીને શણગાર્યો. જે સોનાની અંબાડી હતી તે હાથીના ઉપર મૂકી. હાથીને વિચિત્ર રીતે એવો શણગાર્યો કે તેની શોભા વર્ણવી શકાતી નથી. શ્રીહરિએ પણ સારા શણગાર ધારણ કર્યા. શ્રીહરિની સુખકારી મૂર્તિ દિવ્ય જણાતી હતી. શ્રીહરિ જેના ઉપર એકવાર કૃપાદૃષ્ટિ કરતા હતા તે ભક્ત એકદમ સ્થિર શાંતભાવને પામી જતો હતો. જ્યારે પ્રભુ હાથી ઉપર વિરાજ્યા ત્યારે અંગોની શોભા અદ્‌ભુત હતી. એક હાથમાં રૂમાલ લીધો હતો અને ચરણોમાં મોતી જડિત મોજડી પહેરી હતી.



હરિભક્તો દર્શન કરીને આનંદિત થઈ જતા હતા. દરબાર હઠીભાઈ ચામર કરવા બેઠા ત્યારે તેમણે રાજકુંવરને પોતાની પાસે બેસાડ્યા હતા. જ્યારે સવારી સાથે શ્રીહરિ ગામને દરવાજે પહોંચ્યા ત્યારે ગામના અપાર લોકો દર્શન કરવા ત્યાં ઊભા હતા. સહુના હાથમાં ફૂલહાર હતા. તે દેખવાથી એમ લાગતું હતું કે પ્રફુલ્લિત ફૂલોનો બાગ શોભી રહ્યો છે. ગાંફના દરબારે ઘણા જ ઉમંગથી ગામના દરવાજાને વિચિત્ર રીતે શણગાર્યો હતો. જ્યારે શ્રીહરિ દરવાજાને નજીક પહોંચ્યા ત્યારે લોકો 'જય જય' કારનો ધ્વનિ કરવા લાગ્યા. બધા લોકો ઘણા જ ભાવથી પૂજા કરવા લાગ્યા અને ફૂલહાર પહેરાવવા લાગ્યા.

શ્રીહરિની આગળના ભાગમાં ડંકા, નિશાન અને વાજિંત્રો વગાડનાર ચાલતા

હતા. બધા સંતો અને વર્ણીઓ શ્રીહરિની આગળ ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સાહથી ઉત્સવનાં કીર્તન બોલતા હતા. જ્યારે ગામમાં આવ્યા ત્યારે પાર્ષદો એક સામટા બંદૂકોને ફોડવા લાગ્યા. તેનાથી બધું જ આકાશ ગાજી ઊઠ્યું. ગામના બંને દરવાજાની અંદરની રાજબજારને કેળના સ્તંભ રોપાવીને વિચિત્ર પ્રકારે શોભાડી હતી. બજારની બંને બાજુની દુકાનોને સારી રીતે શણગારી હતી અને તેના દરવાજામાં મોતીના તોરણો બાંધી દીધાં હતાં.

ગાંફ ગામની રાજ બજારમાં જ્યારે શ્રીહરિ પધારી રહ્યા હતા ત્યારે દરેક દુકાને વણિકોએ બિલોરી ઝાડ બાંધી દીધાં હતાં. રાજ બજારમાં હાથમાં પૂજાનો સામાન લઈને એટલા બધા સ્ત્રી પુરુષો ઊભા હતા કે તેનો ગણ્યે પાર આવતો ન હતો. હાથમાં ફૂલના હાર લઈને એક કતારમાં લોકો ઊભા હતા. તે હારમાં ખીલેલા ફૂલોને લીધે તો પૂરી બજાર પ્રફુલ્લિત ફૂલબાગ જેવી લાગતી હતી. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરી ઊભી હતી અને શ્રીહરિને ભક્તજનપ્રતિપાલક સમજીને વારંવાર તેમને મોતીથી વધાવતી હતી. હરિભક્તો પુષ્કળ ગુલાલ લાવ્યા હતા. તેને વારંવાર ઉડાડતા હતા. બધી સવારી ગુલાલથી રંગાઈ ગઈ હતી. તેની શોભા મુખથી વર્ણવી શકાતી નથી.

બજારમાં ફૂલહાર લઈને જે લોકો ઊભા હતા. તે શ્રીહરિ પાસે આવે ત્યારે પહેરાવી દેતા હતા. સંતો, વર્ણીઓ, દરબારો અને પાર્ષદો, એ બધા શ્રીહરિની સાથે આવેલા હતા. તે બધાને શ્રીહરિના સેવક (પાર્ષદ) સમજીને ફૂલહાર પહેરાવી દેતા હતા. સુખકારી શ્રીહરિ આ રીતે સર્વોત્તમ દર્શન આપીને રાજ દરબારના દરવાજે આવી ગયા. ગાંફના ઠાકોર મનુભા નામે હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવી એક શ્રીફળ મૂકીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. મનમાં આનંદ ઘણો જ ઊભરાતો હતો. તેઓ ખૂબ જ રાજી થયા. બંને હાથ જોડીને પ્રાર્થના કરતા તેમણે કહ્યું, મહારાજ, આપ અંદર આવીને અમારા દરબારગઢને પાવન કરો. હે હરિ, અમે આપને શરણે છીએ. આપના સિવાય અમારે બીજો કોઈ આધાર નથી. ત્યારે રાજાનો શુદ્ધ ભાવ જોઈને શ્રીહરિ તેમના ઉપર ઘણું જ પ્રસન્ન થયા.

પછી શ્રીહરિ રાજદરબારની અંદર પધાર્યા. ચોપદાર 'જય જય' એવો ઉચ્ચાર કરતા હતા. અંદરના રાજમહેલોને વિવિધ રીતે શણગાર્યા હતા. શ્રીહરિ જ્યારે રાજમહેલને એકદમ નજીક આવ્યા ત્યારે હાથી ઉપરથી નીચે ઊતર્યા. શ્રીહરિનાં ચરણ મૂકવા માટે ચાલીમાં કિનખાબનો થાન (તાકો) પાથરી દીધો.

તેના ઉપર ચરણ-પગલાં પાડીને શ્રીહરિ મહેલની અંદર ગયા. ત્યાં સુવર્ણનો પલંગ બિછાવેલો હતો. તેના ઉપર જઈને બેઠા. ઠાકોર સાહેબે બીજા ઘણા નવા બિછાના તૈયાર રખાવ્યા હતા. સંતો અને દરબારો વગેરે તેના ઉપર બેઠા. શ્રીહરિના પધારવાથી રાજમહેલની શોભા અનંત અદ્‌ભુત થઈ હતી.

આખા રાજમહેલમાં મોતીના ઉલેચ બાંધ્યા હતા તેમજ પ્રત્યેક દરવાજામાં મોતીનાં તોરણ બંધાવ્યાં હતાં. મહેલના દરેક ખંડમાં બિલોરી ઝાડ બાંધ્યાં હતાં. અનંત કોટિ બ્રહ્માંડના નાથ શ્રીહરિ પધાર્યા હતા તેનો ઉત્સાહ અનેરો હતો. આખા બ્રહ્માંડમાં જે સુંદર શોભા કહેવાતી હતી તે શ્રીહરિના પધારવાથી બધી ખીલી ઊઠી હતી.

તે પછી દરબારે શ્રીહરિનાં ચરણ દૂધથી ધોયાં અને પૂજા કરવા લાગ્યા. સુગંધીમાન કેસરયુક્ત ચંદનનો કટોરો ભરીને રાખ્યો હતો. તે દરબારે શ્રીહરિનાં લલાટમાં ચરચ્યું અને તેના મધ્યમાં કુંકુમનો રૂપાળો ચાંદલો કર્યો. પાઘના ઉપર શિરપેચ બાંધીને તેના ઉપર ભવ્ય કલગી ધરાવી. પાઘમાં મોતીના તોરા લટકાવ્યા અને ચિત્તાકર્ષક કુંડળ કાનમાં પહેરાવ્યા. નવ સેરવાળો મોતીનો હાર છાતી ઉપર પહેરાવ્યો અને કૌસ્તુભ મણિ કંઠમાં ધરાવ્યો. બંને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા તે વિચિત્ર રીતે અત્યંત સોહામણા લાગતા હતા. કાંડામાં સોનાના કડાં અને આંગળિયોમાં વેઢ પહેરાવ્યા. મનગમતાં ઝાંઝર ચરણોમાં ધરાવ્યા. બધા અંગો ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યાં. તેનાથી મૂર્તિ અતિશય સુશોભિત બની હતી. વળી એક જરીમય ભારે માંહેલો દુશાલો પણ શ્રીહરિને ઓઢાડ્યો.

તે સમયે નોબત વાગી રહી હતી અને ઠાકોર સાહેબે કપૂરની આરતી ઉતારી. વળી ચરણકમળના ઉપર ચંદન ચરચીને તેને પોતાની છાતી ઉપર ચાંપ્યા. જેટલા ઠાકોર સાહેબના રાજપુત્રો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. વિવિધ પ્રકારના ફૂલહાર લઈને સહુએ ઘણા જ પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. અતિશય સુગંધી અત્તર વસ્ત્રો ઉપર સરસ રીતે લગાવ્યું. પછી સંતો, વર્ણીઓ અને પાર્ષદો, એ બધાને તે વખતે પૂજ્યા. એકેક ફૂલહાર પહેરાવીને સહુને વસ્ત્ર ઓઢાડ્યાં.

ઠાકોર સાહેબે બે હાથ જોડીને શ્રીહરિની સ્તુતિ કરી અને કહ્યું, આપનાં ચરણ કમળ નિર્ભય સ્થાન છે, તો હવે મને આપના ચરણોમાં નિવાસ આપો. બધા વેદ અને શાસ્ત્રો એવું કહે છે કે આપનાં ધામનું સુખ નિર્ભય છે. અમારો સહુનો સંસાર સાગરથી ઉદ્ધાર કરવા માટે આપ આ સ્થાન ભારત ભૂમિમાં પધાર્યા છો. અમે આપને શરણે થયા છીએ, તેથી કાળ અને માયાનું દુઃખ તો

દૂર થયું છે. આપે અહીંયા પધારીને અમને દર્શન આપ્યાં છે તેથી હવે અમે ઘણા જ 'ધન્યભાગ્ય' થયા છીએ. હે હરે ! આપ સહુને જમાડવાની અમારાં મનમાં ભાવના છે. આપ આજ્ઞા આપો. અમે તરત જ રસોઈ તૈયાર કરાવીએ. અહીંથી આગળ ચાલતા સાત કોશ (ગાઉ)નું ભારે મોટું રણ આવે છે. વચ્ચે ક્યાંય પીવાનું પાણી પણ મળે તેમ નથી. તે પ્રમાણે જ વચ્ચે ક્યાંય છાયાવાળું સારું ઝાડ પણ નથી. આવો તે વનનો માર્ગ ઘણો જ વિકટ છે. એટલે આપ અમારી વિનંતીને સાંભળો અને સુખકારક એવા સાંજના પહોરમાં અહીંથી નીકળો.

રાતે જ્યારે ચંદ્રોદય થાય ત્યારે રણમાં ચાલવાનું રાખવું. રાતે ચાલવાથી સહુને શાંતિ રહેશે અને વિકટ રણ અને વન પસાર કરવામાં અનુકૂળતા રહેશે. ત્યારે શ્રીહરિએ બધા દરબારોને પૂછ્યું, 'તમારી સહુની મરજી શું છે ? બોલો. ત્યારે દરબારોએ કહ્યું, હે પ્યારા, સહુને સુખ થાય તેમ તો આપ કરો છો. 'અમે સુખી થઈએ, તેમજ આપ કાયમ પ્રેમથી કરો છો. વળી મહારાજ ! અમને સુખી કરવા માટે તો આપ પ્રકટ થયા છો.' ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, અહીંના રાજા મનુભાનો ભાવ જોઈને તો આપણે અત્યારે અહીંયા ટક્યા છીએ. તો હવે પછી રાતે જ્યારે ચંદ્રમા ઊગે ત્યારે આપણે સહુએ અહીંથી ચાલવું.

શ્રીહરિની વાત સાંભળીને ઠાકોર મનુભા ખૂબ રાજી થયા. જેને જેવા ઉતારા દેવા જોઈએ તેવા સહુને પ્રેમથી ઉતારા અપાવ્યા. જેને જે ચીજ વસ્તુની જરૂર હતી તે તેમને તરત જ પહોંચાડી દીધી. હાથી, ઘોડા અને બળદોને માટે ઘાસચારો અને જોગાણ વગેરે તુરંત જ ઉત્સાહથી મોકલ્યું. રસોઈ કરાવવા માટે તાજું પાણી ભરાવ્યું. તરત જ રસોઈ માટેનું સારું, તાજું, જાત જાતનું બધું સીધું પણ આપ્યું. સંઘમાં જે વિપ્રો હતા તે અને વર્ણીઓ સહુ મળીને રસોઈ બનાવવા લાગ્યા. પુષ્કળ દૂધ પણ આવી ગયું. જયાનંદ વર્ણીએ સત્વરે દૂધ પાક બનાવ્યો. સારા પ્રમાણમાં સાકર નાખીને માલપૂડા બનાવ્યા. દૂધપાકમાં પણ માપસર સાકર નાખી. વળી સારા ભજિયાં, વડાં અને સુંદર શાક પણ કર્યાં.

જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ. અને મધ્યાહ્નનો સમય થયો. ત્યારે ભગવાન શ્રીહરિ તરત જ જમવા માટે આવ્યા. અતિ વિચક્ષણ એવા પુરુષોત્તમ શ્રીહરિ પહેલા ઠંડા જળથી નાહ્યા અને પછી એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. ધર્મકુંવર શ્રીહરિએ એક હાથમાં રૂમાલ રાખ્યો હતો અને આવીને સોનાના બાજોઠ ઉપર બેઠા. વર્ણીએ જે રસોઈ ઘણી સરસ બનાવી હતી, જે જે ભોજન બનાવ્યા હતા તે થાળમાં પીરસીને લાવ્યા. ત્યારે તેને શ્રીહરિ જમવા લાગ્યા. ગાંફના

રાજાનો ઉદ્ધાર કરવા સુખકારી શ્રીહરિ ઘણા જ ભાવથી તે ભોજન જમ્યા. જ્યારે થાળ જમી રહ્યા ત્યારે તેની પ્રસાદી રાજાને મોકલી.

જમ્યા પછી હાથ અને મુખ ધોયાં. મુખવાસ લીધો. સંતોની પંગત કરવાની આજ્ઞા કરી. જેટલા હતા તે બધા સંતો, દરબારો અને પાર્ષદો, બધા પંગતમાં બેસી ગયા. શ્રીહરિ પીરસવા માટે આવ્યા. જે જે ભોજન હતાં તે બધાં પીરસ્યાં. સંતોને અને દરબારોને આનંદિત કરવા માટે શ્રીહરિ વારંવાર પંગતમાં પીરસવા ફરતા રહ્યા. જ્યાં સુધી સહુ જમતા હતા ત્યાં સુધી સુખદાયક શ્રીહરિ પંગતમાં ફર્યા. બધા જમીને તૃપ્ત થયા છે એમ જ્યારે જાણ્યું ત્યારે તરત જ હાથ ધોયા. સુખકારી શ્રીઘનશ્યામ સુંદરવર પછી આવીને થોડીવાર પલંગ ઉપર પોઢી ગયા. અતિશય પ્રેમી સ્વભાવના જે પાર્ષદો હતા તે વીરણ (સુગંધી) વાળાના પંખાને ભીંજવીને લાવ્યા અને પવન નાખવા લાગ્યા. નાથભક્ત અને ઉમાભાઈ નામે જે ભક્ત હતા તે અહર્નિશ શ્રીહરિની સેવા કરતા હતા. ક્યારેક શ્રીહરિ તેમના ઉપર ખીજાય અથવા રાજી થાય ચાહે તેવી સ્થિતિમાં સતત તેઓ એક સરખી રીતે જ શુદ્ધ ભાવે સેવા કરતા હતા. આપણી સેવાને શ્રીહરિ સ્વીકારે છે, તે તેમની મોટી કૃપા છે. એમ સમજતા. એટલે તેઓ ક્યારેય મનમાં ઝાંખા પડતા નહી. હસતે મુખે જ રાત-દિવસ સેવા કરતા હતા. તેમનો પ્રેમ એક સરખો કાયમ રહેતો હતો.

શ્રીહરિ વારંવાર વઢે છતાં તે સેવકો શ્રીહરિનો અવગુણ લેતા નહિ. આવી રીતના જે સેવા કરનારા સેવક હોય તે જ શ્રીહરિની પાસે ટકતા હતા. શ્રીહરિ જેને વારંવાર વઢતા તે સેવક પોતાને ધન્ય ભાગ માનતા. વઢવાને પણ જે અત્યંત સુખ માનતા તે સેવકના ઉપર શ્રીહરિની અત્યંત કરુણા થાતી હતી. શ્રીહરિનાં કડવાં વચનને જે સહન કરતા તે સેવકને શ્રીહરિ પોતાના પ્રાણપ્રિય ભક્ત માનતા. તેમનો એવો સ્વભાવ હતો કે જે જેટલું સહન કરે તેને તેટલું પછીથી માન આપતા. શ્રીહરિ જેના ઉપર વધારે હેત રાખતા હોય તેને વારંવાર વઢતા. કારણ કે તેઓ પોતાના પ્રીતિપાત્રને દૃઢ કરવા ચાહતા હતા.

તોડવા પ્રયત્ન કરવા છતાં જે તૂટે નહિ તે હીરો અમૂલ્ય કહેવાય, તે રીતે જ જે ભક્ત ટોકણીને સહન કરે તે જ ભક્ત અમૂલ્ય ગણાય અને તેની સાથે શ્રીહરિ વધારે હેત રાખતા હોય છે. પોતાના ભક્તને અમૂલ્ય કરવાને માટે જ શ્રીહરિ વારંવાર ટોકતા. ટોકણીથી જે ભક્ત મુંઝાઈ જાય તેના ગુણને પણ શ્રીહરિ સમજી રાખતા. જેમાં જેવા ગુણ હોય તેને શ્રીહરિ વર્તન ઉપરથી જાણી લેતા અને તે

પછી તેના ગુણોને અનુસારે શ્રીહરિ સંસારનાં દુઃખોથી તેનો ઉદ્ધાર કરતા. જેમાં જેટલું મુમુક્ષુપણું હોય, તેમાં તેટલું નિર્માનીપણું રહ્યું હોય છે. આ લોકમાં જેટલું નિર્માનીપણું હોય તે પ્રમાણે શ્રીહરિ તેને અક્ષરધામમાં તેવું સુખ આપે છે. જેમાં જેટલું માન હોય તેટલો તેમાં ક્રોધ રહ્યો હોય છે. જેની જેવી જાતિ હોય તે પ્રમાણે તેમાં માન રહ્યું જ હોય છે.

મનુષ્યનું શરીર જ્યારે પરાધીન થાય છે, ત્યારે તેને તલભાર પણ માન રહેતું નથી અને જેટલા દોષ છે તે બધા દેહાભિમાનમાં જ આવીને રહે છે. જે મનુષ્ય દેહાભિમાની હોય છે તેને કોઈ પણ શુભ ફળની પ્રાપ્તિ થાતી નથી. એટલે અનર્થમાત્રનું મૂળ દેહાભિમાન જ કહેવાય છે. નિર્માનીપણું વધારે શોભે છે. એટલે નિર્માની માણસ જ સૌનો પ્રિય બની જાય છે. અભિમાન (મદ)નું મૂળ ધન સંપત્તિ છે અને ઊંચું કુળ પણ છે. સારી વિદ્યા અને સુંદર શરીર પણ અભિમાનનું કારણ બને છે. તેને સત્પુરુષ ઓળખી લે છે. જો સત્પુરુષને વધારે સંપત્તિ મળી હોય તો તે સમુદ્રના જેવો ગંભીર રહે છે.

ચોમાસાના ચાર મહિના સુધી વરસાદ વરસવાથી નદીઓ જેમ પાણીથી ભરપૂર વહેતી હોય છે. તેવી જ સ્થિતિ દુર્જન લોકોની હોય છે. વિશાળભૂમિ ઉપર વરસેલા પાણીને નદીઓ ખેંચી લે છે અને તે બધું જ પાણી સમુદ્રમાં સમાઈ જાય છે. પણ તેના પાણીને લીધે સમુદ્રની ગંભીરતામાં કાંઈ ફરક પડતો નથી. સમુદ્રના ઉપર અપાર વડવાનળ પેદા થાય છતાં તેનાથી તે તપતો નથી. તે રીતે જ જે સત્પુરુષ છે-સજ્જન છે તે કોઈ પણ રીતે ક્યારેય તપતો-અકળાતો નથી. હાં, જો થોડો પણ અધર્મ થતો દેખાય તો તે સત્પુરુષ-સજ્જન ક્યારેક તે પ્રસંગે તપી જાય છે, કારણ કે સજ્જનને ધર્મના ઉપર પ્યાર હોય છે અને તપ્યા સિવાય ક્યારેય ધર્મ રહેતો નથી.

ધર્મની રક્ષા કરવા માટે સત્પુરુષ જરૂર પૂરતું અભિમાન રાખે છે. જે ક્યારેય અધર્મનો પક્ષ ન રાખે તે જ સત્પુરુષ કહેવાય છે. અધર્મ કરવાથી જો બ્રહ્માંડનું રાજ્ય મળતું હોય તો સત્પુરુષ તેવા રાજ્યને નરકનો સામાન ગણે છે. ભગવાન સિવાયનું જેટલું સુખ હોય તેને સત્પુરુષ દુઃખરૂપ જ દેખે છે. જેની આવી સમજણ હોય તે જ પાકા સત્સંગી કહેવાય છે અને તેવી સમજણ વિના તો કાચા ગણાય છે. જે સત્સંગમાં કાચા હોય તે જો પાકા સત્સંગીનો સમાગમ રાખે તો તેનો રંગ ચઢવાથી કાચા પણ પાકા થઈ જાય છે.

સહુ પ્રથમ એક વિચાર કરવાનો છે કે જેને સંતોના ઉપર અને હરિભક્તોના

ઉપર અપાર હેત હોય, તે જ પાકો સત્સંગી (હરિભક્ત) છે અને જેને હેત ન હોય તે પાકો સત્સંગી નથી. કદાચ તે બિલકુલ અનાજ ન ખાતો હોય તોએ શું ? સંત હરિભક્તોના ઉપર હેત ન હોય અને તે કદાચ મૂર્તિમાં અખંડ ચિત્ત રાખતો હોય તો પણ તેનો તે વેશ માત્ર લોકોને ઠગવા માટેનો જ છે. જે ભક્તો શ્રીહરિની મરજીને જાણતા હોય છે તેઓ તો તેમને ઠગના રૂપમાં જ માને છે. જેને સંતોમાં અને હરિભક્તોમાં હેત-પ્રીત હોય તેનું જ ચિત્ત ભગવાનની મૂર્તિમાં ચોંટતું હોય છે તેવા હેત પ્રેમ વિનાના જે હોય તેની સમાધિ-ધ્યાન કે કરોડો પ્રકારની જ્ઞાન વાર્તા, બધું જ વૃથા છે.

જે ભોજન કે વસ્ત્રો બાબતમાં ત્યાગ દેખાડતા હોય, પણ જો સંતહરિભક્તો સાથે પ્રેમ ન હોય તો તેનો બધો ત્યાગ વૃથા છે. લોકોને દેખાડવાને માટે જેટલું કરે છે તેને શ્રીહરિ તથા સંતો 'તે પાખંડ છે' એમ માને છે. પાખંડીઓ તો અનંત પ્રકારની અવનવી વાતોને ઘડી કાઢતા હોય છે. અને ખોટી રીતે શ્રીહરિની ઓથ (ઓટ) લેતા હોય છે. તે પાખંડીઓ જો ભગવાનને મૂકી દે, તો હરિભક્તો તેને માને નહિ, એટલે તેઓ ભગવાનને પણ પોતાના પાખંડની સહાય માટે રાખે છે. જે લોકો પાખંડ કરવા માટે જ સત્સંગ રાખતા હોય છે તેમને ભગવાન કે ભગવાનનાં સંત સહાયક થાતા નથી. તેનો પાખંડનો સત્સંગ તો અંતે જાતા નાશ પામે છે.

ધર્મકુમાર શ્રીહરિ ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી પોઢી ગયા. પછી ઊઠીને મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા. તેઓ આવ્યા ત્યારે કહ્યું, હવે તમે સંતો દોકડ અને સરોદ લઈને કીર્તન ગાન કરો. બધા દરબારો પણ કીર્તન ગાન કરવાનું ઇચ્છે છે. અહીંના ઠાકોર મનુભાને પણ ગાન ઉપર વધારે ભાવ છે એટલે તમે સહુ કીર્તન ગાન કરો અમને પણ તેમાં અધિક તાન-રસ છે.

ગાયક અને વાદક સંતો આવ્યા. દોકડ અને સરોદ લઈને સરસ સારંગ રાગથી ગાન કરવા લાગ્યા. બધા સંતો અને વર્ણી આવીને બેઠા. દરબારો અને બીજા જે હરિભક્તો હતા તે બધા આવીને ત્યાં બેઠા. સારંગ રાગ ગાયા પછી સંતોએ ધન્યાશ્રી રાગ ગાયો. ગાયક સંતોમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી, એ ત્રણ કવિ સંતો હતા. ભગવત્પ્રેમરસથી ભરપૂર એવા પોતપોતાના પદ તેમણે ગાયા. તે સંતો પરસ્પર સુહૃદ હતા, બધા સાથે મળીને ગાન કરતા હતા. બ્રહ્માનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને પરમ ગુરુનાં રૂપમાં માન આપતા અને મુક્તાનંદ સ્વામી ભાઈ રામદાસ સ્વામીમાં અખંડ ગુરુભાવ

રાખતા. અને પ્રેમાનંદ સ્વામી તો મુક્તાનંદ સ્વામીમાં અને બ્રહ્માનંદ સ્વામીમાં જિંદગીભર ગુરુબુદ્ધિ રાખતા, એવા તે મહાન બુદ્ધિશાળી સમર્થ કવિઓ હતા.

સંતોએ ચાર ઘડી સુધી ગાન કર્યું. ભગવાન શ્રીહરિ ઘણા જ ખુશી થયા. જ્યારે દિવસનો તાપ ઓછો થયો ત્યારે ગામના હરિભક્તો બોલ્યા. આપે હરિભક્તોના ઉપર દયા કરી છે અને પ્રેમથી મનુષ્ય શરીર ધારણ કર્યું છે. માતા અને પિતાને મુક્તિ આપી અને તરત જ તેઓ દિવ્ય ભાગવતી તનુને પામ્યા છે. તેમને દિવ્ય વિમાનમાં બેસાડીને પોતાના દિવ્ય ધામમાં પહોંચાડી દીધા. તે પછી આપે તીર્થોમાં અને વનોમાં વિચરણ કરીને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો. આપે અનંત પશુઓ, પક્ષીઓ અને વૃક્ષોનો ઉદ્ધાર કર્યો. હે પ્યારા ! આપે તેટલા માટે તો વન વિચરણ કર્યું. જે જે વૃક્ષની નીચે બેઠા. વનમાં જે ફળ મળ્યાં. કંદ, મૂળ, પત્ર, ફૂલ, જેનું જે કાંઈ મળ્યું. તે બધાં વૃક્ષઆદિનો મોક્ષ કર્યો. જેને આપનાં ચરણ સ્પર્શનો લાભ મળ્યો તે બધાનો જન્મ મરણરૂપી રોગ આપે ટાળ્યો.

જે મુમુક્ષુ આપની આ મૂર્તિનું નખથી શિખાપર્યંત ધ્યાન-ચિંતન કરે છે તે મોક્ષને પામે છે, એટલે આત્યંતિક મોક્ષનું મૂળ તો આપની આ મૂર્તિ જ છે. કરોડો ઉપાય કરવાં છતાં જેને આત્યંતિક મુક્તિ મળી ન હતી. જેને પ્રાપ્ત કરવા માટે અનંત યુગો સુધી તપસ્વીઓએ તપ કર્યું હતું. તે આપની આ મૂર્તિ રહી છે. પછી તે મુમુક્ષુઓનો ઉદ્ધાર કરવાનો આ વખતે સંકલ્પ કર્યો અને આપ તપ કરવાને બહાને અનંત પર્વતોમાં અને વનમાં ફર્યા. મોટા મોટા તીર્થોમાં અને શહેરોમાં જઈને આપ ત્યાં રહ્યા. જેણે જેણે આપની સેવા કરી તેના મોક્ષમાં આપે કાંઈ ખામી (ફરક) રાખી નહિ. હે પ્રભુ, અમે અમારા પોતાના મોક્ષને માટે આપની પાસે પ્રાર્થના કરીએ છીએ. આપ પ્રેમથી અમારે ઘેર પધરામણી કરો.

આ રીતે હરિભક્તોએ જ્યારે અપાર વિનંતી કરી ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા. પછી જ્યાં જ્યાં હરિભક્તોનાં ઘર હતાં ત્યાં જઈને ચરણ પગલાં પાડ્યાં. ભક્તોના મનોરથ પૂરા કરવા માથે છત્ર ધારણ કર્યું. ભક્તોએ પણ સરસ કેસરયુક્ત ચંદન લઈને ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. વિવિધ પ્રકારના અપાર ફૂલહાર પહેરાવ્યા. કપૂરથી આરતી ઉતારી અને વારંવાર સ્તુતિ-પ્રાર્થના કરી. પોતાનાં ઘરની સંપત્તિ પ્રમાણે ભક્તોએ શ્રીહરિને વસ્ત્રો અને આભૂષણો વગેરે અર્પણ કર્યું. પછી તે ભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોની પણ પૂજા કરી. જેને સત્સંગ દૃઢ હતો એવા તે ભક્તોએ મનનાં પ્રેમ ભર્યાં ઉત્સાહથી ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા. અને પોતાની સંપત્તિને

અનુસારે સહુને વસ્ત્ર ઓઢાડ્યાં.

શ્રીહરિ હરિભક્તોને કહેતા કે પોતાના સત્સંગની અભિવૃદ્ધિ થતી રહે એવી પૂજા કરવી. સત્સંગની અભિવૃદ્ધિ કઈ રીતે થાય, એવો જ વિચાર અમે રાત દિવસ કરતા રહીએ છીએ. બધા હરિભક્તોને ઘેર પધરામણીમાં ફરતાં ફરતાં શ્રીહરિ વસ્તા રાવળને ઘેર આવ્યા. ત્યારે ત્યાં એક સુંદર પલંગ બિછાવી રાખ્યો હતો. શ્રીહરિ જઈને તેના ઉપર બેઠા. તે વેળાએ વસ્તા રાવળે કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરી, વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યા અને ફૂલહાર પણ પહેરાવ્યા. કપૂરથી આરતી કરીને પછી સ્તુતિ કરી. ચરણ કમળ ઉપર ચંદન ચરચીને પછી તેને પોતાની છાતી ઉપર ચાંપ્યા.

પછી વસ્તા રાવળે સાથે આવેલા સંતોની અને વર્ણીઓની પૂજા કરી. સૌને ચંદન ચરચીને ફૂલના હાર પહેરાવ્યા. સંતોને અને વર્ણીઓને એક એક રૂમાલ આપ્યો અને પાર્ષદોને ચંદન ચરચીને એક એક ફૂલહાર પહેરાવ્યો. ત્યાં શ્રીહરિને અને દરબારોને માટે રસોઈ બનાવી હતી. તે સંધ્યા સમયે સહુને જમાડી દીધી. સાકર નાખીને કંસાર કર્યો હતો અને તેમાં સુંદર તાજું ઘી નાખ્યું હતું. શ્રીહરિ અને દરબારો, બધા જમી રહ્યા ત્યારે મશાલ કરાવીને ઉતારે આવ્યા. ત્યાં આવીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. બે ઘડી સુધી સહુને દર્શન દીધાં. સહુના સુખધામ અને સુખકારી એવા ઘનશ્યામ શ્રીહરિ પછી પોઢી ગયા. બધા દરબારો અને પાર્ષદો પણ સૂઈ ગયા. સંતો અને વર્ણીઓ ધ્યાન કરીને સૂઈ ગયા.

જ્યારે અરધી રાત થઈ ત્યાર પછી શ્રીહરિ ઊઠ્યા. બધી સવારીને તૈયાર કરાવી. તે વેળાએ ડંકો (એક પ્રકારનો ઢોલ) વાગી રહ્યો હતો. જેટલા રથ તૈયાર થયા તે બધા ગામથી બહાર નીકળ્યા. પુંજા રાવળ નામે વિપ્ર રસ્સ્તો બતાવવા માટે સાથે આવ્યા. જે વખતે શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા ત્યારે ચોપદાર ઊંચે અવાજે નેકી પોકારવા લાગ્યા. તે વેળાએ અત્યંત શીતળ સુંદર અને સુખકારી ચંદ્રમાનો પ્રકાશ ઘણો દેખાતો હતો. શ્રીહરિ તૈયાર થઈ ગયા છે, તે સમાચાર જાણીને ઠાકોર મનુભા આવ્યા. બંને હાથ જોડીને પોતાનું મસ્તક શ્રીહરિનાં ચરણોમાં રાખ્યું. ત્યારે શ્રીહરિએ તેનાં મસ્તક ઉપર હાથ મૂક્યો.તેઓ શ્રીહરિને વળાવવાને માટે તેમની સાથે જ ઘણા ઉમંગથી ગામ બહાર આવ્યા. ગામમાં જે હરિભક્તો હતો તેઓ પણ બધા વળાવવા આવ્યા.

ગામની બહાર આવીને શ્રીહરિએ ઠાકોર મનુભાને પાછા વાળ્યા અને બીજા હરિભક્તોને પણ પાછા વાળ્યા અને પોતે એકદમ ઉતાવળા ચાલતા થયા.

ગામના હરિભક્તો દંડવત્ પ્રણામ કરીને પછી ત્યાં જ ઊભા રહ્યા. આંખોથી જ્યાં સુધી દેખાયા, ત્યાં સુધી જોતા રહ્યા અને પછી ચિંતન કરતા પાછા વળ્યા. સાત કોશ (ગાઉ) જેટલું રણ પાર કરીને ઘનશ્યામ શ્રીહરિ રોજકા ગામ આવ્યા અને બધા સુખપૂર્વક આવી ગયા તેને દેખીને મનમાં પ્રસન્ન થયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૧૬-૧૭-૧૮-૧૯)

■ ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે બામરોલી, ગોરાડ, મીતલી થઈને પીપળીએ આવી ચાલતા થયા. દરબાર દાદાભાઈએ શ્રીહરિને રોકવા માટે ઘણી તાણ કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે તો અહીંયા ફરી ફરીને ઘણીવાર રહીએ છીએ. આજ અમોએ ગાંફ ગામમાં રહેવાનું વિચાર્યું છે. તમે પણ અમારી સાથે ચાલો. ગાંફના રાજા મનુભા ઠાકોરના આજ મહેમાન થવું છે.' ત્યારે દરબાર દાદાભાઈ શ્રીહરિની સાથે ચાલ્યા. શ્રીહરિની સાથે તેઓ રમૂજ કરતા હતા. એમ રમૂજ કરતા કરતા શ્રીહરિ ગાંફ ગામ આવ્યા. અને મનુભા ઠાકોરે શ્રીહરિ આવ્યા તે વાત સાંભળી. તેઓ સવારી લઈને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. તે ગામની બહાર આવતા શ્રીહરિને મળ્યા. શ્રીહરિના ચરણમાં તેમણે મસ્તક નમાવ્યું અને જે શ્રીફળ લાવ્યા હતા તે ચરણ સમીપે ધર્યું.

ગાંફ ગામમાં દસ વીસ વિપ્રો પાકા હરિભક્ત હતા. કણબીમાં લવજી પટેલ હરિભક્ત હતા. માવા ગઢવી પણ હરિભક્ત હતા અને હિમરાજ નામે સોની હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. અને પોતાનું મોક્ષનું કામ સુધારી લીધું. સહુ શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિનાં ચરણોમાં ધર્યાં. શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈને સહુને બોલાવ્યા. પછી હાથ જોડીને મનુભા ઠાકોરે શ્રીહરિને કહ્યું, 'આપ કહો તે રીતે અમે જગ્યાને સાફ કરીને ઉતારાની વ્યવસ્થા કરીએ.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ગામથી પશ્ચિમ દિશામાં જે સ્વચ્છ તળાવ છે ત્યાં જઈને અમારે ઉતારો કરવો છે, એમ અમે અગાઉથી ધારી રાખ્યું છે. અને પાછલો એક પહોર રાત રહે ત્યારે અમારે ચાલતા થઈને રણ પાર કરવું છે.' ત્યારે ઠાકોર મનુભાએ કહ્યું, 'અમારે તો આપને ઘણા રાજી કરવા છે. આપ પાંચ દિવસ જ્યારે અહીંયા રહો, ત્યારે અમારું મન માનશે. આપની મરજી જાણ્યા સિવાય કહેવું તે યોગ્ય નથી. અમને આપની ઘણી અદબ રહે છે.'

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમારો પ્રેમભાવ જોઈને અમે અહીં રાત રહેવા આવ્યા છીએ.' આવું કહીને શ્રીહરિ ગાંફ ગામ વચ્ચે ચાલ્યા અને કેટલીક મશાલો તે વખતે કરી હતી. તે વખતે ઢોલ, તાંસા ઈત્યાદિક ઘણા વાજિંત્રો

વાગતાં હતાં. બધી બજારને સ્વચ્છ કરાવી હતી અને દુકાનોને ચિત્ર-વિચિત્ર રીતે શણગારી હતી. જેટલા ગામવાસી લોકો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવાં આવ્યાં. સહુએ હાથમાં શ્રીફળ લીધાં હતાં અને ભાવિક ચતુરજનો શ્રીફળ શ્રીહરિનાં ચરણમાં ધરતાં હતાં. જેટલી ભાવનાવાળી સ્ત્રીઓ હતી, તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી અને લોકો 'જય જય' 'જય જય' બોલતા હતા.

ધર્મકુમાર શ્રીહરિને પ્રસન્ન કરવા માટે બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતા. વસંતના દિવસો હતા, તેથી કેટલાક ભક્તો ગુલાલ ઉડાડતા હતા. મનુભા ઠાકોરે ગુલાલ મગાવ્યો. તેને હરિભક્તો ઉડાડવા લાગ્યા. તે સમયે શ્રીહરિની સવારી રાજદરબારને સમીપે આવી ગઈ હતી. પછી રાજાએ ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવ્યા અને વિનંતિ કરીને સોનેરી પલંગ ઉપર શ્રીહરિને બેસાડ્યા. સોનાના થાળમાં ભાત ભાતનો પૂજાપો લાવ્યા અને સોનાનો હાર ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યો. જેમાં ઘણું જરીકામ હતું તેવી એક સારી શાલ ઓઢાડી. સરસ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિના લલાટમાં અર્ચા કરી.

વિચક્ષણ દરબાર મનુભાના દિલમાં જેવી ભાવના હતી, તે પ્રમાણે તેણે શ્રીહરિની પૂજા કરી અને કપૂરથી આરતી કરી. પછી તેમણે વિનંતિ કરી. દરબારના જેટલા પુત્ર હતા, તે સહુએ પણ ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરી, અપાર લાભ લીધો અને પોતાનો મોક્ષ સુધારી લીધો. ઘણા ચુડાસમા રાજાઓ આ ગાદી ઉપર થઈ ગયા, પણ તેમાં આ મનુભા એવા અનુપમ રાજા થયા કે જેને ઘેર શ્રીહરિ પધાર્યા હતા. શ્રીજીમહારાજ બે ત્રણ વખત મનુભાને ઘેર પધાર્યા હતા અને તેમણે ઘણા પ્રેમભાવથી પૂજા કરી હતી. જોકે ગામમાં તો દસ વખત આવ્યા હતા. પછી દરબારગઢમાંથી જ્યારે શ્રીહરિ નીકળ્યા ત્યારે હરિભક્તોએ પોતપોતાને ઘેર પધરાવ્યા અને હેતથી પૂજા કરી.

હરિભક્તોનું શ્રીહરિના ઉપરનું હેત હતું, તે કહી શકાતું નથી, એટલું બધું સહુ હેત રાખતા હતા. જે ગામમાં હરિભક્તો રહેતા હતા, તે શ્રીહરિને અને સંતોને દેખતા ત્યારે પુત્રનો જન્મ કે પુત્રના વિવાહના જેવો તેમને ઘેર અપાર આનંદોત્સવ થતો હતો. અને તે વખતે ભાવિક ભક્તો શ્રીહરિને ઘેર પધરાવતા હતા. ભક્તજનો જેવી ભાવનાથી પૂજા કરતા હતા, તેને શ્રીહરિ તેવું ફળ આપતા હતા. તે પછી શ્રીહરિ ગાંફ ગામની બહાર આવ્યા ત્યારે ત્યાં વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. શ્રીહરિએ આવીને ઉતારો કર્યો અને ગરમ પાણીથી

સ્નાન કર્યું. નાહ્યા પછી તરત જ ભોજન જમ્યા. તે સમયે કંસારની રસોઈ કરી હતી. સાકર નાખીને કંસાર કર્યો હતો. તેમાં અપાર તાજું ઘી નાખ્યું હતું. શ્રીહરિ કંસાર અને દાળ જમી રહ્યા પછી ભાત અને દૂધ જમ્યા.

ધોયેલી સાકર દૂધમાં નાખી હતી. તેને પ્યારા શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. શ્રીહરિની સાથે જે બધા સંતો અને હરિભક્તો હતા, તે બધા પણ પછી જમ્યા. શ્રીહરિ દૂધ પીરસવા લાગ્યા. જમનારા ના કહે તોપણ આપતા હતા. જ્યારે બધા ભક્તજનો જમી રહ્યા, તે વખતે શ્રીહરિ પલંગ ઉપર બેઠા. દરબાર મનુભા પણ જમીને ત્યાં આવ્યા. ગામના બીજા હરિભક્તો પણ આવ્યા અને અનુપમ સારી સભા થઈ. ત્યારે દરબાર મનુભા બોલ્યા, 'મહારાજ, આપ ધરમપુર ગયા હતા, તેની વાત કહો. ત્યાં કુશળકુંવરબાઈ સારા હરિભક્ત છે, તે વાત અમને મનાતી નથી. એ તો કોંકણ દેશ છે. ત્યાં તે બાઈની સાથે સત્સંગની વાત કોણ કરે ? આ તો એક આશ્ચર્યકારી વાત છે ! અહીંના લોકો તે બાબતને સમજતા નથી.

સત્સંગ કરવો એ તો પૂરા ખપ વિના ક્યારેય બને નહિ. અમે બધા જે રાજાઓ છીએ, તે તો બધા પાપના મેરુ જેવા છીએ. અને રાજાના આશ્રિત જેટલા બ્રાહ્મણો છે, તે બધા આગળ રહીને રાજાની પાસે પાપ કરાવે છે અને કહે છે કે મૃગયા કરવી એ તો ક્ષત્રિયોનો સનાતન ધર્મ છે.' શ્રીહરિ કહે છે, 'તે તો અધ્યાત્મ વાત છે, એમ કહીને બ્રાહ્મણોએ રાજાને હિંસાનું પાપ કરવાનું ઠેરાવી દીધું. જ્યાં સુધી ઋષિમુનિઓ નિર્લોભી રહ્યા ત્યાં સુધી ક્યાંય હિંસાનો પ્રવેશ થયો ન હતો. જ્યારે ઋષિઓમાં લોભે આવીને પ્રવેશ કર્યો ત્યારે જે અધ્યાત્મ વાત કહેવાતી હતી, તે પ્રગટ હિંસાના રૂપમાં ઠેરાવી દીધી. રાજાની રુચિ જોઈને જ્યારે તે ઋષિઓ તેને અનુસારે બોલવા લાગ્યા ત્યારે તેને અપાર ધન મળવા લાગ્યું. બૃહસ્પતિ ઈન્દ્રના ગુરુ કહેવાતા હતા, તેઓ ઈન્દ્રની રુચિને અનુસારે ચાલ્યા, તેથી તેને અપાર દાન-દક્ષિણાનું ધન મળ્યું.

વળી, કશ્યપ પ્રજાપતિને બે પુત્ર હતા. તેમાં એકનું નામ હિરણ્યાક્ષ હતું. અને બીજા એકનું નામ હિરણ્યકશિપુ હતું. તે બંને અસુરોનું ધામ બન્યા. શાસ્ત્રમાં જેટલી જાતના પાપ કહ્યા છે, તે બધા પાપોને તેઓ ઉન્મત્ત થઈને કરવા લાગ્યા. તે બંનેના ગુરુ શુક્રાચાર્ય થયા હતા અને તે બંને શિષ્યોની રુચિ પ્રમાણે બોલતા હતા. ત્યારથી આરંભીને જેટલી જાતના પાપ કહેવાય છે, તે બધા પ્રવર્ત્યા. બધા જ પાપનું મૂળ લોભ રહ્યો છે. અને અપરાધથી બુદ્ધિ મલિન થઈ જાય છે. અસુર થઈને પણ નીતિમાં જે ચાલે છે, તે તો મોટાપુરુષનો અનુગ્રહ હોવાથી

થાય છે.' પછી શ્રીહરિએ ધરમપુરમાં કુશળકુંવરબાઈને સત્સંગ જે રીતે થયો, તે બધી વાત ઘણા ઉત્સાહથી કહી. તેને બાળપણાથી જ ધર્મ ઉપર પ્રેમભાવ હતો. તેનો જન્મ ધર્મજ ગામમાં થયો હતો અને તે ધરમપુરમાં પરણ્યા હતા. જ્યારે કુશળકુંવરબાઈની ચાળીશ વર્ષની ઉંમર થઈ ત્યારે પોતાના પતિ ગુજરી ગયા. ત્યારે તેનો એક જ પુત્ર હતો. જે નાનો હતો, એટલે બાઈ પોતે રાજ્ય ચલાવવા લાગ્યા. પોતાના પુત્રને પણ જ્યારે પુત્ર થયો ત્યારે પોતાના સગા પુત્ર ગુજરી ગયા. ત્યારે કુશળકુંવરબાઈએ ધર્મ પ્રમાણે રાજ્ય ચલાવ્યું. તેમની બુદ્ધિ ધર્મપરાયણ અને શુદ્ધ હતી.

ચાળીશ વર્ષ પર્યંત રાજ્ય કરતા રહ્યા. રાજ્ય કરવું તેને પોતાને માટે તેઓ અકાર્ય માનતા હતા. તેઓ એક પહોર(ત્રણ કલાક) સુધી જેટલું કામ હોય, તે બધું દીવાનને બરાબર કહી દેતા. અને તે પછીનો એક પહોર ભાગવતની કથાનું શ્રવણ કરતા હતા અને એક પહોર સુધી દેવસેવામાં મનની વૃત્તિ પરોવીને રહેતા હતા. એક પહોર સુધી દૈહિક ક્રિયા કરતા હતા. આ રીતે આખો દિવસ ગાળતા. જ્યારે કોઈ પરમહંસ કે સિદ્ધ આવતા ત્યારે તેઓ દાસીના દ્વારાએ તે પરમહંસ કે સિદ્ધોની સિદ્ધાઈનું જ્ઞાન મેળવી લેતા. અને તે પછી તેને રજા આપતા. અમારા જે સંત કહેવાય છે, તે ભગવાનની ઈચ્છાથી ત્યાં ધરમપુરમાં ગયા. બાગમાં જઈને રહ્યા. તેઓ સ્ત્રી અને ધનનો પ્રસંગ રાખતા નહિ. ખૂબ જ શુદ્ધરૂપે રહેવાનું તેમનું અંગ હતું.

તે સંતની પાસે કોઈ પુરુષ જ્યારે આવતા ત્યારે તેની આગળ તેઓ ધર્મ અને અધર્મની વાતો કરતા હતા તથા સંત અને અસંતના લક્ષણ દેખાડતા હતા. ફેલ અને વ્યસનોમાં તેઓ દોષ બતાવતા હતા. ભગવાનનું જે ભજન કરવું, તેને મનુષ્યદેહનું ફળ બતાવતા. જેઓ મનુષ્યદેહને પામીને ભગવાનનું ભજન નથી કરતા અને તીર્થ, વ્રત અને પુણ્યને નથી કરતા, પણ ફેલ અને વ્યસનને જે કરે છે, તે ભગવાનનું ભજન નહિ કરનારા મનુષ્યને તો જમદૂત આવીને જમપુરીમાં લઈ જાય છે અને અત્યંત દુઃખ આપે છે. મનુષ્યે આ લોકમાં જેવું પાપ કર્યું હોય છે તેવું તેને જમપુરીમાં દુઃખ દે છે અને તે પછી લખચોરાશીમાં વારંવાર અનેક પ્રકારના જન્મને પામે છે. જે ભગવાનનું ભજન નથી કરતો, તેનું વારંવાર મૃત્યુ થાય છે. તેને સતત કાળ ખાતો રહે છે, તે દેખાતું નથી. આ સમયમાં જે સત્સંગ કરે છે, તેનો તરત મોક્ષ થાય છે. કુસંગ બધો મટી જાય છે અને તે જીવ તત્કાળ હરિભક્ત થઈ જાય છે.

દરબાર મનુભાએ પૂછ્યું એટલે શ્રીહરિએ ફરીવાર ધરમપુરની વાત કહી. પૂછેલી બાબતનો યોગ્ય જવાબ મળે તો તે વાત સાચી મનાય છે. એકની એક બાબત હોય તેને જેવો વક્તા અને જેવો શ્રોતા, તેને આધારે ઘણી રીતે કહી શકાય છે. ધરમપુરમાં આપણા સંત જે સ્થળે બેઠા હતા અને શ્રોતાઓ આગળ શ્રીહરિની વાત કહેતા હતા ત્યાં કુશળકુંવરબાઈની એક દાસી દોડીને તે સંતને પગે લાગવા આવી. ત્યારે તે સંત તત્કાળ ત્યાંથી ઊભા થઈ ગયા અને બીજા પુરુષો આગળ કહ્યું, ‘અમે અહીંયા નહિ રહીએ. કારણ કે અમે નારી જાતિથી દૂર રહીએ છીએ. અમારા બધા સંતો સ્ત્રી સાથે ક્યારેય બોલતા નથી. ભૂલથી કદાચ એકાદ વાર બોલાય જાય, તો તે દિવસે તેમનાથી કાંઈ ખવાતું નથી. અર્થાત્ ઉપવાસ કરે છે.

જો સ્ત્રીનું મુખ દેખાય જાય, તોપણ તે દિવસ ઉપવાસ કરે છે. ચાલતી વખતે પહોળા માર્ગમાં પાંચ હાથની અંદર સ્ત્રીને નજીક જો ચલાય જાય, તો એક દિવસ ઉપવાસ કરે છે. ત્યારે તેનો દોષ નાશ પામે છે. સ્વપ્નમાં પણ નારીનો સંગ થઈ જાય તો તે દિવસે ઉપવાસ કરે છે. સ્વપ્નમાં પણ સ્ત્રીને જોવાથી ક્યારેય વીર્યપાત થઈ જાય તો એક દિવસ ઉપવાસ કરે છે. મૈથુનાસક્ત કોઈ પશુ કે પક્ષી, તેને જાણીને તેની સામે જોઈ રહે તોપણ એક ઉપવાસ કરે છે.’ નિષ્કામશુદ્ધિ અને ધર્મામૃતમાં સ્ત્રીના સંબંધથી ત્યાગીને જે ઉપવાસ કરવાના કહ્યા છે, તે બધા તે સંતે પુરુષોની આગળ કહ્યા.

ત્યારે તે દાસીએ કુશળકુંવરબાઈ પાસે જઈને તે સંતની બધી વાત કહી અને વધારે કહ્યું, આવા સિદ્ધ આજ સુધી કોઈ આવ્યા નથી..! તેને સ્ત્રીનો સંબંધ કોઈ પ્રકારે નથી. આ સંત એવા નિષ્કામવ્રતને ધારણ કરી રહ્યા છે. ત્યારે કુશળકુંવરબાઈ બોલ્યા કે, ‘જે સંત આવ્યા છે તે ચોક્કસ ભગવાનના એકાંતિક ભક્ત હશે. આ બ્રહ્માંડના એ સંત નથી. ભગવાનનાં ધામના જ એ સંત છે. હવે તે સંત અહીંથી ચાલ્યા ન જાય, તેવું ધ્યાન આપણે રાખવું અને તેમની જે મરજી હોય, તે પ્રમાણે આપણે કરવું. આ બ્રહ્માંડમાં સ્ત્રી અને ધનથી બધા જ બંધાયેલા છે, તેમ દેખાય છે. પણ આ સંત તો તેનાથી અત્યંત નિર્બંધ છે. ભગવાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે તેઓ ધારે તેમ થાય છે. સાક્ષાત્ ભગવાન સિવાય ભવ અને બ્રહ્મા આદિક દેવથી પણ ક્યારેય આવું થઈ શકતું નથી. નારદાદિક ઋષિઓથી પણ આવો ત્યાગ ક્યારેય પાળી શકાતો નથી. એટલે એક વાત ચોક્કસ છે કે બીજાથી આવો સ્ત્રી અને ધનનો ત્યાગ થતો નથી. અહીં આવેલા સંત શુકદેવજી,

સનકાદિકો અને જડભરતના જેવા મહાન ત્યાગી છે. ભગવાન જે મોક્ષ કરે છે તે મોક્ષ આવા સંતથી પણ થાય છે. ભગવાને આપણો મોક્ષ કરવાને માટે પ્રેમથી આવા સંતને અહીં મોકલ્યા છે. પછી કુશળકુંવરબાઈએ એક પુરાણી વિપ્રને સ્વામી પાસે મોકલ્યા. તે પુરાણી વૃદ્ધ અને ઘણા ચતુર હતા. કુશળકુંવરબાઈએ જે કાંઈ કહેવાની વાત હતી, તે બધી પુરાણીને કહી. અને વિશેષ વાત પણ કહી કે ‘જે રીતે પોતાનો મોક્ષ થાય તેવી વાત કરવાનું તત્કાળ તે સંતને કહો. જો આપણે તે સંત કહે તે રીતે ન કરીએ, તો ખરેખર આપણી માતામાં ખોટ છે. આજ સુધી અમે કોઈને ગુરુ કર્યા નથી. અમારી ઓળખાણમાં આવા કોઈ સાચા સંત આવ્યા નથી.

સત્યને પારખ્યા સિવાય જે કોઈ રાજવંશની રાણીઓ ગુરુ કરે છે, પણ ખરેખર તે ગુરુને ઓળખતી નથી. અને તે સ્ત્રી અને ધનમાં બંધાયેલાઓને ગુરુ કરે છે અને તેનાથી જ મોક્ષ માને છે. હું તો તે બાબતને ઘણી આશ્ચર્યરૂપ માનું છું. જે પોતે બંધાયો હોય, તે બીજાને બંધનથી કેમ છોડાવે ? અંધ શિષ્યને અંધ ગુરુ મળ્યા પછી બંને મળીને રસ્તે ચાલે, તો બંને આ સંસારરૂપી મોટા કૂવામાં પડે છે. તેવા ગુરુથી સંસારનું બંધન ટળવામાં નિઃસંદેહ કોઈ ફરક પડતો નથી. જ્યારે સ્ત્રી અને ધનનાં બંધન વિનાના ગુરુ મળે ત્યારે તેવા ગુરુ જીવને બંધનથી છોડાવે છે. મોટો કૂવો, સરોવર, નદી અને સમુદ્રમાં કોઈ ડૂબતો હોય તો, તેને તારનાર અને અગ્નિમાં બળતાને બચાવનાર એવો અનેક રીતે કહેલો એક ધર્મ જ છે.

તમે બધી જાતના નિર્બાધ ધર્મને જાણો છો, તો મારો ઉદ્ધાર કરો. તમને આમાં કોઈ પ્રકારનો બાધ નહિ આવે. સંત નિર્બાધ રહીને મારો ઉદ્ધાર કરીને જ પછી જાય.’ એમ અગાધ બુદ્ધિમાન પુરાણી વિપ્રને કુશળકુંવરબાઈએ કહ્યું. પછી તે પુરાણી ઘણા ઉત્સાહથી સંતની પાસે આવ્યા અને તેમના ચરણમાં પ્રણામ કર્યા. પછી પુરાણીએ સંતની આગળ હાથ જોડીને કહ્યું, ‘આપના જેવા કોઈ સંત હજી સુધી અહીં આવ્યા નથી. જે બીજા વર્ણી, સંન્યાસી અને પરમહંસ આવે છે, તે બધા વ્યસન અને ફેલ વગરના નથી હોતા. સ્ત્રીને દેખીને ખુશી થાય છે. કોઈ ધન આપે તો પોતાની પાસે રાખે છે અને જાત જાતના તમાશા જુએ છે. કોઈ નૃત્ય કરવા આવે તો તેના નાચને ત્યાગી જોવા આવે છે. કોઈ વેશ્યા આવીને તેના ગળામાં હાથ નાખે, તો મનમાં પોતાને ધન્ય માને છે. કોઈ ગૃહસ્થ તેને નીરસ અન્ન આપે તો તે ઘરને કાયમને માટે છોડી દે છે. જ્યાં સ્ત્રી પોતાની સાથે બોલે નહિ અને પીરસે નહિ, તે ઘરનું તે અન્ન ખાતા નથી.

તે જ્યારે મૌન વ્રત ધારીને રહ્યા હોય છે ત્યારે પોતાના હાથથી ખાતા નથી અને પુરુષના હાથે પણ ખાતા નથી. કોઈ સ્ત્રીને હાથે તે ખાય છે. આવાને લોકો મોટા સિદ્ધ માને છે, પણ કેટલાક તો સ્ત્રીને લઈને જતા રહે છે, છતાં તેવાનો અભાવ આવતો નથી અને તેને સિદ્ધોમાં પણ શ્રેષ્ઠ સિદ્ધ માને છે. જે સ્ત્રીને પુત્ર ન હોય અથવા તો ધણી ન રહ્યો હોય તેવી જે સ્ત્રીઓ હોય છે, તે તેવા સિદ્ધોની સેવામાં રાત દિવસ તત્પર રહે છે. જે સિદ્ધ કહેવાતા હોય છે, તેઓ સ્ત્રીને જ પરમપદ માને છે. આવા સિદ્ધો તો જગતમાં અનેક ફરતાં રહેતાં હોય છે. જેનો કોઈ પાર નથી.તેવા સિદ્ધો તો ગામે ગામ અને ઠેર ઠેર દેખાય છે. તમારા જેવા સંત તો બ્રહ્માંડમાં પણ દેખાતા નથી.'પુરાણીએ સંતને કહ્યું, અમારા રાજમાતા આપને કહેવડાવે છે કે હે સ્વામી, આપ પોતાના ધર્મને રાખીને અધમોનો ઉદ્ધાર કરવા માટે અમને મોક્ષની બાબત કહો. વ્યાસમુનિએ તો શાસ્ત્રમાં કહ્યું છે કે ‘કળિયુગમાં ભગવાનનું નામ-કીર્તન અને પૂજન-વંદન જ જીવને મોક્ષ આપે છે.' ત્યારે પુરાણીની આગળ સંતે કહ્યું, ‘વ્યાસજીએ કહેલા વચન સત્ય છે, પણ ધર્મ પાળ્યા વિના તે વચન ફળીભૂત થતાં નથી.'

પછી પુરાણીએ સંતને કહ્યું, ‘ધર્મ તો જાત જાતના કહેવાય છે. એક ધર્મમાં બધી જાતના ધર્મ કેવી રીતે આવી જાય ?' ત્યારે સંતે પુરાણીને કહ્યું, ‘ભગવાન અને સત્પુરુષ જે સદાચારને માને છે, તે શ્રેષ્ઠ ધર્મ છે. લોકો જેને ભિન્ન ભિન્ન રીતે પોતાનો ધર્મ માને છે, તે તો રુચિનો ધર્મ છે. તેનાથી કાંઈ મોક્ષ ન થાય. પોતાની રુચિ પ્રમાણેનો ધર્મ તો કહેવા માત્રનો જ છે. તેમાં ઘણી રીતે અધર્મ રહ્યો હોય છે. તે સત્સંગ સિવાય દેખાતો નથી. જેટલી સત્ય બાબતો હોય છે, તેને દેખી વિચારીને તેને સ્વીકારવી જોઈએ. અને તે સ્વીકારેલા સંગ્રહનું નામ જ સત્સંગ છે. અને જેટલી મિથ્યા વાતો છે, તેનો સંગ્રહ જે કરે છે, તેનું જ નામ કુસંગ કહેવાય છે. વિવેકી મનુષ્યો તે કુસંગની વાતનો ત્યાગ કરાવે છે.

ઊલટી કરી નાખેલા અન્નને તો શ્વાન સ્વાદ કરીને ખાય છે. તેમ જેટલી મિથ્યા વાતો છે, તે બધી ઊલટી કરેલા અન્નના જેવી છે. વિવેકપૂર્વકના સત્યનો જે સંગ્રહ કરવો, તેને સત્સંગ કહેવાય છે.' તે પુરાણી સંતના મુખથી આવી વાત સાંભળીને ગયા. અને પછી તો રોજ સત્સંગ કરતા હતા. સંતે પુરાણીને જેટલા વ્રતમાન નિયમ ધરાવ્યા, તે બધાને તેણે યાદ રાખ્યા. શ્રીકૃષ્ણને ઉદ્ધવજી મળ્યા અને શ્રીકૃષ્ણનો ઉપદેશ સાંભળીને તેમના અનન્ય દાસ થયા. પછી તે ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી કળિયુગમાં અયોધ્યાપુરીમાં બ્રાહ્મણને ઘેર હમણાં

પ્રગટ થયા હતા. અમે બધા તેમના શિષ્યો છીએ. અપાર જીવોનો મોક્ષ કરવા માટે તે ઉદ્ધવજીએ પ્રગટ સંપ્રદાય ચલાવ્યો છે. બીજા જેટલા મિથ્યા સંપ્રદાય હતા, તે આ ઉદ્ધવ સંપ્રદાયની નીતિને જોઈને બધા નિર્જીવ જેવા થઈ ગયા છે. પછી તે પાખંડ ધર્મવાળા ઉદ્ધવ સંપ્રદાયના સત્યને ઉખાડી નાખવા માટે ઘણો પ્રયત્ન કરતા રહ્યા છે.

તે પાખંડીઓનું પોષણ કરનારા રાજાઓનું જ્યાં સુધી જોર રહ્યું ત્યાં સુધી તે પાખંડી ધર્મનું ઠેક ઠેકાણે બળ રહ્યું છે. સત્યસ્વરૂપ ધર્મની અભિવૃદ્ધિ માટે જ્યારે ભગવાન શ્રીહરિ પ્રગટ થયા ત્યારે રાજાઓ પણ સત્યધર્મવાળા થવા માંડ્યા છે. બધા તે પાખંડ ધર્મીઓએ સંવત્ ૧૮૬૩માં ભેળા મળીને સત્યધર્મવાળા ઉદ્ધવ સંપ્રદાયને બહુ દુઃખ દીધું. સંવત્ ૧૮૬૪ના વર્ષમાં જ્યારે શ્રીહરિએ યજ્ઞ કર્યો ત્યારે આ દેશમાં નીતિવાળા રાજાનું આગમન થયું અને બધા અધર્મી રાજાઓ તેનાથી ડરી ગયા. સંવત્ ૧૮૬૫ થી ૧૮૬૬- ૬૭ સુધીમાં શ્રીહરિએ યજ્ઞો કર્યા. ત્યાં સુધીમાં તો નીતિવાળા રાજાનું રાજ્ય સારી રીતે દઢ થઈ ગયું. તે નીતિવાળા રાજાનું રાજ્ય જેમ જેમ મજબૂતાઈથી જામતું ગયું તેમ તેમ શુદ્ધ સત્સંગ (ઉદ્ધવ સંપ્રદાય) પણ દઢ થઈ ગયો. અને બીજા બધા અશુદ્ધ મતો લુપ્ત થઈ ગયા.

જે મતમાં ઘણા દૂષણો હતા અને તેને જે મોક્ષરૂપ કરીને માનતા હતા, તે બધા દૂષણો વિશુદ્ધ સત્સંગે કરીને લોકોની દષ્ટિમાં ખરેખર ઓળખાયા. તેમાં જે સદ્બુદ્ધિવાળા ડાહ્યા માણસો હતા, તે દૂષિત મતોનો ત્યાગ કરીને શુદ્ધ સત્સંગના આશ્રિત થયા અને તેમને મોક્ષ થતો પણ દેખાયો. તે સંતના મુખની ઉપર કહેલી વાત સાંભળીને પુરાણી સારા પાકા સત્સંગી થયા. પછી તો પુરાણી ઘણા પ્રેમથી તે સંતની પાસે રોજ વાતો સાંભળવા માટે આવવા લાગ્યા. વાતો સાંભળ્યા પછી પુરાણી રાજમાતા કુશળકુંવરબાઈ પાસે જઈને તે વાતો તેમને સંભળાવતા હતા. તેથી રાજમાતા પણ સત્સંગી થયા. ત્યાર બાદ અમે મુક્તાનંદસ્વામીને ઉપદેશ કરવા માટે ત્યાં મોકલ્યા. મુક્તાનંદસ્વામી ધરમપુરમાં રહી, કથા-વાર્તા કરીને જ્યારે આવ્યા તે પછી અમને કુશળકુંવરબાઈએ બોલાવ્યા અને અહીંથી અમે ત્યાં ગયા. અને તેમણે અમારું ઘણું જ સન્માન કર્યું.

રાજ્યની જેટલી સવારી હતી, તે બધી લઈને રાજમાતાના પૌત્ર વિજયદેવ પોતે સન્મુખ આવ્યા હતા. સવારીમાં ડંકા, નિશાન અને અનેક વાજિંત્રને તે પ્રેમભાવથી લાવ્યા હતા. હાથી ઉપર અંબાડી મૂકીને સન્મુખ લાવ્યા અને તેમાં અમને બેસાડીને પુરમાં લઈ ગયા. અમારી સાથે મોટા મોટા સંતો અને મોટા

હરિભક્તો જે હતા, તે સહુને સારા ઉતારા આપ્યા. ત્યાં થોડા દિવસ રહીને અમે વાંસદા ગયા અને ત્યાં ત્રણ દિવસ રહ્યા. તે પછી અમે પાછા ધરમપુર આવ્યા. અને ત્યાં વસંતપંચમી કરી. રાણી પોતાનું બધું રાજ્ય અમને આપવા તૈયાર થયા. તે અમને ખબર પડી એટલે અમે તરત ત્યાંથી ચાલતા થયા. પછી દરબાર મનુભા બોલ્યા, 'આવી બાબત તો આપ ભગવાનથી જ બને ! અને માયાને આધીન જે લોકો છે, તે તો માયાને મેળવવા માટે જ્યાં ત્યાં દેશ-પ્રદેશમાં ઘૂમતા રહે છે. માયા માયા કરતા તે બધા મરી જાય છે, પણ સત્સંગ કર્યા સિવાય તેઓને માયાનું બંધન છૂટતું નથી.'

શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને તે રાજા મનુભાએ સત્સંગના વ્રતમાન નિયમ ધારણ કર્યા અને તેના જે પુત્ર હતા, તેને પણ નિયમ ધરાવ્યા. તે સમયે મદ્ય અને માંસ તેમને હરામ કરાવ્યા. ચોરી તથા પરનારીનો ત્યાગ કરાવીને ભગવાનના ચરણમાં પ્રેમ કરાવ્યો. જેટલા ચુડાસમા તેમના ભાઈઓ હતા, તે બધા મોટા ભાઈ મનુભાની અદબ રાખતા હતા. તે સહુએ દારૂ અને માંસ વગેરે બધું જ છોડી દીધું. અને કેટલાક સત્સંગી થયા. પછી શ્રીહરિ ત્યાં પોઢી ગયા અને રાજા શ્રીહરિનાં ચરણમાં પ્રણામ કરીને ગામમાં ગયા. પછી પાછલી રાતે ગાંફથી ચાલતા થયા. તે કુંડળમાં આવીને રાત રહ્યા. તે સમયે ગઢપુરના દરબારો કુંડળમાં આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૩૪-૩૫-૩૬-૩૭)

■ ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, ઈસણાવ, નાર, ઉંટવાડા, મોરજ, ગલિયાણા, વારણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ થઈ પીપળી થઈ ગાંફ ગામ પધાર્યા. હરિભક્તોને દર્શનનું સુખ આપી ખરડ થઈ ઝીંઝર આવ્યા અને ત્યાં તળાવની પાસે રાત રહ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

■ શ્રીજીમહારાજ વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, પંડોળી, નાર, રામોલડી, ઉંટવાડા, બુધેજ, ગોરાડ, ગુડેલ, રોણી, મીતલી થઈ પીપળી ગામમાં આવીને રાત રહ્યા. પછી પીપળીથી પાછલી રાતે સત્વરે ચાલ્યા. બે ઘડી રાત બાકી હતી ત્યાં તો ગાંફ આવી ગયા. તે પછી ગાંફથી સાત કોશ જેટલા રણમાં ચાલ્યા, તે ચાર ઘડી દિવસ ચડ્યો ત્યારે ખરડ ગામ આવી પહોંચ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૮)

■ ભગવાન શ્રીહરિ બુધેજ, ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, પીપળી ગામ આવ્યા. પછી ત્યાં રાત રહીને ચાલ્યા તે ગાંફના રાજા

મનુભાને દર્શન આપ્યાં. પછી પ્રસન્નમને ગામની વચ્ચે થઈને ચાલ્યા. ગામના જેટલા હરિભક્ત દરબારો હતા, તે બધા ઘણા ભક્તિભાવથી શ્રીહરિને વળાવવા માટે ગામની બહાર આવ્યા. ધર્મકુમાર શ્રીહરિ ગાંફ ગામની બહાર આવ્યા ત્યારે વળાવવા આવેલ હરિભક્તોને ઊભા રાખીને આગળ ચાલતા થયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૬-૯૭)

■ ઘોડી ઉપર પડી જવાથી મુક્તાનંદ સ્વામીનો હાથ ભાંગી જવાથી સ્વામી કમિયાળા હતા. ભગવાન શ્રીહરિ વડતાલમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને કમિયાળા આવ્યા. શ્રીહરિએ વિચાર કર્યો કે, મ્યાના કરતા પલંગમાં સુખ રહે અને હાથનો દુઃખાવો થાય નહિ. પછી કમિયાળાના બાર હરિભક્ત જે સંતોની સેવા કરવામાં ઘણા શ્રદ્ધાવાળા હતા તે પલંગ ઉપાડવા તૈયાર થયા. કાર્તિક વદિ ચોથને દિવસ શ્રીહરિ ત્યાંથી મુક્તાનંદ સ્વામીને લઈને ચાલ્યા. ખૂબજ તેમની જાળવણી રાખીને ગાંફ ગામ આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિના દર્શન કર્યા. પછી ગાંફથી ચાલ્યા તે મલકા તલાવડી આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૩)

■ શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સાથે વડતાલથી ચાલ્યા તે પીપળાવ, નાર, તારાપુર, મોરજ, ગોલાણ, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, કમિયાળા થઈ ગાંફ ગામ આવ્યા. તે ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે ઘણા ભાવથી શ્રીહરિના દર્શન કર્યાં અને પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે રણ ઊતરીને ખરડ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં દિવાળી કરવા માટે ગઢપુરથી નીકળીને રોજકા આવ્યા. ત્યાં રાત રહ્યા અને પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા તે ગાંફ ગામ આવ્યા. ત્યાંના દરબાર મનુભા રાજા હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા અને પગમાં પડ્યા. ખૂબ રાજી થયા અને તે સમયે તેમણે હાથ જોડીને કહ્યું, ‘‘મહારાજ ! આપ બહુ કૃપા કરીને અમને દર્શન દેવા આજે પધાર્યા છો. હવે મારા મનોરથને પૂર્ણ કરો. સુખદાતા આપ આજની રાત અહીં રહો, એવી અમારી અરજ છે.’’

ત્યારે તે રાજાનો અપાર પ્રેમભાવ જોઈને શ્રીહરિ તેમના ઉપર રાજી થયા. ગાંફમાં એક રાત રોકાઈને મનુભા રાજાના બધા મનોરથ પૂર્ણ કર્યા અને ગામમાં પણ બધા જે હરિભક્ત હતા, તેના મનોરથ પણ શ્રીહરિએ પૂર્ણ કર્યા. ગાંફના હરિભક્તોએ જે સેવા કરી તે તેવા રૂપમાં કહી શકાતી નથી. આ બધું કહેવામાં મનમાં ઘણો ઉત્સાહ રહે છે, પણ આખા બ્રહ્માંડને બથ ભરવા જેવી એક એક

હરિભક્તની સેવાની મહાન વાત છે. કહી કહીને હું કેટલું કહું ? આખા બ્રહ્માંડની જે આયુષ્ય પામે અને હરિભક્તોએ શ્રીહરિની જે સેવા કરી તેને કહેવા લાગે તોપણ તે યથાર્થરૂપમાં કહી શકાય તેમ નથી. માટે હું તો અહીંયા બીજ માત્ર કહું છું. જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ગાંફથી ચાલ્યા. તે કમિયાળા ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૨)

■ શ્રી ભક્તચિંતામણી

**જાખડેથી કમિયાળે, દીધાં દર્શન જનને દયાળે;**
**રહી રાત્ય ચાલ્યા ત્યાંથી નાથ, લઈ મુક્તાનંદજીને સાથ.**
**ગાંફ ખરડ ઝિંઝર રહ્યા જાણી, ત્યાંથી કુંડળને કારિયાણી;**
**પછી આવ્યા ગઢડે મહારાજ, કરી અલબેલો એહ કાજ.**

(પ્રકરણ : ૯૦)

**કંઈક વાર અમે કહ્યું, તમે સાંભળિયું સો વાર;**
**કામ પડે તે વાતનો, નથી રહેતો ઉર વિચાર.**
**એમ કહીને ચાલિયા, રહ્યા રાત્ય તે ગાંફ ગામ;**
**ત્યાંથી ચાલ્યા ચોપશું, કર્યો વરતાલે વિશરામ.**

(પ્રકરણ : ૯૭)

■ શ્રીહરિચરિત્રચિંતામણી (સ.ગુ. શ્રી દયાનંદ સ્વામી કૃત) :

**હરિભાઈ આદિ ભેળો સંગ, સિધા ખાંડના આપ્યા ઉમંગ;**
**પછે આવ્યા બોટાદે શ્યામ, ત્યાંથી પધાર્યા ગાંફ ગામ.**
**મુક્તાનંદ અશ્વ ચડી, ચાલતે પડ્યા ગયો હાથ ખડી;**
**હરિએ કાળ ઉપર્ય ક્રોધ કીધો, ડરી કાળે વૈદ વેશ લીધો.**

(કડવું : ૧૬૧)

■ ભગવાન શ્રીહરિ કારિયાણી ગામથી ચાલ્યા તે કુંડળ ચોકડી થઈ ગામ ગાંફ પધાર્યા અને વસ્તા રાવળના ઘેર થાળ જમીને ચાલ્યા તે કમિયાળા, ગોરાડ થઈને બુધેજ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૩)

## મુ. ગાંફ, તા. ધોલેરા, જી. અમદાવાદ

# પચ્છમમાં પુરુષોત્તમ શ્રીહરિ



આ પચ્છમ ગામ ધોલેરાધામથી ૨૦ કી.મીના અંતરે આવેલું છે. આ પચ્છમ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૮ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં વિપ્ર ઓધવજી, હરિભાઈ, પીતાંબરભાઈ, નાનજીભાઈ, જેઠાભાઈ, જાદવજીભાઈ, પુરુષોત્તમભાઈ, પ્રભુરામભાઈ, મેઘજીભાઈ, ભાણીબાઈ તથા ભાઈજીભાઈ લુવાર, જેરાજભાઈ અને દેવજીભાઈ કણબી પ્રસિદ્ધ હતા.

જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

**'દ્વિજ ભક્ત ઓદ્ધવજી કહીએ, હરિભાઈ પીતાંબર લહીએ.**
**પુરુષોત્તમ નાનજી નામ, જેઠો જાદવજી પ્રભુરામ;**
**મેઘજી આદિ ભક્ત છે ભાઈ, દ્વિજ ભક્ત એક ભાણિબાઈ.**
**કણબી ભક્ત જેરાજ દેવજી, પચ્છમમાં લુવાર ભાઈજી.'**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૧૧૮)

આ શ્રીજીસમકાલીન મહામુક્તરાજ ભક્તોમાં વિપ્ર ઓધવજીભાઈ, હરિભાઈ તથા દેવજીભાઈ અને જેરાજભાઈ કણબી વગેરે ભક્તોને ઘેર ભગવાન શ્રીહરિ ઘણીવાર રાત્રિ રહીને થાળ જમીને ખૂબજ દર્શનનું સુખ આપ્યું છે. આમ, શ્રીજીમહારાજને મળેલા મુક્તોથી પચ્છમ ગામ ભાલપ્રદેશ અને સંપ્રદાયમાં શોભાયમાન બન્યું છે.

ભગવાન શ્રીહરિ ઘણીવખત પચ્છમ ગામમાં રાત્રિ નિવાસ કરીને સત્સંગીજનોને અત્યંત આનંદ આપ્યો છે. વળી, ધર્મકુળ પરિવાર, પાંચસો પરમહંસો તથા કાઠી દરબારો વગેરે લઈને શ્રીજીમહારાજ પચ્છમ ગામમાં પધારીને દર્શન-કથાવાર્તાનો લાભ આપીને હરિભક્તોને ધન્યભાગી કર્યા છે.

આજે પણ આખા ભાલ પંથકમાં અને ધોલેરા દેશમાં પચ્છમ ગામનો દશાંશ-વિશાંશ ધર્માદો અને સત્સંગ સર્વશ્રેષ્ઠ કહેવાય છે. તેમજ સંપ્રદાયના મોટા મંદિરો જેવા કે - વડતાલ, ધોલેરા, ધંધુકા વગેરે સ્થાનોમાં ઉત્સવ-સમૈયા પ્રસંગે શારીરિક સેવાનો તથા ધનથી સેવાનો ઘણો ફાળો પચ્છમ ગામમાં હરિભક્તોનો રહ્યો હોય છે. વર્તમાન સમયે પણ ભગવાન શ્રીહરિ અને ધર્મકુળ-સંતોના રાજીપાથી ગામના ઘણા બધા સત્સંગીઓ દેશ-વિદેશમાં ધંધા-રોજગારીથી ખૂબજ વ્યવહારે સુખિયા છે.

ધોલેરા મંદિરની પ્રતિષ્ઠા વખતે વરૂણીમાં બ્રાહ્મણોને બેસારવાના હતા તેમાં પચ્છમ ગામના જાદવજી, હરજીવન, જેઠાભાઈ, ઓધવજી, રાજારામ આદિક બ્રાહ્મણો પણ બેઠા હતા.

સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં પચ્છમ ગામના સત્સંગીઓ પણ ગયા હતા ત્યારે શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૫૩)

**॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની પચ્છમ ગામમાં પધરામણી ॥**

■ ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતજનોને સુખ આપવા માટે ડભાણથી ચાલ્યા તે પીજ, ચાંગા, પીપળાવ, બુધેજ થઈ પચ્છમ ગામ આવ્યા. બહુનામી પ્રભુ ત્યાં રોકાયા. ત્યાં ઉદ્ધવજી નામે એક વિપ્ર અને જેરાજ તથા દેવજી નામે કણબી, એ સહુ હરિભક્તો હતા. આનંદકંદ શ્રીહરિ તેમને ઘેર એક રાત રહ્યા. ગામમાં જે હરિભક્તો હતા તેમને સહુને દર્શન, સમાગમ વગેરેનું સુખ આપ્યું.



જે કહી શકાતું નથી. કોઈ કવિ કહે, તોએ તે માપમાં આવતું નથી, એટલું સુખ શ્રીહરિએ આપ્યું. હરિભક્તની જેવી રુચિ હોય તે પ્રમાણે શ્રીહરિ રાજીપે સુખ આપતા હતા. વાતનો પ્રસંગ લાવીને હું માત્ર સંકેત જ કરું છું, તો એ ગ્રંથ મોટો થઈ રહ્યો છે. લોકોની શ્રદ્ધા થોડી હોય છે, એમ વિચારીને તેમની રુચિ પ્રમાણે વાત કહું છું. શ્રીહરિ પચ્છમથી ઝીંઝર ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૨૬)

■ ભગવાન શ્રીહરિ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા અને દર્શનનું સુખ આપવા ગઢપુરથી ચાલ્યા તે ઉગામેડી, નિંગાળા, ઝીંઝાવદર, કારિયાણી, સમઢીયાળા, કુંડળ, ભીમનાથ, પરબડી, ઝીંઝર, કોઠડીયા, રોજકા, ખસતા થઈને રણ ઊતરીને પચ્છમ ગામ આવ્યા. તળાવની પાસે મુકામ કર્યો. દરબારોએ ત્યાં તંબુ ખેંચાવીને ઊભા કર્યા. શ્રીહરિનો તંબુ અધવચ્ચે હતો. તેના ઉપર સોનાનો કળશ હતો. ચંદનીમાં શ્રીહરિએ સભા કરી. સાથે જે હતા તે બધા દરબારો આવીને પાસે બેઠા. ગામના બધા હરિભક્તો શ્રીહરિના દર્શન કરવા આવ્યા. મશાલો કરીને રસોઈ કરાવી. અશ્વોને માટે ચંદી અને લીલું ઘાસ મંગાવ્યું. ગામમાં જેટલું દૂધ થાતું હતું તે બધું ગામ લોકો ઉમંગથી લાવ્યા. રસોઈમાં કંસાર અને ભાત કર્યો હતો તે શ્રીહરિ જમ્યા.

ભાત સાથે દૂધ અને સાકર જમ્યા. શ્રીહરિએ કહ્યું એમા સ્વાદ ઘણો જ છે. ભૂખ વિના કોઈને સ્વાદ લાગતો નથી. બધા સ્વાદ ભૂખમાં જ રહ્યા છે. આમ કહીને શ્રીહરિએ પાર્ષદો અને દરબારોની પંગત કરાવી. બધા જ્યારે કંસાર

જમી રહ્યા ત્યારે ભાત પિરસાવ્યો. તે સમયે ભક્તોના આધારરૂપ શ્રીહરિએ દૂધ અને સાકર પીરસી. જમનારા સહુને તૃપ્ત કર્યા. રાત દોઢ પહોર ગઈ ત્યારે (રાતે ૧૦.૩૦) શ્રીહરિ પોઢી ગયા અને સવારે ઊઠ્યા. તૈયાર થઈને ચાલ્યા તે કમિયાળા ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૪૦)

■ જ્યારે શ્રીહરિવર ગઢપુરથી ચાલ્યા ત્યારે ચરોતર અને ગુજરાતમાં ફરવાનો નિરધાર કર્યો. ઘણા પાર્ષદોને સાથે લીધા હતા. તેમાં ભગુજી મુખ્ય હતા. શ્રીહરિ ઝીંઝાવદર થઈને કારિયાણીમાં આવીને રહ્યા. પછી ત્યાંથી શ્રીહરિ કુંડળ, પોલારપુર, ભીમનાથ, ઝીંઝર થઈને રોજકા ગામ આવ્યા. ત્યાંથી ખસતા અને પચ્છમ ગામ થઈને કમિયાળા આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

■ અન્નકોટના ઉત્સવ ઉપર વડતાલ જવા માટે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. ત્યારે સુંદર અશ્વ ઉપર બેઠા હતા અને તેની ઘણી શોભા થઈ હતી. જે કાઠી દરબારો અને બીજા હરિભક્તો હતા, તેઓ પણ બધા શ્રીહરિની સાથે અશ્વ ઉપર બેસીને ચાલ્યા. શ્રીહરિની સવારી સર્વોત્તમ થઈ હતી. ઘોડાઓની ઘુમર શોભી રહી હતી. સુખકારી શ્રીહરિ કુંડળમાં અમરા પટગરના ભવને પધાર્યા. ત્યાં એક રાત રહ્યા. પછી પ્રાણઆધાર શ્રીહરિ કુંડળથી ચાલતા થયા અને પચ્છમ ગામ આવ્યા. તે ગામમાં કણબી જ્ઞાતિના જેરાજ અને દેવજી નામે બે ભાઈ સત્સંગી હતા. તેને ઘેર આવીને શ્રીહરિ રહ્યા. તે બંનેએ શ્રીહરિની ઘણી સેવા કરી અને અલૌકિક લાભ લીધો. તે સિવાય એક ઉદ્ધવજી નામે વિપ્ર હતા, તેમણે પણ શ્રીહરિની સેવા કરી હતી. કેટલાક વિપ્રો હરિભક્ત હતા, તેમણે બધા વ્યસન અને ફેલ છોડી દીધા હતાં. તેમને સત્સંગ સિવાયના બીજા મતમાં જે લોકો હતા તે ફેલી અને તોફાની દેખાતા હતા. જે ફેલી અને તોફાની દેખાતા તેનો તેઓ દૂરથી જ ત્યાગ કરી દેતા. કેમ જે, જેટલા વિપ્રો ફેલી, વ્યસની અને તોફાની હતા તે બધા સંતો અને હરિભક્તોનો રાત-દિવસ દ્રોહ કરતા હતા. બીજા લોકો આગળ તે દ્રોહીઓ જેવું વાતોમાં દ્વેષનું બીજ વાવતા તેવું પચ્છમના હરિભક્તો સંતોને કહેતા હતા. દ્રોહ કરનારાઓ તો મરીને જે ફળ પામતા તે તેઓની જીવિત દશામાં જ દેખાતું હતું. જે રૂડી બુદ્ધિવાળા વિપ્રો હતા તે સત્સંગી થતા હતા અને કુબુદ્ધિવાળા તો કાયમ કુસંગી રહેતા હતા. તે કુસંગીઓ જેટલું કુસંગનું ફળ છે તે બધું નિરંતર પામતા હતા. જેમાં લેશમાત્ર પણ દુઃખ ન હોય તેવું સત્સંગનું ફળ કહેવાય છે. ભગવાન અને સત્સંગના યોગનું બીજું ફળ એ રહ્યું છે કે, તેઓ રૂડી બુદ્ધિ પામે છે. તે લોકોને દુઃખનો લેશ પણ રહેતો નથી; એમ વેદો અને પુરાણો

કહે છે. પછી શ્રીહરિ પચ્છમથી ચાલ્યા તે મોટી બોરુ ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૨)

■ ભગવાન શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે સારંગપુર, કુંડળ, ચોકડી ઉપર થઈ રોજકામાં એક રાત રોકાયા. પછી ત્યાંથી સવારે ચાલતા થયા. ત્યાંથી ખસતા ગામ થઈ ઘનશ્યામ શ્રીહરિ પચ્છમ આવ્યા અને ત્યાંથી કમિયાળા આવીને ભોગાવો નદી ઊતર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૪)

■ ભગવાન શ્રીહરિ પ્રબોધિની એકાદશી ગઢપુરમાં કરી. ત્યારપછી શ્રીહરિ દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, વેલાભાઈ તથા માતરા ધાધલ વગેરે પાર્ષદોને સાથે લઈને ચાલ્યા તે સારંગપુર, રોજકા, ખસતા થઈને પચ્છમ ગામે આવ્યા. ત્યાંથી શ્રીહરિ કમિયાળા, સીંજીવાડા થઈને વડતાલ પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૯)

■ વડતાલમાં વેદાંતાચાર્યનો પરાજય કરી માગશર સુદિ એકાદશી આવી ત્યારે શ્રીહરિએ ઘણા હેતથી સંતોને ભાવપૂર્ણ દર્શન દીધાં અને તેમની આગળ ઘણી રીતે વાતો કરી. તે સમયે ત્યાં જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા, તે વાત સાંભળીને મનમાં ઘણા તૃપ્ત થયા. શ્રીહરિ વડતાલમાં બાર દિવસ રહ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે ગુડેલ ગામ આવીને રાત રહ્યા. અને ગુડેલથી નીકળીને પચ્છમમાં એક રાત રહ્યા. પછી પચ્છમથી ચાલેલા શ્રીહરિ કારિયાણીમાં આવીને એક રાત રહ્યા અને ચોથે દિવસ શ્રીહરિ ગઢપુર આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૬૩)

■ ભગવાન શ્રીહરિ કાર્તિક સુદિ આઠમને દિવસે ગઢપુરથી સુંદર અશ્વ ઉપર બેસીને ચાલ્યા તે કારિયાણી આવ્યા. પછી ત્યાંથી કુંડળ, ચોકડી, રોજકા ગામ થઈને પચ્છમ ગામ આવ્યા અને ત્યાં એક રાત રોકાયા. તે ગામમાં કણબી દેવજીભાઈ અને જેરાજભાઈ તે બંને સગાભાઈ હતા. તેઓ ઘણા ભાવિક હતા. શ્રીહરિ તેને ઘેર આવીને ઊતર્યા. તે ગામમાં ઉદ્ધવજી નામે એક વિપ્ર ઘણા સારા હરિભક્ત અને બુદ્ધિશાળી હતા. ત્યાં વર્ણીએ રસોઈ બનાવી અને શ્રીહરિ જમ્યા. દોઢ પહોર રાત ગઈ પછી સહુ ત્યાં સૂઈ ગયા. ગઢપુરથી નીકળીને પચ્છમ ગામ શ્રીહરિ આવ્યા, તેથી ઘણા થાકી ગયા હતા છતાં ત્યાંના સહુ હરિભક્તોને દર્શન દીધાં. જ્યારે બધા હરિભક્તો દર્શન કરી રહ્યા પછી પલંગ ઉપર પોઢી ગયા. સવારમાં ત્યાંથી ચાલતા થયા અને સરગવાળા ગામ આવ્યા. ત્યાં ભોગાવો નદી ઊતરીને ભક્તોનું ચિત્ત ચોરનારા શ્રીહરિ આગળ ચાલ્યા. ત્યારે સુરા ખાચરે

પૂછ્યું, "મહારાજ ! આજ જમવાનું ક્યાં મળશે ?" ત્યારે શ્રીહરિએ કહ્યું, "આજ કૌકા ગામ ગયા સિવાય બીજે ક્યાંય જમવાની આશા રાખવી નહિ." આ રીતે રમૂજ કરતા કરતા માર્ગમાં ચાલ્યા જતાં હતા. રસ્તામાં જ્યારે જવારજ ગામ આવ્યું ત્યારે શ્રીહરિએ પોતાના અશ્વની લગામને ઢીલી મૂકી અને અશ્વને પોતાની ઈચ્છા મુજબ ચાલવા દીધો. ત્યારે તે અશ્વ જવારજ ગામમાં ચાલ્યો.



(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૩૬)

■ ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી ગોરાડ ગામ થઈને ચાલ્યા તે મોટી બોરુ આવીને સાબરમતી નદી ઊતર્યા. જે જે ગામ શ્રીહરિ રહેતા હતા ત્યાં હરિભક્તો દર્શન કરવા માટે આવતા. અને શ્રીહરિ પણ ઘણા ભાવથી તેમને દર્શન દેતા હતા. કારણ કે, શ્રીહરિને હરિભક્તો ઉપર ખૂબજ હેત હતું. ભક્તજન ચિત્તચોર, બહુનામી સહજાનંદ સ્વામી શ્રીહરિ ત્યાંથી નાની બોરુ થઈને ભોળાદ ગામ આવ્યા. પછી ત્યાં ભોગાવો નદી ઊતરીને કમિયાળા ગામ આવ્યા. તે પછી પચ્છમ ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ત્યાંના જે હરિભક્તો હતા તેમણે ઘણા હેતથી શ્રીહરિની સેવા કરી. જ્યારે રાત પાછલી ચાર ઘડી રહી ત્યારે સુંદર ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, અને રણ ઊતરીને ખસતા ગામ આવ્યા. તે પછી રોજકા, ઝીંઝર, પરબડી, ભીમનાથ, પોલારપુર, રોજીદ, કુંડળ, સમઢીયાળા, કારિયાણી, ઝીંઝાવદર, નિંગાળા, ઉગામેડી થઈને ગઢપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ ભગવાન શ્રીહરિ રોજકાથી ચાલ્યા તે ખસતા ગામ આવ્યા. ત્યાંના પણ સહુ હરિભક્તોને દર્શન દઈને ચાલ્યા અને રસ્તામાં સંઘ ભેળા થયા. બે કોશ જેટલું ચાલ્યા હશે ત્યારે શ્રીહરિએ સંઘને દર્શન દીધાં. સંઘને પાછળ છોડી દીધો અને પોતે પચ્છમ ગામ આવ્યા, અને બધા હરિભક્તોને દર્શન દીધાં.

મુક્તાનંદ સ્વામી આદિક સંતો રસ્તામાં ચાલ્યા આવતા હતા, તેમને

શ્રીહરિએ દર્શન દીધાં. સહુ આગળ પાછળ ચાલતા હતા. મુક્તાનંદ સ્વામીની સાથે જે સંતો હતા, તે ઉમંગભર ચાલ્યા આવતા હતા. અને મુક્તાનંદ સ્વામી સહુને શ્રીહરિના સંબંધવાળી વિવિધ પ્રકારની વાતો કહેતા હતા. સ્વામીની કહેલી વાતોને સાંભળવાને માટે જે સંતો અને હરિભક્તો હતા, તે બધા એક એકથી આગળ ચાલતા હતા. તેવા સમયમાં ગાંફના હિમાભાઈ નામે એક સોની હરિભક્ત હતા, તે રસ્તામાં સંતોની ભેળા થયા. તેમને સંતોના ઉપર બહુ પ્રેમભાવ હતો. આવીને તરત તેમને દંડવત્ પ્રણામ કર્યા. તે એક સાધારણ નાની ઘોડી ઉપર બેસીને આવ્યા હતા. તેમણે ત્યાં મુક્તાનંદ સ્વામીને ચાલતા દેખ્યા.

ત્યારે તેમણે ગદ્ગદ કંઠ થઈને મુક્તાનંદ સ્વામીને ઘોડી ઉપર બેસવા માટે કહ્યું. અને બોલ્યા કે, ''આ ઘોડી ઘણી શાંત છે.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, ''હું કોઈ દિવસ ઘોડી ઉપર બેઠો નથી. માટે તમે જ ઘોડી ઉપર બેસો. અમારી વાતોમાં તમે વિઘ્ન કરી રહ્યા છો.'' ત્યારે તે હિમાભાઈ સોની રડવા લાગ્યા. તેથી સહુ સંતોએ સ્વામીને ઘોડી ઉપર બેસવાનું કહ્યું.

ત્યારે સ્વામી આવનારા વિઘ્ન કરતાં પણ સંતોનાં વચનને અધિક માનતા હતા. ભાગ્યમાં શૂળીનું દુઃખ લખ્યું હોય, તો તે સંતનાં વચનથી કાંટા જેટલા દુઃખથી મટી જાય છે, તેમાં કાંઈ મિથ્યા કહેવાતું નથી. દેહ પડી જાય તો તેમાં કાંઈ દુઃખ નથી, પણ જો સંતોનું વચન ન મનાય તો તેમાં અપાર દુઃખ થાય છે. આમ અંતરમાં વિચાર કરીને પછી સ્વામી તે ઘોડી ઉપર બેઠા. તેથી સંતો અને હરિભક્તો સહુ ખુશી થયા. પછી વાત કરતા કરતા આગળ ચાલ્યા. તે સમયે વિઘ્નરૂપ જે કાળ કહેવાય છે, તે ખાડાખડિયામાં મચ્છરનું રૂપ લઈ, છૂપાઈને બેઠો હતો. એટલે ઘોડીનો આગળનો પગ તે ખાડાખડિયામાં પડ્યો ત્યારે ઘોડી આગળના ભાગમાંથી નમી ગઈ. અને મુક્તાનંદ સ્વામીએ હાથથી કાંઈ પકડેલું ન હતું, તેથી પડી ગયા ત્યારે દેખાયું. સ્વામીના જમણા હાથનું કાંડુ સહેજ ભાંગી ગયું. પહેલા તો કાંઈ ખબર પડી નહિ, પણ જ્યારે ઊઠ્યા ત્યારે ખબર પડી. પછી જોળી કરી તેમાં હાથ રાખ્યો અને સહુ સંતોની સાથે ચાલ્યા. અડધો કોશ જેટલું ચાલ્યા ત્યારે કમિયાળા ગામ આવ્યા. ત્યાં આશાભાઈ નામે ઘણા પ્રેમી હરિભક્ત હતા. તેણે સંતોને રહેવા માટે ઘણું સારું મંદિર કર્યું હતું. સંતો તે મંદિરમાં આવીને બેઠા. અને શ્રીહરિ તરત ત્યાં આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં રામનવમીનો સમૈયો કરી ઝોળ, કરમસદ,

ગાના, નાપા, પામોલ, દાવોલ, બોરસદ, બોચાસણ, ઊંટવાડા, બુધેજ, ગોરાડ, ગલિયાણા, વારણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, રોજકા થઈને કમિયાળા ગામ આવ્યા. અને તે ગામના બધા હરિભક્તોએ શ્રીહરિના દર્શન કર્યાં. પછી શ્રીહરિ ત્યાંથી પચ્છમ ગામ આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા, તે સહુએ હરખભર્યે હૈયે શ્રીહરિના દર્શન કર્યાં. પચ્છમથી શ્રીહરિ ચાલ્યા તે રણ ઊતરીને ખસતા ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૭૪)

■ ભગવાન શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને વડતાલની સેવા સોંપી અને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી તથા ધર્મકુળ પરિવારને પોતાની સાથે લઈને પીપળાવ, ગલિયાણા, વારણા, મોટી બોરુ, નાની બોરુ, કમિયાળા થઈને પચ્છમ ગામ આવ્યા. તે ગામમાં જે હરિભક્તો હતા તે બધાએ આવીને શ્રીહરિના દર્શન કર્યાં. જ્યારે હરિભક્તો દર્શન કરી રહ્યા ત્યારે સુખધામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે રણ ઊતરીને સંધ્યા સમયે ખસતા ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૧)

■ શ્રી ભક્તચિંતામણી

**પોતે દયાળુ હતા ડભાણ, સુંદરવર શ્યામ સુજાણ;**
**ત્યાંથી ચાલિયા અંતરજામી, આવ્યા બુધેજમાં બહુનામી.**
**હરિભક્ત તિયાં હઠિભાઈ, રહ્યા રાત્ય તિયાં સુખદાઈ;**
**ત્યાંથીઆવ્યાપચ્છમેમહારાજ,જિયાંભક્તઓધવજેરાજ.**
**રહી રાત્ય એક તેને ઘેર, ત્યાંથી વાલો આવ્યા છે ઝિંઝર;**
**સંગે ભક્ત હતો મેર જેઠો, અતિ વૃદ્ધ અંગે વળી દીઠો.**

(પ્રકરણ : ૬૨)

**ત્યાંથી હયે ચડી હરિ, જમ્યા ગોરાડયે ગોરસ ઘણાં;**
**હેત જોઈ હરિજનનું, જમતાં નવ્ય રાખી મણાં.**
**પછી પછમે પધારિયા, ત્યાં રહ્યા હરિ એક રાત્ય;**
**ત્યાંથી તરત ચાલિયા, પોતે પ્રભુજી પરભાત્ય.**

(પ્રકરણ : ૮૪)

■ મહારાજ બીજે ઠેકાણે સમૈયો કરવા પધારે, પણ નિવાસ કરીને તો દાદાખાચરના દરબારમાં ભક્તજનને વશ થઈને રહેતા હતા. પછી દિવાળીનો સમૈયો વડતાલ કરવા નિરધાર્યો, તેની કંકોતરી દેશદેશ પ્રત્યે મોકલાવી. પછી

મહારાજ ગઢડેથી ચાલ્યા તે કાઠીના અસવાર ભેળા લીધા ને ગામ કારિયાણી પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ પચ્છમ આવ્યા. ત્યાં રાત રહ્યા ને હરિભાઈ વિપ્રને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ બુધેજ આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૩૦)

■ ભગવાન શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે ઝીંઝાવદર, કારિયાણી, ઝીંઝર, રોજકાથી વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા, તે ગામ પચ્છમ પધાર્યા. ત્યાં હરિજને સામૈયું કર્યું, તે મહારાજ દેવજી પટેલના ફળીમાં જઈને ઊતર્યા ને સર્વે સંઘ ગામ ને તળાવ તેની વચ્ચે ઊતર્યા અને સંતો ધર્મશાળામાં ઊતર્યા. પછી મહારાજ સભા કરીને બિરાજ્યા.

પછી ગામમાં ઓધવ ને હરિભાઈ તેમને ઘેર મહારાજ થાળ જમવા પધાર્યા. પછી જમીને થાળ નિત્યાનંદ સ્વામીને મોકલાવ્યો. પછી મહારાજે સંઘમાં ખબર કઢાવી અને જેને કાંઈ જોઈતું કરતું હોય તે અપાવ્યું. પછી મહારાજ પોઢ્યા. પછી વહેલા જાગ્યા ને નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો ને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા તે ગામ હડાળા આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૪૦)

■ ભગવાન શ્રીહરિ ડભાણમાં મહાયજ્ઞ કરીને ત્યાંથી વડતાલમાં થોડા દિવસ રહી, ઉમરેઠ, ઉંટવાડા, બુધેજ, ગોરાડ, મોટી બોરુ, કમિયાળા થઈને પચ્છમ પધાર્યા : 'ગયા ત્યાંથી બુધેજ મોઝાર, ખોડાભાઈ તણે દરબાર; બોરુ થૈને ગયા કમિયાળે, ગયા પછ્છમ ગામ તે કાળે.' (શ્રીહરિલીલામૃત : ૭/૧૨)

■ ભગવાન શ્રીહરિ સારંગપુરમાં એક માસ રહીને ચાલ્યા તે સુંદરિયાણા, ધંધુકા, ખડોળ થઈને પચ્છમ પધાર્યા : 'થયા શ્રીપ્રભુ તેથી પ્રસન્ન, આપ્યું કલ્યાણ કારી વચન; પછી ચાલિયા સુંદરશ્યામ, પ્રભુજી ગયા પછિમ ગામ. મહારાજ રહ્યા કરિ મેહેર, જયરાજ પટેલને ઘેર; કમિયાળે ગયા કૃપાનાથ, ત્યાંથી બોરુ ગયા સૌ સાથ.' (શ્રીહરિલીલામૃત : ૭/૪૭)

■ ભગવાન શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે ઝીંઝાવદર, કારિયાણી, ઝીંઝર થઈને પચ્છમ પધાર્યા. ગામના સર્વે બાઈ-ભાઈ હરિભક્તો સામે આવ્યા. વાજતે ગાજતે શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ભેટ, પુષ્પહાર વગેરે અર્પણ કરી શ્રીહરિ તથા સર્વે સંતમંડળને ખૂબ ભાવથી રસોઈ કરી જમાડ્યા અને શ્રીહરિ ત્યાં રાત્રિ રહ્યા :

**'ઝીંઝરપુર સે ચલે શામ, સુખધામ સુહાવા;**
**સંત સહિત સાક્ષાત ગામ, પછિમ હરિ આવા.**

**સનમુખ આયે દાસ, આશ અંતર દૃઢ ધારી;**
**પુરમેં કરી અતિ પ્રીત, ચિત્ત ચંચલ સુખકારી.**
**પધરાયેઉ સનમુખ જઈ, લૈ વાજા મન ભાવતે,**
**આવતે સંત સમોહ બીચ, ગુનીજન ભેગે ગાવતે.'**

(શ્રીહરિલીલાસિંધુ : દ્વાદશરત્ન, સ્તરંગ - ૧૦)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ધર્મકુળ પરિવાર તથા પાંચસો પરમહંસો તથા કાઠી દરબારો તથા સત્સંગીઓની અનેકવાર પધરામણીથી પચ્છમ ગામ તીર્થધામ તુલ્ય થયું છે. ભગવાન શ્રીહરિએ જ્યાં ઉતારો કર્યો, જ્યાં સભા કરીને બિરાજમાન થયા, જ્યાં ભગવાન શ્રીહરિ જમ્યા તે સર્વે સ્થળો પ્રાસાદિક દર્શનીય છે.

**મુ. પચ્છમ, તા. ધંધુકા, જી. અમદાવાદ**

# કમિયાળામાં કૃપાનિધાન શ્રીહરિ



**કમિયાળાકિ કહું ક્યા બડાઈ, વેરમવેર જ્યાં આયે સુખદાઈ.'**

(નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત હરિવિચરણ : ૪/૧૪)

આ કમિયાળા ગામ ધોલેરાધામથી ૨૧ કી.મી.ના અંતરે આવેલું છે. આ કમિયાળા ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૪૪ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. ભગવાન શ્રીહરિ ઘણીવખત કમિયાળા ગામમાં એક રાત્રિ, બે રાત્રિ, એક દિવસ તથા હરિનવમી સમૈયા વખતે સતત ૧૩ દિવસ સુધી એમ કુલ ૨૫ રાત્રિથી વધારે નિવાસ કરીને સત્સંગીજનોને અત્યંત આનંદ આપ્યો છે. વળી, ધર્મકુળ પરિવાર, પાંચસો પરમહંસો તથા કાઠી દરબારો વગેરે લઈને શ્રીજીમહારાજ કમિયાળા ગામમાં પધારીને દર્શન-કથાવાર્તાનો લાભ આપીને હરિભક્તોને ધન્યભાગી કર્યા છે. પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'ઘણી લીલા કરી કમિયાળે, ધર્મરક્ષક ધર્મને લાલે;**
**ધન્ય ધન્ય ત્યાંના હરિજન, વળિ ત્યાંની ધરા ધન્ય ધન્ય;**
**તે તો તીરથભૂમિ ગણાય, વ્રજ તુલ્ય સદા વખણાય.**

**વિશ્વમાં જેની લીલા વંચાશે, મોટા મોટા મુનિવર ગાશે;**
**ચૈત્રી પૂનમનો દિન આવ્યો, વાલે ત્યાં સુધી વાસ ઠરાવ્યો.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૯)

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીનો હાથ ભાંગી ગયો હતો ત્યારે કમિયાળામાં ઘણા દિવસ મુક્તાનંદ સ્વામી રહ્યા હતા. તેઓની સેવા કમિયાળામાં હરિભક્તોએ કરી હતી. ભગવાન શ્રીહરિ વડતાલ પ્રતિષ્ઠા કરીને કમિયાળા મુક્તાનંદ સ્વામીના ખબર-અંતર પૂછી પછી ગઢડા સુધી પલંગમાં સુવારીને સ્વામીને લઈ ગયા હતા. તે પલંગ કમિયાળાના બાર હરિભક્તોએ છેક ગઢડા સુધી ઉપાડીને સેવા કરી હતી. તે કમિયાળા ગામ માટે ગૌરવની વાત છે.

શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં સેસા(સિંહા) વણાર, દાદા વણાર, પ્રાગ વણાર, આશારામભાઈ, વણારશીભાઈ, હઠીભાઈ, નથુભાઈ ગઢવી, ખીમરાજભાઈ ગઢવી, મોડભાઈ ગઢવી, વાસાભાઈ કોળી, અજાભાઈ કોળી, વાઘાભાઈ તથા જીજીબાઈ વગેરે પ્રસિદ્ધ હતા. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે : **'ભક્ત સેસો વણાર ને પ્રાગ, હઠી ડોસે કર્યો કુસંગ ત્યાગ; કોળી ભક્ત વાંસો અજોભાઈ, વાઘા વસતાદિ ભક્ત કેવાઈ. દેવજાતિ એક જીજીબાઈ, કહીએ ભક્ત કમિયાળામાંઈ...'** (શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૧૧૮)

સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં કમિયાળા ગામના સત્સંગીઓ પણ ગયા હતા ત્યારે શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૫૩)

■ **કમિયાળા ગામમાં પ્રાસાદિક સ્થાનો :**





૧. સેસા વણારની મેડી : અહીં ભગવાન શ્રીહરિ જ્યારે કમિયાળામાં પધારતા ત્યારે તે આ મેડી ઉપર ઊતરતા. ૨. ગોધા નદી : આ નદીમાં શ્રીજીમહારાજે સંતો-ભક્તો સહિત અનેકવખત સ્નાન કરેલ છે. ૩. તળાવ : આ તળાવમાં ભગવાન શ્રીહરિ પાંચસો પરમહંસ સહિત ઘણીવાર જળક્રીડા કરી છે. ૪. આંબલી : તળાવથી વાયવ્ય દિશામાં આ આંબલી નીચે ભગવાન શ્રીહરિ ચણેચીની ભાજી જમ્યા હતા. ૫. મંદિર : આ મંદિર સંતોના ઉતારા માટે પરમ ભક્તરાજ આશારામભાઈએ બંધાવ્યું હતું. અહીં ભગવાન શ્રીહરિ અને સંતો જ્યારે કમિયાળામાં પધારતા ત્યારે ઉતરતા હતા. ૬. વણારશીભાઈનું ઘર : અહીં શ્રીજીમહારાજે અશ્વને ગોળ ખવરાવ્યો હતો. ૭. વડવૃક્ષ : કમિયાળા ગામથી દક્ષિણ દિશા તરફના તળાવ પાસે આ વડ નીચે ભગવાન શ્રીહરિ બિરાજીને થાળ જમ્યા છે તથા સંતો-હરિભક્તોને પણ જમાડ્યા છે. ૮. શ્રીહનુમાનજી : ભગવાન શ્રીહરિના પ્રાસાદિક તળાવના કિનારે સં. ૧૮૯૧માં યોગીવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામી કમિયાળામાં પધાર્યા ત્યારે સેસા વણાર, નથુ ગઢવી વગેરે ભક્તોએ સ્વામીને પ્રાર્થના કરી કે, સ્વામી ! અમારા ગામમાં રોગચાળાને લીધે માણસો મરે છે, તો કૃપા કરો. ત્યારે સ્વામી કહે, મહારાજ કૃપા કરશે. તમને ભગવાન શ્રીહરિના ચરણોથી પાવન આ તળાવના કિનારે પ્રતાપી હનુમાનજી પધરાવી આપીશ. વચન પ્રમાણે સ્વામીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી. અને 'શ્રીકષ્ટભંજન દેવ' નામ આપ્યું.

**॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની કમિયાળા ગામમાં પધરામણી ॥**

■ ભગવાન શ્રીહરિ ગુડેલથી ચાલ્યા તે વારણા, નાની બોરુ, ભોળાદ થઈને ગામ કમિયાળે પધાર્યા ને સિંહા (સેસા)ભાઈની મેડી ઉપર ઊતર્યા. અને ત્યાં પોતે થાળ જમીને સાધુ, પાળા તથા અસવારને દહીં-દૂધ સારી પેઠે પીરસીને પોતે તૃપ્ત કર્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ રોજકે પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૧ની લીલા)

■ ભગવાન શ્રીહરિ ગઢડાથી ચાલ્યા તે સારંગપુર, સુંદરિયાણા, ધંધુકા, ખસતા, પચ્છમ થઈ ગામ કમિયાળે પધાર્યા ને ત્યાં સિંહા વણારની મેડીમાં ઊતર્યા ને કંકોડાનું શાક ને પૂરી કરીને પોતે જમ્યા. પછી દૂધમાં સાકર નાખીને જમ્યા ને પોતે પાર્ષદને દહીં-દૂધ વતે કરીને તૃપ્ત કર્યા. તે ગામના હરિભક્ત સહિત ચાલ્યા, તે ઘોઘાવા નદીને કાંઠે જઈને સર્વે હરિભક્તને પાછા વાળ્યા. ને સર્વેને છાતીમાં પોતાના ચરણારવિંદ આપ્યાં. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૨ની લીલા)

■ શ્રીજીમહારાજ વડતાલ ફૂલદોલનો ઉત્સવ કરવા ગઢડાથી ચાલ્યા, તે બોટાદ, સુંદરિયાણા, રોજકા, ગાંફ થઈને ગામ કમિયાળે રહેતા હવા. ને ત્યાં રાત રહીને ચાલ્યા, તે બોરુ ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૨ની લીલા)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં ફૂલદોલનો સમૈયો કરીને ગઢડા પાછા ફરતા મહેળાવ, સોજીત્રા, સિંજીવાડા એક રાત રહીને માર્ગના ગામના હરિભક્તને દર્શન દેતા થકા ગામ કમિયાળે પધાર્યા. ત્યાં જમીને બીજે દિવસ ચાલ્યા, તે ગામ રોજકા પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૨ની લીલા)

■ ભગવાન શ્રીહરિ કેરીઓ ટાણે પાછા ગઢડાથી વડતાલ જવા ચાલ્યા, તે ગામ બોટાદ, લોયા, નાગડકા, ભેંસજાળ, વાગડ, મોરશિયા, ધંધુકા, ખડોળ થઈને કમિયાળા પધાર્યા ને ત્યાં તળાવને કાંઠે આંબલીઓમાં ઊતર્યા. પછી ગામમાં જમવા પધાર્યા ને સિંહા વણારની મેડીમાં રાત રહ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ભોળાદને પાદર થઈને જાખડે પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૨ની લીલા)

■ ગઢડામાં જન્માષ્ટમી કરીને દિવાળી ઉપર ભગવાન શ્રીહરિ વડતાલ જતાં ગામ સારંગપુર, સુંદરિયાણા, રોજકા થઈને કમિયાળા પધાર્યા ને ત્યાંથી ચાલ્યા, તે સિંજીવાડે પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૩ની લીલા)

■ વડતાલ ફૂલદોલ ઉત્સવ કરવા શ્રીજીમહારાજ ગઢડાથી ચાલ્યા, તે કારિયાણી, બરવાળા, ગાંફ થઈને કમિયાળે પધાર્યા ને ત્યાંથી બોરુ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૩ની લીલા)

■ જેતલપુરમાં ભીમ એકાદશીનો ઉત્સવ કરી ભગવાન શ્રીહરિ ડભાણ, વડતાલ, મહેળાવ, સોજીત્રાના હરિભક્તને દર્શન દઈને ગામ સિંજીવાડા, ગલિયાણા, વારણા, બોરુ થઈને કમિયાળે પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ ઝીંઝર પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૩ની લીલા)

■ ગઢડામાં દશેરાનો ઉત્સવ કરીને વડતાલ દિવાળી અન્નકૂટોત્સવ કરવા ભગવાન શ્રીહરિ ગઢડાથી ચાલ્યા, તે બોટાદ, સુંદરિયાણા, થઈને કમિયાળે પધાર્યા ને ત્યાંથી સિંજીવાડે પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૪ની લીલા)

■ વડતાલમાં દિવાળી અન્નકૂટોત્સવ કરી શ્રીજીમહારાજ બુધેજ, ગોરાડ, ગુડેલ, બોરુ થઈને કમિયાળે પધાર્યા. ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે ગામ ખરડ પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૪ની લીલા)

■ ભગવાન શ્રીહરિ ગઢડામાં જન્માષ્ટમીનો ઉત્સવ કરીને ગઢડાથી ચાલ્યા, તે ગામ બુધેજ પધાર્યા. ત્યાં રાત રહીને ગામ કમિયાળે પધાર્યા. પછી ત્યાંથી ગામ રોજકે પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૫ની લીલા)

■ ભગવાન શ્રીહરિ ગઢડાથી ચાલ્યા, તે જેતલપુર, મેમદાવાદ, ડભાણ, વડતાલ, પીપળાવ, બુધેજ, ગુડેલ થઈને કમિયાળે ગયા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ ઝીંઝર ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૬ની લીલા)

■ ગઢડામાં જન્માષ્ટમી તથા દિવાળી કરીને ભગવાન શ્રીહરિ વડતાલમાં પ્રબોધની ઉત્સવ કરવા ચાલ્યા, તે બોટાદ, અણિયાળી, ધંધુકા થઈ કમિયાળે ગયા. ત્યાં મુક્તાનંદ સ્વામી ઘોડેથી પડ્યા તે હાથ ભાંગ્યો. તે જોઈને શ્રીજી બહુ ઉદાસ થયા. પછી વૈદ્યને તેડાવીને હાથ ચડાવ્યો. પછી ત્યાં બે રાત્રી રહીને ચાલ્યા, તે ગામ નાનીબોરુ ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં પોતાનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને વસો, અલિંદ્રા, પછેગામ થઈને ગામ કમિયાળે ગયા. ત્યાં મુક્તાનંદ સ્વામી હતા, તેમને પોતે મળ્યા ને તેમના હાથની ખબર પૂછી. ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમારી ક્રિપાથી હાથે શાંતિ છે." પછી તેમની સેવામાં સાધુ હતા, તેમને મળીને સિંહા વણારની મેડીને વિષે પોતે ઊતર્યા. પછી ત્યાં પોતે જમીને સાધુ તથા પાર્ષદને જમાડ્યા. પછી બે દિવસ ત્યાં રહીને મુક્તાનંદ સ્વામીને ભેળા લઈને ચાલ્યા, તે ગાંફ ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા / અન્યત્ર સં. ૧૮૮૧)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં હુતાશણીનો સમૈયો કરીને સુરત જાતા દાવોલથી પાછા વળ્યા ને ત્યાંથી ગામ બુધેજ પધાર્યા. ત્યાંથી ગામ કમિયાળે પધાર્યા ને ત્યાંથી પીપળી થઈને ધોલેરે પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

■ શ્રીજીમહારાજ ગઢડામાં જન્માષ્ટમી તથા દશેરાનો સમૈયો કરીને ચાલ્યા, તે ગામ કારિયાણી, કુંડળ થઈને કમિયાળે ગયા. ત્યાં થોડીકવાર ટકીને નાનીબોરુ ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૧ની લીલા)

■ વડતાલમાં રામનવમીનો સમૈયો કરી ભગવાન શ્રીહરિ મહેળાવ, સોજીત્રા, સિંજીવાડા, ગલિયાણા થઈને ગામ કમિયાળે પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ રોજકા પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૧ની લીલા)

■ ગઢડામાં દિવાળી-અન્નકૂટોત્સવ કરીને શ્રીજીમહારાજ વડતાલ

પ્રબોધનીનો સમૈયો કરવા ચાલ્યા, તે કારિયાણી, બરવાળા, ધોલેરા, પીપળી થઈને કમિયાળે આવ્યા. ત્યાંથી સવારમાં ચાલ્યા, તે ગામ બુધેજ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૨ની લીલા)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં પ્રબોધનીનો સમૈયો કરીને ચાલ્યા, તે ગામ બોચાસણ, બુધેજ, ગુડેલ થઈને થઈને કમિયાળે પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ધોલેરે ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૨ની લીલા)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં દોઢ માસ રહીને ચાલ્યા, તે સિંજીવાડે, જાખડે થઈને કમિયાળે રાત રહ્યા ને ત્યાંથી ધોલેરે ગયા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૩ની લીલા)

■ ગઢડામાં વસંતપંચમીનો સમૈયો કરીને શ્રીજીમહારાજ વડતાલને માર્ગે ચાલ્યા, તે ગામ સારંગપુર, સુંદરિયાણા, અણિયાળીએ ગયા. ત્યાંથી કમિયાળે ગયા ને ત્યાંથી વરસડે ગયા ને સિંજીવાડે થઈને વડતાલ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૩ની લીલા)

■ વડતાલમાં ફૂલદોલનો ઉત્સવ કરીને ચાલ્યા, તે મહેળાવ, પીપળાવ, ગલિયાણા થઈને જાખડે ગયા ને ત્યાંથી ચાલ્યા, તે કમિયાળે ગયા ને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગાંફ થઈને ભાદર નદીને કાંઠે રાત રહ્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૩ની લીલા)

■ જ્યારે શ્રીહરિવર ગઢપુરથી ચાલ્યા ત્યારે ચરોતર અને ગુજરાતમાં ફરવાનો નિરધાર કર્યો. ઘણા પાર્ષદોને સાથે લીધા હતા. તેમાં ભગુજી મુખ્ય હતા. શ્રીહરિ ઝીંઝાવદર થઈને કારિયાણીમાં આવીને રહ્યા. પછી ત્યાંથી શ્રીહરિ કુંડળ, પોલારપુર, ભીમનાથ, ઝીંઝર થઈને રોજકા ગામ આવ્યા. ત્યાંથી ખસતા અને પચ્છમ થઈને કમિયાળા આવ્યા. પછી ભોગાવો નદી ઊતર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

■ ભગવાન શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા તે સારંગપુર આવીને એક રાત રહ્યા. અને સવારે ત્યાંથી ચાલતા થયા. પછી કુંડળ આવ્યા અને ચોકડી ઉપર થઈ રોજકામાં એક રાત રોકાયા. પછી ત્યાંથી સવારે ચાલતા થયા. ત્યાંથી ખસતા ગામ થઈ ઘનશ્યામ શ્રીહરિ પચ્છમ આવ્યા અને ત્યાંથી કમિયાળા આવીને ભોગાવો નદી ઊતર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૪)

■ ભગવાન શ્રીહરિ પ્રબોધની એકાદશી ગઢપુરમાં કરી વેદાંતાચાર્યને મળવા વડતાલ ચાલ્યા, તે સારંગપુર, રોજકા, ખસતા, પચ્છમ થઈને કમિયાળા

ગામમાં આવીને રસોઈ જમ્યા. ત્યાંના જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની સેવા કરી. સહુ જમી રહ્યા તે વખતે તરત જ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને બોરુ ગામ આવી ત્યાં રાત રોકાયા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૯)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં સત્સંગની સર્વોત્તમ પ્રથા કહીને રાવલી, મહેળાવ, પીપળાવ, નાર, રામોલડી, ઊંટવાડા, બુધેજ, ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ આવ્યા. પછી ત્યાં ભોગાવો નદી ઊતરીને કમિયાળા ગામ આવ્યા. તે પછી પચ્છમ ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ ભગવાન શ્રીહરિ ખસ્તા ગામના હરિભક્તોને દર્શન દઈને ચાલ્યા અને રસ્તામાં સંઘ ભેળા થયા. બે કોશ જેટલું ચાલ્યા હશે ત્યારે શ્રીહરિએ સંઘને દર્શન દીધાં.સંઘને પાછળ છોડી દીધો અને પોતે પચ્છમ ગામ આવ્યા, અને બધા હરિભક્તોને દર્શન દીધાં. મુક્તાનંદ સ્વામી આદિક સંતો રસ્તામાં ચાલ્યા આવતા હતા, તેમને શ્રીહરિએ દર્શન દીધાં. સહુ આગળ પાછળ ચાલતા હતા. મુક્તાનંદ સ્વામીની સાથે જે સંતો હતા, તે ઉમંગભર ચાલ્યા આવતા હતા. અને મુક્તાનંદ સ્વામી સહુને શ્રીહરિના સંબંધવાળી વિવિધ પ્રકારની વાતો કહેતા હતા. સ્વામીની કહેલી વાતોને સાંભળવાને માટે જે સંતો અને હરિભક્તો હતા, તે બધા એક એકથી આગળ ચાલતા હતા. તેવા સમયમાં ગાંફના હિમાભાઈ નામે એક સોની હરિભક્ત હતા, તે રસ્તામાં સંતોની ભેળા થયા. તેમને સંતોના ઉપર બહુ પ્રેમભાવ હતો. આવીને તરત તેમણે દંડવત્ પ્રણામ કર્યા. તે એક સાધારણ નાની ઘોડી ઉપર બેસીને આવ્યા હતા. તેમણે ત્યાં મુક્તાનંદ સ્વામીને ચાલતા દેખ્યા.

ત્યારે તેમણે ગદ્ગદ કંઠ થઈને મુક્તાનંદ સ્વામીને ઘોડી ઉપર બેસવા માટે કહ્યું. અને બોલ્યા કે, ''આ ઘોડી ઘણી શાંત છે.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, ''હું કોઈ દિવસ ઘોડી ઉપર બેઠો નથી. માટે તમે જ ઘોડી ઉપર બેસો. અમારી વાતોમાં તમે વિઘ્ન કરી રહ્યા છો.'' ત્યારે તે હિમાભાઈ સોની રડવા લાગ્યા. તેથી સહુ સંતોએ સ્વામીને ઘોડી ઉપર બેસવાનું કહ્યું.

ત્યારે સ્વામી આવનારા વિઘ્ન કરતાં પણ સંતોનાં વચનને અધિક માનતા હતા. ભાગ્યમાં શૂળીનું દુઃખ લખ્યું હોય, તો તે સંતનાં વચનથી કાંટા જેટલા દુઃખથી મટી જાય છે, તેમાં કાંઈ મિથ્યા કહેવાતું નથી. દેહ પડી જાય તો તેમાં કાંઈ દુઃખ નથી, પણ જો સંતોનું વચન ન મનાય તો તેમાં અપાર દુઃખ થાય છે.

આમ અંતરમાં વિચાર કરીને પછી સ્વામી તે ઘોડી ઉપર બેઠા. તેથી સંતો અને હરિભક્તો સહુ ખુશી થયા. પછી વાત કરતા કરતા આગળ ચાલ્યા. તે સમયે વિઘ્નરૂપ જે કાળ કહેવાય છે, તે ખાડાખડિયામાં મચ્છરનું રૂપ લઈ, છૂપાઈને બેઠો હતો. એટલે ઘોડીનો આગળનો પગ તે ખાડાખડિયામાં પડ્યો ત્યારે ઘોડી આગળના ભાગમાંથી નમી ગઈ. અને મુક્તાનંદ સ્વામીએ હાથથી કાંઈ પકડેલું ન હતું, તેથી પડી ગયા ત્યારે દેખાયું. સ્વામીના જમણા હાથનું કાંડું સહેજ ભાંગી ગયું. પહેલા તો કાંઈ ખબર પડી નહિ, પણ જ્યારે ઊઠ્યા ત્યારે ખબર પડી. પછી જોળી કરી તેમાં હાથ રાખ્યો અને સહુ સંતોની સાથે ચાલ્યા. અડધો કોશ જેટલું ચાલ્યા ત્યારે કમિયાળા ગામ આવ્યા.

ત્યાં આશાભાઈ નામે ઘણા પ્રેમી હરિભક્ત હતા. તેણે સંતોને રહેવા માટે ઘણું સારું મંદિર કર્યું હતું. સંતો તે મંદિરમાં આવીને બેઠા. અને શ્રીહરિ તરત ત્યાં આવ્યા. આવીને જ્યારે જોયું ત્યારે એમ બોલ્યા કે, ‘‘જે આ મુક્તાનંદ સ્વામી ક્યારેય કીડી જેવા જીવને પણ દૂભવે નહિ તેવા છે. હવે આ તેમને દુભવવાની વાત થઈ છે. આ વર્ષના પછી જે બીજું વર્ષ આવશે ત્યારે હવે આ ભૂમિ ઉપર તેનું ફળ દેખાશે. આવા મોટા સંતને કોઈ કારણ વિના જ્યારે દુઃખ આવતું હોય છે ત્યારે આ ભૂમિ ઉપર ફરીને કોઈ ઉત્પાત આવતો દેખાશે, આવી મોટા પુરુષોની વાત હોય છે. મોટા પુરુષની જે વાત હોય છે તે મોટા પુરુષ જ જાણે, તે મોટા સિવાય બીજા કોઈ જાણી શકે નહિ. આપણા રંગમાં મોટો ભંગ પડ્યો છે. હવે સમૈયો તો થાશે, પણ ઉત્સાહ વગરના સમૈયામાં કોઈને રસ આવતો નથી.

તે પછી દાદા હઠીના પિતા પ્રાગ વણારે પોતાને જેવું આવડે, તે રીતે મુક્તાનંદ સ્વામીના હાથને ચઢાવી દીધો. ત્યારે શ્રીહરિએ રાજી થઈને તેને પ્રસાદીનું શેલું એક આપ્યું અને શ્રીહરિ બે દિવસ ત્યાં રહ્યા. જ્યારે મુક્તાનંદ સ્વામીને પાટો ગોઠી ગયો છે એવું દેખાયું ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, ‘‘હવે આપ સુખેથી વડતાલ જાઓ. સમૈયો કરીને પાછા આવો ત્યાં સુધી અમે અહીંયા રોકાશું. મારી પાસે જેટલા સંતોને રાખવા હોય તેટલાને રાખજો.’’ પછી શ્રીહરિ કમિયાળાથી ચાલ્યા અને સમાણી ગામમાં રસોઈ જમીને બોરુ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં ધ્યેય-ઉપાસ્યમૂર્તિ નિજસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ દેવની ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા કરીને વસો, વટામણ, જાખડા પધાર્યા. ત્યાં હરિભક્તોને દર્શનનું સુખ આપીને પાછલો દોઢ પહોર રહ્યો

ત્યારે શ્રીહરિ ચાલતા થયા. ત્યારે વડોદરાના રાધાવલ્લભીય એક વૈરાગી દ્વારકા જતા હતા તે રસ્તામાં ભેળા થયા. જ્યારે શ્રીહરિ સરગવાળા ગામે ગયા અને ત્યાં ભોગાવો નદીને ઊતર્યા. તે વૈરાગીને ગાયકવાડ સરકાર સયાજીરાવે આદર સત્કાર કરીને વડોદરા રાખ્યા હતા. અને જ્યારે સરકારની ઈચ્છા થાય ત્યારે તે આવીને ગાન કરતા હતા. તેનું દેવીદાસ નામ હતું, તે અશ્વ ઉપર બેઠા હતા અને શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા હતા. રસ્તે સાથે ચાલ્યા જતા હતા.

ત્યારે શ્રીહરિએ તે દેવીદાસને પ્રેમથી કહ્યું, 'તમે ગઢપુર પાંચ દિવસ ચોક્કસ આવજો. તમે આવશો ત્યારે તમારાં મુખનું સંગીત સાંભળવાનું અમને ઘણું તાન છે. જે કાંઈ કહેશો તે ખર્ચ પણ અમે આપશું.' આવી વાતો કરતા કરતા જ્યારે કાંઈ સરખી જમીન આવી ત્યારે શ્રીહરિ પોતાના અશ્વને જેટલો ચાલી શકે તેટલો ઉતાવળો ચલાવવા માંડ્યા. દેવીદાસે પણ પોતાના અશ્વને શ્રીહરિની બરોબર ચલાવ્યો. દેવીદાસ પોતાના અશ્વને બરોબર ચલાવી રહ્યા છે તેમ જાણીને શ્રીહરિએ રમૂજ ખાતર પોતાના અશ્વને શીઘ્ર ગતિથી ચલાવ્યો. ત્યારે તે દેવીદાસે પણ શ્રીહરિના અશ્વને જોવા માટે પોતાના અશ્વને શીઘ્રતાથી ચલાવ્યો.

ત્યારે શ્રીહરિએ પોતાના અશ્વને એકદમ દોડાવ્યો. તે વખતે દેવીદાસે પણ પોતાના અશ્વને શ્રીહરિની આગળ કરવા માટે દોડાવ્યો. પણ શ્રીહરિએ તો હરખભર્યા પોતાના અશ્વને કમાનમાંથી બાણ છૂટે તે રીતે દોડાવ્યો. અથવા તો તોપમાંથી જેમ ગોળો છૂટે, આકાશમાંથી તારો ખરે અથવા વાદળાંમાં વીજળી ચમકે અથવા તો વિમાન કે ગરુડ વેગથી ઊડતો હોય અથવા મનનો જેવો વેગ કહેવાય, તે રીતે શ્રીહરિનો અશ્વ વેગ કરી રહ્યો હતો અને દેવીદાસને ન દેખાય તે રીતે શ્રીહરિનો અશ્વ દોડ્યો જતો હતો.

આગળ જતા જ્યારે દેવીદાસ ન દેખાયા ત્યારે શ્રીહરિ ત્યાં ઊભા રહ્યા અને દેવીદાસ આવીને ભેળા થયા. તેમનાં મનમાં ઘણું આશ્ચર્ય થયું. દેવીદાસ અશ્વ ઉપરથી ઊતર્યા અને ઘણા ઉત્સાહથી શ્રીહરિના અશ્વ પાસે આવીને વારંવાર તેનાં મુખને ચુંબન કરવા લાગ્યા અને બોલ્યા કે, 'આ અશ્વની ભારોભાર રૂપિયા આપવામાં આવે તોપણ આ ભૂમિથી સ્વર્ગલોક સુધી આ સમયમાં આના સિવાય બીજો કોઈ આવો અશ્વ છે નહિ. તે દેવીદાસને શ્રીહરિનો અશ્વ મનમાં ઊતરી ગયો. તે ઊઠતા, બેસતા, ચાલતા એક ઘડીકવાર પણ તેને ભૂલતા નહિ. શ્રીહરિ જ્યારે સરગવાળા ગામ આવ્યા ત્યારે દેવીદાસ શ્રીહરિથી છૂટા પડ્યા અને શ્રીહરિ કમિયાળા તરફ એકદમ સીધા ચાલ્યા. શ્રીહરિએ કમિયાળા આવીને

સિંસા વણારને ઘેર ઉતારો કર્યો અને પછી તત્કાળ જ મુક્તાનંદ સ્વામીને દર્શન દેવા માટે તેમની પાસે આવ્યા.

મુક્તાનંદમુનિ ઉત્તમ રાજા પ્રત્યે કહે છે : પછી શ્રીહરિએ મને પૂછ્યું તમારે હાથની પીડા હવે કેમ રહે છે ? અમે તો રોજ વારંવાર તમને સંભારીએ છીએ. જેટલા હરિભક્તો વડતાલમાં આવ્યા હતા તે તમને સંભારતા હતા. જે તમારા સમાચાર સાંભળતા હતા તે બધા ઘણા દિલગીર થઈ જતા હતા. અમે વડતાલમાં વચલા મંદિરમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા છે. મૂર્તિ ખૂબ જ સુશોભિત બની છે. શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને હરિભક્તો ખૂબ રાજી રાજી થઈ ગયા છે. અને તે સ્વરૂપ ખૂબ જ સુશોભિત થયું છે. જેવો ચરોતર દેશ છે તેવા દેવ પધરાવ્યા છે. આ દેવના ઉપર જેવો ભાવ રાખીને ભક્તજનો સેવા કરશે તેમને ભાવ પ્રમાણે ફળ આપશે, તેવા આ દેવ છે.

દુઃખનું મૂળ તો ચાર બાબત છે : ૧. દારૂ, ૨. માંસ, ૩. ચોરી અને ૪. વ્યભિચાર. બીજાં જેટલાં વ્યસન છે અને તેમાં વળી જેટલી અનીતિ રહી છે, તે એક એક દોષનું પરિણામ દુઃખનો દરિયો છે પણ લોકોને મોહથી મનાતું નથી. આ જીવાત્માને શરીરના મા-બાપના જેવા બીજા કોઈ હિત કરનારા દેખાતા નથી. બાળકના મળ-મૂત્ર ધોઈ શુદ્ધ કરી અને રાત દિવસ તેને ચોખ્ખો રાખે છે. સમય સમય પ્રમાણે તેને માતા દૂધ પીવડાવે છે અને તે નાના બાળકને અન્ન-જળ ખાવા પીવામાં રુચિ કરાવે છે. તે સિવાય બીજું પણ માતા પિતા મનુષ્યનું નિત્ય અપાર હિત કરે છે. જ્યારે મનુષ્ય મોટો થાય અને થોડું બહારની બધી વાતનું જ્ઞાન થાય ત્યારે માતા પિતાએ પોતાને જે સાચવ્યો હોય અને તેમના જે ગુણ હોય તે ભૂલી જાય છે. મનુષ્યમાત્રનો તેવો સ્વભાવ હોય છે.

બીજી બાજુ માતા પિતા કરતા પણ ભગવાને જીવના ઉપર કરોડો ઉપકાર કર્યા છે. જીવમાત્રના ઉપર ભગવાન એવો ઉપકાર કરતા રહે છે કે, તે ઉપકારને કોઈથી વર્ણવી શકાતો નથી; એવો તે ઉપકાર કરે છે. જ્યારે ગર્ભાધાન થાય છે ત્યારે એકદમ શરૂઆતમાં આ મનુષ્ય શરીરનો જે આકાર છે તે આકાર દેખાતો જ નથી પણ એના મૂળ કારણ જેવું કાંઈક યથાર્થ દેખાય છે. જે બીજાધાનમાં આકાર હોય છે તે મૂળ સમાન (જેવો હોય એવો સ્પષ્ટ) દેખી શકાતો નથી પણ જો શ્રીહરિ ધારે તો તે જ સમયે તેને મૂળ જેવો જ દેખી શકે છે.

કોઈ ચાહે તેમ વર્તે પણ બધું ભગવાનને આધીન છે. પરમેશ્વર એવા સુખદાયક છે અને તેમના ઉપકારો પણ અપાર છે. જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, અંતઃકરણ તથા

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થા, એ બધું જીવનાં સુખને માટે પરમેશ્વરે રચ્યું છે. તે સિવાય જીવનાં સુખને માટે બીજી અનંત વાતો ભગવાને રચી છે જેનો પાર લઈ શકાતો નથી. આવા ભગવાને કરેલા ઉપકારરૂપ ગુણ અપાર હોય છે. તે પરમેશ્વરના ઉપકારને જીવ ક્યારેય સંભારતો નથી. બધા જ ઉપકારના ગુણોને ભૂલી ગયો છે. અને તે ભગવાને જે બીજા અલૌકિક ઉપકારો કર્યા છે તેને પણ જીવ ભૂલી ગયો છે. પરમેશ્વરનાં અનંત ઉપકારને ભૂલી જાય છે તેની સમાન બીજો કોણ અજ્ઞાની હોઈ શકે ? તે ભગવાનનો ચોર છે અને તે અપાર દુઃખને પામે છે. છતાં પણ આ જીવ ભગવાનના ઉપકારરૂપ ગુણને ક્યારેય પણ જાણતો કે સંભારતો નથી અને જેનાથી દુઃખ આવે તેવા માર્ગે જ તે ચાલે છે. જે ભગવાનથી વિમુખ છે તેવા જીવ દુઃખમાં જ સુખ માની રહ્યા છે.

જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશી, તે બધાનાં દુઃખને સહન કરે છે પણ સત્સંગને માર્ગે જીવ ચાલતો નથી. તે પોતાના દોષને ક્યારેય કબૂલ કરતો નથી પણ ઊલટાનો ભગવાનને દોષ દે છે. જ્યાં સુધી જીવ પોતામાં દોષ માનતો નથી ત્યાં સુધી તેને દુઃખ સહન કરવાનું રહે છે. અને જ્યારે જીવ ભગવાનનાં ગુણોને સંભારે છે ત્યારે તેનાં હૃદયમાંથી અજ્ઞાન ટળી જાય છે. માતા, પિતા અને ભગવાનનાં ગુણને જ્યાં સુધી જીવ સંભારતો નથી ત્યાં સુધી તેનામાં તેટલું અજ્ઞાન રહ્યું હોય છે. તે ગુણનો ચોર અર્થાત્ કૃતઘ્ની છે એટલે વારંવાર દુઃખ પામે છે અને તેમાં એટલું અજ્ઞાન છે કે, તેને કોઈ સારી દૃષ્ટિ થાતી નથી અને તેને લીધે જ તેમાં રહેલું જે પાપ તે મૂર્તિમાન દેખાઈ આવે છે.

પરમેશ્વરે કરેલા ઉપકારરૂપ અણુ સમાન ગુણને પણ જ્યારે જીવ મેરુ જેવો મહાન માને છે ત્યારે તે નિષ્પાપ થઈ જાય છે. અને તેને પછી આ લોક કે પરલોકમાં કોઈ દુઃખ રહેતું નથી અને જે ગુણગ્રાહક જીવ છે તેને અતિશય સુખ પ્રાપ્ત થાય છે. જેમાં જેટલા ગુણ હોય છે તેને તેટલું સુખ આવે છે. જ્યાં સુધી તેનામાં ગુણનું માન નથી આવતું ત્યાં સુધી તે પરિપૂર્ણ હરિભક્ત કહેવાય છે. ભગવાન સિવાય અન્ય વસ્તુમાં જેટલું સુખ મનાય છે તેટલી તે હરિભક્તમાં કસર રહી હોય છે. અને તે જ્યારે સુખને દેખે છે ત્યારે દેખાઈ આવે છે. ભગવાને કરેલા ઉપકારને જીવ જ્યારે નિશ્ચિત સુખરૂપ માને છે ત્યારે તે પાકા હરિભક્તની સમજણ દૃઢ થાય છે અને તે પ્રસિદ્ધ દેખી શકાય છે.

હરિભક્ત જે રીતનો હોય છે તે તેની સમજણ ઉપરથી દેખાઈ આવે છે. જે ભગવાનને તન, મન અને ધન જેટલા પ્રમાણમાં અર્પણ કરે છે, તેને જે

કાંઈપણ દુઃખ આવતું હોય તો પોતે જેને દુઃખ માન્યું હોય છે તેને સમજણે કરીને પોતાનું માનવું નહિ. અને જો તે સમજણ વિના દુઃખને પોતાનું માને છે તો તેની સમજણમાં તેટલો ફેર રહે છે. જેટલો સમજણમાં ફેર રહે છે તેટલો જ તે દુઃખી થાય છે અને જે પોતાના નથી તેને પોતાના માની રાત દિવસ દુઃખ ભોગવતો રહે છે. અને તેટલી તે ભક્તમાં સમજણની કસર રહી હોય છે.

મુક્તાનંદ સ્વામી કહે છે કે, શ્રીહરિએ જેટલી વાત કરી તેને મેં અમૃત સમાન માનીને તેનું પાન કર્યું અને શ્રીહરિની બધી જ વાત સત્ય છે એમ મેં માન્યું. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, એ ત્રણ શરીરથી જે આત્મા પર રહ્યો છે, જે અછેદ્ય, અભેદ્ય, સનાતન, શુદ્ધ અને સદા અવિકારી છે. જેમાં ક્યારેય દુઃખ રહ્યું હોતું નથી. સુખરૂપ રહેલા શરીરમાં તે આત્મા નિવાસ કરે છે ત્યારે દુઃખથી ભરેલા શરીરની તે આશા છોડી દે છે. દુઃખરૂપ જે વાતો છે તેમાં જીવ જ્યાં સુધી સુખ માને છે ત્યાં સુધી તેને વારંવાર દુઃખ પ્રાપ્ત થતું જ રહે છે. જીવ જ્યારે સુખરૂપ માર્ગમાં ચાલે છે ત્યારે જ તે સુખ પામે છે. અને દુઃખના માર્ગમાં ચાલે છે તો તેને દુઃખ મળે છે.

શ્રીહરિએ મારે માટે મ્યાનો મગાવવાની વ્યવસ્થા કરી. કારણ કે, તેમને મારા ઉપર ઘણો પ્રેમ હતો. અને જો પ્રેમ હોય તો તે પોતાના હેતવાળાને માટે શું ન કરે ?

શ્રીહરિએ વિચાર કર્યો કે, મ્યાના કરતા પલંગમાં સુખ રહે અને હાથનો દુઃખાવો થાય નહિ. પછી કમિયાળાના બાર હરિભક્ત, જે સંતોની સેવા કરવામાં ઘણા શ્રદ્ધાવાળા હતા તે પલંગ ઉપાડવા તૈયાર થયા. કાર્તિક વદિ ચોથને દિવસે શ્રીહરિ ત્યાંથી મને (મુક્તાનંદ સ્વામીને) લઈને ચાલ્યા. ખૂબ જ જાળવણી રાખીને ગાંફ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૪-૪૫-૪૬)

■ વડતાલમાં રામનવમીનો સમૈયા કરીને ભગવાન શ્રીહરિ ચાલ્યા, તે નાની બોરુ થઈને ભોળાદ ગામ પાસે ભોગાવો નદી ઊતરી અને કમિયાળા ગામ આવ્યા. અને તે ગામના બધા હરિભક્તોએ શ્રીહરિના દર્શન કર્યાં. પછી શ્રીહરિ ત્યાંથી પચ્છમ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૭૪)

■ ભગવાન શ્રીહરિ રોજકાથી ચાલ્યા, તે કમિયાળા આવી રાત રહ્યા. ત્યાંથી અડવાળ આવી રહ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૭/૧૧)

■ ભગવાન શ્રીહરિ નડિયાદમાં અંગ્રેજ પાદરીને મળીને વડતાલ થઈ, નાર, તારાપુર, મોરજ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદથી કમિયાળા

ગામના માર્ગે ચાલ્યા. જ્યારે શ્રીહરિ ભોગાવો નદીએ આવ્યા ત્યારે કમિયાળા ગામના હરિભક્તો ભોગાવા ઉપર આવ્યા. તે સહુ હરિભક્તોએ અવિનાશી શ્રીહરિનાં દર્શન કર્યાં અને સર્વ સુખના રાશી શ્રીહરિ પછીથી કમિયાળા ગામ આવ્યા. કમિયાળામાં રંગભીના શ્રીહરિ રાત રહ્યા ત્યારે હરિભક્તોએ ખૂબ સેવા કરી. જ્યારે શ્રીહરિ કમિયાળામાં રાત રહેતા ત્યારે હરિભક્તો સેવામાં કાંઈ કસર રાખતા નહિ. પછી સવારમાં શ્રીહરિ કમિયાળાથી ચાલ્યા તે ગાંફ ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬)

■ ભગવાન શ્રીહરિ ગઢપુરથી નીકળી દિવાળી કરવા વડતાલને માર્ગે ચાલ્યા, તે કારિયાણી, રોજકા, ગાંફ થઈને કમિયાળા ગામ આવ્યા. ત્યાં રહેતા સહુ હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી આગળ ચાલતા ભોળાદ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૨)

■ વડતાલથી નીકળી શ્રીજીમહારાજ પીપળાવ, ગલિયાણા, વારણા, નાની બોરુ થઈને કમિયાળા ગામ આવ્યા. કમિયાળા ગામના જે હરિભક્ત હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. જેટલા હરિભક્તો હતા તેમાં જેને જેવો ભાવ હતો તેણે તેવી સમય પ્રમાણે શ્રીહરિની સેવા કરી. શ્રીહરિ જતા આવતા આ કમિયાળા ગામમાં ફરી ફરીને કેટલીયે વાર રહેતા હતા. સિંહા વણાર નામે ભક્ત હતા. તેમ જ હઠી વણાર અને દાદા વણાર, એ બંને ભાઈ સત્સંગી હતા. સહુના એક જ ફળીમાં ઘણા રમણીય ઉત્તર તથા પૂર્વ મુખે ઘર હતાં. તેમાં એક સારાં ઘરમાં શ્રીહરિનો ઘણા ભાવથી ઉતારો કરાવ્યો અને તે ભક્તોએ પોતાને ધન્યભાગ્ય માન્યા.

જે પોતાને ધન્યભાગ્ય માનતા તેને ઘેર શ્રીહરિ ઊતરતા હતા. કોઈ હરિભક્ત અને તેનાં ઘરના જેટલા માણસ હોય તેમાંથી કોઈ એકનું પણ મન ખુશી ન હોય તો તે ઘેર ફરીવાર ક્યારેય આવીને ઊતરતા નહિ. જ્યાં સુધી શ્રીહરિ આવવાથી પોતાને ધન્યભાગ્ય માને ત્યાં સુધી શ્રીહરિ તેને ઘેર આવીને ભાવથી ઊતરતા હતા. જે ભક્ત ભાવ વગરના હોય તે તો પાણી વિનાના તળાવ જેવા દેખાતા. ફળ, ફૂલ અને પાંદડાં વગરનાં વૃક્ષ જેવું ભાવ વગરનું હૃદય કહેવાતું. જે હરિભક્તનાં અંતરમાં જેવો ભાવ હોય તેવો દેખવામાં આવતો હતો. હરિભક્તનું જેવું હૃદય હોય તેવો તેના ઉપર શ્રીહરિ ભાવ રાખતા હતા, પણ જે પોતે હરિભક્ત થઈને શ્રીહરિથી પોતાનાં દિલને ચોરતા હોય તેનાથી શ્રીહરિ દૂર જ રહેતા હતા. અને જ્યાં સુધી જે પોતાનું દિલ શ્રીહરિથી ચોરતા

હોય ત્યાં સુધી શ્રીહરિ તેની નજીક જાતા નહિ, એમ ગ્રંથ કહે છે. પછી બીજે દિવસ શ્રીહરિ રસોઈ જમીને સંતોની સાથે કમિયાળા ગામથી ચાલતા થયા અને પચ્છમ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૧)

■ 'अष्टम्यामायय स्वामी भाल्लदेशे वृतः स्वकैः । काम्यालयाभिधं ग्रामं सुखयन् पथि च स्वकान् ॥' - પોતાના ભક્તોથી વીંટાયેલા શ્રીહરિ માર્ગમાં પોતાના ભક્તોને દર્શન આપતા ચૈત્ર સુદી અષ્ટમી તિથિમાં ભાલ દેશમાં કમિયાળા ગામમાં આવ્યા.સાધુજનોની સેવામાં ઉત્સાહિત મનવાળા કમિયાળા ગામના ભક્તોએ પ્રાર્થના કરેલા શ્રીહરિએ તે ભક્તો ઉપર પ્રસન્ન થઈને ત્યાં સુખપૂર્વક નિવાસ કર્યો. ગામના ભક્તો શ્રીહરિના અનુયાયી સર્વેને યથાયોગ્ય નિવાસ કરાવતા હતા. મુનિ વગેરે અનુયાયી સહિત શ્રીહરિનું આતિથ્ય યથાયોગ્ય કરતા હતા. તે ભક્તોના નામ : શશિવર્ણ (સેસા વણાર) નામના ભક્ત, હઠી, વાહાભાઈ તથા ક્ષેમરાજ અને અવર આદિક પુરુષો અને જીજીબા આદિક સ્ત્રીઓ અધિકાર પ્રમાણે પરાભક્તિથી સેવા કરતા હતા. તે થકી બીજે દિવસે કમિયાળા ગામમાં શ્રીહરિએ રામનો જન્મોત્સવ કર્યો. તે ઉત્સવમાં હજારોહજાર ભાલદેશના જનો આવ્યા. તે ભક્તોએ ઘણા પ્રકારના ઉપચારોથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિએ પોતાના ભક્તોએ પ્રાર્થના કરાયેલા સતા ત્યાં ચૈત્ર સુદી પૂર્ણિમા સુધી નિવાસ કર્યો.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૪૫/૧૫-૨૦)

■ **શ્રી ભક્તચિંતામણી :**

**રહે જસકે રોજકે જન, દીધાં દયાળે તેને દર્શન;**
**પછી રહ્યા કમિયાળે નાથ, જાણી જખમ જનનો હાથ. ૩**
**જમી જાખડેથી કમિયાળે, દીધાં દર્શન જનને દયાળે;**
**રહીરાત્યચાલ્યા ત્યાંથીનાથ, લઈ મુક્તાનંદજીને સાથ. ૨૮**

(પ્રકરણ - ૯૦)

**જમીકમિયાળેવ્રસડેરહ્યારે, ત્યાંથીનાથવરતાલેઆવિયારે;**
**રામનવમીનો ઉત્સવ કરી રે, પછા આવિયા ગઢડે ફરી રે. ૨૮**
**સારંગપુર સુંદરિયાણે શ્યામ રે, આવ્યા ધંધુકે ખસતે ગામ રે;**
**જમી કમિયાળે બોરું રહ્યા રે, ત્યાંથી સિંજીવાડે ગામ ગયા રે. ૩૯**
**પીપલાવ્યવટામણરહ્યારે, ત્યાંથીકમિયાળેવાલોઆવિયારે;**
**રહીપ્રબડિયેરાત્યશ્યામરે, આવ્યા ત્યાંથી કારિયાણી ગામરે. ૪૩**

(પ્રકરણ - ૧૦૦)

■ **શ્રીહરિલીલામૃત :**

**મહારાજ રહ્યા કરી મહેર, જયરાજ પટેલને ઘેર;**
**કમિયાળે ગયા કૃપાનાથ, ત્યાંથી બોરુ ગયા સૌ સાથ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૫૭)

**દીધા દર્શન સૌને દયાળે, ત્યાંથી કૃષ્ણ ગયા કમિયાળે;**
**ત્યાંથી બોરુ ગયા બહુનામી, અખિલેશ્વર અંતરજામી.**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૬/૩૧)

**આવી ચૈત્ર સુદી દ્વિતીયાય, ત્યારે સંઘને કીધા વિદાય;**
**શ્યામ સંચરિયા સંત સાથ, કમિયાળે ગયા કૃપાનાથ.**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૯/૧૪)

**ગયા પીપળીયે પરમેશ, દયા સાગર દીન જનેશ;**
**કમિયાળાના આવિયા જન, કહ્યાં વિનતિનાં તેણે વચન.**
**વિચરો પ્રભુ ગામ અમારે, નહિ રોકિયે ત્યાં ઝાઝી વારે;**
**સંતમંડળને કહે માવો, તમે પાંશરે પંથે સિધાવો.**
**કમિયાળા જઈ જમી થાળ, અમે આવશું ત્યાં તતકાળ;**
**એમ કહીને ચલાવિયા સંત, કમિયાળે ગયા ભગવંત.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૭/૪-૬)

**કમિયાળે કૃપાળુ સિધાવ્યા, મોડ ગઢવી તહાં સામા આવ્યા;**
**દંડવત કરીને લાગ્યા પાય, તેના હૈયામાં હરખ ન માય.**
**ત્યાં તળાવથી વાયુ દિશાયે, હતી આંબલી ઉતર્યા ત્યાંયે;**
**લાવ્યા સીધું તે ગઢવી રસાળ, કર્યો વૈકુંઠાનંદે તે થાળ.**
**કહે વર્ણી ચણેચીની ભાજી, લાવો તો જમશે પ્રભુ તાજી;**
**મોડભાઈએ તે દિધી લાવી, બ્રહ્મચારીએ ભાજી બનાવી.**
**જમ્યા થાળ તે પરમ પ્રતાપી, પ્રસાદી મોડભાઈને આપી;**
**પુરણાનંદના કૃત છંદ, મોડભાઈ બોલ્યા સુખકંદ.**
**મુક્તાનંદ પ્રેમાનંદ સ્વામી, બોલ્યા કીર્તન પદ શિર નામી;**
**રહી રાત ને ચાલ્યા પ્રભાત, રોજકે ગયા પ્રભુ સાક્ષાત.**

(શ્રીહરિલીલામૃત : ૯/૭/૨૦-૨૪)

■ શ્રીજીમહારાજ કારિયાણી ગામથી ચાલ્યા તે ઝીંઝાવદર, કુંડળ, ચોકડી, ગાંફ થઈને કમિયાળે પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૩)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં ફૂલદોલ તથા રંગોત્સવ કરવા ગઢડાથી ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ થઈને કમિયાળે આવ્યા ને હરિભક્તે રૂડી રીતે સામૈયું કર્યું. મહારાજ સિંહા વણારને ઘેર બિરાજમાન થયા. અને ઘોડીઓને ગોળ અપાવ્યો. મહારાજ ત્યાં થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. પછી પોઢ્યા ને સવારે જાગ્યા ને ઘોડા તૈયાર કરીને મહારાજ અસવાર થયા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ ગોરાડ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૨૩)

■ શ્રીજીમહારાજે હુતાશનીનો સમૈયો વડતાલે નિરધાર્યો, તેની દેશદેશ પ્રત્યે કંકોતરીઓ લખાવીને મોકલાવી. પછી મહારાજ તૈયાર થઈને ચાલ્યા ને સાથે બસેં કાઠીઓના અસવાર છે. એવી રીતે કારિયાણી આવ્યા ને ત્યાંથી ગામ કમિયાળા આવ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ બુધેજ આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૨૬)

■ ભગવાન શ્રીહરિ ગઢડાથી વિચરણ કરતા હુતાશની કરવા વડતાલના માર્ગે ચાલ્યા તે ગામ ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, ભીમનાથ, ઝીંઝર, ગાંફ થઈને ગામ કમિયાળા થઈને જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં ઘડીક ઊભા રહ્યા ને હરિજને રૂડી રીતે દર્શન કર્યાં.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૨૮)

■ વડતાલમાં રંગોત્સવ કરીને શ્રીજીમહારાજ સિંજીવાડા, ગલિયાણા, નાની બોરુ થઈને ગામ કમિયાળે પધાર્યા. ને જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં જઈને બિરાજ્યા. ને હરિભક્ત ખડ જોગાણ લાવ્યા. ને મહારાજ સભા કરીને બિરાજ્યા. પછી થાળ જમ્યા અને પોઢ્યા. પછી જાગીને ત્યાંથી ચાલ્યા, તે ગામ પચ્છમના હરિજનને દર્શન દઈને ચાલ્યા, તે ગામ અણિયાળી આવીને રહ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૨૯)

■ ભગવાન શ્રીહરિ વડતાલથી બોચાસણ, બુધેજ થઈને કમિયાળા આવ્યા. ત્યાં તો વરસાદ થયો તેથી ગાડી મંદિરમાં મેલીને જે ચાલ્યા, તે મહારાજ ગામ કુંડળ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૩૪)

■ ભગવાન શ્રીહરિ વડતાલ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ કરવા સારુ ગઢડાથી ચાલ્યા, તે ગામ ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ઝીંઝર,

રોજકા, ગાંફ થઈને કમિયાળે પધાર્યા. ગામ સોંસરા થઈને જ્યાં હમણાં છત્રી કરી છે ત્યાં આવી, ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ગામમાંથી રસોઈનો સામાન લાવ્યા ને ઘોડાને સારુ ઘાસ-જોગાણ લાવ્યા. કાઠી સારુ પાથરવા મોદ ને ગાદલાં લાવ્યા. પછી મહારાજે સંઘમાં ખબર કઢાવી, ને કહ્યું જે, ''જેને કાંઈ જોઈતું હોય તે કહો.'' ત્યારે સંઘના હરિજન બોલ્યા જે, ''બળતણ આવ્યું છે ને બીજું તો કાંઈ નથી જોઈતું.'' પછી મહારાજે કહ્યું જે, ''કાંઈ નથી જોઈતું ને ?''

પછી બ્રહ્મચારી બોલ્યા જે, ''હે મહારાજ ! થાળ જમવા પધારો.'' પછી મહારાજે પોશાક ઉતાર્યો. જળે કરીને ચરણ ધોવરાવ્યાં ને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. તે જમતા જાય ને જળપાન કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને જ્યાં ઢોલિયે બિરાજ્યા, ત્યાં રોજકાના કાકાભાઈ પાંચ અસવાર સહિત આવ્યા. ઘોડીએથી ઊતરી, કેડ છોડી, મહારાજને પગે પાંચ રૂપિયા મેલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે, ''બ્રહ્મચારી ! લાડુબાઈને રસોડે પૂછો કે જમવાનું તૈયાર છે ?'' પછી ખબર કાઢીને મહારાજને કહ્યું જે, ''દાદાખાચર અને ઝીણાભાઈ હમણાં જમવા બેસે છે.'' ત્યારે મહારાજ કહે, ''કાકાભાઈ ! તમે લાડુબાઈને રસોડે જમવા જાઓ.'' પછી તે ગયા ને મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગી, નિત્યવિધિ કરીને પોશાક પહેર્યો. ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે સંઘ ને ગામોગામના સત્સંગી મહારાજનાં દર્શન કરે છે. પછી ચાલ્યા તે ગામ વારણા સોંસરા થઈને ઉગમણી કોરે ઘડીક ઊતર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૬૧)

■ ભગવાન શ્રીહરિ ગઢડાથી ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, ઝીંઝર, ખરડ, ગાંફ થઈને કમિયાળે આવીને ઊભા રહ્યા. ત્યારે ગામના હરિજને તાણ કરીને કહ્યું જે, ''હે મહારાજ ! જમીને ચાલજો.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''બોરુ જઈને જમશું.'' અને ત્યાંથી પાળાને ઊંટે ચડાવીને આગળ મોકલ્યા. અને મહારાજ ચાલ્યા. ને ગામના હરિજન પગે લાગ્યા, તેને પાછા વાળ્યા અને મહારાજ બોરુ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૭૧)

■ શ્રીજીમહારાજ ગઢડાથી વડતાલ રામનવમીનો ઉત્સવ કરવા ચાલ્યા તે, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ઝીંઝર, રોજકા, ગાંફ થઈને કમિયાળે આવ્યા. ગામ સોંસરા થઈને જ્યાં છત્રી કરી છે, તે ઠેકાણે ઘોડીએથી ઊતરી ઢોલિયે બિરાજ્યા. અને ગામના સત્સંગી સામાન લાવ્યા, તેને જોઈને

મહારાજ રાજી થયા. પછી મશાલો થઈ ને સંતો આરતી-ધૂન કરી શ્લોક બોલ્યા, ને પગે લાગીને બેઠા. જ્યારે કમિયાળામાં મુક્તાનંદ સ્વામીને વાગ્યું હતું ત્યારે જેમણે હાથે પાટો બાંધ્યો હતો, તેમને મહારાજે બોલાવીને ભારે શેલું આપવા માંડ્યું. ત્યારે તેમણે ન લીધું. પછી મહારાજે ધોળું શેલું આપ્યું. તે શેલું ધોલેરાના મંદિરમાં શૈયામાં મૂક્યું છે. પછી મહારાજ જમવા પધાર્યા. ને ઝીણાભાઈએ નવરાવ્યા ને જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. પછી જમી ચળુ કરીને મુખવાસ લઈ ઢોલિયે બિરાજ્યા ને પોઢ્યા. અને વહેલા જાગી નિત્યવિધિ કરી, વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈ ચાલ્યા. અને ગામના હરિજનને ચરણનો સ્પર્શ કરાવીને ગામ બોરુના સત્સંગીને દર્શન દઈને ચાલ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૭૪)

■ ભગવાન શ્રીહરિ ગઢડાથી વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ કરવા ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, સારંગપુર, સુંદરિયાણા, અણિયાળી, ખસતા, પચ્છમ થઈને ગામ કમિયાળા આવ્યા. અને વાજતે ગાજતે ગામ સોંસરા થઈને, તળાવની ઉગમણી કોરે જ્યાં છત્રી છે ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. પછી રસોઈનો સામાન, ઘાસ, દાણા ને પાથરવા મોઘું, તે લાવ્યા. અને મહારાજ થાળ થયો તે જમવા ઊઠ્યા ને જળે કરીને ઝીણાભાઈએ નવરાવ્યા. અને થાળ જમીને ચળુ કર્યું ને મુખવાસ લઈ ઢોલિયે બિરાજ્યા ને પોઢ્યા. વહેલા જાગીને સાબદા થયા ને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામોગામના સત્સંગીને દર્શન દઈને સાબરગંગાએ આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૭૮)

■ વડતાલમાં રામનવમીનો ઉત્સવ કરી વડતાલ મંદિરની સેવા આનંદાનંદ સ્વામીને સોંપી અને બ્રહ્માનંદ સ્વામીને પોતાની સાથે લઈને ભગવાન શ્રીહરિ વડતાલથી ચાલ્યા, તે પીપળાવ, સોજીત્રા, સિંજીવાડા, ગલિયાણાથી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે નદીમાં ચરણ બોળ્યા ત્યારે નદીનું જળ ઊછળતું હતું, તે શાંત પામ્યું. ને ચાલ્યા તે ગામોગામના સત્સંગીને દર્શન દઈને ગામ કમિયાળે આવ્યા. ને ઘોડીએથી ઊતરીને જ્યાં હમણાં છત્રી કરી છે, તે ઠેકાણે ઢોલિયે બિરાજ્યા. ને રસોઈનો સામાન લાવ્યા, ને મહારાજનો થાળ થયો ને જમવા પધાર્યા. ને ખીમરાજ ગઢવીએ નવરાવ્યા ને જળના કોગળા કરીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ને મશાલો થઈ, ને આરતી-ધૂન કરીને શ્લોક બોલીને પગે લાગીને

બેઠા. પછી મહારાજ કહે, ''કીર્તન બોલો.'' ને કીર્તન બોલી રહ્યા ત્યારે મહારાજ પોઢ્યા. સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થયા. ને ગામના સત્સંગીને પાછા વાળ્યા. ને જે ચાલ્યા તે ગાંફ આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૮૫)

■ અમદાવાદમાં રામનવમીનો ઉત્સવ કરી, ધોળકા, જાખડા, ભોળાદ થઈને ભગવાન શ્રીહરિ કમિયાળે આવ્યા. ને જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં ઊતર્યા. ગામમાંથી ઢોલિયો લાવ્યા ને મહારાજ ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ને રસોઈનો સામાન લાવ્યા, તે સહુ સહુને ચોકે રસોઈ કરવા લાગ્યા. ને મહારાજ જમવા પધાર્યા. ને ખીમરાજે નવરાવ્યા. ને થાળ જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી સૌ સંઘ જમી રહ્યા. ને મહારાજ ઘોડીએ અસવાર થયા ને ગામના સત્સંગીને પાછા વાળ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૨)

■ વડોદરામાં શ્રીમંત સયાજીરાવ સરકારના આમંત્રણથી શ્રીજીમહારાજ વડોદરા પધાર્યા. ત્યાંથી વડતાલ, સિંજીવાડા, ગલિયાણા, નાની બોરુ થઈને કમિયાળે આવ્યા. ને હરિજને તાણ કરી પણ ન રહ્યા ને પચ્છમ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૪)

■ ગઢડાથી રામનવમીનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, ઝીંઝર, રોજકા, ગાંફના હરિજનને દર્શન દઈને કમિયાળે પધાર્યા. ને જ્યાં હમણાં બેઠક છે, ત્યાં આવીને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ને હરિજન સામાન લાવ્યા, તે સંત ને બ્રહ્મચારી ને અયોધ્યાવાસી તે સર્વે રસોઈ કરવા લાગ્યા. પછી મહારાજ થાળ જમવા પધાર્યા. વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે બોરુ આવ્યા.

વડતાલમાં રામનવમીનો ઉત્સવ કરીને વસો, લિંબાસી, કૌકા, વટામણ, જાખડા થઈને કમિયાળે આવ્યા. ને જ્યાં છત્રી છે ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ને રસોઈનો સામાન લાવ્યા ને સર્વે રસોઈ કરવા લાગ્યા. ને મહારાજ થાળ જમવા પધાર્યા. ને હઠી વણારે નવરાવ્યા. થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થયા. ને જે ચાલ્યા તે ગાંફ આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૭)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ કરીને સિંજીવાડા,

ગલિયાણા, બોરુ થઈને તે ગામ કમિયાળાના હરિજનને દર્શન દઈને ગાંફ પધાર્યા.
(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૯)

■ શ્રીજીમહારાજ ગઢડાથી રામનવમીનો ઉત્સવ કરવા વડતાલ ચાલ્યા, તે કારિયાણી, ખરડ, ગાંફ થઈને કમિયાળે પધાર્યા. ને મશાલો સામી આવી ને જ્યાં છત્રી છે, ત્યાં આવીને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ને રસોઈનો સામાન લાવ્યા ને રસોઈ કરવા લાગ્યા. મહારાજ થાળ જમવા પધાર્યા ને જળે કરીને નવરાવ્યા. વસ્ત્ર પહેરીને જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. અને ચળું કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા.

વડતાલમાં સમૈયો ધામધૂમપૂર્વક ઉજવીને સિંજીવાડા, ગલિયાણા થઈને કમિયાળે આવ્યા. ને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ગામના સત્સંગી સામાન લાવ્યા ને મહારાજ થાળ જમીને પોઢ્યા. વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ અણિયાળી આવ્યા.
(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૦૦)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં રામનવમીનો ઉત્સવ કરીને સિંજીવાડા થઈને તે ગામ કમિયાળે આવ્યા ને જ્યાં હમણાં છત્રી કરી છે, ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યાં. ને ગામના હરિજન સામાન લાવ્યા. ને થાળ થયો તે વસ્ત્ર ઉતારીને ચરણ ધોઈને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા.
(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૦૭)

■ શ્રીજીમહારાજ વડતાલ, મહેળાવ, સિંજીવાડાથી ચાલ્યા, તે ત્યાંથી ગાડીમાં બેસી ગામ કમિયાળે પધાર્યા. થાળ જમી રાત્રિ રોકાણ કરીને વહેલા જાગી ઝીંઝર આવ્યા.
(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૧૧)

■ વડતાલમાં છેલ્લો પ્રબોધની ઉત્સવ કરવા ગઢડાથી ચાલ્યા, તે કારિયાણી, ઝીંઝર, ગાંફ થઈને કમિયાળાના હરિજનને દર્શન દઈ ગામ બોરુ આવ્યા.
(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૧૪)

**મું. કમિયાળા, તા. ધોલેરા, જી. અમદાવાદ**

# ભોળાદમાં ભક્તવત્સલ શ્રીહરિ



**'સોઢી આકરૂ કાદિપુર ભડિયાદે, આમલી નવાગામ ભોળાદે.'**

(નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત હરિવિચરણ : ૪/૧૧)

આ ભોળાદ ગામ ધોલેરાધામથી ૨૮ કી.મી.ના અંતરે આવેલું છે. આ કમિયાળા ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૩ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. ભગવાન શ્રીહરિ અનેકવખત ધર્મકુળ પરિવાર, પાંચસો પરમહંસો તથા કાઠી દરબારો વગેરે સાથે આ ભોળાદ ગામમાં પધારીને દર્શન-કથાવાર્તાનો લાભ આપીને હરિભક્તોને ધન્યભાગી કર્યા છે.

ધોલેરા મંદિરની પ્રતિષ્ઠા વખતે વરૂણીમાં બ્રાહ્મણોને બેસારવાના હતા તેમાં ભોળાદ ગામના હંસરાજભાઈ આદિક બ્રાહ્મણો પણ બેઠા હતા. સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં ભોળાદ ગામના સત્સંગીઓ પણ ગયા હતા ત્યારે શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૫૩)

## ॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની ભોળાદ ગામમાં પધરામણી ॥

■ સં. ૧૮૫૫માં નીલકંઠ વર્ણીસ્વરૂપે વનવિચરણ કરતા થકા સુરત, ભરૂચ, વડોદરા, ડભોઈ, ડાકોર, ઉમરેઠ, વડતાલ, બોચાસણ, બુધેજ થઈને સાબરમતી ઊતરીને ભોળાદ ગામમાં પધાર્યા હતા. જેની નોંધ લેતા ભુજ મંદિરના પ્રથમ મહંત સ.ગુ. શ્રી વૈષ્ણવાનંદ સ્વામી 'શ્રીહરિલીલા સિંધુ' નામના ગ્રંથમાં લખે છે :

**'બોચાસનસે ચલેઉ બહુનામી, કાનમ ગુજર લંઘ અકામી;**
**બોરુપુર આયેઉ બલવીરા, સાભર ગંગા દેખે ઉત્તરા.**
**સ્નાન કીયે સાભર ગંગામેં, તીર્થપન કિને તામે;**
**જનમુમુક્ષુહરિહુંસનમાના, ભાવસહિતપૂજેઉઅનપાના.**
**તહાંસે ચલે પ્રભુ જનપદ ભાલા, ભીમેસર જાવન તતકાલા;**
**પુર ભુલાદ ધનાલ ધંધુકા, ભીમનાથ ગયે જનબંધુકા.'**

(શ્રીહરિલીલાસિંધુ : ષષ્ટમ રત્ન, સ્તરંગ - ૨૫)

■ સં. ૧૮૬૫ની સાલમાં ભગવાન શ્રીહરિ દેવદિવાળીનો સમૈયો વડતાલ કરવા માટે સંતો-પાર્ષદો, રાજાઓ તથા હરિભક્તો સાથે ગઢપુરથી ચાલ્યા તે ફરતા ફરતા ગાંફ ગામની સીમમાં મલકા તળાવડીએ તડકે આરામ લીધો. તે સમયે ત્રણ-ચાર હજાર નાના બાળકો તેને કંસે મારી નાખ્યા હતાં તે દેખાણા. તે સર્વેનો મોક્ષ કર્યો. પછી ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ભોળાદ આવતા ભોળાદ ગામનો બાવો જે દ્વેષી હતો તે હથિયાર સહિત ઊભો હતો. તે શ્રીજીમહારાજની માણકી ઘોડીની લગામ-સરક પકડીને બોલ્યો : ''તુમ જીવન મુક્તા કહેવાતા હૈ, પાખંડ ચલાવતા હૈ, માણસોને ભરમાવતા હૈ, અને ભેંસો ગાંડી કરતા હૈ.'' ત્યારે શ્રીજીમહારાજ કહે : ''હમ સ્વામિનારાયણ નહિ હૈ, હમ તો ઈનકે સેવક હૈ, પીછે આતે હૈ તે સ્વામિનારાયણ હૈ.'' ત્યારે બાવો બોલ્યો : ''અચ્છા ચલા જાવ.'' પછી શ્રીજીમહારાજ છાંયે ઊભા રહ્યા એવામાં બ્રહ્મમુનિના ઘોડાની લગામ ઝાલીને એ જ પ્રમાણે બોલીને દમદાટી દીધી ત્યારે બ્રહ્મમુનિ કહે : ''પીછે આતે હૈ તે જીવન મુક્તા હૈ, હમ તો સેવક હૈ.'' ત્યારે બાવે તેમને છોડી દીધા. તે બ્રહ્મમુનિ શ્રીજીમહારાજ પાસે આવીને ઊભા. હવે સુરોખાચર આવ્યા. સુરાખાચરે માથે મોટો મેકર બાંધેલો અને અડધા હાથનું છોગું મૂકેલું, શરીરમાં આઠ મણના ભારે જાડા અને મોટો ઘોડો. તે આવ્યા ત્યારે બાવો ઘોડાની લગામ પકડીને બોલ્યો: ''ક્યું પંથ ચલાવતા હૈ ?'' ત્યારે સુરાખાચર સરકને બેવડી કરીને બાવાને મારવા લાગ્યા. તે સમયે સર્વે કાઠી ઘોડા દોડાવીને ભેગા થયા અને ચારેકોરથી

બાવાને ભાલા અડાડ્યા અને કહ્યું : ‘‘યું પંથ ચલાવતા હૈ.’’ ત્યારે બાવો હાથ જોડીને કરગરવા લાગ્યો : ‘‘હે સ્વામિનારાયણ ! (મેં) તેરી ગૌ હૈ.’’ પછી છોડી દીધો અને કાઠીઓ ભગવાન શ્રીહરિ પાસે આવ્યા ત્યારે શ્રીજીમહારાજ કહે : ‘‘સુરાખાચર ! તમે તો ભારે પંથ ચલાવ્યો ?’’ ત્યારે સુરોખાચર કહે : ‘‘તમે અમારે માથે નાખ્યું ત્યારે અમારે ચલાવવો જોઈએ.’’ પછી વડતાલ પધાર્યા. હિંડોળો બાંધ્યા ભારે સમૈયો થયો. (શ્રી સ્વામિનારાયણ સંહિતા : અધ્યાય - ૪૯)

■ સં. ૧૮૬૫ની સાલમાં ભગવાન શ્રીહરિ વડતાલમાં બિરાજતા હતા ને ગઢડેથી જીવુબા આદિનો કાગળ આવ્યો જે દર્શન થયા પહેલા અન્ન-પાણી નહિ લઈએ. માટે તુરત પધારો. તે સમયે માવઠું થયેલું. ભાલ જળબંબાકાર ભરાઈ ગયેલ. ત્યારે શ્રીજીમહારાજ કહે : ‘‘તમો સંઘ ધીરે ધીરે માર્ગે પડે ત્યારે આવજો, અમો થોડા માણસો જઈએ; નહિ તો બાઈઓ મરી જશે.’’ સંતો કહે : ‘‘ભલે પધારો.’’ પછી ભગવાન શ્રીહરિ, સુરોખાચર, મૂળજી બ્રહ્મચારી, ભગુજી, ભોજો ચારણ તે પાંચ જણ અને એક નાના ઘોડા ઉપર શ્રીજીમહારાજ બેઠા. બીજા પગપાળા તે બુધેજ રાત રહીને બીજે દિવસે ચાલ્યા તે સાંજે સૂર્યાસ્ત થયો તોપણ અંધારી રાતે રસ્તો ભૂલ્યા રાતે દશ વાગે એક ગામના પાદરે પહોંચ્યા. ગામનું નામ પૂછતા કહે કે, ‘‘આ ભોળાદ છે.’’ શ્રીજીમહારાજ કહે : ‘‘પેલા બાવાને માર્યો હતો તે ગામ.’’ બાવો જાણશે તો મારશે માટે આ ગામમાં રહેવાય તેમ નથી કે બીજે જવાય તેમ નથી. ફોરામાં પડીએ તો મરીએ. સુરોખાચર કહે : ‘‘ચાલવાની શક્તિ નથી. ભૂખે નથી રહેવાતું. મારી નાખો એટલે લપ મટે.’’ શ્રીજીમહારાજ કહે : ‘‘અલ્યા ભોલ ! તારા કામા છે બાવાને તે માર્યો. પણ હવેથી કોઈ જો ન બોલો તો ગામમાં લઈ જાઉં.’’ સુરોખાચર કહે : ‘‘હે પ્રભુ ! નહિ બોલીએ.’’ શ્રીજીમહારાજ કહે : ‘‘ચારણ ચગજાત, બોલ્યા વિના ન રહે, સર્વે સમ ખાઓ.’’ બ્રહ્મચારી, ભગુજી, સુરોખાચર તેમણે સમ ખાધા. બોલશું નહિ.

પછી ભોજો ચારણ કહે : ‘‘ચાલીએ ત્યાં સુધીના સમ.’’ પછી મહારાજ ગામમાં ચોરે પધાર્યા અને હિંદીમાં બોલવા લાગ્યા : ‘‘તેરે એસી તેસી કરું, હમ અયોધ્યા કે મહંત હૈ, દ્વારકા જાતા હૈ, કહાં ગયે બાવો.’’ તે સાંભળીને બાવો દોડતો આવીને ઘોડું બાંધ્યું. ઢોલિયો-ગાદલું ચોરામાં પાથરી દીધું અને કહે : ‘‘ભૂખ્યા હશો.’’ ત્યારે મહારાજ કહે : ‘‘હા લાવ સીધું.’’ પછી ઘી-સાકર ઘઉંનો લોટ લાવીને કાળી રોટી બનાવો એમ બોલ્યો ત્યારે બ્રહ્મચારીએ ‘લાડવા કરીએ’ એમ કહ્યું. બ્રહ્મચારીને લાડુ પ્રિય માટે લાડુ બનાવો એમ શ્રીજીએ કહ્યું. ‘‘સીતારામ સીતારામ’’ એમ જપ

ભોજો ચારણ કરવા લાગ્યા. બાવો પ્રભુના પગ દાબવા લાગ્યો. અને બોલતો જાય કે, જીવનમુક્તા સ્વામિનારાયણ માણસોને ભરમાવે છે. ગામ બગાડે છે તેથી તેને હું આ ગામમાં પેસવા દેતો નથી ત્યારે પ્રભુ કહે : ‘‘પેસવા દઈશ નહિ, તે તો ગામ બગાડશે.’’ બાવો કહે : ‘‘અયોધ્યા કે મહંતની સાથે બે હજાર માણસ હોય, એક હજાર ઘોડા હોય, પાંચસો ઊંટ હોય, અને પાંચ દશ હાથી હોય, અને તમો આમ કેમ છો ?’’ ત્યારે પ્રભુ કહેઃ ‘‘હમારી સાથે પાંચ હજાર માણસ હે, બે હજાર ઘોડા હે, એક હજાર ઊંટ હે, અને પચીશ હાથી હે, સબ જમાત વૈરાટ નગરમેં હે, અને હમકું જલદી અયોધ્યા જાના હે, માટે થોડા મનુષ્ય હે અને વરસાદને લીધે રસ્તા બંધ છે તે ખોલેંગે તબ જમાત આવેગી.’’ બાવો કહે : ‘‘ઠીક મહારાજ’’, સર્વે લાડુ જમ્યા. બાવાને પ્રસાદી આપીને ઘેર મોકલ્યો. ત્યારે સુરો ખાચર કહે, ‘‘સારું કર્યું. પ્રભુ નહિ તો મરી જાત.’’ ત્યારે પ્રભુ કહે : ‘‘જો બોલ્યા તો ભૂંડા હાલ છે.’’ ત્યારે સુરોખાચર કહે : ‘‘નાક-કાન નહિ હોય તે બોલશે.’’ પછી પોઢ્યા. પછી પાંચ વાગે પ્રભુ જાગ્યા. લાવો ઘોડા, જાના  હે એમ બોલ્યા પછી બાવો ઘોડાને લાવ્યો અને પ્રભુ ઘોડે બેઠા, પછી ચાલ્યા ત્યારે બાવો કહે : ‘‘મારી છાતી ઠરી, આંખો ઠરી, મારું ઘર પવિત્ર કર્યું. મારા પૂર્વનાં બડાં પુણ્ય જેથી અયોધ્યા કે મહંત મને મળ્યા. એમ બોલતો બોલતો વળોટાવા (વળાવવા) બહાર આવ્યો.’’ ત્યારે પ્રભુ કહે : ‘‘બાવાજી હવે ગારા કચરાના ઊભા રહો.’’ ત્યારે તે ઊભો રહ્યો અને પ્રભુ ચાલ્યા. બ્રહ્મચારી, ભગુજી, સુરાખાચર, સર્વે ચાલ્યા. પણ ભોજા ચારણને ચટપટી થાય જે આને કહેવું તો ખરું માટે તે ઊભા રહ્યા. પછી પ્રભુ થોડે દૂર ગયા ત્યારે ભોજો ચારણ કહે : ‘‘ આ ઘોડે ચડ્યા તે તારો બાપ સ્વામિનારાયણ છે, પેલો મૂળજી બ્રહ્મચારી, પેલો ભગુજી, અને ઓલ્યો સુરોખાચર તને માર્યો હતો તે અને હું ભોજો ચારણ કારિયાણીવાળો.’’ તે સાંભળીને બાવો તો બળીને ખાખ થયો. પચાસ માણસ લઈને પાછળ આવું છું તે પાંચેને મારી નાખું. એમ કહીને દોડીને ગામમાં ગયો. પછી પ્રભુ કહે : ‘‘સુરાખાચર ! આ ચારણે તો ઊંધુ માર્યુ. ભાગો નહીં તો પાંચેને મારી નાંખશે.’’ પછી બે ગાઉ સુધી ગારામાં દોડાવ્યા. ત્યારે સુરોખાચર કહે : ‘‘ભણે લાડવા તો ખવરાવ્યા, પણ સોંસરા કાઢ્યા.’’ પછી ગઢડે પધાર્યા અને બાઈઓને દર્શન દીધા અને સર્વને આનંદ થયો. (શ્રી સ્વામિનારાયણ સંહિતા : અધ્યાય - ૪૯)

■ સં. ૧૮૭૧ની સાલમાં કારિયાણીથી ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો,રાજાઓ સાથે ચાલ્યા તે ધોલેરા, પીપળિયા, બોરુ થઈને ભોળાદ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીજીમહારાજ ગલિયાણા, સીંજીવાડા

થઈ વડતાલ પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૧ની લીલા)

■ સં. ૧૮૭૧ની સાલમાં ભગવાન શ્રીહરિ વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, બુધેજ, ગુડેલ, વારણા, નાની બોરુ થઈને ભોળાદ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ભગવાન શ્રીહરિ કમિયાળા, રોજકા, અણિયાળી, સુંદરિયાણા, સારંગપુર થઈ ગઢડા પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૧ની લીલા)

■ સં. ૧૮૭૩ની સાલમાં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, ઈસણાવ, નાર, રામોલડી, ઊંટવાડા, મોરજ, ખાનપુર, વરસડા, ગલિયાણા, વારણા, મોટી બોરુ, નાની બોરુ થઈ ભોળાદ ગામ પધાર્યા. હરિભક્તોને દર્શનનું સુખ આપી ખરડ થઈ ઝીંઝર આવ્યા અને ત્યાં તળાવની પાસે રાત રહ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

■ સં. ૧૮૭૪ની સાલમાં ભગવાન શ્રીહરિ બુધેજથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ થઈને ભોળાદ ગામ આવ્યા. હરિભક્તોને દર્શનનું સુખ આપી ભોગાવો નદી ઊતરી પીપળી ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૬)

■ સં. ૧૮૭૮ની સાલમાં ભગવાન શ્રીહરિ બુધેજ, ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ થઈને ભોળાદ ગામ આવ્યા. હરિભક્તોને દર્શનનું સુખ આપી ત્યાંથી ભગવાન શ્રીહરિ કમિયાળા, પચ્છમ, ખસતા થઈ રોજકા આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ સં. ૧૮૮૧ની સાલમાં ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર, સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો અને હરિભક્તોના મોટા સંઘ સાથે વડતાલથી ચાલ્યા તે જોળ, કરમસદ, ગાના, નાપા, પામોલ, દાહોલ, બોરસદ, બોચાસણ, ઊંટવાડા, બુધેજ, ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ થઈને સવારમાં ભોળાદ ગામ આવ્યા. હરિભક્તોને દર્શનનું સુખ આપી ત્યાંથી ભગવાન શ્રીહરિ કમિયાળા, પચ્છમ, ખસતા થઈ રોજકા આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૭૩-૭૪)

■ સં. ૧૮૮૧ની સાલમાં બીજીવાર શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સાથે વડતાલથી ચાલ્યા તે પીપળાવ, નાર, તારાપુર, મોરજ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ થઈ ભોળાદ ગામ આવ્યા. સરોવરમાં કૂવો હતો ત્યાં પાણી પીધું. ગામના વિપ્ર ભક્તો દર્શને આવ્યા. પાણી પીને ત્યાંથી કમિયાળા, ગાંફ, ખરડ થઈ ઝીંઝર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬)

■ સં. ૧૮૮૨ની સાલમાં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સાથે

કારિયાણીથી ચાલ્યા તે રોજકા, ગાંફ, કમિયાળા થઈ ભોળાદ ગામની પાસે ભોગાવો ઊતરી ભોળાદના તળાવમાં અશ્વને પાણી પાયું. કેટલાક સંતો અને હરિભક્ત તળાવમાં નહાયા. તેટલીવારમાં તો ગામના ભાવિક હરિભક્તો દર્શન કરવા માટે આવ્યા. ત્યાં મોનજીભાઈ કરીને પ્રશ્નોરા વિપ્ર સત્સંગી હતા. તે પણ આવીને ભગવાન શ્રીહરિના ચરણમાં પડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે નાની બોરુ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૨)

■ સં. ૧૮૮૩ની સાલમાં શ્રીહરિ ધર્મકુળ પરિવાર, સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો અને હરિભક્તોના સંઘ સાથે વડતાલથી ચાલ્યા તે ધોળકા, જવારજ, જાખડા થઈ ભોળાદ પધાર્યા. ત્યાં ભક્તોને દર્શનનું સુખ આપીને કારીયાણી થઈ ગઢડા પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૨)

■ સં. ૧૮૮૪માં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો અને ધર્મકુળ પરિવાર સાથે ગઢડાથી ચાલ્યા તે કારિયાણી, ઝમરાળા, ધોલેરા થઈ પીપળી પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી કમિયાળા થઈ ભોગાવો નદી ઊતરી ભોળાદની સીમમાં તળાવની નજીક શમડાના ઝાડ નીચે ઊતર્યા. ઉનાળાનો તાપ સખત હતો એટલે સંતોએ તળાવમાંથી પાણી લાવી પૃથ્વી ટાઢી કરી દીધી. શ્રીજીમહારાજ માટે ત્યાં આસન પાથર્યું અને લૂગડાં ભીનાં કરી આજુબાજુ બાંધી દીધાં, જેથી ઠંડક રહે. મહારાજ સંતોની આ સેવાથી ખૂબજ રાજી થયા. પરંતુ સંતોનું તપ જોઈ મનમાં વિચાર કરવા લાગ્યા કે આવા સખત તાપમાં મારા સંતો ઉઘાડે પગે ચાલે છે અને મને રાજી કરવા તપ કરે છે. ભગવાન શ્રીહરિએ તરત નક્કી કરી લીધું કે સંતોને હવે પગરખાં પહેરવાની આજ્ઞા કરવી. મહારાજ થોડીવાર આરામ કરી ઊઠ્યા અને તરત તૈયાર થયા. સંતો-પાર્ષદો કાઠી સખા સાથે ચાલ્યા. સાબરમતી નદી ઊતરીને વરસડે પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૪ની લીલા)

## મું. ભોળાદ, તા. ધોળકા, જી. અમદાવાદ

# મોટી બોરુમાં બહુનામી ભગવાન શ્રીહરિ



**આ** મોટી બોરુ ગામ ધોલેરાધામથી ૩૧ કી.મી.ના અંતરે આવેલું છે. આ મોટી બોરુ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૫ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. ભગવાન શ્રીહરિ અનેકવખત ધર્મકુળ પરિવાર, પાંચસો પરમહંસો તથા કાઠી દરબારોને સાથે લઈ આ મોટી બોરુ ગામમાં પધારીને દર્શન-કથાવાર્તાનો લાભ આપીને હરિભક્તોને ધન્યભાગી કર્યાં છે.

શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં માધવજીભાઈ વણિક, રાઘવજીભાઈ વણિક, મોરારભાઈ વણિક, હીરાભાઈ સોની, પીતાંબરભાઈ વણિક વગેરે પ્રસિદ્ધ હતા. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે : **'રાઘવજી પીતાંબરભાઈ, શા મોરાર મોટિ બોરુ માંઈ.'** (શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૧૧૮)

**॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની મોટી બોરુ ગામમાં પધરામણી ॥**

- સં. ૧૮૭૧માં ભગવાન શ્રીહરિએ ગઢપુરથી ગુજરાત અને ચરોતરમાં

ફરવાનો નિર્ધાર કર્યો. ભગુજી વગેરે પાર્ષદોને સાથે લઈ ચાલ્યા તે ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ભીમનાથ, ઝીંઝર, રોજકા, ખસતા, પચ્છમ, કમિયાળા, ભોળાદ, નાની બોરુ થઈ મોટી બોરુ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી ભગવાન શ્રીહરિ વારણા, વટામણ થઈ ગલિયાણા પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

■ સં. ૧૮૭૧માં બીજીવાર અન્નકૂટ ઉપર ગઢપુરથી સુંદર અશ્વ ઉપર બેસી ભગવાન શ્રીહરિ ચાલ્યા. કાઠી રાજાઓ પણ અશ્વ ઉપર બેસી શ્રીજીમહારાજની સાથે ચાલ્યા. તે કુંડળ, પચ્છમ થઈ મોટી બોરુ આવ્યા. ત્યાં રાઘવજી નામે વણિક હરિભક્ત રહેતા હતા. તેમણે કેટલીએ વાર રસોઈ જમાડી હતી. તે દિવસે પણ ઘણી સારી રસોઈ બનાવીને તરત શ્રીહરિને જમાડ્યા. તેણે વારંવાર શ્રીહરિની સેવા કરીને રાજી કર્યા હતા. તેણે મોક્ષનો માર્ગ જાણી લીધો અને કુસંગનો માર્ગ છોડી દીધો. તેમના વંશજ અને કુટુંબીઓમાં જે રૂડી બુદ્ધિવાળા હતા તેઓ બધા મોક્ષમાર્ગે ચાલ્યા અને સંતોની સેવા કરતા રહ્યા. મોટી બોરુથી શ્રીહરિ ચાલ્યા તે સાબરમતી નદી ઊતર્યા ને નદીમાં સ્નાન કરીને ચાલ્યા તે વરસડા થઈને ખાનપુર ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૨)

■ સં. ૧૮૭૧માં ત્રીજીવાર શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા તે, સારંગપુર, સુંદરિયાણા, ધંધુકા, ખસ્તા, ખડોલ, પચ્છમ થઈ મોટી બોરુ પધાર્યા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'મહારાજ રહ્યા કરી મહેર, જયરાજ પટેલને ઘેર;**
**કમિયાળે ગયા કૃપાનાથ, ત્યાંથી બોરુ ગયા સૌ સાથ.**
**પછી પરવર્યા પૂરણકામ, દેતા દર્શન તે ગામો ગામ;**
**ગળિયાણે ગયા ગિરધારી, ત્યાંથી સંજીવાડે સુખકારી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૫૭-૫૮)

■ સં. ૧૮૭૧માં ચોથીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ગઢડાથી ચાલ્યા તે, કારિયાણી, કુંડળ, બરવાળા, ગાંફ, કમિયાળા થઈ બોરુ પધાર્યા. ત્યાંથી ગોલાણા, ગોરાડ, મોરજ થઈ વડતાલ પધાર્યા હતા : - 'દીધા દર્શન સૌને દયાળે, ત્યાંથી કૃષ્ણ ગયા કમિયાળે; ત્યાંથી બોરુ ગયા બહુનામી, અખિલેશ્વર અંતરજામી.' (શ્રીહરિલીલામૃત : ૭/૬૬/૩૧)

■ કારીયાણીથી ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો,રાજાઓ સાથે ચાલ્યા તે

ધોલેરા, પીપળીયા, બોરુ થઈને ભોળાદ પધાર્યા. ત્યાં દર્શનનું આપીને ત્યાંથી શ્રીજીમહારાજ ગલિયાણા, સીંજીવાડા થઈ વડતાલ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૧ની લીલા)

■ સં. ૧૮૭૩માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે મહેળાવ, પીપળાવ, ઈસણાવ, નાર, રામોલડી, ઉંટવાડા, મોરજ, ખાનપુર, વરસડા, ગલિયાણા, વારણા થઈને મોટી બોરુ ગામ પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

■ વડતાલ ફૂલદોલ ઉત્સવ કરવા શ્રીજીમહારાજ ગઢડાથી ચાલ્યા, તે કારિયાણી, બરવાળા, ગાંફ થઈને કમિયાળે પધાર્યા ને ત્યાંથી બોરુ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૩ની લીલા)

■ સં. ૧૮૭૪માં ભગવાન શ્રીહરિ ગઢપુરથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે સારંગપુર, કુંડળ, ચોકડી, રોજકા, ખસતા, ભોળાદ, નાની બોરુ થઈ મોટી બોરુ આવ્યા. અહીં દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીજીમહારાજ વારણા થઈ ગલિયાણા પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૪)

■ સં. ૧૮૭૪માં ભગવાન શ્રીહરિ ગઢપુરથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે સારંગપુર, રોજકા, ખસતા, પચ્છમ, કમિયાળા થઈને મોટી બોરુ ગામ આવી ત્યાં રાત રોકાયા. બોરુમાં પ્રશ્નોરા વિપ્ર સત્સંગી હતા. હીરાભાઈ અને ભગાભાઈ બે સોની હતા અને દેવચંદ નામે એક વણિક હરિભક્ત હતા. તે સહુ હરિભક્તોએ ઘણા હેતથી શ્રીહરિની સેવા કરી અને ઘણો રાજીપો મેળવ્યો. પછી સવારમાં શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને સીંજીવાડે આવીને રહ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૯)

■ સં. ૧૮૭૪માં ભગવાન શ્રીહરિ બુધેજથી સંતો-પાર્ષદો સાથે ચાલ્યા તે ગોરાડ, ગોલાણા ગામ આવ્યા. ત્યાં સાબરમતી નદી ઊતરીને મોટી બોરુ આવ્યા. ત્યાં એક વણિક હરિભક્ત રહેતા હતા. તેને દર્શન દઈને પછી નાની બોરુ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૬)

■ વડતાલમાં દિવાળી-અન્નકૂટોત્સવ કરી શ્રીજીમહારાજ બુધેજ, ગોરાડ, ગુડેલ થઈને બોરુ પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૪ની લીલા)

■ સં. ૧૮૭૮માં ભગવાન શ્રીહરિ વડતાલમાં સત્સંગની સર્વોત્તમ પ્રથા કહીને રાવલી, મહેળાવ, પીપળાવ, નાર, રામોલડી, ઊંટવાડા, બુધેજ, ગોરાડ, ગોલાણા ગામ થઈને ચાલ્યા તે મોટી બોરુ આવીને સાબરમતી નદી ઊતર્યા. જે જે

ગામ શ્રીહરિ રહેતા હતા ત્યાં હરિભક્તો દર્શન કરવા માટે આવતા. અને શ્રીહરિ પણ ઘણા ભાવથી તેમને દર્શન દેતા હતા. કારણ કે, શ્રીહરિને હરિભક્તો ઉપર ખૂબ જ હેત હતું. ભક્તજન ચિત્તચોર, બહુનામી સહજાનંદ સ્વામી શ્રીહરિ ત્યાંથી નાની બોરુ થઈને ભોળાદ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર, સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો અને હરિભક્તોના મોટા સંઘ સાથે વડતાલમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ગઢપુરથી ચાલ્યા તે, બોટાદ, ખસ, બગડ, જાળીલા, સુંદરિયાણા, વાગડ, અણિયાળી, ધંધુકા, ખસતા, જસકા, રોજકા, પચ્છમ, કમિયાળા, સમાણી ગામમાં રસોઈ જમીને બોરુ ગામ આવ્યા. સંઘ આવીને બોરુ ગામમાં રોકાયો હતો. ત્યાં હીરાભાઈ સોનીએ રસોઈ કરાવીને શ્રીહરિ તથા સંતોને જમાડ્યા. જે સંઘ હતો તે ગલિયાણા ગામ આવ્યો. અને શ્રીહરિ જાખડા ગામ આવીને સહુને દર્શન દઈને પાછા ગલિયાણા ગામ આવ્યા અને ગામથી દક્ષિણ બાજુ રાત રહ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

■ સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર, સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો અને હરિભક્તોના મોટા સંઘ સાથે વડતાલથી ચાલ્યા તે જોળ, કરમસદ, ગાના, નાપા, પામોલ, દાહોલ, બોરસદ, બોચાસણ, ઊંટવાડા, બુધેજ, ગોરાડ, ગોલાણા થઈને મોટી બોરુ ગામ આવ્યા. તે ગામનાં હરિભક્તોએ ભાવ સહિત શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી શ્રીહરિ નાની બોરુ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૭૩)

■ સં. ૧૮૮૨માં ભગવાન શ્રીહરિ નડિયાદમાં અંગ્રેજ પાદરીને મળીને વડતાલ થઈ, નાર, તારાપુર, મોરજ, ગોલાણા, મોટી બોરુ આવ્યા. અને તે બોરુ ગામના જે હરિભક્તો હતા તે શ્રીહરિના દર્શન કરવા માટે આવ્યા. પછી ત્યાંથી ચાલતા થયા તે સાબરમતી નદીને ઊતર્યા અને ત્યાંથી જ્યાં નાની બોરુ કહેવાય છે ત્યાં આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬)

■ સં. ૧૮૮૨માં બીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો સાથે ગઢડાથી ચાલ્યા, તે કારિયાણી, રોજકા, ગાંફ, કમિયાળા, ભોળાદ, નાની બોરુ થઈ મોટી બોરુ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધા આવીને શ્રીહરિના ચરણામાં પડ્યાં. ત્યાંના શેઠ વગેરે જે હરિભક્ત હતા તેને દર્શન દઈ અને તત્કાળ શ્રીહરિ ચાલતા થયા તે વારણા ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૨)

■ સં. ૧૮૮૨માં ત્રીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો સાથે વડતાલથી ચાલ્યા, તે પીપળાવ, ગલિયાણા, વારણા થઈ મોટી બોરુ આવ્યા. ત્યાં જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિના દર્શન કર્યાં.પછી શ્રીહરિ નાની બોરુ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૦)

■ સં. ૧૮૮૨માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો તથા ધર્મકુળ પરિવાર સાથે ગઢપુરથી ચાલ્યા, તે સારંગપુર, સુંદરિયાણા, ગાંફ, પચ્છમ, ખસતા થઈ મોટી બોરુ પધાર્યા હતા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**'એવી અદ્‌ભુત લીલાઓ ઘણી, કેટલી સંભળાવું તે ગણી;**
**પછી ત્યાંથી પ્રભુ પરવરિયા, મોટી બોરુએ આવી ઉતરિયા.**
**ગામથી અગની કોણ ભાગ, ત્યાં છે સુંદર એક તડાગ;**
**ઉતર્યા ત્યાંથી કાંઈક દૂર, આવ્યા હરિજન હરખીને ઉર.**
**સૌએ સ્નેહ ધરી સેવા કીધી, રૂડી રીતે રસોઈ ત્યાં દીધી;**
**વરિયાળી સુવાસિની બાઈ, પ્રભુની નાની મોટી ભોજાઈ.**
**તેણે કીધો રૂડી રીતે થાળ, બેઠા જમવાને જનપ્રતિપાળ;**
**સૌએ કૌતુક દીઠું તે ઠાર, કહું સાંભળો ભૂપ ઉદાર.**
**રમા ગોમતી દ્વારિકાનાથ, જમતા દીઠા શ્રીહરિ સાથ;**
**જોઈ અચરજ પામિયાં સહુ, કેટલુંક વખાણીને કહું.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૩/૪૨-૪૬)

■ સં. ૧૮૮૫માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે ગઢડાથી ચાલ્યા, તે સારંગપુર, સુંદરિયાણા, અણિયાળી, ધંધુકા, ખસતા, કમિયાળાથી મોટી બોરુ પધાર્યા હતા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'જેની બીકથી કાળ બિનારો, કોણ માત્ર ત્યાં વાઘ બિચારો;**
**પ્રભાતે ત્યાંથી ચાલી કૃપાળે, બપોરા કર્યા જૈ કમિયાળે.**
**બોરુએ જઈને બળવીર, રહ્યા રાત્ય તળાવને તીર;**
**સાભ્ર ઉતર્યા ઊઠી વહાણે, ગયા ગોવિંદજી ગળીયાણે.'**

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૧૧-૧૨)

■ ભગવાન શ્રીહરિ ગઢડાથી ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, ઝીંઝર, ખરડ, ગાંફ થઈને કમિયાળે આવીને ઊભા રહ્યા. ત્યારે ગામના હરિજને તાણ

કરીને કહ્યું જે, "હે મહારાજ ! જમીને ચાલજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "બોરુ જઈને જમશું." અને ત્યાંથી પાળાને ઊંટે ચડાવીને આગળ મોકલ્યા. અને મહારાજ ચાલ્યા. ને ગામના હરિજન પગે લાગ્યા, તેને પાછા વાળ્યા અને મહારાજ બોરુ પધાર્યા. ને કૂવા ઉપર આવીને ઊતર્યા. અને ગામના સત્સંગી રસોઈનો સામાન લાવવા માંડ્યા. ને સંત ને બ્રહ્મચારી રસોઈ કરવા લાગ્યા. પછી હીરા સોનીને ઘેર થાળ કર્યો, તે મહારાજ જમવા પધાર્યા. જમી ચળુંકરીને મુખવાસ લઈને ઘોડીએ અસવાર થઈને સંઘમાં આવ્યા. અને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. અને પોઢ્યા ત્યારે હીરા સોની મહારાજના પગ દાબતા જાય ને મહારાજ સંગાથે વાત કરતા જાય. પછી સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ ગલિયાણાની નદીએ ઘોડાને પાયા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૭૧)

■ ગઢડાથી રામનવમીનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, ઝીંઝર, રોજકા, ગાંફના હરિજનને દર્શન દઈને કમિયાળે પધાર્યા. ત્યાંથી સાબદા થઈને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે બોરુ આવ્યા. તળાવથી આથમણી કોરે ઘોડીએથી ઊતરીને પીપળ હેઠે ઢોલિયે બિરાજ્યા. ને હરિજન સામાન લાવ્યા, ને સર્વે રસોઈ કરીને જમ્યા. અને મહારાજ થાળ જમીને પોઢ્યા. વહેલા જાગીને ઘેરે સાદે બોલ્યા જે, "થાવ તૈયાર." પછી વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને જે ચાલ્યા, તે સાબરમતીએ આવીને વસ્ત્ર ઉતારીને બોલ્યા જે, "ઘોડા ધમારો (નવડાવો)." પછી દંતધાવન કરીને સ્નાન કરીને વસ્ત્ર પહેરીને થાળ જમીને ચળું કરીને મુખવાસ લઈને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામોગામના સત્સંગીને દર્શન દઈને ગામ સીંજીવાડે પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૭)

■ ભગવાન શ્રીહરિ વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ કરીને સીંજીવાડા, ગલિયાણા થઈને ગામ બોરુ આવીને ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. અને હીરા સોની આદિ હરિજન રસોઈનો સામાન લાવ્યા. અને સંત ને બ્રહ્મચારી સર્વે રસોઈ કરવા લાગ્યા. મહારાજ થાળ જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. અને વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ કમિયાળાના હરિજનને દર્શન દઈને ગાંફ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૯૯)

■ વડતાલમાં છેલ્લો પ્રબોધની ઉત્સવ કરવા ગઢડાથી ચાલ્યા, તે કારિયાણી, ઝીંઝર, ગાંફ થઈને કમિયાળાના હરિજનને દર્શન દઈ ગામ બોરુ આવ્યા. ગામના સત્સંગી હીરો સોની આદિ સામાન લાવ્યા. મહારાજ ઘોડીએથી ઊતરી તળાવ ઉપર ઢોલિયે બિરાજ્યા. પછી નિત્યવિધિ કરીને ખેસ પહેર્યો ને ઉપરણી ઓઢી થાળ જમવા બિરાજ્યા. ચળું કરીને મુખવાસ લઈ ઢોલિયે બિરાજ્યા. અને બોલ્યા જે, ‘‘સર્વે જમી રહ્યા ?’’ ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, ‘‘જમી રહેવા આવ્યા છે.’’ ત્યારે મહારાજ કહે, ‘‘લાવો ગાડી.’’ ત્યારે બ્રહ્મચારી કહે, ‘‘અયોધ્યાવાસીઓને પરવારવા દો.’’ પછી સર્વે તૈયાર થયા ત્યારે મહારાજ ગાડીમાં બિરાજ્યા. ગામના સત્સંગીને પાછા વાળ્યા અને ગાડી હંકાવી તે સાબરગંગાએ આવ્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૧૪)

**મું. મોટી બોરુ, તા. ધોળકા, જી. અમદાવાદ**

# નાની બોરુમાં બહુનામી ભગવાન શ્રીહરિ

આ નાની બોરુ ગામ ધોલેરાધામથી ૩૩ કી.મી.ના અંતરે આવેલું છે. આ નાની બોરુ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પાંચસો પરમહંસો તથા કાઠી દરબારો વગેરે સાથે ૧૮ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. મોટી બોરુ તથા નાની બોરુ આ બંને ગામ વચ્ચેનું અંતર ફક્ત ૩ કી.મી. જેટલું જ છે. જેથી કરીને ભગવાન શ્રીહરિ મોટી બોરુ ગામમાં પધાર્યા તેટલીવાર આ નાની બોરુ ગામમાં પણ પધાર્યા છે. અહીં વિશેષ માહિતી ન આપતા વાંચકજનોએ ‘મોટી બોરુમાં બહુનામી ભગવાન શ્રીહરિ’ શીર્ષક નામની લેખમાળામાંથી જાણી લેવું.

**મું. નાની બોરુ, તા. ધોળકા, જી. અમદાવાદ**

# જાખડામાં જનપ્રતિપાળ ભગવાન શ્રીહરિ



આ જાખડા ગામ ધોલેરાધામથી ૩૮ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૯ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. ભગવાન શ્રીહરિ અનેકવખત ધર્મકુળ પરિવાર, પાંચસો પરમહંસો તથા કાઠી દરબારો વગેરે સહિત આ જાખડા ગામ પધાર્યા છે.

**॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની જાખડા ગામમાં પધરામણી ॥**

■ સં. ૧૮૭૦માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા, તે વેજળકા થઈને જાખડા પધાર્યા. અહીં ભક્તોને દર્શનનું સુખ આપીને ધોલી, કૌકા થઈ ધોળકા પધાર્યા હતા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'પગલાં ઘણા ગામમાં કીધાં, જૈને દાસને દર્શન દીધાં;**
**ફરતા ફરતા બહુ ઠામ, જૈને વેજલકું જોયું ગામ.**

**દયા દિલમાં ધરીને અપાર, ગયા જાખડે જગ કરતાર;**
**ભક્તો આનંદ ઉર અતિ આણે, પૂરા ભાગ્ય પોતાના પ્રમાણે.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૨)

■ સં. ૧૮૭૦માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે બોટાદથી ચાલ્યા, તે નાગડકા ભેંસજાળ, ધંધુકા, રોજકા, પચ્છમ, કમિયાળા થઈને જાખડા પધાર્યા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'ત્યાંથી સંચર્યા નિજજન સાથ, કમિયાળે ગયા કૃપાનાથ;**
**રહ્યા જાખડે જૈ હરિ રાત, પછી પરવર્યા ઊઠી પ્રભાત.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૩)

■ સં. ૧૮૮૦માં ભગવાન શ્રીહરિ, ધર્મકુળ, સંતો-પાર્ષદો અને કાઠી હરિભક્તોના મોટા સંઘ સાથે ગઢડાથી વડતાલમાં શ્રીહરિકૃષ્ણ-શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ચાલ્યા તે બોટાદ, સુંદરિયાણા, કમિયાળા, સમાણી થઈ જાખડાના હરિભક્તોને દર્શન દઈ ગલિયાણા આવી રાત રહ્યા. પછી પાછલી રાતે ચાલ્યા તે વરસડા, સીંજીવાડા, વસો થઈ વડતાલ પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

■ સં. ૧૮૮૦માં ભગવાન શ્રીહરિ, ધર્મકુળ, સંતો-પાર્ષદો અને કાઠી હરિભક્તો સાથે વસોથી ચાલ્યા, તે લીંબાસી, વટામણ, વારણા થઈ જાખડા આવ્યા. તે ગામમાં કેટલાક હરિભક્તો હતા. વિપ્ર રતનજી, વણિક કાશીદાસ, તે સિવાયના ક્ષત્રિયો અને કેટલાક શૂદ્રો પણ હતા. સહુએ આવીને શ્રીહરિના દર્શન કર્યા. દર્શન કરીને હરિભક્તો ખૂબ જ ખુશ થયા. વણિક કાશીદાસભાઈએ કંસારની રસોઈ કરાવી, અને તે મુકુંદાનંદ વર્ણીએ કરી. જ્યારે વિષ્ણુને નૈવેદ્ય કર્યું ત્યારે શ્રીહરિ સ્નાન કરીને જમ્યા. શ્રીહરિની સાથે જે હતા તેઓ પણ જમ્યા. ત્યાં કોઈ હરિભક્ત શ્રીહરિના અશ્વને માટે રસદાર લીલી જુવારનો એક ભારો બાંધીને લાવ્યા, તે અશ્વની આગળ નાખ્યો અને તે ખાઈને અશ્વ પણ તૃપ્ત થયો. તે દિવસ પાછલો દોઢ પહોર રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૪)

■ ગઢડામાં દિવાળીનો ઉત્સવ કરી પ્રબોધની ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ ગઢડાથી ચાલ્યા, તે બોટાદ, અણિયાળી, ધંધુકા, ગાંફ, કમિયાળા થઈને નાની બોરુ ગયા. ત્યાં હીરા સોનીને ઘેર થાળ જમ્યા ને સંતને પણ જમાડ્યા.

તે સમે ગામ જાખડાથી ભક્ત કાશીદાસ શેઠે આવીને શ્રીજીને કહ્યું જે, "તમે મારે ઘેર પધારો !" ત્યારે શ્રીજીએ કહ્યું જે, "તમે કહો તેમ હું કરું." ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું જે, "મહારાજ તમારે ગામ તો આવશે, પણ રહેશે નહીં." ત્યારે તે ભક્તે કહ્યું જે, "ઠીક." એમ કહીને શ્રીજીને પોતાને ગામ તેડી ગયા ને ગામની ભાગોળે માંડવામાં ઉતાર્યા. પછી શ્રીજીને પોતાને ઘેર પધરાવીને થાળ કરાવીને જમાડ્યા ને કેસરચંદનાદિકે કરીને પૂજા કરી. પછી રૂપિયા પાંચસે ને ઘણાક વસ્ત્ર તે સર્વે શ્રીજીને પગે મૂક્યાં. તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ ગલિયાણે ગયા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

■ શ્રીજીમહારાજ વડોદરા તથા વડતાલમાં દોઢ માસ જેટલું વિચરણ કરીને ગઢડાને માર્ગે ચાલ્યા ને ઈચ્છારામજી મહારાજને મેનામાં બેસારીને ભેળા લીધા. અને પ્રથમના મુકામે સીંજીવાડે રહ્યા ને સાબરમતી ઊતરીને જાખડે બપોરા કર્યા. ત્યાં જમીને કમિયાળે રાત રહ્યા ને ત્યાંથી ધોલેરા ગયા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૩ની લીલા)

■ ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા, તે મહેળાવ, પીપળાવ, ગલિયાણા થઈ જાખડે ગયા ને ત્યાંથી ચાલ્યા, તે કમિયાળે ગયા ને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગાંફ થઈને ભાદર નદીને કાંઠે રાત રહ્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૩ની લીલા)

■ ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા, તે સીંજીવાડા, વરસડા, ગલિયાણા થઈ જાખડા પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી પીપળી, ધોલેરા, કારિયાણી થઈ ભાવનગર પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૫ની લીલા)

■ શ્રીજીમહારાજ ધર્મકુળ તથા સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા, તે મહેળાવ, પીપળાવ, પરીએજ, ચાંગડા, પછેગામ, વટામણ થઈ જાખડે ગયા. ત્યાં ગામને પાદરે બે ઘડી ઊભા રહ્યા ને સર્વને દર્શન દીધાં. અને ત્યાંથી ચાલ્યા, તે ભોળાદ ગયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૬ની લીલા)

એ જ રીતે (સં. ૧૮૮૬ની લીલા મુજબ) પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'પ્રભુ કોઈ રીત્યે રાજી થાય, હરિભક્તનું મન હરખાય;**
**એમ કરતા વિનોદ વિશેષ. વટામણ ગયા વિશ્વેશ્વરેશ.**

ખળામાં ઊતર્યા ધરિ ખાંત, જમ્યા બાટી રહ્યા તહાં રાત;
પ્રભાતે ચાલ્યા પૂરણકામ, ગિરધર ગયા જાખડે ગામ.
વેલ્ય માંહિ બિરાજીને વાલો, વિચરે વાટે ધર્મનો લાલો;
ભોગાવો ઊતરી ભગવાન, ચાલ્યા આગળ ત્યાં એક સ્થાન.'

(શ્રીહરિલીલામૃત : ૯/૬)

**મુ. જાખડા, તા. ધોળકા, જી. અમદાવાદ.**

# ધંધુકામાં ધર્મકુમાર ભગવાન શ્રીહરિ



આ ધંધુકા શહેર ધોલેરાધામથી ૨૭ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૧ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં ધંધુકા શહેરના સત્સંગીઓ પણ ગયા હતા ત્યારે શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં  વજાભાઈ શેઠ, ધનાભાઈ સુતાર, નરસૈદાસ, નથુરામ, દલપતરામ, ઘેલો ભટ્ટ, લાલજી આ ચાર બ્રાહ્મણો તેમજ વાલાભાઈ કંસારા, કૃષ્ણ રાવજી દક્ષિણી ,વગેરે પ્રસિદ્ધ હતા. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે : ‘શેઠ વજો ને નરસૈદાસ, ધનો સુતાર ધંધુકે વાસ; ક્ષત્રી ભક્ત મૂળુ ભીમ જાણ, કણબી જેઠો સુતાર પંચાણ.’

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૧૧૮)

## ॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની ધંધુકા શહેરમાં પધરામણી ॥

■ સં. ૧૮૫૫માં નીલકંઠ વર્ણીસ્વરૂપે વનવિચરણ કરતા થકા સુરત, ભરૂચ, વડોદરા, ડભોઈ, ડાકોર, ઉમરેઠ, વડતાલ, બોચાસણ, બુધેજ, ભોળાદ, ધોલેરા થઈ ધંધુકા ગામમાં પધાર્યા હતા.

■ સં. ૧૮૬૪માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો તથા દાદાખાચર આદિક કાઠી દરબારો સાથે ગઢપુરથી ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, બરવાળા થઈ ધંધુકા પધાર્યા. અહીં હરિભક્તોને દર્શનનું સુખ આપીને શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'દાદાખાચર આદિ અપાર, સાથે લીધા કાઠી અસવાર;**
**ગયા શ્રીહરિ ઉત્સાહ આણી, ઝીંઝાવદર થૈ કારિયાણી.**
**બરવાળે ગયા બહુનામી, ત્યાંથી ધંધુકે અક્ષરધામી;**
**અમદાવાદમાં અવિનાશ, થોડા દિવસ વસ્યા નવેવાસ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧/૧૫-૧૬)

■ સં. ૧૮૬૮માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે કોઠ ગામથી ચાલ્યા, તે જવારજ, બળોલ, રાયકા, ખડોળ થઈ બીજે દિવસે સવારે જ્યારે ઊઠ્યા ત્યારે તત્કાળ જ તૈયાર થઈ ગયા. પરમ આનંદી સ્વભાવવાળા અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને ધંધુકા ગામ આવ્યા. ત્યાં આવીને સુખભાદર નદીમાં નાહ્યા. પછી સુખદાયક પ્રભુ ચાલ્યા. પછી સુખસાગર ભક્તિપતિ પડાણા, અણિયાળી, સાલાસર થઈને સુંદરિયાણા ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૭૪)

■ સં. ૧૮૭૧માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા, તે સારંગપુર થઈ ધંધુકા પધાર્યા ને હરિભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીજીમહારાજ હડાળા, કોઠ, ધોળકા થઈ જેતલપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૧૪)

■ સં. ૧૮૭૧માં બીજીવાર શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે સારંગપુરથી ચાલ્યા, તે સુંદરિયાણા થઈ ધંધુકા પધાર્યા ને હરિભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી મહારાજ ખસતા, ખડોળ થઈ પચ્છમ પધાર્યા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :- 'ગયા શ્રીહરિ સુંદરિયાણે, એક રાત રહ્યા તે ઠેકાણે; ગયા ધંધુકે ધર્મકુમાર, ત્યાંથી ખસતે ગયા સુખકાર.' (શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૪૮)

■ સં. ૧૮૭૧માં ત્રીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ભેંસજાળથી ચાલ્યા, તે વાગડ, મોરશિયા ગામ થઈ ધંધુકા પધાર્યા. ભવાનીમાતાની વાવે રાતવાસો રહ્યા. શ્રીજીમહારાજ તથા સંતો-ભક્તો અર્થે નથુરામ, દલપતરામ, ઘેલો ભટ્ટ, લાલજી આ ચાર બ્રાહ્મણો તેમજ વાલાભાઈ કંસારા, કૃષ્ણ રાવજી દક્ષિણી વગેરે સીધુ-સામાન લાવી રસોઈ કરાવીને ભગવાન શ્રીહરિ અને સંતો-હરિભક્તોને જમાડ્યા. ધંધુકાથી બીજે દિવસે શ્રીજીમહારાજ ચાલ્યા, તે રોજકા થઈ પચ્છમ પધાર્યા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :-

**'ભક્તિતનુજ ભેંસજાળથી, સર્વે સખા લઈ નિજ સાથ;**
**વિચર્યા વાગડ ગામમાં, મુનિમંડળ સહ મુનિનાથ.**
**ગયા ત્યાંથી મોરશિયે ગામ, ત્યાંથી ધંધુકે ધર્મના ધામ;**
**વાવમાતાભવાનીનીજ્યાંય,રાતવાસોરહ્યાહરિત્યાંય.**
**નથુરામ ને દલપતરામ, ભટ ઘેલો ને લાલજી નામ;**
**ચાર વિપ્ર ને કંસારો વાલો, જેને વા'લો બહુ ધર્મલાલો.**
**કુષ્ણરાવજી દક્ષણી જેહ, સૌએ સેવ્યા હરિ ધરી સ્નેહ;**
**ધંધુકેથી ચાલ્યા ધર્મનંદ, ગયા રોજકે આનંદકંદ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૩/૧-૪)

■ સં. ૧૮૭૨માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે સારંગપુરથી વડતાલ જવા માટે ચાલ્યા, તે ધંધુકાને પાદર થઈને ખસ પધાર્યા ને ત્યાંથી પચ્છમ આવ્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૨ની લીલા)

■ સં. ૧૮૭૩માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા, તે બોટાદ, ખસ, બગડ, સુંદરિયાણા, અણિયાળી થઈ ધંધુકા પધાર્યા ને હરિભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ખડોળ, બળોલ, જવારજ, કોઠ, ધોળકા થઈ જેતલપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૬)

■ સં. ૧૮૭૪માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા, તે બોટાદ, ખસ, બગડ, સુંદરિયાણા, અણિયાળી થઈ ધંધુકા પધાર્યા ને હરિભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે જવારજ, કોઠ, ધોળકા થઈ જેતલપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૭૦)

■ સં. ૧૮૮૦માં ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે પ્રબોધની

એકાદશીનો ઉત્સવ કરવા વડતાલ જવા ગઢડાથી પ્રયાણ કર્યું. સંતો પાસે જલેબીનું ભાતું બંધાવીને સર્વ સંત સહિત બોટાદ પધાર્યા. ત્યાંથી ગામ અણિયાળી આવ્યા. ત્યાં રાત્રી રહીને પ્રાતઃકાળે ચાલ્યા, તે ગામ ધંધુકે પધાર્યા. ત્યાં મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું જે, ‘‘સંઘ લઈને આવજો.’’ એમ કહીને ઘોડા દોડાવ્યાં, તે ગામ ગાંફ પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

■ સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-પાર્ષદો તેમજ ગામોગામના મોટા સંઘો સાથે વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા માટે ગઢપુરથી ચાલ્યા, તે ધંધુકા પધાર્યા. ત્યાં સર્વે ભક્તજનોને દર્શન આપી તેમની સેવા સ્વીકારીને ચાલ્યા તે ખસતા, જસકા થઈ રોજકા પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

■ સં. ૧૮૮૫માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગઢડાથી ચાલ્યા, તે સારંગપુર, સુંદરિયાણા, અણિયાળી થઈ ધંધુકા વાવ ઉપર જઈને ત્યાં રાત્રી રહ્યા. ત્યાંથી બીજે દિવસે ખસતા થઈને કમિયાળા પધાર્યા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ ‘શ્રીહરિલીલામૃત’ ગ્રંથમાં લખે છે :- **‘ધંધુકે વાવ્ય ઊપર જૈને, રહ્યા રાત તહાં રાજી થૈને.’**

(શ્રીહરિલીલામૃત : ૯/૪/૯)

**મુ. ધંધુકા, જી. અમદાવાદ.**

# ઝીંઝરમાં સુખકારી ભગવાન શ્રીહરિ



આ ઝીંઝર ગામ ધોલેરાધામથી ૩૮ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૨૪ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં ઝીંઝર ગામના સત્સંગીઓ પણ ગયા હતા ત્યારે શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં ક્ષત્રિય ખેતોજી, જામોજી, રાજોભાઈ, ખોડાભાઈ, હોથીભાઈ, નાથજીભાઈ, શેઠ જેઠાભાઈ, ગગાભાઈ, વિપ્ર હરિશંકરભાઈ, અંબારામ વગેરે પ્રસિદ્ધ હતા. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે : **'ક્ષત્રી ભક્ત ખેતોજી જામોજી, રૂડા રાજોભાઈ ને ખોડોજી; હોથીભાઈ નાનજીભાઈ જાણો, શેઠ જેઠો ગગો પરમાણો; દ્વિજ હરિશંકર અંબારામ, એહાદિ જન ઝીંઝર ગામ.'** (શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૧૧૮)

## ॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની ઝીંઝર ગામમાં પધરામણી ॥

■ સં. ૧૮૫૫માં નીલકંઠ વર્ણીસ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ વન વિચરણ કરતા કરતા ધોલેરાથી ચાલ્યા તે, ગોરાસું, વાગડ, બાવલ ગામ થઈ ઝીંઝર પધાર્યા.

(શા. સ્વામી શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી (અમદાવાદ) રચિત શ્રીહરિ વનવિચરણ)

■ સં. ૧૮૬૨માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે રોજકાથી ચાલ્યા, તે ઝીંઝર આવ્યા. ઝીંઝર ગામના ખોડાભાઈ વગેરે હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુએ દંડવત્ પ્રણામ કર્યા. આવેલા બધા ગદ્‌ગદ કંઠ થઈ ગયા અને ચરણોમાં નમી પડ્યા. સહુએ શ્રીફળ ભેટ મૂક્યા અને ફૂલહાર પહેરાવ્યા. એક જેઠા શેઠ નામે વૈશ્ય વણિક હરિભક્ત હતા. તે શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને પ્રેમથી બોલાવ્યા. ત્યારે ખોડાભાઈએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, હે ધર્મકિશોર ! આપ સાંભળો, અમારા મનમાં જે અભિલાષા છે તે હું કહું છું. બધી સવારી અને સંઘને સાથે લઈને આપ પ્રસન્નતાથી પહેલા ગામમાં પધારો. અમારે ઘેર ચરણ પગલાં કરીને પછી તળાવને કિનારે ઉતારો કરો.

ધર્મકુમાર શ્રીહરિએ તે બધા ભક્તોનો અપાર ભાવ દેખ્યો, એટલે પ્રથમ સહુની સાથે ગામમાં આવ્યા. ગામમાં બધો રાજમાર્ગ વિચિત્ર રીતે શણગાર્યો હતો. ગામમાં જેટલા માણસો હતા તે આવીને બજારમાં ઊભા હતા. બધા જ હાથ જોડીને પગે લાગતા અને સહુનાં હૃદયમાં આનંદ ઘણો ઊભરાતો હતો. શ્રીહરિએ તે સમયે પોતાનાં શરીર ઉપર સોનેરી વસ્ત્રો અને આભૂષણો ધારણ





કર્યાં હતાં. તેની શોભાને દેખીને બધા જ નરનારીઓ આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા. તે વેળાની અદ્‌ભુત શોભા વર્ણવી શકાતી નથી. શ્રીહરિનાં શિર ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું અને બંને બાજુએ મતવાલા ચામર ઢળી રહ્યાં હતાં. અલૈયા ખાચરે અને સોમલા ખાચરે ચામર ઢોળવાની સેવા કરીને સંસારના પાશ તોડી નાખ્યા. માંચા ખાચરે શ્રીહરિને શિરે છત્ર ધાર્યું હતું તે સેવાને કારણે તેઓ સુધીર ગંભીર અને સંસારથી વિરક્ત રહ્યા હતા.

દરબાર સૂરા ખાચરને પણ સંસારની વાસના તૂટી જવાથી નિરંતર તેઓ શ્રીહરિનાં આજ્ઞા વચનમાં જ પ્રેમ રાખતા હતા. જાડેજા ક્ષત્રિય દરબાર મૂળુભાઈએ પણ સંસારની આસક્તિ તોડી નાખી હતી. ઉપર કહ્યા તે ચાર કાઠી દરબારો હંમેશાં શ્રીહરિની પાસે જ રહેતા હતા. તેઓ પોતાના ગામ ગરાસનું ધ્યાન પણ શ્રીહરિની આજ્ઞાથી જ રાખતા હતા. દરબાર સોમલા ખાચરના નિત્ય સહવાસથી એક માત્રા ધાધલ નામે કાઠી પણ ત્યાગી જેવા થયા હતા. તેઓ અખંડ શ્રીહરિની સેવામાં સાથે રહેતા હતા. અલૈયા ખાચરના સમાગમથી બીજા એક કાઠી નાજા જોગિયા ત્યાગી થઈને નિરંતર શ્રીહરિની સેવા કરવા રહ્યા હતા. વળી કરિયાણા ગામના કાઠી કાળા મકવાણા પણ ત્યાગી થઈને સતત શ્રીહરિની અખંડ સેવામાં હજૂર રહ્યા હતા.

તે આઠ-અલૈયા ખાચર, સોમલા ખાચર, સૂરાખાચર, માંચા ખાચર જાડેજા મૂળુભાઈ, માત્રા ધાધલ, નાજા જોગિયા અને કાળા મકવાણા - દરબારો પૂર્વે કાલાંતરમાં લોકપાળો રહ્યા હતા. તેને શ્રીહરિ જાણતા અને તેમના નામ પણ જુદા જુદા હતા. ૧. અલૈયા ખાચર ઇંદ્ર હતા. ૨. માંચા ખાચર ધર્મરાજ હતા.

૩. સૂરાખાચર વરુણ હતા. ૪. સોમલા ખાચર કુબેર હતા. ૫. માત્રા ધાધલ ઈશાન હતા. ૬. નાજા જોગિયા અગ્નિ હતા. ૭. કાળા મકવાણા નૈર્ઋત હતા અને ૮. મૂળુભાઈ જાડેજા વાયુ હતા. જ્યારે લોકપાળોની સંખ્યા દસ કહેવી હોય તો તેમાં બે બીજા કહેવા જોઈએ. એટલે, ૯. દરબાર એભલ ખાચર સૂર્ય હતા અને જીવા ખાચર શેષ હતા. શ્રીહરિ આ ભૂલોકમાં તેમને માટે તો પધાર્યા હતા એટલે તેમાંથી સાતને તો આ લોકમાં પણ રાજા જ કર્યા હતા. શ્રીહરિએ તે લોકપાળોનું સામર્થ્ય ઢાંકી દઈને સાધારણ મનુષ્યના જેવા તેમને રાખ્યા હતા.

## ભક્ત-અભક્તના લક્ષણ

જેને અવિદ્યા અથવા માયા કહેવાય છે, તેના ગુણને લીધે દેહમાં અહંભાવ અને ઘર વગેરેમાં મમત્વ ભાવ આવી જાય છે. એટલે તે ભક્તોને પણ શ્રીહરિની સાથે કાયમનો જોગ રહેવાથી ક્યારેક અહં ભાવ કે મમત્વ આવી જાતું હતું. અને તેને લીધે જ શ્રીહરિ વિવિધ પ્રકારનાં ચરિત્ર કરતા હતા. શ્રીહરિનાં પાકા ભક્ત જે સત્સંગી હતા તે શ્રીહરિનાં ચરિત્રોને પ્રેમ ભક્તિ ભર્યાં અને મોક્ષરૂપ માનતા અને અપાર પ્રેમ કરીને તેને સાંભળતા હતા. જે કોઈ મનુષ્ય ભગવાનનો કે ભગવાનના ભક્તનો દોષ જુએ છે. અભાવ લે છે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ભગવાન અને ભગવાનના ભક્તની રીત અલૌકિક હોય છે. તે પાકા ભક્તને ક્યારેય વિપરીત પડતી નથી. ભક્તની અને ભગવાનની વાતો ભક્તજનને અત્યંત સુખદાયક થાય છે. પણ તે જ વાતો અભક્તને તો ઝેર જેવી લાગે છે. તે અભક્ત ભક્તની અને ભગવાનની નિંદા કરીને સંસારરૂપી કૂવામાં પડે છે. જે લોકો ભક્તનો અને ભગવાનનો દોષ ગ્રહણ કરે છે તેને તો જમદૂતો ગુસ્સે થઈને ખૂબ જ મારે છે.

વસ્તુતાએ જીવ તો શુદ્ધ જ છે. તે અજર, અમર, અવિનાશી, અચ્છેદ્ય, અભેદ્ય અને અગ્રાહ્ય છે. તેને એક ભગવાન સિવાય અન્ય કાળ-કર્મ આદિ કોઈનો ભય નથી. કર્મફળપ્રદાતા પણ પરમેશ્વર જ છે. તેઓ જીવને જે જે યોનિમાં શરીર આપે છે તેને પરવશ થઈને ભોગવે છે. એટલે પરમેશ્વર તેને તેવાં શરીરમાં કેદ રાખે છે. જ્યારે જીવ પરમેશ્વરનું ભજન કરવા લાગી જાય છે ત્યારે તેના લખચોરાશીના બધા જ દેહ છૂટી જાય છે અને તેને જ કર્મબંધન કહેવાય છે. મનુષ્ય જ્યાં સુધી પરમેશ્વરનું શરણ- આશ્રય રાખે છે ત્યાં સુધી તેને કોઈ પણ કર્મ બંધનરૂપ થાતું નથી અને જો તે પરમેશ્વરનું શરણ તજી દે છે તો

તરત જ તેને કર્મ બંધન કર્તા થાય છે. પરમેશ્વરની રીત તો અનેક પ્રકારની હોય છે. તેની યથાર્થતાનો નિર્ધાર કોણ કરે ? જેમ કોઈ માણસ આકાશને બાથ ભરીને તેને કબજે કરે તેનાં જેવું ભગવાનની યથાર્થ રીતનું પણ છે. ભગવાન, સંતો અને શાસ્ત્ર જે આજ્ઞા કરે તે પ્રમાણે પ્રેમથી રહેવું. ભગવાનના દાસ થઈને રહેવું, તેનું નામ જ સર્વોપરિ સમજણ છે.

## સંત-હરિભક્તની સમજણ વિષે

ભગવાનમાં દાસભાવ સિવાયની જે સમજણ છે તે તો ભવબંધન કરાવનારું કર્મ કહેવાય છે. જે આત્મસ્વરૂપે થઈને વર્તે છે પણ તે જો ભગવાનનો દાસ થઈને વરતતો નથી, તો તે જે કેવળ આત્મસ્વરૂપે વર્તે છે તેને કર્મનું બંધન તો લાગવાનું જ છે. અને જે આત્મસ્વરૂપે થઈને ભગવાનનો દાસ થઈને વર્તે છે તો તેને અહોનિશ આનંદ જ રહે છે. અને તે જ ભગવાનનો સુદૃઢ ભક્ત કહેવાય પણ તે ક્યારેય ભગવાનનાં આજ્ઞાવચનની અવજ્ઞા ન કરે. ભગવાનનાં આજ્ઞા વચનનું જ દિનપ્રતિદિન પ્રતિપાદન કરતો રહે.

જેને વચન પ્રમાણે રહેવાનું જેટલું તાન હોય છે તેને ભગવાન તેવો મહાન સમર્થ કરે છે. અત્યારે જે સંતો છે. હરિભક્તો છે તેમને ભગવાનનાં આજ્ઞા-વચનમાં રહેવાનું પૂરું તાન છે. તે તાનને લીધે જ બધા સંત હરિભક્તો સર્વોપરિ છે અને સર્વોપરિ મોક્ષને પામે છે. તેઓ શ્રીહરિનાં વચનોને સર્વોપરિ માને છે એટલે તેમને સંસારના ફેરા ફરવાના રહેતા નથી. આવા હરિભક્તોને માટે જ શ્રીહરિ જુદા જુદા પ્રદેશોમાં અને ગામોમાં ફરતા રહે છે અને તે ફરીને પણ હરિભક્તોના મનોરથોને પૂરા કરે છે. તેનાથી અનેક જીવોનો ઉદ્ધાર થાય છે અને પછીથી લોકોમાં સત્સંગ પણ થાય છે. આવી બાબતને કુબુદ્ધિ લોકો સમજી શકતા નથી. તેઓ તો પાખંડની ભાવનાથી જ જુએ છે. ભગવાનમાં જેવી ભાવના કરે છે તેવો તે જીવનો મોક્ષ થાય છે. ભગવાન અને તેમના ભક્તો તો સદા નિર્દોષ જ હોય છે. તેઓ કોઈનું અનિષ્ટ ચાહતા નથી. દીવો અને મણિ જેમ અજવાળું કરે છે તેમ ભગવાનનો ભક્ત ભગવાનના ગુણોને પ્રકાશે છે - કહે છે. તેમાં જે કુબુદ્ધિ જીવ છે તેનો દીવામાં પડતા પતંગિયાની જેમ વિનાશ થાય છે. પતંગિયા બળી મરે છે તેમાં દીવાનો કોઈ દોષ નથી. તેમ જ આ સત્સંગ તો નિર્દોષ છે. કુબુદ્ધિ લોકો તેના ઉપર રોષ રાખે છે પણ તેઓ પોતાના પાપોથી જ બળીને નાશ પામે છે.

શ્રીહરિ દરબાર ખોડાભાઈના દરબારગઢમાં હેતથી આવ્યા. તેણે પલંગ બિછાવી દીધો ત્યારે કરુણાનિધિ તેના ઉપર બેઠા. પોતાની સંપત્તિને અનુસારે પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. કેસર યુક્ત ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. કપૂરથી આરતી કરી અને અત્યંત દીનભાવે હાથ જોડીને સ્તુતિ કરી. તે દેખીને શ્રીહરિ તેના ઉપર રાજી થયા. પછી સંતો, વર્ણી અને પાર્ષદો, એ બધાની પૂજા કરી. પૂજાના જે યોગ્ય ઉપચારો જોઈએ તે બધા તેમણે એકત્ર કર્યા હતા. સત્સંગની જે રીત હતી, તેમાં ખોડાભાઈનું કાંઈ પણ અજાણ્યું ન હતું. કેટલાક ભક્તો તો ઘરમાં જેવી સંપત્તિ હોય તે પ્રમાણે સેવા કરતા.

ભક્તિભાવ વિનાની સેવા કદાચ કરોડોની હોય, તો પણ શ્રીહરિ તેને સ્વીકારતા નહિ, જે ભક્તને એક મોક્ષનો જ ખપ હોય તેની સેવાને સ્વીકારતા હતા. કેટલાકને મોક્ષનો ખપ અપાર હોય, જ્ઞાનની વાતો તો અત્યંત અપાર કરે, બીજામાં અનંત ખામીઓ દેખાડે પણ પોતાની ખામીને ક્યારેય સ્વીકારે નહિ. પોતાના ઘરમાં કરોડોનો ધનભંડાર ભર્યો હોય પણ ભગવાનને માટે અને સંતોને માટે લગારેય ખર્ચ કરે નહિ, તેના પોતાના જ સંબંધી હરિભક્ત હોય તેની સાથે શત્રુભાવ રાખતા હોય. બીજાની તો વાત જ શી કહેવી ? આવો જે અત્યંત કૃપણ હોય, નખથી શિખા સુધી લોભનો જ જે રાશિ (ઢગલો) હોય, પોતામાં રહેલા દોષોને ક્યારેય તપાસતો ન હોય. પોતાની ધનાઢ્યતાનું મહત્ત્વ માનતો હોય, અને સત્સંગી એવું નામ પણ ધરાવનારો તે જો હરિભક્ત હોવા છતાં આવો હોય તો તેમાં તે ઘણી મોટી ખોટ કહેવાય.

ભલે તે પણ ધનાઢ્ય હોય, જેને અન્નવસ્ત્ર આદિની કાંઈ ખોટ ન હોય, એવા તો અનંત અને અપાર સત્સંગીઓ હોય, શ્રીહરિ તે બધા હરિભક્તોની સંભાળ રાખતા હતા. તેમાં પણ અનંત જીવોનો મોક્ષ કરવાને માટે કોઈક ભક્તને શ્રીહરિ અધિકાર (ઐશ્વર્ય) આપતા. શ્રીહરિને તો અનેક જીવોનો મોક્ષ કરવાનું જ એક તાન રહેતું. તે સિવાય બીજી કાંઈ ઓળખાણ રાખતા નહિ. કોઈક હરિભક્તને કાંઈ દુઃખ આવી પડ્યું હોય, અને તે વખતે તેને બીજો કોઈ આધાર ન હોય, તો તેવા દુઃખી ભક્તના આધાર માટે શ્રીહરિ કોઈને કાંઈ અધિકાર (ઐશ્વર્ય) આપતા હતા. તેવો અધિકાર કોઈ એકને આપ્યો કે બેને આપ્યો, જે ઘણો મહત્ત્વપૂર્ણ અને જોરદાર હતો, પણ પછી તો લોકો દોડીને તેને પૂજવા લાગ્યા. માણસની ઈચ્છાનો તો કોઈ પાર હોતો નથી. તે તો અનંત બ્રહ્માંડોના ભોગોને પણ ઇચ્છે, જેમ ભોગોનો પાર નથી તેમ ઇચ્છાઓનો પણ પાર નથી.

આ જીવે એક એક યોનિમાં જઈને અનંત જન્મ લીધા છે. તોએ તેના ભોગની વાસના પૂરી થઈ નથી. દિન પ્રતિદિન આસક્તિ વધતી જ રહી છે. સુખને ભોગવતાં ભોગવતાં પણ સુખ કરતાં વધારે તો તે દુઃખોને સહે છે. છતાં જગતને તેવા દુઃખથી ભરેલા સુખનો લગારેય અભાવ આવતો નથી. નરકમાં પડ્યો હોય ત્યારે પણ નરકભર્યા સુખને ભોગવવાનો તે ભૂખ્યો રહેતો હોય છે. ભગવાનની માયાનું બળ અપાર છે. જીવ જે યોનિમાં જાય છે ત્યાં તે બંધાઈ જાય છે અને તેમાં જ વધારે સુખ માને છે. તેના વિના બીજું કોઈ સુખ તેને દેખાતું નથી. સુખનો કોઈ એક નિર્ધાર (માપદંડ) નથી હોતો. જેવી યોનિ હોય તેવું તેમાં સુખ તૈયાર જ હોય અને તે સુખમાં પણ દુઃખ તો તેના કરતાં કરોડગણું વધારે હોય છે અને તે પણ તરત જ એક જ દિવસમાં આવીને ઊભું રહેતું હોય છે. જીવને તેનું પોતાનું જ શરીર કેટલું દુઃખ દે છે ? છતાં જીવ શરીરમાં સુખ માનતો હોય છે. આનું નામ જ અજ્ઞાનનો કોટ-કિલ્લો છે. તેને કોઈ પોતે પણ મિથ્યા કરી શકતો નથી.

જીવ આપ મેળે જે કર્મ કરે છે તે સુખને મેળવવા  માટે જ કરે છે, પરંતુ તે સુખની અંદર પણ અપાર દુઃખ આવે છે. છતાં તે દુઃખને જીવ લગારેય ગણતો નથી. આવું મહાન ભયંકર મોહનું અંધારું છે તે મોહને ટાળવા માટે સંતો સિવાય અન્ય કોઈ વિચાર આપતું નથી. સંતો પાસેથી જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે અજ્ઞાનનું અંધારું ટળી જાય છે. અને તે પછી મનુષ્ય સત્સંગી થાય છે અને તેને મોક્ષનો રંગ અધિક ચઢે છે. પછી મોક્ષમાર્ગમાં જે જે વિઘ્ન કરે છે તેને તે પોતાના શત્રુ માને છે. જ્યાં મોક્ષનું થાણું જણાય ત્યાં તે મુમુક્ષુ તન અને ધનનું દાન કરે છે. જેને મોક્ષ દેનારા ગુરુ માને છે તેની આગળ તે મુમુક્ષુ ક્યારેય મનને ચોરતો નથી. સત્સંગનાં જેટલાં વ્રતમાન નિયમો છે તેમાં તે તત્પર થઈને રહે અને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પોતાના ગુરુની સેવા કરે.

સેવક જે રીતે ગુરુમાં નિશ્છળ મને પૂજ્યભાવ રાખે તે રીતે જ ગુરુ પણ નિરંતર સેવકની સંભાળ રાખે. તે રીતે ગુરુ અને શિષ્યનું હેત દિનપ્રતિદિન ઘણું જ વધતું રહે અને તેમાં જો ગુરુ કે શિષ્ય મનને ચોરે તો તે હેત ઘટી જાય છે. શિષ્યને જ્યારે ગુરુમાં વધારે પડતો લોભ દેખાય છે ત્યારે શિષ્યનું મન પાછું પડી જાય છે અને પરસ્પર વિશ્વાસ કે ભાવના રહેતી નથી. અને તેનો અહોભાવ પણ રહેતો નથી. પરમેશ્વર જે જે ચરિત્ર કરે છે તેની રીત તો ઘણી અલૌકિક હોય છે. તે ચરિત્રોમાં કોઈ દોષોને કલ્પતું નથી અને જો દોષારોપણ કરે તો તેને તેનું ફળ

ભોગવવું પડે છે. ગુરુનાં લક્ષણ પ્રમાણે જે યથાર્થપણે રહે તે સાચા ગુરુ કહેવાય છે. ત્યાગીની રીત પ્રમાણે ત્યાગીએ રહેવું જોઈએ અને ગૃહસ્થની રીત પ્રમાણે ગૃહસ્થે ચાલવું જોઈએ.

**'દોઉ પ્રકાર કે ગુરુ સો રહાયે, શાસ્ત્રમેં પ્રસિદ્ધ સો કહાયે;**
**તામેં ધન ત્રિયવંત ગુરુ જેહી, ભવ બ્રહ્મા સમ સમર્થ તેહી.**
**બંધે ગુરુ કહાવત તેહુ, શાસ્ત્ર કો સિદ્ધાંત સબ એહુ;**
**બંધેસે બંધન દોનું જોઉ, તોડી દેવાત ન જન કે સોઉ.**
**બંધે સો પ્રતિમારૂપ કહાવે, શાસ્ત્ર રીતકર તેહિ પૂજાવે;**
**વેદ કે વચન કરીકે તામેં, હરિ પ્રવેશ કરી રહત હે યામેં.'**

ત્યાગી = સ્ત્રીધનનો ત્યાગ કરનારા અને ગૃહસ્થ = સ્ત્રીધનને રાખનારા એમ બે પ્રકારના ગુરુઓ આ લોકમાં હોય છે. તે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ રીતે કહ્યા છે. તેમાં જે ગુરુ ધન-સ્ત્રી યુક્ત હોય છે તે શિવ કે બ્રહ્મા જેવા સમર્થ હોય તો પણ તે ગુરુ (ગૃહસ્થાશ્રમી સ્થિતિથી) બદ્ધ કહેવાય છે. એવો બધા જ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. જે પોતે બદ્ધ (ધન-સ્ત્રીના પ્રસંગ યુક્ત) હોય છે. તેનાથી જનોના એ બે પ્રકારના બંધન તોડી શકાતા નથી. તે બદ્ધ (ગૃહી) ગુરુ પ્રતિમારૂપ કહેવાય છે. શાસ્ત્રની રીત પ્રમાણે તેની પૂજા કરાય છે. વેદના વચન પ્રમાણે ભગવાન શ્રીહરિ તેમાં પ્રવેશ કરીને રહે છે.

પૂજા કરનારો જો નિયમોને પાળીને તેને પૂજે અને બીજામાં ક્યાંય પ્રતીતિ (વિશ્વાસ-નિષ્ઠા) ન રાખે તો પ્રત્યક્ષ શ્રીહરિ તેના દ્વારાએ કરોડો જીવોનો ઉદ્ધાર કરે છે. એક વિશ્વાસ હોવો જોઈએ અને બીજા નિયમ પાળવા જોઈએ, તે બેના વિના કોઈ કાળે સત્વરે મોક્ષ થાતો નથી. કેટલાક કુમતિ લોકો આપ ડહાપણથી તેવું બોલે છે કે જો નિયમ પાળ્યા વિના ઉદ્ધાર ન થાતો હોય તો ગુરુના કરતા વધારે સામર્થ્ય તો નિયમોનું ગણાય, પછી ગુરુની જરૂર શી ? પણ મોટા સંતો તેવા તર્કને માનતા નથી. તેવું બોલનારાને તો માયિક બુદ્ધિવાળા અને પશુના જેવા જાણવા તેમ સંતો કહે છે. જે પરમેશ્વર સહુનું કારણ છે તે જ્યારે પ્રકટ થાય છે ત્યારે તેમનાં વચન જ અધિક પ્રમાણરૂપ ગણાય અને તે વચનોમાં જ વેદાદિશાસ્ત્રોનું રહસ્ય રહ્યું છે. તે પ્રકટ પરમેશ્વર જ વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ, જપ, તપ, તીર્થ, વ્રત, યોગ અને યજ્ઞાદિ બધું છે. પરમેશ્વર શ્રીહરિ પ્રકટ થઈને જે જે રીતને પ્રવર્તાવે છે તે મોક્ષદાયક છે, એવો વેદાદિ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. જે ભગવાનના એકાંતિક ભક્ત છે તે એ બધી રીતોને જાણે છે. ભગવાને પ્રવર્તાવેલી

રીતને જોઈને તે ભક્તો મનમાં અત્યંત પ્રસન્ન થાય છે.

દરબાર ખોડાભાઈને ઘેર પધરામણી કરીને શ્રીહરિ ચાલતા થયા. પછી ગામના બીજા હરિભક્તોને ઘેર પણ પધરામણી કરીને ગામની બહાર ઉતારે આવ્યા. તળાવને કિનારે વડલાની અને પીપરના વૃક્ષોની સુંદર છાયા હતી. ત્યાં આવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. એક પલંગ બિછાવી દીધો. શ્રીહરિ તેના ઉપર બેઠા. પછી પીપરની છાયા હતી ત્યાં ચંદની ખેંચીને બાંધી દીધી. શ્રીહરિ ત્યાં બે ઘડી બેઠા. સર્વ ભક્તોને દર્શન દીધાં. તે વેળાએ જેઠા શેઠ આવ્યા અને તેમણે ભાવથી પૂજા કરી. તેની બધી જ્ઞાતિ (નાત) મોઢ વૈષ્ણવ કહેવાતી. તેમાં વૈષ્ણવપણું તો નામ માત્રનું જ હતું. વૈષ્ણવ ધર્મ તો ઘણો જ શુદ્ધ છે. તેમાં પરસ્ત્રીને માતા સમાન ગણવામાં આવે છે.

દારૂ, માંસ અને ચોરી ક્યારેય કરવી નહિ. વિધવા સ્ત્રીનો સ્પર્શ પણ કરવો નહિ. માથે ગમે તેવું દુઃખ આવી પડે તો પણ ક્યારેય આત્મઘાત ન કરવો. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન, તેને ભગવાનની સેવામાં રાખવા અર્થાત્ પરમેશ્વર પરાયણ કરવા. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પંચ વિષય પણ ભગવાન સંબંધી જ ગ્રહણ કરવા. ભગવાનની મૂર્તિ સિવાય મનને બીજે ક્યાંય જવા દેવું નહિ. જે કોઈ પણ જાતનું સુખ કહેવાતું હોય તે બધું ભગવાનની મૂર્તિમાં જ અનુભવવું. ક્યારેય કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ. ખરા વૈષ્ણવે તો પરસ્ત્રી માત્રને મા, બેન અને પુત્રીના સમાન માનવી. સ્થૂળ અને સૂક્ષ્મ નાના મોટા જીવ પ્રાણીમાત્રની હિંસાને તો દૂરથી જ તજી દેવી. ભગવાન સિવાયનાં કોઈપણ સુખમાં ભાવ થાય નહિ અને સંસારનાં બધા જ સુખોનો અભાવ રહે.

ભગવાન સિવાયના રસ માત્રને ઊલટી કરેલા અન્ન જેવા જોવા. અને જીવ પ્રાણીમાત્રમાં ગાઢ મિત્રના જેવી ભાવના રાખવી. મન, કર્મ અને વચને કરીને ક્યારેય કોઈનો દ્રોહ ન કરવો. ભગવાનના ભક્તોને દેખીને મનમાં પ્રેમભર્યો પૂજ્યભાવ લાવવો. જેટલી જાતના વ્યસન કહેવાતા હોય, તે બધાને તજી દેવા, અને ભાંડ તથા ભવાઈને જોવાં નહિ. આવા નિયમ પાળનારો ભાગ્યશાળી વૈષ્ણવ કહેવાય છે. પોતાના માતાપિતા કે બહેનનો કોઈ વેષ ધારણ કરે, તો પોતાનાં મનમાં જેવો ખેદ થાય તેવો ખેદ કોઈ ભગવાનનો વેષ ધારે તો થવો જોઈએ. અર્થાત્ ભગવાનનો વેષધારી રહેલાને નિહાળીને ક્યારેય જોવા નહિ. ભગવાન આપણા પિતાના પણ પિતા છે અને ભગવાનના પત્ની રાધિકાજી અને લક્ષ્મીજી આપણી માતાની પણ માતા છે. ગોપીઓ આપણી બહેનો છે અને

નંદજી તથા યશોદાની તો વાત શી કહેવી ?

ભગવાનના અવતારોના વેષને વૈષ્ણવ ભક્ત ક્યારેય જુએ નહિ. ઉપાસક ભક્ત થઈને જો તે વેષને જુએ છે, તો તેને મ્લેચ્છ-પતિત સમજવો. જે ગુરુ થઈને બેઠા હોય અને આવા મોક્ષનાં રહસ્યને જો તેઓ જાણતા ન હોય, તો તે ગુરુ તો ઘોર અંધારા જેવા અજ્ઞાની કહેવાય અને નિયમ ધર્મને પાળતા નહિ હોવાથી અંતે જમપુરીમાં જ જવાના. જેવો ગુરુનો મોક્ષ થાય તેવો જ શિષ્યનો પણ મોક્ષ થાય છે. તેમાં કોઈ સંદેહ નથી. આ અમે તો નજરે દેખાય તેવું કહીએ છીએ. જેવું ઝાડ હોય તેવું ફળ આવે. જ્ઞાની પુરુષો મનમાં વિચારે છે કે જગતમાં ભગવાન સિવાયના અન્ય વિષયોથી આખું બ્રહ્માંડ ભર્યું છે. કેટલાક વિષય આંખથી દેખાય છે કેટલાક કાનથી સંભળાય છે. નિપુણ મનુષ્યને સ્વપ્નમાં સિંહ અને સર્પ આદિક કેટલાક નવીન વિષય પણ દેખાય છે.

## સાચું પરમેશ્વરપણું, ગુરુપણું ને સંતપણું

સુખદાયક એવી ભગવાનની એક મૂર્તિ જ દેખાય તેને 'બ્રહ્મસંબંધ' કહેવાય છે. ભગવાન સિવાયનો જે બ્રહ્મસંબંધ છે તે તો વિષય ભોગવવા માટેનો છે. ગુરુના જે કોઈ પણ શિષ્ય પુરુષ કે સ્ત્રી હોય, તેમાં બધા જ પુરુષો ગુરુની દૃષ્ટિમાં પુત્ર છે અને બધી જ સ્ત્રીઓ ગુરુની દૃષ્ટિમાં પુત્રી છે. ગુરુને ભગવાનનું યથાર્થ જ્ઞાન હોય અને ધર્મનિયમ પાળવા ઉપર જ તાન હોય, શિષ્યને ધર્મનિયમમાં રાખે. સ્વયં ધર્મનિયમમાં વર્તે અને શિષ્યોને પણ વર્તાવે. એવા ગુરુ અને શિષ્ય. બંનેનો ઉદ્ધાર થાય છે. તેમાં લગારેય સંદેહ નથી. જ્યાં આવો સત્સંગ થાતો હોય તે તરફ ભગવાન અવશ્ય પ્રકટ થાય છે. જેમાં જે દૈવત હોય તે તો તેના વર્તન ઉપરથી દેખાઈ આવે છે. કોઈનું નામ ચક્રવર્તી રાખવામાં આવે, તો તેથી કાંઈ તે ચક્રવર્તી થઈ જતો નથી. કોઈનું નામ 'હરિ' આવું રાખવામાં આવે તો તેનાથી તે કાંઈ 'હરિ' (પરમેશ્વર) થઈ શકતો નથી. કોઈને 'ગુરુ' કહેવાથી તે કાંઈ ગુરુ બની શકતો નથી તેમજ 'સંત' કહેવાથી કાંઈ કોઈ સંત થતા નથી. પરમેશ્વરપણું, ગુરુપણું અને સંતપણું તો તેના તેના ગુણોના ઉપરથી જાહેર જણાય છે.

જેમાં જે ગુણ રહ્યા હોય તે પ્રકટ દેખાય છે. જેમ સૂર્યનો પ્રકાશ રૂપ ગુણ પ્રત્યક્ષ દેખાય છે. એવી તો અનંત વાતો હોય છે. રાજાને ઘેર જન્મ થયો હોય તો તે બાળક કેવળ નામ માત્રથી જ રાજા કહેવાય. પણ જ્યારે તેમાં રાજાના

ખરા ગુણ આવે ત્યારે તે રાજાના પદને લાયક બને છે. કરેલાં કર્મને લીધે કાંઈ પરમેશ્વર (હરિ) થવાતું નથી. પરમેશ્વર (હરિ) તો એક જ છે અને જો કર્મે કરીને પરમેશ્વર થવાતું હોય, તો જગતમાં પરમેશ્વર ઘણા જ થઈ જાત. જીવ તો સદાને માટે જીવ જ રહેવાનો છે. ભગવાનનાં ભજનનાં પ્રતાપથી જીવનાં બધા પાપ બળી જાય છે અને તેમાં અક્ષરનાં ગુણ આવે છે. ભજનનાં પ્રતાપથી જીવ એટલી મોટાઈને પામે છે. જ્યારે ભગવાનની કૃપાદૃષ્ટિ થાય ત્યારે ક્યારેક તે અંતર્યામી પણ થઈ શકે છે. ભગવાનનાં બળને લીધે તો જીવ એક પળવારમાં અનંત બ્રહ્માંડોની રચના પણ કરી શકે છે.

ધીરજવાળો તે ભક્ત ભગવાનનું બળ માથે લઈને તો અત્યંત સમર્થ થઈ શકે છે અને મનમાં જેવો સંકલ્પ કરે છે તેવી સફળતા તેને મળે છે. ભગવાનના ચિહ્ન સિવાયના બીજા ચિહ્ન તેને ફરીને મળે છે. ઉપાસના કરનારો ભક્ત જેવા ભગવાનને સમર્થ સમજે છે, તેવું સામર્થ્ય કે તેવા ગુણ તેમાં આવે છે. ભક્તને આવું સામર્થ્ય આપે છે છતાં ભગવાન તો તેના કરતા અધિક અપાર સમર્થ રહે છે. જેનો કોઈ પાર પામી શકતું નથી. એટલા માટે જ ભગવાન અતિશય સમર્થ છે અને સહુનાં શિરસાવંદ્ય-પૂજ્ય કહેવાય છે. જ્યારે ભક્ત આવી રીતે ભગવાનને સમજે છે ત્યારે તે સ્વયં બ્રહ્મને સમાન થાય છે. તે ભક્તમાં જેમ વધારે સામર્થ્ય આવે છે તેમ તે ભગવાનનો વધારે ડર રાખે છે. ભગવાનનો અને સંતોનો દાસ થઈને તે રહે છે ક્યારેય કોઈ ભક્તજનને તે દબાવતો નથી. ‘અક્ષરથી લઈને અણુપર્યંતમાં, વ્યાપક શ્રીહરિ અંતર્યામીપણે રહે છે. સ્થૂળ અને સૂક્ષ્મ કાષ્ઠમાં જેમ અગ્નિ વ્યાપીને રહ્યો છે અથવા આકાશ રહિત જેમ કોઈ વસ્તુ રહેતી નથી. તેમ તે ભગવાન સર્વત્ર અંતર્યામીપણે રહ્યા છે.’ આવું તે ભક્ત જાણે છે.

## ભગવદ્ મહિમા તથા ભક્ત લક્ષણ

ભગવાન અંતર્યામીપણે અણુ અણુમાં વ્યાપીને રહ્યા છે અને અક્ષરથી પણ તે અત્યંત પર છે. તે પરપણું અક્ષરમાં નથી હોતું. ભગવાન જેટલું આપે છે તેટલું જ સામર્થ્ય અક્ષર પ્રકટ કરી શકે છે. પણ ભગવાનનું સામર્થ્ય તો અપાર છે. જો અક્ષરમાં ઐશ્વર્યનું લગારેક પણ માન આવે છે તો ભગવાન સત્વરે તે ઐશ્વર્યને હરી લે છે. ભગવાનમાં આવી અનંત કળાઓ રહી છે. આવું ભગવાનનાં સ્વરૂપનું જેને જ્ઞાન હોય તે સાચો વૈષ્ણવ છે. જ્યારે સાચા વૈષ્ણવ મળે છે ત્યારે ગુણ વિના તેનું પ્રમાણ થાતું નથી.

ઝીંઝરમાં જેઠા શેઠે શ્રીહરિની પૂજા કરી ત્યારે થાળમાં ભરીને જે મેવા લાવ્યા હતા તે શ્રીહરિની આગળ અર્પણ કર્યા. પછી તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપે અમને સાચા વૈષ્ણવ કર્યા છે. આ જગતમાં જે ખોટા વૈષ્ણવ છે તે પણ હવે ઓળખાઈ ગયા છે. ઉપલક વૈષ્ણવનો વેષ લઈને તેઓ પરસ્પર ઠગે છે. કેવળ ઉદર અને શિશ્નને તૃપ્ત કરે છે. તેમાં નિયમ ધર્મનો લેશમાત્ર પણ રહ્યો નથી. કામ અને ભોગપ્રધાન સેવાને સમય સમય પ્રમાણે કરે છે. કામને ભગવાન માનીને વિચારપૂર્વક લાલજીની સેવા રાખી છે. લાલજી બાળ સ્વરૂપ છે. બાળક ઉપર સહેજે જ હેત થાય. બાળકમાં જેવું હેત થાય તેવું હેત મોટામાં નથી થાતું.

બાળ સ્વરૂપે કપડાં પહેર્યાં હોય કે ન પહેર્યાં હોય, છતાં તે ઘણા સુશોભિત જણાય છે. બાળક જે કાંઈ યોગ્ય કે અયોગ્ય ચેષ્ટા કરે, કોઈ તેનો અવગુણ જોતા નથી. બાળક સ્વાભાવિક રીતે જે કાંઈ ક્રિયા કરે છે તે મનુષ્યમાત્રને ગમી જાય છે. મનુષ્યમાત્રની મનોવૃત્તિ બાળકમાં વગર લોભાવ્યે લોભાઈ જાય છે. બાળક થઈને કાંઈ અનીતિ કરે તો પણ કોઈને તેનો અવગુણ આવતો નથી. બાળકનું નખશિખ રૂપ જોયા પછી પણ તે બાળક જોનારાને નિર્દોષ જ લાગે છે. જગતમાં જે જે બાળક કહેવાય છે તેમાં સહુનું મન લોભાઈ જાય છે. બાળકનું કોઈ એવું આચરણ નથી હોતું કે જેને જોઈને લોકોને તેમાં અણગમો થાય. બાળકના દેખતા મોટી ઉંમરના મનુષ્ય ચાહે તેવું આચરણ કરે, બાળકને તેનો દોષ દેખાતો નથી. એટલે 'બાળક નિર્દોષ છે' એમ બાળકના ગુણ દેખાય છે.

બાલ્યવયના લાલજી તે અપાર સમર્થ હતા, તેમણે પૂતનાનો તો તરત જ ઉદ્ધાર કરી દીધો હતો. શ્રીવલ્લભાચાર્ય ઘણા બળશાળી થયા. તેમણે બાળલાલજીમાં એવા અનંતગુણ દેખ્યા. વિઠ્ઠલનાથજી અને ગોપીનાથજી, એ બે વલ્લભાચાર્યના પુત્ર હતા. તે બંનેએ એકાંતિક વૈષ્ણવ દાસનું રહસ્ય પ્રકાશિત કર્યું નથી. તૈલંગ (આંધ્ર) પ્રદેશમાં વિપ્રોમાં ગોસ્વામી નામે એક વિપ્રનો પ્રકાર છે. તે ગોસ્વામી કુળના લક્ષ્મણ ભટ્ટ નામે એક વિપ્ર હતા. તે પોતાની પત્નીની સાથે તીર્થોમાં ફરતાં ફરતાં કાશી આવ્યા અને ત્યાં વસી ગયા. લક્ષ્મણ ભટ્ટની પત્નીને સાત માસનો ગર્ભ હતો ત્યારે કાશીમાં રાજસત્તા માટેનો ઉપદ્રવ થયો. એટલે તેઓ કોઈ નિર્ભય સ્થાનમાં જતા રહ્યા.

જ્યારે દેશકાળ નિરુપદ્રવ થયા ત્યારે તેઓ પાછા કાશીમાં આવ્યા. ગર્ભને દસ માસ પૂરા થયા ત્યારે બાળક-પુત્રનો જન્મ થયો. વિક્રમ સંવત ૧૫૩૫ના

ઉત્તરાયણનાં સૂર્ય હતા ત્યારે વૈશાખ વદિ-૧૧ રવિવારે ધનિષ્ઠા નક્ષત્રમાં તે જન્મ થયો હતો. જોનારા લોકોને તે બાળક વલ્લભ (પ્રિય) લાગતો, નગરનાં લોકોનાં મનને પોતાના તરફ ખેંચતો અને માતા પિતાની ઢળતી ઉંમરે તેનો જન્મ થયો હતો. તેથી તેનું નામ વલ્લભ (શ્રીવલ્લભ) રાખ્યું હતું. તે બાળક સહુનાં મનને ભાવી ગયો. નગરની જે સ્ત્રીઓ તેને દેખતી તે તેને અતિશય પ્રેમ ભાવથી રમાડતી. તે બાળકના જ્યારે આઠ વરસ થયા ત્યારે તેનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. એક વખત સૂતેલા પિતા લક્ષ્મણ ભટ્ટને સ્વપ્ન આવ્યું.

ભગવાન પુરુષોત્તમે ભવિષ્યમાં થવાની બધી વાત તે ભટ્ટને કહી. "તમારો આ પુત્ર સાધારણ મનુષ્ય નથી. ૨૧. આ સાક્ષાત્ અગ્નિનો અવતાર છે અને તેથી જ તે સહુને વલ્લભ (પ્રિય) લાગે છે. તેને મારાં જેવાં અતિશય રૂપાળા બે પુત્ર થાશે. હે વિપ્ર, તમારું ઘણું મોટું ભાગ્ય છે. ઘરબાર છોડીને તમે તીર્થો કર્યા છે. અગાઉ પણ અતિશય ભારે તપ કરેલું છે. અપાર યજ્ઞ યાગાદિ પણ કર્યા છે. તે બધાં પુણ્યનું ફળ અત્યારે ઉદય પામ્યું છે. થોડાં સાધનનું આવું ફળ ક્યારેય ન હોય. હવે તમારો ઉદ્ધાર થઈ જશે. તેમાં કોઈ સંશય નથી." આવું કહીને સુખકારી ભગવાન પુરુષોત્તમ અંતર્ધાન થઈ ગયા અને તે વચનોને સાંભળીને વિપ્ર લક્ષ્મણ ભટ્ટને ઘણો આનંદ થયો.

થોડા સમયમાં વિપ્રે શરીર છોડી દીધું. પછી વલ્લભ વેદોને તથા તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રોને ભણ્યા. તેણે થોડા સમયમાં જે સમગ્ર શાસ્ત્રોને ભણીને તેનું રહસ્ય સમજી લીધું અને તે સારા અજેય વિદ્વાન થઈ ગયા. પછી તેઓ વિજયનગર (વિદ્યાનગર) આવ્યા. ત્યાંના કૃષ્ણરાવ નામે રાજા હતા. તેમણે મધ્વસંપ્રદાયના વ્યાસતીર્થ નામે સંન્યાસીને અને બીજા માયાવાદી શાંકર મતના એક સંન્યાસીને શાસ્ત્રાર્થ કરવા માટે બોલાવ્યા હતા. શાસ્ત્રાર્થ શરૂ થયો. તેમાં માયાવાદી સંન્યાસીનો પક્ષ વિદ્યાથી સબળ થતો હતો, તેથી તે વ્યાસતીર્થને દબાવવા લાગ્યા. ત્યારે વલ્લભાચાર્યે વ્યાસતીર્થનો પક્ષ લીધો અને તેણે માયાવાદી સંન્યાસીને જીતી લીધા. ત્યારે રાજાએ તેમને ઘણું ધન આપ્યું. અને વલ્લભાચાર્યને અપાર પ્રતાપી જાણીને તેનો ઘણો સત્કાર કર્યો. રાજાએ જે ધન આપ્યું. તેના વલ્લભાચાર્યે ત્રણ ભાગ કર્યા. બે ભાગ બે સંન્યાસીને આપ્યા અને એક ભાગ પોતાની પાસે રાખ્યો.

પછી વલ્લભાચાર્યની માતાએ તેનો વિવાહ કરાવ્યો. વલ્લભાચાર્યને બે લાલ (પુત્ર) થયા. મોટા ગોપીનાથ અને નાના વિઠ્ઠલનાથ. તેમાં વિઠ્ઠલનાથ ભારે

સમર્થ થયા. તેમણે કેટલાય નરનારીઓનો ઉદ્ધાર કર્યો હતો. વલ્લભાચાર્યને સમર્થ વિદ્વાન જાણીને સંન્યાસી વ્યાસતીર્થે બોલાવ્યા અને કહ્યું કે મધ્વાચાર્યની ગાદી ઉપર તમને સ્થાપન કરીએ. તે સમયે આચાર્ય વિષ્ણુ સ્વામીના મતના પંડિત બિલ્વમંગળે તેમને કહ્યું. અમે તમને વિષ્ણુ સ્વામીની ગાદી ઉપર સ્થાપન કરીએ.

તમારા લાલ (પુત્ર) વિઠ્ઠલનાથ વિષ્ણુનો અવતાર છે. તમે પોતામાં માતા યશોદાનો ભાવ લાવીને તે લાલની અપાર સેવા કરો. બાળ લાલમાં કૃષ્ણભાવ રાખો અને પોતાના હૃદયમાં ગોપી ભાવ રાખો. આ રીતે લાલને લાડ લડાવીને તમે ગોલોક ધામને પામશો. શ્રીકૃષ્ણનું સ્વરૂપ અગિયાર વરસ અને બાવન દિવસ સુધી વ્રજ ભૂમિમાં વિચર્યું છે. તે સ્વરૂપ ભક્તજનોએ ગાવાને માટે યોગ્ય છે. એ બાલભાવના જે ચરિત્રો છે તે રસ (પ્રેમભક્તિ)નાં સમુદ્રરૂપ છે. તેમાં અત્યંત સ્નેહ કરવો. કારણ કે ભગવાન કૃષ્ણ (હરિવર) તો ભક્તોને વશ રહે છે.

શ્રીહરિએ એકાગ્ર ચિત્તથી ઉપર કહેવાયેલી વાત જેઠા શેઠને મુખે સાંભળી. પછી ભક્તોના પ્રત્યે અમૃતમય વચન પ્રેમથી બોલ્યા. અત્યાર સુધીમાં આચાર્યો અપાર થઈ ગયા છે અને હવે પછી પણ ન ગણી શકાય તેવા અનંત આચાર્યો થાશે. પણ તેમાં કોઈ વ્યાસ મુનિ જેવા સમર્થ થયા નથી. સહુએ પોતાનાં મનમાં ગંભીર રીતે વિચારીને વ્યાસનાં મતને અનુસારે પોતાના સંપ્રદાયના અલગ અલગ મંતવ્યોને પ્રવર્તાવ્યાં છે. જે વ્યાસનાં વચનને અનુસારે ચાલે છે તે માનવાને યોગ્ય છે પણ તેના સિવાયના મતનો ભાર પડતો નથી. કારણ કે કલ્પિત સંપ્રદાય દેખાય છે. જે કોઈ પણ જીવ પ્રાણીમાત્ર છે તેને આધાર તો ભૂમિનો જ છે. તે વિના બીજો કોઈ આધાર નથી. તેમ બધા જ સંપ્રદાયોને આધારરૂપ તો વ્યાસનાં વચનો જ છે.

જે જેને જેવા જોઈએ તેવાં વચન વ્યાસનાં ગ્રંથોમાંથી મળી રહે છે. વ્યાસમુનિએ ભગવાનને ચિંતામણિ જેવા જાણીને ઘણા હેતથી પોતાનાં હૃદયમાં રાખ્યા. તેમણે ગ્રંથમાં જે શબ્દો લખ્યા છે તેમાં કોઈ પણ શબ્દ નિરુપયોગી નથી. લોકો અનંત પ્રકારની રુચિવાળા હોય છે એટલે તેમની રુચિ પ્રમાણે ગ્રંથમાં શબ્દોને લખ્યા છે. જેનામાં વ્યાસનાં જેવું સામર્થ્ય હોય તેને વ્યાસમુનિનો મહિમા અતિશય સમજાય. જે અલ્પબુદ્ધિવાળા લોકો હોય છે તે તો વ્યાસનાં વચનોમાં દોષ દેખે છે. પણ વ્યાસનાં વચનનાં પ્રમાણ સિવાય સંતોષ થાતો નથી. જેની બુદ્ધિ આકાશના સમાન વ્યાપક હોય તે વ્યાસની ગતિને સમજી શકે છે. જો વ્યાસનો

અવતાર થયો જ ન હોત તો કોઈને મોક્ષનું જ્ઞાન થાત જ નહિ. વ્યાસમુનિએ ગ્રંથમાં જે અર્થ-પ્રયોજન લખ્યું છે તેને સામાન્ય મનુષ્ય સમજી શકતો નથી અને વ્યાસમુનિના જેટલાં વચન છે તેમાં એક  પણ વચન નિરર્થક નથી.

કામ પરક જે વ્યાસનાં વચન છે તે તો તેમણે અંતર્યામીપણે કરીને લખ્યાં છે. તેમનાં વચન તો ચિંતામણિ જેવા છે. તેઓ અનુપમ અને વિશાળ બુદ્ધિશાળી હતા. બીજા જે જે આચાર્ય થયા છે તેમણે વ્યાસમુનિનાં વચનોને આધારે પોતાનો મત અલગ જ ચલાવ્યો છે અને બીજાના મતને તો ચોરના જેવા અપ્રમાણિક કરી દીધા છે. પોતે તો શાહુકારી બતાવીને પોતાનો એક પણ દોષ સ્વીકારતા નથી અને બીજાને તો ચોરના જેવા અપરાધી કહીને તેમાં અપાર દોષ દેખાડે છે. શબ્દો એક વિકટ મોહજાળ છે. તેમાં અજ્ઞાની-આંધળો કાંઈ દેખી શકતો નથી. જે મનુષ્ય તે શબ્દોની જાળમાં ફસાઈ જાય છે, તે પછી તેમાં જ સુખને માને છે. જે શબ્દોનાં અર્થનો વિચાર કરતા જીવમાં શાંતિ અનુભવાય ત્યારે તેમાં કોઈ દોષ દેખાતો નથી. પણ શાંતિ ન થાય ત્યારે દોષ દેખાય છે.

દુનિયામાં મનુષ્યને માતા અને પિતાના જેવો બીજો કોઈ હિત કરનારો નથી, છતાં જ્યારે યુવક પુરુષને પત્ની મળે છે ત્યારે તેને માતાપિતા શત્રુ કરતા પણ વધારે નારાજગી કરનારા થાય છે. બધી સ્ત્રીઓમાં એક એવી કળા હોય છે કે તે પોતાના પુરુષને વશ કરી લે અને તેથી તે પુરુષ પોતાની માતાને અને પિતાને રાજી ન રાખી શકે. સહુને પોતાના સ્વાર્થમાં જ સુખ છે. જ્ઞાની હોય કે અજ્ઞાની, બધા સ્વાર્થના જ ભૂખ્યા છે. અનેક પ્રકારની બીજી પરોક્ષ વાતો કહે, પોતાનો સ્વાર્થ દેખાવા દે નહિ. કારણ કે જો પોતાનો સ્વાર્થ જાહેર થઈ જાય તો પછી કોઈ ક્યારેય તેની સાથે હેતપ્રીત રાખે નહિ. બુદ્ધિમાન માણસ પોતાને તો અત્યંત નિઃસ્પૃહ કહીને સ્વાર્થ કળાવા દે નહિ. જો તેનો સ્વાર્થ જાહેર થઈ જાય તો પછી તેનો કોઈ વિશ્વાસ કરે નહિ. જે સ્વાર્થી હોય છે તેને જગતમાં કોઈ ગુરુ માનીને પૂજતા નથી. ગુરુમાં તો એવી અપાર બુદ્ધિ હોવી જોઈએ કે કોઈ તેનો પાર ન પામે.

ભગવાનને આધારે ગુરુનું ગુજરાન ચાલતું હોય છે અને તેમાં અનેક લોકોનું કલ્યાણ પણ થાતું હોય છે અને દુનિયામાં ગુરુ પણ બધા એક સરખા નથી હોતા, અંતે જાતા તે દેખાઈ આવે છે. પ્રતાપી ગુરુ પોતાનો પ્રતાપ દેખાડે છે, અને જેમાં પ્રતાપ ન હોય તેવા ગુરુ લોકોને ગમતા નથી. કેટલાક ગુરુઓ એવા હોય છે કે પોતે પોતાનો મોક્ષ કરવા માટે શુદ્ધપણે ધર્મને પાળતા હોય છે.

બીજો કોઈ ધર્મ રાખે કે ન રાખે, તેમના ઉપર દ્વેષ રાખતા નથી. જે જન પોતાની પાસે આવી પ્રેમથી ઓળખે છે. તે બધા લોકોનું કલ્યાણ ચાહે છે. કોઈ મનુષ્ય પોતાનું ભૂંડું-ખરાબ કરતો હોય તો પણ જે તેનું હિત જ વિચારતા હોય છે, તેવા જન ભગવાનને બહુ પ્રિય લાગે છે અને વારંવાર ભગવાન તેની સામે કૃપા દૃષ્ટિ કરતા રહે છે. ખરેખર જે ભગવત્પ્રેમી હોય છે તેની નિષ્કપટતાને દેખીને ભગવાન તેની પાસે જ રહે છે અને જે લોકોને ઠગવા માટે જ પ્રેમી બન્યો હોય છે તેનાથી તો ભગવાન પણ દૂર રહે છે.

## સાચા સંત થકી મોક્ષ થાય

નિષ્કપટપણું, નિર્દંભપણું, મનની કુટિલતાનો સર્વથા અભાવ, ઈર્ષ્યા મત્સર અને માનથી રહિતપણું, ક્લેશ કર્યા વિના જ ધાર્મિકપણું, નિષ્કામીપણું, નિર્માનીપણું, નિર્લોભીપણું, નિઃસ્પૃહપણું, નિઃસ્નેહપણું, નિઃસ્વાદીપણું, એ બધા સદ્‌ગુણો છે તે સાચા સંતના ચિહ્ન છે. આવા સંતોના વચનમાં જે રહે છે. શ્રીહરિ તેનો મોક્ષ કરે છે અને તેમાં રહેલા મોક્ષકારી ગુણોને જાણીને તેના ઉપર અત્યંત પ્રસન્ન થાય છે. કલ્યાણ, મોક્ષ અને ધામ વગેરે બધું એક જ કહેવાય. ખાલી શબ્દ જુદા જુદા છે. મોક્ષકારી એક ગુણ હોય તો મનુષ્યનો ઉદ્ધાર થઈ જાય છે. સહુનું કારણ મુખ્ય એક (શ્રીહરિ જ) ભગવાન જ છે. જ્યાં શુદ્ધ ધર્મ હોય છે ત્યાં ભગવાન રહેતા હોય છે. ભગવાનનું દૂરપણું કે નજીકપણું તે બધાને તો જ્ઞાની ગુરુ જાણતા હોય છે.

## ભાવ પ્રમાણે સુખ થાય છે

દૂરપણું કે નજીકપણું, એ તો ભક્તની ભાવના ઉપર આધાર રાખે છે. ભાવનાથી દેખાય છે. નજીક દેખાય કે ન દેખાય, નજીક હોય છતાં હૃદયમાં દેખાય, તે બધું ભાવ પ્રમાણે છે. જેનાં હૃદયમાં પ્રેમમય ભક્તિ છે ભગવાન તેને નજીક જ વસીને રહે છે. જેવી સમજણ હોય તેવું સુખ મળે છે અને તેને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન પણ તેવું જ હોય છે. મનુષ્યની સમજણ જુદી જુદી હોય છે. સહુને પોતાની સમજણ ગમે છે. શાસ્ત્રોનો મત પણ એક સરખો નથી હોતો. જેવો સમય હોય તે પ્રમાણે તેને સમજવો પડે છે. જ્ઞાનીની જેવી રુચિ હોય તેવાં વચનને તે શાસ્ત્રોમાંથી સ્વીકારે છે. ઉદ્ધવ સ્વામીનો મત (સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો મત) જે ઉદ્ધવ સંપ્રદાય છે તે અમને ઘણો જ પ્રિય લાગે છે. આ મતમાં

શાસ્ત્રને અનુસારે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ચાર સાધન રાખવાં, ત્યાગીઓએ સ્ત્રી અને ધનનો સર્વથા ત્યાગ રાખવો. આવી શુદ્ધ રીત કહી છે.

બીજા બધા મતોમાં તો માયાએ પ્રવેશ કરી દીધો છે. કોઈને પણ કોઈનો અભાવ આવતો જ નથી. પોતપોતાની રીતે સહુ ગુજરાન કરે છે. બધાને સ્ત્રી અને ધન ઘણાં જ પ્યારા લાગે છે. ધન અને સ્ત્રી, પુષ્કળ પ્રમાણમાં મળે, તે જ મોક્ષ છે, એમ માને છે. ઉદર તૃપ્તિ થવી તે જ મોક્ષનું ફળ છે. એવું તેઓ બોલે છે. અત્યારે ધન અને સ્ત્રીનો ત્યાગ રાખનારા તો બહુ જૂજ જ રહ્યા છે. અને જે ધન અને સ્ત્રીના મતવાલા છે તેઓ તો તે ધન સ્ત્રીના ત્યાગીનો દિનપ્રતિદિન દ્રોહ કરે છે. ત્યાગી થઈને પણ જે ધન અને સ્ત્રીને રાખે છે તે તો ભગવાનનાં પદ (ધામ,ચરણ)થી વિમુખ થઈ ગયા છે અને તે તો વર્ણ અને આશ્રમના મળ જેવા છે. જેણે ધનનો અને સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, ભગવાનનાં ચરણમાં જેને ભક્તિ હોય અને જેણે કેફ અને બધાં વ્યસનોનો ત્યાગ કર્યો હોય તેઓ તો ત્યાગીના સંપ્રદાય(પરંપરા)ના છે એમ સમજવું.

તે પછી શ્રીહરિ ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી પોઢી રહ્યા. ભક્તજન વીરણ (સુગંધી વાળા)નો પંખો લઈને તે વેળાએ પવન નાખતા હતા. ચોતરફ પાણી છાંટ્યું હતું. ગરમ લૂ ચાલતી હતી. જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો ત્યારે તડકો ઓછો થયો. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ઊઠ્યા. ચરણોમાં ચાખડીઓ પહેરીને વર્ણીની પાસે આવ્યા. ત્યાં ઠંડા જળથી સ્નાન કર્યું. રૂમાલથી શરીર કોરું કર્યું. બાજોઠ ઉપર ઊભા રહીને પીતાંબર પહેર્યું. ભક્તજને રૂમાલ ધોઈને આપ્યો એટલે તે ભીનો રૂમાલ શરીર ઉપર ઓઢી લીધો. તે પછી સોનેરી વિશાળ બાજોઠ ઉપર જઈને દયાળુ શ્રીહરિ બેઠા.

મયારામ ભટ્ટ સૌના પહેલા રસોઈ બનાવી અને જમીને ત્યાં આવી ગયા. પછી વીરણના વાળાનો પંખો લઈને શ્રીહરિને પવન નાખવા લાગ્યા. વિપ્ર મુનાભાઈ છત્ર લાવ્યા અને તે શ્રીહરિનાં શિર ઉપર ધરી રાખ્યું. પછી સાકરના કંસારથી ભરેલો થાળ તત્કાળ લાવીને વર્ણીએ શ્રીહરિની આગળ ધરાવ્યો. અડદની પેતી (એક પ્રકારની વાની) કટોરામાં ભરીને મૂકી હતી. વળી ભજિયાં, વડાં અને રોટલી વગેરે જે પીરસ્યું હતું તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા. પાપડ અને ગોળ કેરીનું અથાણું જે ધરાવ્યું હતું તે પણ જમ્યા. રસોઈમાં જે સાકર અને ઘી વપરાયા હતા તે જેઠા શેઠે લાવી આપ્યાં હતાં. તે સિવાયનો રસોઈનો બધો સામાન દરબાર ખોડાભાઈએ આપ્યો હતો. પોતે અપાર પ્રેમવાળા ભક્ત હતા.

તેમનો બધો ગરાસ કરજ ચુકવવામાં જતો રહ્યો હતો.

સત્સંગ થયા પછી વિચારીને વ્યવહાર ચલાવતા. અન્ન અને વસ્ત્ર મળી રહેતા હતા. શ્રીહરિ ઘણા ભાવથી ભોજન જમ્યા. કારણ કે ખોડાભાઈ તેવા જ ઉત્તમ ભક્ત હતા. માટીના કોરા ઠામમાં દહીં જમાવ્યું હતું. તે શ્રીહરિની આગળ ધર્યું. જ્યારે કંસાર અને રોટલી જમી રહ્યા ત્યારે ભાત અને સાકર લીધા. સમયનું ભોજન જાણીને તેને શ્રીહરિ ભાવથી જમ્યા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે મુખ ધોયું. શ્રીહરિ જે થાળ જમ્યા તે પ્રસાદી ખોડાભાઈને આપી. પછી સંતો દરબારો અને પાર્ષદોની પંગત કરી. પછી શ્રીહરિએ મુખવાસ લીધો. ભક્તજનોમાં નિવાસ કરનારા શ્રીહરિને સંતો અને દરબારોના ઉપર બહુ જ હેત હતું. તેથી આવીને તેમને પીરસવા લાગ્યા.

જેને જેના ઉપર હેત હોય છે તે તેનું ખૂબ જ હિત જાળવે છે, પોતાના હેતવાળાને સર્વસ્વ આપી દે છે તો પણ પૂરો સંતોષ થતો નથી. જગતમાં રસ વિવિધ પ્રકારના છે. ગણતા ગણતા તેનો પાર પામી શકાતું નથી. તેમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ અમૃતરસ છે. એમ દેવો, દૈત્યો અને મનુષ્ય નરનારીઓ કહે છે. પણ હેત(સ્નેહ) રૂપી રસ તો અમૃતરસ કરતાંએ વધારે મહત્ત્વપૂર્ણ છે. એવું શ્રીહરિ ચોક્કસ નિર્ણય કરીને કહે છે. હેતરૂપી રસ જ્યાં સુધી હોય ત્યાં સુધી તેને હેત (સ્નેહ)થી અધિક કાંઈ જ હોતું નથી. કોઈની સાથે હેત હોય તો તેને માટે થઈને પોતાનું માથું પણ આપી દે, છતાં હેત તો વધારે અધિક રહે છે. હેત કરીને જો કોઈને તેના દોષ કહેવામાં આવે તે દોષ કથન તેનાં હિતમાં વિઘ્ન કરે નહિ. અમારું નિવાસ સ્થાન અક્ષરધામ છે. તેનાં જેવું સુખ બીજી કોઈ જગ્યાએ નથી. ગોલોક, વૈકુંઠ અને શ્વેતદ્વીપનું સુખ તો અક્ષરધામનાં સુખ આગળ લૂખું લાગે છે.

બદરિકાશ્રમનું સુખ તો દેવલોકનાં સુખ કરતાં પણ અધિક છે. તે ધામનાં સુખનો જેને અનુભવ થાય છે તેને પ્રકૃતિપુરુષના લોક સુધીનું સુખ પણ સોનાની આગળ પિત્તળનાં જેવું હલકું જણાય છે. એમ બદરિકાશ્રમમાં પણ જે મહાન સુખ રહ્યું છે તેનો અનુભવ થયા સિવાય તે દેખાતું નથી. તે સુખને અમે જ્યારે સંભારીએ છીએ ત્યારે અમારું દિલ અહીંયાં ટકતું નથી. છતાં આ સત્સંગમાં મોટા મોટા ભગવાનનાં ભક્તો રહ્યા છે. એમ અમે જાણીએ છીએ. તેની સાથે હેત કરીને અમે અમારાં મનને આ સત્સંગમાં પ્રેમથી રાખ્યું છે. જો કે અમારું મન વારંવાર સત્સંગથી ઉદાસ થઈ જાય છે. તો પણ સહુથી ઉત્તમ આ સત્સંગમાં અમે નિવાસ કરીને રહ્યા છીએ. સહુ ભક્તો મારાં સ્વરૂપનું યથાર્થ રૂપમાં ચિંતન-ધ્યાન કરતા રહે છે.

અમે જે જે વાત કહીએ છીએ તેમાં અમારું એક જ તાન રહે છે કે મૂર્તિનાં જેવું શ્રેષ્ઠ અન્ય કોઈ પણ પદાર્થ જગતમાં નથી. જે ભક્તનું ચિત્ત મૂર્તિના સિવાય અન્ય પદાર્થને ક્યારેય ચિંતવતું નથી તે ભક્તના ઉપર જ મને પ્રેમ થાય છે. તેના વિના તો અક્ષર પર્યંત કોઈના ઉપર પ્રેમ થતો નથી. હું તો એક સ્થાને બેઠો છું પણ મારી મૂર્તિઓ અનેક સ્થાન ઉપર રહી છે. મારા જે ચકોર-વિચક્ષણ ભક્ત છે તેઓ મારું ચિંતવન કરતા રહે છે તે મારા ચિંતનને સહજ ભાવે કરે છે ક્યારેય તેને છોડતા નથી. જ્યારે મૂર્તિમાં સહુથી અધિક પ્રેમ થાય ત્યારે તે સતત દેખાય છે. જેમ કે માયિક ઇંદ્રિયો અંતઃકરણને વિષયોના ઉપર તાન રહે છે. વિષયોને ભોગવતાં દુઃખ આવે છતાંએ તે છાની રીતે વિષયોને ચિંતવતા રહે છે. વિષયમાં અપાર દુઃખ રહ્યું છે, એમ જીવ જાણે છે. તે દુઃખ બાબતનો વિચાર રાત દિવસ કરે છે છતાં ઇંદ્રિયોને અને અંતઃકરણને વિષયમાંથી હેત તૂટતું નથી.

આમને આમ અનેક મહા કલ્પ વીતી ગયા, માયિક વિષયો અને ઇંદ્રિય-અંતઃકરણ પરસ્પર એકરસ થઈ ગયા છે. જીવ જ્યાં જેવું શરીર ધારણ કરે છે તેને માટે ત્યાં તેવા જ વિષય તૈયાર જ હોય છે. વિષયનાં સુખને માટે થઈને જીવ અનંત દુઃખોને ભોગવે છે તો પણ તે હરખાતો જ રહે છે. જેમાં જ્યાં સુધી હેત કે હિત જણાય છે ત્યાં સુધી તેનો અભાવ આવતો નથી. વિષય માટે થઈને નાક કાન કપાવે છતાં તેના દિલમાં દુઃખ દેખાતું નથી. જીવ આખી પૃથ્વીનું રાજ્ય પામે તો પણ તેનું ચિત્ત તો વિષયમાં લાગ્યું જ રહે છે. દીર્ઘદષ્ટિથી વિચારીએ તો દેખાય છે કે  વિષયો રાજ્યને પણ ડુબાડી દે છે. બળવાન ઇંદ્રનું રાજ્ય પણ વિષયને લીધે જ કેટલીએ વાર નષ્ટ થયું હતું. બ્રહ્માને-પ્રજાપતિને વિષયમાં પ્રેમ થયો ત્યારે શિવે તેનો શિરચ્છેદ કર્યો હતો. નારદજી ભગવાનનું મન કહેવાય, છતાં વિષયને લીધે તેનું મુખ માકડાં જેવું થયું હતું.

મહાન સમર્થ એવા શિવજી જ્યારે વિષયમાં અત્યંત ભાન ભૂલ્યા ત્યારે નગ્ન થઈને નાચ્યા હતા. અનંત બ્રહ્માંડો જે વિષયથી ભર્યા છે, એવા બીજાની તો વાત શી કહેવી ? વિષયોને ભોગવતા ભોગવતા અનંત કલ્પ વીતી ગયા છે. વિરાટ જેવા દેહ ધારીને પણ વિષય ભોગવ્યા છે. તેનો કોઈ પાર આવે તેમ નથી. આવું હોવા છતાં જ્યારે ભગવાનના સાચા સંત મળી જાય છે ત્યારે તેઓ જીવના બધા જ વિષય બાબતના મનોરથોને સળગાવી દે છે.

તે સંતો વિચિત્ર રીતે અપાર દષ્ટાંત સિદ્ધાંતોને બતાવીને ભવસાગરથી જીવને પાર ઉતારે છે. કારણ કે તેઓ એવી કળાને જાણતા હોય છે. જેનું ઘણું મોટું

ભાગ્ય હોય તે સંતોને પોતાનું મન સોંપી દે છે. પછી તે સંતો જીવને ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ કરાવે છે, પણ તે ક્યારેય પોતામાં જીવને બાંધતા નથી.

જ્યાં સુધી સંતો જમ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. હૃદયના ઘણા જ પ્રેમથી દહીં અને સાકર લઈને સંતોને પીરસ્યાં. શ્રીહરિએ કહ્યું, સૌ ધીમે ધીમે જમો. હવે તડકો ઓછો થતો જાય છે. તડકા વિના ઠંડા હવામાનમાં રસ્તે ચાલવાથી સહુને સુખ રહે છે. સંતો જમી રહ્યા છે અને દરબારો તથા પાર્ષદો પણ જમી રહ્યા છે. એમ જાણીને સુખદાયક શ્રીહરિએ હાથ ધોયા અને પછી આવીને પલંગ ઉપર બેઠા. સંઘના સ્ત્રીપુરુષો બધા જ જ્યારે જમી રહ્યા પછી સહુ તૈયાર થયા અને શ્રીહરિએ કહ્યું, સહુ રસ્તામાં આગળ ચાલતા થાઓ. સંઘમાં જેટલા રથ અને ગાડાં હતાં તે બધાં રસ્તે ચાલતા થયાં. સહુ રસ્તામાં શ્રીહરિનું યશોગાન કરતા હતા અને પોતાના દેશને જોઈને મનમાં અતિશય ખુશી થતાં હતાં.

બધાને શ્રીહરિમાં નવરંગી પ્રેમ હતો. અતિશય ઉમંગથી કીર્તન ગાતા હતા. તે સહુએ ગાયેલા યશોગાનથી તો બધું આકાશ ભરાઈ ગયું હતું. પગપાળા અને રથ વગેરે જ્યારે દૂર ગયા ત્યારે શ્રીહરિએ બધી સવારી તૈયાર કરી. ડંકા, તુરાઈ અને રણશિંગાં વગેરે ઘણા ઉમંગથી વાગવા લાગ્યા. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. તે સમયની અનંત શોભા વર્ણવી શકાતી નથી. અશ્વ ઉપર જેટલો સાજ હતો તે બધો સોનેરી અને સોહામણો હતો. શ્રીહરિએ વિવિધ પ્રકારનાં અને સોનાનાં બધા વસ્ત્ર અને આભૂષણો અંગ ઉપર ધારણ કર્યાં હતાં. ગામના બધા જ હરિભક્તો ઘણા હરખથી શ્રીહરિને પગે લાગ્યા. તે વેળાએ શ્રીહરિએ સૌ ભક્તોને કહ્યું, બધા સત્સંગને અડગ રાખજો. સત્સંગથી અપાર લાભ થાય છે, તેમાં લગારેય સંશય રાખવો નહિ. શાસ્ત્રોમાં લખ્યા પ્રમાણેનો અને અનંત યુગોથી ચાલ્યો આવતો શુદ્ધ રીતનો સત્સંગ જેણે કર્યો તેઓ જગતને જીતી ગયા છે. શાસ્ત્રોમાં તો સત્સંગની મહત્તાના વચનો ઠેકઠેકાણે કહ્યા છે પણ તેને કુબુદ્ધિ(કુનોરા) લોકો માનતા નથી. જે લોકો સત્યને પાખંડ કહે છે. તેઓને કુબુદ્ધિ અને પાખંડી જાણવા.

## અધર્મ કરવાથી દુઃખ થાય છે

જે લોકોમાં ધર્મ કે નિયમ એક પણ હોય નહિ. વિષયમાં ભરપૂર રહેતા હોય અને શૂરવીર થઈને નશો કરતા હોય તથા અનેક વ્યસન પણ જેમાં ભર્યાં હોય છે. સત્યરૂપ ધર્મને દેખીને જે લોકો તેની સાથે અપાર દ્વેષ રાખે છે તે જ્યાં જ્યાં જાય છે ત્યાં તેમને બમણું દુઃખ અને માર સહન કરવો પડે છે. જે લોકો વગર વિચારે

લોકોમાં સત્સંગનું ખરાબ-ઘસાતું બોલતા હોય છે તો તેમને તેનું ફળ ભોગવવું જ પડે છે. કારણ કે સત્સંગ તો કલ્પવૃક્ષનાં સમાન છે. જેવું ચિંતવે તેવું મળે છે. આપણા સંતો અને હરિભક્તો ક્યારેય કોઈનું બૂરું ઇચ્છતા નથી. નિંદા કરનારા તો માનો ઝેર પીવે છે. છતાં આપણે તો તેનું હિત-સુખ ઇચ્છવું. આવું કહીને શ્રીહરિ રસ્તે ચાલતા થયા. છતાં હરિભક્તો તો દર્શનની ઇચ્છાથી પાછળ પાછળ ચાલતા રહ્યા. લગભગ 'પા' કોશ જેટલું ચાલ્યા હશે ત્યારે શ્રીહરિએ સહુને પાછા વાળ્યા. વચ્ચે પરબડી ગામ આવ્યું ત્યાંના દરબાર રામાભાઈ શ્રીહરિની સન્મુખ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૨૨-૨૮)

■ સં. ૧૮૬૩માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે પરબડીથી નીકળીને ઝીંઝર ગામ આવ્યા. ગામના ભક્તો અને ગામ ધણી દરબાર સહુ સન્મુખ આવ્યા. દરબાર ખોડાભાઈ તે દિવસોમાં હરિભક્ત થયા ન હતા. હરિભક્ત તો તેઓ પછીથી થયા, પણ તેઓ ઘણા પ્રેમી હતા. તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેને ઘણા જ પ્રેમભાવથી બોલાવ્યા. પછી શ્રીહરિ ઝીંઝર ગામથી ચાલ્યા અને ખરડ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૧/૬૯)

■ સં. ૧૮૬૬માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે બળોલથી ચાલ્યા, તે ખસતા, રોજકા થઈ ઝીંઝર ગામ આવ્યા. ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ભીમનાથ, કુંડળ થઈ સારંગપુર આવ્યા.(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૬)

■ સં. ૧૮૬૬માં બીજીવાર શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે પીજ ગામથી ચાલ્યા, તે ચાંગા, પીપળાવ, પચ્છમ થઈ ઝીંઝર ગામ પધાર્યા. જેઠામેર પોતાની સાથે હતા. તેનું શરીર ઘણું વૃદ્ધ થઈ ગયું હતું. તેને જોઈને શ્રીહરિ તેના ઉપર રાજી થઈ ગયા. પોતાના સોનેરી વસ્ત્ર અલંકાર વગેરે જે હતાં તે બધા તે ભક્તને પહેરાવી દીધા. તળાવને કાંઠે રાત રહીને ચાલતા થયા. પછી શ્રીહરિ ભીમનાથ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૨૬)

■ સં. ૧૮૬૮માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા, તે કારિયાણી, કુંડળ, ભીમનાથ, પરબડી થઈ ઝીંઝર ગામ પધાર્યા. ઝીંઝર ગામમાં જેટલા હરિભક્તો હતા, તે બધા દર્શન કરવા આવ્યા. સહુ શ્રીહરિનાં ચરણોમાં પડ્યા અને શ્રીહરિ તો ત્યાંથી ચાલતા થયા. કોઠડિયા ગામ થઈને રોજકા આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૪૦)

■ સં. ૧૮૭૧માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા ત્યારે ચરોતર અને ગુજરાતમાં ફરવાનો નિરધાર કર્યો. ભગુજી વગેરે પાર્ષદોને સાથે

લીધા અને શ્રીહરિ ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ભીમનાથ થઈ ઝીંઝર ગામ આવ્યા ને ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ રોજકા, ખસતા થઈ પચ્છમ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

■ સં. ૧૮૭૩માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે વડતાલમાં ફાગણ સુદ - પૂનમનો ફૂલદોલનો ઉત્સવ પૂર્ણ કરી ભક્તજનોને ખૂબ સુખિયા કરીને વિદાય આપી પછી ત્યાંથી ચાલ્યા, તે મહેળાવ, પીપળાવ, નાર, મોરજ, ભોળાદ, પીપળી, ગાંફ, ખરડ થઈ ઝીંઝર આવ્યા અને ત્યાં તળાવની પાસે રાત રહ્યા. પછી ત્યાંથી પરબડી થઈ ભીમનાથ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

■ સં. ૧૮૭૩માં બીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વડતાલથી ચાલ્યા, તે મહેળાવ, સોજીત્રા, સીંજીવાડા, ગલિયાણા, વારણા, કમિયાળા થઈ ઝીંઝર પધાર્યા ને ખોડાભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાં પોતે જમીને સંતને જમાડીને પછી સાંજે સભા કરીને પુરુષોતમપણાની વાત કરતા હતા. ત્યાં રાત રહીને ગામ કુંડળ પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૩ની લીલા)

■ સં. ૧૮૭૪માં શ્રીજીમહારાજ વડતાલમાં અન્નકૂટોત્સવ કરીને ચાલ્યા, તે મહેળાવ, પીપળાવ, પંડોળી, નાર, બુધેજ, ગોરાડ, ગુડેલ, રોહણી, મીતલી, પીપળી, ગાંફ, ખરડ થઈ ઝીંઝર ગામ આવ્યા. ત્યાં બપોરે જમ્યા અને પછી પરબડી, ભીમનાથ થઈ પોલારપુર ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૮)

■ સં. ૧૮૭૪માં બીજીવાર ભગવાન શ્રીહરિ બુધેજથી ચાલ્યા, તે ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, પીપળી, ગાંફ, ખરડ થઈ ઝીંઝર ગામ આવ્યા. ત્યાં બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા. ઝીંઝરના દરબાર ખોડાભાઈ મુખ્ય હરિભક્ત હતા. તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પોતાને ભવને ઉતારો આપ્યો. એક સરસ પલંગ બિછાવી દીધો. તેના ઉપર પરમ નિપુણ શ્રીહરિ બેઠા અને બોલ્યા કે, ‘હવે ભાલના કીચડનો બધો ડર વીતી ગયો છે. અહીંયા આવીને આપણે નિર્ભય થયા અને આજ ઘણા સુખિયા થયા છીએ. રસોઈ જમીને અહીંથી ચાલશું. સારંગપુરમાં જઈને ઉતારા કરશું.’ જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિએ અને બધા કાઠી દરબારોએ જમી લીધું. સાથેના જે પાર્ષદો હતા, તે પણ જમીને તૈયાર થઈ ગયા. શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા તે પરબડી થઈને ભીમનાથ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૭)

■ સં. ૧૮૭૬માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે મછિયાવનો રંગોત્સવ કરવા ગઢપુરથી ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી થઈને ઝીંઝર પધાર્યા.

ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ રોજકા, પચ્છમ, હડાળા, બળોલ થઈ શિયાળ પધાર્યા. (સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો : વિશ્રામ - ૪૦)

■ સં. ૧૮૭૬માં બીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે વડતાલથી ચાલ્યા, તે બુધેજ, ગુડેલ, કમિયાળા થઈ ઝીંઝર ગયા. તે ગામથી દક્ષિણ દિશે તળાવને કાંઠે વડે હેઠે ઊતર્યા. તે ગામના હરિભક્ત થાળ કરીને લાવ્યા તેને પોતે જમ્યા ને સંતને અર્થે રસોઈ કરાવી તે પોતે સંતમંડળને પીરસીને જમાડ્યા. પછી ઘોડે ચડીને સર્વે હરિભક્તને ઘેર પગલા કરીને તેમની સેવાને અંગીકાર કરીને ઉતારે પધાર્યા. ત્યાં રાત્રી રહીને ચાલ્યા તે ભીમનાથ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૬ની લીલા)

■ સં. ૧૮૭૮માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો અને કાઠી દરબારો સાથે વડતાલથી ચાલ્યા, તે ગોરાડ, ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, કમિયાળા, પચ્છમ, ખસતા, રોજકા થઈને ઝીંઝર ગામ આવ્યા. ત્યાં દરબાર ખોડાભાઈને ઘેર રસોઈ કરાવીને જમ્યા. પછી ભગવાન શ્રીહરિ પરબડી, ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ સં. ૧૮૭૮માં બીજીવાર ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે કોઠ ગામથી નીકળી આખી રાત ચાલ્યા અને બળોલ, રોજકા થઈ ઝીંઝર ગામ આવ્યા અને આખો દિવસ ત્યાં રહ્યા. દરબાર ખોડાભાઈએ મુકુંદાનંદ વર્ણીની પાસે રસોઈ કરાવી. અને શ્રીહરિ તથા સંતોને જમાડ્યા. જે પાર્ષદો અને સવારો હતા તે બધાને પણ જમાડ્યા. પછી તળાવની પાળ ઉપર એક પીપરનું ઝાડ હતું ત્યાં તે ઝાડની છાયામાં આખો દિવસ પલંગ ઉપર પોઢી રહ્યા. તેમાં બપોરે ચાર ઘડી સુધી ગામમાં ખોડાભાઈને ઘેર બળદ બાંધવાના મકાનમાં પલંગ ઉપર પોઢી રહ્યા. પછી જ્યારે ચાર ઘડી દિવસ નમ્યો ત્યારે તળાવની પાળ ઉપર આવ્યા. પીપરની છાયામાં પલંગ ઉપર સૂતા. નાના પ્રજ્ઞાનંદ સ્વામી અને નાના આધારાનંદ સ્વામી શ્રીહરિના ચરણકમળને ચાંપવા લાગ્યા. શ્રીહરિ પોતે તે બંનેને ચરણ દબાવવાનું શીખવતા. આ રીતે તેઓ દોઢ પહોર (સાડા ચાર કલાક) સુધી ચરણ ચાંપતા રહ્યા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ ગાડીમાં બેઠા. મોટા કરીમભાઈ ગાડી ચલાવતા હતા. શ્રીહરિની જે રીતની મરજી હોય તે પ્રમાણે તે કરીમભાઈ ગાડી ચલાવતા હતા. ભીમનાથ થઈને પોલારપુર આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૯૯)

■ સં. ૧૮૮૦માં શ્રીજીમહારાજ વડતાલથી સંતો-પાર્ષદો અને કાઠી દરબારો સાથે ચાલ્યા, તે ઝીંઝરના ખોડાભાઈ પણ ભેગા હતા. વસો, અલિન્દ્રા

થઈને પછેગામને આરે ઊતરીને પોતે કહ્યું જે, "આ વાડીમાં રીંગણાં હશે ?" એમ કહીને ચાલ્યા. પછી ઝીંઝરના ખોડાભાઈ ને માતરો ધાધલ એ બે જણે વાંસે રહીને વાડીવાળાને કહ્યું જે, "રીંગણાં આલ્ય." ત્યારે કહ્યું જે, "રીંગણાં નથી." ત્યારે તેમણે કહ્યું, "એક રીંગણું આલ્ય તો અડધો આપું." ત્યારે તે બે રીંગણાં લાવ્યા તે એક આપ્યું ને બીજું સંતાડ્યું. ત્યારે માતરા ધાધલે કહ્યું જે, "કાંઈ પ્રભુથી ડરજો. અમે તને એક રીંગણાંનો અર્ધો આપીએ છીએ ને તું બીજું સંતાડે છે ?" ત્યારે તેણે બીજું રીંગણું આપ્યું ત્યારે ખોડાભાઈએ લાવીને મહારાજને તે બે રીંગણાં આપ્યા. ત્યારે પોતે કહ્યું જે, "લીલા મરચાં હોય તો શાક કરીએ." ત્યારે તે ગામના હરિભક્તે મરચાં ને ઘીનો ગાડવો લાવીને આપ્યો. ત્યારે પોતે ઝાઝું ઘી મેલીને રીંગણાંનું શાક કર્યું ને બાટીઓ કરીને પોતે જમીને કહ્યું જે, "આજના જેવું સ્વાદુ શાક કોઈ દિવસ થયું નથી." ત્યારે માતરો ધાધલ બોલ્યા જે, "ખોડોભાઈ અર્ધો આપીને એક રીંગણું લાવ્યા છે ને બીજું તો ડરાવીને લાવ્યા છે." ત્યારે પોતે કહ્યું જે, "એ તો ખોડાભાઈના પ્રેમને લઈને સ્વાદુ થયું છે." પછી સુરોખાચર બોલ્યા જે, "એ શાકની પ્રસાદી અમને આલો." પછી બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, સુરોખાચર, સોમલોખાચર ને દાદોખાચર એ સર્વેને શાક ને બાટીની પ્રસાદી આપી. તે સર્વે બોલ્યા જે, "આવી પ્રસાદી કોઈ દહાડે ખાધી નથી." પછી ત્યાંથી ચાલ્યા તે કમિયાળા, ગાંફ, ખરડ થઈને ઝીંઝર પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી કુંડળ થઈ કારિયાણી પધાર્યા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

■ સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-પાર્ષદો તેમજ ગામોગામના મોટા સંઘો સાથે વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા માટે ગઢપુરથી ચાલ્યા, તે ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ થઈને ઝીંઝર પધાર્યા. ત્યાં ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી રોજકા, મહેળાવ થઈ વડતાલ પધાર્યા.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૬૧)

■ સં. ૧૮૮૨માં શ્રીજીમહારાજ ધર્મકુળ તથા સંતો-પાર્ષદો સાથે કમિયાળાથી ચાલ્યા તે ગાંફ, ખરડ થઈ ઝીંઝર ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તેમણે સંઘ તથા શ્રીહરિને માટે પાણીનાં વાસણ ભરી ભરીને રાખ્યાં હતાં. ગામમાં જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિના દર્શન કર્યાં. પોતે ત્યાં ઘણા હેતથી પાણી પીધું અને બધા સંઘને ત્યાં પાણી પીવા આપ્યું. પછી

ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે પરબડી ગામ થઈને ભીમનાથ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬)

■ સં. ૧૮૮૨માં બીજીવાર ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-પાર્ષદો સાથે કમિયાળાથી ચાલ્યા તે પચ્છમ, ખસતા, ખડોળ, રોજકા, કોઠડિયા થઈ ઝીંઝર ગામ આવ્યા. તે ગામના ભક્તોએ ગદ્‌ગદ ભાવે પ્રેમ વિહ્વળ થઈને શ્રીહરિનાં દર્શન કર્યાં. તે સહુએ શ્રીહરિ આગળ શ્રીફળ ધર્યાં. તેમાંથી પાંચ શ્રીફળ પાછા આપ્યાં. પછી ત્યાંથી શ્રીહરિ જ્યારે આગળ ચાલ્યા ત્યારે પરબડી થઈ ભીમનાથ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૨)

■ સં. ૧૮૮૪માં શ્રીજીમહારાજ ધર્મકુળ પરિવાર તથા સંતો-હરિભક્તો સાથે ગઢડાથી ચાલ્યા તે ઝીંઝર આવ્યા. ભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ધોલેરા, પીપળી, બુધેજ થઈ પીપળાવ આવ્યા.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : વાત નં. ૧૯૦)

■ સં. ૧૮૮૪માં બીજીવાર ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર તથા સંતો-હરિભક્તો સાથે વડતાલથી ચાલ્યા તે ચાંગા, ગલિયાણા, વારણા, ભોળાદ, કમિયાળા, ગાંફ થઈ ઝીંઝર પધાર્યા. ભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી સારંગપુર થઈ ગઢપુર આવ્યા. (સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : વાત નં. ૧૯૫)

**મુ. ઝીંઝર, તા. ધંધુકા, જી. અમદાવાદ.**

# જસકામાં જબરેશ્વર ભગવાન શ્રીહરિ

આ જસકા ગામ ધોલેરાધામથી ૩૯ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-હરિભક્તો સાથે પધારી પાવન કરેલ છે. સં. ૧૮૬૮માં કારતક સુદ - ૧૪-૧૫ના રોજ વૌઠામાં મેળો (સમૈયો) બહુ મોટા પ્રમાણમાં ભરાયો હતો. તેમાં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો, રાજાઓ તથા ગામોગામના હરિભક્તો પધાર્યા હતા. તેમાં જસકા ગામના સત્સંગીઓ પણ ગયા હતા ત્યારે શ્રીજીમહારાજની પૂજાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

**ll ભગવાન શ્રી સ્વામિનારાયણની જસકા ગામમાં પધરામણી ll**

■ સં. ૧૮૮૦માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-પાર્ષદો તેમજ હરિભક્તો સાથે વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવની પ્રતિષ્ઠા કરવા માટે ગઢપુરથી ચાલ્યા, તે બોટાદ, ખસ, બગડ, સુંદરિયાણા, વાગડ, અણિયાળી, ધંધુકા, ખસતા ગામ આવ્યા. અને ત્યાંથી થોડા આગળ ચાલતા એક તલાવડી આવી, ત્યાં સહુએ સ્નાન કર્યું. પરમ નિપુણ શ્રીહરિ પોતે જસકા ગામ ગયા અને પોતાના ભક્ત જીવાભાઈ તથા સહુ હરિભક્તોને દર્શન દીધા અને ત્યાંથી ચાલ્યા તે રોજકા, પચ્છમ, કમિયાળા જતા રસ્તામાં મુક્તાનંદ સ્વામી ઘોડેથી પડી ગયા ને હાથ ભાંગી ગયો. ત્યાં બે દિવસ રહીને શ્રીહરિ મુક્તમુનિને કમિયાળા મૂકીને વડતાલ ગયા ને પ્રતિષ્ઠાનો ઉત્સવ ધામધૂમપૂર્વક કર્યો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

■ સં. ૧૮૮૨માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ તથા સંતો-પાર્ષદો અને કાઠી દરબારો સાથે હુતાશનીનો ઉત્સવ કરવા ગઢપુરથી ચાલ્યા ને સાથે હજારો હરિભક્તો, જીવુબા, અમૂલા આદિ બાઈઓ વગેરે મોટા સંઘ સાથે પીપળિયા પધાર્યા ને ત્યાંથી સારંગપુર થઈ જસકા ગામ આવ્યા ને ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી શ્રીહરિ રોજકા, વેજળકા, ધોળકા, જેતલપુર, અશ્લાલી થઈ અમદાવાદ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૧૦૪)

**મુ. જસકા, તા. ધંધુકા, જી. અમદાવાદ**

# ભીમનાથમાં ભગવાન શ્રીહરિ



આ ભીમનાથ ગામ ધોલેરાધામથી ૩૫ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૭ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે.

આ ભીમનાથ સ્થાનથી સંકળાયેલ પ્રાચીન કથા અનુસાર ૫૦૦૦ હજાર વર્ષ પહેલાં દ્વાપરયુગના અંતમાં પાંડવો હસ્તિનાપુર તથા કૌરવો ઈન્દ્રપ્રસ્થમાં રાજ્યશાસન ચલાવતા હતા. જુગારમાં જ્યેષ્ઠ પાંડુપુત્ર યુધિષ્ઠિર સંપૂર્ણ રાજ્ય, ધનસંપત્તિ તથા સેના હારી ગયા હતા. શરતોને આધીન પાંડવો વનવાસ પામ્યા. ૧૨ વર્ષ વનવાસ અને તેમાં પણ એક વર્ષનો ગુપ્ત વનવાસ. ભારતમાં ભ્રમણ કરતા કરતા પાંડવો હાલ જે જગ્યાએ ભીમનાથ મહાદેવ છે તે જગ્યાએ આવી પહોંચ્યા હતા. અહીંયા જાળના વૃક્ષો તથા ભયાનક આડબીડ જંગલ હતું.

અર્જુનને નિયમ હતો કે મહાદેવજી (શિવલિંગ)ની પૂજા કર્યા વગર જમવું નહીં. તપાસ કરતા ક્યાંય શિવલિંગ પાંડવોની નજરે પડ્યું નહીં. ભીમથી ભૂખ સહન ન થતાં તેણે યુક્તિ અજમાવી જાળના વૃક્ષ નીચે શિવલિંગાકાર પાષાણ મૂકી






તેની ઉપર જંગલી ફૂલો લાવી ચઢાવ્યાં. અલ્પ સમય પહેલાં જ કોઈ મહાદેવજીની પૂજા કરી ગયું હોય તેવું દશ્ય હતું. ભીમ અર્જુન સહિત પાંડવોને આ સ્થળે દર્શન કરવા લઈ ગયા. અર્જુન ભાવવિભોર બની ગયા. બાજુમાં વહેતી નીલકા નદીમાંથી જળ ભરી લાવી અર્જુને પૂજા કરી અને સૌએ ભોજન લીધું.

પછી ભીમે અટ્ટહાસ્ય કરતા કહ્યું કે પોતે જ શિવલિંગ ઉપજાવી કાઢેલ હતું. તેથી અર્જુનની પૂજા નકામી ગઈ અને તેમનો નિયમ તૂટી ગયો. નિયમ તૂટવાની વાત સાંભળી અર્જુનજી રોઈ પડ્યા અને ચોધાર આંસુએ ભગવાન શિવજીને પ્રાર્થના કરવા લાગ્યા. ભીમે પોતાની યુક્તિ સાચી કરવા શિવલિંગાકાર પાષાણ ઉપર જોરથી ગદાનો પ્રહાર કર્યો અને શિવલિંગના બે ભાગ થઈ ગયા. (જે ભાગ હાલ મોજૂદ છે.) ગદાના પ્રહાર સાથે કર્ણભેદી અવાજ સાથે પાષાણમાંથી દૂધની ધારા સાથે ભગવાન ભોળાનાથ પ્રગટ થયા. ભીમે ભગવાન શિવજીની ક્ષમા માગી. અર્જુન સહિત પાંડવોને ભગવાન શિવજીએ આશીર્વાદ આપ્યા.

આ ભીમનાથ સ્થાન એટલું સમુદ્ધ હતું કે શિવાજી મહારાજે સુરતમાં અંગ્રેજો સામે લડાઈ કરવા માટે જેની આર્થિક મદદ માંગી હતી. પ્રાચીન કાળમાં સૌરાષ્ટ્રનું મોટામાં મોટું અન્નક્ષેત્ર અહીંયા ચાલતું હતું. અહીંયા અનેક રાજા-મહારાજા દર્શનાર્થે આવતા હતા.

**॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની ભીમનાથમાં પધરામણી ॥**

■ સં. ૧૮૫૫માં નીલકંઠ વર્ણીસ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ વન વિચરણ કરતા કરતા ધોલેરાથી ચાલ્યા તે, ગોરાસું, વાગડ, ઝીંઝર ગામ થઈ ભીમનાથ પધાર્યા. અહીં શિવજીનું મોટું મંદિર જોઈ તેમાં ગયા. શિવજીના

દર્શન કરી રાજી થયા. અહીંના મહંતે સીધું આપ્યું તેની રસોઈ બનાવીને પોતે જમ્યા. તે મહંતબાવાનો ભાવ જોઈ તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. ને ત્યાંથી પોલારપુર, બરવાળા, વલ્લભીપુર થઈ કુકડ પધાર્યા.

**'બીજે દિવસ ઊઠી બળવાન, ભીમનાથ ગયા ભગવાન;**
**નીલકા નદીમાં કર્યું સ્નાન, કરી નિત્ય ક્રિયા તેહ સ્થાન.**
**ભીમનાથનાં દર્શન કરી, સદાવ્રત લઈને જમ્યા હરી;**
**ગયા પોલારપર અવિનાશ, જેઠા બનાણી કણબીને વાસ.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૯)

■ સં. ૧૮૬૧માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે અમદાવાદથી ચાલ્યા, તે ભક્તોને દર્શન દેતા દેતા અશ્લાલી, જેતલપુર, ધોળકા, કોઠ, બળોલ, ખડોલ, ખસતા, રોજકા, ઝીંઝર ગામ થઈ ભીમનાથ પધાર્યા. અહીં દર્શનનું સુખ આપીને પરબડી ગામ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૧૧૦)

■ સં. ૧૮૬૨માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે રોજકા થઈ ઝીંઝરથી ચાલ્યા તે વચ્ચે પરબડી ગામ આવ્યું ત્યાંના દરબાર રામાભાઈ શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિના ચરણોમાં શ્રીફળ ભેટ મૂકીને પ્રેમથી પગે લાગ્યા. સૂર્ય અસ્ત થવા આવ્યો હતો. તળાવની અંદરના કૂવે અશ્વોને પાણી પાયું. દરબાર રામાભાઈના મનમાં શ્રીહરિને રોકવાનો બહુ ભાવ હતો. હાથ જોડીને વિનંતી કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, "તમે અમને અહીંયા રોકવાનો આગ્રહ કરો છો પણ અમારે તો ભીમનાથ જઈને રોકાવાનું છે. માટે આગ્રહ કરશો નહીં." આમ કહીને શ્રીહરિ ભીમનાથને માર્ગે ચાલ્યા. દરબારની સાથે સહુને પાછા વાળ્યા. જ્યારે રાત બે ઘડી ગઈ ત્યારે પ્યારા શ્રીહરિ ભીમનાથ પહોંચ્યા. ભીમનાથમાં ગોસાઈ મહંત હતા. તેને શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો. શ્રીહરિ આવે છે એમ જ્યારે સાંભળ્યું ત્યારે તે મહંત ઘણા ભાવથી નદીના સામા તટ સુધી સન્મુખ આવ્યા. શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ ધર્યું અને રોકાવાને માટે બહુ વિનંતી કરી. શ્રીહરિએ મહંતનો અપાર ભાવ જોયો ત્યારે નદી ઊતરીને ભીમનાથ તરફને કિનારે આવ્યા. પોલારપુર ગામના માર્ગ પાસે એક કૂવો હતો. તેમાં પાણી ખારું હતું એટલે નદીમાં વીરડો કરીને તેમાંથી પાણી ભરી લાવ્યા. પછી તે પાણીને ગાળીને શ્રીહરિએ પરમ સ્નેહથી પીધું. ભીમનાથના મહંતનું નામ ગુમાનગિરિ હતું. તેણે ઘોડાઓને માટે ઘાસ અને જોગાણ વગેરે બધું જ પહોંચાડ્યું. જે જે સામાનની જરૂર હતી

તે બધો મોકલ્યો અને શ્રીહરિને બેસવા માટે એક પલંગ મગાવ્યો. પછી જેટલી જરૂર હતી તેટલી મશાલો કરાવી. ખીચડીને માટે ચોખા અને મગ જે જોઈએ તે બધું મગાવ્યું. ઘણા જ ભાવથી ઘી અને દૂધ અપાર લાવ્યા. તેમને અત્યારે સ્વામિનારાયણ એવા નામથી શંકરનો અવતાર થયો હોય એમ જણાયું.

ઉતારે બધો જ સામાન જ્યારે આવી ગયો ત્યારે શ્રીહરિ તૈયાર થયા. ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. ભેટમાં રૂપિયા આગળ ધર્યા. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમણે એક એક રૂપિયો ભેટ ધર્યો અને બીજા જે હરિભક્તો હતા તેમણે પણ પોતાની પહોંચ પ્રમાણે શ્રીફળ અને સોપારી વગેરે ભેટ મૂક્યા. જે સાતમાળનો બંગલો હતો તેમાં શ્રીહરિને પ્રેમથી પધરાવ્યા. તેમાં અપાર બિલોરી ઝાડ બાંધ્યા હતાં અને તે વેળાએ તે બધાને પ્રકટાવી દીધાં. બધી જગ્યાએ મોતીના ઊલેચ બંધાવી દીધાં. ઘણી બધી ચિત્રવિચિત્ર શોભા કરી દીધી. દરેક માળમાં આનંદ ઉત્સાહથી શ્રીહરિના પગલાં કરાવ્યાં. પછી શ્રીહરિને હિંડોળા ઉપર બેસાડ્યા અને વિવિધ પ્રકારની પૂજા લાવ્યા.

મહંતે કેસર યુક્ત મલયાગર ચંદનની અર્ચા કરી. તે વખતે ગુલાબ, મોગરો અને ચમેલીના સુંદર હાર પહેરાવ્યા. બાજુબંધ અને તોરા ધરાવ્યા. કાન ઉપર ગુલાબના ગુચ્છ મૂક્યા. ભારે માંહેલી જરિયાની શાલ ઓઢાડી અને કપૂરથી આરતી ઉતારી. જેવો મનનો ભાવ હતો તેવી સ્તુતિ કરી અને તેમના બધા મનોરથ પૂરા થયા. પછી મહંતે હાથજોડીને શ્રીહરિને કહ્યું, સહુની જીવન દોરી આપના હાથમાં છે. જે જીવનાં જેવા કર્મ હોય છે. તેને તેવું ફળ આપો છો, છતાં આપ તો સદાને માટે નિર્બંધ જ રહો છો. જીવ જેવું શરીર ધારણ કરે છે તેવું તે કર્મ કરે છે અને તે કર્મોનું ફળ પણ ભિન્ન ભિન્ન હોય એવું દેખાય છે. ત્યારે શ્રીહરિએ કહ્યું, ચિંતામણિ એક જાતનો પથ્થર જ છે, પણ તેમાં અનંત શક્તિ યોગ ભર્યો છે. જ્યારે તેનું કામ પડે, ઉપયોગ કરાય ત્યારે તે દેખાય છે. તેમ ભગવાનના ગુણો તો એક ભગવાનમાં જ રહ્યા હોય છે, તેને કોઈની ઉપમા દઈ શકાય નહિ. તે ગુણો એટલા બધા ભર્યા છે કે તેના પારને કોઈ પામી શકતું નથી.

શ્રીહરિએ વાત તો ઘણી કરી. પણ લખ્યે પાર આવતો નથી. અને તેથી જ હું સંક્ષેપમાં લખું છું. કારણ કે દેહનો કાંઈ નિર્ધાર નથી. આ દેહ પરાધીન હોય છે. લગારેક પણ સ્વાધીન નથી. તેવી સ્થિતિમાં પણ જે ભગવાનને ભજતો નથી તેનું શરીર અત્યંત ખુવાર થઈ જાય છે.

## સેવા તથા ભજનની મહત્તા

'મનુષ્ય તન પાઈ જેહ, વિધિ સમ ભયે સમર્થ મહા;
હરિકું ન સંભારે તેહ, ચિંતામનિ તન કિયે વ્યર્થ સબ.
મનુષ્ય તન સુંદર પાઈ, હરિકિ આયે સેવ મહિં;
ઐસો જીવનો રહાઈ, એક પલક રહે કલ્પ કલ્પ.
મનુષ્યતનપાઈભરતખંડમાંહિ,હરિસેવમેંકબુઆયેનાંહિ;
કનક મિલે બ્રહ્માંડ જિતનાં, છુટી પડે સો સબહિ તિતનાં.
હરિસેવમેંતનઅરપનકીનાં,ઓરસેવમેંકબુચિત્તનદીના;
તાકો તન પલ પલમેં જેહા, બ્રહ્માંડ કનક કમાયે તેહા.
હરિકિ સેવ કરિકેં જેહુ, માયિક તન અતિ તુછ હિ તેહુ;
દિવ્યગતિહોઈજાવતતેહી,જિયકેદેખેમેંનઆવતએહિ.'

જીવને મનુષ્યનો દેહ મળ્યો. બ્રહ્માનાં જેટલું મહાન સામર્થ્ય પણ મળ્યું અને તેનાથી જો ભગવાનનું ભજન ન થયું તો ચિંતામણિ જેવો દેહ વ્યર્થ થયો કહેવાય. સુંદર આવું મનુષ્યનું શરીર મળ્યા પછી તેનાંથી જે ભગવાનની સેવા કરવી જોઈએ. તેવી સેવા જીવે જો એક પલક વાર જ કરી હોય તેને કલ્પ જેટલી સેવા કરી છે એમ માનવું. ભરતખંડમાં મનુષ્યનું શરીર મળ્યું અને તે જો ભગવાનની સેવામાં ઉપયોગી ન થયું તો એમ માનવું કે આખા બ્રહ્માંડ જેટલું સોનું મળ્યું પણ તેનો નાશ થઈ ગયો. કાંઈ વપરાયું નહિ. જેણે પોતાનાં શરીરને ભગવાનની સેવામાં અર્પણ કર્યું હોય અને અન્યની સેવામાં જો ક્યારેય મન ન દીધું હોય તો માનવું કે તેણે તે શરીરથી એકેક પળમાં બ્રહ્માંડ ભરાય તેટલાં સોનાની કમાણી કરી છે. અત્યંત તુચ્છ ગણાતા માયિક શરીરથી જો ભગવાનની સેવા કરી હોય તો તે શરીર દિવ્યભાવને પામી જાય છે. તે જીવને દેખ્યામાં આવતું નથી. બીજા લોકો તો માયિક શરીરને જ દેખે છે અને મરણ પછી તેને બાળી દે છે અને મૃત્યુ પામેલો જે ભગવદ્‌ભક્ત છે તે તો તેને દેખતો નથી. આ દુનિયાના જે લોકો છે તે મૃત્યુ વગેરેની ઘટનાઓને દેખે છે, પણ ભગવાનના ભક્તોની રીત તો અલૌકિક હોય છે. તે સાંભળ્યા પછી તર્કથી સમજી શકાતી નથી. ભગવાનના ભક્તોની આવી જે બધી વાતો છે તેને જો ભગવાન બતાવવા ચાહે તો દેખાય છે. ભગવાનની ધારેલી અનંત વાતો હોય છે, તેમ કેટલાક મુક્તાત્માઓ કહેતા હોય છે, એમ દેખાય છે.

ભગવાન જો ધારે તો રથને અશ્વનાં રૂપમાં બતાવે, અશ્વને હાથીનાં રૂપમાં બતાવે, હાથીને વિમાનનાં રૂપમાં બતાવે અને વિમાનને ગરુડનાં રૂપમાં દેખાડે છે. ભગવાનની રચનાઓ-લીલાઓ અનંત છે. ભક્તોને માટે જ આવા ખેલ (લીલા) કરે છે. પોતાના ભક્તો સિવાય ભગવાનને તેનાથી કોઈ અધિક નથી. આવું સમજીને મુમુક્ષુએ ભક્ત થાવું જોઈએ. ધર્મ, ભક્તિ અને વૈરાગ્યથી યુક્ત જ્ઞાન એ ચાર જેમાં હોય આવા ભક્ત ઉપર ભગવાનને અપાર હેત છે, તેવું હેત બીજા કોઈના ઉપર હોતું નથી. તેને તો ખરેખર જે ભગવદ્‌ભક્ત હોય તે જ જાણી શકે છે, ધર્મહીન કોઈ જાણી શકતા નથી. એવા ધર્મહીન તો અનંત ભક્ત થઈને ફરતા હોય છે. તેઓ તો વાસ્તવમાં માયાવી અને ઠગ હોય છે. શ્રીહરિ મહંત પાસે આટલી વાત કરીને જ્યાં સંઘે મુકામ કર્યો હતો ત્યાં આવ્યા. રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) ગઈ હતી અને વર્ણી વાટ જોઈ રહ્યા હતા. શ્રીહરિ ઠંડું પાણી જોઈને તત્કાળ નાહ્યા. રૂમાલથી અંગ લૂછ્યું અને પછી પીતાંબર પહેર્યું. પછી શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા. જે ખીચડી કરી હતી તે લાવીને આગળ ધરી. કટોરો ભરીને ઘી આગળ મૂક્યું. તે બધું શ્રીહરિએ રુચિ પ્રમાણે લીધું. પાપડ અને અથાણું વગેરે લાવીને ધરાવ્યું. તેમાં તેજાના ઘણા હતા. સંતો, દરબારો અને પાર્ષદો, બધા ભાવથી જમવા બેઠા. શ્રીહરિએ સહુને ખીચડી પિરસાવી. તેમાં ઘી ખૂબ અપાવ્યું. પાપડ અને અથાણું સહુને અપાવ્યું. પછી શ્રીહરિ પ્રથમ જમવા લાગ્યા. તે પછી બધી પંગત જમવા લાગી. સહુ ઘણી રીતે વિનોદ કરવા લાગ્યા.

દરબારો શ્રીહરિ સાથે વાતો કરવા લાગ્યા. ચાર મહિના તો આનંદથી વીતી ગયા. આટલા દિવસ પ્રદેશોમાં ફર્યા પણ કોઈને ક્યારેય થોડુંએ દુઃખ આવ્યું નહિ. અમે જ્યારથી આપની સાથે મળીને રહ્યા છીએ ત્યારથી દિનપ્રતિદિન અધિક અધિક સુખ જ મળતું રહ્યું છે. હે હરિ, અમને આપના પાર્ષદો ગણીને હરિભક્તો સંતોના કરતાં પણ વધારે ભાવથી અમારી સેવા કરતા હતા. હરિભક્તોનાં હૃદયનો નિત્ય નવો ભાવ જે અનુભવ્યો તે બીજે ક્યાંય દેખાયો નહિ. અમે હરિભક્તોનો અલૌકિક ભાવ દેખ્યો. તેમનાં ધન અને તન સાર્થક થયાં. બીજા લોકોનાં કરોડો ધન ભંડાર હોવા છતાં આપની સેવામાં લગારેય વપરાયા નહિ. તે ધનભંડારને તો ભૂમિ ગળી જાશે. અજ્ઞાની માણસને તે ક્યારેય સમજાતું નથી. પોતાની માયિક કીર્તિ વધારવા માટે તે લોકો અઢળક નાણું ખરચે છે. તેટલું ધન ભગવાનને માટે, સંતોને માટે અને સાચા ગુરુને માટે જો ખર્ચાતું હોય તો તેનાં ભાગ્યનું વર્ણન મુખથી કરી શકાય નહિ, એટલું મહાન કહેવાય. જેનું ધન

પવિત્ર હોય તે સુપાત્રને માટે ઉપયોગી થાય છે અને તેનાથી જો અહિંસામય યજ્ઞ કરવામાં આવે તો તેની કીર્તિ અપાર વધે છે.

તે સમયે કરુણાનિધિ, કરુણાસાગર, સર્વ સુખનું મૂળ એવા સહજાનંદ સ્વામી શ્રીહરિએ બધા દરબારોને કહ્યું. દરબારો, તમે બધા સાંભળો. તમે બધા ઘણા બુદ્ધિમાન છો. જેનો જેવો સત્સંગ હોય તેતો સાથે રહીએ ત્યારે ઓળખાય. જેને જેટલું હેત હશે તે ઘેર જાશો તે પછી જણાશે. હેત હોય તે તો આંખોમાં દેખાય. હેત-પ્રીત છુપાવી છુપાતી નથી. જેને પરસ્પર જ્યાં સુધી હેત-પ્રેમ હોય ત્યાં સુધી તેઓ એક થઈને વ્યવહારમાં ચાલે. સુખમાં કે દુઃખમાં ભાગીદાર થઈને રહે. ચાહે તેવું દુઃખ આવે, ક્યારેય સ્નેહીનો ત્યાગ ન કરે.

જો એક બીજાને હેત-પ્રીત હોય અને પરસ્પર જો કોઈ ગાળ બોલી જાય તો પણ તેના ઉપર ઈર્ષ્યા કરે નહિ. આ પ્રેમનું એક ચિહ્ન દેખાય છે. જુઓને વિવાહ પ્રસંગે કંઈક તોફાન મચાવે છે. ન ઘટે તેવું નઠારું બોલે છે. બોલવામાં કાંઈ વિચાર રાખતા નથી. માનો બધા લોકોએ દારૂ પીધો ન હોય ! એવા ઉન્મત્ત થઈ જાય છે. મનમાં ફાવે તેવાં તોફાન કરે, પોતાનાં શરીરનું ભાન પણ ભુલાઈ જાય. મા, બાપ, દીકરો કે બહેન, કોઈની મર્યાદા પણ રાખતા નથી. તે રીતે જ હુતાશનીને દિવસ પણ મન ચાહ્યું તોફાન મચાવે છે. ભાંડ અને ભવાઈમાં જેવા ઝેરીલા શબ્દ બોલાતા હોય છે તેવા બોલવા લાગે છે. પણ તેમાં પરસ્પર કોઈને કોઈનો અભાવ આવતો નથી. હરિવિમુખ જીવોને તો તેમાં રસ આવતો હોય છે. માનો જેટલી જાતનાં ઝેર છે તે બધાં હરિવિમુખોને માટે જ રચ્યા હશે.

હરિવિમુખ જીવ અને બીજા પશુઓ, બધા એક સરખા સ્વભાવથી વરતે છે. વિમુખજીવ જો તીર્થમાં જાય, તો ત્યાંથી પણ અનંત પ્રકારનાં પાપોને લઈને ઘેર આવે છે. ભગવાનથી વિમુખ જીવ જે જે કામ કરતો હોય છે તેમાં તેને વિષય સુખની અભિલાષા હોય જ છે. વિષય વિના તેને બીજું કાંઈ ફળ ખપતું નથી. તે વિમુખોને વારંવાર આવો લોક વિષયોને ભોગવવા મળે એવા આશયથી જ તેઓ મનમાં વિષયપ્રેમ રાખીને તે બધાં સાધન કરતા હોય છે. ઘાંચીનો બળદ ઘાણીએ જોડાઈને રાત દિવસ ચાલતો રહે છે. પણ તે છૂટે ત્યારે ત્યાંનો ત્યાં જ હોય છે. તેમ વિમુખનાં બધાં સાધન પણ સંસારનાં વિષયમાં ભટકાવનારાં હોય છે. તમારા બધાનાં ધન્ય ભાગ્ય છે અને બીજા બધા હરિભક્તોના પણ ધન્ય ભાગ્ય છે કે તમને સહુને આ વખતે આવો સત્સંગ મળ્યો છે. જે સત્સંગ બીજા લોકોને એક ઘડીવાર પણ મળતો નથી.

શ્રીહરિએ દરબારોની સાથે વાર્તાવિનોદ કર્યો. પછી સ્વયં દૂધ લીધું. અને દરબારોમાં જેનો જેટલો આહાર હતો તે પ્રમાણે સહુને દૂધ અપાવ્યું. દૂધ ઘણું આવ્યું હતું એટલે બાકીનું દૂધ સંઘમાં મોકલ્યું. જ્યારે સ્વયં જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયાં. એલચી, તજ અને સોપારીનો મુખવાસ લીધો. પછી ચરણોમાં ચાખડીઓ પહેરીને જ્યાં પલંગ બિછાવ્યો હતો ત્યાં આવ્યા. બધા સંતો અને દરબારો ત્યાં આવીને બેઠા. તે વખતે એક જ મશાલ રખાવી અને બીજી બધી બુઝાવી દીધી.

પછી શ્રીહરિએ દોકડ, સરોદ અને સિતાર મગાવ્યાં. સંતો પાસે કીર્તન ગાન કરાવ્યું. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી અને જ્ઞાનાનંદ સ્વામી, એ બધા સંતો ગાન વિદ્યામાં અને વાજિંત્ર વગાડવામાં ઘણા કુશળ હતા. એટલે તેઓ વાજિંત્ર વગાડવા લાગ્યા. શ્રીહરિને જેવા પદની રુચિ હોય તેને પહેલાં સંભારી દેતા. તે આ વખતે પણ કલ્યાણ રાગનાં પદ યાદ કરાવ્યાં. તેથી ગાન નિપુણ સંતો તે પદોને ગાવા લાગ્યા. પહેલા કલ્યાણ રાગનાં પદ ગાયાં અને પછીથી બિહાગ રાગ ઉઠાવ્યો. દેવાનંદ સ્વામી જ્યારે રાગનો આલાપ કરતા ત્યારે રાગ મૂર્તિમાન પ્રકટીને આગળ દેખાતો. 'અબ તો મોય નિકી પરે જાના' એ પદ કલ્યાણ રાગે ગવડાવ્યું અને બિહાગ રાગનું પદ તો પછી ગાયું. તે રાગ ઘણો મસ્ત ગવાયો. 'મોય તોય લાગી કૈસે છૂટે, જૈસે હીરો ફોરો ન ફૂટે.' અને તે પછી 'શ્યામ વિના ઉમંગે દો બદરા' આ ત્રીજું પદ પણ ઘણું સરસ ગવાયું.

શ્રીહરિનાં અંગના પદ ગવાતાં. તે સમયે પ્રથમ વિરહ વર્ણનનાં પદ પણ ગાયા. જે સમયે જેવું અંગ વર્તતું હોય તે સમયે તેવાં પદ ગવડાવતા. જ્યારે ભક્તિ પ્રધાન અંગ વર્તતું હોય ત્યારે પ્રેમપ્રધાન પદ ગવાતાં હતાં. જ્યારે ધર્મ પ્રધાન અંગ વર્તતું હોય ત્યારે તે ધર્મની મુખ્યતાવાળા પદ ગવાતાં હતાં. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય. અને જ્ઞાન, એ ચારે સહિત ભગવાનનું ધામ, એ પાંચ બાબતનાં શ્રીહરિનાં અંગ હતાં. એમ સહુએ જાણવું. ધર્મ આદિ ચારમાંથી જેની દઢતા કરાવવી હોય તેવાં પદ સ્વયં મહારાજ ગવડાવતા અને તેવી વાતો કરતા. અને તે બાબતના જે શ્લોક, કવિત, છપય, સાખી કે શાસ્ત્રનું વચન સ્વયં બોલતા અને સંતોની પાસે બોલાવતા હતા.

સમય વિચાર્યા વિના શ્રીહરિ ક્યારેય કોઈ ચરિત્ર કે વાત કરતા નહિ. વળી ક્યારેક તો વિવિધ પ્રકારનાં નવાં ચરિત્ર કે વાતો કરતા અને કહેતા, જેને

દેખીને કે સાંભળીને તૃપ્તિ થાતી નહિ. રાતના અગિયાર વાગ્યા હશે ત્યારે પ્રાણ આધાર શ્રીહરિ પોઢી ગયા. સંતો પણ ભજન કરીને સૂઈ ગયા. અરધી રાત પછી બે વાગ્યા હશે. ત્યારે શ્રીહરિએ તૈયારી કરી અને તે સમયે જ પોલારપુર ગામમાં આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૨૮-૨૯-૩૦)

■ સં. ૧૮૬૩માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગઢપુરથી ચાલ્યા, તે નિંગાળા, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ થઈ ભીમનાથ પધાર્યા. અહીં દર્શનનું સુખ આપીને પરબડી ગામ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૧/૬૮)

■ સં. ૧૮૬૫માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ઝીંઝાવદરથી ચાલ્યા, તે કારિયાણી, સારંગપુર, કુંડળ થઈ ભીમનાથ પધાર્યા. અહીં બ્રાહ્મણોને બહુ દક્ષિણા આપી ને બાવા ગુમાનગરને પોતાના આશ્રિત કર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૬૫ની લીલા)

■ સં. ૧૮૬૬માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ધોળકાથી ચાલ્યા, તે કોઠ, અરણેજ, જવારજ, ગુંદી, બળોલ, ખસતા, રોજકા, ઝીંઝર ગામ થઈ ભીમનાથ તીર્થધામમાં આવ્યા. ત્યાં ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં અને ત્યાંથી ચાલતા થયા, તે કુંડળ ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૬)

■ સં. ૧૮૬૭માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે પીજથી ચાલ્યા, તે ચાંગા, પીપળાવ, બુધેજ, પચ્છમ, ઝીંઝર થઈ ભીમનાથ પધાર્યા. ભક્તજનોને દર્શનનું સુખ આપીને પોલારપુર, રોજીદ થઈને કુંડળ પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૨૬)

■ સં. ૧૮૬૮માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે કારિયાણીથી ચાલ્યા, સમઢિયાળા, કુંડળ થઈ ભીમનાથ પહોંચ્યા. ત્યાં ભીમનાથજીનાં દર્શન કરીને ચાલતા થયા ત્યારે ત્યાંના મહંત એકદમ દોડતા આવ્યા. તેનાં દિલમાં ઘણો ઉત્સાહ હતો. શ્રીહરિના ઉપર હેત દર્શાવીને ભોજન કરવા માટે બહુ વિનતિ કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, હજી તો સવાર છે અને અમારે જાવું છે. પછી તેણે સહુને એકૈક શેર સુખડી, ગાંઠિયા અને ચણાના દાળિયા વગેરે ટીંમણના રૂપમાં આપ્યું. અને શ્રીહરિને માટે પેંડા આપ્યા. તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આ જગ્યા (દેવ સ્થાન) આપની જ છે. આપના પ્રતાપથી અમારે જે જોઈએ તે મળી રહે છે.

ત્યારે શ્રીહરિએ તે મહંતને કહ્યું, ભીમનાથજી ઘણા પ્રતાપી છે. જગ્યામાં જ્યાં સુધી તમે નારી રાખતા નથી, તે ઘણું સારું છે. દારૂ અને માંસનો ત્યાગ રાખવો અને કોઈ જાતનો ફેલ કરવો નહિ. આ દુનિયાના જેટલા વિષયના સુખ

છે તે જીવને બંધન કરનારા છે. પતંગિયાં દીવાનાં તેજમાં સુખ માનીને કૂદી પડે છે. પણ તેમાં તેનું મોત થાય છે. તે રીતે જ સંસારના જેટલા જીવો છે તે બધા સત્પુરુષના યોગના અભાવે સંસારના સુખરૂપી દીવામાં પડીને પુષ્કળ પ્રમાણમાં મરી જાય છે. પછી તે વિષયી જીવોના જન્મ મરણનો છેડો આવતો નથી. જમપુરીમાં જમનો માર બહુ ખાય છે. હરિ અને હરથી-નારાયણ અને મહેશ્વરથી વિમુખ તે જીવો લખચોરાશીના જે દુઃખો છે તેને ભોગવે છે. શ્રીનારાયણ અને મહેશ્વરની સમજણ એક સરખી અર્થાત્ અવિરોધી છે. મૂર્ખ લોકોના મત અનેક હોય છે. જેટલી બાબત ધર્મયુક્ત હોય છે તે બધી શુભ ફળને આપે છે.

જેટલી બાબત અધર્મવાળી હોય છે તે બધી અશુભ ફળને આપે છે. શરીરમાં અને જીવમાં જે કાંઈ દુઃખ થાય છે. તે સિવાયના પણ જે દુઃખ હોય છે. તે બધા અધર્મનાં અશુભ ફળ રૂપ છે, અને તે પ્રત્યક્ષ દેખાય છે. મનુષ્ય દેહ સિવાયના જે દેહ-પશુ, પક્ષી, લીખ સુધીના, અને જેને જરાયુજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને સ્વેદજ કહેવાય છે. તે બધા જ પ્રકારના દેહ અધર્મનાં ફળરૂપ હોય છે. મનુષ્યનું શરીર ધર્મનાં ફળરૂપ છે. અને મનુષ્ય શરીરમાં પણ જે દુઃખ આવે છે તે અધર્મનાં ફળનાં રૂપમાં છે અને સુખ આવે છે તે ધર્મનાં ફળનાં રૂપમાં છે. ત્યારે તે મહંતે બે હાથ જોડીને નિષ્કપટ ભાવે કહ્યું, આપ મહાન સત્પુરુષ છો, તેથી આપે બધી વ્યવસ્થિત (સુનોર) અને સત્ય વાત કહી છે. આપ સત્પુરુષ છો. આપની વાત બધી સાચી છે. આપના સિવાય બીજા અનેક ગર્વિષ્ઠ લોકો પોતપોતાનું પેટ ભરનારા છે. અમારા (શૈવોના) મોટા મોટા મઠ છે, તેમાં કોઈ એક પણ માયા વગરના નથી. હાથી, ઘોડા, ઊંટ, મ્યાના, ગાડી અને બળદ વગેરે રાખે છે. કેટલાએ મોટા મોટા બંગલા કરાવ્યા હોય છે. મોટા રાજાનાં જેવું કમઠાણ ભેળું કર્યું હોય છે. જગ્યામાં તોપ અને બંદૂકોના જેવા અપાર હથિયારો પણ રાખે છે. ગામ અને ગરાસ છે. 'લેણદેણ' પણ કરે છે. પગાર આપીને નોકર રાખે છે. જગતમાં અમારા જે 'અતીત' કહેવાતા હોય છે તે રૂપિયા આપીને બધું લાવે છે. જે દુઃખી ઘર-પરિવારમાંથી આવ્યા હોય તેને ક્યારેય ધર્મ ગમે નહિ. જે ન મળે તેનો ત્યાગ રાખે છે. અને જે મળે તેનો લાગ ભૂલતા નથી.

મળે છતાં જે ત્યાગ રાખે, તેની તો તેઓ મશ્કરી કરતા હોય છે. શરીરને લાડ લડાવવાનું જ એક તાન હોય છે. અફીણ અને હોકાને તો રાત દિવસ પીતા રહે છે. ગંજીફાની અને સોગઠાની રમતમાં કુશળ હોય છે પણ જીવના મોક્ષમાં ક્યારેય મન દેતા નથી. જેની જેવી રુચિ હોય, સદાય તેવું તેઓ કરતા રહે છે.

અશુભ ફળ મળે તેવું જ તેઓ રાત દિવસ કામ કરે છે. તેઓ દૂધ કે પાણીને ક્યારેય ગાળતા નથી. જેને તેને મુખથી ગાળોજ દેતા હોય છે. નારાયણ અને મહેશ્વર (હરિ અને હર) થી તો તેઓ ઘણા દૂર જ રહે છે. એવાનો ઉદ્ધાર ક્યાંથી થાય ? શિવપુરાણમાં જે શુભ વાત કહી છે, તેનો તો તેઓ નાશ કરતા હોય તેવું દેખાડે છે. આપ જે જે વસ્તુને તજાવો છે, તેને તેઓ બધા આદર કરે છે. ખાલી મુખથી 'હર' 'હર' 'હર' એવું બોલે છે અને તે રીતે અતીત નામ રહ્યું છે.

પૂર્વના કોઈ પુણ્ય યોગથી મને સત્સંગની રીત સાચી મનાણી છે. તે સિવાયનું કાંઈ મનમાં ગમતું નથી. હું બધી રીતે અતીતની જેમ રહું છું. બહુ વધારે આત્મબળ નથી. મરતી વખતે તો ક્યાંયના નહિ રહેવાય ! અમારા અતીતોમાં એક પ્રભાતગિરિ જ એવા સિદ્ધ રહ્યા છે કે બધું જગત તેને માને છે અને મોટા રાજાઓ પણ તેમને નમે છે. તેમના મસ્તકે મોટી જટા હતી. તેઓ વગર કૌપીને સદા દિગંબર રહ્યા છે. તેમના મનમાં સ્ત્રીનો ઘાટ-સંકલ્પ પણ થાય નહિ. અને મુખથી જે બોલે તે સિદ્ધ થાય છે. પરંતુ તે સિદ્ધિમાં તેઓ લાભ દેખતા નથી. ભગવાન મળ્યા વિના તો મનમાં ગેરલાભ માને છે. આપના શિષ્ય સંત મુક્તાનંદ સ્વામીને તેઓ જ્યારે મળ્યા. તેઓ ભણવા ગયા હતા ત્યાં મુક્તાનંદ મુનિનો મેળાપ થઈ ગયો. તેમણે પાપોનો નાશ કરે એવી વાત કહી, તે પ્રભાતગિરિના ચિત્તમાં ચોંટી ગઈ, તે સંતમાં તેમને વિશાળ ધર્મનું સ્વરૂપ દેખાયું.

શાસ્ત્રોમાં જે ભગવાન કહેવાય છે તે આ સંતને ચોક્કસ મળ્યા હશે. તે મળ્યા વિના મુખમાંથી આવી વાતો નીકળે નહિ. ચોક્કસ આ સ્વામીને પ્રકટ ભગવાનનાં દર્શન થાતા હશે. પછીથી તેઓ નિયમ ધારીને ભગવાનના હરિભક્ત થયા. તેમણે બીજા અતીતોનો ભય છોડી દીધો. સ્વભાવથી તેઓ કોઈથી દબાય તેવા તો હતા જ નહિ. જુઓને તેમણે ડભાણમાં આવીને મસ્તક ઉપરથી જટા ઉતારી નાખી હતી. આપ શ્રીહરિએ તેમને એટલું વચન કહ્યું, આટલો મોટો જટાનો ભાર શા માટે રાખ્યો છે ? ત્યારે તેમણે કહ્યું, જેવી આપની મરજી, હવે મને જટાનું અભિમાન લેશ માત્ર નથી. તેમના બે શિષ્યો હતા. તેમને પૂછ્યું, ત્યારે તેમણે પણ હા કહી. પછી વાળંદને પાસે બોલાવ્યો. અને ત્રણે જણે જટા ઉતરાવી નાખી.

ભીમનાથજીના મહંતે કહ્યું, અમારામાં એટલું બધું બળ નથી. તે આપ તો બધું જાણો જ છે. માયા ક્યારેય છૂટતી નથી. જ્યાં સુધી શરીરમાં જીવ નિવાસ કરીને રહેશે ત્યાં સુધી માયા ગળામાં પાશ નાખીને રહેલી જ છે. ત્યારે શ્રીહરિએ

તે મહંતને કહ્યું, તમે સત્સંગના ઉપર ભાવ રાખજો. તો તમારો ઉદ્ધાર થાશે. જેવો ભાવ રાખવામાં આવે તેવું ફળ મળે છે. આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા. આગળ જાતા પરબડી ગામ આવ્યા. અને ત્યાંથી ઝીંઝર ગામ આવ્યા. ત્યાં સહુએ સ્નાન કર્યું અને પછી ટીમણ કર્યું. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૩૯)

■ સં. ૧૮૬૮માં બીજીવાર શ્રીજીમહારાજ ભીમનાથ પધાર્યા. મહાદેવજીના દર્શન કરી ૫૦૦ રૂપિયા ધર્યા. ત્યાં તો દિવ્યરૂપે શિવજી પ્રગટ થયા ને મહારાજને પ્રાર્થના કરતા કહ્યું : "હે મહારાજ ! ભલે પધાર્યા. તમે આવ્યાથી આ ધામ પવિત્ર થયું." તે વખતે મહંતબાવા એક સારો હાથી શણગારીને લાવીને વિનંતી કરીઃ "હે પ્રભુ ! આ હાથી ઉપર બિરાજીને મેળામાં ફરી સૌને દર્શન દાન આપો." પછી ભગવાન શ્રીહરિ મેળામાં દર્શન આપતા થકા ફરતા હતા. તે વખતે ગરીબ લોકો અન્ન માટે કાલાવાલા કરતા હતા. તેને ભૂખ્યા જોઈ શ્રીજીમહારાજે દયા લાવીને ૫૦૦ રૂપિયાની સુખડી ગાડાં ભરીને મંગાવી ગરીબોને વહેંચી દીધી. પછી મેળામાં ફરીને મહારાજ ઉતારે આવ્યા ને ત્રણ દિવસ રહ્યા. ચોથે દિવસે જવાનો વિચાર કરે છે ત્યાં પોલારપુરના ભીમો દોશી તેણે રૂપિયા ધીરેલા તેણે શ્રીહરિ પાસે આવીને કહ્યું : "મહારાજ ! રૂપિયા ચાર હજાર આપો." પછી મહારાજે કાઠીઓને કહ્યું : "આ ભીમા દોશીનું કરજ ચૂકાવી દ્યો." ત્યારે કાઠીઓએ કહ્યું : "હે મહારાજ ! અમારી પાસે નાણું નથી. કહો તો અમારા કુળની ચાલ કરીએ. મેળો લૂંટીને ધન લાવી આપીએ." ત્યારે મહારાજ કહે : "આ અમારી ઘોડીનો મોવડ વેચીને પૈસા લાવો." કાઠી કહે : "મહારાજ ! મોવડના તો રૂપિયા અઢાર આવે ને તેમાં ચારહજાર શી રીતે ભરાય?" એવામાં એક શેઠ આવ્યા ને ગાડીમાંથી ચાર કોથળી લાવ્યા. તેમાં રૂપિયા હતા તે તેણે ભગવાન શ્રીહરિને ભેટ ધર્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે : "તમે ક્યાંથી આવ્યા?" ત્યારે શેઠ કહે : "આપના દર્શન કરવા ગઢડા જતો હતો. પરંતુ આપ અહીં બિરાજમાન છો એવું સાંભળીને અહીં આવ્યો. અને ધન આપને ભેટ ધરવા માટે જ લાવ્યો છું." પછી તે શેઠ ભગવાન શ્રીહરિને ભેટ કરીને ચાલ્યા ગયા. પછી મહારાજ બોલ્યા : "આ શેઠ બીજા કોઈ નહિ, તે તો કુબેર ભંડારી આવ્યા હતા તે રૂપિયા આપીને ગયા."

(તા.ક.) ઉપરોક્ત પ્રસંગનું સવિસ્તાર વર્ણન પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજે 'શ્રીહરિલીલામૃત' ગ્રંથના કળશ ૭ના વિશ્રામ ૨૬માં કર્યું છે.

■ સં. ૧૮૭૧માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ઝીંઝાવદરથી ચાલ્યા,

તે કારિયાણી, કુંડળ, પોલારપુર ગામ થઈ ભીમનાથ તીર્થધામમાં આવ્યા. ત્યાં ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં અને ત્યાંથી ચાલતા થયા તે ઝીંઝર, રોજકા, ખસતા, પચ્છમ, કમિયાળા થઈ વડતાલ પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

■ સં. ૧૮૭૩માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે પીપળીથી ચાલ્યા, તે ગાંફ, ખરડ, ઝીંઝર,પરબડી થઈ ભીમનાથ પધાર્યા. ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે પોલારપુર, રોજીદ, કુંડળ, સમઢિયાળા થઈ કારિયાણી પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

■ સં. ૧૮૭૪માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે વડતાલમાં દિવાળી-અન્નકૂટનો ઉત્સવ કરીને ચાલ્યા, તે મહેળાવ, નાર, બુધેજ, મીતલી, પીપળી, ગાંફ, ખરડ, ઝીંઝર,પરબડી થઈ ભીમનાથ પધાર્યા. ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે પોલારપુર ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૮)

■ સં. ૧૮૭૫માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગોરાડથી ચાલ્યા, તે ગોલાણા, મોટી બોરુ, નાની બોરુ, ભોળાદ, પીપળી, ખરડ, ઝીંઝર, પરબડી થઈ ભીમનાથ પધાર્યા. ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે પોલારપુર ગામ આવ્યા. ભીમનાથમાં ગાદીપતિ ગોસાઈ હતા. શ્રીહરિને આવ્યા જોઈને તેઓ સામે ચાલ્યા. બે હાથ જોડીને શ્રીહરિનાં ચરણમાં નમ્યા. તેઓ શ્રીહરિને ગુરુ દત્તાત્રેય કહેતા હતા. તેઓ કહેતા કે 'તમે તો શિવને સ્થાને રહ્યા છો. આપ જ્યારે અહીંયા આવીને અમને દર્શન દો છો ત્યારે અમને એવું દેખાય છે કે આ આપની મૂર્તિ છે તેનું ધ્યાન કરીને શિવમાં જે યોગકળા રહી છે તે તમને પ્રાપ્ત થઈ છે. અમારાં મનમાં જે જણાય છે તે વાત અમે કોઈને કહેતા નથી, પણ જ્યારે અમે મનમાં ચાહીએ છીએ ત્યારે આપ અમને તેવાં રૂપમાં દર્શન દો છો. આ આપનું પોતાનું ઘર છે તેમ માનીને આપ અહીં આવતા રહેજો. અમે ક્યારેય દારૂ અને માંસને ખાતા પીતા નથી. અમે ધન રાખીએ છીએ, પણ અમારી જગ્યામાં સ્ત્રીને રાખતા નથી. અને જે સ્ત્રીને રાખે છે તેને પણ જગ્યામાં રાખતા નથી.

સીથા ગામમાં જે ગોસાઈ રહે છે તેનો મઠ મોટો ગણાય છે. તેઓ ગાદીપતિ હોવા છતાં નારીનો પ્રસંગ રાખે છે. એ ધનના મદથી છકી ગયા છે અને કોઈનો ડર રાખતા નથી. ગામમાં ચાર પાંચ ઘર જ રહ્યા છે અને ગાદીપતિ નિંદિત વર્તન કરી રહ્યા છે. તેના ગુરુ જ્યારે ખરાબ ચાલે ચાલતા

થયા ત્યારે શિવજી તેને ખમી શક્યા નહિ. પછી કોઈ ક્ષત્રિય દરબારમાં પ્રવેશ કરીને તેના ટૂકડે ટૂકડા કરી નાખ્યા. શિવજી કોઈનો ડર રાખતા નથી. તેઓ તો ધર્મનું સ્થાપન કરે છે. જ્યારે શિષ્ય ગુરુના ખરાબ માર્ગે ચાલવા ગયા તો તરત જ તે ગાદીથી પડી ગયા અને બેહાલ થઈ ગયા. શિવજીને ધર્મ રુચે છે, પણ ધનના મદવાળાને તે દેખાતું નથી.

શિવજીના સ્થાન ઉપર બેસીને જ્યારે કોઈ ગાદીપતિ બૂરા કામ કરે છે ત્યારે શિવજી તેનો તરત જ નાશ કરી નાખે છે. તેનો જગતમાં ક્યાંય પ્રભાવ રહેતો નથી. જે અધર્મ કરે છે તેનો તત્કાળ જ નાશ થઈ જાય છે. ધર્મના સમાન અધર્મમાં ક્યારેય દૈવત રહેતું નથી. જ્યાં ધર્મ રહે છે ત્યાં બધી રિદ્ધિ સિદ્ધિ રહે છે, પણ સાધારણ (પ્રાકૃત) માણસને કાંઈ દેખાતું નથી એટલે તે ધર્મવાળાનો દ્રોહ કરે છે.

## સ્ત્રી-ધનાદિક વિષયની ભયંકરતા

હે શ્રીહરિ, આપને ધન્ય છે ધન્ય છે કે આપ મનુષ્યરૂપે થયા છો. આ ઘોર કળિયુગમાં પણ આપ મહાન ધર્મનું સ્થાપન કરી રહ્યા છો. લોકો બધી જાતનાં કામ કરે છે, પણ ધર્મનું સ્થાપન કરતા નથી. અમને દેખાય છે કે બ્રહ્મા સુધીના દેવોને પણ અધર્મ ઉપર રુચિ રહે છે.

પોતાના આત્માને કેન્દ્રમાં રાખીને કઠોરમાં કઠોર તપ કરે છે અને પોતાનાં શરીર સુખનો ત્યાગ કરે છે. વિષય સુખ વધારે મળે એટલા માટે તેઓ વધારે તપ કરે છે, પણ મનમાંથી વિષયનો ત્યાગ કરતા નથી. આપ જ એક નિષ્કામભાવે તપ કરાવો છો. હૃદયમાંથી વિષયનો ત્યાગ કરવો તે ઘણું કઠિન છે, પણ વિષયનો ત્યાગ કરાવનારા તો આપ એક જ છો, એટલે ઘણા સમર્થ અને પરમ વિવેકી આપને અમે દેખ્યા છે. હૃદયમાંથી વિષયનો ત્યાગ કોઈ ભાગ્યશાળી તમારા સિવાય કરતા નથી. અમે તો હૃદયમાં જેટલું વિષયનું ચિંતવન કરીએ છીએ તેટલો તેમાં રસ લઈએ છીએ. હું તો આપ અંતર્યામીની આગળ દંભ રાખતો નથી. અને જો દંભ રાખું તો મારો ઉદ્ધાર થાય તેમ નથી. આવો સમય ફરીને ક્યારેય મળશે નહિ. આપની કૃપાથી મારું બધું દુઃખ ટળી જશે.

પ્રભુ, અમે તો દુઃખમાં પણ સુખ માનીએ છીએ અને વિષય વિનાનું બધું લૂખું લાગે છે. તો મને દુઃખમાં દુઃખ મનાય અને દુઃખમાં ક્યારેય સુખ મનાય

નહિ, બહુનામી સ્વામી આપ મને એવી યોગકળા બતાવો. કારણ કે આપને માટે તે કોઈ કઠિન બાબત નથી. અમારે માટે તો તે વજ્ર કરતાં પણ

કઠિન દેખાય છે.

## સંતસમાગમ એ જ બ્રહ્મવિદ્યા છે

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, ‘તમે તો આ ઘણી મોટી વાત પૂછી. સંતસમાગમ સિવાય આ બધી મોહજાળ સમજમાં આવે તેવી નથી. સંતસમાગમથી સમજાય છે. આ તો બ્રહ્મવિદ્યા કહેવાય છે. સંતસમાગમમાં જેને જેટલો ખપ રહે છે તેટલું તેને સમજાય છે.

કોઈ ઘણો રૂપાળો હોય અને પછી કોઈ ભયંકર રોગને લીધે તે જ્યારે નકારો થઈ જાય છે ત્યારે તેમાં જેટલો પ્રેમ હોય છે તેટલી જ અરુચિ થઈ જાય છે. ચાહે તેટલી સરસ રસોઈ જમ્યા હોઈએ અને પછી જ્યારે તેની ઊલટી થઈ જાય ત્યારે તેમાં તેવો રસ રહેતો નથી. તેમ વિચાર કરવો જોઈએ. જે જે વિષય હોય છે તેની બાબતમાં આવો વિચાર કરીને જ્યારે તેમાં દુઃખ દેખાય છે ત્યારે તેમાં રાગ થતો નથી.

## વસ્તુ-વિચાર રાગ ટાળવાની ચાવી છે

વસ્તુનો વિચાર કર્યા સિવાય વિષયમાં માણસને રાગ રહે છે અને જો વિચાર કરવામાં આવે તો ચાહે તેવો વિષય હોય તો તેની વાસના ક્ષીણ થઈ જાય છે . જે જે વિષયમાં રાગ હોય તેમાં જ્યારે દોષદૃષ્ટિ થઈ જાય છે ત્યારે તેમાં રાગ રહેતો નથી. આવી બ્રહ્મવિદ્યા શીખવી જોઈએ. અનંત ભુવનના પતિ ભગવાન શ્રીહરિ ભીમનાથ શિવજીના મહંત ગોસાઈને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા. ત્યાંથી પોલારપુર આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૭-૯૮)

■ સં. ૧૮૭૬માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે કમિયાળાથી ચાલ્યા, તે ઝીંઝર થઈ ભીમનાથ પધાર્યા. ભક્તજનોને દર્શનનું સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે પોલારપુર, કુંડળ થઈ કારિયાણી ગામ આવ્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૬ની લીલા)

■ સં. ૧૮૭૮માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે કમિયાળાથી ચાલ્યા, તે પચ્છમ, ખસતા, રોજકા, ઝીંઝર થઈ ભીમનાથ તીર્થધામમાં આવ્યા. ત્યાં ભીમનાથ મહાદેવનાં દર્શન કર્યાં અને ત્યાંથી ચાલતા થયા તે પોલારપુર થઈ રોજીદ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ સં. ૧૮૭૮માં બીજીવખત ભગવાન શ્રીહરિ અમદાવાદ શ્રીનરનારાયણ

દેવની પ્રતિષ્ઠા કરીને પછી કાંકરિયામાં બ્રાહ્મણોની ચોરાશી કરીને ચાલ્યા, તે અશ્લાલી, જેતલપુર, ધોળકા, ગણેશ ધોળકાના મંદિરમાં (કોઠ ગામ પાસે) રાત રહીને ચાલ્યા તે બળોલ, રોજકા, ઝીંઝર થઈ ભીમનાથ પધાર્યા. ને ત્યાંથી પોલારપુર, કુંડળ થઈ કારિયાણી આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૯૯)

■ સં. ૧૮૮૧માં શ્રીજીમહારાજ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને ચાલ્યા, તે લીંબાસી, વટામણ, વારણા, જાખડા, સરગવાળા, કમિયાળા, ગાંફ, ખરડ, ઝીંઝર થઈ ભીમનાથ પધાર્યા. ત્યાં દર્શનનું સુખ આપીને ત્યાંથી પોલારપુર થઈ કુંડળ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૬)

■ સં. ૧૮૮૨માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો-કાઠી દરબારો સાથે વડતાલથી ચાલ્યા, તે કમિયાળા, ગાંફ, ખરડ, ઝીંઝર ગામ થઈ ભીમનાથ પધાર્યા. અને ત્યાં સ્વયં શ્રીહરિએ જઈને ભીમનાથ શિવજીના ભાવથી દર્શન કર્યાં. તે જગ્યામાં મહંત ગોસાઈ રહેતા હતા. તેણે શ્રીહરિનો ઘણો સત્કાર કર્યો. શ્રીહરિ આ ભીમનાથ વારંવાર આવતા હતા. મહંતે શ્રીહરિને રાત રહેવાનું કહ્યું અને બોલ્યા કે, “આ જગ્યા આપની જ છે. જ્યાં સુધી આપ રાખશો ત્યાં સુધી અમે આ જગ્યામાં નિશ્ચિત રહેશું. અમે અમારાં મનમાં આવું ચોક્કસ માનીએ છીએ, તેમાં કાંઈ સંદેહ નથી.” ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “આ ભીમનાથની સમીપે જ પોલારપુર ગામમાં જઈને અમે રાત રહીશું. પોલારપુર ગામ કાંઈ તમારાથી દૂર નથી.” ત્યારે મહંતે કહ્યું કે, “જે જોઈએ તે અમને કહેજો. કહ્યા વિના અમને કાંઈ ખબર પડે નહિ. આપના સમાન સત્પુરુષોની સેવા કરવામાં જે વસ્તુ ઉપયોગી ન થાય તે વસ્તુ મળી હોય તોપણ ન મળ્યા બરાબર છે અને શોક કરવાને લાયક છે.”

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “જેની એવી વસ્તુઓ છે તેનો મોક્ષ કરવાને માટે જ અમે આવ્યા છીએ. તેમાં કોઈ સંદેહ નહિ. સત્પુરુષના યોગથી જ તે વાત સત્ય ઠરે છે. અને કોઈ વસ્તુ અસત્પુરુષના યોગમાં આવે તો તે નરકરૂપી ફળ આપે છે અને આ વાત પણ ચોક્કસ છે. અને જો સત્પુરુષની આગળ છળકપટના ભાવથી રહિત થઈને વસ્તુ આપવામાં આવે તો તે વસ્તુ મોક્ષના ઉપયોગમાં આવે છે. સત્પુરુષના ઉપર જેને જેટલો ભાવ હોય તેને માટે તે ભાવ જ મોક્ષનો માર્ગ છે. અર્થાત્ જેવો ભાવ હોય તેવો મોક્ષ થાય છે. આ વાત ચોક્કસ એમ જ છે.” ભીમનાથની જગ્યાના મહંતનો ભાવ દેખીને શ્રીહરિએ તેની સાથે ઉપર કહ્યા મુજબની વાત કરી અને પછી ત્યાંથી અશ્વ ઉપર બેસીને ચાલતા થયા, તે

પોલારપુર ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૬-૩૭)

■ સં. ૧૮૮૨માં બીજીવખત ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો-કાઠી દરબારો સાથે કમિયાળાથી ચાલ્યા, તે પચ્છમ, ખસતા, ખડોળ, રોજકા, ઝીંઝર, પરબડી થઈ ભીમનાથ પધાર્યા. ને ત્યાંથી પોલારપુર થઈ કુંડળ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૨)

■ સં. ૧૮૮૫માં ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો-કાઠી દરબારો સાથે કમિયાળાથી ચાલ્યા, તે રોજકા, ઝીંઝર, પરબડી થઈ ભીમનાથ પધાર્યા. ભગવાન શ્રીહરિ ભીમનાથ શિવજીના મહંત ગોસાઈને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા. ત્યાંથી પોલારપુર આવ્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૫ની લીલા)

# પોલારપુરમાં પ્યારા ભગવાન શ્રીહરિ



આ પોલારપુર ગામ ધોલેરાધામથી ૩૯ કી.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ૧૮ વખત પધાર્યા છે તેવો ઉલ્લેખ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે. સં. શ્રીજી સમકાલીન સત્સંગીઓમાં જેઠાભાઈ બનાણી, પુરુષોત્તમ શેઠ, જીવરાજ શેઠ, ભીમાભાઈ દોશી, પ્રાગજીભાઈ ગાંધી, ગણેશ લુહાર, મોડભાઈ ચારણ, બનાભાઈ ચારણ, પુંજા શેઠ, ઝુંઝો નાઈ, ભાણારામભાઈ, કાળાભાઈ પટેલ, રૂડા શેઠ, જીવરામભાઈ, તુલશીભાઈ શેઠ, કાળાભાઈ ભરવાડ વગેરે પ્રસિદ્ધ હતા.

**॥ ભગવાન શ્રી સ્વામિનારાયણની પોલારપુર ગામમાં પધરામણી ॥**

■ સં. ૧૮૫૫માં નીલકંઠ વર્ણીસ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ વન વિચરણ કરતા કરતા ધોલેરાથી ચાલ્યા તે, ગોરાસું, વાગડ, ઝીંઝર, ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા : **'ભીમનાથનાં દર્શન કરી, સદાવ્રત લઈને જમ્યા હરી; ગયા પોલારપર અવિનાશ, જેઠા બનાણી કણબીને વાસ.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૯)

■ સં. ૧૮૬૧માં શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે અમદાવાદથી ચાલ્યા,



તે ભક્તોને દર્શન દેતા દેતા અશ્લાલી, જેતલપુર, ધોળકા, કોઠ, બળોલ, ખડોલ, ખસતા, રોજકા, ઝીંઝર, ભીમનાથ થઈને ચાલ્યા તે પોલારપુર રોકાયા. અહીં ભક્તજનોને દર્શનનનું સુખ આપીને ચાલ્યા તે કુંડળ, કારિયાણી, ઝીંઝાવદર થઈ ગઢપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૧૧૦)

■ સં. ૧૮૬૨માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે ભીમનાથથી ચાલ્યા તે પોલારપુર આવ્યા. તે ગામના બધા હરિભક્તો શ્રીહરિની સાથે જ રાત રહ્યા હતા. મોડભાઈ અને બનાભાઈ, એ બે ચારણ સરસ હરિભક્ત હતા. તે પ્રમાણે જ પુરુષોત્તમ અને પુંજો શેઠ, એ બંને ભાઈ સત્સંગી હતા. જીવરાજ અને ભીમજી શેઠ દોશી તથા ભાણજી અને રામજી નામે પણ વણિક હરિભક્ત હતા. શેઠ તુલસીદાસ અને પ્રાગજી ગાંધી ત્યાંના સત્સંગી હતા. કણબી પટેલ કાળાભાઈ અને કાળાભાઈ ભરવાડ, ઝુંઝાભાઈ વાળંદ, એ બધા પોલારપુર ગામના હરિભક્તો હતા. એ સહુ હરિભક્તો શ્રીહરિની સાથે રાત રહ્યા હતા અને ઉમંગથી શ્રીહરિની સેવા કરતા હતા. તે સહુએ વિવિધ પ્રકારનો સામાન લઈને નિપુણતાથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ તે ગામથી ચાલ્યા અને ખાંભડા ગામ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૩૦)

■ સં. ૧૮૬૭માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે પીજથી ચાલ્યા, તે ચાંગા, પીપળાવ, બુધેજ, પચ્છમ, ઝીંઝર, ભીમનાથ થઈ પોલારપુર ગામ આવ્યા. ગામના ભક્તોને દર્શન દીધાં. સુખસાગર નાથ શ્રીહરિ રોજીદ થઈને કુંડળ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૨૬)

■ સં. ૧૮૬૮માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે સારંગપુરથી



ભીમનાથને મેળે જવા ચાલ્યા, તે ગામોગામ ભક્તજનોને દર્શન આપતા આપતા પોલારપુર ગામ આવ્યા. ગામની પાસે સરોવરની ઉત્તર દિશામાં હાલમાં ઓટો છે ત્યાં શ્રીજીમહારાજે ઉતારો કર્યો. પોલારપુરના મોડભાઈ ગઢવી, પરસોતમભાઈ શેઠ, રૂડાભાઈ શેઠ તથા જીવરાજભાઈ શેઠ વગેરે ભક્તોને ભગવાન શ્રીહરિએ ભીમનાથના મહંતબાવાને સમાચાર આપવા મોકલ્યા હતા. તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**'આવે વાટ માંહિ જે જે ગામ, દેતા દાસને દર્શન શ્યામ;**
**ગયા પોલારપર ગામ પાસ, ઉતર્યા સરતટ અવિનાશ.**
**સરોવર થકી ઉત્તરમાંય, આજ તો એક ઓટો છે ત્યાંય;**
**વાલે ત્યાં જૈ કીધો વિશ્રામ, આવ્યા સતસંગી સૌ તેહ ઠામ.**
**ગઢવી મોડભાઈ સુજાણ, પરસોતમ શેઠ પ્રમાણ;**
**રુડા શેઠ ત્રીજા જીવરાજ, કહે તે ત્રણ્યને મહારાજ.**
**તમે આગળથી પરવરો, મુજ ખબર મહાંતને કરો;**
**સુણી તે ત્રણ્ય તરત જ ગયા, સમાચાર મહાંતને કહ્યા.**
**હરિજન ઉચર્યા મહાંત પાસ, અહિં વિચર્યા પ્રભુ વિશ્વના નિવાસ;**
**સુણિ અતિ હરખ્યા મહાંત તેહ, ઉર ઉપજ્યો ઘનશ્યામ સંગ સ્નેહ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૫)

■ સં. ૧૮૭૩માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે મોટી બોરુથી ચાલ્યા, તે ભોળાદ, પીપળી, ગાંફ, ખરડ, ઝીંઝર, પરબડી, ભીમનાથ થઈ

પોલારપુર પધાર્યા. ગામના ભક્તોને દર્શન દઈને ત્યાંથી રોજીદ, કુંડળ થઈને કારિયાણી પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૪૩)

■ સં. ૧૮૭૪માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે પીપળીથી ચાલ્યા, તે ગાંફ, ખરડ, ઝીંઝર, પરબડી, ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. ગામના ભક્તોને દર્શન દઈને ત્યાંથી કુંડળ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૮)

■ સં. ૧૮૭૪માં બીજીવાર શ્રીજીમહારાજ સંતો-પાર્ષદો સાથે ગાંફથી ચાલ્યા, તે ખરડ, ઝીંઝર, પરબડી, ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. ગામના ભક્તોને દર્શન દઈને તત્કાળ ગામ ચારણકી ઉપર થઈને પછી ખાંભડા થઈ સારંગપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૮)

■ સં. ૧૮૭૬માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે બુધેજથી ચાલ્યા, તે કમિયાળા, ઝીંઝર, ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. ગામથી ઉગમણી દિશે તળાવની પાળે ઊભા રહીને હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ કુંડળ પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૭૬ની લીલા)

■ સં. ૧૮૭૮માં ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે નાની બોરુથી ચાલ્યા, તે ભોળાદ, કમિયાળા, પચ્છમ, ખસતા, રોજકા, ઝીંઝર, ભીમનાથ થઈ પોલારપુર આવ્યા ને ભક્તોને દર્શનનું સુખ આપીને ત્યાંથી રોજીદ થઈ કુંડળ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૬૨)

■ સં. ૧૮૭૮માં બીજીવખત ભગવાન શ્રીહરિ બળોલ ગામથી ચાલ્યા, તે રોજકા, ઝીંઝર ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. હરિભક્તોને દર્શનનું સુખ આપીને કુંડળ થઈને કારિયાણી પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૯૯)

■ સં. ૧૮૮૦માં શ્રીજીમહારાજે ગઢપુરમાં વસંતપંચમીનો સમૈયો કર્યો ને બહુ રંગ ઉડાડ્યો ને ત્યાંથી સંતો-પાર્ષદો સાથે વડતાલ જવા માટે ભગવાન શ્રીહરિ ધર્મકુળ પરિવાર, સંતો-પાર્ષદો તથા કાઠી દરબારો સાથે ચાલ્યા, તે કારિયાણી થઈ પોલારપુર પધાર્યા. ને ગામથી ઉગમણી કોરે તળાવમાં રાત રહીને બીજે દિવસે ચાલ્યા તે ખસતા, નાની બોરુ, ગલિયાણા થઈ સીંજીવાડા પધાર્યા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૦ની લીલા)

■ સં. ૧૮૮૧માં ભગવાન શ્રીહરિ, ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો અને હરિભક્તો સાથે ગાંફ ગામથી ચાલ્યા, તે મલકા તલાવડી, ખરડ, ઝીંઝર, ભીમનાથ થઈ પોલારપુર આવ્યા. શ્રીહરિને આવતા દૂરથી દેખીને ગામના જે હરિભક્તો હતા અને બીજા જે વણિક હરિભક્ત હતા, તે સહુ શ્રીહરિની સન્મુખ

આવ્યા. સહુએ એક એક શ્રીફળ લીધું હતું. જ્યારે શ્રીહરિની પાસે આવ્યા ત્યારે દર્શન કરીને ખૂબ જ પ્રસન્ન થયા અને શ્રીહરિની આગળ શ્રીફળ ધર્યા ને દંડવત્ પ્રણામ કરી પગમાં પડ્યાં. સર્વે ભક્તજનોને દર્શનનું સુખ આપીને ભગવાન શ્રીહરિ કુંડળ પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૬)

■ સં. ૧૮૮૧માં બીજીવખત ભગવાન શ્રીહરિ, ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો અને હરિભક્તો સાથે નાની બોરુથી ચાલ્યા, તે ભોળાદ, કમિયાળા, પચ્છમ, ખસતા, ચોકડી થઈ પોલારપુર આવ્યા ને ગામના ભક્તજનોને દર્શન આપીને સારંગપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૭૪)

■ સં. ૧૮૮૨માં બીજીવખત શ્રીજીમહારાજ, ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો અને હરિભક્તો સાથે કમિયાળાથી ચાલ્યા, તે ગાંફ, ખરડ, ઝીંઝર, પરબડી, ભીમનાથ થઈ પોલારપુર આવ્યા. તે ગામના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા અને તેમણે શ્રીહરિના દર્શન કર્યા. ત્યાં ગામની બહાર શ્રીહરિએ ઉતારો કર્યો અને ગામના બધા હરિભક્તોએ શ્રીહરિની ઘણી સેવા કરી. શ્રીહરિ ત્યાં રાત રોકાયા અને જ્યારે સવાર થયું ત્યારે અશ્વ ઉપર બેસીને ચાલ્યા તે કુંડળ આવ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૩૭)

■ સં. ૧૮૮૨માં બીજીવખત શ્રીજીમહારાજ, ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો અને હરિભક્તો સાથે રોજકાથી ચાલ્યા, તે કોઠડિયા, ઝીંઝર, પરબડી, ભીમનાથ થઈ પોલારપુર આવ્યા. તે ગામના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિના દર્શન કર્યા. તે જેટલા હરિભક્તો હતા તે સહુ એક એક શ્રીફળ લાવ્યા હતા. તેને સહુએ શ્રીહરિની આગળ ધર્યા. સહુના અંતરમાં ઘણો જ આનંદ હતો. પછી ત્યાંથી શ્રીહરિ રોજીદ થઈ કુંડળ પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૭૨)

■ સં. ૧૮૮૫માં શ્રીજીમહારાજ ધર્મકુળ પરિવાર તથા સંતો-પાર્ષદો અને હરિભક્તો સાથે કમિયાળાથી ચાલ્યા, તે રોજકા, પરબડી, ભીમનાથ મહાદેવના મહંતને દર્શન દઈને પોલારપુરના ઝાંપામાં ઊભા રહ્યા ને સર્વે હરિભક્તને દર્શન દઈને ત્યાંથી કુંડળ પધાર્યા ને મામૈયા પટગરની ઓસરીએ બિરાજમાન થયા. ત્યાં પોતે જમ્યા ને સંત તથા પોતાના પાર્ષદ તેમને શીરો, પૂરી ને ખીચડી જમાડી. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૫ની લીલા)

**મુ.પોલારપુર, તા.બરવાળા, જી.અમદાવાદ.**

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવન ચરણારવિંદથી અંકિત થયેલ

# ભાલપ્રદેશના અન્ય પ્રાસાદિક ગામો

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :

**'પ્રભુપદ રજ હોય જેહ ઠામ, સતત વસે જઈ તીર્થ ત્યાં તમામ;**
**અગમ નિગમ સર્વ એમ ગાય, પરમ પવિત્ર સુપૃથ્વી તે ગણાય.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪/૬૧)

**'હરિ વિચરણ ભૂમિ હોય જેહ, પરમ પવિત્ર ગણે મુનીન્દ્ર તેહ;**
**જપ તપ વ્રત દાન ત્યાં કરાય, ફળ અવિનાશી અનંત તેનું થાય.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮/૬૧)

પરમકૃપાળુ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌપ્રથમ સંકલ્પ કર્યો કે, મૃત્યુલોકના સર્વે અમને મનુષ્યરૂપે દેખો. આ મનુષ્ય સ્વરૂપે પોતાના અતિ પાવનકારી, મોક્ષકારી, કલ્યાણકારી, પવિત્ર, વંદનીય, દર્શનીય, સદાય સ્મરણીય ચરણકમળથી અયોધ્યા પાસેના નાનકડા એવા છપૈયા ગામની ભૂમિને સર્વપ્રથમ અતિ ભાગ્યશાળી બનાવી છે. બાળસ્વરૂપે પૂર્ણ પુરુષોત્તમનારાયણે છપૈયા-અયોધ્યાની ગલી, ખેતર તથા તમામ સ્થાનોને તીર્થસ્થાન બનાવ્યા છે. જે આજે દર્શનીય અને સ્મરણીય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી સ્વરૂપે સાત વર્ષ સુધી વનવિચરણ કરીને તીર્થો, જંગલો, ઝાડી, પહાડ, નદી, તળાવ, કૂવા, વાવ, ઝરણાં, સાગર, મઠ, પર્ણકુટી વગેરેને પોતાના ચરણકમળથી પાવનકારી તીર્થરૂપ બનાવીને લોજપુર પધાર્યા.

સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી જેતપુરમાં ભગવાન શ્રીહરિને ધર્મધુરા સોંપીને અંતર્ધાન થયા, પછી ભગવાન શ્રીહરિ ગામોગામ, શહેરોશહેર, નગરોનગર

સંતો-પાર્ષદો-હરિભક્તો, રાજા-મહારાજાઓ તથા ધર્મકુળ પરિવારને સાથે લઈ વિચરણ કરી ભાવિક ભક્તજનોને બહુ સુખ આપ્યું છે. તેમાં કોઈવાર દર્શનદાન, કોઈ સમયે ભોજન જમ્યા છે, તો કોઈ સમયે રાત્રિરોકાણ કરીને ઘેર-ઘેર પધારીને પૂજન-અર્ચનનો લ્હાવો હરિભક્તોને આપ્યો છે. વળી ગામના ચોરે, તળાવની પાળે, કૂવા, નદી, કુબા, મેડો, માઢ, ઝૂંપડી, ઘર, ફળિયું, નેસ, ખેતર, બગીચા કે મહેલોમાં પધારીને પોતાના અતિ કલ્યાણકારી ચરણારવિંદથી મહા પ્રસાદીભૂત બનાવીને તે તે સ્થળોને 'તીર્થધામ' રૂપ બનાવ્યાં છે.

આજે પણ વર્તમાનકાળે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાસાદિક સ્થાનો, ઓટા, સ્મૃતિછત્રી, વસ્ત્ર-આભૂષણો, રથ-પાલખી, મેના-ગાડાં, કોઠલા, પથ્થર, વૃક્ષ, પાદુકા, દાતણ, નખ-કેશ, પિચકારી વગેરે દર્શનીય બન્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ગઢપુરથી વડતાલ-ગુજરાત જવાનો માર્ગ ભાલપ્રદેશમાંથી પસાર થતો હતો. તેથી શ્રીજીમહારાજે સમસ્ત ભાલપ્રદેશને પોતાની પુનિત પદરેણુંથી પાવન કર્યો હતો. એ પ્રાસાદિક તીર્થસ્થાનોમાં ભાલપ્રદેશનાં તીર્થસ્થાનો સંબંધિત સંપ્રદાયના શાસ્ત્રોના આધારે સંકલિત કરાયેલ દિવ્ય-ચરિત્રગાથાને તલસ્પર્શી અભ્યાસ સાથે 'ભાલપ્રદેશ તીર્થદર્શનગાથા'માં આપણે ભગવાન શ્રીહરિના ચરણારવિંદથી પાવન થયેલ અનેક પ્રાસાદિક ગામોના ઈતિહાસને સવિસ્તાર માણ્યો છે. તે ઉપરાંત ભાલપ્રદેશના અનેક ગામોમાં પણ ભગવાન શ્રીહરિની પધરામણી કોઈ ગામમાં એકવખત કે કોઈ ગામમાં બેથી વધુ વખત, તો કોઈ ગામમાં રાત્રિરોકાણ થયું છે. તેવા ગામોના અહીં માત્ર નામોનો ઉલ્લેખ કરીને આ ભાલપ્રદેશ તીર્થદર્શન ગાથાને સંક્ષિપ્તમાં પૂર્ણ કરીશું : **ચોકડી, નાવડા, બરવાળા, ખસતા, વારણા, સરગવાળા, કાસીન્દ્રા, આંબલી, સોઢી, ભડિયાદ, રોજીદ, સમાણી, કાદીપુર, ઓતારીયા, ખડોળ, રાયકા, પછેગામ, ગોરાસુ, સાંગાસર, હેબતપુર, પરબડી, અણિયાળી... વગેરે....**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના

# દિવ્ય લીલાચરિત્ર મહિમાગાથા



**'सर्वेश्वरः सन्नरदेहधारी भूत्वा सुलीलां सुखदामकार्षीत् ।**
**दिव्यां च यो मानुषकीमनेकां धर्मात्मजं तं सततं नमामि ॥'**

જેઓ મનુષ્ય, દેવો, ઈશ્વરો, મુક્તો વગેરે સર્વેના ઈશ્વર છે. અને એવા થકા જેમણે આ મૃત્યુલોકમાં મનુષ્યદેહ ધારણ કરીને સર્વને સુખ આપનારી દિવ્ય અને માનુષી અનેક સુંદર લીલાઓ કરી છે; તેવા ધર્મપુત્ર શ્રીહરિને હું સતત નમન કરું છું.

વસુંધરાના બંને ગોળાર્ધમાં ભાતભાતની સંસ્કૃતિઓ છે, ભાતભાતની ધરતી ને પ્રદેશ છે. એમાં માત્ર સનાતન હિન્દુ સંસ્કૃતિ સૌમાં એવી શિરમોર છે કે જેનો પાલવ પકડી પરમાત્મા અહોનિશ ખેલે છે. અને હકીકત છે કે ભારતવર્ષની આ ધરતીના લલાટે જ પરમાત્માના સાક્ષાત્ અવતરણનું સૌભાગ્ય લખાયું છે. આ ધરતીનાં એવા પારાવાર પુણ્ય છે.

શા માટે ભગવાન અહીં જ અવતરે છે ? પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના પ્રાગટ્યનો હેતુ સ્પષ્ટ કરતા કારિયાણી પ્રકરણના ૫માં

વચનામૃતમાં કહે છે : ''પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે.''

ભગવાન શ્રી સ્વામિનારાયણના માત્ર ૪૯ વર્ષના જીવન તરફ દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે તેઓના પ્રત્યેક લીલાચરિત્ર પાછળ તેઓની ભક્તવત્સલ છવિ વિલસે છે. તેઓની પ્રત્યેક ક્રિયા પોતાના લાડકવાયા ભક્તોના કલ્યાણ માટે પ્રયોજાઈ છે. ભક્તોને લાડ લડાવતા, સુખ લૂંટાવતા જ તેઓ નજરે ચઢે છે.

ભણેલ હોય કે અભણ, વિદ્વાન હોય કે પામર, ધનવાન હોય કે ગરીબ, દેશમાં રહેતા હોય કે વિદેશમાં; પરંતુ એ દરેક વ્યક્તિને આંતરિક સુખ-શાંતિનો અનુભવ લેવા માટે ભગવાનનાં ચરિત્રો વાંચવા તથા સાંભળવા જેવો બીજો કોઈ સરળ અને શ્રેષ્ઠ ઉપાય નથી. ભગવાન શ્રીહરિના પ્રત્યેક ચરિત્ર આનંદ, સુખ અને શાંતિનો ઘૂઘવતો મહા રસસાગર છે. એ શાશ્વત સત્ય છે. 'શ્રીહરિચરિત્રામૃસાગર' ગ્રંથના પ્રારંભમાં જ તેના રચયિતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી લખે છે :

**'હરિચરિત્ર હી મહારસરૂપા, એસે ગ્રંથ કરન હી અનુપા;**
**હરિચરિત્ર બહુત રસાલા, સો કહે ન ભયે મોહ વિશાલા.**
**કહત સુનત હરિચરિત્ર હી કોઈ, તાકુ ભવ ભટકણ નહિ હોઈ;**
**હરિચરિત્ર રસ કે નહિ પારા, નિગમાગમ સબ કરત પોકારા.'**

સર્વાવતારી, અનંતકોટિ બ્રહ્માંડાધિપતિ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ કરુણા કરી અનંત મુક્તો સાથે પૃથ્વી પર પધાર્યા. કરોડો જીવના કલ્યાણ માટે અનેક દિવ્ય ચરિત્રો કર્યાં.આ ચરિત્રો જે સાંભળે તે મહા શાંતિ પામે છે. તેનું ભવભટકણ ટળી જાય છે. મનની ભ્રાંતિઓ દૂર થાય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપ નાશ પામે; સંચિત અને ક્રિયમાણ કર્મો બળી જાય. અરે ! ભાગ્યની રેખા પલટાઈ જાય, ને સહેજે સંસારના સુખમાં વૈરાગ્ય થાય અને ભગવાન શ્રીહરિ તથા સંતો-હરિભક્તોમાં અનુરાગ થાય; એવી અમોઘ તાકાત ભગવાનના ચરિત્રોમાં છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧/૧)

**'અનંત કોટિ બ્રહ્માંડ કે સુખા, હરિચરિત્ર આગે સબ લૂખા;**
**અમૃત આગે અન્ય રસ જોઈ, ફિકે સે ફિકે લગત હી સોઈ.**
**હરિચરિત્ર બિન ઔર રસ ચાહા, સો નર સુખ કે ભૂલે રાહા;**
**હરિ કે ચરિત્ર હરિ સમ જાના, યહ દોનું મેં ભિન્ન ન માના.'**

જેમ અમૃતની આગળ બીજા બધા રસ અતિશય ફિક્કા લાગે છે તેમ અનંતકોટિ બ્રહ્માંડોના જે સુખ છે તે બધાં હરિચરિત્રની આગળ લૂખાં જણાય

છે. હરિના ચરિત્ર હરિના સમાન છે. તે બંનેને અલગ માનવા જોઈએ નહિ. બધાં સંસારના અને યમયાતનાનાં દુઃખોને ટાળનારા તો સારરૂપ હરિના ચરિત્ર છે. તેમાં ઘણોજ પ્રેમ રાખીને તેને વારંવાર સાંભળવા જોઈએ. જેના અનંત જન્મના ભાગ્ય એક સામટા ઉદય થયા હોય, તે બીજી કોઈ વાતે નહિ બંધાઈને નિત્ય હરિના ચરિત્રોને સાંભળે છે. ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ અને બધા ધર્મશાસ્ત્રો તેમજ યોગ, યજ્ઞ આદિ હરિચરિત્રને સરસ રીતે વખાણે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧/૧/૪૭-૫૫)

સર્વે દુઃખની દવા ભગવાન શ્રીહરિના ચરિત્રો છે. ભગવાનના પ્રત્યેક ચરિત્ર દિવ્ય છે. ભગવાનની આજ્ઞા પાળવાનું બળ, શ્રદ્ધા, નિષ્ઠાની ખુમારી, આશરો, સર્વોપરી ઉપાસના-ભક્તિ અને મહિમા - આ બધું જ ચરિત્રોથી પુષ્ટ થાય છે. અરે ! ચરિત્રોની સ્મૃતિ તો છેક અક્ષરધામ સુધી પહોંચાડનારી છે.

ભગવાન શ્રીહરિના ચરિત્રો એટલે અમૃતનો આસ્વાદ, તેમાં શાંતિ છે, જીવનનો પરમ પરિતોષ છે. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી કે સ્વરૂપાનંદ સ્વામીને અશાંતિ થઈ ત્યારે એને નિવારવાનો ઉપાય સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે જ સૂચવ્યો હતો : 'પોતાના દિવ્ય ચરિત્રોનું પાન !'

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા અને મુક્તાનંદ સ્વામી મહારાજના દર્શને ગયા. પછી સ્વામીએ મહારાજને પૂછ્યું જે, "મહારાજ ! શાંતિ થાય તેવી વાત કરો." પછી મહારાજ ઘેરથી ચાલ્યા અને સાત વર્ષ વનમાં ફર્યા અને જે જે વનમાં ચરિત્ર કર્યા, તે સર્વે સ્વામીને કહી દેખાડ્યાં; તોપણ સ્વામી કાંઈ સમજ્યા નહીં. પછી વળી બીજે દિવસે સ્વામી મહારાજનાં દર્શને ગયા અને મહારાજને પૂછ્યું જે, "મહારાજ ! શાંતિ થાય તેવી વાત કરો." મહારાજ કહે, "કાલે કરી હતી ને ?" તોપણ સ્વામી કાંઈ સમજ્યા નહીં.

પછી ત્રીજે દિવસે મહારાજનાં દર્શને ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી! ગુજરાતમાં ફરવા જાઓ." પછી મહારાજે ગાડું જોડાવી દીધું, એટલે સ્વામી ફરવા ચાલ્યા. પછી સૌ સદ્‌ગુરુ સ્વામીને વળાવવા ગયા. પછી રાધાવાવે જઈ સૌ સદ્‌ગુરુ સભા કરીને બેઠા અને મુક્તાનંદ સ્વામીને ધાબળી પાથરીને તે ઉપર બેસાર્યા. પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, "સ્વામી ! તમને અચાનક મહારાજે ફરવાની આજ્ઞા કરી, તે શું ?" સ્વામી કહે, "હું ત્રણ દિવસ થયા મહારાજ પાસે જતો અને શાંતિ થયાની વાત પૂછતો, એટલે મહારાજે ઉપર લખેલી (પોતાના ચરિત્રની અને ગામડે ફરવા જવાની) વાત કહી."

પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, ‘‘અહોહો...! આટલું બધું મહારાજને તમારી સાથે હેત ! અને હું જ્યારે પૂછું જે, મહારાજ ! તમે વનમાં શાં શાં ચરિત્ર કર્યાં ? ત્યારે કહે, ‘હું ઘેરથી નીકળ્યો તે રામાનંદ સ્વામીને ભેગો થયો.’ ને તમારી ઉપર બહુ જ હેત.’’ પછી મુક્તાનંદ સ્વામી બહુ જ દિલગીર થઈ ગયા. ને સૌ સંતો પાછા ગઢડે આવ્યા અને મુક્તાનંદ સ્વામી ચાલતા થયા. પછી નિત્યાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, ‘‘મહારાજ ! મુક્તાનંદ સ્વામી ઉપર તમારે આટલું બધું હેત ?’’ પછી મહારાજ કહે, ‘‘સ્વામીને પાછા બોલાવો.’’ પછી બે સ્વારે જઈ સ્વામીને પાછા વાળ્યા. પછી સ્વામી ગઢપુર આવ્યા ને અક્ષરઓરડીમાં દર્શને ગયા. અને પોતે કીર્તન કર્યું જે, ‘ઠરવાનું ઠામ તમે મારું, બીજું સર્વે માયાનું લારું રે...’ તે કીર્તન સ્વામીએ કર્યાં. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૬૭)

એકવખત ગઢડામાં સ્વરૂપાનંદસ્વામીના શરીરે તાવ બહુ જ આવ્યો. અને શરીરમાં બળતરા બહુ જ થાતી હતી અને શ્રીજીમહારાજે મલિયાગર ચંદન ઘસાવી પોતાના હાથે સ્વામીને ચરચ્યું, તોપણ બળતરા મટી નહીં. પછી મહારાજ કહે, ‘‘સ્વામી ! આ દરબાર તથા ઓરડાનું તથા નળિયાનું ધ્યાન કરો.’’ પછી સ્વામીએ, દરબારમાં શ્રીજીમહારાજ પાંચસેં પરમહંસ સહિત સભા કરીને બેઠા છે; એમ મહારાજની મૂર્તિ ધારી એટલે શરીરનો વ્યાધિ નાશ પામ્યો. તેનું કારણ જે, મહારાજે દરબારનો મહિમા દેખાડ્યો. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૬૬)

વ્યાસમુનિ રૂપ ભગવાનનો અવતાર ઘણો સમર્થ કહેવાય. તેમણે લાખ શ્લોકનું મહાભારત રચ્યું અને સત્તર પુરાણો રચ્યાં. છતાં તેમના મનમાં અશાંતિ રહી. સંતોષ ન થયો. દેવતાઓનું મહત્ત્વ ઘણું કહ્યું, વ્રત, તપ, દાન અને યજ્ઞોનું મહત્ત્વ કહ્યું. તેનાથી જીવનો કોઈ કલ્પે મોક્ષ ન થાય, જેવી લોકોની રુચિ રહે તેવું લખ્યું. પંચવિષયમાં સુખ વધારે દેખાડ્યું. એટલે તે વિષયોમાંથી મન ક્યારેય છૂટે નહિ. ‘તે સુખમાં તો અપાર દુઃખ રહ્યું છે’ એવું ક્યાંય કહ્યું નહિ. વિષયી મનુષ્યને આનંદ થાય એવું વર્ણન ઠેકઠેકાણે કર્યું. તે દેખીને તો મનમાં બળતરા થવા લાગી અને તે વિષય સુખની પાછળ લોકો મરવા લાગ્યા. ભગવાનની ઈચ્છાથી નારદજી તેમને (વ્યાસમુનિને) મળ્યા. તેમણે વ્યાસજીના હૃદયને દેખ્યું. પછી અનંત પાપોનો નાશ કરનારા, પરમ પવિત્ર ભગવાનના ચરિત્રો છે એવું તેમને સમજાવ્યું.

જેમાં મોટા મોટા હંસ નહાય એવા તીર્થો આપે રચ્યાં નથી. પણ કાગડા જેવા વિષયી મનુષ્ય નહાય એવા તીર્થો આપે કર્યા છે. અને તેનાથી જ આપના અંતઃકરણમાં અસંતોષની આગ લાગી છે, તો તે આગને ઓલવનારા

તો ભગવાનના ચરિત્રો જ છે. હવે આપ ભગવાનના તે ચરિત્રોને કહો અને તેમાંથી આપના હૃદયમાં અપાર આનંદ થાશે. હરિના ચરિત્ર વિનાના તમારા તે પુરાણ-પુરાણા ગ્રંથોને તો સુજ્ઞ જનો કાક તીર્થ કહે છે, જે વિષયી લોકોને નરકનું દુઃખ આપવા માટે હરિચરિત્રથી  રહિત રચાયા છે. શ્રીકૃષ્ણથી કોઈ પર નથી. તેમના અનંત અવતારો થઈ ગયા છે. તેમના જન્મ-કર્મ અને ચરિત્રોના સમાન બીજું કાંઈ પવિત્ર નથી. જીવ વિનાનો દેહ જેમ મડદું કહેવાય, તેમ ચરિત્ર વિનાના ગ્રંથ પણ નિષ્પ્રાણ જ કહેવાય. આ ભૂમિ ઉપરના ભગવાન અને ભગવાનના જે ધામો રહ્યાં છે, જ્યાં જ્યાં ભગવાન વિચર્યા હોય અને જે જે ક્રિયાઓ (લીલાઓ) કરી હોય તેમને દિવ્ય કહેવી. તેનાથી તત્કાળ હૃદયમાં શાંતિ થઈ જાશે.

જેને ભગવાનનો સંબંધ થયો હોય તેવા મનુષ્ય, વૃક્ષ, વન, પશુ, પક્ષી, નદી અને સરોવર ઈત્યાદિ સહુથી પવિત્ર ગણાય. જેને ભગવાનનો સંબંધ છે એવા જે ઉપર કહ્યાં તેની આગળ દેવલોકને પણ નરકતુલ્ય કહ્યાં છે. જે જે આગળના દેવલોકો છે તે બધા અપાર દુઃખરૂપ છે. મુમુક્ષુ જીવનું મન બીજા વિષયોમાંથી સમૂળું ઊખડીને ભગવાનના સ્વરૂપમાં ચોંટે એવો વિચાર મનમાં કરો અને હવે ભાગવત પુરાણની રચના કરો. જે ભગવાનનું ભજન કરતા નથી તે સંસારમાં સુખ માને છે અને તેઓ મરીને જમપુરીમાં જાશે. ત્યાં તેને જમ અનંત દુઃખ દેશે. જમપુરીમાં સ્ત્રી-પુત્ર કે પરિવાર કોઈપણ સહાય કરી શકતા નથી. અનંત કલ્પો સુધી નરકના કુંડમાં અનંત જીવો દુઃખ ભોગવતા હોય છે.

આ જગતમાં જીવ વિષયના અલ્પ સુખને જે ભોગવે છે તેના ફળના રૂપમાં જીવને મેરુના જેવું મોટું દુઃખ ભોગવવું પડે છે. જ્યારે તે નરકયાતના ભોગવી રહે છે ત્યારે તેને ફરીવાર લખચોરાશીમાં ભટકવાનું શરૂ થાય છે. એકવીશ-એકવીશ લાખ વખત જન્મ લેવાની તે ચાર ખાણ કહેવાય છે. તેમાંથી જીવની ઘણી ભૂંડી ગતિ થાય છે. ભાગવતમાં તે બાબતનું ઘણું વર્ણન કરજો. એકવીશ લાખ દેહને એક ખાણમાં ધારવાનાં હોય છે. તેટલું એક ખાણમાં રહેવાનું. તેમાં જ કરોડો કલ્પ જેટલો સમય વીતી જાય છે. અને શ્રીકૃષ્ણનું ભજન તેમાં થાતું નથી.

શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં થયો. પછીથી તેઓ ગોકુળમાં આવ્યા. વસુદેવ-દેવકી, નંદ-યશોદા તેમણે પુત્ર માનીને ઘણા લાડ લડાવ્યાં. કંસ આદિ દૈત્યોના સ્વભાવને ભાગવતમાં કહેવા. જેનાથી તેનો સહુને અભાવ આવે. ભગવાને ગોપીઓ અને ગોવાળોને સુખ આપ્યું. તેમના સમાન બીજો કોઈ ભાગ્યશાળી કહેવાય નહિ. જે દેવરાજ ઈન્દ્ર પદ ભગવાને જ આપ્યું છે. તે અભિમાનથી મલિન

થયેલો ઈન્દ્ર ક્રોધ કરીને ગોકુળ ઉપર મેઘ લઈને ચઢી આવ્યો. ભગવાને બ્રહ્માને પણ પોતાના સમાન સામર્થ્ય આપ્યું હતું. તેને બધું નિપુણતાથી લખવું.

દેવોમાં જે સામર્થ્ય છે તે પણ શ્રીકૃષ્ણ ભગવાને જ આપ્યું છે. અનંત કોટિ બ્રહ્માંડ પણ શ્રીકૃષ્ણને આધીન છે. કૃષ્ણ વિનાનું સુખ તો મડદાને શણગાર્યા જેવું છે. મડદાની શોભા શી હોઈ શકે. તે પુરાણમાં ચાર પ્રકારના પ્રલયની વાત વારંવાર કહેવી. સાક્ષાત્ શ્રીકૃષ્ણ અને તેમનું જે ધામ તેનું વર્ણન કરવું. એક કૃષ્ણ સિવાય જેનું જેનું નામ છે તે બધાનો વિનાશ થાય છે. જે સમર્થ દેવો કહેવાય છે તે પણ શ્રીકૃષ્ણના શરણ સિવાય કોઈ બચતા નથી. એવું પુરાણ કરો કે કૃષ્ણ સિવાય અન્ય કોઈ સમર્થ નથી. એટલે મનુષ્ય જ્યારે ભગવાનમાં ચોંટે ત્યારે તેનું કલ્યાણ થાય. આટલું કહીને તે નારદ પ્રસન્ન મનથી ચાલ્યા ગયા. વ્યાસજી શ્રીકૃષ્ણ ચરિત્રરૂપી મોટા ધરામાં ડૂબી ગયા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૩૪)

ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૩૫મા વચનામૃતમાં કહે છે : ''અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામ સ્મરણ તે કલ્યાણકારી છે.'' વળી, આ જ વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ્ઞા આપતાં કહે છે : ''તમે સર્વે છો તે મને ભગવાન જાણો છો, તે અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગા થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવા ને સાંભળવા ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે.''

ભગવાને આ પૃથ્વી ઉપર અનેક અવતારો લઈ આવા અનેક ચરિત્રો કરેલા છે. એ ચરિત્રોનું વાંચન, શ્રવણ અને મનન કરી અનેક ભક્તો ભગવાનના આનંદમય ધામને પામી ગયા છે. એમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલા ચરિત્રો તો અનોખા જ છે. કારણ કે, આ ભગવાન શ્રીહરિ તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ અક્ષરધામાધિપતિ છે. માટે તેમની લીલાનું થોડું જ ચિંતવન કરનાર પણ મોટી પદવીને પામે છે.

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃસાગર' ગ્રંથમાં ભગવાન શ્રીહરિના 'લીલાચરિત્રો'નો મહિમા વર્ણન કરતા લખે છે :

**'હરિ કે ચરિત્ર રસાલ, એહિ સમ રસ ન અન્ય કોઉ;**
**જાનત બુદ્ધિ વિશાલ, પ્રગટ પ્રભુ ઉપાસી જેહિ.**

**ચિંતામનિ સમ જાનિ, હરિ કે ચરિત્ર પરમ રસ;**
**પાન કરત જે પ્રાનિ, ધન્ય ધન્ય સો ધન્ય તેહિ.'**

ભગવાન શ્રીહરિના ચરિત્રો સર્વે રસથી ભરપૂર છે, તેના જેવો બીજો કોઈમાં ક્યાંય રસ નથી. આ બાબતને તો સમર્થ શ્રીહરિના પ્રગટ ઉપાસી વિશાળ બુદ્ધિના સંતો-હરિભક્તો જ જાણી શકે છે. શ્રીહરિના ચરિત્રને પરમ રસપૂર્ણ અને ચિંતામણિના સમાન સમજીને જે લોકો તેનું પાન કરે છે, તેને ખૂબ જ ધન્ય ધન્ય છે, ધન્ય છે. શ્રીહરિના ચરિત્ર અલૌકિક કહેવાય પ્રેમી ભક્તો તેને એક પળવાર પણ ભૂલતા નથી. ચાલતાં, બેસતાં, સૂતાં, ખાતાં અને પીતાં, જ્યારે દેખો ત્યારે તેને સંભારતા જ હોય છે. જેમ કોઈ ઘણું મેલું કપડું શુદ્ધ જળમાં ધોવાથી તત્કાળ શુદ્ધ થઈ જાય છે, તેમ શ્રીહરિચરિત્રને સંભારવાથી મનના મેલ ધોવાઈ જાય છે, પાપ તથા ત્રણેય તાપ ટળી જાય છે અને સહેજે ભવસાગર તરી જવાય છે.

માનવ જીવનમાં ભવરોગનું મોટું સંકટ છે. તે રોગ ટાળવાનું ઔષધ હરિચરિત્ર શ્રવણ છે. તેના જેવું કોઈ ઔષધ નથી. હરિચરિત્ર સાંભળતાની સાથે જ દુઃખ દૂર નાસી જાય છે. હરિચરિત્ર સુખનો ખજાનો છે. તેને દૂર છોડવો નહિ. તે સિવાય બીજું બધું ખોટું છે, માટે તેને હૃદયમાં રાખવું નહિ.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧/૪)

ભગવાન શ્રીહરિ માંગરોળ સમુદ્રમાં સ્નાન કરવા ગયા ત્યારે સમુદ્ર વિપ્રનું રૂપ લઈને ભગવાન શ્રીહરિની પાસે આવ્યો અને સ્તુતિ કરતાં કહ્યું : “હે નાથ! આપના તમામ ચરિત્રો અમૃતના સિંધુ સમાન છે. આપના સ્વરૂપનું તથા ચરિત્રોનું ચિંતવન થાય તેટલું જ હું સુખ માનું છું. અને એ જ સાચું જ્ઞાન છે, ધ્યાન છે, એ જ સર્વે શાસ્ત્રોના સારનું પણ સાર છે. આપના ચરિત્રોના ચિંતવન સિવાયનું અન્ય જે ચિંતવન છે તેમાં તો દુઃખનો પાર જ નથી.” (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૬/૬૯)

જૂનાગઢમાં સર્વાવતારી શ્રીહરિના મુખથી ભગવદ્‌મહિમાની વાતો સાંભળતા મુક્તાનંદ સ્વામીને સમાધિ થઈ. પછી પર્વતભાઈના કહેવાથી મહારાજે સ્વામીને જગાડ્યા અને આજ્ઞા કરતાં કહ્યું :

**'હમારો પ્રગટ ચરિત્ર, તુમારે કરનો ચિંતવન;**
**સબ સે પરમ પવિત્ર, પ્રગટ ભયે જાંઈસે અબ.**
**એહિ સમ શાંતિ ન કોઈ, બ્રહ્મ સુખસે કોટિ ગની હે યહ;**
**વચન હમ કહત સોઈ, કાવ્યકીર્તન એહિ કરનો સદા.'**

“હે સ્વામી ! હવે પછી તમારે અમે પ્રકટ થયા ત્યારથી આરંભીને, સૌથી

પરમ પવિત્ર એવા અમારા પ્રકટના ચરિત્રોનું ચિંતન કરવું. બ્રહ્મ સુખ કરતા પણ કરોડગણું શાંતિદાયક આ ચરિત્ર-ચિંતન છે. તેના સમાન કોઈ બીજું શાંતિદાયક નથી. અમે તમને તે આજ્ઞા કરીએ છીએ કે અમારા પ્રકટના ચરિત્રોના જ કાવ્ય કીર્તનાદિકને તમે કરતા રહો.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૬/૮૦/૨૭-૨૮)

શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૫મા વચનામૃતમાં કહે છે : ''આ ગામમાં આવી રીતે મહારાજની તથા પરમહંસની સભા થઈ અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ ઈત્યાદિક જે ભગવાનના ચરિત્ર તેને વારંવાર સંભારવા અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે, એ જેવો બીજો નથી.''

ભગવાન શ્રીહરિના ચરિત્રોની મહત્તા ગાતા 'શ્રી પુરુષોત્તમલીલા' નામના ગ્રંથના અધ્યાય ૫૯માં ભુજનિવાસી સ.ગુ. શ્રી અચ્યુતદાસજી સ્વામી લખે છે : ''જે કોઈ જનો રોગાદિકે કરીને મહાકષ્ટને પામેલા હોય તથા રાજસમૃદ્ધિએ કરીને અવરાઈ ગયા હોય, તે સર્વે જનો શ્રદ્ધાએ સહિત પ્રેમમગન થઈ શ્રીજીમહારાજના ચરિત્રને ગાશે કે સાંભળશે તથા જે કોઈ પ્રાણી અતિશે પાપી હોય તેના કાનમાં અજાણે શ્રીજીમહારાજના ચરિત્રોના શબ્દ પડશે, એટલે તે સર્વેની પિત્રીએ સહિત ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થાશે અને આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને પામશે.''

વળી, સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી 'શ્રી ઘનશ્યામલીલામૃત' ગ્રંથમાં કહે છે :

**'ભાગવત થકી કોટિ ઘણું, ફળ મળે આ ચરિત્ર તણું;**
**એમાં કોઈ ન કરશો સંદેહ, વાત નિશ્ચે કરેલી છે એહ.**
**આ તો અવતારીના ચરિત્ર, અક્ષરાધિપતિનાં પવિત્ર;**
**જે સુણે તેનાં સંકટ વામે, અંતે અક્ષરધામને પામે.'**

(પૂર્વાર્ધ : તરંગ - ૧૦૯)

ભગવાન શ્રીહરિના દિવ્ય યા માનુષી સર્વે ચરિત્રો બ્રહ્મઅગ્નિ છે. તેનાથી ચાહે તેવા છૂપા વાસનાનાં બીજ હોય તોપણ તે બળી જાય છે. હરિચરિત્રરૂપી બ્રહ્માગ્નિ સિવાય ચાહે તેવા મોટા મોટા અગ્નિ હોય તોપણ કરોડો કલ્પેય તે વાસનાનાં બીજ થોડાં પણ બળે નહીં. હરિચરિત્રની આવી મહત્તા છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં ભગવાનના માનુષિક અને દિવ્ય ચરિત્રો વિષે જણાવતાં કહે છે : ''જ્યારે જીવોના કલ્યાણ અર્થે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વીને વિષે વિચરે છે, ત્યારે ભગવાનના કેટલાંક ચરિત્ર તો દિવ્ય હોય ને કેટલાંક ચરિત્ર તો માયિક જેવાં હોય, તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર

ધાર્યો ત્યારે દેવકીવસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું તથા ગોવર્ધન તોળ્યો તથા કાળીયનાગને કાઢીને યમુનાજીનું જળ નિર્વિષ કર્યું તથા બ્રહ્માનો મોહ નિવારણ કર્યો તથા અક્રૂરજીને યમુનાના જળને વિષે દર્શન દીધું તથા મલ્લ, હસ્તિ, કંસાદિ દુષ્ટને મારીને સર્વ યાદવનું કષ્ટ નિવારણ કર્યું. તેમજ રામાવતારને વિષે ધનુષ ભાંગ્યું તથા રાવણાદિક દુષ્ટને મારીને સર્વ દેવતાનું કષ્ટ નિવારણ કર્યું, ઈત્યાદિક જે પરાક્રમ તે ભગવાનનાં દિવ્ય ચરિત્ર કહેવાય, અને સીતાહરણ થયું ત્યારે રઘુનાથજી રોતારોતા ઘેલા જેવા થઈ ગયા તથા કૃષ્ણાવતારમાં કાળયવનની આગળ ભાગ્યા તથા જરાસંધની આગળ હાર્યા ને પોતાની રાજધાની જે મથુરા તેને તજીને સમુદ્રના બેટમાં જઈ વસ્યા ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તે પ્રાકૃત જેવાં જણાય છે. માટે દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો અને ભગવાને ગીતામાં કહ્યું છે જે, **'जन्म कर्म च मे दिवयमेवं यो वेत्ति तत्त्वतः । त्ययक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥'** એ શ્લોકનો એમ અર્થ છે જે, હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે, તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો મને જ પામે છે, માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનના તે ચરિત્રમાં અભાવ આવે નહિ, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય અને એ શ્લોકમાં કહ્યું જે, ફળ તે આવા ભક્તને જ થાય છે. અને જેમ ગોપીઓ ભગવાનનાં ભક્ત હતાં તે કોઈ રીતે ભગવાનનો અવગુણ લીધો જ નહિ અને રાજા પરીક્ષિતે તો ગોપીઓની વાત સાંભળી એટલામાં જ ભગવાનનો અવગુણ લીધો. પછી શુકજીએ ભગવાનનું સમર્થપણું દેખાડીને તે અવગુણને ખોટો કરી નાખ્યો. માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વને ગોપીઓની પેઠે દિવ્ય જાણે પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ, એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે અને એક બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ન આવે એ તો અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય છે, ત્યારે તેને ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે અને એવી ભક્તિ છે તેજ પરમપદ છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૧૦)

વળી, ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૧૭મા વચનામૃતમાં

સ્થિતપ્રજ્ઞ સ્થિતિની વાત કરતા કહે છે : "...જેને ભગવાનના સ્વરૂપને વિષે કોઈ જાતનો ઘાટ ન હોય અને જેમ ભગવાનનું સમર્થપણું હોય ને તેનું ગાન કરે તેમ જ અસમર્થપણું હોય તેનું પણ ગાન કરે અને જેમ ભગવાનનું યોગ્ય ચરિત્ર હોય તેનું ગાન કરે તેમજ જે અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે પણ ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય એવો ઘાટ ઘટે નહીં, એવો જે ભગવાનનો ભક્ત હોય તેને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો."

ચરિત્રમાં સંશય ન કરે તેવા સાચા ભક્તનું લક્ષણ જણાવતાં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃસાગર' ગ્રંથમાં કહે છે : "જે નર કે નારીનાં પૂર્વનાં ઘણા મહાન શુભ પુણ્ય પ્રકટ થયાં હોય તેમને ભગવાનનાં તે ચરિત્રોને દેખીને મનમાં ઘણી ભાવના વધે છે. તે ભગવાન શ્રીહરિ ચાહે તેવાં ચરિત્ર કરે, પણ પુણ્યાત્મા મનુષ્યને તે ચરિત્રો પરમ અમૃતમય જણાય. પરમેશ્વરની દયા વિના આવી સમજણ કોઈને આવે નહિ. પ્રભુનો કૃપાપાત્ર ભક્ત ભગવાનનાં ઊલટાં જેવા જણાતા મનુષ્ય ચરિત્રોને પણ સૂલટાં સમજી લે છે. સાચા ભક્ત છે તે ભગવાન જો વિપરીત ચરિત્ર કરે તોપણ તેને મોક્ષદાયક જ માને. ભગવાનનાં તેવા ચરિત્રોમાં પણ તેમની પરમ કૃપાને માને પણ તેમાં દોષ ન જુએ, અવગુણ ન લે. જે ભગવાનનો કૃપાપાત્ર હોય તે ભક્તની સમજણ કાયમ એકસરખી જ રહે છે પણ મનુષ્ય ચરિત્ર દેખીને તેને તેમાં ભ્રમ પેદા થતો નથી. જેને ભગવાનમાં પ્રેમ કરવો હોય તેણે પોતાનાં મનનું કૃત્ય છોડી દેવું જોઈએ." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૬/૨૧/૧૭-૨૦)

મનુષ્યાકાર શ્રીહરિ ધરતી ઉપર કાયમ રહેતા નથી, પરંતુ ચરિત્રરૂપી શ્રીહરિ તો બ્રહ્માંડ રહે ત્યાં સુધી રહે છે. અને આ ચરિત્રરૂપી જહાજ દ્વારા કરોડો જીવોનું કલ્યાણ થાય છે. પ્રગટ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્રો સાગરની જેમ અગાધ અને અપાર છે. ભક્તોના મનોરથ પૂરા કરવામાં ચિંતામણી સમાન છે. ચરિત્રો ભગવાન શ્રીહરિની કરુણા, પ્રેમ, ઉદારતા, ભક્તવત્સલતા અને સહાનુભૂતિ જેવા અનેક સદ્‌ગુણોને સમજાવનારા છે. એટલું જ નહિ, પરંતુ ભગવાન શ્રીહરિની અખંડ સ્મૃતિ કરાવનારા છે. એટલે જ આપણા અનેક સંતો-ભક્તોએ ભગવાન શ્રીહરિના સ્વરૂપનું અખંડ ચિંતવન કરવા માટે જ ભગવાન શ્રીહરિના ચરિત્રોનું આલેખન કર્યું છે.

**'आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः ।**
**इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा ॥'**

આવા ધ્યેય સ્વરૂપ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખંડ

ચિંતવન થાય તેથી વિશેષ જીવનનો કોઈ લાભ નથી. ભગવાન શ્રીહરિનું એક સર્વોપરી વિધાન છે કે, "ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી." (વચ. ગ.પ્ર. ૧)

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે : **'श्रृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः स्मरन्ति ननदन्ति तवेहितं जनाः । ते एव पश्यन्त्यचिरेण तावकं जनाः । ते एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं पदाम्बुजम् ॥'** - હે ભગવન્ ! જે જનો આપના ચરિત્રોને સાંભળે છે, સંભળાવે છે, વારંવાર ગાય છે, ચિંતન કરે છે કે ચરિત્રોને વખાણે છે; તેઓ સંસાર-સાગરની નિવૃત્તિ કરનાર આપના ચરણારવિંદને તત્કાળ પામે છે. (શ્રીમદ્ ભાગવત : ૧/૮/૩૬)

આ કઠણમાં કઠણ સાધન તથા મોટામાં મોટી પ્રાપ્તિને સિદ્ધ કરવાનો સહેલામાં સહેલો ઉપાય છે - ભગવાન શ્રીહરિના લીલા-ચરિત્રોનું વાંચન-શ્રવણ તથા ચિંતન-મનન કરવું. શ્રીજીમહારાજની લીલાના માધ્યમે મહારાજની મૂર્તિમાં સહેજે જ મન રહે છે. એટલે જ સંપ્રદાયના સુજ્ઞ સંતો-હરિભક્તો મોટી ઉમરે મહારાજની લીલામય રહેતા હોય છે. લીલા-ચરિત્રોથી ભગવાન શ્રીહરિ તથા સંતો-હરિભક્તોમાં મહિમા, જ્ઞાન અને વૈરાગ્યનું સહજતાથી પોષણ થાય છે. સંતો-હરિભક્તોમાં સુહૃદપણું તથા આત્મીયતા પણ તેનાથી પુષ્ટ બને છે.

ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવા માટે લીલાચરિત્રોનું ચિંતવન કરવું તે જ સરળ ઉપાય છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિવિચરણ' ગ્રંથમાં ચરિત્રોરૂપી ઉપાય દર્શાવ્યો છે. સ્વામી ચરિત્રોનો મહિમા કહેતા લખે છે :

**'અમૃતવત હે હરિકે ચરિત્ર, જ્યું સુધી ટેડી ગંગ કરત પવિત્ર;**
**ઐસે જાનકે જાહ્નવી નાહના, શુદ્ધાશુદ્ધ વાકું જો ન જાના.**
**જ્યુંસુરસરિતાસબકુંસુખરૂપા, તૈસેહરિજશઅતિશેઅનુપા;**
**સો તો લગત હરિજનકું પ્યારા, કહત સુનત સો વારમવારા.'**

(નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત હરિવિચરણ : ૮/૪૪-૪૫)

'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે શ્રીજીમહારાજ કહેતા કે :

**'ભવજળ પાર ઉતરવા, જાણો મારા ચરિત્ર છે ઝા'ઝ;**
**માટે સૌને સંભારવા, એમ શ્રીમુખે કહે મહારાજ.**
**જન્મ કરમ જે માહેરા, ગાયે સાંભળે સંભારે સોય;**
**તે જન જરૂર જાણજો, મારા ધામના વાસી હોય.**

**એમાં કાંઈ અટપટું નથી, જાણી લેજો જન જરૂર;**
**અન્ય ઉપાય અળગા કરી ધારી લિયો એટલું ઉર.'**

(શ્રી પુરુષોત્તમ પ્રકાશઃ ૧૬)

વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડના ૪૦મા સર્ગમાં એક પ્રસંગ છે કે, રાવણનો વિનાશ કરીને ભગવાન શ્રીરામચંદ્રજી અયોધ્યા પધાર્યા. પછી દરેક રીંછોને તથા વાનરોને વિદાય આપતા હતા ત્યારે રામપ્રિય એવા હનુમાનજીએ શ્રીરામ પાસે માગ્યું : "હે પ્રભુ ! જ્યાં સુધી પૃથ્વી પર રામકથા થયા કરે ત્યાં સુધી મારા પ્રાણ મારા શરીરને ન છોડે. હું તમારા દિવ્ય ચરિત્રની કથા હંમેશાં સાંભળ્યા કરું."

આ બધાથી વિશેષ લીલાચરિત્ર અને સંતો-હરિભક્તોમાં સ્નેહનું પ્રયોજન શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં બતાવ્યું છે કે : "જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતાર કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા. તે શા સારુ જે, કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તોપણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય, તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય."

સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત 'શ્રી સ્વામિનારાયણ વિચરણલીલામૃત'માં સ્વામી લખે છે : "...ભગવાનનાં ચરિત્ર તો સર્વે ગાન કરવા યોગ્ય છે ને સાંભળવા યોગ્ય છે. જેમ સાકરનું નાળિયેર હોય તેમાં ત્યાગ-ભાગ હોય નહીં તેમ. અને વેદશાસ્ત્ર તે તો તેમના દાસનાં કરેલા છે તે આપણે સર્વે પાળવાં. અને ભગવાન તો અવતાર લઈને નજરમાં આવે તેવા ચરિત્ર કરે. ને શાસ્ત્ર પ્રમાણે વર્તે અથવા શાસ્ત્રથી બહાર વર્તે, પણ તે જ ચરિત્ર ગાવાં ને સાંભળવાં. ...ને ભગવાન જે જે ચરિત્ર કરે તે તો જીવના કલ્યાણને અર્થે ને ભગવાનના ભક્તને ગાવા ને સંભારવા જોગ્ય છે, ને ધ્યાન કરવા જોગ્ય છે."

(શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૧૭)

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી સ્વાનુભવ સિદ્ધ હરિચરિત્રોનો મહિમા કહેતા લખે છે :

શ્રીહરિની આવી બધી (લીલાચરિત્રોની) વાતો ઝાઝી કહીએ તો જે થોડી બુદ્ધિવાળા હોય તે ગમે તેમ બોલે. અને તેવા અજ્ઞાની લોકોથી તો હું કહી ન શકાય તેટલો ડરું છું. જે બુદ્ધિથી અંધ હોય છે, તે લોકો તો પોતાની ઉત્પાત કરનારી નાની એવી વાતને પણ ઘણી શ્રેષ્ઠ કરીને માને છે. એટલે શ્રીહરિના ચરિત્રને કહેતા તો હું અજ્ઞાની લોકોથી થર થર ધ્રૂજુ છું. પણ શ્રીહરિચરિત્રને કહેતા ક્યારેય મારું મન તૃપ્ત થાતું નથી અને ભાવ અધિક રહે છે. શરીરમાં પણ વ્યથા થાય છે, તે બધી વાતો ઝાઝી કહેવાય નહિ. હું તો શ્રીહરિના ચરિત્રોમાં ચિત્તને પરોવું છું તેટલીવાર તે બધી પીડા દૂર રહે છે.

શ્રીહરિના ચરિત્રોને કહેવામાં કે સાંભળવામાં જેને ભાવ ન હોય તે મનુષ્ય તો પશુના સમાન કહેવાય છે. એમ વ્યાસ મુનિએ વારંવાર કહ્યું છે. મનુષ્ય દેહ પામ્યાનું ફળ એટલું જ છે કે, 'જે શ્રીહરિના ચરિત્રો છે તેને અમૃત જાણીને તેનું પાન કરીએ અને તે પાન થાય ત્યારે જ મનુષ્યદેહ મળ્યો એ સાર્થક છે.' પૂર્વે પ્રહ્લાદ, પ્રિયવ્રત ઈત્યાદિક જેટલા ભગવાનના ભક્ત થયા, તે બધાની સમજણ આવી જ હતી કે, શ્રીહરિના જે કાંઈ ચરિત્રો છે તેના સમાન બીજી કોઈ વાત નથી. આવી જેને સમજણ હોય તે જ ભગવાનના સાચા ભક્ત કહેવાય છે, અને તેવી સમજણ વિનાના તો કાચા ગણાય છે.

જેનો જેવો ભાવ હોય તેને ભગવાન તો દેખે જ છે. હું મારા મનમાં આવો ઠરાવ કરીને શ્રીહરિના આ ચરિત્ર લખી રહ્યો છું. જ્યાં સુધી ભગવાનનો રાજીપો રહેશે અને શરીરની સાનુકૂળતા રાખશે, ત્યાં સુધી શ્રીહરિના જેટલા ચરિત્રો છે તેને શ્રદ્ધા રાખીને મારે લખવા છે. જ્યાં સુધી હું શ્રીહરિના આ ચરિત્રને લખું છું, ત્યાં સુધી જેવા શ્રીહરિ હતા તેવા જ તે ચરિત્ર કરી રહેલા મને પ્રત્યક્ષ સમીપ દેખાય છે. આ ચરિત્ર લખવામાં આટલો મને લાભ થાય છે. જેણે ક્યારેય શ્રીહરિના દર્શન કર્યાં ન હોય, તેને દર્શન કરવાની રીતે (મારી જેમ સાક્ષાત્‌ભાવ રાખે તો) આ ચરિત્રોએ કરીને શ્રીહરિ પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે. જેને શ્રીહરિના દર્શનની રીત સમજાતી ન હોય, તેને ક્યારેય શ્રીહરિ દેખાતા નથી. દર્શનની રીત જાણ્યા વિના જ તેને પ્રત્યક્ષ અને પરોક્ષના ભાવો રહે છે.

ભગવાનના પરોક્ષ ચરિત્રની જેમ જ જે ભક્ત ભગવાનના પ્રત્યક્ષ ચરિત્રને દિવ્ય કરીને માને છે, તે ભક્ત જ ખરેખર પ્રમાણભૂત ગણાય છે. આવા જે ભક્ત

હોય છે, તેની બુદ્ધિ વિષમ દેશકાળને લીધે પણ ક્યારેય ફરતી નથી. ભગવાન તો વારેવારે અવતાર ધરીને આવતા જતા રહે છે અને શ્રીહરિ ઘણા ચરિત્ર કરે છે. જે ભગવાનના ભક્ત કહેવાય છે તે શ્રીહરિના આ ચરિત્રનું દિવ્ય જાણીને ગાન કરે છે અને રાત-દિવસ તે ચરિત્રમાં તલ્લીન થઈને રહે છે, તે ભક્ત મહાન છે. ભગવાન પ્રગટ થઈને આ ભૂમિ ઉપર ચરિત્ર કરે છે પછી ભગવાન અદૃશ્ય થઈ જાય છે પણ ચરિત્ર દ્વારાએ તે ભગવાન પ્રગટ રહે છે. જ્યારે જ્યારે ભગવાન પ્રગટ થઈને ચરિત્ર કરે છે તે ચરિત્ર ક્યારેય પરોક્ષ થતાં નથી. પરંતુ જ્યાં સુધી ભક્ત ચરિત્રને પરોક્ષ જાણે છે ત્યાં સુધી તેનો મોક્ષ થાતો નથી.

ભગવાનના ચરિત્રોને દિવ્ય સમજવા તેમાં જ નિશ્ચિત મોક્ષ રહ્યો છે. ભગવાન તો સદાય અજન્મા છે. તેઓ જન્મે રહિત હોવા છતાં પણ જન્મ લે છે. બ્રહ્માદિક દેવતાઓના કળ્યામાં પણ ન આવે એવા તેમના ચરિત્ર કહેવાય છે. અને જ્યાં સુધી એ ભગવાનના ચરિત્રોમાં મોહ થતો હોય છે ત્યાં સુધી ગમે તેવો મોટો હોય તોપણ તે વારંવાર જન્મને પામે છે. ભગવાનના ચરિત્ર જેવા હોય છે તેવા જે જાણે છે તેવી તે મોટપને પામે છે. જીવનું બંધન અને મોક્ષ ચરિત્રોમાં રહ્યા છે અને તે પ્રગટ દેખાઈ આવે છે. ભગવાનના જે કોઈપણ ચરિત્ર કહેવાય છે તેને જે દિવ્ય સમજે છે તે દિવ્યભાવને પામીને રહે છે. જેમ મનુષ્યને દર્પણમાં પોતાનું મોઢું જેવું હોય તેવું દેખાય છે, તે રીતે જ અહીં પણ બંધન મોક્ષ દેખાય છે. શ્રીહરિ ક્યારેક ક્યારેક આવી બધી વાતોને સહજભાવે કરતા હતા અને તે જો લખીએ તો સંભારવાને માટે કાયમ રહે છે. (પૂર : ૨૬, તરંગ - ૨૦)

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે: “ભગવાનના ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો, બીજો શમ્યો ને ત્રીજો કરવો. એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહિ.” એમ કહીને પછી ભૂતનું દૃષ્ટાંત વિસ્તારીને કહી દેખાડ્યું ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “એવી રીતે ભગવાનના જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસના જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે, તો સત્સંગ થયાં તો દશ-પંદર વર્ષ થયાં હોય તે એનો તો પાર જ ન આવે. અને તે એવી રીતે સંભારવા જે, ‘આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઈ અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ’ ઈત્યાદિક જે ભગવાનના ચરિત્ર તેને વારંવાર સંભારવાં. અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે, એ જેવો બીજો નથી.”

આ રીતે સર્વાવતારી ભગવાન શ્રીહરિના લીલાચરિત્રો સંભારી રાખવાથી અર્થાત્ તેનું સ્મરણ અને અનુસ્મરણ કરવાથી કે તેને વાગોળવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવા ત્રિવિધ તાપ શમી જાય છે, શાશ્વત શાંતિનો અનુભવ થાય છે. અને અંતકાળે તેની સ્મૃતિ થઈ આવે તો ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૫૮માં વચનામૃતમાં જણાવ્યા પ્રમાણે પોતાના ઈષ્ટદેવના જીવનચરિત્રોના કથન, વાંચન, શ્રવણ અને સ્મરણ અને ચિંતનથી એમનો મહિમા સમજાય છે, આજ્ઞા અને ઉપાસનાની દઢતા દ્વારા આધ્યાત્મિક પુષ્ટિ પણ થાય છે. અધ્યાત્મ-માર્ગે વિશેષ પ્રગતિ થાય એવી પ્રેરણાની સાથે સાથે માર્ગદર્શન અને પોષણ પણ પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રીહરિ લીલાચરિત્રો વિષે 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં કહે છે :

■ શ્રીહરિના ચરિત્રરૂપી રસ આગળ બીજા રસ તો સાકરની આગળ લવણ સમાન છે. જે ભક્તો શ્રીહરિના ચરિત્રરસના ભોગી થાય છે તેમના બધા જ દુઃખોનો નાશ થઈ ગયો છે. જે સુખમાત્ર કહેવાય છે તે બધા જ શ્રીહરિના ચરિત્રોમાં આવીને રહ્યા છે. આ હરિચરિત્રોથી અન્ય ઊંચું કોઈ સુખ નથી, એમ ભવ અને બ્રહ્માદિક દેવો પણ કહે છે. યોગ અને તપનું પણ ખરું ફળ એ છે કે શ્રીહરિના ચરિત્રોમાં સ્નેહ કરવો. જેને શ્રીહરિના ચરિત્રોમાં પૂર્ણ સ્નેહ થયો હોય તેના અનંત સાધન પૂરા થઈ ગયા છે, એમ જાણવું અને તેનું જ નામ મોક્ષ કહેવાય છે. શ્રીહરિના ચરિત્રોમાં સ્નેહ કરનારાને ફરીવાર ભવભટકણ રહેતું નથી. ભગવાન શ્રીહરિના અક્ષરધામમાં જઈને પણ ભગવાનના ભક્તે શ્રીહરિના ચરિત્ર અખંડ સાંભળવાના છે, એટલું ભગવાનના ભક્તે કરવાનું છે. શ્રીહરિના ચરિત્રોને સાંભળ્યા પછી શ્રીહરિની મૂર્તિમાં જીવને બળપૂર્વક જોડી દેવાનો છે. તેને એક પલક વાર પણ દૂર થવા દેવાનો નથી અને બીજી બધી વાસનાને તોડી દેવાની છે. શ્રીહરિની મૂર્તિમાં એવો રસ રહ્યો છે કે તેમના ચરિત્રોને સાંભળતા મન તૃપ્ત થાય નહિ. જેમ ચકોર પક્ષી ચંદ્રમા સિવાયની અન્ય કોઈ વસ્તુને દેખતા નથી તેમ મૂર્તિરસનો ભોગી ભક્ત બીજાની સન્મુખ દેખતો જ નથી. (પૂર : ૮, તરંગ - ૫૭)

■ અમારા જે જન્મ ચરિત્ર છે તેને દિવ્ય જાણીને ભક્તજને ચિંતવવા. તેને ઘણા જ હરખથી કહેવા અને સાંભળવા અને તેના જેટલો પ્રેમ અન્ય કોઈમાં ન રાખવો. અમારા ચરિત્રોમાં સર્વોપરિ પ્રેમ રાખવો. ચિત્તને તેમાં ચોંટાડી રાખવું. ચિત્ત જેટલું ચરિત્રોનું ચિંતન કરશે તેટલું તે વધારે પવિત્ર થાશે.

**'અમાયિક ચિતવે દિવ્ય હિ રૂપા, તેસી ગતિ જન પાવે અનૂપા;**
**જાકો ભવભટકન અંત આવે, હમારે ચરિત્ર મેં રુચિ કરાવે.**

**ભવભટકન આયે વિન જેહા, યામેં રુચિ કરત નહીં તેહા;**
**યામેં રુચિ કરે વિન કબહુ, ભવભટકન જો ટરત ન તબહુ.**
**ચરિત્ર સુને મેં રુચિ ભઈ જાકુ, મોક્ષ મેં સંશય ન રખના તાકુ;**
**મોક્ષ કે ખપ વિન રુચિ ન હોવે, જ્ઞાની જન સો એસે જોવે.'**

ભક્તજન અમારા તે અમાયિક દિવ્યરૂપ ચરિત્રોને જેટલા ચિંતવશે તેટલી તે અનુપમ દિવ્ય ગતિને પામશે. જેણે આ ભવમાં ભટકવાનો અંત લાવવો હોય તેણે અમારા ચરિત્રોમાં રુચિ-પ્રેમ રાખવો. સંસારમાં ભટકીને દુઃખ ભોગવ્યા સિવાય મનુષ્યને ચરિત્રોમાં રુચિ થાતી નથી અને અમારા ચરિત્રોમાં રુચિ-પ્રેમ કર્યા સિવાય ક્યારેય સંસારની અથડામણ ટળવાની નથી. જેને અમારા ચરિત્ર સાંભળવાની રુચિ થઈ હોય તેણે પોતાના મોક્ષ બાબતનો સંશય રાખવો નહિ. જ્ઞાની પુરુષોનું એવું માનવું છે કે મોક્ષના ખપ વિના ચરિત્ર શ્રવણમાં રુચિ થાતી નથી. જગતમાં જેટલા અજ્ઞાની લોકો છે તેમને અમે આંધળા અને બહેરા કહીએ છીએ. જે લોકો આંધળાની સાથે બહેરા પણ હોય તો તેમણે દુનિયામાં જન્મ લીધો હોય તે ન લીધા બરાબર છે. એટલા માટે જેને ચરિત્ર શ્રવણમાં પ્રેમ ન હોય તેને અભાગિયા જાણવા. તમારું તો મહાન ભાગ્ય છે એમ અમે માનીએ છીએ. કારણ કે આ સમયે તમને અમારો યોગ થયો છે.

અમારું જેવું સ્વરૂપ છે તેવું તમને આ સમયે ઓળખાયું છે. તમારા પૂર્વના અનંત જન્મોના તપનું ફળ તમને અત્યારે મળ્યું છે. આવી સર્વોત્તમ પ્રાપ્તિ થયા પછી પણ માણસ જો બીજા વિષયોને ચિંતવે છે, તે તો ચિંતામણિને હાથમાં લઈને સવારમાં ઘેર ઘેર ભીખ માગતો ફરે છે એમ સમજવું. ચિંતામણિ મળ્યા પછી પણ તે ભિખારી રહે, તો તેમાં ચિંતામણિ શું કરે ? તેમ આવા ચરિત્ર સાંભળ્યા પછી પણ જો તે ન રુચે, તો તેમાં તે દિવ્ય ચરિત્રો શું કરે ? અમારા જન્મથી લઈને અમે જ્યાં જ્યાં વિચર્યા હોઈએ તે બધા ચરિત્રોને ભક્તોએ પરસ્પર કહેવા અને સાંભળવા. ચિંતામણીમાં જે ફળ છે, તે તેની પાસે દેખાતું નથી પણ યોગ્ય સમયે તે બધું મળે છે. તેમ ચરિત્રોની બાબતમાં પણ સમજવું. (પૂર : ૯, તરંગ - ૩૫/૨૯-૪૦)

■ જે ભગવાનના ભક્તો છે તે તો નિત્ય ભગવાનના ચરિત્રોનું જ ગાન કરતા હોય છે, તેમને ચરિત્ર ઉપર જ અધિક તાન રહે છે. ભક્તો તો ભગવાનના ચરિત્રોની આગળ બીજા સાધનોને તો અત્યંત તુચ્છ માને છે. ચરિત્રના અભ્યાસી ભક્તો તો સૂર્યની આગળ પતંગિયાની જેમ ભગવદ્ ચરિત્રોની આગળ બીજા સાધનોને અતિ હીન માને છે. અને જે સાધનોનું બળ માનનારા છે તેઓ તો

ભગવદ્ ચરિત્રોમાં દોષ કલ્પે છે. તેઓ તો સાધનોથી જ પોતાનો મોક્ષ માને છે.

(પૂર : ૧૨, તરંગ - ૧૭)

■ જે તમને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, તેમના જે ચરિત્ર છે તેને વિષયી માણસને વિષયોમાં જેવું તાન હોય છે તેવા તાનથી કાનદ્વારા સાંભળવા. જે ભગવાન શ્રીહરિના ચરિત્રો છે, તેનું જ નામ ખરી બ્રહ્મવિદ્યા છે. ચરિત્રો સુખ મેળવવાનું ઠામ-ઠેકાણું છે, તે સિવાય બીજામાં તો અપાર દુઃખ ભર્યું છે.

(પૂર : ૧૪, તરંગ - ૪)

■ ભગવાન શ્રીહરિ વડતાલ રંગોત્સવ કરીને જ્યારે ગઢપુર આવ્યા ત્યારે સ્વરૂપાનંદ સ્વામી શરીરમાં ઘણા બીમાર હતા. દરબાર જીવાખાચરે સંતોને માટે જે જગ્યા બાંધી હતી ત્યાં સ્વરૂપાનંદ સ્વામીનો ઉતારો હતો. શ્રીહરિ રોજ અધરાત થતી ત્યારે તેમને જોવા માટે ત્યાં આવતા. શ્રીહરિ સ્વરૂપાનંદ સ્વામી ઉપર જેવું હેત હતું, તેવાં દર્શન વૈશાખ અને જેઠ બે મહિના સુધી આવીને નિત્ય દેતાં હતાં. ભગુજી અને જેહાજી બધા પાર્ષદોમાં શૂરવીર હતા એટલે શ્રીહરિ તેમને નિત્ય સાથે લાવતા. તેનાથી સંતને રાહત રહેતી હતી. શ્રીહરિ ત્યાં બેઠા પછી ચાર ઘડી સુધી નિત્ય નવી નવી વાતો કહેતા. ક્યારેક મોટા આત્માનંદ સ્વામીની ચમત્કારી વાતો કહેતા.

શ્રીહરિ અત્યંત આશ્ચર્યકારી ષટ્ચક્રની વાતો કહેતા. જ્યારે શ્રીહરિ વાતો કહેતા ત્યારે સ્વામી સતત સાંભળતા, છતાં તેમને તૃપ્તિ થતી જ નહિ. જ્યારે અરુણોદય થાય ત્યારે પાર્ષદો શ્રીહરિને સૂચવતા, પછી શ્રીહરિ તરત જ ત્યાંથી ચાલી નીકળતા અને આવીને પલંગ ઉપર સૂતા. કોઈ દિવસ આવીને વાતો કરતા તો કોઈ દિવસ પ્રેમાનંદ સ્વામીની પાસે નવા કીર્તન ગવડાવતાં. સ્વામી જ્યારે સિતાર વગાડીને નવા કીર્તન ગાતાં હોય ત્યારે શ્રીહરિ એકાગ્ર મનથી તે કીર્તનને સાંભળતાં હતાં. બહુનામી શ્રીહરિ કોઈક દિવસ સ્વરૂપાનંદ સ્વામીની આગળ ઉત્સાહભેર રામાનંદ સ્વામીની વાતો હોય તે કહેતા.

કોઈક દિવસે તો પોતે ઘેર રહેતા ત્યારે જે રીતે હરતા ફરતા, તે બધી અલૌકિક વાતો જેમ યાદ આવે તેમ કહેતા. કોઈ દિવસ તો પોતે અયોધ્યાપુરીમાં રહીને જેવા ચરિત્રો કર્યાં હતાં, તેને યથાર્થ કરીને કહેતાં. ક્યારેક તો ક્યારેય સાંભળ્યા ન હોય તેવા ચરિત્રો કહેતાં. ક્યારેક તો પોતે વનમાં જેવી રીતે વિચરતા હતા તેની તેવી રીતે વાતો કરતા હતા અને ક્યારેક તો કોઈ દિવસ ન કરી હોય તેવી વાત સંભારીને કહેતા. ક્યારેક તો કોઈએ ન સાંભળી હોય એવી વાતો ત્યાં શ્રીહરિ કરતા અને જ્યાં

સુધી વાતો કરતા ત્યાં સુધી દર્શન આપતાં હતાં. જ્યાં સુધી કીર્તનો ગવાતાં હોય ત્યાં સુધી સ્વરૂપાનંદ સ્વામીના હૃદયમાં અપાર શાંતિ રહેતી હતી. એક રતીભાર પણ દુઃખ લગારેય રહેતું નહિ. શ્રીહરિ વાતો કરતા જ્યારે બંધ થઈ જાય ત્યારે સ્વરૂપાનંદ સ્વામીનું બધું શરીર બળવા લાગતું. સેવા કરનારા સંતો, તેમના શરીર ઉપર પાણી છાંટતા અને દ્રાક્ષ તથા સાકરનું પાણી રોજ પાતા.

મલિયાગર ચંદન કહેવાય છે તે ઘણું શીતળ હોય છે. શ્રીહરિ તે ચંદન રોજ પોતાને હાથે ઉતારતા અને કટોરો ભરીને તે ચંદનનો લેપ સ્વામીને શરીરે કરતા. જેટલી ઠંડક કહેવાય તેના બધા ઉપાયો કરતા છતાં સ્વામીની ગરમીમાં એક રતીભાર પણ ફેર પડતો નહિ. પછી એક દિવસ શ્રીહરિએ આવીને સ્વામીને કહ્યું, તમારામાં તો સામર્થ્ય ઘણું રહ્યું છે. તમે તો ત્રણેય અવસ્થામાં દેહમાં રહેતા જ નથી એવા તમે મોટા સિદ્ધ છો. હવે આ વાતમાં શું છે ?

ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું, આપે મને સિદ્ધપણાના અભિમાનરૂપ વિઘ્નથી બચાવ્યો છે. આપ તો મહા સમર્થ ભગવાન છો. આપ જે રીતે કરો તે રીતે બધું થાય છે. આપ તો સિદ્ધોના પણ નિધિ છો, તે અત્યારે મને યથાર્થરૂપમાં દેખાયું છે. જો આપ ભૂલને ન ઓળખાવો તો મનુષ્ય કે દેવ, કોઈને પોતાની ભૂલ દેખાતી નથી. અત્યારે અક્ષરધામ સુધી કોઈ આપને તુલ્ય નથી.

હે કૃપાળુ ! હવે મને એવું દેખાયું છે કે, જીવને પોતાનું આ શરીર કોઈ કાળે નથી. છતાં આપે જેવા શરીરમાં મને રાખ્યો તેવા આ નાશવંત શરીરમાં આજ દિન સુધી હું રહેતો આવ્યો છું. હવે પછી પણ જેવા શરીરમાં આપ મને રાખશો તેવા શરીરમાં હું રહીશ. પણ તે તે શરીરમાં રહ્યા પછી આપની આ મૂર્તિનું મને ક્યારેય વિસ્મરણ ન થાય; એવી કૃપા કરો. હે મહારાજ ! આપે જે આ વખતે ચરિત્રો કર્યા છે, તે બધા દેખ્યા છે. તો હવે પછી તે ચરિત્રો ભૂલાય નહિ, એવી માંગણી હું હાથ જોડીને કરું છું. અજાણતા પણ કોઈપણ શરીરમાંય આપના કોઈ ભક્તનો દ્રોહ થાય નહિ અને કાયમ આપની સેવા કરવામાં મારી મતિ નિત્ય રહે; આટલું હું માગું છું તો આપ કૃપા કરીને આપો. ધામમાં જવું તે પણ આપના હાથમાં છે, તેમાં કાંઈ મારું બળ ચાલતું નથી. જ્યાં સુધી આપે આપ્યું ત્યાં સુધી જોર રહ્યું, તે જોર આપે ખેંચી લીધું એટલે હવે હું કોરો થઈ ગયો છું.

પછી શ્રીહરિએ કહ્યું, હે મુનિ ! હવે હું જે તમને કહું છું તે પ્રમાણે કરો. જીવાખાચર અને દાદાખાચર, તેમના દરબારમાં જે ઓરડાઓ વગેરે છે તથા બંને દરબારગઢ છે તેમાં અમે ખૂબ રંગે રમ્યા છીએ તે તમે વારેવારે દેખ્યું છે.

વળી સંતો અને હરિભક્તોની જે સભાઓ થઈ છે, તે પણ તમે બધી દેખી છે. માટે જે સભા મધ્યે અમે બેઠા હોઈએ તેવું તમારા ચિત્તમાં તે બધાનું સ્મરણ કરો.

પછી સ્વરૂપાનંદ સ્વામીએ શ્રીહરિના કહ્યા મુજબનું જ્યારે ચિંતવન કર્યું ત્યારે તેમના હૃદયમાં શાંતિ થઈ ગઈ અને હૃદયમાં શાંતિ થતાં જ શરીરમાં સુખ થઈ ગયું. પછી સ્વરૂપાનંદ સ્વામીએ માયિક શરીર તત્કાળ છોડી દીધું. અક્ષરધામમાં ગયા. બધા સંતો આ બાબતને દેખતા હતા. (પૂર : ૧૫, તરંગ - ૪૭)

■ મારાં લીલાચરિત્ર કહે તથા સાંભળે તેમાં આનંદ પામનાર મારા આશ્રિતોને અંતકાળે રથ વિમાનમાં બેસાડીને ધામમાં લઈ જાઉં છું.

(પૂર : ૧૫, તરંગ - ૫૭)

■ અમારાં બધાં ચરિત્રો ખાવું, પીવું, ચાલવું વગેરે અમારી જે જે ક્રિયાઓ છે, તે બધી મોક્ષરૂપ છે. તે અમારાં ચરિત્ર ઈત્યાદિકને જે માયિક માને છે, તે જમપુરીમાં જાય છે. અને તે બધી જ લખચોરાશીમાં વારંવાર ભટકતો રહે છે. અમારે તો જેટલા કુમાર્ગ કહેવાય છે તે બધાને છોડાવવાનું તાન રહે છે.

(પૂર : ૧૫, તરંગ - ૮૯)

■ સંતો અને હરિભક્તોની વૃત્તિમાં ભગવાન સિવાયના વિષયોને ઊલટી, મળ અને ઝેરના જેવા દેખાડવાનું સત્ય ધાર્યું છે. અમારો જન્મ ધરવાનો અને ચરિત્ર કરવાનો અભિપ્રાય પણ એટલો જ છે કે ભક્તોના હૃદયમાં વિષય ઝેર જેવા લાગે. (પૂર : ૧૬, તરંગ - ૫૩)

■ અમારા જે ચરિત્ર કહેવાય છે તે બધાને જે જેટલા દિવ્ય સમજે છે તેટલો તેનો ભવરોગ નાશ પામે છે, એમ તમારે માનવું. અને જે અમારા ચરિત્રમાં જેટલો મનુષ્યભાવ રાખે છે તેને તેટલો ભવરોગ રહે છે, એમ સમજવું. અમારા ચરિત્રનું મનનરૂપી ઔષધ લીધા સિવાય ભવરોગની ક્યારેય નિવૃત્તિ થતી નથી.

(પૂર : ૧૭, તરંગ - ૪)

■ જીવના તે અપાર અજ્ઞાનરૂપી અંધારાને દેખ્યા વિના ભગવાન સિવાય બીજો કોઈ ક્યારેય તેને કઈ રીતે કાપે ? અને જીવના તે અજ્ઞાનરૂપી અંધારાને કાપવા માટે તો ભગવાન ભૂમિ ઉપર અવતાર ધારણ કરે છે. અને જ્યાં સુધી દેહ રાખે છે ત્યાં સુધી ભગવાન મનુષ્યના સમાજમાં મનુષ્યની રીતે આચરણ કરે છે. તે ભગવાનનું આચરણ ચિંતામણિ અને અમૃત કરતા પણ ઘણું અધિક રહે છે. અને જે તે આચરણરૂપ ચરિત્રને સંભારે છે તે સંસારના પારને પામી જાય છે.

(પૂર : ૨૩, તરંગ - ૬૦)

વળી, આ જ ગ્રંથમાં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના ‘લીલાચરિત્રો’નો મહિમા વર્ણન કરતા લખે છે :

ભાગ્યશાળી લોકો જ શ્રીહરિના ચરિત્રોને વારંવાર પ્રેમથી સાંભળે છે. જે સાંભળે છે તેને સદ્‌બુદ્ધિવાળા જાણવા. તે સિવાયના બીજા તો કુબુદ્ધિવાળા અને ગમાર છે. (પૂર : ૧, તરંગ - ૫)

પ્રભુ જે જે ચરિત્ર કરે તે તે બધા ગુણાતીત અને દિવ્ય હોય છે. તેમાંથી એકાદ ચરિત્રને પણ જો હૃદયમાં યાદ કરી રાખે તો તેને અષ્ટ આવરણથી પાર દિવ્ય અક્ષરધામમાં પહોંચાડી દે છે. નરક જેવા દુઃખમાં પડેલો કોઈ મનુષ્ય જો તે ચરિત્રને સંભારે છે તો તત્કાળ તે દુઃખથી તેનો ઉદ્ધાર થાય છે. મનુષ્યે જે યોનિમાં જાય ત્યાં પણ એક શ્રીહરિના ચરિત્રને જ યાદ કરવા જોઈએ. ગમે તેવું કઠોર (વિકટ) બંધન હોય તો પણ તે હરિચરિત્રના સ્મરણથી તત્કાળ તૂટી જાય છે. આવો અપાર લાભ ચરિત્રોને સંભારવામાં છે, પણ તેના માહાત્મ્યની ગમારને ખબર પડતી નથી. (પૂર : ૧, તરંગ - ૪૧)

ભગવાન જે જે ચરિત્ર કરે છે તે બધા ભક્તજનોએ ગાવા માટે હોય છે. અને તે માટે જ સમજી વિચારીને આ ચરિત્ર લખાયા છે. ભગવાનના બધા ચરિત્ર તો મોક્ષની ખાણ જેવા છે. ભગવાનના ચરિત્ર યોગ્ય હોય કે અયોગ્ય હોય, તેનું જો ગાન કરવામાં આવે તો ગાન કરનારાનો મોક્ષ થાય છે. ભગવાન સિવાયની વાતો તો પાર ન પામી શકાય તેવી અનંત પ્રકારની છે પણ અંતે તો તે નરકના દ્વાર જેવી છે. જમપુરીનો દરવાજો બંધ કરાવવા માટે તો હું આ હરિચરિત્રની વાત કહી રહ્યો છું. ભગવાનનું સ્વરૂપ કે ચરિત્ર સિવાયના અન્ય સાધન કરોડોનું દાન, તપ કે યજ્ઞ આદિ જમપુરીને ટાળતા નથી. વ્યાસ આદિ જે ઋષિઓ થયા, તેમણે વિવિધ પ્રકારના ગ્રંથ લખ્યા. ગણતા ગણતા પાર ન આવે એટલા બધા ગ્રંથ તેમણે લખ્યા.

જેમ આંબલીના ઝાડ ઉપર અનંત પાન હોય છે તેનો ગણવાથી પાર આવતો નથી. પણ વિચાર કરીને જોવામાં આવે તો જણાશે કે બધા જ પાનડાનો આધાર થડ રહ્યા છે. તેમ શ્રીહરિના ચરિત્રો, તેમના ચરણકમળ અને તેમના વચન આ બધા જ એક શ્રીહરિની મૂર્તિરૂપી મૂળને આધારે છે. (પૂર : ૨, તરંગ - ૨૫)

શ્રીહરિના જે જે ચરિત્ર હોય છે તે બધા મોક્ષદાયક જ હોય છે. અને તેને મોક્ષદાયક જાણીને જ તેનું ગાન કરવું જોઈએ. પણ તે ચરિત્ર માયિક છે આવો ભાવ મનમાં ક્યારેય લાવવો નહિ. ચરિત્રોમાં દિવ્યભાવ રાખનારાનું નિશ્ચિત કલ્યાણ થાય છે. તેમાં રતિભાર પણ અપ્રમાણિકતા-સંદેહ નથી. શ્રીહરિના

ચરિત્રોમાં ત્યાગભાગની કોઈ બુદ્ધિ કરવી નહિ. શ્રીહરિનું જે જે ચરિત્ર જેવું હોય તે બધાનું ધ્યાન કરે અને ગાન પણ કરે. તે ચરિત્રોનું ધ્યાન અને ગાન કરનારાના સમાન બીજો કોઈ હરિભક્ત કહેવાય નહિ. (પૂર : ૨, તરંગ - ૪૫)

જે જે ભગવાનના ચરિત્ર કહેવાય છે તે ભક્તજનોને આનંદ આપે છે. હરિચરિત્રનું સુખ અનંત બ્રહ્માંડના સુખોને નીરસ કહી દે છે. જેણે મન દઈને શ્રીહરિના ચરિત્ર સાંભળ્યા હોય તેને સાંસારિક સુખ મળ જેવા જણાય છે. જો ફરીને તેને સાંસારિક સુખોમાં ભાવ ન થાય તો તેને સાચો ભગવાનનો ભક્ત કહેવાય. એવા ભક્તને અંત સમયે ભગવાન પાસે જ બેઠા હોય એવું જણાય છે. તે ભક્તને ભગવાન વિમાનમાં બેસાડીને લઈ જાય છે. કોઈ કોઈ ભક્તને બીજા ભગવાનના પાર્ષદ લેવા આવે છે તેમ જણાય છે. ભગવાનના જે ચરિત્ર કહેવાતા હોય તેને જે ભક્ત સાંભળે છે તે સંસારને પાર કરી જાય છે. તેટલા માટે જ ભગવાનના અવતાર થાય છે. એટલા માટે જે ચરિત્રોને સંભારે છે તેનો ઉદ્ધાર થાય છે. (પૂર : ૩, તરંગ - ૧૮)

**'સમ્રથ કરે સો સબ જિય હિતા, હરિ કે ચરિત્ર સબહિ પુનિતા;**
**ચરિત્ર સુનનાં ત્યું કરના નાંઈ, કરે સો જન જમપુર જાઈ.**
**હરિકે ચરિત્ર જાને નિષ્પાપા, તિનકે નાશ પામે સબ પાપા;**
**આપ કરન જીયમતિ ઈમિ ધારે, તેહિ પાપ કો ન આવત પારે.'**

સમર્થ જે કરતા હોય તે જીવોના હિતને માટે હોય છે. ભગવાનના બધા જ ચરિત્રો પરમ પવિત્ર હોય છે. ચરિત્રોને સાંભળવા, પણ તેની જેમ તે પ્રમાણે પોતે વર્તન કરાય નહિ. જે માણસ સમર્થનું અનુકરણ કરે, તો તે જમપુરીમાં જાય છે. જે મનુષ્ય ભગવાનના ચરિત્રોને નિષ્પાપ સમજે છે, તેના બધા જ પાપોનો નાશ થઈ જાય છે. જે માણસ ભગવાનના ચરિત્રોનું અનુકરણ કરવાનું મનમાં ધારે છે, તેને અપાર પાપ લાગે છે. (પૂર : ૪, તરંગ - ૧૬)

અપાર ખજાનો હોય તોપણ તે ચિંતામણિને તુલ્ય ન કહેવાય, ચાહે તેવા વૃક્ષ હોય પણ તે કલ્પવૃક્ષને તુલ્ય ન ગણાય. તે રીતે શ્રીહરિનાં આ ચરિત્ર એવાં છે કે તેને તુલ્ય બીજા કોઈના ચરિત્ર થઈ શકતા નથી. જેની બુદ્ધિ કુશાગ્ર હોય તે જ સમજી શકે. ઓછી બુદ્ધિવાળાને તો તે સમજાય જ નહિ. આંધળા માણસને અનેક પ્રકારનાં રૂપ દેખાડો. બહેરાને અનેક પ્રકારનાં વાજિંત્ર સંભળાવો. શબની આગળ ચાહે તેવા મેવા મીઠાઈ મૂકો, તેનાથી કશું પ્રયોજન સિદ્ધ થતું નથી. તેમ જ બુદ્ધિહીન મનુષ્યમાં પણ છે. (તે બુદ્ધિહીન મનુષ્ય શ્રીહરિના આવા સર્વોપરી

ચરિત્ર દેખીને કે સાંભળીને પ્રસન્ન થતા નથી.) તેને માટે આ ચરિત્ર કહ્યાં નથી. આ તો બુદ્ધિમાનને માટે જ હેતથી કહ્યા છે. (પૂર : ૪, તરંગ - ૫૦)

ભગવાનના ચરિત્ર તો અનંત અને અપાર છે. તે વિવિધ પ્રકારના છે અને બધા જ અલગ-અલગ રીતના છે. મનુષ્યનો મોક્ષ કરવાને માટે ભગવાન પવિત્ર મનુષ્ય ચરિત્ર કરે છે. તે મનુષ્ય ચરિત્રોમાં પણ જે દિવ્ય ભાવ લાવીને ગાય છે. તે ગાયક ભક્તજન ભગવાનના ધામમાં જાય છે. ભગવાનના ચરિત્ર મોક્ષ આપનારા છે. ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય હોય. તે ચરિત્રોમાં જે મનુષ્યભાવ પરઠીને દોષ જુએ છે તે મર્યા પછી જમપુરીમાં જાય છે. જીવને બ્રહ્મરૂપ કરવા માટે ભગવાનના બધા જ ચરિત્ર અનુપમ છે. ભગવાનના ચરિત્રોને અમૃતમય સમજીને ગાવા જોઈએ. આના સિવાય બીજી કોઈ સિદ્ધાંત વાર્તા નથી. ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય જેવા કલ્યાણકારી સાધન તેમાં આવી જાય છે. (પૂર : ૪, તરંગ - ૭૨)

ભગવાનનાં જેટલા ચરિત્ર છે તે બધાને મોક્ષકારી જાણવા. જેને ભગવાનનાં ચરિત્રોમાં ક્યારેય અવગુણ ન દેખાય તે જ ખરો એકાંતિક દાસ (ભક્ત) કહેવાય.

(પૂર : ૪, તરંગ - ૭૭)

સ્વયં સર્વશક્તિમાન ભગવાન હોવા છતાં મનુષ્ય ચરિત્ર કરે છે. ભક્તજનોને તેવા ચરિત્ર ગાવા થાય એવું પણ શ્રીહરિને એક તાન હતું. શ્રીહરિના જેટલા મનુષ્ય ચરિત્ર છે તે બધાને દિવ્ય સમજવા જોઈએ. તેમાં એક લેશમાત્ર પણ માયા નથી. શ્રીહરિનો ઉપદેશ પણ પરમ પદ-મોક્ષને પમાડનારો છે.

(પૂર : ૪, તરંગ - ૮૬)

શ્રીહરિના ચરિત્રો તો અનંત છે તેનો ભવબ્રહ્માદિક દેવો, શેષ, શારદા, નારદ, શુકદેવજી અને વ્યાસમુનિ તેમના જેવા પણ કોઈ પાર પામી શકતા નથી. જેમ મહાસાગર અપાર છે તેમ શ્રીહરિના ચરિત્ર પણ અપાર છે. તેનો પાર કોણ પામી શકે ? જીવ અક્ષરરૂપ થાય તો પણ પાર ન પામે. ભૂમિ ઉપર અનંત જીવસૃષ્ટિ છે, તેઓ બધા સાગરનું પાણી પીવે તો પણ તે શું ખૂટે ? ન જ ખૂટે, તે તો અખૂટ જ રહે. તે રીતે જ શ્રીહરિના ચરિત્રરૂપી સુધા-અમૃતનો પાર આવે જ નહિ. ચાહે તેટલા જીવ પીવે છતાં પણ સાગરનું જળ રંચમાત્ર પણ ઘટે નહિ. ઈન્દ્ર વર્ષે વર્ષે ચાર-ચાર માસ સુધી સમુદ્રનું અપાર જળ લે છે, છતાં સાગરનું પાણી અખૂટ રહે છે. લેશમાત્ર પણ ઘટતું નથી. તે રીતે જ શ્રીહરિના ચરિત્ર અખૂટ છે. ચાહે તેટલા ઠામ ભરોને? હરિભક્તોને શ્રીહરિના ચરિત્રનો જ આહાર છે. ચરિત્ર સિવાયની ચીજને તેઓ નઠારી માને છે. એટલા માટે હરિભક્તો પોતાના નિર્વાહને માટે શ્રીહરિનાં ચરિત્રોના

ઠામ ભરી લે છે. પવિત્રતા વિનાની જે જે વસ્તુઓ છે તે બધી મનુષ્ય જાતિને માટે વર્જ્ય છે, તે શ્રીહરિના ચરિત્ર સિવાયની જેટલી વાતો છે તેને હરિભક્તો કુમાર્ગ ગણે છે. જે લોકો ખરાબ માર્ગે ચડી જાય છે તેને અપાર દુઃખ થાય છે. જે શ્રીહરિનાં ચરિત્ર છે તે કલ્યાણનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે. હરિચરિત્રોને જ કલ્યાણનો માર્ગ જાણીને સુજ્ઞ-શાણા સંતો તેનું વારંવાર પાન કરે છે અને તેનાથી ભગવાન અપાર પ્રસન્ન થાય છે. તે બાબતને બુદ્ધિશાળી સંતો જાણે છે. (પૂર : ૫, તરંગ - ૪૫)

આ ભૂમિ ઉપર જેટલી આકૃતિઓ છે, જે કાંઈ નજરે દેખાય છે, તે બધું જ સોનાનું હોય અને તેના પ્રત્યેક વિભાગમાં ઠેકઠેકાણે શ્રેષ્ઠ ચિંતામણિઓને જડ્યા હોય તો તેમાં ન્યૂન કે અધિક, સારું-નરસું કોને કહેવું ? તે રીતના જ શ્રીહરિના બધા ચરિત્ર છે. બધા જ સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે. દેવમનુષ્યાદિના જેવો કોઈ ચરિત્રોમાં ભેદ નથી. શ્રીહરિના જે ચરિત્ર છે તે બધા મોક્ષદાયી છે. જેને અંતસમયે તે ચરિત્ર યાદ આવી જાય તો તેની અસદ્‌ગતિ થાતી નથી. રાત દિવસ શ્રીહરિના ચરિત્રોમાં ચિત્તને જે રાખવું તેમાં જ ખરો લાભ છે. (પૂર : ૫, તરંગ - ૭૩)

શ્રીહરિ ચરિત્રોના જેવો બીજો કોઈ રસ નથી. તે ચરિત્ર રસને જે માણે તે જ તેને જાણી શકે છે. હરિચરિત્રરસ સિવાયના બીજા જે શૃંગારાદિ રસ છે તે તો આ રસની આગળ અત્યંત ફિક્કા પડી જાય છે. હરિચરિત્રરસ સિવાયના અન્ય રસોમાં જેને પ્રેમ હોય છે તેને ભગવાનનું ધામ મળતું નથી. બીજા રસ ભોગવવામાં તો અનંત જન્મ વિતાવ્યાં છતાં તેનો આજ સુધી અંત આવ્યો નથી. રાતદિવસ આવો જે વિચાર કરવામાં આવે, તો તે વિચાર કરનારો જીવ માયિક પંચવિષયના રસથી પોતાના સ્વરૂપને કાંઈ જુદું જ અનુભવે છે અને જ્યાં સુધી જીવાત્મા સ્વસ્વરૂપને માયિક ભોગ્ય પદાર્થોથી અલગ નથી અનુભવતો ત્યાં સુધી તે શ્રીહરિચરિત્રરસમાં ચોંટી શકતો નથી. જીવને જ્યારે સર્વશ્રેષ્ઠ યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે તે હરિચરિત્રરસમાં ચોંટે છે અને ત્યારે જ તે સંસારના પારને પામે છે. (પૂર : ૬, તરંગ - ૧)

ભગવાનના જે જે ચરિત્ર દિવ્ય હોય કે મનુષ્ય ચરિત્ર હોય, તે બધા જીવના મોક્ષ માટે જ કર્યાં હોય છે. એમ જે સમજે છે તે ભગવાનના ભક્તોમાં સર્વ શ્રેષ્ઠ છે. જે ભક્ત ભગવાનના ચરિત્રોમાં ક્યારેય દોષ ન સમજે (જુએ) તો તે ભક્ત જેવા ભગવાન નિત્ય નિર્દોષ છે તેવો નિર્દોષ થાય છે. (પૂર : ૬, તરંગ - ૪/૧૫-૧૬)

શ્રીહરિના ચરિત્રરૂપી સુખના સાગરમાં કોઈ પણ જાતનું દુઃખ આવતું નથી અને હરિના ચરિત્રરૂપી સાગર સિવાય બીજે બધે-ચારે કોર તો દુઃખનો દાવાનળ

સળગતો જ હોય છે. પ્રાકૃત-લૌકિક બુદ્ધિના મનુષ્યને તેવું દેખાતું-સમજાતું નથી. તે તો તેમાં આંધળી દોટ દઈને બળી મરે છે. (પૂર : ૬, તરંગ - ૪)

શ્રીહરિની વાતો-ચરિત્રો અમાપ છે. તેને માપમાં લાવવા તે તો શેષના જેવા અનંત, જેટલું પોતાનું બળ હોય તે વાપરીને કહે, તો પણ બધું કહેવા સમર્થ થાતા નથી. કરોડો યુગ સુધી કહેતા રહીએ તોએ પાર ન આવે એટલા બધા હરિચરિત્રો છે. તો પછી હવે તે ચરિત્રોનો નિર્ધાર કોનાથી થાય ? યુગો સુધી મનના જેટલા વેગથી રાત દિવસ શ્રીહરિના ચરિત્રોને કહેતા રહીએ તો પણ તે અમાપ ચરિત્રો માપમાં આવતા નથી. (પૂર : ૮, તરંગ - ૧૧)

**'હરિચરિત્ર રસ લોભી જે ભયેઉ, તાકો દુઃખ માત્ર સો ગયેઉ;**
**સુખ માત્ર જે તેસો કહાવું, હરિ ચરિત્ર કે માંહિં રહાવું.**
**ઈનસેં અપર સુખ નહીં કોઈ, ભવ બ્રહ્મા સબ કહત સોઈ;**
**જોગ તપકો ફલ હે એહા, હરિચરિત્રમેં કરના નેહા.**
**હરિકે ચરિત્રમેં ભયે જેહિ નેહું, સાધન અનંત પૂરે ભયે તેહુ;**
**તાકો નામ હિ મોક્ષ કહાવે, ભવ ભટકન બહોરી નહિ આવે.'**

જે ભક્તો શ્રીહરિના ચરિત્રરસના ભોગી થાય છે તેમના બધા જ દુઃખોનો નાશ થઈ ગયો છે. અને જે સુખમાત્ર કહેવાય છે તે બધાં જ શ્રીહરિના ચરિત્રોમાં આવીને રહ્યાં છે. આ હરિચરિત્રોથી અન્ય ઊંચું કોઈ સુખ નથી, એમ ભવ અને બ્રહ્માદિક દેવો પણ કહે છે. યોગ અને તપનું પણ ખરું ફળ એ છે કે શ્રીહરિના ચરિત્રોમાં સ્નેહ કરવો. જેને શ્રીહરિના ચરિત્રોમાં પૂર્ણ સ્નેહ થયો હોય તેના અનંત સાધન પૂરા થઈ ગયા છે, એમ જાણવું અને તેનું જ નામ મોક્ષ કહેવાય છે. શ્રીહરિના ચરિત્રોમાં સ્નેહ કરનારાને ફરીવાર ભટભટકણ રહેતું નથી. ભગવાન શ્રીહરિના અક્ષરધામમાં જઈને પણ ભગવાનના ભક્તે શ્રીહરિના ચરિત્ર અખંડ સાંભળવાના છે, એટલું ભગવાનના ભક્તે કરવાનું છે. શ્રીહરિના ચરિત્રોને સાંભળ્યા પછી શ્રીહરિની મૂર્તિમાં જીવને બળપૂર્વક જોડી દેવાનો છે. તેને એક પલક વાર પણ દૂર થવા દેવાનો નથી અને બીજી બધી વાસનાને તોડી દેવાની છે. (પૂર : ૮, તરંગ - ૫૭)

**'શ્રીસહજાનંદ સ્વામિ કે, ચરિત્રહિ પરમ પુનિત;**
**શ્રવણ કરત જેહિ ભાવ કર, નિરમલ હોત અતિ ચિત્ત.**
**જ્યું જ્યું શ્રવણ કરત જન, ચરિત્ર હિ વારમવાર;**
**ત્યું ત્યું નિરમલ હોત મન, મૂર્તિ લગ હી પ્યાર.'**

ભગવાન શ્રીસહજાનંદ સ્વામીના ચરિત્ર પરમ પુનિત છે. જે મનુષ્ય અતિ શ્રદ્ધાના ભાવથી તેને સાંભળે છે તેનું ચિત્ત અત્યંત નિર્મળ થાય છે. મનુષ્ય જેમ જેમ આ ચરિત્રોને વારંવાર સાંભળે છે તેમ તેમ તેનું મન નિર્મળ થાય છે અને શ્રીહરિની મૂર્તિ અતિશય પ્યારી લાગે છે. શ્રીહરિના ચરિત્ર અનંત જન્મોના પાપોનો નાશ કરીને મોક્ષ અપાવનારા છે. જે મનુષ્યને મોક્ષનો ખપ હોય તેને માટે તો આ ચરિત્રો જહાજ જેવા છે. જે મનુષ્ય શ્રીહરિના ચરિત્રોને સાંભળે છે તેને આ ચરિત્રરૂપી જહાજ ભવસાગરથી પાર ઉતારે છે. જે લોકો ભવસાગરમાં બૂડી રહ્યા છે, તેમને માટે શ્રીહરિચરિત્રોના સિવાય બીજું કોઈ જહાજ નથી. મુમુક્ષુઓને સંસારસાગરથી તારવાને માટે શ્રીહરિએ અનંત ચરિત્ર કર્યા છે. શ્રીહરિના ચરિત્રો વિના આ સંસારનો પાર પામી શકાતો નથી. તેના વિના વારંવાર જન્મ મરણ થયા કરે છે અને લખચોરાશી તથા જમપુરીનું દુઃખ વારંવાર આવ્યા કરે છે. તે દુઃખોથી જેને ત્રાસ લાગતો હોય તેને શ્રીહરિના ચરિત્રોની તરશ લાગે છે. અનંત પ્રકારના જે વ્યાધિ હોય છે તેનો વિનાશ પણ હરિચરિત્રોથી તત્કાળ થાય છે.

ભગવાન શ્રીહરિના ચરિત્ર રૂપી આ અમૃત અન્ય કહેવાતા અમૃતોમાં ભારે અને સર્વોત્તમ અમૃત છે. જેટલા રસ કહેવાતા હોય છે તેમાં ઉત્તમ રસરૂપ છે અને સારમાં પણ અતિશય સારરૂપ છે કે જે તે હરિચરિત્રોનું સ્મરણ કરે છે તે અખંડ આનંદોલ્લાસને માણતો રહે છે. તે ચરિત્રો સિવાયનું રાજપાટ કે પુત્ર-પરિવાર વગેરે જે કાંઈ સારું માનવામાં આવે છે, હકીકતમાં તે મૂર્તિમાન દુઃખ જ છે અને પાપ કરનારું છે, તે કોઈને નજરમાં આવતું નથી.

જ્યારે ભૂમિ ઉપર પુષ્કળ વરસાદ વરસે છે ત્યારે તે પાણી જમીન ઉપરના નાના મોટા જે સરોવર હોય તેમાં ભરાઈ જાય છે. જેની જેટલી ઊંડાઈ હોય તેટલું પાણી તેમાં સ્થિર થાય છે. જ્યાં જમીન જેટલી નીચે હોય ત્યાં તેટલું પાણી ભરાઈ રહે છે. તેમ મનુષ્યમાં જેને જેટલી મોક્ષની ગરજ હોય તેને તેટલી નીચી ભૂમિ જાણવી. તેમ શ્રીહરિના જે ચરિત્ર છે તે વરસાદને ઠેકાણે છે તેમાં જે જીવ મોક્ષભાગી હોય ત્યાં તે હરિચરિત્ર ઠેરાય છે - સ્થિર થાય છે. ભૂમિ ઉપર વૃક્ષ અનેક પ્રકારના છે અને તેના ગુણ પણ ભિન્ન ભિન્ન છે. વૃક્ષનો પોતાનો ગુણ જેવો હોય તેવો તેમાં રસ ઊપજે છે, પણ પાણીમાં તો પોતાના જ ગુણ રહ્યા હોય છે. ભગવાન શ્રીહરિના ચરિત્રો એવા જ છે કે જે શ્રોતાના હૃદયમાં જેવી ભાવના હોય છે તેવું તેને ફળ મળે છે. (પૂર : ૯, તરંગ - ૧)

જે શ્રીહરિ આ ભૂમિ ઉપર પ્રકટ થઈને વિચરણ કરે છે અને તેમણે જે જે

ચરિત્ર કર્યા છે તે પ્રકટનાં ચરિત્રો તો મૂર્તિમાન છે. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી તે ચરિત્રો મૂર્તિમાન રહેશે. શ્રીહરિ ચરિત્રરૂપે થઈને સદાય રહે છે અને એ પણ પોતાની ઈચ્છાથી જ રહે છે. પ્રકટ મૂર્તિરૂપ શ્રીહરિ જે રીતે જીવોનો મોક્ષ કરે છે તે રીતે જ ચરિત્રરૂપ શ્રીહરિ પણ જીવોનો મોક્ષ કરે છે.

**'ચરિત્ર મૂર્તિ એક કરી જાને, યામેં અનુ એક નુન્ય ન માને;**
**તાકે મોક્ષ મેં ફરક ન લેશા, શ્રીહરિ એસે કહેઉ હમેશા.**
**દોમેં ફરક હિ સમજત જિતના, મોક્ષ મેં ફરક રહત તિતના;**
**જેસી જાકી સમજ રહાવે, તેસો સોઈ મોક્ષફલ પાવે.'**

શ્રીહરિની મૂર્તિ અને ચરિત્ર તે બંનેને એક કરી જાણે, પણ ચરિત્રમાં એક અણું જેટલી પણ ન્યૂનતા ન માને, એમ સમજનારાના મોક્ષમાં લેશમાત્ર ફરક રહેતો નથી, એમ શ્રીહરિ હંમેશાં કહેતા હતા. મૂર્તિમાં અને ચરિત્રોમાં જેટલો ફરક સમજવામાં આવે તેટલો જ મોક્ષમાં પણ તેને ફરક રહેવાનો. જેને જેવી સમજણ હોય તેવું તે મોક્ષરૂપ ફળ પામે છે. (પૂર : ૯, તરંગ - ૪)

વિષયી-પામર અને મુમુક્ષુ જે જીવો શ્રીહરિના આ ચરિત્રોને સાંભળશે. તે જીવના ગમે તેવા પ્રબળ કર્મ બંધ હશે તો પણ હરિચરિત્રોને સાંભળવાથી તે તત્કાળ જ કર્મબંધનથી છૂટી જશે. શ્રીહરિના ચરિત્રોનો એવો મહાન પ્રતાપ છે કે તેને સાંભળવાથી અપાર પાપોનો પ્રલય થઈ જાય છે. એક એક જીવના માથા ઉપર આખા બ્રહ્માંડથી પણ વધારે પાપો ભર્યા છે. તે જીવ સાધન કરી કરીને પણ કેટલા સાધન કરી શકે ? સાધન કરવા છતાં એ પાપ તો રહેવાના જ છે. પાપ કર્યા હોવાથી ફરીવાર શરીર તો ધારણ કરવું જ પડશે અને તે અંગે કાંઈ જ સંદેહ નથી. શ્રીહરિના ચરિત્રો સિવાયના બીજા જેટલા સાધન છે તે બધા વારંવાર સંસારમાં ભટકાવનારા છે.

**'પ્રગટ હરિ કે વચન જેતા, ચરિત્ર કરી જાનના તેતા;**
**તામેં રુચિ કરત જન જેતે, પાપ માત્ર બલી જાવત તેતે.**
**હરિ કે ચરિત્ર સુને બિન, ઓર કરે પુન્ય અનેક;**
**અસ્મેદ જજ્ઞ જીવત લગ, કરત રહે ધર ટેક.**
**ગઉ કોટિક નિત નિતહિ, વિપ્રકું કરે દાન;**
**જીવે જન ત્યાં લગહિ, તીર્થ તપ કરે મહાન.'**

પ્રકટ શ્રીહરિના જેટલા વચન છે તેને શ્રીહરિના ચરિત્રના રૂપમાં જાણવા. મનુષ્ય હરિચરિત્રોમાં જેટલી રુચિ કરે છે તેટલા તેના પાપમાત્ર બળી જાય છે.

શ્રીહરિના ચરિત્રોને સાંભળ્યા વિના બીજા અનેક પુણ્ય કર્મ કરે, જિંદગીભર અશ્વમેધ યજ્ઞ કરવાની ટેક ધારી રાખે, રોજ વિપ્રોને કરોડો ગાયોનું દાન કરે, જિંદગીભર તીર્થોની યાત્રા કરે અને મહાન તપ પણ કરે, આટલા બધા સત્કર્મ કરે. અને બીજી બાજુ મનને એકાગ્ર કરીને શ્રીહરિના ચરિત્રોને કોઈ એક જ દિવસ સાંભળે, તો તે શ્રીહરિચરિત્ર શ્રવણનું પુણ્ય ઉપર કહેલા સાધનો કરતા ઘણું જ મહાન કહેવાય છે. શ્રીહરિના મહિમાને જે સમજે છે. તેને તો મોક્ષ માટે કહેલા સાધનમાત્ર શ્રીહરિચરિત્રોમાં જ આવી જાય છે. તેને કોઈ સાધન કરવાનું બાકી રહેતું નથી. (પૂર : ૯, તરંગ - ૩૦)

ભગવાન શ્રીહરિના ચરિત્રોમાં અનેક પ્રયોજન રહ્યા હોય છે. કોઈક સમજદારને જ તે સમજાય છે. એક પણ ચરિત્ર નિષ્પ્રયોજન નથી હોતું. જેની બુદ્ધિમાં ઘણી વિવેક શક્તિ હોય તે જ તેને જાણી શકે છે. જ્યારે તે કાર્ય સફળ પૂરું થાય છે ત્યારે તે પ્રત્યક્ષ જાણ્યામાં આવે છે. (પૂર : ૯, તરંગ - ૩૭)

જ્યારે પરીક્ષિત રાજાને મૃત્યુ નજીક આવ્યું ત્યારે તેણે શ્રીકૃષ્ણની પૂર્ણ કૃપા માની. જ્યારે તેને ખરો વૈરાગ્ય ઉપજ્યો ત્યારે તેને બધા જ વિષયરસ ઝેર જેવા થઈ ગયા. શ્રીકૃષ્ણ ભગવાનનાં આશ્રય સિવાય બીજું કોઈ નિર્ભય સ્થાન તેને દેખાયું નહીં. તેણે મોક્ષ થવાનો સમય વિચારીને મોટા મોટા ઋષિઓને ત્યાં બોલાવ્યા. જે ઋષિઓને બોલાવ્યા તે બધા આવ્યા. તે બધાની ભાવથી પરીક્ષિતે પૂજા કરી. સહુના પછી શુકદેવજી આવ્યા. રાજા ઊઠીને તેની સન્મુખ ગયા. શ્રીકૃષ્ણના ચરિત્રોથી ભરેલાં પાત્રરૂપ જાણીને અને સહુથી અધિક મહાન શુકદેવજીને માનીને રાજાએ તેમને ઘણા જ ભાવથી પૂજ્યા. જે ભાગવતપુરાણ હતું તે શુકદેવજીને કંઠસ્થ હતું. પછી તે પરમ ઉદાર મુનિવરને સિંહાસન ઉપર બેસાડ્યા. એક શ્રીકૃષ્ણનાં શરણ વિનાના દુનિયાનાં પાતાળથી સ્વર્ગ પર્યંતના બધાં જ ભોગ-સુખોને અનંત દુઃખોથી ભર્યા કહી દેખાડ્યાં. મનનાં બધા જ ઘાટ-સંકલ્પ શ્રીકૃષ્ણ સંબંધી જ થવા લાગ્યા. પછી તેઓ શ્રીકૃષ્ણ ભગવાને જે જે ચરિત્ર કર્યા તેને પ્રેમથી પૂછવા લાગ્યા.

સાત દિવસ અને સાત રાત સુધી અનેક રીતના શ્રીકૃષ્ણ ચરિત્ર સાંભળ્યા તથા વિચાર્યા. પછી જ્યારે તેનો મરણ સમય થયો ત્યારે તેના મનમાં કોઈ પણ જાતનો ભય જણાયો નહિ. શ્રીકૃષ્ણચરિત્ર રૂપી સાગરમાં રાજા પરીક્ષિત લીન થઈ ગયા. દિવ્ય ચરિત્રોના શ્રવણ ચિંતનથી તેને દિવ્ય દેહ પ્રાપ્ત થયો. અને શ્રીકૃષ્ણના પાર્ષદ બની ગયા. એટલે કે ભગવદ્ધામના મુક્ત બની ગયા.

પરીક્ષિતને જેવી આતુરતા-તમન્ના હતી, તેવી આતુરતા જ્યારે મુમુક્ષુ ભક્તને થાય ત્યારે તેને બધા હરિચરિત્ર અમૃતના સમાન લાગે. તરશ વિના પાણીના ઉપર જેવો ભાવ રહે તેવો આતુરતા વિના સહજ ભાવ રહે છે.

(પૂર : ૯, તરંગ - ૪૩)

શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિના ચરિત્ર અપાર છે. જે ભક્તજન તેને સાંભળે તેનું અપાર ભાગ્ય કહેવાય. થોડું પુણ્ય હોય તો શ્રીહરિના ચરિત્રને સાંભળવામાં આદરભાવ થાય નહિ અને જેને શ્રીહરિચરિત્રમાં ભાવ થાય તેને ફરીવાર આ સંસારમાં જન્મ મરણ વગેરે રહેતું નથી. જેને ભવભટકણનું દુઃખ સમુદ્રના જેવું અપાર જણાય તે શ્રીહરિચરિત્રોમાં અતિશય અધિક સુખ માનશે. શ્રીસહજાનંદ સ્વામીના ચરણકમળ સુખરૂપ છે અને સંસારના દુઃખોથી ભરેલા કૂવામાંથી બહાર કાઢનારા છે, તે ચરણ કમળને હૃદયમાં ધારીને હવે શ્રીહરિચરિત્રોને કહું છું. જે ભક્ત શ્રીહરિના ચરિત્રોને કહે છે, સાંભળે છે તેને શ્રીહરિમાં સ્નેહ થાય છે. ચરિત્રને કહ્યા-સાંભળ્યા વિના શ્રીહરિમાં સ્નેહ ન થાય અને સ્નેહ થયા વિના દુઃખોનો નાશ થાય નહિ.

શ્રીહરિના ચરિત્ર મોક્ષભાગી જીવને માટે નૌકા જેવા છે. અહીંયા મોક્ષભાગી મુમુક્ષુને કહ્યો છે. તેને શ્રીહરિના ચરિત્ર વિના બીજું કાંઈ ભાવે નહિ. મુમુક્ષુને તે ચરિત્રરૂપી અમૃત રસ ભાવે છે. તે સિવાયના અન્ય રસ તેને ગમતા નથી. હરિચરિત્ર વિનાના બીજા રસ તો તેને હાલાહલ ઝેર જેવા જણાય છે.

**'મુમુક્ષુજન સો જાનિયેં, મોક્ષ ભાગી જન તેહ;**
**હરિ કે ચરિત્ર વિન ઓરમેં, કબુ ન કરે સો નેહ.**
**અમૃત રસ હરિચરિત્ર મેં, પ્રીત ન કરે જન જેતે;**
**વિષેઈ પામર સો દેખનાં, પેટ ભરન હિ તેતે.'**

મુમુક્ષુ જીવ તે કહેવાય કે જે મોક્ષભાગી હોય અને તે શ્રીહરિના ચરિત્ર સિવાય બીજામાં હેત કરે નહિ. અમૃતરસરૂપ શ્રીહરિચરિત્રોમાં જેને પ્રેમ ન હોય, તે તો વિષયી, પામર અને પેટભરો મનુષ્ય છે, એમ જાણવું. વિષયી અને પામરજીવને માટે ક્યારેક શ્રીહરિ એવા ચરિત્ર કરે છે કે તેને સાંભળીને તેનું ચિત્ત તે ચરિત્રમાં ચોંટી જાય અને તેને સંસારનો રસ જે હોય તે નીરસ થઈ જાય. જે વિષયી મનુષ્યને સંસારમાં અપાર રસ જણાય છે. તેનો સંસારથી ઉદ્ધાર કરવા માટે શ્રીહરિ તેવા ચરિત્ર કરે છે. (પૂર : ૧૦, તરંગ - ૧)

શ્રીહરિના જેટલા ચરિત્ર જે વેળાએ કર્યા હોય તે બધા અમૃતરૂપ છે અને

અપાર જીવોનો ઉદ્ધાર કરનારા છે. શ્રીહરિના ચરિત્રોને જે નિર્બાધ-નિર્દોષ જાણે તેને નિષ્પાપ મનવાળા હરિભક્ત જાણવા. જે ભગવાનના ચરિત્રોને શુભ અને અશુભ એવા ભાગમાં વહેંચીને કેટલાકને ગ્રાહ્ય અને કોઈને ત્યાજ્ય કહે, આવો મનુષ્ય હરિભક્ત હોય તો પણ તે વિમુખ છે એમ જાણવું. વિષયમાં ઘણો આસક્ત એવો મનુષ્ય જો પોતામાં દોષ હોય તેને સ્વીકારે પણ તે ભગવાનના ચરિત્રોમાં ક્યારેય દોષ ન દેખે તે મનુષ્ય શુભ મતિવાળો છે, એમ સમજવું. હરિચરિત્રમાં દોષ જોનારાનો ક્યારેય ઉદ્ધાર થાય નહિ. ભલે તે ધર્મ પાળી પાળીને કરોડો જન્મ વિતાવે. તેણે પાળેલો ધર્મ જ તેને દોષ રૂપ થયો. કારણ કે તેને શ્રીહરિના ચરિત્રોમાં દોષ દેખાયો છે. ભગવાનના ચરિત્રોમાં ક્યારેય જે દોષ ન દેખે અને જેની બુદ્ધિ વિપરીત ન થાય તે જ અનંત ધર્મથી શ્રેષ્ઠ ધર્મ છે અને એવી જે બુદ્ધિ છે તે પણ અત્યંત પવિત્ર છે. (પૂર : ૧૦, તરંગ - ૨)

ભગવાન મનુષ્ય દેહ ધારે છે ત્યારે મનુષ્યની રીતે પ્રેમથી તેવા ચરિત્રોને કરે છે. દેવોમાં દેવોની રીતે, પશુઓમાં પશુઓની રીતે અને દિવ્યધામમાં દિવ્ય રીતે શ્રીહરિ પ્રેમથી ચરિત્રોને કરે છે. દેવ, મનુષ્ય, પશુ અને દિવ્યધામ એમાં શ્રીહરિ જ્યાં હોય ત્યાં જે ચરિત્રોને કરે છે, તેને સંભારનારા લોકોનો તે ચરિત્રો મોક્ષ કરે છે. (પૂર : ૧૦, તરંગ - ૫૧)

જેને પ્રકટના ચરિત્રોમાં મોહ ન ઊપજે તેને હનુમાનજી અને લક્ષ્મણજીના જેવા જાણવા. જેને મોહ ન થાય તે ગોપીઓ અને ઉદ્ધવજીના જેવા તો થોડા ભક્તો હશે. જેમ ભગવાનના ચરિત્રોમાં મોહ ન થાય તેમ ભક્તોમાં પણ મોહ થવો જોઈએ નહિ. અને જ્યારે તેમાં મોહ ન થાય ત્યારે તેઓ મોક્ષમાર્ગના બધા જ વિઘ્નોને તરી ગયા છે. (પૂર : ૧૧, તરંગ - ૮૬)

ભગવાનના ભક્ત થઈને જો તેઓ હરિચરિત્ર સાંભળવામાં ઊંઘ, આળસ અને પ્રમાદરૂપ અનાદર રાખે છે તો તેમને ચરિત્રોમાં સ્વાદ આવતો નથી. ઊંઘ, આળસ અને પ્રમાદરૂપ જેટલો અનાદર રાખે છે; ભલે તેમાં દોષ ન દેખાતો હોય પણ તે દોષ જ છે. દોષ ન હોય તો અનાદર ન થાય. ભગવાનના ભક્તનું વર્તન તો સ્વચ્છ દર્પણના જેવું હોય છે. તેમાં રૂપ કે કુરૂપ બધું જ અનુપમ રીતે દેખાઈ જ આવે છે. જેના ઉપર ઈર્ષ્યા થાય કે જેનો અવગુણ આવે, તેનામાં જે ગુણ હોય તે પણ દોષરૂપે જ દેખાય. શ્રીહરિના ચરિત્ર રસરૂપ છે. તેનાથી ઉત્તમ કોઈ અન્ય રસ નથી. જેનામાં ઈર્ષ્યા અને અભાવ હોય તેને તે રસ અનુપમ-સર્વોત્તમ ન અનુભવાય. (પૂર : ૧૨, તરંગ - ૪૩)

વરસાદના એક એક બિંદુથી અનંત સરોવર ભરાઈ જાય છે. સરોવર, નાની તલાવડી અને નાની નદીઓ વરસાદથી છલકાઈ જાય છે, પણ ગંગા જેવી નદી અને સાગર ક્યારે છલકાતા નથી. જેવા હોય તેવા જ દેખાય છે. શ્રીહરિ ચરિત્રમાં રસ માણનારા શ્રદ્ધાળુ શ્રોતાઓ ગંગા અને સાગરના સમાન છે. અનંત વાતોને સાંભળે છે, છતાં તેઓ તૃપ્ત થાતા નથી. મંદ બુદ્ધિના લોકો તો ગ્રામ્ય વાતોને વારંવાર સાંભળે છે તો પણ ક્યારેય ન સાંભળી હોય તેવી તેને નવીન લાગે છે. શ્રીહરિ ચરિત્રની વાતો તો સાકર, ઘી અને દૂધના જેવી છે, તે વાતો રસિક ભક્તને માટે અમૃતના સમાન છે અને વિષયી જીવને માટે તો ઝેરના જેવી છે. શ્રીહરિચરિત્રને સાંભળવામાં રસિકભક્ત સતત જાગરૂક રહે છે. શ્રીહરિચરિત્રોને સાંભળવામાં લેશમાત્ર પણ જ્યારે આળસ કે પ્રમાદ ન રહે ત્યારે તેને ખરો રસિક શ્રોતા જાણવો.

**'અનંતકોટિ બ્રહ્માંડ કહેઉ, તામેં જિતને રસ રહેઉ;**
**અનંતકોટિ તિનસે અધિકાઈ, હરિ કે ચરિત્ર મેં રસ રહાઈ.**
**એસે રસ પિવત મેં જાકું, નિદ્રા આલસ અરુચિ રહે તાકું;**
**ધ્યાન મેં રહે દિન અરુ રાતી, કાલનિમિકી જાંનના જાતી.'**

અનંતકોટિ બ્રહ્માંડોમાં જે રસ રહ્યો છે તેના કરતા અનંતકોટિ ગણો અધિક રસ શ્રીહરિના ચરિત્રોમાં રહ્યો છે. આવા શ્રીહરિચરિત્ર રસને પીવામાં જેને નિદ્રા આવે, આળસ ચઢે અને અરુચિ રહે તો તેને કાળનેમિની જાતિનો જાણવો. પછી ભલે તે દિન રાત ધ્યાનમાં બેસી રહેતો હોય ! (પૂર : ૧૨, તરંગ - ૬૧)

જમપુરીનું દુઃખ તો જીવને માટે અત્યંત વિકટ ગણાય છે, પણ જે મનુષ્ય શ્રીહરિના ચરિત્રોને સાંભળે છે તેને ક્યારેય તે દુઃખ થાતું નથી. શાસ્ત્રોમાં કહેલા જે તીર્થ, વ્રત અને તપ છે તેને એક હજાર કલ્પ સુધી જીવ કરતો રહે, તો પણ તેનો ઉદ્ધાર થાતો નથી. પણ શ્રીહરિના ચરિત્રોના શ્રવણ કીર્તનમાં તો તે ઉદ્ધાર સહેજે જ રહ્યો છે, તે સિવાય કાળ અને માયાના ભયે રહિત, ઈચ્છિત સુખ પણ તેને મળે છે. આવું સમજીને સંતો અને હરિભક્તો શ્રીહરિના ચરિત્રોને કહે છે અને કલ્યાણના બધા જ સાધનોને ચરિત્રની અંદર જ આવી ગયા માને છે.

**'હરિચરિત્ર મહિં સાધન જેતા, સુનવે મેં ફલ મિલત હે તેતા;**
**સુનિકેં કરત અસુયા જેહા, રુરુ નર્ક મેં પરત હેં તેહા.**
**હરિ કે ચરિત્ર સમ સાધન જોઈ, વ્યાસ શુક કહે હોત ન કોઈ;**
**એકાંતિક જેતે હરિ દાસા, હરિ કે ચરિત્ર કે હોવત પ્યાસા.'**

શ્રીહરિ ચરિત્રોને સાંભળવાથી કલ્યાણકારી બધા જ સાધનોનું ફળ મળી જાય છે. પણ સાંભળ્યા પછી જો તેમાં અસૂયા (દોષ બુદ્ધિ) કરે છે તો તે રૌરવ નામના નરકમાં પડે છે. ફરીને તેને મનુષ્યનો દેહ મળતો નથી અને તે કરોડ કલ્પ સુધી નરકમાં રહે છે. જ્યારે ફરીને ભગવાનના ચરિત્રોને તે સાંભળે છે ત્યારે તેને મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે. ભગવાનના ચરિત્ર શ્રવણના જેવું બીજું કોઈ સાધન નથી, એમ વ્યાસમુનિ અને શુકજી કહે છે. પ્રહ્લાદજી, ઉદ્ધવજી અને ગોપીઓના જેવા ભગવાનના ભક્તો હરિચરિત્રોને અનુપમ અમૃતમય રસનો કૂપ સમજીને તેનું પાન કરે છે.

જે જીવો શ્રીહરિચરિત્રોના લોભી છે તેઓ મનુષ્યના દેહને પામે છે અને બ્રહ્માંડની અંદર જે રાજ્ય સમૃદ્ધિ છે તેને સહજભાવે તેઓ પ્રાપ્ત કરે છે. શ્રીહરિના ચરિત્રોમાં એકલો લાભ જ છે, તેને સાંભળવામાં ક્યારેય કાંઈ નુકશાન થાતું નથી. જો હરિચરિત્રોને સાંભળવામાં ન આવે તો મનુષ્ય દેહ જે મળ્યો તે ન મળ્યા બરાબર છે. જે ભગવાનના ચરિત્રોને સાંભળતા નથી તે કદાચ બ્રહ્માંડના મોટા ભૂપ થયા હોય, તોએ શું ? કારણ કે તેણે ત્રિલોકીનું રાજ્ય તો મેળવ્યું, પણ ભગવાનના ચરિત્રોને સાંભળ્યા નહિ ! એમ શાસ્ત્રમાં પ્રસિદ્ધ મોટા રાક્ષસોની અને દૈત્યોની વાત લખાઈ છે. (પૂર : ૧૩, તરંગ - ૨૫)

ભગવાનના ચરિત્ર મોતી અને દૂધના જેવા હોય છે. ભક્તજન તેને પ્રેમથી સેવે છે. ભગવાનના જે ચરિત્ર છે તે તો અમૃતના કરતા પણ અનંતગણા અમૃતમય ગુણયુક્ત હોય છે. ભગવાનના એક એક ચરિત્ર એટલા મહાન છે કે તેની કોઈ ઉપમા જડતી નથી. આ જે બ્રહ્માંડ દેખાય છે તેમાં જે જે પદાર્થો છે તેને કોઈ મહાન સમર્થ પુરુષ હોય તે એકલા કંચનમય કરી દે, છતાં તે મહાન પુરુષ ભક્તિ હીન હોય તો મર્યા પછી જમપુરીમાં જાય છે અથવા ભૂત-પ્રેતાદિકની યોનિને પામે છે. પરમ મોક્ષ - આત્યંતિક મોક્ષરૂપ ફળ તેને ક્યારેય મળે નહિ. પણ કોઈ મનુષ્ય એકલા શ્રીહરિના ચરિત્રોને જ સાંભળે તો તેને ક્યારેય જન્મ કે મરણ ભોગવવું પડતું નથી.

કળિયુગમાં પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિના નામનું અને ચરિત્રોનું પ્રેમરસથી જે કીર્તન કરતો રહેતો હોય છે, તેનો મોક્ષ અવશ્ય થાય છે. શ્રીહરિના ચરિત્રોને અને નામને પરમ મોક્ષ કહેવાય છે. તે ચરિત્રો અને નામ છે તે ભગવાનના અક્ષરધામમાં રહે છે. આંબાના બીજ (ગોટલી)માં આંબાના પાંદડા, મોર કે ફળ કાંઈ જ દેખાતું નથી. અને તેનો રસ પણ દેખાતો નથી. છતાં આંબાના પાંદડાં,

મોર, ફળ-કેરી અને તેનો રસ - એ બધા આંબાના બીજમાં રહ્યા છે, તે તેના યોગ્ય સમયે દેખાય છે. શ્રીહરિના ચરિત્રોમાં અક્ષરધામ રહ્યું છે. તેમાં લેશમાત્ર પણ ફેરફાર નથી. જે જ્ઞાની છે તે સમજે છે તેને તેમાં કાંઈ સંશય થાતો નથી. તેને જ્ઞાનચક્ષુ દ્વારા બધું દેખાય છે. (પૂર : ૧૩, તરંગ - ૩૧)

શ્રીહરિના ચરિત્રોની વાતમાં જેવો રસ હોય છે તેવો બીજી વાતમાં રસ હોતો નથી. શ્રીહરિના સંબંધ વિનાની વાતમાં તો હળાહળ ઝેર ભર્યું હોય છે. એમ મોટા મુનિઓએ કહ્યું છે. બીજી બધી વાતોમાં તો અપાર ક્લેશ અને દુઃખ રહ્યા છે અને શ્રીહરિના ચરિત્રોમાં તો ઘણું ઘણું અપાર સુખ રહ્યું છે. શ્રીહરિના ચરિત્રો સિવાય જીવના અંતઃકરણમાં ક્યારેય શાંતિ થાતી નથી. એટલે જે સાચા સંત અને હરિભક્તો છે, તેઓ એવી રીતે ચરિત્ર શ્રવણ પરાયણ રહે છે. એવા સંતો અને હરિભક્તો સદા શ્રીહરિને નજીક જ છે. આપની આવી રીત બધા જ ભક્તોને પ્રિય લાગે છે. (પૂર : ૧૪, તરંગ - ૧)

ભગવાન (મનુષ્યાવતારમાં) દેશ-કાળની મરજી જોઈને ચાલે છે. તે ક્યારેય તેમની મરજીને લોપતા નથી. જે ભગવાનના ચરિત્ર છે તે તો દિવ્ય અને અદિવ્ય બંને પ્રકારના છે. ભગવાનના જે દિવ્ય અને અદિવ્ય ચરિત્ર છે તેમાં એટલું દૈવત રહ્યું છે કે, જે મનુષ્ય ગદ્‌ગદ કંઠ થઈને તેમનું ગાન કરે છે તે તત્કાળ જ દિવ્યગતિને પામે છે.

**'ભગવાનકે ચરિત્ર હિ જેતે, કોટિ કોટિ કલ્પ લગત હિ તેતે;**
**નવીન હિ નવીન સદા રહાતે, જીર્ણ કબહિ ન હોઉ જાતે.'**

ભગવાનના જે ચરિત્ર છે તે કરોડો કલ્પ જાય તોપણ સદાયે નવીનના નવીન જ રહે છે. ક્યારેય તે જૂના થતા નથી. જે મનુષ્ય ભગવાનના ચરિત્રને જૂના થયા માને છે તેને તો અત્યંત તુચ્છ અને પ્રાકૃત મતિવાળો જાણવો. અને જે મનુષ્ય કરોડો કલ્પ સુધી ભગવાનના ચરિત્રને નવીનના નવીન જ દેખે છે તે મનુષ્ય પરમ પવિત્ર છે. જે દેહાત્માભિમાની મનુષ્ય છે તે ભગવાનના મનુષ્ય ચરિત્રને ક્યારેય નિર્દોષ માનતો નથી, પણ તે તો મનુષ્ય ચરિત્રને પોતાની દૃષ્ટિથી દેખે છે. માટે તે દેહાભિમાની છે. અને તેવા જે દેહાભિમાની મનુષ્ય છે તે આ બ્રહ્માંડમાં જ રહે છે. તેમાં તલભાર પણ સંદેહ નથી. કારણ કે, 'જેવી મતિ હોય તેવી ગતિ' થાય છે. (પૂર : ૧૫, તરંગ - ૨૬)

અલૌકિક દિવ્ય ચરિત્ર જે કરવા હોય તે શ્રીહરિને માટે અશક્ય ન હતા. કારણ કે, શ્રીહરિની મૂર્તિ અલૌકિક અને દિવ્ય છે, પણ મનુષ્ય ચરિત્ર જે કરવા

તે જ આશ્ચર્યમાં અત્યંત આશ્ચર્યરૂપ છે અને દુર્લભમાં પણ દુર્લભ છે. ભૂમિ ઉપર આવીને વિચરણ કરવું, મનુષ્યના જેવું શરીર ધારણ કરવું, મનુષ્યના ખાન-પાનાદિક ભોગોને ભોગવવા, આવી બાબતના જે મનુષ્ય ચરિત્ર કરવા તે અત્યંત દુર્લભ છે. અજ્ઞાનીમાં કોઈ માનવભાવ દુર્લભ નથી. કારણ કે તે તો હંમેશાં કર્માધીન થઈને બધું ભોગવે છે. જેવું સંચિત અને પ્રારબ્ધકર્મ હોય છે, તેવા તે સુખ દુઃખ ભોગવે છે. જે જીવ કર્મને આધીન છે, તેની વાત તો અલગ છે. ભગવાન તો સ્વતંત્ર છે એટલે એમની વાત તો ઝાઝી હોય તોપણ થોડી કહેવાય છે. ભગવાન જેવા આશયથી જે જે શરીરને ધારણ કરતા હોય છે, તે બધા શરીર તો દિવ્ય જ છે અને તે ભક્તજનને દેખવામાં આવે છે. ભગવાનના જે કાંઈ પણ મનુષ્ય ચરિત્ર હોય એને મનમાં દિવ્યભાવે દેખવા તે અનાદિ ભક્તિની રીત છે. ભગવાન અનાદિ છે અને ભક્તિ પણ અનાદિ છે. તેમની રીતને ઓળખીને જે શરણે થાય છે, તેનો તેઓ ઉદ્ધાર કરે છે. (પૂર : ૧૫, તરંગ - ૭૦)

ભગવાન પોતે અને એમના બધા ચરિત્રો હંમેશાં નિર્બાધ (નિર્દોષ) છે. તેમના ચરિત્રો જેવી ભાવનાથી સાંભળવામાં આવે છે તેવું ફળ તે સાંભળનારાને મળે છે. જે ભક્તો ભગવાનના ચરિત્રને નિર્બાધ જાણીને સાંભળે છે તેટલા તે ભક્તો નિર્બાધ થઈ જાય છે. તેમાં કોઈ સંદેહ નથી. જે લોકો ભગવાનના ચરિત્રમાં બાધ માનીને તેને સાંભળે છે, તો તેટલો બાધ તેમાં આવે છે. કારણ કે, 'ભગવાન તો સદા નિર્બાધ રહ્યા છે.' (પૂર : ૧૫, તરંગ - ૯૨)

**'જિતનેહરિકેચરિત્રરહાતે,અઘહરનહિસબહિયહકહાતે;**
**ભજન સ્મરન ધ્યાન હિ જિતને, કથા કીર્તન બાત જો તિતને.**
**ચાય તિતનેઉ જન્મકે, અઘ રહાયે જેતે;**
**હરનરહાયેઉસદ્યહિ,બ્રહ્મઅનલહેતેતે.'**

શ્રીહરિના જેટલા ચરિત્ર છે તે બધા પાપોને નાશ કરનારા કહેવાય છે. વળી ભજન, સ્મરણ, ધ્યાન, કથા, વાર્તા અને કીર્તન - એ બધા પણ પાપોને નાશ કરનારા છે. મનુષ્યના ચાહે તેટલા પૂર્વ જન્મના પાપ રહ્યા હોય પણ ઉપર કહ્યા તે શ્રીહરિના ચરિત્ર અને ભજન-સ્મરણ વગેરે તત્કાળ જ પાપોને નાશ કરનારા છે. કેમ જે તે બધા તો બ્રહ્મઅગ્નિ છે. જે કોઈપણ સ્થાવરજંગમ શ્રીહરિને શરણે થયા હોય અને જેટલાને ભગવાનનો સંબંધ થયો હોય, તે સહુના પાપને ઉપર કહેલા ચરિત્ર વગેરે નાશ કરે છે. (પૂર : ૧૬, તરંગ - ૬૪)

સુખનિધિ શ્રીસહજાનંદ સ્વામી દુઃખોને ટાળનારા છે. તેમના ચરિત્રો અને

ગુણોને જે ગાન કરે છે, તે સંસારસાગરના પારને પામે છે. ભગવાન સહજાનંદ સ્વામીના આશ્રય સિવાય કરોડો પ્રકારના સાધન કરે તોપણ સંસારરૂપી સાગરને તરાતો નથી. કારણ કે એ વિકટ સંસારસાગરને તરવા માટેનો બીજો કોઈ ઉપાય નથી. પરંતુ તે શ્રીહરિના ચરિત્રને એકાગ્ર ચિત્ત કરીને જેણે સાંભળ્યા છે અને જોયા છે તેવા અગણિત લોકો સંસારસાગરને તરી ગયા છે. શ્રીહરિના ચરિત્રોને સમાન સર્વોત્તમ બીજી કોઈ વાત નથી. શ્રીહરિના ચરિત્ર સર્વોત્તમ છે. અભાગિયો માણસ તેને સાંભળતો નથી. મનુષ્યદેહને પામ્યા પછી જે વ્યક્તિ શ્રીહરિના ચરિત્રને ભાવપૂર્વક કાનથી સાંભળતી નથી, તે પશુના સમાન કહેવાય છે.

(પૂર : ૧૭, તરંગ - ૧)

શ્રીહરિ ભક્તોને માટે અગણિત સુખની વૃષ્ટિ કરવા મનોહર ચરિત્ર કરી રહ્યા છે. તેમાંથી અંતકાળે એક ચરિત્ર પણ જે ભક્તને યાદ આવી જાય છે તો તેનાથી તે પોતાને ઘણો કૃતાર્થ માને છે અને તે ચરિત્ર સ્મરણથી તેને સંસારમાં ફરીને ભટકવાનું રહેતું નથી. શ્રીહરિના એક ચરિત્રમાં પણ ઘણું સુખ છે, તેને દેખતા પાર આવતો નથી. શ્રીહરિના જે ચરિત્રો કહેવાય છે તે બધા અપાર પ્રતાપથી યુક્ત રહ્યા છે. કોઈ ભક્તને એકાદ ચરિત્રનો રંગ જો લાગી જાય તો તે ત્રિલોકીની સંપત્તિનો પણ મળની માફક ત્યાગ કરી દે છે. સત્સંગ થવાથી ચરિત્રનો રંગ તેના અંતરમાં પૂરેપૂરો લાગી જાય છે. જે કોઈ પણ બાઈ ભાઈ ભક્તજનને શ્રીહરિચરિત્રનો રંગ લાગી જાય છે તો તેના બધા સાંસારિક સુખોનો નાશ થઈ જાય છે. શ્રીહરિચરિત્રનો તો એવો પ્રભાવ છે કે તેનું શ્રવણ, મનન કરનારને સાંસારિક સુખની ઊલટી થઈ જાય છે.

ભગવાનના જેટલા દિવ્ય ચરિત્ર છે તેને પાત્રતા વિનાનો જે મનુષ્ય દેખે છે તેને પણ પછીથી સંસારમાં રહેવું તે એક દિવસ પણ સારું લાગતું નથી. ભગવાનના ચરિત્રોનો અનુભવ કર્યા પછી તેને જેટલા સંસારના સુખ છે તે આગ અને ઝેરના જેવા દેખાય છે. કાળ જિંદગીને ચાવી જતો હોય તેવું તેને રાત દિવસ દેખાય છે અને તે દેખવાથી સતત ત્રાસ પામતો રહે છે. (પૂર : ૧૭, તરંગ - ૧૩)

શ્રીહરિના એક દિવસના જે ચરિત્ર છે તેને કદાચ કોઈ સો કરોડ આવા ગ્રંથ કરે તોપણ સંપૂર્ણ રીતે કહી શકે નહિ. ચરિત્રો તો અપાર છે, તેમાંથી કોઈ મનુષ્ય એક ચરિત્રને પણ સાંભળે અને મનમાં ભાવનાથી જો ચિંતવે છે તો તે સંસારના પારને પામી જાય છે. શ્રીહરિના ચરિત્રો અપાર સુખમય છે અને સંસારના દુઃખોને ટાળનાર છે, છતાં મનુષ્યનું ચિત્ત તે ચરિત્રોને લગાર પણ ચિંતવતું નથી.

મનુષ્યનું ચિત્ત ભગવાનના ચરિત્ર સિવાયના જે કોઈ પણ વિષયના પદાર્થને ચિંતવે છે, તો તેનાથી તેને તેટલા જન્મ લેવા પડે છે અને અપાર દુઃખ આવે છે. (પૂર : ૧૭, તરંગ - ૧૫/૧૬)

શ્રીહરિ જે મનુષ્ય ચરિત્ર કરે છે તે બધા આશ્ચર્યમાં પણ આશ્ચર્યકારી છે. શ્રીહરિના જન્મથી આરંભીને જે કોઈપણ મનુષ્ય ચરિત્રો છે તે બધાને જે ભક્તો નિષ્કપટ અંતરથી સર્વાધિક દિવ્ય જાણે છે તે સંત અથવા બીજા નરનારી હોય તે બધા અક્ષરધામના એકાંતિક મુક્ત કહેવાય છે. આવા ભક્તજનો અહીંયા હોવા છતાં અક્ષરધામમાં જ બેઠા છે, પણ જે શ્રીહરિના મનુષ્ય ચરિત્રમાં માયિકભાવ રાખે છે તેઓ માયિક ગતિને પામે છે. (પૂર : ૧૭, તરંગ - ૨૫)

ભગવાનના ચરિત્રો તો એવા છે કે કોઈ કવિ તેના અથથી ઈતિ સુધીના પારને પામ્યા નથી અને હવે પછી કોઈ પાર પામશે નહિ. કવિને જેટલી આયુષ્ય, બુદ્ધિ, શ્રદ્ધા અને માહાત્મ્ય હોય તે પ્રમાણે તે ચરિત્રને લખે છે, પણ બધા જ લીલાચરિત્રને કોઈ કહી શકતું નથી. જીવના મનમાં અનાદિ યુગથી વિષયનો મેલ ભરાયેલો છે. તે મેલ શ્રીહરિના ચરિત્ર અને સત્સંગ સિવાય બીજા કોઈ સાધનથી છૂટતો નથી. ભગવાનના ચરિત્ર સિવાયના કાવ્ય દુનિયામાં ઘણા હોય છે, પણ તે કાવ્યોથી તો વિષયમાં વધારે આસક્તિ થાય છે અને તેને લીધે ક્યારેય જીવનો મોક્ષ થાતો નથી. ભગવાનના ચરિત્ર અને સત્સંગ વિના જીવ લખચોરાશી અને જમપુરીમાં વારંવાર ભટકતો રહે છે. તે બંનેનો યોગ થયા સિવાય વિષયનો મેલ ક્યારેય છૂટતો નથી. જીવના મનમાં કેટલોય મેલ ભરાયો છે, તેને સાચા સંતો જ્યારે મળે છે અને ભગવાનના ચરિત્રોને સંભળાવે છે ત્યારે તે છૂટે છે. મનુષ્ય જ્યારે શ્રીહરિના ચરિત્રોને સાંભળે છે ત્યારે તેને વિષયનો મેલ લગારેય રહેતો નથી. (પૂર : ૧૭, તરંગ - ૩૪)

આ બ્રહ્માંડમાં ભગવાન જ્યારે જ્યારે અવતરે છે અને ત્યારે જે જે ચરિત્ર કરે છે, તે બધાને પરમ મોક્ષરૂપ જાણીને વેદો ઘણા ઉમંગથી ગાય છે. અને જે લોકો ભગવાનના જે ચરિત્રો છે તે બધાને મોક્ષરૂપ સમજતા નથી અને તેનું ગાન કરતા નથી, પણ તેમાં વિવિધ પ્રકારના દોષ બતાવે છે, તો તેઓ વારંવાર જમપુરીમાં જાય છે અને લખચોરાશીમાં ભટકે છે. વેદ અને પુરાણો, ભગવાનના જે ચરિત્રો છે તેનું ગાન તો પોતાને પવિત્ર કરવાને માટે કરે છે. જે જે દોષો હોય તે બધા દોષો ટાળવા માટે અને અગાધ બુદ્ધિ થાય એટલા માટે શ્રીહરિના ચરિત્રોને શાસ્ત્રો કહે છે. (પૂર : ૧૭, તરંગ - ૩૫)

જે શ્રીહરિના લીલાચરિત્ર અમાપ છે, તેનું જે માપ કરવા જાય છે, તે તો અત્યંત મૂઢ દેખાય છે. અને જે તેનું માપ કરવા પ્રયત્ન કરે છે તે તો મૂઢમાં પણ અત્યંત મૂઢ છે. મૂઢની પરીક્ષા તો તેની બોલીમાં થઈ જાય છે અને જે મૂઢ કહેવાય છે તેને તો સહુ તેની બોલી ઉપરથી જાણી લે છે. શ્રીહરિ કહેતા કે 'મારા જન્મ અને ચરિત્ર અમાપ છે. તેનું માપ હું પણ કરી શકતો નથી અને જો તેનું માપ કરી શકાતું હોય તો તે અમાપ કેમ કહેવાય ?' શેષનારાયણના જેવા અનેક કવિઓ ભેળા થઈ અને તે જન્મ અને ચરિત્રને કહેવા લાગે તોપણ તેનો પાર આવતો નથી, તે તો અપારના અપાર જ રહે છે. જે કવિ ભગવાનના ભક્ત હોય છે તેઓ પોતાનાં જન્મને સફળ કરવા માટે જ શ્રીહરિના ચરિત્રોને કહે છે. (પૂર : ૧૭, તરંગ - ૪૩)

ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિ ક્યારેક પરોક્ષ થાય ત્યારે ભગવાનના નામ અને ચરિત્ર પ્રત્યક્ષ રહે છે. તે ક્યારેય પરોક્ષ થાતા નથી. ભગવાનના ચરિત્રો તો આશ્ચર્યકારી છે. તેમાં બ્રહ્માદિક દેવતાઓને પણ ગમ પડતી નથી, તો બીજા લોકોની તો શું વાત કહેવી ? તે આશ્ચર્યની વાત કોઈના દેખ્યામાં આવતી નથી.

(પૂર : ૧૭, તરંગ - ૮૩)

જેને જે વખતે જે ભગવાનની પ્રાપ્તિ થઈ હોય તેના જન્મ અને ચરિત્રને અથથી ઈતિ સુધીના ચિંતવવા જોઈએ. અને તેનાથી જ મનમાં પરમ શાંતિ રહે છે. ચાહે તેટલા પાપ કર્યા હોય, પણ તે મનુષ્ય જો ભગવાનને શરણે જાય છે તો તેના કરેલા તે બધા પાપનો એક પળવારમાં નાશ થઈ જાય છે. તેમાં એક રતીભાર પણ મિથ્યા નથી. ભગવાનના નામો અને ચરિત્રો અગ્નિ કરતા પણ વધારે દાહક છે. (પૂર : ૧૮, તરંગ - ૪૩)

ભગવાનના ચરિત્રો સમુદ્રની જેમ અપાર ભર્યા છે, બ્રહ્માદિક પણ તેનો પાર લઈ શકતા નથી. ભગવાનના નાભિકંદ (કમળ)નો બ્રહ્મા પાર લઈ શક્યા નહિ. દેવતાઓના કેટલાય વર્ષ સુધી બ્રહ્મા નાભિમાં ફરતા રહ્યા. જો એક નાભિનો અંત ન આવ્યો તો આવા ચરિત્રનો પાર ક્યાંથી આવે ? જેની જેવી બુદ્ધિ હોય છે તેટલા તે ભગવાનના ચરિત્રને કહી સાંભળીને આનંદ પામે છે. ભગવાનના ચરિત્ર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ બધાનું સરસ મૂળ કહેવાય છે. ભગવાનના જે ચરિત્રો છે તેને ઉપર કહ્યું તે રીતે સમજીને સાંભળવા જોઈએ. ભાવ વિના જો ચરિત્રોને કહે છે અથવા સાંભળે છે તો તેમાંથી કાંઈ ફળ નીકળતું નથી. છતાં પણ ચરિત્રરૂપી અમૃતનો ગુણ જાતો નથી. બીજી વાતો કરતા તો ચરિત્રો ઘણા ઉત્તમ રહ્યા છે. કોઈ માણસ ભાવે કભાવે સાકર ખાય તોપણ તેને

મીઠી લાગે છે. જે ઘણું ઉત્તમ અન્ન હોય તો તેમાં મીઠું નાખવાની જરૂર પડતી નથી. તે ઉત્તમ અન્નમાં તો સહેજે જેટલા રસ હોય છે તે બધા રહ્યા હોય છે.

ભગવાન શ્રીહરિના ચરિત્ર અને સત્સંગ તે બંને ઉત્તમ રસ છે, તેનાથી કોઈ ઉત્તમ રસ નથી. એટલે ચરિત્ર અને સત્સંગની વાત ઉત્તમ છે. આ રીતે સત્સંગ અને હરિચરિત્રથી મનુષ્યનું અંતઃકરણ કપટ અને છળનો ત્યાગ કરીને ઉત્તમ રસરૂપ થઈ જાય છે તો તેનો મોક્ષ થાય છે. કારણ કે જેવી ભાવના હોય તેવું ફળ મળે છે. શુદ્ધ અરીસામાં જેવું જે હોય તે તેવું દેખાઈ આવે છે. અરીસો કોઈ બાબતને છુપાવતો નથી, તેમ સત્સંગ અને ચરિત્રનો જે અભ્યાસ છે તે અંતઃકરણને શુદ્ધ કરનારું મંજન છે. સત્સંગ અપાર સ્વચ્છ અરીસા જેવો છે, તેમાં વાતરૂપી મંજન રાત દિવસ થતું રહે છે. અને વાતરૂપી મંજને કરીને સત્સંગ સૂર્યના સમાન પ્રકાશ કરતો રહે, તેવા સત્સંગમાં અંધારું રહેતું નથી. અંધારું તો તે સત્સંગથી બહાર રહે છે. (પૂર : ૧૮, તરંગ - ૭૦)

જે હરિચરિત્રની અમાપ વાતો છે તે જો માપમાં આવી જતી હોય તો તેને અમાપ કેમ કહેવાય ? જે જે વસ્તુ અમાપ છે તેનો માપ લેનાર આજ સુધી કોઈ થયો નથી. વનસ્પતિઓના પાંદડા, પૃથ્વીના રજકણ અને વરસાદના ભૂમિ ઉપર પડતા બિંદુઓ, કોઈ બુદ્ધિશાળી માણસ હોય તે તેને ગણી શકે છે, પણ શ્રીહરિની જેટલી વાત છે તેનો પાર કોઈ પામતા નથી. જેની બુદ્ધિમાં જેટલું સમજાય તેટલું તે લખે છે. લખવાથી તો જે ચરિત્ર જેવું થઈ ગયું હોય તેવું મૂર્તિમાન દેખાય છે. જેની જેવી બુદ્ધિ હોય તે લખીને શ્રીહરિના તેવા પ્રતાપને દેખાડે છે.

(પૂર : ૧૮, તરંગ - ૭૯)

ભગવાનના વચન અને ભગવાનના જે ચરિત્ર છે, તે આદિથી અંત સુધી પરમ ગુહ્ય છે. તેમના વચન અને ચરિત્રમાં રહીએ તો ભગવાનની મૂર્તિ પાસે જ રહે છે. વચન અને ચરિત્ર સર્વોપરિ સ્થાન કહેવાય છે. જે ભગવાનના ભક્તો છે, તે બધા તે સ્થાનમાં રહે છે. અને ભગવાનના ચરિત્રમાં જે ધામ છે, તે પણ રહ્યા છે. ભગવાનના ધામમાં ભાતભાતની જેવી રચનાઓ રહેલી હોય છે, તે બધી ભગવાનના ચરિત્રમાં રહી હોય છે. એટલે ભગવાનના ચરિત્ર ધામ જેવા છે.

(પૂર : ૧૯, તરંગ - ૩૦)

ભગવાનના ચરિત્રોમાં પ્રત્યક્ષ ભાવ લાવ્યા સિવાય મોક્ષની દૃઢતા ક્યારેય થતી નથી. અને પ્રત્યક્ષ ભાવમાં જ જીવનો મોક્ષ રહ્યો હોય છે. પરોક્ષ ભાવમાં જીવના મોક્ષની દૃઢતા ક્યારેય થતી નથી. ભગવાન અને ભગવાનના જે ચરિત્રો

છે તે બધામાં કાયમ જેટલો દિવ્યભાવ રહે છે તેટલો તે જીવ દિવ્યગતિને પામે છે. અને પરોક્ષ ભાવથી જો જુએ છે તો તેને તેવું ફળ મળે છે.

(પૂર : ૧૯, તરંગ - ૩૯)

**'ભગવાનકે ચરિત્ર જિતને, ભાવ કરી સુન હિ જન તિતને;**
**ભવભટકનતિનકુંનરહહિ, ભગવાનકેપરમપદલહહિ.**
**ભાવ કરીકે સુનાવ હિ જેહી, સાચે હિ ફલ જાનિકે તેહી;**
**અંતરજામી જો ભગવાના, ભાવ તેસે ફલ દેત રહાના.'**

તે ભગવાનના જેટલા ચરિત્રો છે તેને જે મનુષ્યો આદરભાવથી સાંભળતા હોય છે તેને સંસારમાં ભટકવાનું રહેતું નથી. અને તે ભગવાનના પરમપદને પામે છે. જે લોકો ચરિત્રોના ફળને સાચું માનીને વિશુદ્ધ ભાવથી તે ચરિત્રોને સંભળાવે છે તેને તેવું ફળ મળે છે. કારણ કે ભગવાન તો અંતર્યામી છે. તે જેનો જેવો ભાવ હોય તેવું તેને ફળ આપે છે. અંતર્યામી પરમેશ્વર મનુષ્યના હૃદયમાં તેના કર્મના સુખ દુઃખરૂપ ફળને આપવા રહ્યા છે. (પૂર : ૨૦, તરંગ - ૫૯)

**'હરિકે ચરિત્ર જાનત જેસા, જનકું ફલ મિલત રહે તેસા;**
**ચિંતામનિ તેહી ચરિત્ર રહેઊ, ચિંતવત તેસે પાવત તેઊ.'**

પરમેશ્વર શ્રીહરિના જેટલા ચરિત્ર (આચરણ) હોય છે તે બધા ધ્યાન કરવા માટેના હોય છે. તે આચરણ ભક્તજનોનો ઉદ્ધાર કરે છે અને અભક્તોને બંધનકારી છે. ભગવાનના ચરિત્રને મનુષ્ય જેવા જાણે છે તેવું તેને ફળ મળે છે. આ શ્રીહરિના ચરિત્ર તો ચિંતામણિ જેવા છે, એટલું જેવું ચિંતવે છે તેવું ફળ મળે છે. (પૂર : ૨૧, તરંગ - ૧)

શ્રીહરિના તે ચરિત્રોનો પાર લેવા માટે જે પ્રયત્ન કરે છે, તેઓ ચરિત્રોને કહેતા કહેતા તેમાં લીન થઈ જાય છે. શેષ. શારદા, મહેશ્વર, ઈન્દ્ર, ચંદ્ર અને બ્રહ્માદિક બધા દેવ તાઓ લીન થઈ જાય એટલા અપાર આ વખતના શ્રીહરિના ચરિત્રો છે. આગળના અવતારોમાં જે જે ચરિત્રો કર્યાં છે તે બધા તો આ વખતના ચરિત્રોની આગળ અણુના જેટલા સૂક્ષ્મ લાગે છે. અત્યારે તે બધા પૂર્વના ચરિત્રો શ્રીહરિના આ ચરિત્રોમાં લીન થઈ ગયા છે. અત્યારના આવાં જે ચરિત્રો છે તેને અભાગિયા લોકો લઈ શકતા નથી. જે અભાગી લોકો છે તે સંસારસાગરમાં તણાયા જાય છે અને પોતે પોતાના મનમાં પોતાને ઘણા નિપુણ માને છે. પોતાના ડહાપણને છોડી દઈને શ્રીહરિની વાત માનનારા એવા અપાર લોકો હતા તે સંસારના પારને પામી ગયા છે. આ વખતે શ્રીહરિએ જે ચરિત્રો કર્યાં છે તેને સંસારસાગરનો પાર

કરવા માટે જે કોઈ જેટલા; કાનથી સાંભળે છે તે બધા ફરીવાર ભવભટકણમાં આવતા નથી. કેમ જે શ્રીહરિના ચરિત્રો આવાં મહાન છે. (પૂર : ૨૨, તરંગ - ૪૫)

ભગવાનના ચરિત્ર અને ભગવાનના ગુણ વગરના જે ત્યાગ, વૈરાગ્ય, ધર્મ તથા આત્મનિષ્ઠા ઈત્યાદિક અપાર છે અને તેનાથી લોકો મોક્ષ માનતા હોય છે, પણ તે બધા સાધનોમાં ભગવાનના ગુણો અને ચરિત્રનું વર્ણન ન આવતું હોય તો તે મડદાને રાજી કરવા જેવા છે, એવી આ વાત છે. અને રામાનુજાચાર્યના ગ્રંથમાં પણ આવી વાતો કહી છે. ભગવાન સિવાયની ચાહે તેવી વાત હોય તો તે બધી મળ અને ઝેરના જેવી કહેવાય છે. અને જે ગ્રંથમાં ભગવાનનું મુખ્યપણું હોય તે ગ્રંથ અમૃતરસથી ભરેલા સાગર જેવા છે. (પૂર : ૨૩, તરંગ - ૧૨)

સત્યસ્વરૂપ શ્રીહરિના જેટલા શુભ કે અશુભ ચરિત્ર હોય છે તેમાં કેટલાક હેતુઓ રહ્યા હોય છે. હેતુ વગરનું એક પણ ચરિત્ર હોતું નથી. મોટા પુરુષોના હેતુમાં તુચ્છ મતિવાળા જે લોકો છે તે લૌકિક મતિ માની લે છે.

(પૂર : ૨૪, તરંગ - ૫૦)

શ્રીહરિકૃષ્ણ પ્રભુ પ્રત્યક્ષ છે, ભક્તવત્સલ ભગવાન છે અને ધર્મની રક્ષા કરવા માટે સૂર્યની જેમ પ્રગટ થયા છે. હરિભક્તોને સુખ આપવા માટે દેશદેશમાં વિચરતા રહે છે અને ધ્યાન કરવા માટે ચરિત્રોને કરે છે. તથા તેને જે સાંભળે છે તેનો મોક્ષ કરે છે. શ્રીહરિના ચરિત્ર સાંભળવામાં જેટલો ભાવ હોય છે તેટલું સુખ થાય છે. સાંભળનારાને ક્યારેય દુઃખ રહેતું નથી. જેટલું દુઃખ કહેવાય છે, તેને ટાળવાને માટે શ્રીહરિના ચરિત્ર રહ્યાં છે. પ્રેમ ન હોય અને તેમાં મન ન હોય તો ચરિત્ર સાંભળવાથી સુખ થાતું નથી. જીવ એટલો મલિન છે કે તેને ચરિત્ર સાંભળવામાં ઉત્સાહ થાતો નથી. જેને શ્રીહરિના ચરિત્ર સાંભળવામાં અત્યંત ઉત્સાહ હોય છે તેના જે બધા દુઃખ હોય છે તેનો નાશ થઈ જાય છે.

શ્રીહરિચરિત્ર સુદૃઢ વહાણ છે. તેના જેવું બીજું કોઈ વહાણ નથી. આ વહાણમાં આવીને જે બેસે છે તે મનુષ્ય અપાર સંસારસાગરના પારને પામી જાય છે. કારણ કે શ્રીહરિના ચરિત્ર જીવોનો ઉદ્ધાર કરવાને માટે ચોક્કસ વહાણરૂપ રહ્યાં છે. જે મનુષ્ય આવા ચરિત્રને ઉદ્ધાર કરનારા ચોક્કસ જાણે છે તેને જમપુરી અને લખચોરાશી દેખવા પડતા નથી. અને જે મનુષ્ય ચરિત્ર સાંભળવા અને જાણવામાં આળસ, પ્રમાદ રાખે છે તેટલી તેના જીવનમાં કસર રહે છે. તે વાત નક્કી છે. અને આ ચરિત્ર સાંભળવામાં જીવ જેટલી ખોટ રાખે છે તેટલું તેને દુઃખ ભોગવવાનું રહે છે. શ્રીહરિના જેટલા ચરિત્ર છે તે જીવોના દુઃખને મટાડવા

માટેના છે. વળી શ્રીહરિ જેટલી વાતો કહે છે તે પણ બધી ચરિત્રરૂપ જ કહેવાય છે. (પૂર : ૨૫, તરંગ - ૧)

આ માનવશરીરને પામીને પણ જે ભગવાનના ચરિત્રને સાંભળતા નથી તે સંસારસાગરમાં ડૂબતા રહે છે અને કહી ન શકાય તેટલા દુઃખી રહે છે. ન પાર આવે તેટલા બધા દુઃખોને તે સહન કરે છે. તેમાંથી જે દુઃખથી છુટકારો પામવા ઈચ્છતા હોય તે શ્રીહરિના ચરિત્રોને સાંભળે છે. શ્રીહરિના ચરિત્રોને સાંભળ્યા સિવાય સંસારસંકટમાંથી ક્યારેય છૂટાતું નથી. ચાહે તેવી વિશાળ બુદ્ધિ હોય તોપણ તેનાથી સંસારનું સંકટ તરી શકાતું નથી.

શ્રીહરિના ચરિત્ર સાંભળવામાં જ્યાં સુધી સદ્ભાવના કરાતી નથી ત્યાં સુધી તેની ગમે તેવી બુદ્ધિ હોય તોપણ તે નિરર્થકમાં ખપે છે. આવી રીતે સમજીને જેટલા ભગવાનના ભક્તો છે તે શ્રીહરિના ચરિત્રો સાંભળવામાં રુચિ કરે છે અને તે ચરિત્રોને સાંભળવા છતાં તૃપ્ત થતા નથી. ચરિત્ર સાંભળીને જો તૃપ્ત થઈ જાય તો તે પૂરા ભાવિક નથી. કારણ કે, ભક્ત જેમ જેમ ચરિત્રોને સાંભળે છે તેમ તેમ નવા નવા શ્રદ્ધાના ભાવ પ્રગટ થતા જાય છે. કરોડો કલ્પ સુધી ભગવાનના ચરિત્રોને વારંવાર સાંભળવામાં આવે તોપણ તે ચરિત્રો નવા ને નવા જ રહે છે.

શૌનક આદિક અઠ્યાશી હજાર ઋષિઓ એક કલ્પ સુધીનું નક્કી કરીને નૈમિષારણ્યમાં શ્રીમદ્ ભાગવત પુરાણને વારંવાર સાંભળતા રહ્યા છે અને તેમાં પ્રેમથી નવો નવો ભાવ રાખતા રહ્યા છે. તે એવા રસિક શ્રોતાઓ છે કે એક કલ્પ પર્યંત ભાગવત સાંભળ્યું હોય તોપણ એક ઘડી પણ સાંભળ્યું નથી, એમ માને છે. આ સંસારરૂપી સાગરનો ક્યારેય પાર આવે તેમ નથી, પણ જે ઘણા ભક્તિભાવથી શ્રીહરિના ચરિત્રોમાં સાંભળવાનો શ્રદ્ધાભાવ કરે છે ત્યારે તે ભવસાગર નાના વાછરુંના પગલામાં ભરાયેલા પાણીના જેવો અલ્પ થઈ જાય છે. શ્રીહરિચરિત્રમાં તેવા અપાર ગુણો રહ્યા છે. (પૂર : ૨૫, તરંગ - ૩૩)

ભગવાનની જેટલી વાત હોય છે તે બધી ધર્મ કહેવાય છે. વેદ અને પુરાણો પણ ભગવાનના ચરિત્રોને પોતા કરતા અધિક માનતા હતા. શુક, સનકાદિકો, વ્યાસ, બ્રહ્મા, ભવ, શેષ અને નારદજી વગેરેએ પણ સર્વોપરિ શ્રીહરિના જે ચરિત્રો છે તે તમામ દોષોને ટાળનારા છે, એમ વેદો અને પુરાણો સમજે છે. એમ જ્યારે માન્યું ત્યારે તેમને ચરિત્રોનો સર્વોપરિ મહિમા સમજાયો. શ્રીહરિના ચરિત્રોનું આદરથી શ્રવણ કરવું તે સર્વોપરિ સમજણ છે, આવો તેનો મહિમા છે. (પૂર : ૨૫, તરંગ - ૩૪)

સંતો તથા હરિભક્તો તે શ્રીહરિના ચરિત્રોને રિદ્ધિ, સિદ્ધિ, ચિંતામણિ તથા કલ્પતરુ કરતા પણ અધિક માનતા હતા. જે જે કોઈપણ સુખકારી વસ્તુ હોય તે ક્યારેય શ્રીહરિના ચરિત્રો કરતા અધિક હોતી નથી, એમ બધા વેદ અને પુરાણો કહે છે. ભગવાનના જ્ઞાન વગરના જે કોઈપણ મનુષ્ય પંડિત હોય કે દેવ હોય, અરે ! શાસ્ત્રી થયા હોય તોપણ શું ? તે બધા ભગવાનના જ્ઞાન વગરના છે. અને ભગવાનના સ્વરૂપના જ્ઞાની ભક્તોની સમજણ તો તેનાથી કાંઈક જુદી જ હોય છે. તે બંનેમાં રાત દિવસ જેટલો ફરક કહેવાય છે. ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિનાના ગુરુ થયા હોય તોપણ શું ? જ્યાં સુધી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી હોતું ત્યાં સુધી ગમે તેવા મોટા હોય તોપણ તે આંધળાની ગણતરીમાં જ ગણાય છે. મનુષ્યને જ્યારે ભગવાનના ચરિત્રનું જ્ઞાન થાય અને તેના સમાન બીજા કોઈને જ્યારે ન દેખે ત્યારે તેનું અજ્ઞાનરૂપી અંધારું ટળે છે અને પછી જ તેનું વચન પ્રમાણરૂપ ગણાય છે. (પૂર : ૨૬, તરંગ - ૯)

**'સત્સંગમે હે દેખત તેહી, ચરિત્ર કરે જિતના એહી;**
**ચરિત્રરૂપેરહેભગવાના,અલૌકિકસમજજાકીરહાના.'**

ક્યારેક ભગવાન સત્સંગમાં પ્રગટ ન દેખાય એવા ચરિત્ર કરતા હોય ત્યારે જે સાચા હરિભક્ત હોય છે તેઓ ભગવાને જે કાંઈ ચરિત્રો કર્યાં હોય તે ચરિત્રરૂપે ભગવાન સત્સંગમાં જ રહ્યા છે એમ દેખે છે. આવી અલૌકિક સમજણવાળા ભક્તો તો તે સમજણે કરીને અખંડ પ્રસન્ન રહે છે. ભગવાનની લીલા તો નટના ખેલ જેવી છે, જે ક્યારેક ભગવાન દેખાય અને ક્યારેય ન દેખાય! પણ ભગવાનનાં આ સર્વે ચરિત્ર તો એકસરખા જ દિવ્ય રહ્યાં છે. (કેમ જે, આ ચરિત્રો જ્યારે ચિંતવે અથવા તો ગ્રંથમાંથી વાંચે ત્યારે એવાને એવા દેખાય છે.) આવી સમજણવાળો ભક્ત આ સત્સંગનો ક્યારેય ત્યાગ કરતો નથી.

(પૂર : ૨૬, તરંગ - ૨૧)

'શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર' ગ્રંથ માં સ.ગુ. શ્રી માધવદાસજી સ્વામી ભગવાન શ્રીહરિના 'લીલાચરિત્રો'ના મહિમાનું વર્ણન કરતા લખે છે :

**'વળી વા'લા તમે કહી, વચનામૃતમાં વાત;**
**સાધુ બ્રહ્મચારી સાંભરે, તો સુખ થાય સાક્ષાત.**
**એક ઠેકાણે એમ કહ્યું, વચનામૃતમાં સોય;**
**ચરિત્ર સર્વે સંભારવા, એમાં સુખ બહુ હોય.**
**એમ કે'તા અલબેલજી, ચરિત્રકથા હંમેશ;**

ઓસડ મોટું એ જ છે, દુઃખ ન રહે લેશ.
પરાવાણીવચનામૃતમાં, તમે કહ્યું પુરુષોત્તમરાય;
હરિના ચરિત્ર ચિંતવે, પરાવાણી એ કે'વાય.
સરવાળાનું વચનામૃત, તેમાં તમે કહ્યું એહ;
ચરિત્રરૂપી જાળામાં, મન ઘૂંચવી દેવું તેહ.
જ્યાં જ્યાં ચરિત્ર ચિંતવે, ત્યાં ત્યાં મૂર્તિ દેખાય;
અતિ દાખડો ન પડે, સહેજે સુખિયો થાય.
જે કોઈ લીલા ચિંતવે, હરિ તમે જાતા ત્યાંઈ;
આગ્રહ જોઈ વખાણતા, રાજી થાતા સુખદાઈ.
બીજો દાખડો બહુ કરે, ચિત્ત પણ નવ રૂંધાય;
શોભા તમારી ચિંતવે, તે સે'જે સુખિયો થાય.
તમારી લીલા ગાવતાં, સમાધિનિષ્ઠ વળી થાય;
એથી અતિ વાત તે કહી, મોટી વળી કહેવાય.'

(શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર : તરંગ - ૪)

'મહાપાપી તણાં પાપ તે જાય, લીલા શીખે ને સાંભળે ગાય;
પામે પુરુષોત્તમનું તે ધામ, એવો પરતાપ શ્રી ઘનશ્યામ.
સ્વામી સુખકારી સુખધામ, કરી શોભા શ્રીસુંદરશ્યામ;
આ લીલા શીખે ને જે ગાય, તે પર રીઝે પુરુષોત્તમ રાય.
રાખી મહાપ્રભુમુખ હૃદામાંઈ, બીજે ભટકવું નહિ ક્યાંઈ;
કરી નરતે સુરતે એક તાર, ગાવાં હરિચરિત્ર વારમવાર.'

(શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર : તરંગ - ૧૨૧)

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રનો મહિમાનું ગાન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :-

■ સુણ નૃપ હરિનાં રુડાં ચરિત્ર, પરમ પવિત્ર વિશાળ છે વિચિત્ર; સુર નર મુનિ મુક્ત નિત્ય ગાય, તદપિ કદાપિ ન તૃપ્ત તેહ થાય. (૪/૨૩/૬૬)

■ પ્રગટ હરિ તણાં ચરિત્ર જેહ, શુક સનકાદિક નિત્ય ગાય તેહ; અધમ પતિત પાપીને ન ભાવે, સુણી સુણી કોટિ કુતર્ક ચિત્ત લાવે. (૬/૮/૬૬)

■ પ્રતિદિન તણું જો ચરિત્ર ધારી, વરણન કોઈ કરે કવિ વિચારી; બહુ જુગ વદતાં જ વીતિ જાય, પણ પ્રભુનું ન ચરિત્ર પૂર્ણ થાય. (૬/૨૦/૭૩)

■ પ્રગટ પ્રભુ તણાં રુડાં ચરિત્ર, શ્રુતિ સુણતાં જન થાય છે પવિત્ર; મનનિ

પુનિતતાઈ થાય જેને, પ્રગટ પ્રભુજી મળે જરૂર તેને. (૭/૧૨/૬૪)

■ પ્રગટ પ્રભુ તણાં ચરિત્ર ચારું, સુજન સુણે નિજ શ્રેય સિદ્ધિ સારું; પરમ પુનિત થાય તેહ વક્તા, વળી મનવૃત્તિ વિકારથી વિરક્તા. (૭/૧૫/૭૬)

■ લલિત વિવિધ કૃષ્ણ કેરિ લીલા, હૃદય ધરે હરિભક્તિ જે રસીલા; સુણિ સુણિ ઉર ધારિ લેય જેમ, ચિત્ત અતિ ચાહ વધે વિશેષ તેમ. (૭/૨૩/૭૯)

■ ધરમતનુજનાં રુડાં ચરિત્ર, શ્રુતિ સુણતાં જન થાય છે પવિત્ર; નિશદિન સુણવા ચહે અતંત, જન તન પામી વિવેકી બુદ્ધિમંત. (૭/૪૮/૬૮)

■ ધરમ તનુજનાં ચરિત્ર જેહ, શ્રવણ કર્યાથી કરે પવિત્ર તેહ; નરતન ધરિને સુણે ન કાને, નર નહિ તેહ સદા પશુ સમાને. (૭/૮૧/૮૫)

■ નરતન ધરીને લીલા વિચિત્ર, જનહિત કાજ કરે પ્રભુ પવિત્ર; સ્મરણકરણ યોગ્ય સર્વ તેહ, અજ હર આદિક ગાય નિત્ય એહ. (૧૦/૨/૫૫)

■ નરતન ધરીને કૃપાનિધાન, સુખદ ચરિત્ર કર્યાં સુધા સમાન; અગણિત ગુણ ગ્રંથમાં લખાયા, ગુણગણ અક્ષરધામમાં ગવાયા. (૧૦/૩/૫૪)

■ અદ્‌ભુત હરિનાં અહો ચરિત્ર, વરણન યોગ્ય પવિત્ર ને વિચિત્ર; મુનિવર ગણી નિત્યનિત્ય ગાય, પણ ગણતાં નહિ પાર તો પમાય. (૧૦/૫/૬૯)

■ જનમ કરમ સર્વ કૃષ્ણ કેરાં, અકળ અને વળી દિવ્ય છે ઘણેરાં; અગમ નિગમ પાર તે ન પામે, કહી કહી નેતિ કહી પછી વિરામે. (૧૦/૬/૫૧)

આમ, લીલાચરિત્રો મોક્ષમાર્ગના પ્રારંભથી લઈને પુરુષોત્તમની પ્રાપ્તિ સુધી અતિ ઉપયોગી છે. તેથી શ્રીજીસમકાલીન પરમ વિજ્ઞાની નંદસંતો અને દાસપંક્તિના સંતો તથા હરિભક્તો પણ ભગવાન શ્રીહરિના લીલાચરિત્રોની વાતો કાયમ કરતા-કરાવતા રહેતા હતા.

અહીં પ્રસ્તુત લેખમાળામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ધરા ઉપર પ્રાગટ્ય પામીને જે જે અનુપમ લીલાચરિત્રો કર્યાં છે તેનો સંગ્રહ કરવામાં આવેલ છે. તેને વાંચવા-વિચારવાથી જીવાત્માના આત્યંતિક કલ્યાણનું સર્વાંગી પોષણ થશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના

# ધોલેરાધામના દિવ્ય લીલાચરિત્રો



## મહારાજે સુરા ખાચર સાથે રમૂજ કરી તથા ધોલેરામાં મીઠું ને સેવ જમ્યા

એક વખત ભગવાન શ્રીહરિ બુધેજમાં થાળ જમી ચળું કરી તૃપ્ત થઈ મુખવાસ લઈને હઠીભાઈને કહે જે, ‘‘અમે અમારા દેશમાંથી એકાએકી અહીં આવ્યા હતા ને તમે જારનું સદાવ્રત દેતા હતા. તે અમે આવી સદાવ્રત માગ્યું ત્યારે અમને જાર આપવા માંડી. તે અમે જાર લીધી નહીં ને ત્યારમત્યાર (તૈયાર) માંગ્યું. ત્યારે અમને કહે જે, ‘તમારા જેવા ઘણાક ત્યારમત્યાર લેવા સારુ આવે છે ને તમે તો પાતળા છો, ને અહીં તો ઘાણીના થડિયા જેવા ને પાંચ હાથ ઊંચા એવા આવે છે. માટે જાર લેવી હોય તો લ્યો.’

ત્યારે અમે કહ્યું જે, જાર લાવો. ત્યારે તે આપનાર કહે જે, ‘આ ઓસરીમાં પાંચ આંટા મારો ત્યારે આપીએ.’ ત્યારે અમે આ ઓસરીમાં પાંચ આંટા માર્યા ને જારનું સદાવ્રત લઈને દશ-વીસ દાણા જમીને આ લીમડા હેઠે જાર વેરીને ચાલ્યા ગયા હતા. તે આજ આવ્યા.’’ તે વાત સાંભળીને એ સર્વે હરિજનોએ ઘણો અફસોસ કર્યો. તેને જોઈને મહારાજ કહે જે, ‘‘તે પુણ્યથી જ અમે તમારે

ઘેર આવ્યા, તમારે કાંઈ શોક કરવો નહિ.'' એમ કહી રાજી કરીને પોતે ત્યાંથી ઊઠીને સંતની તથા પાર્ષદની પંગત જમવા બેઠી હતી ત્યાં આવીને ઢોલિયા ઉપર બેઠા. ને સૂરા ખાચર તથા સોમલા ખાચર એ સર્વને કહે જે, ''સારી પેઠે જમજો, આજે આપણે ચાલવું નથી.'' એમ કહીને સર્વેને સારી પેઠે જમાડ્યા. અને સર્વે જમી રહ્યા ત્યારપછી મહારાજ કહે જે, ''સર્વે તૈયાર થાઓ, આપણે ચાલવું છે.''

તે વાત સાંભળીને સર્વે સંત તથા પાર્ષદ તૈયાર થયા. ને સુરાખાચર કહે જે, ''હે મહારાજ ! વગર મોતના કાણું મારી નાખતા છો ? હમણે તો એવું કહેતા હતા જે, આપણે ચાલવા નથી, ખૂબ જમો.'' એમ કહીને ચાલવાની તૈયારી કરી ને સર્વે પાર્ષદ સહિત પોતે સવાર થઈ ગામમાંથી ચાલ્યા. ને સર્વે ગામના હરિજન મહારાજને વળાવવા સારુ પછવાડે છેટા સુધી જતા હતા. તેમને મહારાજ પાછા વાળીને કાઠીએ સહિત રસ્તામાં ચાલતા હતા.

અને તે સમે સુરોખાચર મહારાજને કહે જે, ''હે મહારાજ ! પેટ ફાટું જાતો છે ને ડચુક ડચુક થાતો છે.'' તે વાત સાંભળી મહારાજ કહે જે, ''અન્ન પારકું હતું પણ પેટ તો પારકું નો'તું, શું કરવા બહુ ખાધું હતું ?'' ત્યારે સુરોખાચર કહે જે, ''તમે જૂઠું બોલીને કહ્યું હતું જે, ચાલવું નથી.'' એવી રીતની રમૂજ કરતા થકા બે-ચાર ગાઉ ગયા. ત્યારે સુરો ખાચર કહે જે, ''હે મહારાજ ! ભણે ભૂખ બહુ લાગી છે ને પેટને ભૂખે ઉબાળા વળે છે.''

તે સાંભળી મહારાજ કહે જે, ''જો કાઠી, હમણે તો એમ કહેતો હતો જે, પેટ ફાટી જાય છે ને હમણે કહે છે ભૂખ લાગી છે.'' એમ કહીને મહારાજ કહે જે, ''ધોલેરા વિના ક્યાંય રાત રહેવું નથી. અને તમારે સર્વેને જમવું હોય તે સંકલ્પ કરો.'' એમ મહારાજ સર્વે કાઠી સ્વારને કહેતા હતા.

પછી મહારાજના એવાં વચન સાંભળીને સુરો ખાચર વડાંનો સંકલ્પ કરતા હતા ને સોમલો ખાચર ભજિયાંનો સંકલ્પ કરતા હતા. એવી રીતે બીજા સર્વે કોઈ રોટલી, કોઈ દાળભાત, કોઈ કંસાર, કોઈ લાડુ, કોઈ પૂરી - એ આદિક સર્વે બહુ સંકલ્પ કરતા હતા. અને મહારાજના પ્રતાપ થકી ધોલેરાના અજુબા એવે નામે એક બાઈ હતા. તે અંતરજામીપણે કરીને તે સર્વેના સંકલ્પને જાણીને જુદી જુદી ભાત્યની સર્વે રસોઈ કરી ઢાંકી મેલતાં હતાં. અને મહારાજના સારુ પરસુલીની સેવો તૈયાર કરી રાખી.

પછી મહારાજ તથા પાર્ષદ રાતના દસ વાગે પધાર્યા ને કહે જે, ''દરબાર! ઉઘાડો !'' એવો મહારાજનો શબ્દ સાંભળીને તત્કાળ દરબાર ઉઘાડ્યો. ને

ચોરામાં મહારાજને ઉતારો આપીને, ઘોડા બંધાવીને કહે જે, ''હે મહારાજ ! તમે જમવા સારુ પધારો !'' ત્યારે મહારાજ કહે, ''સારું.'' એમ કહી પાર્ષદે સહિત જમવા પધાર્યા ને નાહી-ધોઈને ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર જમવા સારુ બેઠા ને સર્વે પાર્ષદ મહારાજની સમીપે જમવા સારુ બેઠા.

તે સમયે મહારાજ કહે જે, ''જેણે જેણે જેવા સંકલ્પ કર્યા હોય, તેને તે પ્રમાણે તેમને ભોજન આપો.'' એમ કહીને જેણે જે સંકલ્પ કર્યા હતા તેને તે દેવરાવતા હતા. ને સુરા ખાચરે વડાંનો સંકલ્પ કર્યો હતો તેને વડાં દેવરાવ્યાં અને મહારાજને પરસુલીની સેવો થાળમાં પીરસી ને પ્રેમથી નિયમ રહ્યો નહીં, તેથી સાકરને ઠેકાણે દળેલું મીઠું હતું તે નાંખતાં હતાં. નેઘી પીરસીને કહે જે, ''હે મહારાજ ! જમો.'' તે સમે મહારાજ તથા પાર્ષદ જમવા માંડ્યા.

અને સુરો ખાચર વડાં જમતા હતા, તે વડાં જમતાં ગળે બાઝ્યાં. તેથી ઓ ! ઓ ! કરીને મહારાજને કહે જે, ''ભણું એકલા એકલા લાંબું લાંબું કાણું જમતા છો ? ને મારા તો પ્રાણ જાય છે, થોડાસા મને દ્યો !'' એમ બોલતા સતા મહારાજને ખડખડ હસાવતા હતા. એવાં સુરા ખાચરના વચન સાંભળીને મહારાજ બાઈને કહે જે, ''આ તારું ખાધું જાય એમ નથી.'' ત્યારે બાઈ કહે જે, ''હે મહારાજ ! થોડીક સાકર આપું.'' ત્યારે મહારાજ કહે જે, ''નહીં જોઈએ.'' એવી રીતે સેવો જમી પ્રસાદી સારુ થોડીક રહેવા દઈને ભાત-દાળ જમીને ચળું કરી, જળપાન કરી, મુખવાસ લઈને ઉતારા ઉપર જઈને પોઢી ગયા.

અને પછી બાઈએ પ્રસાદ લીધો. ત્યારે પોતાને ખબર પડી જે, 'હાય હાય, મેં તો મહારાજને મીઠું ને સેવો જમાડી ને સાકર તો રહી ગઈ !' એમ જાણી આખી રાત ઘણો પશ્ચાતાપ કરી મહારાજની ઘણીક પ્રાર્થના કરી. ને પોતાનો અપરાધ ક્ષમા કરાવવા સારુ સવારે ઊઠીને જ્યાં મહારાજ પોઢ્યા હતા ત્યાં જઈને વિનંતીએ સહિત મહારાજની પ્રાર્થના કરીને કહે જે, ''હે મહારાજ ! ગઈ કાલે મેં તમારો ઘણો અપરાધ કર્યો ને તમે કહેશો જે, શો અપરાધ કર્યો ? તો મેં તમોને સેવો ને મીઠું જમાડ્યું. તેથી હવે મારા અંતરમાં ઘણી બળતરા થાય છે, ને શાંતિ થાતી નથી.''

એવાં બાઈના વચન સાંભળીને મહારાજ કહે જે, ''હવેથી તમે સો ફેરા સાકર જમાડશો તોપણ એવો સ્વાદ નહિ આવે.'' એમ કહીને પછી કહે જે, ''જાવ, થાળ કરો, અમે આજે જમીશું.!'' એવાં મહારાજના વચન સાંભળી બાઈ રાજી

થઈને ઘેર આવી. પછી નાહી-ધોઈ પવિત્ર થઈને સેવો-કંસાર-રોટલી-ભજિયાં ને વડાં - એ આદિક ભારે થાળ કરીને પછી મહારાજને જમવા સારુ પ્રથમ જેમ બાજોઠ ઉપર બેસાડ્યા હતા તેવી રીતે બેસારીને ઘણા સ્નેહથી જમાડતાં હતાં ને મહારાજ પણ તેમના પ્રેમથી જમીને એમને આગલા દિવસની બળતરા હતી તેને સારી પેઠે સમાવતા હતા.

અને પછી પોતે ચળું કરી જળપાન કરીને મુખવાસ લઈને ઉતારે પધાર્યા. અને સર્વે પાર્ષદને પણ તેવી રીતે જમાડીને ઉતારા ઉપર મોકલતા હતા. અને પછવાડેથી મહારાજના થાળની પ્રસાદી દરબારમાં સર્વેને જમાડીને પોતે (બાઈ) જમતાં હતાં. અને મહારાજ તથા પાર્ષદ જમીને પોઢી ગયા.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૮૬)

## ધોલેરામાં મંદિર માટે જગ્યાની માંગણી કરવા આજ્ઞા કરી

સં. ૧૮૮૧ કારતક સુદ ૧૨ના વડતાલમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવોની પ્રતિષ્ઠા કરી ત્યાં થોડા દિવસ રોકાઈને પીપળાવ, બુધેજ, ગુડેલ, ગોલાણા, મોટી બોરુ, પીપળી થઈ ધોલેરા પધાર્યા. દરબાર પુંજાભાઈના ફળીમાં ઊતર્યા ને ઢોલિયે બિરાજ્યા. પછી થાળ થયો, તે મહારાજ જમવા ઊઠ્યા. પુંજાજીએ જળે કરીને મહારાજને નવરાવ્યા, ને પછી જમવા બિરાજ્યા. પછી જમી, ચળુ કરીને મુખવાસ લઈ, ઢોલિયે બિરાજ્યા. પછી સભા કરીને કીર્તન ગવરાવ્યાં ને પોઢ્યા.

વહેલા જાગીને નિત્યવિધિ કરીને ઘોડીએ અસવાર થઈને જ્યાં હમણાં મંદિર છે તે ઠેકાણે ઊભા. ને એમ બોલ્યા જે, “આ ઠેકાણે તળાવથી આથમણી કોરે, આપણે મંદિર કરવા સારુ સાહેબને કહીને જગ્યા લિયો.” ત્યારે પુંજાજી, ડોસા શેઠ અને ખીમા પટેલ તે બોલ્યા જે, “સાહેબ તો આપણે જોઈએ તેટલી જગ્યા આપે.”પછી મહારાજે ઘોડી ફેરવીને જ્યાં હમણાં મદનમોહન બેઠા છે ત્યાં આવીને ઊભા રહીને બોલ્યા જે, “આ ઠેકાણે મૂર્તિઓ બેસે.” ત્યારે હરિજન બોલ્યા જે, “સાહેબ તો કહેશો તેટલી જાયગા આપે, પણ આપણે સાચવવી કઠણ પડશે.” પછી મહારાજ કહે, “જાયગા તો લિયો !” એમ કહીને પુંજાભાઈને ઘેર આવી, ઘોડીએથી ઊતર્યા ને સ્નાન કરી થાળ જમવા બિરાજ્યા. જમીને ચળું કરી, મુખવાસ લઈને સર્વને જમાડ્યા. પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ કારિયાણી પધાર્યા.

## ધોલેરા મંદિરની જગ્યાનો લેખ કરાવ્યો

પછી વ્રતાલય ઈચ્છારામભાઈની વરસી વાળી. પછી સંતોને ધર્માદાના દાણા માગવા દેશદેશમાં મોકલ્યા અને જુનાગઢમાં મંદિર કરવા માટે પચાસ સાધુ મોકલ્યા. પછી શ્રીજીમહારાજ ધોલેરા પધાર્યા અને પુંજાભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાં મંદિર કરવા માટે જમીન લીધી તેનો લેખ કરાવીને પોતે ગઢડે પધાર્યા અને નાના પ્રકારની રસોઈઓ કરાવીને સંતોને જમાડતા હતા. પછી કારિયાણીથી મહાનુભાવાનંદ સ્વામીને તેડાવીને કહ્યું જે તમો ધોલેરા મંદિર કરવા આવો ત્યારે સ્વામી કહે મારી પાસે વિદ્યાર્થીઓ ભણે છે. તેમનો પાઠ પડે અને તમે જેમ રાજી થાઓ તેમ કરવું છે. એમ કહીને પગે લાગ્યા ત્યારે શ્રીજી કહે વિદ્યા ભણાવવામાં અમારો ઘણો રાજીપો છે. માટે તમે રહેવા દો. એમ કહીને ભાઈ આત્માનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી આદિ સાધુને ધોલેરે મંદિર કરવા મોકલ્યા અને શિવરાત્રી ઉપર પોતે જૂનાગઢ પધાર્યા.

(શ્રી ભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃત તથા શ્રી સ્વામિનારાયણ સંહિતા : ૮૯)

## ધોલેરામાં અંગ્રેજ આસ્કીન સાહેબે કરેલ ભગવાન શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના

પછી મહારાજ ગામ વરતાલને વિશે ગુપ્ત થકા પધાર્યા. જ્યારે સર્વે સંતના મંડળ આવ્યાં, ત્યારે શ્રીજીમહારાજ પ્રગટ થયા. ને ઘણા સંત ને ઘણા હરિજન પ્રબોધનીને સમૈયે આવ્યા. તેમને આનંદ-ઉચ્છવ કરાવતા થકા, ઘણા દિવસ સુધી દર્શન દેતા હતા. અને તે સમૈયો નિર્વિઘ્ન કરીને ચાલતા થકા ગામ ધોલેરા બંદરને વિશે પધાર્યા.

તે સમે ગામના અધિપતિ ભક્તરાજ પુંજાભાઈ આદિક ઘણા હરિજન ઘણાં વાજાં લઈને સામા આવ્યા. તે શું ? તો ઢોલ, ત્રાંસા, પડઘમ, બાંસુરી, વિલાયતી ભેરી, નગારાં, શરણાઈઓ, ભૂંગળ, ભેરી ને રણશિંગીઓ વગેરે ઘણાંક વાજાં વાગતાં હતાં. ને શ્રીજીમહારાજની આગળ ચોપદાર શુભ વેણથી બોલતો હતો.

તે સમે શ્રીજીમહારાજની ભેગા ઘણા બરકમદાર હતા, તેમણે બંધૂકોના ભડાકા કર્યા. તેથી સર્વે શહેરના ઘણા માણસ તથા તે શહેર મધ્યે તે સમે ટોપીવાળા આરકીન સાહેબ સરકારના અધિકારી હતા. તેઓ પણ પોતાના ઘણાક ગારદીની પલટણોને લઈને, પ્રીતિપૂર્વક શ્રીજીમહારાજની સામા આવીને, પોતાને માથેથી ટોપી ઉતારીને નમ્યા. ને નમીને બોલ્યા જે,

"હે મહારાજ ! તુમ આ શહેર મધ્યે પધાર્યા, તે શહેરકા મનુષ્યકા બડા ભાગ્ય હે ! ને હમારા ભી બડા ભાગ્ય હે, સો આપ પધારકે હમકું દેદાર દિયા હે ! ને તુમ તો બડે મુરશિદ હો ને ઓલિયા હો. ને આપ તો હિંદુ લોકકે કનૈયા હો, ને હમ લોકકી તુમ દુવા કરો, ને એ શહેરકું ભી દુવા કરો, ને તુમારી દુવાસે શહેર અચ્છા બને તેસા કરો. ને હે નારાયણ સ્વામી ! અમ સરખા કુછ કામ બતાવના, સો હમ રાજીખુશીથી કરેંગે. ને હે મહારાજ ! તુમ તુમારા દેવકા બડા મંદિર બનાઓ ને બડી જગ્યા બનાઓ." તે સમે ધોલેરા શહેર થોડાક મધ્યે હતું ને થોડીક વસ્તી હતી. પછી શ્રીજીમહારાજની મરજીથી વૃદ્ધિને પામ્યું.

ત્યારે તેને શ્રીજીમહારાજે તે સમે એમ કહ્યું જે, "સરકારની મરજી હશે તો જાયગા કરાવશું." તેમ કહીને ગાજતે વાજતે ઘણા મનુષ્યે વીંટાણા થકા ને ઘણા વિપ્રોએ વેદમંત્રે કરીને પૂજયા થકા ને ઘણા પુષ્પોના હાર, મલ્લિકાદિક ને થલકમળના હાર, તોરા, ગજરા, બાજુબંધ ને ગુચ્છાદિકને પહેર્યા થકા, પુંજાજીના ભવનને વિશે પધાર્યા. ને ત્યાં અટારી ઉપર બિરાજતા થકા તે સમે શ્રીજીમહારાજે સામ ઉપાયની વાત કરી.

તેથી સરકાર ને તે સરકારના સર્વે જે અધિકારી તે અતિ રાજી થયા. ને વળી સર્વે સભાજનો રાજી થઈને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો મોટા પુરુષ છો, તે તમે જેમ ચિંતવો તેમ જ થાય. તેથી તમે અમારું સારું થાય તેમ કરો."

ત્યારે સર્વે પ્રત્યે શ્રીજીમહારાજ તે સમે એમ બોલતા હવા જે, "અમે કેવા છીએ ? તો ચિંતામણિ જેવા ને વળી કલ્પતરુ જેવા છીએ. ને જેમ અમ આગળ જીવ ચિંતવે છે, તેમ જ તેનું થાય છે. જે અમારું સારું ઈચ્છે છે, તેનું તો સારું જ થાય છે; ને જે અમારું ભૂંડું કરવાને ઈચ્છે છે, તેનું તો અતિ ભૂંડું જ થઈ જાય છે; એવી આ વાત છે. તેમ તમે અમને તથા અમારા સંતપુરુષને જાણજો. ને જેવું તે કરે છે તે જીવને તેવું જ પમાડીએ એવા અમે છીએ. ને અમે તો અમારા મનમાં કોઈનું ભૂંડું થાય તેવો તો સંકલ્પ કોઈ દિવસ કરતા નથી."

મહારાજે તેવી વાર્તા કરી. તે સાંભળીને તે આસ્કીન સાહેબના મનમાં એમ થયું જે, "આપણે શ્રીજીમહારાજને ધર્માદામાં ધોલેરા બંદરને વિશે જાયગા નિશ્ચે જ આપવી." પછી શ્રીજીમહારાજ પ્રત્યે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમે આ શહેર મધ્યે જાયગા લ્યો, તે હું તમને આપીશ." ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "જો સરકાર જમીન આપશે, તો તે ઠેકાણે અમે ભારે મંદિર ને મોટી ઈમારત કરાવશું." તેમ શ્રીજીમહારાજનું વચન સાંભળીને સાહેબ એમ

બોલ્યા જે, ''હે મહારાજ ! કાલે જ તમે આવો ને તમને જાયગા આપશું.''

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, ''તમે અમને કાલે જે વખતે માણસ તેડવા મેલશો, તે વખતે અમે આવશું.'' તેવા વચન સાંભળીને તેમણે એમ કહ્યું જે, ''બહોત અચ્છા.'' એમ કહીને મહારાજની રજા માગીને પોતાના સ્થાન પ્રત્યે ગયા.

પછી શ્રીજીમહારાજ નાહીને ભોજન જમવા બેઠા, તે ઘણાક પ્રકારના ભોજનને જમ્યા. ને પોતે જમીને મુખવાસ જમ્યા. પછી સંતમંડળ, પાળામંડળ ને અશ્વારના મંડળને જમાડ્યા. ને પોતાના જન પ્રત્યે જાયગા સંબંધી વાતનું રહસ્ય કહી દેખાડતા થકા રાત્રિને વિશે પોઢી રહ્યા. ને પ્રતિદિને વહેલા ઊઠીને સ્નાનવિધિ ને નિત્યવિધિ કરીને પોતે શ્વેત વસન પહેરીને મલ્લિકાના ને થલકમલના (ગુલાબના) પુષ્પના ઘણાક હાર પહેર્યા થકા પુંજાભાઈની મેડીના ગોખે બેઠા હતા. એટલા મધ્યે સરકારના ચોપદારે આવીને હાથ જોડીને એમ કહ્યું જે, ''હે મહારાજ ! તમને સરકાર તેડાવે છે, તે તમે તમારા સર્વે અશ્વાર ને સરબંદી પાળાને લઈને પધારો.'' પછી સરકારે મહારાજ સામા વાજાવાળાને મોકલ્યા. (ને મહારાજ પોતાના જનોએ સહિત સરકારના સ્થાન પ્રત્યે ચાલ્યા.) તે સમાની મૂર્તિનું ચિંતવન હું શાસ્ત્રી લક્ષ્મીરામ તે સંત ને હરિજનની કૃપાથી લખું છું.

તે સમે શ્રીજીમહારાજે ધોળો સુરવાળ હીરની નાડીએ સહિત પહેર્યો હતો. ને ધોળું અંગરખું ઝીણી જગન્નાથીનું પહેર્યું હતું. ને માથે શ્વેત ફેંટો મલમલનો ઘણાક મૂલ્યવાળો બાંધ્યો હતો. ને તેમ કમરને વિશે એક શ્વેત શેલું બાંધ્યું હતું. ને તેમ એક શ્વેત શેલું ખંભે ધાર્યું હતું. ને મલ્લિકાના ને થલકમલના ઘણાક પુષ્પના હાર પહેર્યા હતા. ને તોરા, ગજરા, બાજુબંધ ને પોંચી તે સર્વે પણ પુષ્પનાં જ પહેર્યા હતા. ને કપાળે કેસરચંદનની અર્ચા ને તે મધ્યે કુંકુમના ચાંદલાને શોભાડતા થકા, ને પોતાને આગે ઘણાંક વાજાં અંગ્રેજી ને ઘણાંક વાજાં ગુજરાતી તે વાગતાં હતાં, ને ઘણાક માણસ પોતાના ને ઘણાક માણસ સરકારના, તેણે વીંટાણા થકા ને સર્વે શોભાના ધામ એવા જે શ્રીજીમહારાજ તે સરકારના સ્થાન પ્રત્યે પધાર્યા.

ત્યારે આસ્કીન સાહેબે શ્રીજીમહારાજને ઘણાક સન્માને કરીને ખુરશી નાંખી દીધી. ને મહારાજના સર્વે માણસને મોટી જાજમો બિછાવીને સર્વેનું સન્માન કરાવ્યું. પછી ભારે અત્તર લઈને શ્રીજીમહારાજના વસ્ત્રને વિશે ચોપડ્યું. ને સર્વે અશ્વારો પર ગુલાબનું શુદ્ધ જળ છંટાવ્યું. તેમ જ ઘણું સન્માન કરીને પોતે ભેગા આવીને શ્રીજીમહારાજને તે સમાને વિશે એમ કહ્યું જે, ''હે મહારાજ ! તમારી ખુશી ને મરજી પડે તે ઠેકાણે તમે જમીન લ્યો.''

ત્યારે તે સમાને વિશે શ્રીજીમહારાજ ઘોડી ઉપર બિરાજમાન થયા ઘોડી ચલાવી. ને સરોવરની પાળની ઉપર ઊભા રહીને એમ બોલ્યા જે, ‘‘અમે જેટલા મધ્યે અમારી ઘોડીના ડાબલા પડે તે પ્રમાણે તમારા ઓડું (નિશાની-એંધાણ) કરો.’’ પછી શ્રીજીમહારાજે જેમ ઘોડીને ફેરવી તેમ તે સમે આસ્કીન સાહેબે ઓડું (ડાબલાની નિશાની પડે તે એંધાણ)ની પાસે ખોદાવીને પાયાની હદ (સીમા-છેડો) બેહદ (સીમાની બહાર)ને કઢાવી દેતા હવા. તેમ લખતના બંદોબસ્તને કરાવતા હવા. તેમ સરકારી પત્ર મધ્યે લખાવીને તે રાત્રી તે ધોલેરા શહેરને વિશે રહ્યા.

(લીલા ચિંતામણી : કિરણ - ૪૧)

## ધોલેરામાં ભગવાન શ્રીહરિએ કેટલાક મનુષ્યોને સમાધિ કરાવી નિશ્ચય કરાવ્યો

પછી બીજે દિવસ ચાલ્યા, તે ગામ આંબલી થઈને ગામ ધોલેરે પધાર્યા. પછી પુંજાભાઈ, ભોજાભાઈ, કાયાભાઈ તથા વરસાભાઈ એ આદિક સર્વે મહારાજને સામા ગયા ને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજ પુંજાભાઈના ઓરડાની ઓસરીને વિશે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી ગામના સર્વે હરિભક્ત બરફી તથા દૂધ-પેંડા આદિક ભેટ મેલીને પગે લાગ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ‘‘આ પ્રસાદી છે તે સાધુ, પાળા તથા સર્વે હરિભક્તને વહેંચી દ્યો.’’ પછી પુંજાભાઈએ કહ્યું જે, ‘‘હે મહારાજ ! તમ સારુ થાળ તૈયાર થયો છે.’’ પછી પોતે જમીને પોતાના પ્રેમી ભક્ત હતા, તેમને થાળની પ્રસાદી આપી. પછી ભોજાભાઈએ કહ્યું જે, ‘‘હે મહારાજ ! સાધુ-પાળાને જમાડો.’’ પછી પોતે પીરસીને જમાડ્યા.

પછી સાંજની સભા થઈ તેમાં ગામના સર્વે શાહુકાર તથા ગરાસિયા સર્વે દર્શને આવ્યા. તેમાં કેટલાકને શ્રીજીમહારાજનાં દર્શન કરીને સમાધિ થઈ ગઈ. તે સમાધિ જોઈને ઘણા લોકોને તો એમ થયું જે, ‘આવો ચમત્કાર કોઈ ઠેકાણે નથી !’ તે જોઈને મહારાજને વિશે ભગવાનપણાનો નિશ્ચય કર્યો ને ઘણાક લોક શ્રીજીમહારાજના આશ્રિત થયા.

(શ્રી ભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃત : સં. ૧૮૭૨ની લીલા)

## નિષ્કુળાનંદ સ્વામીને ધોલેરા મંદિર કરવા મોકલ્યા

પછી ભગવાન શ્રીહરિ કારિયાણી એક રાત્રિ નિવાસ કરીને ગઢપુર પધાર્યા. ગઢપુરમાં એકવખત મહારાજ પોઢ્યા ને થોડી વાર કેડે જાગ્યા ને જળપાન કરી

બેઠા. તે સમયે ગામ ધોલેરાથી કાગળ આવ્યો જે, ‘‘અમે સાહેબને રિપોર્ટ કર્યો, ત્યારે સાહેબે આવીને કહ્યું જે, ‘તમારે જોઈએ એટલી જગ્યા લો.’ તે મહારાજે જગ્યા બતાવી તેટલી લીધી છે, માટે સંતોને મોકલજો.’’ પછી મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને તેડાવ્યા તે આવીને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા જે, ‘‘સ્વામી ! તમે ધોલેરા જાઓ. ધોલેરાથી પુંજાભાઈ આદિ હરિભક્તોનો પત્ર આવ્યો છે ને જગ્યા લીધી છે, તેથી તમે મંદિર કરવાની રીત બતાવી આવો.’’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘‘સારું મહારાજ !’’ પછી થાળ આવ્યો, તે ઢોલિયેથી ઊતરીને જળના કોગળા કરીને જમવા બિરાજ્યા. પછી જમતા જાય ને સ્વામી સાથે વાત કરતા જાય જે, ‘‘અમે જે ઠેકાણે ઢોલિયો ઢળાવીને બેઠા હતા તે ઠેકાણે મૂર્તિઓ બેસે એવી રીતે કરાવજો.’’ પછી થાળ જમીને સ્વામી ભેળા ચાલનારા સંતો હતા તેમને તેડાવીને સર્વેને જમાડ્યા. પછી મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. પછી મુખવાસ જમીને સ્વામીને આપ્યો. પછી મહારાજ કહે, ‘‘આવો મળીએ.’’ પછી સર્વે સંતોને મળ્યા ને પછી મહારાજ પોઢ્યા.

સંતો ઉતારે આવ્યા ને પછી પરોઢિયે ચાલ્યા ને ત્યાં (ધોલેરા) જઈ મંદિરનું કારખાનું ચલાવવા માંડ્યું. પછી તેનો કાગળ આવ્યો તેને વંચાવીને મહારાજ બહુ રાજી થયા. પછી પૂર્ણાનંદ સ્વામી ને અદ્‌ભુતાનંદ સ્વામીના મંડળ ઉપર કાગળ લખાવીને મોકલ્યો, ‘‘તમે ધોલેરા મંદિરનું કારખાનું ચાલે છે, તે તમે ત્યાં જાજો ને નિષ્કુળાનંદ સ્વામીને અમારી પાસે મોકલજો.’’ પછી મહારાજ પોઢ્યા.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૬૩)

## ધોલેરામાં થાળ જમી ભક્તોને જમાડ્યા

ભગવાન શ્રીહરિ સુરતમાં સમૈયા કરી અંકલેશ્વર, ખંભાત, ગુડેલ, મીતલી પધાર્યા. ત્યાંથી બે પાળાને ચાલતા કર્યા જે, ‘‘ધોલેરે જઈને ખબર કરો.’’ પછી પાળા ચાલ્યા ને મહારાજે ઘોડા પાયા ને જળપાન કર્યું. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને ચાલ્યા, તે જેમ જેનાથી ચલાય તેમ ચાલવા માંડ્યા. તે ગામ આંબલી થઈને ગામ ધોલેરા પધાર્યા ને પુંજાજીને ઘેર આવીને ઊતર્યા. ત્યાં ઘોડીએથી ઊતરીને ઢોલિયે બિરાજ્યા. ગામના સત્સંગી મહારાજને પગે લાગીને બેઠા. મહારાજે મંદિરની ખબર પૂછી અને મંદિરમાં પધાર્યા. મદનમોહનના દર્શન કરીને થાળ જમવા બિરાજ્યા. અને થાળ જમીને ચળું કર્યું ને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. વહેલા જાગીને નિત્યવિધિ કરી અને પોશાક પહેરી ઢોલિયે બિરાજ્યા. પછી શેઠ

ડોસાભાઈ આદિ હરિજન મહારાજને પગે લાગીને બેઠા. પછી સંત, પાળા ને બ્રહ્મચારી તેમને મહારાજ મળ્યા. પછી થાળ જમવા પધાર્યા ને ખીમા પટેલે સ્નાન કરાવ્યું. પછી વસ્ત્ર પહેરીને થાળ જમ્યા ને ચળું કરી મુખવાસ લઈને સંતોને પીરસવા પધાર્યા. તે પલવટ વાળીને મોતિયા લાડુ તાણ કરીને પીરસ્યા. અને જળે કરીને હાથ ધોઈ, મોજડી પહેરીને ઉતારે પધાર્યા. જળપાન કરી સભા કરીને ઢોલિયે બિરાજ્યા. અને પુંજાજી, ભોજાભાઈ આદિ હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! હવે તો વહેલા ચાલજો.” ત્યારે મહારાજ કહે, “સારું.”

અને પુંજાજીના ઘરના સભ્યો (અજુબા-ફૂલીબા) તેમને મહારાજની ખબર ન હોય છતાં જ્યારે મહારાજ આવનાર થાય ત્યારે આગળથી થાળનો સામાન તૈયાર કરે. એ રીતે તેમને જણાતું. પછી મહારાજે જળપાન કર્યું અને હરિજને ફૂલના હાર પહેરાવ્યા. પછી મશાલો થઈ ને પછી આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે, “બોલો કીર્તન.” પછી સંતો ઝીલણિયાં કીર્તન બોલ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા ને ભગુજીએ જળે કરીને નવરાવ્યા. પછી થાળ જમવા બિરાજ્યા ને ચળું કરીને થાળવાળા હરિજનને થાળ આપ્યો. અને મુખવાસ લઈને ઢોલિયે પોઢ્યા. વહેલા જાગીને નિત્યવિધિ કરી અને પોશાક પહેરી ફેંટાની બોકાની વાળી. પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામના હરિજનને પાછા વાળ્યા. પછી ઘોડા ઉપાડ્યા તે જેથી જેમ ચલાય તેમ ચાલવા માંડ્યા. ગામ નાવડે આવ્યા ને હીરા સંઘવીને દર્શન દઈને ચાલ્યા, તે ગામ બરવાળાના હરિજનને દર્શન દઈને ગામ કારિયાણી પધાર્યા.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૮૦)

## અદ્‌ભુતાનંદ સ્વામીને ધોલેરાના માનત (મહંત) કર્યા

વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ આવ્યો. તે ઉપર હજારો સંત તથા અગણિત હરિજન આવ્યા. તે ભારે સમૈયો થયો. તે સમૈયામાં હરિજનો પુંજાભાઈ આદિક સર્વે આવ્યા હતા. તેમણે મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, “હે મહારાજ ! અમારે ત્યાં ઠાકોરજીના મંદિરમાં સાધુ જોઈએ. તે કોઈને માનત કરીને મોકલો, તે મંદિર સાચવે. ને અમે તો ઘરધણી કહેવાઈએ.” એવું એ હરિજનનું વચન સાંભળીને મહારાજ સર્વે સંતને કહેતા હતા જે, “કોઈ ધોલેરાના માનત થાવ.” એવું મહારાજનું વચન સાંભળીને કોઈએ ધોલેરાના માનત થવાની હા પાડી નહીં.

ને વળી બીજે દિવસે મહારાજ તથા સર્વે સદ્‌ગુરુ મળીને સૌ સંતને કહ્યું પણ કોઈએ ધોલેરે જવાની હા પાડી નહીં. તેનું કારણ કે, ધોલેરામાં પાણી પીવાનું દુઃખ તેથી. વળી બીજે દિવસે મહારાજે કહ્યું તોય હા ના પાડી.

તે સમે મુક્તાનંદ સ્વામીને ગૂમડું થયેલું ને અદ્‌ભુતાનંદ સ્વામીને તાવ આવે. તેથી એ બે જણા સભામાં નહિ. ને જે હાલમાં પ્રસાદીનો કોઠો છે તેમાં બેય સૂઈ રહેલા. તેથી નિત્યાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી એ બેય મળી મુક્તાનંદ સ્વામીની પાસે આવીને બેઠા. ને સ્વામીને કહે જે, "હે સ્વામી ! ત્રણ દિવસથી મહારાજ સભામાં ધોલેરાના માનત કરવા સારુ સર્વે સંતોને પૂછ પૂછ કરે છે, પણ કોઈ હા પાડતું નથી. એક અદ્‌ભુતાનંદ સ્વામી પૂછ્યા વિના રહ્યા છે." એવું સાંભળીને અદ્‌ભુતાનંદ સ્વામી ત્યાં સૂતા હતા. તે કહે જે, "તમે મુને કહેવા આવ્યા છો ને સ્વામી તો નિમિત્તમાત્ર છે."

ખારા પાણીનું મીઠું પાણી થાય એનો પ્લાન્ટ નાખવાનું

ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે જે, "એ વાત સાચી છે." ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી કહે, "હું ધોલેરાની હા પાડીશ પણ મારી ભેગા કોઈ સાધુ નહિ રહે. કારણ કે ત્યાં પાણીનું દુઃખ બહુ છે." તેવી પરસ્પર વાત થઈ. ને ગોપાળાનંદ સ્વામી ને નિત્યાનંદ સ્વામી ત્યાંથી ઊઠીને સભામાં મહારાજ પાસે આવીને બેઠા. ને (અદ્‌ભુતાનંદ સ્વામી કહે) "હું પણ સભામાં જઈને બેઠો. તે સમે મહારાજે મારા સામી નજર કરી, ને કહે જે, 'હે સ્વામી ! ધોલેરાનું કોઈ માનત થાતું નથી, માટે તમે થાવ.' એમ મને મહારાજે કહ્યું. ત્યારે મેં હા પાડી તેથી મહારાજ બહું રાજી થયા. ને માથે કાન ટોપીએ સહિત મોળિયું હતું તે મારે માથે મેલ્યું ને એક બુરાનપુરી શેલું હતું તે મને ઓઢાડ્યું. ને પોતાની પૂજામાં પોતાને પૂજવાના શાળગરામ હતા તે મને આપ્યા. એવી રીતે રાજી થઈને એ ત્રણ વસ્તુ મને ધોલેરાની માનતાઈમાં આપી. ને મેં જે સમે ધોલેરે જવાની હા પાડી તે સમે ભાયાત્માનંદ સ્વામીએ હા પાડી તથા નિષ્કુળાનંદ સ્વામીએ હા પાડી તથા ત્યાગાનંદ સ્વામીએ હા પાડી. એવી રીતે અમે વીસ મનુષ્યે ધોલેરે જવાની હા પાડી."

ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, "મેં વિચાર કર્યો જે, આ પ્રસાદીનું મોળિયું છે તે સૌને વેંચી દઈએ. એમ કહીને સર્વેને વેંચી આપ્યું. અને એક શેલું હતું તે મેં મારા સેવકોને પૂજા વેંચી આપી ત્યારે મેં સજ્યામાં પધરાવ્યું છે. ને એક ટોપી ને સાળગરામ તે બે વસ્તુ મેં મારા સેવક ઘનશ્યામચરણદાસજીને આપ્યાં છે. ને મને મહારાજે ધોલેરાના માનત કર્યા ને બીજે દિવસે પોતાની પ્રસાદીનો

થાળ આપી સર્વેને જમાડ્યા ને હાર આપીને મળીને ધોલેરે મોકલતા હવા.''

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૧૯૨)

## શ્રીજીમહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને ગાડી-બળદ આપ્યાં

વડતાલથી ચાંગે થઈને ગલિયાણે ગયા ને ત્યાંથી વારણે થઈને ભોળાદ થઈને કમિયાળે આવતા હતા. ત્યાં કમિયાળામાં હરિજન દાદો વણાર હતા. તેમણે એક ગાંડો નામે બળદ હતો તે મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કરીને આપ્યો હતો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું જે, ''આ તમારા દેશનો બળદ છે તે તમે મહારાજ પાસે માગો.'' ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! આ બળદ ભાલ દેશનો છે, તે ભાલ દેશમાં પોસાય. ને અમારે પાણીની બહુ તાણ છે ને એક બળદ બીજો પુંજાભાઈને કહીને લેવરાવીશું.'' એમ અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું.

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ''હે સ્વામી ! એક બળદે ગાડા ચાલે નહીં.'' ત્યારે વળી સ્વામી કહે જે, ''મહારાજ ! બીજો લેવરાવશું.'' એમ અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું. તે સાંભળી મહારાજ કહે જે, ''સ્વામી ! એક બળદે ગાડા ચાલે નહીં.'' ત્યારે વળી સ્વામી કહે જે, ''મહારાજ ! બીજો લેવરાવશું.'' તોય મહારાજે ફરીથી એમ કહ્યું જે, ''એક બળદથી ગાડા ચાલે નહીં.'' ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, ''મહારાજની મરજી આપવાની જણાતી નથી. માટે આપણે અહીંથી પગે લાગીને ધોલેરે જઈએ.'' એમ મનમાં વિચાર કરીને મહારાજને પગે લાગ્યા.

ને મહારાજને કહે જે, ''હે મહારાજ ! અમે ધોલેરે જઈએ છીએ દયા રાખજો.'' એવું સાંભળીને મહારાજ કહે જે, ''હે સ્વામી ! ગાંફ સુધી ભેગા ચાલો.'' ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, ''ઠીક મહારાજ !'' એમ કહીને રસોઈ થઈ તે મહારાજ ને સંત જમવા પધાર્યા. ને મહારાજ જમીને થોડીકવાર પોઢીને ઊઠ્યા. ને પછી ઘોડે સવાર થઈને ગાંફને રસ્તે ચાલ્યા ને ત્યાં ગાંફ જઈને રાત રહ્યા. ને ત્યાં હરિજનોએ જાદરિયાની રસોઈ કરાવીને મહારાજ તથા સંતને જમાડ્યા ને ઉપર દહીં-દૂધ ખૂબ પીરસ્યું. એવી રીતે ગાંફમાં જમીને અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, ''ચાલો, મહારાજના દર્શન કરીને ધોલેરે જઈએ.'' એમ મનસૂબો કરીને મહારાજને પગે લાગવા ગયા.

તે સમે મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામીને કહે જે, ''હે સ્વામી ! તમે ધોલેરામાં

બે ગાઉથી પાણી વીરડામાંથી વાટકે ઉલેચીને ભરી લાવો છો, તે એક રાત તથા બે રાત રહે ત્યારે પીવાય છે એવું દુઃખ છે. તે સારુ અમારો આ વાલજી ખેડુ ને આ અમારી ગાડી ને અમારો આ ગાંડો ને પારેવો એવે નામે આ બે બળદ - એ સર્વે અમે તમને આપ્યાં. તે તમો લઈ જાવ ને દરરોજ પાણી લાવજો ને પીજો. ને નિષ્કામાનંદ સ્વામીને ઠાકોરજીની સેવામાં મેલજો ને ઉદારાનંદ સ્વામી ઠાકોરજીનો થાળ કરશે, ને તમે માનત, ને ચૈતન્યાનંદ સ્વામી ઠાકોરજીનું મંદિર સાચવશે. ને બીજા સંત સર્વે ફરવા જાશે." એમ કહીને મહારાજે પોતાની ગાડી, બળદ ને ખેડુ આપ્યો.

અને પંડે ગાંફથી જમીને એક પોટલાનું ગાડું હતું ને તેમાં કઢાયું મેલેલું હતું તેમાં એક કોળું મેલ્યું હતું. તેમાં પંડે પોટલાનું ઓઠિંગણ કરીને કોળા ઉપર પગ મેલીને બેઠા. એવી રીતે ગાંફથી મહારાજ ચાલ્યા તે ઝીંઝર થઈ સારંગપુર રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા તે ગઢપુર પધારતા હતા.

(શ્રી અદ્ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૧૯૫)

## ધોલેરા મંદિરમાં સર્વે હરિભક્તોને છાતીમાં ચરણારવિંદ આપ્યાં

એકવખત ભગવાન શ્રીહરિ વડતાલથી મહેળાવ, બુધેજ થઈ ધોલેરા પધાર્યા. બીજે દિવસે સવારે નાહી-ધોઈ હાલમાં જ્યાં છત્રી છે ત્યાં સભા કરીને બિરાજતા હતા. તે સમે મંદિર છોવાતું હતું ને ઘણુંખરું કામ બાકી હતું. ને સભામાં વરસોભાઈ તથા ભોજાભાઈ તથા પુંજાભાઈ તથા ખીમા પટેલ તથા શેઠ ડોસાભાઈ તથા ગંગાભાઈ તથા જગુભાઈ - એ આદિક સર્વે હરિજન સભામાં બેઠા હતા. તે સર્વેના પ્રત્યે મહારાજ કહે જે, "આ મદનમોહનજી મહારાજની સર્વેને સેવા કરવી." ત્યારે દાદાખાચર કહે જે, "હે મહારાજ ! અમારે શી સેવા કરવી ?"

ત્યારે મહારાજ કહે જે, "આ મંદિરનું કામ ચાલે છે, તેમાં જેને શ્રદ્ધા હોય તે પાંચ ગાડાં, દશ ગાડાં, વીસ ગાડાં જેની જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે ચૂનો લખાવો. ને જે લખાવે તેને અમે છાતીમાં ચરણારવિંદ આપીએ." એમ કહ્યું. તેને સાંભળીને દાદાખાચર અંગરખું કાઢી સભામાં ઊભા થઈને મહારાજને કહે જે, "વીસ ગાડાં ચૂનો અમારો લખો." એમ કહીને મહારાજના ચરણારવિંદ છાતીમાં લઈને સભામાં બેઠા. ત્યારે સુરો ખાચર ઊઠ્યા. તેમણે પણ પંદર ગાડાં ચૂનો લખાવીને છાતીમાં ચરણારવિંદ લઈને બેઠા. એવી રીતે સર્વે હરિજને જેમ

જેની શ્રદ્ધા તે પ્રમાણે ગાડાં લખાવી ચરણારવિંદ છાતીમાં લઈને બેસતા હતા.

તે સમે ગામ બોરુના વણીક બે ભાઈ હતા. તે બેય જણે ઊઠીને મહારાજના ચરણારવિંદ છાતીમાં લીધાં પણ કંઈ બોલ્યા નહીં. ત્યારે મહારાજ કહે જે, "તમે ચરણારવિંદ લીધાં ને કેમ કંઈ બોલતા નથી ?" ત્યારે તે વણીક કહે જે, "હે મહારાજ ! અમારું બેનું એક ગાડું લખો." ત્યારે મહારાજ કહે જે, "આ વાણિયાએ ઠાકોરજીની સેવામાં પણ વટાવ કાઢ્યો." એમ કહીને રમૂજ કરતા હતા. એવી રીતે એ જગ્યાએ સો-બસેં મનુષ્યને છાતીમાં ચરણારવિંદ દીધાં. ને પછીથી થાળ થયો તે જમવા સારુ પધાર્યા ને જમીને ચાલવા તૈયાર થયા. તે સમે સંતો પણ જમીને ચાલવા તૈયાર થતા હતા.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૨૦૫)

## ધોલેરા મંદિરમાં સેવા કરનારને છાતીમાં ચરણારવિંદ આપ્યાં

પછી ત્યાંથી પોતે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે સાંગાસર રાત રહ્યા. સવારના પહોરમાં આનંદાનંદ સ્વામીને ચડવાની ઘોડી હતી, તેને પોતે (મહારાજે) ફેરવીને કહ્યું જે, આ ઘોડી બહુ હળવાર (સરળ-ધીમી) છે. વાસ્તે તમે ચડવા રાખો." એમ કહીને આનંદાનંદ સ્વામીને ચડવા આપી અને ત્યાંથી ધોલેરે પધાર્યા. ત્યાંના હરિભક્ત પૂજાભાઈ, ભોજાભાઈ, વરસાભાઈ, કાયાભાઈ, શેઠ ડોસાભાઈ તથા પટેલ ખેમાભાઈ એ આદિક સર્વે હરિભક્ત સામૈયું લઈને મહારાજને સામા આવ્યા ને ગાજતેવાજતે મંદિરમાં પધરાવ્યા.

શ્રીજી ફરજાની ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ત્યાં સાધુએ થાળ કર્યો તે પોતે ત્યાં નાહીને જમ્યા. તેમાં વિશેષપણે આંબલીનું પાણી ને સાકર, તેમાં ભાત નાંખીને જમ્યા. ને એમ બોલ્યા જે, "આનો ગુણ ભારે છે. જેને લૂક લાગી હોય તેને ખવરાવીએ તો ઊતરી જાય." એમ કહીને અદ્‌ભુતાનંદ સ્વામીને થાળની પ્રસાદી આપી અને ત્યાં નાની એક ઓરડી હતી તેમાં પોતે પોઢ્યા.

સર્વે સંત જમી રહ્યા ત્યાર કેડે સર્વે હરિભક્તને મહારાજે કહ્યું જે, "મદનમોહનજી મહારાજના મંદિર સારુ બરવાળેથી કાંકરીના ગાડાં લાવે તેને છાતીમાં ચરણારવિંદ આપીએ." પછી જેણે લાવવાની હા પાડી તેને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

(શ્રી ભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃત : સં. ૧૮૮૫ની લીલા)

# ધોલેરાધામના અન્ય પ્રસંગો

## ધોલેરામાં કુમાસદારને અપરાધનું ફળ મળ્યું

ધોલેરામાં અદ્‌ભુતાનંદ સ્વામીને મહારાજે મહાંત કરીને રાખ્યા હતા ત્યારે સ્વામીએ ઠાકોરજીને વાસ્તે ફૂલ વાવેલાં હતાં તે તેયાર થયાં. તેવામાં એકવાર ત્યાં ગામમાંથી કુમાસદાર બાપાલાલ નામે હતો તે ઠાકોરજીના દર્શન કરવા આવ્યો. તેણે ફૂલ જોઈને સ્વામીને કહ્યું : ''આ ફૂલ અમને આપો.'' ત્યારે સ્વામી કહે : ''એ ફૂલ તો ઠાકોરજીને વાસ્તે કરેલાં છે તે અપાય નહિ.'' ત્યારે તે બોલ્યો : ''અમે રાત્રે લઈ જાશું.'' તે ટાણે ત્યાં ડોસાજી નામે સત્સંગી ગરાસીયા બેઠા હતા તે બોલ્યા જે, ''રાત્રે તમે કે તમારા માણસો જે આવશો તેને ગોળીયે દેશું.'' પછી તે કુમાસદાર તો ઘેર ગયો પણ સ્વામીને જરા અંતરમાં લાગ્યું (દુઃખ થયું) તે પાપે કરીને તે કુમાસદારના ઘરનું માણસ માંદું થયું ને બીજે દિવસે મરી ગયું ને ત્રીજે દિવસે પોતે ગાંડો થઈ ગયો. પછી તેને નોકરીમાંથી રજા મળી ત્યારે તે પોતાનો સરસમાન ગાડામાં ભરીને ચાલી નિસર્યો તે ભોગાવામાં જતાં તેનું ગાડું ખુતી ગયું ને સરસામાન રજળી પડ્યો. એમ મોટા પુરુષને જરા પણ કોચવવાથી ભૂંડા હાલ થયા છે અને જો મોટા પુરુષને સેવાયે કરીને રાજી કર્યા હોય તો વગર સાધને મોક્ષ આપી દીયે છે માટે સેવા ન બને તો પણ મોટા પુરુષનો જરાયે અપરાધ તો નજ થવા દેવો એ સિદ્ધાંત વાર્તા છે.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૦૯)

## સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને ધોલેરાથી સારંગપુર લઈ જવાનું વચન આપીને કુસંગીના કહેવાથી ગાડાંવાળા જતા રહ્યા

એક સમે સ્વામી (ગોપાળાનંદ સ્વામી) ધોલેરામાં હતા અને સાથે સાઠ સાધુ હતા. ધોલેરામાં સારંગપુરથી કપાસના ગાડાં ભરીને આવ્યા હતા. તે હરિજનો સૌ મંદિરમાં સ્વામીને દર્શને આવ્યા. તેમને સ્વામીએ કહ્યું જે, ''તમે ક્યારે ચાલવાના છો ?'' પછી સૌએ કહ્યું જે, ''આજે રાતે બે વાગે ચાલશું.'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''અમારે સારંગપુર આવવું છે.'' ત્યારે ગાડાંવાળાએ કહ્યું જે, ''સુખેથી પધારો, અમારા ગાડાં ખાલી છે; માટે સૌને બેસારીશું.''

પછી સ્વામી કહે, ''અમે સૌ રાતના બે વાગે આવશું.'' એ સાંભળી ગાડાંવાળા હા પાડીને વંડામાં ગયા. અને તે વંડાવાળો માણસ સત્સંગનો દ્વેષી હતો.

તેણે ગાડાંવાળાને કહ્યું, ‘‘તમે સૌ ક્યાં ગયા હતા ?’’ ત્યારે ગાડાંવાળાએ કહ્યું જે, ‘‘અમે સ્વામિનારાયણના મંદિરમાં દર્શને ગયા હતા. અને સ્વામિનારાયણના સાધુને સારંગપુર આવવું છે, તે તેડી જાશું.’’ એ સાંભળી વંડાવાળો બોલ્યો જે, ‘‘સ્વામિનારાયણના મંદિરમાં તો ટૂંટિયાનો રોગ આવ્યો છે, તે કેટલાક સાધુને રોગ થયેલ છે. માટે તમે જો ગાડાંમાં બેસારશો તો તમને પણ રોગ વળગશે. માટે અત્યારે જ અહીંથી ચાલી નીકળો.’’ એમ કહીને ગાડાંવાળાને તેને તે વખતે રજા આપી. અને ગાડાંવાળા પણ રોગના ભયથી ગાડાં જોડીને રસ્તે પડી ગયા.

પછી રાતના એક વાગે સ્વામી ધોલેરાના મંદિરમાં સર્વે સાધુને સાથે લઈને ચાલ્યા અને કેટલાક હરિજન વળાવાને પણ આવેલા હતા. પછી જે વંડામાં ગાડાવાળા ઊતર્યા હતા તે વંડામાં તેમનું નામ લઈને બોલાવ્યાં જે, ‘‘સારંગપુરના ગાડાંવાળા છે ?’’ ત્યારે વંડાવાળા માણસે કહ્યું જે, ‘‘તે તો ચાલ્યા ગયા છે.’’ પછી સ્વામી કુરાજી થઈને બોલ્યા જે, ‘‘આવી ખોટી નીતિવાળાને અન્ન-વસ્ત્ર ક્યાંથી મળે ?’’ આવું વચન બોલ્યા તે દિવસથી તે લોકોને (અન્ન-વસ્ત્ર ને આબરૂ) ત્રણે વાનાંની તાણ પડવા લાગી. એમ કુસંગીનું માન્યું તો દુઃખી થયા.

(સદ્. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૩૭-૭૩૮)

## ધોલેરા જૈન મતના એક શેઠ સત્સંગી થયાં

એકવાર સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પોતાના મંડળના સાધુઓને લઈને ધોલેરે પધાર્યા. મદનમોહનજી મહારાજના દર્શન કરીને સાધુઓને મળીને ધર્મશાળામાં ઉતારો કર્યો પછી બીજે દિવસે સ્વામી સભામાં વાતો કરતા હતા તે વખતે ગામમાંથી એક શેઠ આવ્યા ને સ્વામીને પગે લાગીને સભામાં બેઠા. ત્યારે સ્વામીએ પૂછ્યું , ‘‘તમે કેના પંથમાં છો ?’’ ત્યારે તે બોલ્યા જે, ‘‘અમે શ્રાવકના પંથમાં છઈએ.’’ પછી સ્વામીએ તેની આગળ શીયળવ્રતની ને અહિંસા ધર્મની કેટલીક વાત કરી ને કહ્યું જે, ‘‘તમારા પૂજ્ય આવે ત્યારે તમારે તેની પાસે જવું ને તે જે ઉપદેશ આપે તે સાંભળવો ને તે તમારે ઘેર વોરવા આવે ત્યારે સારી પેઠે આપવું ને વરસમાં બે વખત તેમને લુગડાં આપવા.’’ એમ કેટલીક વાત કરી તે શેઠને સારી લાગી ને સ્વામી સાથે હેત થયું. તેથી નિત્ય સ્વામી પાસે વાતો સાંભળવા આવે તે વાત બીજા વાણીયાઓએ અપાશરે જઈને પૂજ્યને કહી. પછી શેઠ અપાશરે ગયા ને પૂજ્યને પગે લાગીને બેઠા. ત્યારે પૂજ્યે શેઠને પૂછ્યું જે, ‘‘તમે સ્વામિનારાયણના સાધુ પાસે શા સારુ બેસવા જાઓ છો ?’’ ત્યારે

શેઠ કહે, "તે તો વખતોવખત તમારાં વખાણ કરે છે ને પૂજ્ય વોરવા આવે તો સારી પેઠે ખાવા આપવું તથા લુગડાં આપવાં એમ ઉપદેશ દે છે ને શીયળવ્રતની તથા નવ વાડ્યોની પણ વાતો કરે છે જે તમારા પૂજ્ય જેમ નવ વાડ્યું પાળે છે તેમ અમે પણ નિષ્કામશુદ્ધિ નામે ગ્રંથને વિષે કહેલી પીસતાલીશ વાડ્યું પાળીએ છીએ એવી બધી સારી વાતો કરે છે તેથી સાંભળવા જાઉં છું." ત્યારે તે સાંભળીને પૂજ્ય પણ રાજી થયા.

તે પછી થોડા દિવસ વિત્યા ત્યાં તો વળી પાછા વાણીયા ભેગા થઈને પૂજ્ય પાસે ગયા ને કહ્યું, "શેઠ તો હજી સ્વામિનારાયણના સાધુ પાસે બેસવા જાય છે માટે ત્યાં જવાની તેને ના પાડો." પછી શેઠ આવ્યા ને પૂજ્યને પગે લાગીને બેઠા ત્યારે પૂજ્યે કહ્યું, "શેઠ ! તમારે સ્વામિનારાયણના સાધુ પાસે બેસવા ન જાવું." ત્યારે શેઠ કહે, "એ સાધુઓ તો તમારા જેવો ધર્મ પાળે છે ને તમારા જેવી વાતો કરે છે ને અહિંસા ધર્મ પાળે છે ને પ્રગટ ભગવાનની વાતો કરે છે ને તેમાં તો પ્રગટ ભગવાન છે ને તમારામાં તો ભગવાન પણ નથી તે જેમ કહ્યું છે કે 'ભાળ્યા વિનાની ભક્તિ કરીને, કઈ જગ્યામાં જાવું, અટકળના ફાડીયામાં શું ચોળીને ખાવું ?' માટે તમારામાં તો કાંઈ નથી ને તેમાં તો ખરો ધર્મ પળાય છે ને પ્રગટ ભગવાન બિરાજે છે." એ પ્રમાણે શેઠ બોલ્યા તે સાંભળીને પૂજ્ય ધખ્યો ને બોલ્યો જે, "જો ત્યાં જાઓ તો અપાસરામાં આવશો નહિ." ત્યારે શેઠ કહે, "રહ્યો તમારો અપાસરો આ ચાલ્યો હવે હું અપાસરે નહિ આવું ને હવેથી હું સ્વામિનારાયણના સાધુ પાસે નિત્ય જઈશ." એમ કહીને શેઠ ત્યાંથી ઉઠી પરબારા મંદિરે આવ્યા અને ઠાકોરજીના દર્શન કરીને સ્વામી પાસે જઈ બેઠા ને પૂજ્યની બધી વાત કરી ને કહ્યું, "સ્વામી ! હવે મને વર્તમાન ધરાવીને કંઠી બાંધો." પછી સ્વામીએ પાણી મંગાવીને શેઠને જમણા હાથમાં દઈ મંત્ર બોલીને વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી ને શેઠ ત્યારથી પાકા સત્સંગી થયા તેના વંશમાં હજી પણ સત્સંગ છે. (શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : વાત નં. ૨૨૦)

## વિજ્ઞાનદાસજી સ્વામીએ પૂર્વાશ્રમના પોતાના ભાણાને ધામમાં મોકલ્યો

વિજ્ઞાનદાસ નામે સાધુ હતા. તેમના ભાણેજ કોઈક ગામમાં રહેતા હતા અને તે ખળામાં દાણાના પગરમાં ગાડું હાંકતા હતા. તે દિવસના બાર વાગ્યાનો વખત થયો હતો. તે સમે સ્વામિનારાયણના બે સાધુ ત્યાં આવ્યા. ત્યારે તે કણબીએ જાણ્યું જે, 'આ મારા મામાના સાધુ છે.' એમ જાણી તે કણબી

સાધુને પગે લાગવા ગયો અને સાધુને પૂછ્યું જે, ‘‘મહારાજ ! બપોરનો વખત થયો છે, માટે કાંઈક જમશો ?’’ ત્યારે સંત કહે, ‘‘તૈયાર કાંઈ હોય તો લાવો, ઠાકોરને જમાડીએ.’’ પછી તે કણબી ઘેર જઈને રોટલા તથા શાક તથા અથાણું લઈ આવ્યા અને સંતને આપ્યા. અને સાધુ ઠાકોરજીને જમાડીને પોતે જમ્યા અને પછી બીજે ગામ ગયા.

પછી જ્યારે તે કણબીનું ભવિષ્ય (મૃત્યુ) થયું ત્યારે તેને યમપુરીમાં યમદૂતો લઈ ગયા. અને ધર્મરાજાએ તેને પૂછ્યું જે, ‘‘તે કાંઈ ધર્મપુન્ય કર્યું છે ?’’ ત્યારે કણબી કહે કે, ‘‘મેં સ્વામિનારાયણના બે સાધુને રોટલા જમાડ્યા છે.’’ એમ જ્યાં કહ્યું ત્યાં તો તેને બે સાધુ દેખાણા. ત્યારે યમરાજા બોલ્યા જે, ‘‘આમને દેવલોકમાં મેલી આવો.’’ પછી તેને લઈને દેવલોકમાં મેલી આવ્યા. પછી ત્યાં મોટા દેવ થયા. અને પછી કોઈકને વિમાનમાં બેસીને અક્ષરધામમાં જતા દીઠા.

પછી તેણે દેવને પૂછ્યું જે, ‘‘આ વિમાન ક્યાં જાય છે ?’’ ત્યારે દેવે કહ્યું જે, ‘‘ભગવાનનો ભક્ત છે, માટે તેને તો ભગવાન અક્ષરધામમાં લઈ જાય છે.’’ ત્યારે તેણે કહ્યું જે, ‘‘ત્યાં આથી કાંઈ વધારે સુખ છે ?’’ ત્યારે દેવ કહે, ‘‘ભગવાનના ધામ આગળ આ તો પાયખાના જેવું ગણાય ?’’ ત્યારે તેણે કહ્યું જે, ‘‘મારે ત્યાં જવું હોય તો ?’’ ત્યારે દેવે કહ્યું, ‘‘તારા મામા વિજ્ઞાનદાસ કરીને સાધુ છે. તે ધોલેરાના મંદિરમાં રહે છે. માટે તેની ભેળો તું થા, તો તને અક્ષરધામમાં મોકલે.’’

પછી રાત્રી પડી ત્યારે વિમાનમાં બેસીને તે ધોલેરાના મંદિરમાં ગયા અને વિજ્ઞાનદાસનું પૂર્વનું નામ લઈને બોલાવવા મંડ્યો જે, ‘‘રતના મામા.... એ રતના મામા....!’’ એમ વારંવાર નામ લઈને બોલાવે, પણ વિજ્ઞાનદાસજી કાંઈ જવાબ આપે નહીં. તેમના મનમાં એવી શંકા હતી કે, રખે ને કોઈ સ્ત્રી બોલાવતી હોય ! એમ છ મહિના વીતી ગયા.

પછી ધોલેરામાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા, ત્યારે વિજ્ઞાનદાસજીએ ગોપાળાનંદ સ્વામીને વાત કરી જે, ‘‘સ્વામી ! મને કોઈ પૂર્વનું નામ લઈને બોલાવે છે, પણ હું જવાબ દેતો નથી.’’ ત્યારે સ્વામી કહે, ‘‘આજ આવે ત્યારે પૂછી જોજ્યો, કોણ છે ?’’ પછી રાત્રી પડી ત્યારે તે દેવ આવીને બોલાવવા મંડ્યો. ત્યારે વિજ્ઞાનદાસજી બોલ્યા જે, ‘‘તું કોણ છો જે છ મહિના થયા મારી કેડે પડ્યો છે ?’’ ત્યારે તે દેવ બોલ્યો જે, ‘‘ભા, હું તમારો ભાણો છું.’’ સ્વામી કહે, ‘‘મારો ભાણો કેવો ?’’ ત્યારે તેણે કહ્યું જે, ‘‘મેં તમારા સાધુ જાણીને બે રોટલા

આપ્યા હતા. તે પુન્યે કરીને હું દેવલોકમાં ગયો છું. માટે મને ભગવાન મેળવાવો અને અક્ષરધામમાં મોકલો !'' ત્યારે વિજ્ઞાનદાસજી કહે, ''જાવ, કાલે આવજો.''

પછી વિજ્ઞાનદાસજીએ સવારે તે વાત સ્વામીને કરી. ત્યારે સ્વામી કહે, ''આજ નીચે બોલાવીને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલજો.'' પછી જ્યારે રાત પડી, ત્યારે તે દેવ વિજ્ઞાનદાસજીને બોલાવવા મંડ્યો. ત્યારે વિજ્ઞાનદાસજી કહે, ''આવ્ય હેઠો !'' પછી તે વિમાન હેઠું લઈને આવ્યો અને વિજ્ઞાનદાસજીએ તેને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલ્યો. એમ પ્રત્યક્ષના સંતને જમાડ્યાનું પુન્ય છે. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૬૪૮-૬૫૦)

## ધોલેરામાં નિષ્કુળાનંદ સ્વામીએ પૂજામાંથી પણ દ્રાક્ષ કાઢી નાંખી

સ્વામીને ધોલેરાના મહંત કર્યા હતા. ત્યાં એક દિવસ પોતે સવારમાં પૂજા કરવા બેઠા હતા. તે વખતે પોતાની પૂજામાં લીલવા દ્રાખના પાંચ દાણા ઠાકોરજીને ધર્યા હતા. તે પ્રસાદી મુખમાં મેલી. તે વખતે ત્યાં ડોસા ન્યાલ શેઠ કરીને બેઠા હતા. તેમણે જાણ્યું જે, 'સ્વામી દ્રાખ જમે છે.' પછી તેમણે પોતાના દીકરા મૂળજીભાઈને કહ્યું જે, ''લીલવા દ્રાખનો એક સારો પડો લઈ આવ્ય, તે સ્વામીની પૂજામાં ધરવા આપીએ.'' મૂળજીભાઈએ દ્રાખનો પડો લાવીને સ્વામી પાસે મેલ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, ''મોરારચરણદાસ ! લાવ્ય, મારી પૂજાની ઝોળી લાવ્ય.'' ઝોળી મંગાવીને તેમાંથી ડાબલી કાઢી. અને પાંચ દાણા દ્રાખના હતા તે ઘા કરી ફળીમાં નાંખી દીધા. સ્વામી કહે, ''તે મને મોઢામાં નાંખતાં ભાળ્યો ત્યારે તું લાવ્યો ને ?'' એવું સાંભળીને દ્રાખનો પડો પાછો ઉપાડી લીધો.

(સદ્. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : વાત નં. ૧૦૧૧)

## ધોલેરામાં નિષ્કુળાનંદ સ્વામીના એક શબ્દે અમલદાર સત્સંગી થયા

ધોલેરામાં કોઈ અમલદાર આવ્યા હતા. તેણે 'જનુની જીવો રે ગોપીચંદની' એ કીર્તન સાંભળ્યું. ત્યારે તેણે કહ્યું જે, ''આ કીર્તન કરનારાને મારે જોવા છે.'' પછી ગામના હરિજનો તેમને તેડીને મંદિરમાં લાવ્યા. તે વખતે સ્વામી બેઠા બેઠા પથ્થર ઘડતા હતા. તે રજ ઊડીને પોતાના શરીર ઉપર પડી હતી. પછી સૌએ કહ્યું જે, ''જુઓ, કીર્તન કરનારા આ બેઠા.'' ત્યારે અમલદાર કહે, ''આ હોય નહીં.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''મહેતા ! મણિ તો છે, પણ રજે ભીંજાણી છે !'' પછી તે આવીને સ્વામીના પગમાં પડ્યા ને સ્વામીની વાતો સાંભળીને સ્વામીને હાથે

વર્તમાન ધારીને સત્સંગી થયા.(સદ્. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : વાત નં. ૧૦૧૨)

## ધોલેરામાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી ધામમાં ગયા

ધોલેરામાં એકસમયને વિષે નિષ્કુળાનંદ સ્વામી મંદિરમાં આરસનું કામ કરાવતા હતા ને બારસાખનું કામ બાકી હતું. ત્યારે ગોંડલના કડિયા દામાને સ્વામીએ પૂછ્યું જે, ‘‘કેટલુંક કામ અધૂરું છે ?’’ ત્યારે દામા મીસ્ત્રીએ કહ્યું, ‘‘સ્વામી ! આવતી કાલે કામ પૂરું થઈ રહેશે.’’ પછી તેજ રાત્રીએ નિષ્કુળાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ દર્શન દીધાં ને કહ્યું, ‘‘ચાલો અમારી ભેગા.’’ ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ ના પાડી જે, ‘‘મને તો શ્રીજીમહારાજ તેડવા આવશે ત્યારે તેમની ભેગો આવીશ.’’ પછી રામાનંદ સ્વામી એક ઘંટીયો બળદ હતો તેના જીવને લઈ ગયા.

પછી વળતે દિવસે નિષ્કુળાનંદ સ્વામીએ સવારમાં જ ભંડારી સાધુને બોલાવીને કહ્યું જે, ‘‘આજ વહેલી રસોઈ કરી લેજો ને વહેલા સહુ જમી લેજો બપોરે મારે દેહ મેલવો છે.’’ પછી દશ વાગવાને સમયે સ્વામી મંદિરમાં ગયા ને આરસની સાખું જોઈ હાથ ફેરવીને રાજી થયા પછી મદનમોહનજીના તથા મહારાજના દર્શન કરી આસને આવીને બેઠા પછી રાજભોગની આરતી થઈ ને હરે થયા એટલે સહુ સંત જમવા ગયા ને જમીને સ્વામી પાસે આવીને સહુ બેઠા. પછી બાર વાગ્યા તે ટાણે શ્રીજીમહારાજ વિમાન લઈને સ્વામીને તેડવા આવ્યા તે વખતે મંદિરમાં બધે તેજ તેજ થઈ ગયું. તે સાધુ, બ્રહ્મચારી તથા પાળા, હરિજનો સહુએ દેખ્યું તે વખતે શ્રીજીમહારાજે સ્વામીને દર્શન દઈને કહ્યું જે, ‘‘શ્વેતદ્વીપની ગાદી ખાલી થઈ છે તો ત્યાં તમે જાશો ?’’ ત્યારે સ્વામી કહે, ‘‘મહારાજ ! હું તો પ્રથમ ત્યાં હતો માટે હવે ત્યાં જાવું નથી, હવે તો તમારી ભેગો અક્ષરધામમાં આવીશ.’’ એમ કહીને ૧૯૦૪ના અષાઢ વદી નોમને દિને દેહનો ત્યાગ કરી વિમાનમાં બેસીને મહારાજ ભેળા અક્ષરધામમાં ગયા. એમ જે ખરી ઉપાસનાવાળા હોય તે પુરુષોત્તમનારાયણ વિના પોતાના ગુરુ કે બીજા અવતારાદિક તેડવા આવે તો પણ તેમની ભેગા જાય નહિ.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : વાત નં. ૨૨૧)

## ધોલેરાના અજુબા તથા ફૂલીબાને દિવ્ય દર્શન થયાં

ધોલેરાના દરબાર પુંજાજી બાપુનાં બહેન અજુબા તથા ફૂલીબા ભગવાન

શ્રીહરિમાં અત્યંત પ્રીતિવાળા હતા. સં. ૧૮૬૦માં શ્રીજીમહારાજને તેઓ કારિયાણીમાં પ્રથમ વાર મળ્યા હતા. તે વખતે અલૌકિક પ્રભાવ જોઈને દરબાર પુંજાજી બાપુ તથા તેમના બહેન અજુબા અને ફૂલીબા સત્સંગી થયા હતા.

સં. ૧૮૮૬ના જેઠ મહિનામાં અજુબા તથા ફૂલીબા ગાડામાં બેસી ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા આવતાં હતાં. નિંગાળા પાસે નદીમાં તેમણે ગાડું છોડ્યું અને બળદને પાણી પાયું. થોડો વિશ્રામ કરતાં હતાં ત્યાં શ્રીજીમહારાજ પધાર્યા! સાથે દસ અસવારો હતા. સૂર્યાસ્તનો સમય થયો હતો અને તેઓ ગાડું જોડીને ગઢપુર પહોંચવાની ઉતાવળમાં હતા એટલામાં તેમને ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં. ભગવાન શ્રીહરિને જોઈ બંનેએ મહારાજને પંચાંગ-પ્રણામ કર્યા. પછી ભગવાન શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમે ક્યાં જાવ છો ?"

તેમણે કહ્યું : "મહારાજ ! આપે મંદવાડ ગ્રહણ કર્યો હતો તે સમાચાર સાંભળી અમે આપનાં દર્શન કરવા આવતાં હતાં."

ભગવાન શ્રીહરિએ મંદમંદ હાસ્ય કરતા કહ્યું : "હમણાં જ વડોદરાના રામચંદ્ર વૈદ્ય અમને મળ્યા. અમારી નાડી તેમણે તપાસીને કહ્યું કે નખમાંય રોગ નથી. અમે તો સાજા-સારા છીએ અને દર્શન દેવા ગામોગામ ફરીએ છીએ. તમે હવે અહીં સુધી આવ્યા જ છો તો ગઢપુર જાઓ." એટલું કહી ભગવાન શ્રીહરિ તરત જ ત્યાંથી આગળ ચાલ્યા. અજુબા-ફૂલીબા ગઢપુર પહોંચ્યાં ત્યાં તેમને સમાચાર મળ્યા કે શ્રીજીમહારાજે તો દેહ ત્યજી દીધો હતો અને અગ્નિસંસ્કાર વિધિ પણ થઈ ગયો હતો. આ સમાચારથી તેમનું હૈયું ભાંગી ગયું, પરંતુ કરુણાનિધાન ભગવાન શ્રીહરિએ કૃપા કરીને બંને ફોઈ-ભત્રીજીને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવ્યાં તે એમને માટે જીવનભરનું સંભારણું બની ગયું.

## રોજકા ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### ભગવાન શ્રીહરિ સવારે રોજકાના હરિભક્તોને રાજી કરીને ચાલ્યા

દિવસ ઊગતા જ શ્રીહરિ રોજકા ગામ આવ્યા. ગામના હરિભક્તો સામે આવ્યા. તે બધા શ્રીફળ લાવ્યા હતા તે ભેટ મૂકીને ફૂલહાર પહેરાવ્યા. સહુએ દંડવત્ પ્રણામ કર્યા. તે વખતે સહુ બોલ્યા, સીધું સામાન બધું તૈયાર છે. ઉતાવળથી રસોઈ તૈયાર કરાવીએ છીએ. સંઘમાં આપની સાથે દરબારો છે. તેમને સવારમાં જમવાની ટેવ હોય છે. એટલે અમે હાથ જોડીને કહીએ છીએ. રસોઈ કરવા અમને આજ્ઞા

આપો. આ રોજકા ગામ આપનું જ છે. પછી શ્રીહરિએ હરિભક્તોને જમવાનું તૈયાર કરાવવા હા કહી. બધી સવારીને રોજકામાં રોકી રાખી. રથને ચાલતા થવાનું અને તેને ઝીંઝર ગામમાં રોકાવાનું કહ્યું. પછી જે રોજકાના તળાવમાં એક કૂવો હતો. ત્યાં તે બધાએ કૂવાનાં પાણીથી સ્નાન કર્યું. પૂજા કરીને સહુએ ટીમણ કર્યું. પીવા માટેનું પાણી પણ ઠામમાં ભરી લીધું.

સહુ સ્નાનાદિ ક્રિયા કરીને તૈયાર થયા તેટલી વારમાં તો બળદોને ઘાસ અને જે પાસે હતું તે ખાણ વગેરે ખવડાવ્યું. કેટલાકે તો ઘી અને ગોળ પણ ખવડાવ્યો અને પાણી પાઈને બળદોને તૈયાર કરી દીધા. ગામમાં જે હરિભક્ત વિપ્રો હતા તેની પાસે દરબાર કાકાભાઈએ રસોઈ બનાવડાવી. રોજકા ગામમાં મશરૂ ગોહિલ નામે એક ક્ષત્રિય હતા. તેઓ ખૂબ જ પાકા હરિભક્ત હતા. તેનુ જે બધું કુટુંબ કે પરિવાર હતો, તે બધા સારા સત્સંગી હતા. તે બધાએ શ્રીહરિનાં સંઘમાં જે અશ્વ હતા તે બધાને માટે ઘાસ-ચારો પહોંચાડી દીધો. ત્યાં ગજાભાઈ નામે એક ગઢવી સત્સંગી હતા. તેમણે રસોઈના ખર્ચમાં ભાગ રાખ્યો હતો. તેઓ દૂધ સાકર અને ઘી લઈ આવ્યા હતા. તે બધું સીધામાં મેળવી દીધું. સારી રસોઈ કરાવી. કમોદ (એક ઊંચી જાતની ડાંગર)નો સુંદર ભાત બનાવ્યો. સુખકારી ઘનશ્યામ શ્રીહરિ જમવા માટે બેઠા અને જે સાથે હતા તે બધા દરબારોને તથા પાર્ષદોને પણ બેસાડ્યા. પોતાની રુચિને અનુસારે સહુ દૂધ ભાત અને સાકર જમ્યા. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોઈને ચાલવા તૈયાર થઈ ગયા.

ગામમાં જે હરિભક્તો હતા તે સહુએ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. બધા હરિભક્તો અતિશય શાણા હતા. સમય પ્રમાણે સહુએ ભગવાન શ્રીહરિની પૂજા કરી. દરબાર કાકાભાઈ, ગજાભાઈ ગઢવી અને મશરૂભાઈ ગોહિલ, તેમણે શ્યામસુંદર શ્રીહરિની પધરામણી કરીને સોનાના હાર અર્પણ કર્યાં. ગજાભાઈ ગઢવીએ તો તે સિવાયનો સોનાનો વધારે એક વેઢ લઈને પહેરાવ્યો. તેને શ્રીહરિના ઉપર અત્યંત સ્નેહ હતો. ગજાભાઈના પિતાનું નામ દેવીદાસ હતું. તેઓ ઘણા સારા પ્રસિદ્ધ સત્સંગી થયા હતા. તેમણે પોતાને ઘેર શ્રીહરિને અને સંતોને જમાડ્યા હતા. ગજાભાઈ ગઢવીના બધા જ પુત્રો સારા સત્સંગી થયા હતા. તેઓ ખરેખર નિર્દોષ સુપુત્ર હતા અને તે બધાને સત્સંગનુ ખરું જ્ઞાન હતું.

દરબાર કાકાભાઈના કુંવરનું નામ આતાભાઈ હતું. તેઓ પણ સારા અને અડીખમ સત્સંગી હતા. તેમના 'મા' પણ તેવા જ અચળ નિષ્ઠાવાળા ભક્ત હતા. હઠીભાઈ પણ સારા ભક્ત હતા. તેમના કુંવર જાલમસિંહ હતા. હઠીભાઈએ

શ્રીહરિની પૂજા કરીને મનોવાંછિત લાભ લીધો. વિપ્ર જગાભાઈ તિવારી(ત્રિવેદી) સારા સત્સંગી હતા. તેના એક પુત્રનું નામ વજાભાઈ (વ્રજલાલ) હતું. વળી એક નારાયણજી પંડ્યા અને તેના ભાઈ શંકર પંડ્યા પણ સારા ભક્ત હતા. કાંધાભાઈ વાળા અને તેના પુત્ર મૂળુ વાળા ભારે સુખરૂપ હરિભક્ત હતા. બીજા એક હરિભક્ત મૂળાભાઈ ગોહિલ અને તેના ભાઈ દેહલ ગોહિલ હતા. ત્રીજા ભાઈ માલા ગોહિલ, ચોથા સારાભાઈ ગોહિલ અને પાંચમા મશરૂ ગોહિલ, તે ઘણા ધીર ગંભીર હતા. તે સહુના પુત્રો પણ વિશેષ શૂરવીર સત્સંગી હતા.

જે કાળાભાઈ ગોહિલ સત્સંગી હતા તેણે ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. તેના પુત્રનું નામ બાવનભાઈ ગોહિલ અને તેના ભાઈનું નામ જીજીભાઈ ગોહિલ હતું. તેના ત્રીજા ભાઈનું નામ શ્રીકૃષ્ણ ગોહિલ હતું. એ બધા જ ઉત્તમ સત્સંગી હતા. નરસિંહ, માલજી, હીરાભાઈ અને જીવરાજ, એ બધા મેરાઈ(દરજી) સત્સંગ રાખીને શ્રીહરિનું ભજન કરતા હતા. સારંગપુરના મેરાઈ ભગવાનજીભાઈના સમાગમથી તે બધાને રોજકામાં પ્રથમ સત્સંગ થયો હતો. રોજકામાં હીરાભાઈ અને રઘુનાથભાઈ, એ બે કણબી, સારા વૈરાગ્યવાળા હરિભક્ત હતા. તે સિવાય વિપ્ર નારાયણજી અને શંકર પંડ્યા બે ભાઈ હતા તે પણ ઘણા વૈરાગ્યવંત હતા અને શ્રીહરિનું ભજન કરતા હતા. જ્યારે વધારે સત્સંગ સમજાયો ત્યારે તેમણે જગતને અત્યંત અસત્ રૂપમાં અનુભવ્યું હતું. દરબાર કાકાભાઈ અને બીજા સત્સંગીઓએ જે જે મનોરથ કર્યા તેને કૃપાળુ શ્રીહરિએ પૂર્ણ કર્યા અને તે પછી તુરંત ત્યાંથી ચાલતા થયા.

ગામના જેટલા હરિભક્તો હતા તે બધા જ શ્રીહરિને વળાવવા માટે આવ્યા. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા, તેને બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. તે અશ્વનો એટલો બધો વેગ હતો કે જાણે તેનો પગ ભૂમિ ઉપર ક્યાંય ટકતો જ નહિ. તેને માથા ઉપર સોનેરી મોર કલગી હતી. સવારી ઘણી ભવ્ય લાગતી હતી. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ જ્યારે બજારે ચાલ્યા ત્યારે જરિયાની નિશાન આગળ ચાલતાં હતાં. ડંકાનો અવાજ ભવ્ય લાગતો હતો. તુરાઈ અને રણસીંગી પણ સરસ રીતે વાગતી હતી. ગામના લોકોને દર્શન કરવા છતાં પણ તૃપ્તિ થતી ન હતી. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ગામની બધી જ સ્ત્રીઓ મોતીના થાળ ભરીભરીને શ્રીહરિને પ્રેમથી વધાવતી હતી. તે સહુને એક એકથી અધિક ભક્તિભાવ હતો. શ્રીહરિને રોકવાની ભાવના પણ ઘણી જ હતી. તો પણ શ્રીહરિ તો ચાલતા જ થયા.

દરબાર કાકાભાઈ અને તેમના ભાઈ માનાભાઈ, એ બે અને હઠીભાઈ

તથા તેમના બંધુઓ, એ સહુ પોતપોતાની સવારી લઈને શ્રીહરિની સાથે ચાલ્યા. ગજાભાઈ ગઢવી પણ શ્રીહરિની સાથે ચાલ્યા. પોતે સારા કવિરાજ હતા. ગાંફના માવ ગઢવી પણ શ્રીહરિ સાથે હતા. બંને શ્રીહરિના યશને પ્રેમ અને ઉમંગથી ગાતા હતા. જ્યારે બધા ગામની બહાર નીકળ્યા ત્યારે શ્રીહરિએ બધા હરિભક્તોને ત્યાં જ રોકી દીધા. સહુએ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા અને માત્ર ચાર ઘડી (૯૬ મિનિટ)માં જ સહુએ અલૌકિક લાભ લીધો. હરિભક્તો ત્યાં ઊભા રહીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૨૦-૨૧)

## રોજકામાં માતરા ધાધલે રમૂજ કરી તે વાત સાંભળીને ભગવાન શ્રીહરિ હસ્યા

ભગવાન શ્રીહરિ તથા સંતો-પાર્ષદો-હરિભક્તો ધોલેરેથી ચાલ્યા તે રોજકે આવ્યા. ને ત્યાં જઈને ઘઉંની ખળીઓમાં ઉતારો કર્યો ને ઘોડા પાવા સારુ કાઠી રોજકાના તળાવમાં ગયા. ત્યાં પાણી થોડું ને કાદવ વિશેષ, તેમાં પાણી પાવા સારુ પે'લું ઘોડું માતરા ધાધલે નાખ્યું તે કળી (ખૂંતી) ગયું. ત્યારે એમના મનમાં એમ થયું જે, 'બીજા કોઈ નહિ નાખે ને મારી મશ્કરી કરશે.' તેથી ઘોડું કળેલું તોપણ તેને ત્રોહ ત્રોહ કરવા લાગ્યા. એવું સાંભળીને બધાય કાઠીઓએ ઘોડા નાખ્યા ને બધાય ઘોડા કળ્યા ને કાદવવાળા થયા.

ત્યારે બીજા કહે જે, "અલ્યા માતરા ! તે કહ્યું નહીં ?" ત્યારે માતરો ધાધલ મર્મમાં કહે જે, "બાપુ ! પાણી ઘણો છે, ઊંધે માથે ગળા સમો છે." એવી રીતે પરસ્પર હાસ્ય વિનોદ કરીને ઘોડા પાઈને મહા મહેનતે બહાર કાઢીને કાદવવાળા ઘોડા લઈને ઉતારે આવ્યા અને મહારાજ પાસે આવીને બેઠા અને વીતેલી વાત કરવા લાગ્યા કે, "આ માતરા ધાધલ ત્રોહ ત્રોહ કરીને અમારા સર્વેના ઘોડાને કાદવમાં નખાવીને કાદવવાળા કર્યા." એવું સાંભળીને મહારાજ તો મુખ આગળ રૂમાલ દઈને બહુ હસવા લાગ્યા.

## બ્રહ્માનંદ સ્વામીએ રમૂજ કરી મહારાજને હસાવ્યા

આમ અપૂર્વ હસાહસ થતાં તેમના સખા બ્રહ્માનંદ સ્વામીએ એક દૃષ્ટાંત દીધું જે, "હે મહારાજ ! આ તો એવું થયું જે, એક ગામમાં ગણપતિનું દેવળ હતું. તેમાં ગણપતિની મોટી જબરી મૂર્તિ પધરાવેલી હતી. તેમની દૂંટીમાં એક વીંછી ભરાઈ રહેલો. તે સમે ખાતર પાડીને સાત ચોર ત્યાં આવ્યા. તેમાંથી એક ચોરે ગણપતિની દૂંટીમાં હાથ ઘાલ્યો. ને જેવો ઘાલવા જાય છે તેવો જ

વીંછીએ ચટકાવ્યો. તે સમે તે ચોર બીજું કાંઈ ના બોલ્યો ને એમ બોલ્યો જે, ‘અહો હો ! આ ગણપતિની દૂંટી શી ટાઢી હીમ જેવી છે !’ એવું સાંભળીને બીજે ચોરે હાથ ઘાલ્યો. તેને પણ વીંછીએ ચટકાવ્યા પણ કોઈએ ‘વીંછી કરડ્યો’ એમ ના કહ્યું ને પછી સર્વેએ કહ્યું. તેમ હે મહારાજ ! આ તો થયું.’’ એમ કહીને મહારાજને હસાવ્યા.

એવી રીતે ત્યાં રાત રહીને બીજે દિવસ કાકાભાઈના દરબારમાં જાદરિયાની રસોઈ કરાવી હતી. તેને જમીને ત્યાંથી ચાલ્યા તે કારિયાણી જઈ રાત રહ્યા...

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૨૦૬)

## તમારો ઘેંશમાં હાથ પડ્યો છે

**‘ધંધુકેથી ચાલ્યા ધર્મનંદ, ગયા રોજકે આનંદકંદ;**
**ગામના જને સાંભળી વાત, આવે છે શ્રીહરિ સાક્ષાત.’**

સં. ૧૮૭૨ના ગઢપુરમાં ભગવાન શ્રીહરિ હરિજયંતી ઉત્સવ કરી ભેંસજાળ, મોરસિયા, ધંધુકા થઈ રોજકા પધાર્યા. રોજકાના દરબાઈ કાકાભાઈએ પોતાના સો જેટલા ભાયાતોને તેડાવ્યા હતા. આ સંઘને લઈને શ્રીજીમહારાજનું સામૈયું કરવા તેઓ ઊપડ્યા. તેમાં પૂજાગોળ ક્ષત્રિય હતા. તેમણે ભગવાન શ્રીહરિના કદી દર્શન કર્યા નહોતા. તેથી સુરાખાચરની મોટી પાઘડી અને જાડું શરીર જોઈ તેને લાગ્યું કે આ જ ભગવાન લાગે છે. તેણે સુરાખાચરના પગ પકડી લીધા. સુરાખાચર હસ્યા અને તેમણે કહ્યું : ‘સુરોભક્ત બોલ્યા તેની સાથ, તમારો પડ્યો ઘેંશમાં હાથ; લાડવા જલેબી સ્વાદ જેહ, તે તો છે જાઓ પાછળ તેહ’ બાપુ ! તમારો ઘેંશમાં હાથ પડ્યો છે. કંસારમાં હાથ નાંખવો હોય તો જાવ પાછળ, ભગવાન હાલ્યા આવે છે.’’

પૂજાગોળે કહ્યું : ‘‘ભા ! આ તો શકન થયા. અહીં ઘેંશમાં હાથ ન નાંખ્યો હોત તો લાડવા-જલેબી કોણ બતાવત ?’’ એમ કહી તે મહારાજ પાસે ગયા.

ભગવાન શ્રીહરિ માનાભાઈના દરબારમાં ઉગમણા બારના ઓરડામાં ઊતર્યા. અહીં સત્સંગ-કથાવાર્તા થવા માંડી. હરિભક્તોની પણ મનમાં ઈચ્છા હતી કે મહારાજ અનાયાસે પધાર્યા છે, પધરામણીનો લાભ મળી જાય તો ભાગ્ય ઊઘડી જાય. સૌએ ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીજીમહારાજ રોજકાના હરિભક્તોનો ભાવ જોઈ તરત જ ઊઠ્યા. પ્રથમ કાકાભાઈના દરબારમાં પધાર્યા. ત્યાં ઉત્તરાદા બારના ઓરડામાં મહારાજે પધરામણી કરી. પછી કાંધાવાળા, મશરૂવાળા વગેરે દરબારોને ત્યાં પધરામણી કરી કરશન દવેને ઘેર પધાર્યા. અહીં

રાત રોકાયા. બીજે દિવસે રોજકાથી નીકળી પચ્છમ પધાર્યા.

(શ્રીહરિલીલામૃત : ૭/૬૩ના આધારે...)

## રોજકામાં ભગવાન શ્રીહરિએ સંતો પાસે આખી રાત્રિ કીર્તનો ગવરાવ્યાં

ભગવાન શ્રીહરિ અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરવા માટે ગઢપુરથી ચાલ્યા તે રોજકા પધાર્યા. અને રાત્રિએ ગામની ભાગોળે બદરીનાથાનંદ સ્વામી તથા જ્ઞાનસ્વરૂપાનંદ સ્વામીની પાસે 'ઓરા આવો મારા લેરખડા લહેરી...' એ કીર્તનો ગવરાવતા હતા. તે કીર્તનો સાંભળીને ભગવાન શ્રીહરિ તેમની ભક્તિને વશ થઈ પોતાના આસનથી ઊઠીને ધીમે ધીમે તેમની પાસે ગયા. પછી ગોવિંદાનંદ સ્વામી તથા પ્રજ્ઞાનંદ સ્વામી એ બે સંતોએ કીર્તનો બોલવા શરૂ કર્યા. તે ગાતાં ગાતાં સવાર થઈ ગયું. પછી ભગવાન શ્રીહરિ ઊઠીને ગાંફ ગામે પધાર્યા.

(શ્રીહરિકૃષ્ણલીલામૃત ઉતરાર્ધ : અધ્યાય - ૯૬)

## સુરાખાચરે કાકાભાઈની મશ્કરી કરી

અને વળી એક દિવસ શ્રીજીમહારાજે ગઢડામાં વાત કરી જે, "ગામ રોજકાના ગરાસિયા કાકાભાઈ હરિજન બહુ સારા હતા. તેમને દીકરા નહિ તેથી ઘરનાં મનુષ્યને કોઈ બ્રાહ્મણે કહ્યું જે, 'તમે પ્રભાસ પાટણ જાવ તો દીકરા થાય.' એવું સાંભળીને ઘરના મનુષ્યે ઘણી પ્રભાસ જવાની હઠ લીધી. તેથી કાકાભાઈ ઘરનાં મનુષ્ય સાથે પ્રભાસ ગયા. ને ત્યાં જઈને આવતાં ગઢડે આવ્યાં ને ઉતારો કર્યો. ત્યાર પછી મહારાજનાં દર્શન કરીને મહારાજની ખબર પૂછી, ત્યાર પછી ઉતારે ગયાં.

અને પછી મહારાજે જાણ્યું જે, આ કાઠી એમની હાંસી કરશે. તેથી મહારાજ પ્રથમથી જ સુરાખાચરને તથા મોકાખાચરને કહે જે, "આ કાકાભાઈની તમે કોઈ હાંસી કરશો નહિ." એમ કહ્યું. તેને સાંભળીને તે કહે જે, "સારું." અને તે જ દિવસે સાંજની લીમડા નીચે સભા થઈ ને મહારાજ સભામાં વિરાજમાન થયા. તે સમે કાકાભાઈ પણ સભામાં આવીને બેઠા. ને તે જ વખતે સુરાખાચરનો દીકરો નાથો ખાચર, સુરાખાચરના ખોળામાં આવીને બેઠો.

તે જોઈને સુરોખાચર કહે જે, "પેલો નાથો તો ના ગયો કાશી, ના ગયો કેદાર, ના ગયો ગયાજી, ના ગયો પ્રયાગરાજ, ના ગયો જગન્નાથ, ના ગયો ગોકુળ, ના ગયો દ્વારકા, ના ગયો પ્રભાસપાટણ કંઈયેય ન ગયો; ને બ્રહ્મા થવુંગો (થયો) તે સૃષ્ટિ સરજ સરજ કરે છે. રાંડના ભાગું જાવ, તમને કેટલાને હું

રમાડું?!'' એવી રીતે પોતાના દીકરાની હાંસી કરીને કાકાભાઈની સભામાં હાંસી કરી. તેથી કાકાભાઈ સમજ્યા તેથી મુખ શ્યામ થયું અને મહારાજે પણ જાણ્યું.

તેટલાકમાં સંધ્યા આરતીનો સમય થયો ને સભા ઊઠી, ને મહારાજ આરતી કરીને અક્ષરઓરડીએ પધાર્યા. ત્યારે સુરોખાચર તથા સોમલોખાચર આદિક સર્વે કાઠી મહારાજની પછવાડે અક્ષરઓરડીએ મહારાજની પાસે જઈને બેઠા. તે સમે મહારાજ બોલ્યા જે, ''હે સુરાખાચર ! મેં તમને પ્રથમથી કહ્યું હતું જે, કાકાભાઈની મશ્કરી ના કરશો, તોય પણ તમે કરી.''

તે વાત સાંભળીને સુરોખાચર કહે જે, ''હે મહારાજ ! ગધીનો માંગણનો હોય તે કાકાભાઈની મશ્કરી કરે, મેં તો મારા છોકરાની મશ્કરી કરી છે.'' એવાં સુરાખાચરનાં વચન સાંભળીને મહારાજ કહે જે, ''કાઠી ને કાગડો બેય બરોબર. કેમ જે, પોતાના છોકરાની મશ્કરી કરીને ગરાસિયાની મશ્કરી કરી ત્યારે છાલ (કેડો) મેલ્યા.'' એવી રીતે મહારાજ ઠબકો દઈને પાછા સભામાં આવીને વિરાજમાન થયા. ને પોતાના ઐશ્વર્ય-પ્રતાપ સંબંધી ઘણીક વાર્તા કરતા હતા. ને પછી પોઢવાનો સમય થયો એટલે અક્ષરઓરડીએ જઈને પોઢી જતા હતા.

અને પૂનમને દિવસે સવારમાં ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને સભામાં આવીને વિરાજમાન થયા. તે સમે સર્વે સંત તથા હરિભક્તો સભામાં આવીને બેઠા. તે સમે કાકાભાઈ સભામાં આવીને બેસતા હતા. તેને જોઈને મહારાજે કાકાભાઈને ઘણીક ભગવાનના નિશ્ચય સંબંધી વાર્તા કરી. તે સર્વે વાર્તા વિક્તિએ સહિત પ્રથમ પ્રકરણના ૭૦ના વચનામૃતમાં લખી છે.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૨૨૦)

## રોજકામાં મહારાજે કરણા ગઢવી અને તેના પિતાને સત્સંગી કર્યા

પછી મહારાજ ગામ રોજકે પધાર્યા હતા અને ત્યાં ગામને પાદર છોકરાં રમતાં હતાં. તેમાં દેવાઈત ગઢવીનો દીકરો કરણો કરીને હતો. તેને શ્રીજીમહારાજે વર્તમાન ધરાવ્યાં. તે જોઈ એક છોકરો દેવાઈત ગઢવી પાસે ગયો અને કહ્યું જે, ''બાપુ બાપુ! કરણાને સ્વામિનારાયણે પાડ્યો કે પાડ્યો.'' તે સાંભળી દેવાઈત ગઢવી પાદર આવ્યા અને પોતાના પુત્રને બથમાં ઘાલીને પૂછવા માંડ્યા જે, ''બાપ કરણા ! તને સ્વામિનારાયણે પાડ્યો, એ વાત સાચી ?અને તને કાંઈ માથું કે પેટમાં દુઃખે છે ?'' છોકરો કહે, ''ના ના, મને તો મહારાજે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગી કર્યો !'' પછી દેવાઈત ગઢવી પણ સત્સંગી થયા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૧)

## રોજકામાં કરશનજી કોઠારીનો મગદળ કૂતરાં ખાઈ ગયાં :

શ્રીજીમહારાજ રોજકાને પાદર રાત રહ્યા હતા અને સાથે સંત તથા પાર્ષદ હતા અને કરશનજી કરીને મહારાજના કોઠારી પણ હતા. તેની સાથે મગદળનો ડબો ભરેલો હતો તે રાત્રીએ કૂતરાં આવીને ખાઈ ગયા. પછી તે સવારમાં જાગીને પાળાને ખીજવા માંડ્યો જે, ''તમે મારો મગદળ ખાઈ ગયા.'' એમ તાણી તાણીને રાડ્યો પાડવા માંડ્યો અને શ્રીજીમહારાજ પોઢી ગયા હતા. પછી નિષ્કુળાનંદ સ્વામી કીર્તન બોલ્યા જે, 'તારી અખિયામાં ઝાઝી રીસ રે તને મગદળ ભાવે, ચોર નહીં એ તો શ્વાન જ જાણે; પાળાને મ ખીજે મ ખીજે.' એ આખું કીર્તન બનાવીને બોલ્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૨)

## રોજકાનો કરણો ગઢવી તેની માતા સાથે દર્શને આવ્યો

એક વખત શ્રીજીમહારાજ દરબારમાં વિરાજમાન હતા અને ગામ રોજકાનો કરણો ગઢવી મહારાજનાં દર્શને આવ્યો હતો. તેની સાથે તેની માતુશ્રી પણ દર્શને આવેલ. તેને પોતે મારગમાં સમજાવેલ જે, ''મા ! સ્વામિનારાયણ ભગવાન છે, તે તને બોલાવે કે ન બોલાવે, પણ કાંઈ બોલીશ નહીં.'' ડોશી કહે, ''બાપ દીકરા! હું કાંઈ નહીં બોલું.''

પછી દરબારમાં આવી ડોશી મહારાજને પગે લાગી; તોપણ મહારાજે સામું જોયું નહીં. ત્યારે ડોશી બોલી જે, ''તમે મારી વૃદ્ધ સામું શેના જુઓ !'' એમ ડોશી બોલી. એટલે કરણો સભામાં બોલ્યો જે, ''ભૂંકી... ગધેડી..! ભૂંકી ગધેડી...! હું ગધેડીને સમજાવતો હતો કે, તું કાંઈ બોલીશ નહીં.'' પછી મહારાજ કહે, ''ખરો કરણો, તેની માને ગધેડી કહી !'' એમ હસીને બોલ્યા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૯)

## રોજકાના મશરુ ગોળે બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો

ગામ રોજકામાં મશરુ ગોળ કરીને રજપૂત હતો. અને જેરામ બ્રહ્મચારી સુરતથી શ્રીજીમહારાજનો પોશાક લઈને આવતા હતા અને પોતે ચાલ્યા આવતા હતા. ત્યાં બે કોળી બ્રહ્મચારીની પાછળ દોડ્યા. પછી જેરામ બ્રહ્મચારી આગળ અને બે કોળી પાછળ, એમ દોડતાં દોડતાં બ્રહ્મચારી તો રજપૂત સાંતી હાંકતો હતો તેની પાસે ગયા. ત્યારે રજપૂતે પૂછ્યું કે, ''મહારાજ ! કેમ દોડ્યા આવો છો ?''

ત્યારે બ્રહ્મચારી કહે, ''ઓલ્યા બે માણસ મને લૂંટવા આવે છે અને મારી પાસે સ્વામિનારાયણ ભગવાનનો પોશાક છે.'' ત્યારે રજપૂત કહે, ''મહારાજ! અહીંયાં બેસો, બીશો નહીં.'' પછી પોતા પાસે તરવાર હતી તે ઉઘાડી કરીને તે કોળી સામો દોડ્યો, અને કહ્યું જે, ''આવી જાઓ દીકરાઓ ! હું જાતનો રજપૂત છું.''

પછી તે કોળી ભાગી ગયા અને રજપૂત બ્રહ્મચારીને સાંતી ઉપર બેસાડીને પોતાને ઘેર લાવ્યો અને રસોઈ કરાવીને બ્રહ્મચારીને જમાડ્યા. બીજે દિવસે ગાડું કરીને બ્રહ્મચારીને ભીમનાથ સુધી મૂકી ગયો. પછી ગઢપુર આવીને બ્રહ્મચારીએ મહારાજને તે વાત કરી જે, ''ગામ રોજકાના મશરુ ગોળે આવી રીતે મારી રક્ષા કરી.'' મહારાજ કહે, ''તે આંહીયાં દર્શને આવે ત્યારે મને સંભળાવજો.'' પછી જ્યારે ગઢપુર આવ્યા ત્યારે બ્રહ્મચારીએ ઓળખાણ પાડી. પછી મહારાજે કહ્યું જે, ''તે બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો, માટે જા તારું મુક્તાનંદ સ્વામીની સાથે કલ્યાણ!'' એમ કહીને મહારાજ બહુ જ રાજી થયા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૨૬૮)

## રોજકાના શિવશંકર ભટ્ટે પુત્ર માટે જનમંગલના પાઠ કર્યા

રોજકા ગામમાં એકવખત ગોપાળાનંદ સ્વામી પધાર્યા હતા. અને સૌ હરિજનો સ્વામીને દર્શને આવ્યા. અને શિવશંકર ભટ્ટ જરાક મોડા આવ્યા. ત્યારે સ્વામીએ તેમને કહ્યું જે, ''કેમ શિવશંકર મોડો આવ્યો ?'' ત્યારે શિવશંકર કહે, ''સ્વામી ! હું જનમંગલના પાઠ કરું છું.'' સ્વામી કહે, ''શા માટે પાઠ કરો છો?'' ત્યારે શિવશંકર કહે, ''પુત્ર નથી તે માટે.'' સ્વામી કહે, ''કેટલા પાઠ કરવા છે?'' ત્યારે શિવશંકર કહે , ''એક લક્ષ કરવા છે.''

સ્વામી કહે, ''સવા લાખ પાઠ કર તોપણ તારે દીકરો નહીં થાય !'' ત્યારે શિવશંકર કહે, ''કેમ કરું ?'' ત્યારે સ્વામી કહે, ''તારો ભાઈ વિઠ્ઠલ છે તેને આ પાઠનું ફળ આપ, તેથી તેને દીકરો થાશે ! તે તારી ચાકરી કરશે.'' પછી વિઠ્ઠલ ભટ્ટને બોલાવીને પોતાના પાઠનું ફળ સ્વામી પાસે તેને કૃષ્ણાર્પણ કરાવ્યું, તેથી તેને દીકરો થયો. તેણે શિવશંકર ભટ્ટની ચાકરી કરી.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૪૯)

## રોજકામાં એક બ્રાહ્મણ ઘેર રહેતા સંતે પુત્રરૂપે જન્મ લીધો

એકવખત રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી રોજકા પધાર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણનો દીકરો માંદો હતો. તેને જોવા સારુ સ્વામીને પોતાને

ઘેર તેડી ગયા. પછી સ્વામીએ ત્યાં જઈને તેના ખાટલા પાસે ઊભા રહીને માથું ધુણાવ્યું અને પછી સૌ પાછા મંદિરમાં આવ્યા. પછી ચાલતી વખતે તે બ્રાહ્મણે સ્વામીને પૂછ્યું કે, ‘‘સ્વામી ! તમે છોકરા સામું જોઈને માથું કેમ ધુણાવ્યું ?’’ ત્યારે સ્વામી કહે, ‘‘તારે ઘેર કોઈ રહેતું હતું ?’’ ત્યારે તેણે કહ્યું કે, ‘‘એક સંત રહેતા હતા.’’ ત્યારે સ્વામીએ કહ્યું કે, ‘‘તું ઘેર નહોતો અને તે સંતે દેહ મેલ્યો. તેની તારામાં વાસના રહી હતી, તેથી તે તારો દીકરો થયો છે. માટે અમે અહીંથી ગામના સીમાડે જશું, ત્યારે તે દેહ મેલી દેશે.’’ પછી સ્વામી ગયા પછી તે છોકરો દેહ મેલી ગયો. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૫૦)

# ખરડ ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### ખરડમાં તળાવ કાંઠે રોટલા જમ્યા ને પ્રસાદીના કરી આપ્યા

એકવખત મહારાજ કુંડળથી ચાલ્યા. ત્યારે રાઈબાઈ કહે, ‘‘મહારાજ ! ભાતું લેતા જાઓ.’’ પછી ભાતાનો ડબો મહારાજે નાજા જોગિયાને અપાવ્યો. અને દહીંની દોણી ભરીને રાઈબાઈએ આપી, તે મહારાજે ગોવિંદસ્વામીને અપાવી. પછી ગોવિંદસ્વામી વિગેરે સંતો ખરડને પાદર જઈને એક તળાવની ઉગમણી પાળે જઈને ઊતર્યા. પછી મહારાજ ભાતું જમવા બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘નાજા ! ગોરસની દોણી કોને આપી છે ?’’ નાજો જોગિયો કહે, ‘‘મહારાજ ! ગોવિંદસ્વામીને આપી છે, પણ તેઓ ક્યાં હશે ?’’ એમ જ્યાં વાત કરે છે ત્યાં તો ગોવિંદસ્વામીએ તળાવની પાળે ચડીને જોયું એટલે છેટેથી મહારાજના દર્શન થયાં. પછી સ્વામી દહીંની દોણી લઈને મહારાજ પાસે આવ્યા.

પછી મહારાજે સૌને અરધો અરધો રોટલો અને ગોરસ આપ્યું. તે વખતે ત્યાંના ગરાસિયાના છોકરા રમતા હતા. તે બોલ્યા જે, ‘‘મહારાજ ! અમને પ્રસાદી આપો ને !’’ પછી મહારાજ કહે, ‘‘તમારે ઘેર ઘણા રોટલા છે, લાવોને, પ્રસાદી કરી આપું.’’ પછી છોકરા ઘેર જઈને રોટલા લઈ આવ્યા. તેને મહારાજે પ્રસાદી કરીને પાછા આપ્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૬૮)

### ખરડમાં ખીચડીમાં ઘીની રેલમછેલ

ભગવાન શ્રીહરિ કુંડળથી ચાલ્યા તે ગામ ખરડ આવ્યા અને ગામમાં ખીચડીની ખબર કઢાવી તે ન મળી. ત્યારે મહારાજને કહ્યું જે, ‘‘ખીચડી તો ગામમાં મળતી

નથી.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''ઘી મળે છે ?'' ત્યારે કહે જે, ''હા મહારાજ.'' પછી ગામમાં ઘી લેવા ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''કોક ફેરો ઘીમાં ખીચડી જમીએ ને કોક ફેરો ખીચડીમાં ઘી જમીએ.'' પછી ઘી લાવ્યા ને ઊનું કરીને ગાળીને મહારાજે પીરસવા માંડ્યું. તે ના ના પાડે તેમ જોરાયે આપતા જાય. જેમ મહારાજે ગામ આદરજમાં ઘી પીરસ્યું હતું, જેમ ગામ શિયાળમાં ઘી પીરસ્યું હતું, જેમ ગામ ગઢડામાં ઘી પીરસ્યું હતું, જેમ ગામ પંચાળામાં મહારાજે ઘી પીરસ્યું હતું, તેમ આંહી પણ મહારાજે ઘીની વારંવાર તાણ કરીને પીરસ્યું.

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ - ૧૨)

## ખરડમાં સંકલ્પવાળા સંતને ખીચડીમાં ઘી ઓછું આપ્યું :

એકવખત મહારાજ ખરડ પધાર્યા હતા અને તળાવમાં ખીચડી કરી હતી. પછી એક સંતને સંકલ્પ થયો જે, ''આજ ખીચડી અને ઘી ખૂબ જમશું !'' અને ખીચડી થોડી હતી તેથી મહારાજ ઘી ખૂબ પીરસતા હતા. પછી જે સંતે સંકલ્પ કર્યો હતો તેની પાસે મહારાજ પીરસતા પીરસતા આવ્યા અને તે સંતને જરાક ઘી આપ્યું. પછી મહારાજ ઉગમણી પાળે સભા કરીને વિરાજમાન થયા. તે વખતે નારદજી તથા તુંબરુ એ બંને જણ મહારાજને રાજી કરવા ગાયન કરવા આવ્યા હતા. તે ગાયને કરીને કચરાની બબે માણ્યું ફૂટી ગઈ. પછી મહારાજને રાજી કરી અદશ્ય થઈ ગયા. પછી મુક્તાનંદ સ્વામી કહે, ''મહારાજ એ કોણ હતું ?''

પછી મહારાજ કહે, ''નારદજી ને તુંબરુ એ બેય અમને રાજી કરવાને સારુ આવ્યા હતા. તે રાજી કરીને ચાલ્યા ગયા.'' એમ કેટલાક દેવો પણ દિવ્યસ્વરૂપે આવતા હતા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૬૯)

## ખરડમાં સરોવરની પાળે ભગવાન શ્રીહરિ પાસે નારદ તથા તુંબરુનું ગાન

શ્રીજીમહારાજ ગઢપુરથી મુક્તાનંદ સ્વામી આદિક સંતો તથા દાદાખાચર આદિક અસ્વારો અને શસ્ત્રધારી પાર્ષદો સાથે વડતાલ રામનવમીના સમૈયો કરવા પધારતા હતા. પછી ગામ કારિયાણી રાત્રી રહીને પ્રભાતે ચાલ્યા, તે મધ્યાહ્ને ખરડને વિશે સરોવરની પાળે પીપળના વૃક્ષની છાયામાં મુક્તાનંદજીની વેલ ઉપર બિછાણાં બિછાવીને બિરાજમાન થઈને બોલ્યા જે, ''હે મુક્તાનંદ સ્વામી ! તમે સર્વે સંત ગવૈયા તે વાજાં સ્વરે કરીને સારંગ રાગના દ્રુપદ બોલો.'' ત્યારે તે સમે મુનીન્દ્ર એવા જે મુક્તાનંદજી, પ્રેમાનંદજી, દેવાનંદજી, જ્ઞાનાનંદજી તથા હરિયાનંદજી આદિક

સર્વે સંત ગવૈયા તે દ્રુપદ બોલ્યા. તે તો ન ભૂતો ન ભવિષ્યતિ ! તેમ કરીત્ન ગાય છે. તે જોઈ સર્વોપરી એવા જે શ્રીજીમહારાજ તે ઘણા રાજી થયા. એટલાક મધ્યે તુંબરુ ને નારદજી તે ગાંધર્વના વેશ લઈને તે સ્થળને વિશે આવ્યા ને શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કર્યા. અને હાથ જોડી બોલ્યા જે, "હે મહારાજ ! હે સમર્થ ! હે સર્વજ્ઞ! તમારી આજ્ઞા હોય તો તમારા સંત ભેગા અમે ગાન કરીએ."

ત્યારે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને હસતાં હસતાં એમ કહ્યું જે, "હા, ગાઓ." ત્યારે તે ગાવા લાગ્યા. તે અકુંઠિત વેણે, રૂડા સ્વરે ને ગાન-તાનથી ને માન પાડીને (મૂકીને) ગાવવા લાગ્યા. પછી એમ બોલ્યા જે, "હે હરે ! અમારાં મોટા ભાગ્ય ઉદય થયાં જે, ઘણાક દિવસ થયે આ એકાંત સ્થળને વિશે તમારો સમાગમ થયો અને તમ આગળ ગાવા મળ્યું !" તેમ કહીને વળી ગાવા લાગ્યા.

ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, "તમે ગાતા બંધ રહો ને આ ગાંધર્વોને દેવગાંધાર રાગ ગાવા દ્યો." તેમ તેને શ્રીજીમહારાજે કહ્યું. ત્યારે તે ગાંધર્વો ઊભા થઈને નૃત્ય કરીને અતિ રૂડા સ્વરથી ગાવા લાગ્યા. તે મુખથી સુંદર અલૌકિક ગાન કરતા હતા ને પોતાના પગમાં નેપૂર બાંધીને નૃત્ય કરતા હતા. તે જેમ જળને વિશે જળના તુરંગ (જળઘોડો; દરિયાઈ ઘોડો) પોતાના પગ મૂકે છે, તેમ જાણે પૃથ્વીને વિશે નો મૂકતા હોય ! તેમ ઘણીકવાર સુધી કીર્તન ગાયાં.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હે રાખો ને બહુ સારું ગાન કર્યું." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "હે મુક્તાનંદ સ્વામી ! તમે હવે ગાઓ." ત્યારે તે ગાવા લાગ્યા. ત્યારે તુંબરુ ને નારદના ભૃત્ય આવ્યા. તે મોટી માણ લાવીને તેને આપી. ત્યારે વાજાં ભેગી માણ વગાડવા લાગ્યા. તેને જોઈને અખિલ બ્રહ્માંડના પતિ જે શ્રીજીમહારાજ તે રાજી થઈને મુક્તાનંદજી પ્રત્યે બોલ્યા જે, "હે સ્વામી ! તમે આ લોકને વિશે આવા ગાનારા કોઈ દીઠા હતા ?" ત્યારે તેમણે હાથ જોડીને એમ કહ્યું જે, "આ તો અલૌકિક ગાનારા દીઠા." ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તે તો અલૌકિક જ છે." પછી શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "તમારું ગાવણું રાખો ને તમે તમારા સ્થાન પ્રત્યે સિધાવો."

ત્યારે તેણે શ્રીજીમહારાજની આગળ સ્તુતિ કરી દંડવત કર્યા ને મુક્તાનંદજી આદિકને નમસ્કાર કરીને સર્વેને જોતામાં જ અદર્શ થઈ ગયા. અને શ્રીજીમહારાજ સાબદાઈ કરીને ચાલ્યા, તે વાટે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! તે ગાનારા કોણ હતા ? આ લોકના તે મનુષ તો નહીં ને આ લોકનું ગાન પણ નહીં, ને તમે રજા આપી એટલાકમાં તે અદર્શ થયા, તેવા તે કોણ હતા ? તે વાર્તા તમે

કહી દેખાડો.'' ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, ''હે સ્વામી ! તે તો નારદજી ને તુંબરુ અમારાં દર્શન અર્થે એવા ગૂઢ વેશથી આવ્યા હતા. તે ઘણી વાર આવે છે, પણ બીજાને અમે જણાવીએ ત્યારે જ જણાય.''

તેમ કહેતાં તે વાટે ચાલ્યા ત્યારે વાટમાં મોટા પૂર્ણાનંદ સ્વામીનું મંડળ તે અરણ્યમાં ચાલતા જોયું. તે સમે સાધુને વ્રત હતું, તે લખીએ છીએ જે, પગમાં ઉપાન નહીં ને અઢી હાથના બહિર્વાસ પહેર્યા છે, ને એક જીર્ણ કંથા મસ્તક ઉપર ઓઢી હતી; ને ઘણાક તડકાથી તપ્ત ભૂમિ છે, તેને વિશે મહા તપોધન અર્થાત્ તપરૂપી છે ધન જેને એવા સંતને શ્રીજીમહારાજે જોયા. તે જોઈને પોતાને મુખે કરીને સર્વે સંતપુરુષનાં વખાણ કરવા લાગ્યા : ''અહો અહો ! આવા સંતજન તો દેવથી ને સર્વે સિદ્ધ પુરુષથી પણ અધિક છે. ને પોતાના તપથી બહુ શોભાને લે છે. ને પોતાના માયિક સુખને મિથ્યા કરીને અમારાં વચન સત્ય કરીને આવા ઘણાક તાપમાં અણવાણા પગેથી પૃથ્વીને વિશે સર્વે જીવોના કલ્યાણ સારુ છે ફરવું જેનું, એવા અમારા આ સાધુજન છે. તે સારુ અમને ઘણીક દયા આવી છે જે, પ્રથમ વેવારને વિશે મોટા મનુષ હતા ને ઘણાક ધનાઢ્ય હતા, તે પૂર્ણાનંદ બાર ગામના પટેલિયા હતા. તેને અમે સાધુ કરી નાખ્યા છે, તે આવા તપ ને વાતને સહન કરે છે. ને સર્વે સુખને મૂક્યાં એવા આ સર્વે સંત છે. તે સારુ અમારું વસ્ત્ર ઘણાંક મૂલવાળું છે, તે હે સખે! તમે શીઘ્ર અશ્વને દોડાવીને તમારું નામ લઈને કહો જે, આ મારું વસ્ત્ર છે, તે તડકો ઘણો હોવાથી તે ફાડીને તમારા પગે વીંટો.'' તેમ શ્રીજીમહારાજે તેને કહ્યું.

ત્યારે તેણે સંતની આગળ જઈને કહ્યું જે, ''હે સંતો ! આ મારું પટ છે, તે તમે ફાડીને તમારા પગને વિશે બાંધો.'' ત્યારે તે સંતોએ પાછું વળીને જોયું, ત્યારે ઘણાક અસ્વારની ઘૂમર મધ્યે શ્રીજીમહારાજને જોયા. અને તે વસ્ત્ર લઈને પોતાની છાતી મધ્યે ભીડીને બોલ્યા જે, ''આ વસ્ત્ર તમારું નોય ને આ વસ્ત્ર તો મહારાજનું જ છે, તે તો પૂજવા યોગ્ય છે.'' તેમ કહે છે એટલાક મધ્યે શ્રીજીમહારાજ સંતને સમીપે આવ્યા ને એમ બોલ્યા જે, ''તે વસ્ત્ર પગમાં બાંધો, તે હરિજનનું જ છે.'' ત્યારે સંતે કહ્યું જે, ''હે મહારાજ ! તે હરિજનની સમૃદ્ધિને અમે જાણીએ છીએ જે આવાં ભારે વસ્ત્ર તેના ઘરમાં નોય અને આ વસ્ત્ર તો તમારું જ છે; તે તમે પાછું લો. આ વસ્ત્ર તો પૂજવા યોગ્ય છે. તેને પગે કેમ બંધાય ?''

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''જે વસ્તુ અમે જેને આપી, તે તેની પાસેથી પાછી લેતા નથી. તેથી વસ્ત્ર તમે સેવા મધ્યે રાખો.'' તેમ કરતા ગાંફ તથા

પચ્છમને સમીપે આવ્યા. (પ.ભ. શાસ્ત્રી લક્ષ્મીરામ કૃત લીલાચિંતામણી : પ્ર. ૮૦)

## મહારાજે દૂધનો સંકલ્પ કર્યો ત્યાં ગાય દોડતી આવી

એકવખત ગામ ખરડમાં ગરાસિયાને ત્યાં મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો. ત્યાં શ્રીજીમહારાજ જમવા બેઠા અને બોલ્યા જે, "દૂધ હોય તો જમીએ." ત્યારે હરિભગત કહે, "મહારાજ ! અત્યારે ઢોરાં બધાંય સીમમાં ચરવા ગયાં છે." અને મહારાજે દૂધનો સંકલ્પ કર્યો ત્યાં તો વગડામાંથી એક ગોરહેલ કરીને ગાય હતી તે દોડી. અને તેની પાછળ ભરવાડ પણ દોડ્યો આવ્યો. અને તે ગાય ડેલાની બારીમાંથી ફળીમાં આવી. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ ગાય આવી, દોવો !" અને પાછળ ભરવાડ આવીને બોલ્યો જે, "બાપુ બાપુ! ગાયને ગમે તેમ હોય હું દોડી દોડીને થાક્યો, પણ પાછી વળી નહીં." પછી તેને કહ્યું જે, "મહારાજે દૂધનો સંકલ્પ કર્યો હતો તેથી તે ગાય આવી છે." પછી ગાયને દોહીને શ્રીજીમહારાજને દૂધ જમાડ્યું અને ગાય શ્રીજીમહારાજને અર્પણ કરી. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૦)

## ખરડમાં પૂતનાએ મારેલાં બાળકોને સ્વર્ગમાં મોકલ્યાં

ગામ ખરડને પાદર શ્રીજીમહારાજ તથા મૂળજી બ્રહ્મચારી સવારના પહોરમાં નીસર્યા. તે વખતે આકાશમાંથી હજારો છોકરાં આવ્યાં. તેને મહારાજે કમંડળમાંથી પાણી છાંટ્યું, તે વિમાનમાં બેસીને દેવલોકમાં ગયાં. તે જોઈ મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું જે, "એ કોણ હતાં ?" મહારાજ કહે, "શ્રીકૃષ્ણને ભરોસે પૂતનાએ વ્રજમાં બાળક માર્યાં હતાં તે અમારે દર્શને આવ્યાં હતાં. તે બધાંને દેવલોકમાં મોકલ્યાં, તે પછી સત્સંગમાં જન્મ લઈને અક્ષરધામને પામશે."

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૪)

## ખરડના ગોવિંદજી વિપ્રને જગન્નાથજીએ સ્વામી પાસે મોકલ્યા

ગામ ખરડમાં ગોવિંદજી કરીને બ્રાહ્મણ હતા અને તે જગન્નાથજીના ઉપાસક હતા. પછી પોતે બે વખત જગન્નાથજીની યાત્રા કરી આવ્યા અને ત્રીજી વખત જ્યારે જગન્નાથજી ગયા ત્યારે પોતાના મનમાં એમ વિચાર થયો છે કે, "મારું કલ્યાણ થાશે કે નહીં થાય ? માટે તેની મારે પરીક્ષા કરવી." પછી પોતે અનશનવ્રત (અન્નજળનો ત્યાગ; મરણ પર્યંત ઉપવાસ) લઈને જગન્નાથજીના

દેરામાં ધાબા ઉપર જઈને બેઠા. પછી બીજે ઉપવાસે જગન્નાથજીએ રાત્રે બ્રાહ્મણના વેષે આવીને દર્શન દીધાં અને કહ્યું જે, ''તારું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદ કરીને છે તેને મળ્ય, તો તારું કલ્યાણ થશે ! અને અમથો અહીંયાં શા માટે મરે છે !''

ત્યારે ગોવિંદજી મહારાજ કહે, ''તમે કોણ છો ?'' ત્યારે તેમણે કહ્યું જે, ''હું જગન્નાથજી છું.'' ત્યારે ગોવિંદજી કહે, ''તેની શી પરીક્ષા થાય જે, તમે જગન્નાથજી છો ?'' ત્યારે જગન્નાથજી કહે, ''આ કાષ્ઠની મૂર્તિમાં હું પ્રવેશ કરું તો તું એમ જાણજે જે, હું જગન્નાથજી છું. અને હું અને ગોપાળાનંદ જુદા નથી. વળી તું ગોપાળાનંદ સ્વામી પાસે જા અને તને એમ કહે જે, 'તારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું અને મારી પાસે મોકલ્યો ?' એમ કહે તો તું જાણજે જે, અમે બંને એક છીએ.''

પછી તે બ્રાહ્મણ જગન્નાથજીને પગે લાગીને સવારમાં નાહી-ધોઈ પારણાં કરીને ઘર તરફ આવવા ચાલી નીસર્યા. અને થોડા દિવસમાં પોતાને ગામ આવ્યા અને ગામના હરિજનોને પૂછ્યું જે, ''તમારામાં કોઈ મોટા સાધુ ગોપાળાનંદ કરીને છે ?'' ત્યારે હરિભક્તો કહે, ''તે તો બહુ મોટા સાધુ છે ! તમારે શું કામ છે ?'' ત્યારે તે કહે, ''હું અત્યારે જાત્રા કરીને આવ્યો છું. તે દર્શન કરવા છે.'' પણ ઓલી વાત કોઈને કહી નહીં. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૪૭)

## ગોવિંદજી વિપ્રે સ્વામી પાસે વર્તમાન ધાર્યાં અને ગોપાળાનંદ નામનું ભજન કરી અંતે ધામમાં ગયા

પછી થોડાક દિવસ થયા એટલે ગોપાળાનંદ સ્વામી વડતાલ પધારતા હતા. તે સવારમાં ખરડ ગામને પાદર નીસર્યા. પછી ઘણાક હરિજન સ્વામીનાં દર્શન કરવા પાદર ગયા; પણ ગોવિંદજી મહારાજને કોઈએ ખબર આપ્યા નહીં. અને ગોવિંદજી મહારાજે હરિજનોને કહેલ જે, ''સ્વામી જ્યારે આવે ત્યારે મને ખબર કરજો.'' પણ સૌ હરિજનો પ્રેમમાં ને પ્રેમમાં ભૂલી ગયા. અને સૌ વળાવીને જ્યારે પાછા ગામમાં આવ્યા ત્યારે ગોવિંદજી મહારાજને ખબર પડ્યા જે, ''ગોપાળાનંદસ્વામી ગામને પાદર આવ્યા છે.''

પછી તેણે સૌ હરિભક્તને ઠબકો દીધો જે, ''ભલા માણસો, મેં તમને કીધેલ હતું અને મને ખબર કેમ ન કર્યા ?'' ત્યારે હરિજનો કહે, ''અમે ભૂલી ગયા છીએ, પણ તમારે દર્શન કરવા હોય તો હજી ગામને પાદર ચાલ્યા જાય છે.'' પછી પોતાના ભત્રીજા બહેચર દવે તથા દામોદર દવે, બંને જણાનો હાથ ઝાલીને પોતે

સ્વામીનાં દર્શન કરવા ચાલી નીકળ્યા. અને ગામ બહાર જઈને બૂમ પાડી જે, "એ ગોપાળાનંદ ઊભો રહે...! ગોપાળાનંદ ઊભો રહે...!" એમ બે-ચાર વખત ઊંચે સ્વરે સાદ કર્યા. ત્યારે બોટાદવાળા ભગાશેઠ ગાડીમાં સ્વામી પાસે બેઠા હતા. તેમણે સ્વામીને કહ્યું જે, "સ્વામી ! કોઈક ડોસો સાદ પાડતો આવે છે." ત્યારે સ્વામી કહે, "હાંકો ગાડી, એ તો આફુરો આવશે ! એ તો ત્રણ વખત જગન્નાથપુરી જઈ આવ્યો છે." પછી ઉગમણે પાદર સ્વામીએ ગાડી ઊભી રખાવી.

પછી ત્યાં ગોવિંદજી મહારાજે જઈને સ્વામીનાં ચરણારવિંદ ઝાલ્યાં. પછી સ્વામી બોલ્યા જે, "ગોવિંદજી મહારાજ ! તમારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું ? તે મારી પાસે મોકલ્યા ?" ત્યારે ગોવિંદજી મહારાજ કહે, "તું ને જગન્નાથજી જુદા નથી." સ્વામી કહે, "હું તો જગન્નાથજીનો દાસ છું." ગોવિંદજી મહારાજ કહે, "બોલ્ય મા ! તું જ સાક્ષાત્ જગન્નાથજી મહારાજ છો !" તે સાંભળી ભગાશેઠ તે બ્રાહ્મણ સામું જોઈ રહ્યા જે, આ શું બોલે છે ?

પછી સ્વામી કહે, "દેવ, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ કહીને પાંચ માળા ફેરવજો." ત્યારે તે બોલ્યો જે, "હું સ્વામિનારાયણને ઓળખતો નથી. હું તો તને ઓળખું છું, તે તારું ભજન કરીશ !" પછી સ્વામી કહે, "મારું ભજન થાય નહીં." પછી તેણે સ્વામીના હાથે નિયમ ધાર્યા અને ઘેર ગયા. અને નિત્ય 'ગોપાળાનંદ... ગોપાળાનંદ' એવા નામની પાંચ માળા ફેરવતા. પછી જ્યારે તેનો દેહ મેલવાનો વખત થયો ત્યારે તેનાં સંબંધીઓએ ભોંય લેવા તૈયારી કરી. ત્યારે ગોવિંદજી દવે બોલ્યા જે, "છોકર્યો, હજી વાર છે. હજી મારો ગોપાળાનંદ આવ્યો નથી !" પછી ઘડીક થયું એટલે સ્વામીએ દર્શન દીધાં. ત્યારે ગોવિંદજી મહારાજે સૌને કહ્યું જે, "છોકરાઓ, ઘીનો દીવો કરો અને આ મારો ગોપાળાનંદ આવ્યો છે !" એમ વાત કહીને બોલ્યો જે, "ભલે ગોપાળાનંદ ભલે ! આવ્યો ખરો !" એમ વાત કહીને પોતાના સંબંધીને કહ્યું જે, "સૌ 'ગોપાળાનંદ... ગોપાળાનંદ' એમ ભજન કરજો અને હું ભગવાનના ધામમાં જાઉં છું."

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૪૮)

## પીપળી ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### પીપળીમાં નટબાળની સારંગીની સાધના-ભક્તિનાં સમર્પણ

રૂમઝૂમ... રૂમઝૂમ... કરતી મધરાત તમરા સાથે ગોઠડી કરતી વહી રહે

છે. આ નીરવ શાંતિમાં કર્ણની સાથે તનને ખેંચી લે એવો મીઠો અવાજ સંભળાય છે. સારંગીના સૂર સાથે મિત્રતા કરી.

'મન મારું ઊંચી તે મેડીએ મ્હાલે મહારાજ, આવો ને આજ તમે ગરીબનિવાજ; તલપું છું દર્શનને કાજ...'

એ હતો નટબાળ - ભૂરિયો - ભટુરિયો. વિવિધ વાદ્યો સાથે ગામોગામ જનોને મનરંજન કરતા નટકુળમાં પણ ભૂરિયાની સારંગી પર તો સૌ ડોલી ઊઠતા. દશ વરસનો આ નટબાળ સૌની આંખડી ઠારતો. એની કુમળી આંગળીઓના ટચૂકડાં ટેરવા સારંગીના તાર પર ચપળતાથી રમતાં ત્યારે સૂરની સરવાણી ફરી ફરી ઝરણું બની જતી. એમાં સૌ કોઈ ભીંજાતા. નમણી આંખો, હસતું મુખડું, સુઘડ બાંધો, શ્યામલ કાન્તિ, ટપકતું લાવણ્ય એની કલાપ્રિયતાના ને સંવેદનશીલતાનાં દ્યોતક હતાં.

સારંગીની સાધનામાં આ નટબાળ ભોજન પણ વિસરી જતો. તળાવની પાળ પર મોડી રાતથી વહેલી સવાર સુધી પરમતત્ત્વને આરાધતો સૂરીલા કંઠે ગાવણું કરી એ ભક્તિમાં ડૂબી જતો. ખરતી ચાંદનીના દૂધમાં સારંગીના સૂર ઘોળાતા. એના ઘૂંટ લેવા તળાવની માછલીઓ ટોળે વળતી.

સારંગીના મોહક સૂરથી હૃદય રંજનાર ભૂરિયાને નથી કીર્તિની ભૂખ કે ધનની લાલચ, નથી વાડી -ઘોડી કે દરબાર, નથી કાયા પર રંગીલો ઠાઠ, છતાં સૌને માયા ઉપજાવે એવું કંઈક તેનામાં હતું.

આજે નટ પીપળી ગામમાં રોકાયાને અઠવાડિયું થયું. આ દરમ્યાન ભૂરિયાની સાધના ઉત્કટ બની. ભગવાન શ્રી સ્વામિનારાયણનો શ્રાવ્ય પરિચય થતાં તેના અંતરમાં ઝબકારો થયો. એને દર્શનની લગની લાગી. રાતની ઊંઘ ઊડી ગઈ. અડધી રાતે નહિ દિવો, નહિ દિશા, નહિ સંગાથ, શ્રદ્ધાના જળ પર એનો વલોપાત ઘૂમરડી લેતો રહ્યો.

વિરહમાં સ્થળ અને સમય વિસરી ગયાં. એ ભગવાન શ્રીહરિમાં તદાકાર થયો. સૂરની સરવાણીમાં ભાવની ભરતી ચડી. અને સ્વયં શ્રીજીમહારાજ ખેંચાયા. એક કુમળા હૃદયના કામણથી કાઠી-દરબારો સહિત પોતે પીપળી પધાર્યા.

આખું ગામ સામૈયું કરવા ઉમટ્યું, ઢોલ ઢબુક્યા - ગુલાલ ઉડ્યો - ભૂંગળ વાગી - ભડાકા થયાં - તાળીના તાલ અને પગના ઠેકા સાથે મીઠી હલકથી વધામણાં રેલાયાં. માણકીને નચાવતા ભગવાન શ્રીહરિના નેત્રકમળ કંઈક શોધી રહ્યા છે, અને એ છે નાનકડો નટબાળ-ભૂરિયો. એ તો ક્યારનોય સારંગી વગાડતો

શોભાયાત્રામાં સામેલ થઈ ગયેલો. મહાપ્રભુ શ્રીજીએ સૂર સુણ્યા કે નજર નાકના ટેરવા પરથી ભમતી ભૂરિયા પર બેસી ગઈ ! એ કામણગારી નજરમાં બાળહૃદય જાણે વીંધાઈ ગયું - બંધાઈ ગયું. એ ખેંચાતો રહ્યો - ઠેઠ દાદાભાઈની ડેલી સુધી !

દાદાભાઈના નિવાસસ્થાને શોભાયાત્રા વિરમી. સભામાં સંતો-ભક્તો ગોઠવાયા. સુંદર ઢોલિયા ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. પછી મહારાજે દાદાભાઈને સંબોધતા કહ્યું :

“દાદાભાઈ ! સહુને શાંતિથી બેસારી દ્યો ને પેલા દૂર ઊભેલા સારંગીવાળા બાળકને સારંગી સાથે અહીં લાવો.”

દાદાભાઈ એ નટબાળને મહારાજ પાસે નજીક લાવ્યા. ભગવાન શ્રીહરિએ આંખના મીચકારે ને આંગળીના ઈશારે તે નટબાળને પરથાર પર લીધો, પછી તેને ભેટ્યા ને વહાલ કર્યું. સભા સ્તબ્ધ હતી ને વધુ સ્તબ્ધ બની. એમ કે - એક ભટકતું જીવન જીવતી નટ જેવી શુદ્ર જાતિને પણ ભગવાન શ્રીહરિનું હેત કેવું અમીસિંચન કરે છે ! અંતરનો ખરો તલસાટ જોઈએ. બાકી તો કાયા તો સૌ વરણને સરખી જ છે ને ! હૈયાના મૂલ તો પરમાત્મા જ આંકી શકે ! એને કોણ ઊંચ કે કોણ નીચ !!

શ્રીજીમહારાજે સારંગીના સૂર રેલાવા નટબાળને આજ્ઞા કરી. આજ્ઞા થતાં જ ભૂરિયાએ સારંગીને સતેજ કરી. સૌના ચિત્ત પણ સતેજ થયા. એની નાની-નાની આંગળીઓ જાણે કે સારંગી સાથે રમતે ચડી હોય એવું લાગતું હતું. મધુર કંઠ ને સૂરનું સંયોજન સૌના કલેવર પર લીંપાઈ ગયા, બાળકની પ્રીત ઝરવા માંડી.

સારંગી પર અંગુલિયો નર્તવા લાગી, (નાચવા લાગી) હૃદય ફૂટી ફૂટી વહેવા લાગ્યું, પવન થંભ્યો, સૂર્ય થંભ્યો, શ્વાસ થંભ્યા. શ્રીજીપ્રભુના મોહક મુખ પર નટબાળ ભૂરિયાની રસમુદ્રા અંકિત થઈ. સારંગીના સૂરમાં ભાવનાના પૂર ચાલ્યા. ભગવાન શ્રીહરિનું હૃદય ફાટ-ફાટ થવા લાગ્યું - તેઓ ઊભા થયા. હીરા જડિત હાર કંઠમાંથી કાઢી નટબાળને પહેરાવ્યો - સોનેરી બુટ્ટાદાર પાઘ અર્પણ કરી.

સારંગીના સૂર તો વહેતા જ રહ્યા... વહેતા જ રહ્યા. મહાપ્રભુ શ્રીજીના જરિયાની અંગરખાની કસો તડતડ તૂટી ગઈ, એ પણ અર્પણ થયું ! અરે..., મલમલ પામરી (પછેડી) પણ અર્પી દીધી ! મહારાજ ઉઘાડે શરીરે થઈ ગયાં !!

**કાઠી ભક્તોમાં ગુપચુપ ચાલી**

“ગજબ કર્યો - ભા ! આ બજાણિયે તો ! માળો ભારે હોંશીલો છે, બંધ જ નથી થાતો.”

“અલ્યા નાગાજણ ! ભણે, આ વારે બાપની આંખ ફરી છે હો. દાનના કોઠામાં ન હોય એવું દેવા માંડ્યું છે. હવે એક ઘોડીની સરક બાકી રહી છે, રખે એ પણ આપી દે. હવે કાંઈ યુક્તિ કર તો વગાડનાર વિરમે.” સુરાખાચરે કહ્યું.

માતરે ધાધલે ઊભા થઈ નટબાળ ભૂરિયાના કાનમાં કંઈક કહ્યું. અને તેની ભાવસમાધિ તૂટી ગઈ. સારંગીએ આંગળીનો સાથ છોડી દીધો - એની આંખો ખૂલી ગઈ - સામે પડછંદ કાઠીને ગોઠણભેર ઝૂકેલા જોયા. એ નમ્યો અને કહ્યું :

“કેમ બાપજી ! તમે કંઈ કહ્યું ?”

“હા, હવે તારે શાની અપેક્ષા છે એ પૂછવા આવ્યો છું”

“અરે બાપજી ! મને જોઈતું મળી ગયું છે, મારો હૈયાનો હાર મારો તારણહાર મળી ગયા, હવે શું જોઈએ ?”

“હે મહારાજ ! આપને રીઝવવા જ ગાવણું કરું છું અને વગાડું છું.” બાળકે ભગવાન શ્રીહરિને નિવેદન કરતા કહ્યું. ફરીને સારંગી તાર ગૂંજવા લાગ્યા.

“ભણે, નાગાજણ ! તું ઊભો થા. આમ બંધ નહિ થાય તો માણકી કૃષ્ણાર્પણ થશે. જલ્દી તોફાની ઘોડો છૂટો મેલી દે.”

ઘોડો ઘોડારમાં ફરવા લાગ્યો. ઘોડીયું હાવણ્યો દેવા લાગી. બધે કોલાહલ મચી ગયો. સભા બધી હડડડ હફફ ઊભી થઈ ગઈ. શ્રીજીમહારાજની મુખ મુદ્રા પર રેખ ફરકી નહિ, તેઓ કાઠીનું કામણ જાણી મનમાં હસ્યા. બાળક ભૂરિયાની સારંગીમાંથી વૃત્તિ તૂટી. પછી તેણે મહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ભગવાન શ્રીહરિ તેને ફરીથી ભેટ્યા.

પીપળી ગામમાંથી ભગવાન શ્રીહરિ વિદાય થવા તૈયાર થયા ત્યારે નટબાળ પણ સાથે ચાલ્યો. તે વખતે શ્રીજીપ્રભુએ કહ્યું : “બેટા ! તું પાછો વળ, હજી સારંગીનો સૂર ઘૂટી ઘૂટી પીવાનો બાકી છે. અમને સંભારજે, તારા અંતસમે હું આવીશ. ભવની ભટકણ હવે તારે ટળી ગઈ.” એ સાનમાં સમજી ગયો, વધુ આગ્રહ ન કરી શક્યો. છતાં તેના હૃદયને કંઈક કહેવું હતું.

“ઠીક ! હવે રજા ?” મહારાજે તેની પાસે વિદાય માંગી.

ધરતીઢાળું મોં કરી નટબાળ પગના અંગૂઠે જમીન ખોતરી રહ્યો. ભગવાન શ્રીહરિએ માણકીને મરડી બાળક પાસે નીચા નમી કાનમાં કંઈક કહ્યું.

“તો જાઓ પ્રભુ !” નટબાળ ભૂરિયો એટલું માંડ બોલી શક્યો. તેની આંખોમાં આંસુના પૂર ઉમટ્યા.

પછી થોડે દૂર જતાં સુરાખાચરે શ્રીજીપ્રભુને પૂછ્યું : “મહારાજ ! એવો તો

એ બાળક કેવો જે પચાસ ગાઉની ખેપે ખેંચાઈને અહીં આવવું પડ્યું. હેતના તે કંઈ વાદળ વરસ્યા ! જાત પણ જોઈ નહિ ! વાહ કૃપાળુ !!"

ત્યારે શ્રીજીપ્રભુ બોલ્યા : "એ હતો પરલોકનો ગાંધર્વ, આપણા સિદ્ધ સંતદાસજી સમાધિવાળા એકવાર ભૂર્-ભુવર્ વટાવી સ્વર્ગલોકમાં ગયા ત્યારે આ ગાંધર્વ સાથે મેળાપ થયેલો. સંતદાસજીએ અમારું મૃત્યુલોકનું પ્રાગટ્ય કથન કહેલું. ત્યારથી અમને મળવા એ તલસતો. એ ભટકતી જાતિમાં જ અવતર્યો. એમ કે સુખ-સમૃદ્ધિમાં જઈશ તો પામવાનું ચૂકી જઈશ. ભમતો રહીશ તો ક્યાંક પરમાત્માનો મેળાપ થશે ને એ દિવસ આવી ચડ્યો. હવે એ બહુ નહિ જીવી શકે."

"વાહ પ્રભુ ! કેવી દયા કરી ! શી કરુણા ! સારંગીના સૂર સાથે એ બાળહૃદય પણ કેવું વહેતું હતું !"

આશ્ચર્યના વંટોળને હાથના હાવભાવ ને મુખના મરોડથી ઠેલતા આગળ ચાલતા આ અસવારો ક્ષિતિજમાં અદૃશ્ય થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના મનુષ્યજીવનના ડગલે ને પગલે આ વિચારે ચાલ્યા : એ પછી નીચી જાતનો નટબાળ હોય કે પછી રાજા-મહારાજાનો લાડીલો કુંવર હોય...!! (શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ - ૩, વાત નં. ૨૧૩ તથા સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : નં. ૧૫૫ના આધારે...)

# ગાંફ ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### વસ્તા રાવળની સર્વોપરી નિષ્ઠાથી ભગવાન શ્રીહરિ રાજી થયા

ગામ ગાંફના વસ્તા રાવળ કરીને સારા સત્સંગી હતા. અને શ્રીજીમહારાજે સૌને કહેલ જે, "મને નારદજી જેવો કે શુકજી જેવો કહેવો, પણ એથી મોટો કહેવો નહીં." પછી એકવખત ગાંફના રાજા (મનુભા દરબાર) ભાગવતની કથા કરાવતા હતા અને સત્સંગી ને કુસંગી સાંભળવા જતા હતા. અને વસ્તા રાવળ પણ કથા સાંભળવા સૌની પહેલાં જઈ આગળ બેસતા હતા. પછી પોતાને છીંક આવે ત્યારે સ્વામિનારાયણનું નામ લે અને બગાસું આવે ત્યારે પણ સ્વામિનારાયણનું નામ લે.

પછી એક દિવસ દરબારે સૌ સત્સંગીને કહ્યું જે, "વસ્તા રાવળ ભાગવતની કથા સાંભળે છે અને છીંક આવે કે બગાસું આવે ત્યારે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' કહે છે. માટે તમે સૌ પૂછો જે, રામચંદ્રજી થયા તેમણે સમુદ્ર ઉપર પાળ બાંધી અને રાવણ આદિક રાક્ષસને માર્યા; અને શ્રીકૃષ્ણ ભગવાન

થઈ ગયા તેમણે કંસાદિક રાક્ષસને માર્યા અને ગોરધન પર્વત તોળ્યો, તેણે કરીને ભગવાન કહેવાય છે; પણ આ સ્વામિનારાયણે એવું શું ચરિત્ર કર્યું છે જે, ભગવાન કહો છો ?'' ત્યારે વસ્તા રાવળ કહે, ''તમને ખબર નથી, રામે તથા કૃષ્ણે જે જે ચરિત્ર કર્યાં તે સ્વામિનારાયણે આજ્ઞા કરી તેટલું જ કર્યું છે, પણ તેથી વિશેષ કર્યું નથી.'' ત્યારે મનુભા દરબાર બોલ્યા જે, ''લ્યો જુઓ, રાવળજીએ તો સૌના કારણ સ્વામિનારાયણને કહ્યા.''

પછી સર્વે હરિભક્તે રાવળજીને કહ્યું જે, ''મહારાજે ના પાડી છે તેમ છતાં તમે કેમ સર્વોપરી કહ્યા ?'' ત્યારે વસ્તા રાવળ કહે જે, ''હું તો મહારાજને જેવા જાણું છું તેવા કહીશ.'' ત્યારે હરિભક્ત કહે, ''તમે વિમુખ છો, માટે મંદિરમાં આવશો નહીં.'' વસ્તા રાવળ કહે, ''મારે મંદિરે આવ્યા વગર રહેવાશે નહીં.''

પછી થોડાક દિવસ થયા તે વારે શ્રીજીમહારાજ વરતાલ પધારતા હતા. તે ગાંફને પાદર આવ્યા અને સૌ હરિજન મહારાજની પાસે જઈને પગે લાગ્યા. અને વસ્તા રાવળ છેટે ઊભા રહીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, ''રાવળજી ! ઓરા આવોને.'' ત્યારે હરિભક્તો કહે જે, ''મહારાજ ! અમે તેમને વિમુખ કર્યા છે.'' મહારાજ કહે કે, ''વર્તમાનમાંથી કાંઈ ચૂક્યા કે શું ?'' ત્યારે હરિભક્તો કહે, ''ના મહારાજ ! તે વર્તમાનમાંથી તો કાંઈ ચૂક્યા નથી, પણ આમ બોલ્યા.'' મહારાજ કહે, ''શું બોલ્યા ?''

પછી ઉપરની વાત કહી સંભળાવી. પછી મહારાજ માણકી ઘોડીએથી હેઠા ઊતર્યા અને વસ્તા રાવળને પાસે બોલાવ્યાં. અને મહારાજે મળીને તેનો વાંસો થાબડ્યો, ને બોલ્યા જે, ''કહેજે, કહેજે, કહેજે જા ! એ મને સર્વોપરી જાણે છે, તેથી સર્વોપરી જ કહે તો ! અને તમે એવો જાણતા નથી !'' પછી સૌ હરિજન બોલ્યા જે, ''મહારાજને સર્વોપરી જાણવાથી જ તેઓ રાજી થાય છે.''

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૩૭)

## વસ્તા રાવળની સાળીનો ભાવ જોઈ ભગવાન શ્રીહરિ દિવ્યરૂપે પધાર્યા

પછી ક્યારેક એ વસ્તો રાવળ ઘરભંગ થયા, તે સારુ એની સાળી ઘરનું કામકાજ કરતી. કોઈક દિવસ તે વસ્તો રાવળ પોતાની ભેંસને એંસી રૂપિયે વેચીને ઘેર આવીને તે બાઈને કહ્યું જે, ''આપણી ભેંસ તો મેં એંસી રૂપિયે વેચી.'' ત્યારે તે બાઈ બોલી જે, ''ભેંસ શા સારુ વેચી ? એ ભેંસના દૂધનો મારે દૂધપાક કરીને એકવાર મહારાજને જમાડવા હતા, એવો સંકલ્પ હતો; એટલા સારુ તો

તમારા ઘરનું કામકાજ કૂટતી હતી. તે હવે નહિ કરું.''

પછી વસ્તો રાવળ બોલ્યા જે, ''આજનું તો દૂધ છે, તેનો દૂધપાક કરો ને થાળ કરો ને મૂર્તિને ધરો ને મહારાજ જમશે. મહારાજે એમ કહ્યું હતું જે, અતિશે પ્રેમે કરીને અમને જમાડે તો અમે મૂર્તિ દ્વારાએ પણ પ્રત્યક્ષ આવીને દિવ્યરૂપે જમીએ છીએ.'' પછી તે બાઈ થાળ કરવા મંડ્યાં ને વસ્તો રાવળ બજારમાં સાકર લેવા ગયા. તે ત્યાં હાટ સન્મુખ બેસીને સાકરને ખાંડતા હતા, ત્યારે દિવ્યરૂપે મહારાજ પાંચ અસ્વાર સહિત આવ્યા ને બોલ્યા જે, ''વસ્તા રાવળ !'' ત્યારે તેણે પાછું વાળીને જોયું તો ત્યાં મહારાજને દેખ્યા. ને એમ બોલ્યા જે, ''મહારાજ ! તમે અત્યારે ક્યાંથી ?'' એમ કહીને પછી વસ્તો રાવળ સાકરને લઈને ઘેર આવ્યા ને તે બાઈને કહ્યું જે, ''થાળ તૈયાર કરો, મહારાજ પધાર્યા છે.''

પછી મહારાજ ઘરમાં આવીને બોલ્યા જે, ''શું કરો છો ?'' ત્યારે તે બાઈ કહે, ''મહારાજ ! તમારા સારુ થાળ કરું છું.'' ત્યારે મહારાજ કહે, ''અમે ભૂખ્યા છીએ.'' એમ કહીને થાળ થયો એટલે જમવા પધાર્યા. ને તે બાઈએ અતિ હેતે કરીને મહારાજને જમાડ્યા. પછી મહારાજ જમી ચળું કરીને મુખવાસ લઈને વિરાજમાન થયા. ને પછી અસ્વાર જમવા બેઠા. તે જમી રહ્યા એટલે મહારાજ અસ્વાર સહિત ચાલ્યા ને ભાગોળે જઈને અદૃશ્ય થઈ ગયા.

(સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો : નં. ૨૪૫)

### ગોવિંદ પટેલની પત્ની પાસે કળથી રસોઈ કરાવી

ભગવાન શ્રીહરિ રોજકાથી સાબદા થઈને ગામ ગાંફ પધાર્યા અને તે ગામના પાદરમાં ઘોડા પાતા હતા. તે વખતે ગોવિંદ પટેલ બળદ પાવા આવ્યા હતા. તેણે મહારાજને આગ્રહ કર્યો. ત્યારે મહારાજ કહે, ''અમારે દરબારમાં ઊતરવું છે.'' પટેલ કહે, ''ના મહારાજ ! આજ તો મારા મેમાન થાઓ.'' પછી તેણે મહારાજને પોતાને ઘેર પધરાવીને ઘોડાને ગમાણે બંધાવ્યાં ને ઘાસ નંખાવ્યું. અને મહારાજને ઢોલિયો ઢળાવીને ઉપર ગોદડું પાથરી આપ્યું. પછી ઘરમાં જઈને ઘરવાળીને કહ્યું જે, ''મહારાજ પધાર્યા છે. તેમને માટે લાપશી કર !'' તે સાંભળી બાઈ હાથમાં લાકડાનો ડંડીકો લઈને પાછળ દોડી અને કહ્યું જે, ''મારા પીટ્યા ! તું તો અસૂર્યા (ટાણા વિના) આવા કેટલાક લઈને આવીશ ?'' તે રકઝક બધી મહારાજે સાંભળી.

પછી પટેલ મહારાજનાં ઢોલિયા પાસે બસી ગયા. ત્યારે મહારાજે પૂછ્યું જે, ''કેમ છે પટેલ ?'' પટેલ કહે, ''મહારાજ ! ઘરનું માણસ કલોગું (ખરાબ) છે.''

પછી મહારાજ ઢોલિયેથી ઊતરીને ઘરમાં પધાર્યા અને બોલ્યા જે, ‘‘અહોહો ! આ તો કેશવ પટેલની દીકરી ! તે અમારી દીકરી !’’ પછી તેની સાત પેઢીનાં નામ કહી સંભળાવ્યાં. તે સાંભળી બાઈ બોલી જે, ‘‘અહો ! આ તો મારા બાપ ઘેર આવ્યા ! અને મારો પીટ્યો ! મારા બાપ પાસે મારું વાંકું બોલ્યો જે, ઘરનું માણસ કલોગું છે !’’

પછી તેની હેતવાળી બે-ચાર બાઈઓ હતી તેને બોલાવીને કંસાર વિગેરે રસોઈ કરાવીને મહારાજ તથા પાર્ષદ વિગેરેને જમાડ્યા. અને પટારા ઉઘાડીને નવાં ગાદલાં તથા નવાં ગોદડાં કાઢીને મહારાજ તથા સખાને પાથરી આપ્યાં. અને વાળંદને બોલાવીને સારી રીતે ચાકરી કરાવી. પછી મહારાજ સવારે ચાલવા તૈયાર થયા. ત્યારે બાઈ બોલી જે, ‘‘મહારાજ ! જમ્યા વગર ચાલવા નહીં દઉં!’’ મહારાજ કહે, ‘‘બાપ દીકરી ! અમારાથી રોકાવાય એમ નથી !’’ પછી બાઈ બોલી જે, ‘‘મહારાજ ! જ્યારે અહીંયાં પધારો, ત્યારે મારે ઘેર પધારજો !’’ મહારાજ કહે, ‘‘બહુ સારું.’’

પછી બાઈ કહે, ‘‘મહારાજ ! પટેલ તો મારો પીટ્યો, ઘરલજામણો છે, તે મારું વાંકું બોલ્યો !’’ પટેલે ઊભા ઊભા સાંભળીને મનમાં વિચાર કર્યો જે, ‘ઘરલજામણો ભલે થયો, પણ મહારાજનો સત્કાર તો થયો !’ પછી સૌ હરિજન મહારાજને વળાવવા આવ્યા. તેમને મહારાજે પાછા વાળ્યા, પણ પટેલ પાછા વળ્યા નહીં. પછી મહારાજ બોલ્યા જે, ‘‘પટેલ ! હવે પાછા વળો. આ ફેર તો જેમ તેમ કરીને પાર પાડ્યું પણ વખત વગરનું આવું કામ કોઈ દિવસ કરશો નહીં.’’ પછી પટેલ પાછા વળ્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૩)

## વસ્તા રાવળની માએ શ્રીજીમહારાજને તર કાઢીને દહીં આપ્યું અને સત્સંગ થયો

શ્રીજીમહારાજ ગાંફમાં પધાર્યા હતા અને સાથે સંત હતા. ને ત્યાં વસ્તા રાવળને ઘેર રસોઈ કરાવી હતી. પછી મહારાજ થાળ જમીને સંતને પીરસવા મંડ્યા. તે વખતે વસ્તા રાવળની મા, તેણે દોણા ઉપરથી દહીંની તર કાઢીને એક મોટું દોણું ભર્યું. પછી મહારાજ બોલ્યા જે, ‘‘લાવો ડોશી દોણા !’’ પછી ડોશી મહારાજને દોણું આપવા મંડ્યાં. એમ પીરસતાં પીરસતાં મહારાજે બધું દહીં ખૂટાડી દીધું. પછી મહારાજ કહે, ‘‘લાવો ડોશી ઓલ્યું દોણું !!’’

પછી તે તરનું દોણું ભર્યું હતું તે મહારાજને આપ્યું. પછી મહારાજ કહે, ‘‘રાખો ડોશી.’’ પછી તે બાઈને સત્સંગ થયો અને એકસો રૂપિયા લઈને ડોશી ગઢપુર રસોઈ દેવા આવ્યાં. ત્યારે મહારાજે સભામાં વાત કરી જે, ‘‘આ ડોશીએ

દહીંની તર ઉતારી લઈને એક દોણું ભરી રાખ્યું હતું, તેના ધણી સો રૂપિયા લઈને રસોઈ દેવા આવ્યા છે.'' તે સાંભળી ડોશી બોલી જે, ''મહારાજ ! તે દહાડે હું તમારો મહિમા સમજતી નહોતી.'' (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૫)

## ગાંફ ગામના વિશ્વાસી ભક્તોના ઘઉંની શ્રીજીમહારાજે રક્ષા કરી

ગાંફ ગામના હરિજન હતા તે વરતાલ સમૈયો કરવા જવા માટે તૈયાર થયા. ત્યારે બીજા હરિજનોએ કહ્યું જે, ''ઘઉંની મોસમ છે માટે અમે નહીં આવીએ. અને મહારાજને અમારા નારાયણ કહેજો.'' પછી બે જણા શૂરવીર હતા, તેણે કહ્યું, ''અમારું તો મહારાજ સાચવશે.'' એમ કહીને તે બંને જણા વરતાલ સમૈયે ગયા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા.

ત્યારે મહારાજ કહે, ''બીજા કેમ આવ્યા નહીં ?'' ત્યારે તે હરિજનોએ કહ્યું જે, ''મહારાજ ! તે સૌ પોતાની વાડીમાં ઘઉં સાચવવા રહ્યા છે.'' ત્યારે મહારાજ કહે કે, ''અમારે તમારા બેની જ ફિકર, બીજાની અમારે ફિકર નહીં !''

પછી સૌએ ઘઉં સીમમાંથી કાપીને ખળાવાડમાં નાંખ્યા. ત્યાં કોઈકે હોકો ભરવા સારુ દેવતા કર્યો હતો. તે પવન બહુ થયો એટલે દેવતા ઊડ્યો, તેથી આખી ખળાવાડ બળી ગઈ અને સૌ નિરાશ થઈને ઘેર જઈને બેઠા. અને જે વરતાલ ગયા હતા તે સમૈયો કરીને ઘેર આવ્યા. પછી તેણે વાત સાંભળી જે, આવી રીતે બધી ખળાવાડ સળગી ગઈ. પછી બીજા હરિજન તેમને મળવા આવ્યા. તેમણે મહારાજે કહેલા નારાયણ કહ્યા. પછી સૌએ કહ્યું જે, ''મહારાજ કાંઈ બોલ્યા હતા ?''

ત્યારે તેમણે કહ્યું, ''હા, મહારાજે કહ્યું હતું જે, અમારે તો તમારી જ ફિકર! પણ ઘેર જે સાચવવા રહ્યા છે તેની ફિકર અમારે નહીં !'' પછી તે ખેતરમાંથી બંને જણાએ ઘઉં કાપી લાવીને ખળાવાડમાં નાંખ્યા અને ઘઉંને ચોખ્ખા કરીને ઘેર લઈ ગયા. એમ મહારાજે તેમની રક્ષા કરી. એમ ભગવાનના થાય તો ભગવાન રક્ષા કરે. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૪૩૮)

## ગાંફના રાજાના કારભારી ગગા વ્યાસને આંબા શેઠ દ્વારા સત્સંગ

ગાંફના રાજા દ્વારકા જતા હતા. તેમના કારભારી ગગો વ્યાસ કરીને હતા. તે ગઢાળીમાં રાત રહ્યા અને સાંજે આંબા શેઠની દુકાને સીધું લેવા ગયા. આંબા શેઠ મોદીખાનું રાખતા હતા એટલે તમામ સામાન તેમની દુકાને મળતો હતો. પછી ગગો વ્યાસ પાંચ-દસ માણસ સાથે લઈને તે શેઠની દુકાને સીધું લેવા ગયા. અને

શેઠ સીધું જોખતા જાય અને 'ન્યાલકરણ... ન્યાલકરણ' એમ વારંવાર બોલતા જાય. પછી ગગો વ્યાસ બોલ્યા જે, "વાણિયા ! સીધું સમું જોખ્ય ને!" આંબા શેઠ કહે, "આ ગઢડામાં ઢીંચણ સમું કલ્યાણ છે અને મૂરખ હોય તે વાંઢેય ઘોઘોળે !" શેઠ કહે, "અહો ! મને ન્યાલ કરી નાંખ્યો અને હું તો હીંગનો તોલનારો વાણિયો છું." ગગો વ્યાસ કહે, "ન્યાલકરણ કોણ છે ?" ત્યારે શેઠ બોલ્યા જે, "ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન છે, તેમણે મને ન્યાલ કરી નાંખ્યો." તે સાંભળી ગગો વ્યાસ બોલ્યો જે, "સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે ?" ત્યારે શેઠ કહે, "હા, જોને મુને ન્યાલ કરી નાંખ્યો !"

પછી તેઓ યાત્રા કરી આવીને ઘેરે ગયા. અને ગાંફમાં નિત્યાનંદ સ્વામી પધારેલા હતા. પછી તેમણે મહારાજનાં ઐશ્વર્ય તથા પ્રતાપની વાતો કરી. ને ગગા વ્યાસને વર્તમાન ધરાવવા લાગ્યા. ત્યારે વ્યાસજી બોલ્યા જે, "સ્વામી ! તમારે મને વર્તમાન ધરાવવાં હોય તો ધરાવો, પણ મને તો ગઢાળીના વાણિયે વર્તમાન ધરાવ્યાં છે. કેમ કે, હું તેની દુકાને અરધી કલાક બેઠો હતો. તેટલામાં તેણે સો વાર 'ન્યાલકરણ... ન્યાલકરણ' કર્યું હશે." પછી નિત્યાનંદ સ્વામીએ તેમને વર્તમાન ધરાવ્યાં ને ગગા વ્યાસને સત્સંગી કર્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૫૭૭)

## ગાંફ ગામે તળાવડીને કાંઠે ભગવાન શ્રીહરિના દર્શન કરવા ત્રણ હજાર બાળકો આવ્યાં

એકવાર શ્રીજીમહારાજ ગઢપુરથી વડતાલ જતા હતા તે ગામ ગાંફ પાસે મલકા તળાવડીયે બપોરા કરવા ઊતર્યા ને ત્યાં વૃક્ષની છાયાયે માથે વસ્ત્ર ઓઢીને મહારાજ પોઢ્યા હતા ને પાસે નાજો જોગીયો બેઠા હતા. તે સમે ત્યાં બે-ત્રણ હજાર બાળક આવ્યા તેને દેખીને નાજે જોગીયે કહ્યું જે, "હે મહારાજ ! આ આટલાં બધાં બાળક શું આવ્યા છે ?" ત્યારે મહારાજ કહે, "આગળ કંસે અમારી ભ્રાંતીયે કરીને જે બાળકો મરાવ્યાં હતાં તે બધાં પાતાળમાં રહ્યાં હતાં તે આજ અમારા દર્શન કરવા આવ્યા છે." એમ કહીને મહારાજે તે બધાની સામું જોયું એટલે તેઓ સર્વે દેવ થઈ ગયાં ને વિમાન આવ્યા. તેમાં બેસીને દેવલોકમાં ગયાં.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૦૩)

## ગાંફ ગામે શ્રીજીમહારાજ પધાર્યા ને ત્યાંથી ચાલતાં રસ્તામાં ખારી નદીનું પાણી મીઠું કર્યું

શ્રીજીમહારાજ વડતાલનો સમૈયો કરીને ગામોગામ હરિજનોને દર્શન દેતા

સંઘે સહિત ગામ ગાંફમાં પધાર્યા. ત્યારે મૂળજી બ્રહ્મચારીએ અગાઉથી જઈને હરિજનોને ઘેર રસોઈ તૈયાર કરી રાખી હતી. તે દૂધમાં કરેલી રોટલી તથા શાક તથા ગોળ અને દહીં મહારાજ જમ્યા ને બીજો જમવાનો સામાન તથા પાણીના ઘડા ઉપડાવીને મહારાજ કહે, ''ચાલો સહુ નદીએ જઈને જમશું.'' એમ કહીને ત્યાંથી ચાલ્યા ને નદીએ સંઘ ભેળા થયા. પછી મહારાજે કહ્યું, ''હવે સહુ નહાવો ને પૂજા કરો.'' ત્યારે સંઘના માણસો સર્વે નદીમાં નાહ્યાં ને પૂજા કરી રહ્યાં પછી મહારાજ ઘોડી ઉપરથી ઊતરીને ઉત્તર મુખારવિંદે ધાબળી ઉપર બેઠા ત્યારે વસ્તા રાવળે જળે કરીને મહારાજના ચરણ ધોયા ને જળ ચાખી જોયું તો મીઠું તેથી પોતે બોલ્યા જે, ''નદીનું જળ તો મીઠું છે.'' પછી સંત, હરિજન સર્વેએ તુંબડાં, લોટા તથા ઘડા ભરી લીધા ને બળદોને તથા ઘોડાને પણ પાણી પાયું. પછી મહારાજ થાળ જમ્યા ને કાઠી, પાળા તથા સાધુ સર્વેને જમાડ્યા ને જળપાન કરી સહુ સાબદા થયા ને મહારાજ ઘોડી ઉપર અસવાર થયા ને ચાલ્યા. પછી તે નદીનું પાણી તપાસી જોયું તો ખારું લાગ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! આજ તો ભારે દયા કરી, નહિ તો ઘોડા, બળદ ને સંઘના માણસો સર્વે તરશ્યા મરી જાત. તે સારુ તમે જેમ એકવખત સેવક સારુ કચ્છના રણમાં પાણી મીઠું કર્યું હતું તેમજ આજે પણ કર્યું.'' એમ વાતો કરતા થકા ચાલ્યા, તે ગામ ખરડ આવ્યા ને તળાવથી દક્ષિણાદી કોર ઘોડી ઉપરથી ઊતરીને મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સંઘના માણસોએ જાણ્યું જે, ''આ તળાવનું પાણી મીઠું હશે તે પીશું.'' પણ જ્યાં ચાખી જોયું તો ખારું ઝેર જેવું લાગ્યું ત્યારે તે ગામના હરિજનો બોલ્યા જે, ''એ ભાદર નદીનું પાણી પણ હંમેશાં ખારું જ રહે છે પણ એ તો મહારાજની કૃપાથી મીઠું થયું હતું.'' ત્યારે નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને દંડવત કર્યા ને પગે લાગીને બોલ્યા જે, ''હે મહારાજ ! આજ તો તમે બહુ રક્ષા કરી.'' એમ મહારાજ રક્ષા કરતા ને હરિજનોને ગામોગામ દર્શન દેતા ગઢપુર પધાર્યા.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૦૪)

### ગાંફ ગામના અવલબાઈની માએ કરેલો થાળ ભગવાન શ્રીહરિ જમ્યા, પણ ઊલટી થઈ ગઈ

એકવાર ભગવાન શ્રીહરિ ગાંફ પધાર્યા. ગામને ગોંદરે ઢોલ ઢબૂક્યા. શરણાઈયો વાગી. ઘોડા ઠમક્યા. બળદના ઘૂઘરા ગાજ્યા. દોમ દોમ સામૈયું થયું. મોટા વડ નીચે સભા થઈ. ગામજનોએ શ્રીજીમહારાજને ઢોલિયા પર

પધરાવ્યા. હરિજનો સર્વે મહારાજને પગે લાગીને સામા બેઠા ને બાઈઓ છેટેથી પગે લાગીને બેઠી. ભગવાન શ્રીહરિએ ઘણીક ઉપદેશની વાતો કરી.

સભા પછી મહારાજને અવલબાઈએ કહેવરાવ્યું, "મારે ત્યાં હું થાળ તૈયાર કરીશ ને આપ જમવા પધારજો." એમ ભક્તિભર્યું આમંત્રણ પાઠવ્યું.

ભગવાન શ્રીહરિએ કહ્યું, "ઠીક જાઓ, કરજો."

અવલબાઈ ત્યાંથી ઊઠીને ઘેર ગયાં ને થાળ કરવા માંડ્યાં. ત્યાં તેની મા કહે, "દીકરી ! આજ તો મહારાજ માટે હું થાળ કરીશ, કારણ કે તું તો જ્યારે જ્યારે મહારાજ પધારે છે ત્યારે થાળ કરે છે. માટે આ વખતે તો હું થાળ કરીશ ને મહારાજને જમાડીશ." અવલબાઈ કહે, "ઠીક મા ! તમે થાળ કરો."

પછી તેની માએ થાળ તૈયાર કર્યો એટલે ભગવાન શ્રીહરિ જમવા પધાર્યા. આવીને બાજોઠ ઉપર બિરાજમાન થયા. બીજા બાજોઠ ઉપર થાળ પીરસીને મેલ્યો. મહારાજ જમવા લાગ્યા પણ કોળિયે કોળિયે અસુખ વર્તાવા લાગ્યું. જીવ અકળાવા લાગ્યો. જેમ તેમ કરીને ભોજન પૂરું તો કર્યું, પણ ઊભા થઈને તરત વાડામાં જઈને ઊલટી કરી નાંખી. અવલબાઈ બોલ્યાં, "અરે અરે, મહારાજ ! શું થયું ! કાંઈક જમવામાં આવી ગયું કે શું ? કેમ ઊલટી થઈ ?"

શ્રીજીમહારાજ કહે, "જમવામાં બીજું કાંઈ નથી આવ્યું, પણ તારી માએ થાળ કર્યો તે જમ્યા તેથી ઊલટી થઈ. કારણ કે તારાં જેવાં તેના વર્તમાન ચોખ્ખાં નહિ. તેથી તે અનાજ અમે જાણીને કાઢી નાંખ્યું."

અવલબાઈ તેની માને વઢવા માંડી, "મને થાળ કરવા દીધો નહિ ને તે કર્યો તેથી મહારાજને ભૂખ્યા રાખ્યા."

ભગવાન શ્રીહરિ કહે, "તેની કાંઈ ફિકર કરો મા. અમે આજ રોકાશું ને સાંજે તમે રસોઈ કરજો, તે અમે જમવા આવશું."

અવલબાઈ તો અંતરમાં દુઃખી દુઃખી થઈ ગયાં : "અરેરે ! મારા પ્રભુને કષ્ટ પડ્યું. સાંજે સરસ મજાનાં ભોજન જમાડીશ." પછી સાંજે અવલબાઈએ ભગવાન શ્રીહરિની મૂર્તિનું સ્મરણ કરતાં કરતાં સ્વાદિષ્ટ રસોઈ તૈયાર કરી. શ્રીજીમહારાજને જમવા માટે બોલાવ્યા. મહારાજ આવ્યા ને જમીને તૃપ્ત થયા.

એમ જે નિષ્કામી ભક્ત હોય તેની કરેલી સેવાને જ ભગવાન ભાવથી અંગીકાર કરે છે. તેથી જ ભગવાન શ્રીહરિએ વચનામૃતમાં પણ કહ્યું છે કે, "આ મૂળજી બ્રહ્મચારી બહુ નિષ્કામી છે, તો તેના હાથની કરેલી સેવા અમને બહુ ગમે છે."

(વચ. ગ. મ. પ્ર. ૩૩)

માટે ભગવાનની સેવા શુદ્ધ થઈને કરવી. જો વર્તમાનમાં ફેર હશે તો કરેલી સેવા ભગવાન સ્વીકારશે નહિ અને જગત તો જાણશે કે બહુ ભારે સેવા કરે છે, પણ સેવા ભગવાન સ્વીકારતા નથી.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૦૫ના આધારે...)

## ગાંફ ગામની ભાગોળે રોટલો, દહીં ને દૂધ જમ્યા

અને પછી બીજે દિવસે પ્રભાતે ઊઠીને ઘોડે સ્વાર થઈને ચાલ્યા, તે બોરુ થઈને કમિયાળે આવતા હતા. ને ત્યાં દાદા વણાર તથા હઠી વણાર એ આદિક સર્વે હરિજને મહારાજને રાખ્યા. ને મહારાજને સારુ થાળ કરાવ્યો, ને સર્વે સંતો તથા હરિજન-પાર્ષદોને માટે જાદરિયાની રસોઈ કરાવીને જમાડ્યા. અને તળાવને કાંઠે હાલમાં હનુમાનજી પધરાવેલા છે તે જગાએ સાંજના સભા કરીને બેઠા હતા.

તે સમે દેવીપુત્ર નથુભાઈ તથા મોડજીભાઈ એ બંને ભાઈએ મળીને મહારાજની સન્મુખ કીર્તન ગાયાં ને મહારાજને રાજી કર્યા. ને મહારાજ સર્વે હરિજનને પોતાના દર્શન ઘણીવાર દઈને ત્યાંથી ગામમાં આવીને ગઢવીના ફળિયામાં હાલમાં ઓટો છે તે જગ્યાએ ઢોલિયા ઉપર પોઢી ગયા. ને ત્યાંથી સવારે ઊઠીને ચાલ્યા તે ગામ ગાંફમાં સર્વે હરિજનને ઘેર ઘેર એવી ખબર અપાવી જે, 'પોતપોતાને ઘેર રોટલા કરીને દહીં-દૂધ, ઘી, ગોળે સહિત સર્વે લઈને ગામની ભાગોળે આવજો ને ત્યાં અમે જમીશું.' એવી કમિયાળેથી ચાલ્યા મોર આગલે દિવસ ખબર કરાવી હતી. તેથી હરિજન સર્વે દહીં-દૂધ લઈ ભાગોળે તૈયાર ઊભા હતા. અને મહારાજ પણ ત્યાં આવ્યા. એટલે નાહી ધોઈને મહારાજ તથા સર્વે સંતો પંગત કરીને (બેઠા) ત્યાં ગાંફના સર્વે હરિજનો રોટલા, દહીં, દૂધ, શાક વિગેરે લાવ્યા હતા તે મહારાજને તથા સંતને તથા સર્વે પાર્ષદને જમાડ્યા.

અને મહારાજ ત્યાં સભા કરીને બેઠા છે; તેટલાકમાં એ ગામમાં રહેનારા પુંજો રાવળ કરીને હરિજન હતા. તેમણે મનમાં વિચાર એમ ધાર્યો જે, "રોટલા તો આપણે લઈ જઈશું તે જમી જાશે, પણ પ્રસાદ આપણને નહીં મળે." એમ ધારીને સુખડી શેકાવીને તાંસડામાં ભરીને ત્યાં લાવ્યા. ત્યારે ત્યાં મહારાજ તથા સંત જમીને બેઠેલા. તે સમે મહારાજના મોઢા આગળ સુખડી મેલીને પગે લાગ્યા.

ત્યારે મહારાજ તો અંતરજામી છે. તે પ્રસાદની આશાથી સુખડી લાવેલા તે સંકલ્પ એમનો જાણીને મહારાજ કહે જે, "આ સુખડી આપણા ગાડીત (ગાડી

હાંકનારા) લોક છે તેમને આપી દ્યો.'' એમ કહીને સુખડી અપાવી દીધી. ત્યારે પુંજો રાવળ કહે જે, ''હે મહારાજ ! હું તો આપ જમીને પ્રસાદી આપો એટલા સારુ લાવ્યો હતો. ને તમે તો બારોબાર કાઢી.'' ત્યારે મહારાજ કહે જે, ''અમે પણ તમારો સંકલ્પ જાણીને એ કામ કર્યું છે.'' એમ કહીને સર્વે સભાને હસાવતા હતા ને સર્વે હરિભગતને પોતાની મૂર્તિનું સુખ આપતા હવા.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૧૧૭)

## ગામ ગાંફના પુંજા રાવળની વાત અને રાજકુંવરને ચાંદલો કર્યો

અને વળી એકવખત ગાંફના રાજા (મનુભા)ના કુંવર (અજુભા) પરણેલા. ને તે રાજા ખરેખરા હરિજન હતા. તેથી શ્રીજીમહારાજ ગઢડેથી ગામ ગાંફમાં પધાર્યા. અને પુંજા રાવળ સદ્‌ગ્રહસ્થ હતા ને બીજા સર્વે હરિજનના વે'વાર સાધારણ તેથી મહારાજ પુંજાભાઈને કહે જે, ''સો રૂપિયા લાવો, અમારે દરબારના કુંવરને ચાંલ્લો કરવા સારુ જાવું છે.'' એમ ત્રણ વાર મહારાજે કહ્યું.

ત્યારે પુંજા રાવળ કહે જે, ''હે મહારાજ ! તમારે રૂપિયાની શી ખોટ છે ? લક્ષ્મી હાથ જોડીને હાજરા-હજૂર ઊભી છે.'' એમ પુંજા રાવળ લોભની પ્રકૃતિ તેથી મહારાજને રૂપિયા ના આપ્યા. ત્યારે મહારાજ કહે જે, ''આ તો લોભિયો છે, તે નહીં આપે.'' એમ કહીને બીજા કણબી હરિભક્ત પાસે બેઠા હતા તેને મહારાજ કહે જે, ''તમને સો રૂપિયા આ ગામમાંથી મળશે ? જો મળે તો લઈ આવો.''

એવું મહારાજનું વચન સાંભળીને હરિભક્તે રૂપિયા લઈ આવીને મહારાજને આપ્યા. અને મહારાજ રૂપિયા લઈને દરબારમાં પધાર્યા. ને રાજાએ મહારાજનો ઘણો સત્કાર કરીને ગાદી ઉપર બિરાજમાન કર્યા. ને કુંવરને મહારાજને પગે લગાડ્યા. તે સમે મહારાજે ચાંલ્લો કરી રૂપિયા સો કુંવરના હાથમાં આપ્યા.

તે જોઈને કુંવરના પિતા કહે જે, ''હે મહારાજ ! એનાં મોટાં ભાગ્ય જે, તમારાં દર્શન થયાં. ને રૂપિયા તમારા અમારે ન જોઈએ.'' એવાં દરબારનાં વચન સાંભળીને મહારાજ કહે જે, ''એ તો પ્રસાદી લેવાય.'' ત્યારે દરબારે માંહીથી રૂપિયા ચાર પ્રસાદીના જાણીને લીધા. ને બીજા પચીસ રૂપિયા માંહી ઉમેરીને પાછા મહારાજને આપ્યા. તે રૂપિયા મહારાજે લઈને જે લાવ્યો હતો તે હરિજનને આપ્યા. ને કહે જે, ''તું લાવ્યો હોય તેના આપી આવ ને પચીસ રૂપિયા તારે ઘેર રાખજે.''

તે જોઈને પુંજા રાવળ કહે છે, ''આપણે મહારાજને રૂપિયા આપ્યા હોત તો પચીસ રૂપિયા વધારે આવત.'' એવી રીતે હરિજન સારા હતા, પણ લોભની પ્રકૃતિ તેથી મહારાજની બંને ટાણે મરજી ના સચવાઈ. અને જે રૂપિયા દરબારે લીધા તેમાંના બે રૂપિયા એમના દીવાન દેવશંકરભાઈ વ્યાસને ઘેર હાલમાં છે. એવી રીતે ગાંફમાં મહારાજ જમીને સર્વે હરિજનને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે ગામ ખરડ આવતા હતા. ને ત્યાં તળાવ ઉપર ઉતારો કરતા હવા.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની મૂળ વાતો : વાત નં. ૧૧૮)

## કમિયાળા ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### કમિયાળાનાં જીજીબાની બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા

એકવખત શ્રીજીમહારાજ પચ્છમ પધાર્યા હતા. અને ત્યાં કમિયાળા તથા પચ્છમ વચ્ચે તલાવડી છે, ત્યાં મહારાજ સભા કરીને વિરાજમાન હતા. તે વખતે કમિયાળાથી મોડભાઈ તથા તેમના માતુશ્રી તથા તેમનાં બેન જીજીબા દર્શને આવ્યાં હતાં. પછી તે મહારાજને પગે લાગીને સભામાં બેઠાં. પછી મહારાજે વિશુદ્ધાત્માનંદ સ્વામીને કહ્યું જે, ''સ્વામી ! તમારી (દીકરી) રામબાઈએ જ્યારે ઘર મેલ્યું, ત્યારે ઓલ્યાં જીજીબા જેવડાં હતાં ?'' ત્યારે સ્વામી કહે, ''મારી રામબાઈએ ઘર મેલ્યું, ત્યારે નવ વર્ષની ઉંમર હતી.'' તે સાંભળી જીજીબા બોલ્યાં જે, ''મા ! મા ! સંસાર હરામ છે.'' તે સાંભળી તેની મા કહે કે, ''એવું બોલ્ય મા !'' ત્યારે જીજીબા કહે કે, ''જોવો, મહારાજે મારી સામી આંગળી કરીને વાત કરી.'' પછી તેણે જીવંતપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને સાંખ્યયોગી રહીને પ્રભુ ભજ્યા, પણ સંસાર કર્યો નહીં. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૦૭)

### કમિયાળામાં શ્રીજીમહારાજે નવો શીરો કરાવી સંતને જમાડ્યા

પચ્છમથી શ્રીજીમહારાજ કમિયાળા પધાર્યા અને હરિજનોએ શીરાની રસોઈ કરાવી હતી. તે જમતાં જમતાં સંતને ચોકે શીરો થઈ રહ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''જાઓ, બ્રહ્મચારીને ચોકે જઈને પૂછી જુઓ.'' તે વખતે આનંદ સ્વામી તથા વાસુદેવ સ્વામી મહારાજની સાથે (સેવામાં) હતા. તે બંને જણે શીરો કર્યો હતો અને ઘરમાં ધુમાડો બહુ થયો. તેથી શીરો કાચાપાકાની ખબર ન રહી. પછી પાણી નાંખીને તરત હેઠો ઉતાર્યો અને મહારાજે પૂછ્યું જે, ''આનંદ બ્રહ્મચારી ! શીરો

છે?'' બ્રહ્મચારી કહે, ''હા મહારાજ ! માખણ જેવા બે તાંસ ભર્યા છે.'' પછી બેઉ જણ ઉપાડીને શીરો મહારાજ પાસે લઈ ગયા. અને મહારાજે હાથમાં લઈને જોતાં કાચો લાગ્યો. પછી મહારાજ બોલ્યા જે, ''તાવડા માંડો તાવડા માંડો, આ તો બ્રાહ્મણના કર્યા બ્રાહ્મણ ખાય કે ભેંશ ખાય !'' એમ મહારાજે કહ્યું અને બીજો શીરો કરીને સંતને જમાડ્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૭)

### કમિયાળામાં શ્રીજીમહારાજ જમ્યા ને કીર્તન સાંભળી ઉદાસ થયા

અને ત્યાં (ભોળાદ)થી ચાલ્યા, તે કમિયાળાના તળાવને કાંઠે વાયુ ખૂણે આંબલીના વૃક્ષ હેઠે ઉતારો કર્યો. તેના સમીપમાં જ રઘુવીરજી મહારાજ ને અયોધ્યાપ્રસાદજી મહારાજ, એ બે જણે થાળ કર્યો અને પોતે શ્રીજીમહારાજ જમ્યા ને બોલ્યા જે, ''બહુ સારી રસોઈ કરી છે !'' અને નિત્યાનંદ સ્વામીને થાળ આપ્યો ને શ્રીજીમહારાજ પોઢી ગયા.

સાંજની વખતે 'સૂન તેરી રે કનૈયા બાંસુરી...' એ કીર્તન મુક્તાનંદ સ્વામી ને પ્રેમાનંદ સ્વામી પાસે ગવરાવ્યાં. ને પોતે બહુ ઉદાસ થઈ ગયા ને નેત્રમાંથી જળ વહેવા લાગ્યાં. ને સર્વે ઉદાસી થઈ ગયા ને હાથમાંથી સરોદા પડી ગયા. પછી બે ઘડી કેડે પોતે ઉદાસીનો ત્યાગ કર્યો ને નેત્રને રૂમાલ વતે લુઈને માથે ફેંટો બાંધ્યો ને ગામમાં પધાર્યા. રાત્રીને વિષે નિત્યાનંદ સ્વામી, નાના આત્માનંદ સ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી એ ચાર જણે મહારાજને મીણનું તેલ ચોળ્યું. અને ત્યાંથી ચાલ્યા, તે રોજકે ગયા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૬ની લીલા)

## ભીમનાથના લીલાચરિત્રો-પ્રસંગો

### દસહજારની રુદ્રી અને બ્રાહ્મણોની ચોરાશી કરી

નીલકા નદીને કાંઠે ઊંચી પરથાર પર ભીમનાથ મહાદેવના સ્થાનકે એકવખત ભગવાન શ્રીહરિ વિચરણ કરતાં કરતાં પધાર્યા હતા.

''હેં અલ્યા સુરા ! મહારાજ આજ આપણને ભૂખ્યા રાખશે કે શું ?''

''ના રે, માતરા ! એવું કેમ વિચારો છો ? કદી ભૂખ્યા રાખ્યા છે ?''

''પ...ણ, મહારાજની લીલા કળ્યામાં આવતી નથી, સવારના નીકળ્યા તે બપોરા થવા આવ્યા, હજુ જમણના ક્યાંય વાવડ જણાતા નથી.''

"બધું થઈ પડશે, જો જો ને !"

ભગવાન શ્રીહરિ સાથે વિચરણ કરતા આ કાઠી-દરબારો વાતો કરતાં કરતાં ઘોડા પર ચાલ્યા જાય છે. પચ્ચીસ-પચ્ચીસ ઘોડેસવારોનું હાલરું શ્રીજીમહારાજની ફરતે વીંટળાતું, ધૂળની ડમરીમાં ગરકાવ થતું ચાલ્યું આવે છે. વચ્ચે માણીગર શ્રીહરિ માણકીને નચાવતાં, હાસ્યવિનોદ કરતા સખાઓને પોતાના સ્વરૂપમાં લીન કરતાં ચાલી રહ્યા છે. સૌએ બોકાની વાળી છે.

શ્રીજીમહારાજે હીરની લગામ હાથમાં મરડતાં માણકીને પોલારપુર બાજુ નીલકા નદી તરફ વાળી. હાથનાં નેજવાં કરી ભીમનાથના મહંતે જોયું તો ઘોડાઓનો વાજ આવી રહ્યો ! નજીક આવતાં મહંતે ભગવાન શ્રીહરિને ઓળખ્યા. ઘોડા તરસ્યાં હતાં. નીલકા નદીનાં નિર્મળ નીર જોઈ ઘોડાઓ નાચવા-કૂદવા લાગ્યાં. માણકી સહિત બધા ઘોડાએ ગોઠણસમા નીરમાં જઈ પેટ ભરીને જળ પીધાં. ભીમનાથ જેવું પુરાતન સ્થાનક જોઈ ભગવાન શ્રીહરિએ સૌને કહ્યું : "આપણે અહીં બપોરાં કરીશું, પણ તમારે સૌએ શાંત રહેવું."

સૌએ શ્રીજીમહારાજની મરજી પિછાણી લીધી. સૌ સાથે ભગવાન શ્રીહરિ ભીમનાથની જગ્યામાં આવ્યા. આંગણે ઘણા બધા અતિથિઓ ને તેમાં પણ ભગવાન સ્વામિનારાયણ પોતે પધાર્યા છે - તે જાણી જગ્યાના મહંત કૈલાસભારતી રાજી રાજી થઈ ગયા. એમણે ઝટ આવીને શ્રીજીમહારાજની માણકીનું ચોકડું ઝાલી લીધું. પેંગડું છાંડી મહારાજ નીચે ઊતર્યા. નાજા જોગિયાએ ભગવાન શ્રીહરિનાં વસ્ત્રો ઝાટક્યાં.

ભીમનાથની ગાદી માટે એવું કહેતાવું કે સાત દકાળી પડે તોય ભીમનાથના કોઠારનું અનાજ ખૂટે નહિ. આ પંથકના કણબી પટેલિયાઓ ભાલિયા ઘઉંથી ભોળાનાથના ભંડાર ભરેલા રાખતા.

ભગવાન શ્રીહરિ ભીમનાથ મહાદેવનાં દર્શને પધાર્યા ને સાથે આવેલા હીરા કોઠારીને કહ્યું : "અમને ૨૫ રૂપિયા આપો, ભીમનાથ મહાદેવને ભેટ ધરીએ." હીરા કોઠારી કેડિયાની કંસો છોડતાં ગજવું ફંફોસવા લાગ્યા. એમનો જીવ થોડોક ચીકણો. મનોમન થઈ આવ્યું કે ૨૫ રૂપિયા તે કંઈ મુકાતા હશે ! પૈસા આપવામાં વિલંબ થયો તેથી ભગા દોશીએ તરત ૨૫ રૂપિયા શ્રીજીમહારાજના હાથમાં મૂકી દીધા ! મહારાજ તેમના પર ખૂબ રાજી થયા. મહારાજે ભીમનાથ મહાદેવને એ ધન ભેટ કર્યું. તેથી મહંત પણ રાજી થયા. એમણે સેવા-બરદાશમાં કોઈ કસર રાખી નહિ.

મહંતે ભગવાન શ્રીહરિ ને સૌ દરબારો તથા અન્ય હરિભક્તો માટે ઉતારાની

વ્યવસ્થા કરાવી. ચૂલે લાપસીનાં આંધણ મૂકાયાં. ઊનાં પાણીના રંઘેડા મુકાઈ ગયા. દરબારોએ સ્નાન કરી થાક ઉતાર્યો ને ઘોડાનાં પગે ગરમ પાણીથી શેક કરી દીધો. તાજાંમાજાં ઘોડા ચણાના જોગાણ બુકડાવવા લાગ્યાં. એટલીવારમાં રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ભગવાન શ્રીહરિને ચાંદીના પાટલે જમવા બેસારી મહંત સન્મુખ બેઠા. સોડમવંતી લાપસીમાં ગવરી ગાયોનું ઘી, તાંબડીની ધારે પીરસાયું. સૌએ પેટ ભરીને ભોજન લીધું.

જમતાં જમતાં મહારાજ કહે : "મહંતજી ! અમારે અહીં રુદ્રી કરાવવી છે. ૧૦૮ બ્રાહ્મણ બેસે ને રુદ્રી કરે. વળી રુદ્રી પૂરી થઈ રહે પછી બ્રાહ્મણોની ચોરાશી પણ કરવી છે."

મહંત કહે : "એ તો બહુ સારો વિચાર છે. ક્યારે રુદ્રી કરવી છે ?"

"હાલ, હમણાં જ." આ સાંભળી હીરા કોઠારીની આંખો ચકળવકળ થવા લાગી. એને શિયાળામાં પરસેવો છૂટી ગયો ! સાથે કાણી કોડી લીધી ને મહારાજ બ્રાહ્મણોની ચોરાશી કરવાના મનસૂબા ઘડે છે !

મહંતે કહ્યું : "પ્રભુ ! ધનની વ્યવસ્થા તો છે ને !"

"હા, હા, આ અમારા હીરા કોઠારી બધું ચૂકવી દેશે."

આ સાંભળી હીરા કોઠારી તો મનોમન સમસમી રહ્યા. એક પણ શબ્દ કહેવાની ના કહેલી તેથી મૂંગા રહ્યા.

મહંતે તો એ જ ઘડીએ પોલારપુર ને આજુબાજુના બ્રાહ્મણોને રુદ્રી માટે તેડ્યા. ચોરાશી માટે પણ બ્રાહ્મણોને તત્કાળ તેડાં મોકલ્યાં. મહંતે હીરા કોઠારી પાસે ધન માગ્યું. કારણ કે પૂજા પાથરણાં, આચમની, તરભાણાં, લોટા - જે કંઈ પૂજાપો મંગાવવો પડે તેની વ્યવસ્થા મોરેથી કરવી પડે.

હીરા શેઠ ભગવાન શ્રીહરિને કાનમાં કહે : "મહારાજ ! તમે તો જાણો છો, મારી પાસે કંઈ નથી ને આ તમે મોટે પાયે જગન માંડ્યો છે ! તો હવે શું કરું ?"

મહારાજે મહંતને જ સીધું કહ્યું : "મહંતજી ! આ હીરો કોઠારી જેટલું માગે તેટલું અમારે ખાતે માંડીને આપજો."

મહંત કહે : "તમે તો ફરતા રામ છો, અયોધ્યાથી આવ્યા ત્યારે કશું સાથે લાવ્યા નથી. વળી, રુદ્રી-ચોરાશીનો ખર્ચો જ દશહજારનો થશે. એ લેવા હું ક્યાં જાઉં ? મારે તો માંડવાળ જ કરવી પડે."

મહારાજ કહે : "આ બોટાદના નગરશેઠ ભગા દોશી છે, એમને તો ઓળખો છો ને ! નવલાખના આસામી છે. એમના નામે આપો." એમ કહી

મોટી ફાંદવાળા ભગા શેઠને ભગવાન શ્રીહરિએ નજીક બોલાવ્યા ને મહંતને તેમની વિશેષ ઓળખ આપી. મહંતે ભીમનાથની તિજોરીમાંથી રૂપિયા કાઢ્યા ને હીરા કોઠારીને આપ્યા.

'હર હર મહાદેવ...' કરતા બ્રાહ્મણો આવવા લાગ્યા.

૧૦૮ બ્રાહ્મણો રુદ્રી કરતાં યજ્ઞનારાયણને આહુતિ આપવા લાગ્યા, ને રુદ્રી કરાવનાર ભગવાન સ્વામિનારાયણની જય બોલાવવા લાગ્યા. કાઠી-દરબારો તો આ રુદ્રીમાં ત્રણે સમય મળતા ભોજનથી આનંદિત હતા.

ત્રીજે દિવસે રુદ્રી પૂર્ણ થઈ. ઠેઠ ધોળકા ને આમ ઠેઠ વલ્લભીપુરથી બ્રાહ્મણો ચોરાશી જમવા ઊમટ્યા હતા.

રસોઈના જાણકાર ભૂદેવો ૪૮ ચૂલા પર મોટા મસ રંધેડાઓમાં દાળ-શાકનો વઘાર દેવા લાગ્યા. અમુક બ્રાહ્મણોએ આખી રાત જાગીને ઘીથી લચપચતા શેર-શેરના લાડુ વાળી ગંજ ખડકી દીધો હતો.

'હર..હર.. ભોલે... સ્વામિનારાયણ બોલે...'નો નાદ ગજાવતા, અબોટિયું પહેરી, ચોટલી બાંધી, ખભે ગમછો નાખીને બ્રાહ્મણો જમવા લાગ્યા. ભગવાન શ્રીહરિ હળવે પગલે પધાર્યા ને સૌએ ફરી જયનાદ કર્યો. ચોરાશી જમી-જમીને બ્રાહ્મણો ભગવાન શ્રીહરિ પાસે દક્ષિણા લેવા આવવા લાગ્યા. હીરા કોઠારીએ મહંત પાસેથી મોટી રકમ ઉપાડી. મહારાજે સૌને દાન દીધાં. સૌ પોતપોતાને ગામ ચાલવા લાગ્યા.

આથમણી દિશાએ સૂરજ થોડો નમ્યો ત્યાં તો ભીમનાથની જગ્યા ખાલી થઈગઈ. હવે હિસાબ પતાવવાનો હતો. મહારાજ કહે : "થાક્યા છીએ તે થોડા આડે-પડખે થઈએ પછી નિરાંતે હિસાબ કરીશું."

ઉતારે આવીને ભગવાન શ્રીહરિ બોકાની બાંધવા લાગ્યા. ઝટપટ દરબારોને તેમજ ભગા દોશીને કહે : "સૌ જલ્દી તૈયાર થઈ જાવ, આપણે પલકારામાં નીકળી જવું છે." અને પાછલા રસ્તેથી કોઈ જાણે નહિ તેમ સૌ નીકળ્યા. હીરા કોઠારી ઉતારે આવીને જુએ છે તો સૌ નીકળી રહ્યા હતા. હજુ થોડાક દૂર જ પહોંચ્યા હતા. આ જોઈ હીરા કોઠારી હાંફળા-ફાંફળા થતા દોડ્યા.

શ્રીજીમહારાજે બધા કાઠી દરબારોને કહ્યું : "જે ઘોડા ન દોડાવે તેનો બાપ હીરો." આથી સૌ અસવારોએ ઘોડા પૂરપાટ દોડાવ્યાં. મોખરે મહારાજની માણકી હતી. પલકારામાં તો ધૂળની ડમરી ઉડાડતાં ઘોડા ક્ષિતિજ પર રમવા લાગ્યાં.

ભીમનાથની જગ્યામાં રહ્યા ફક્ત હીરા કોઠારી.

સંધ્યા ઢળી તો પણ હિસાબ પતાવવા ભગવાન શ્રીહરિ કે ભગા દોશી આવ્યા નહિ ! મહંતને થયું : 'થાક્યા-પાક્યા સૂતા હશે.' ઝાલર ઝણઝણી, ઘંટ ગૂંજ્યા. ભીમનાથની આરતી થઈ પણ કોઈ ફરક્યું નહિ. મહંતે તપાસ કરાવી તો ઉતારા ખાલી પડ્યા હતા. એક ઘોડું બાંધ્યું હતું. તે કોનું છે એ કેમ ખબર પડે! ત્યાં ચોકીદાર મૂકી મહંતે બધે શોધખોળ આદરી.

હીરા કોઠારી તો બહાવરા બનીને નીલકા નદીને કાંઠે સંતાતાં ફરતા હતા. ઘોડા વગર ભાગવું કેમ ? મનમાં મૂંઝાતા હતા. વળી, રકમ કંઈ નાની નહોતી. દસ હજાર રૂપિયા ચૂકવવાના હતા. 'શું થશે, કેમ થશે !'ના ભણકારાથી હૃદય ધડકતું હતું. એનાથી એક નિઃસાસો નીકળી ગયો : "હે મહારાજ !"

એ જ વખતે રુણઝુણ રુણઝુણ ઘૂઘરમાળ રણકાવતું વેલડું ત્યાંથી નીકળ્યું, ને હીરા કોઠારી પાસે જ આવીને ઊભું રહ્યું. ચાંદાના આછા અજવાળે એક શેઠ વેલડામાંથી બહાર આવ્યા. હીરાને પૂછ્યું : "ભાઈ ! દુખિયારા લાગો છો ! આમ, ગાંડાની માફક બહાવરા કેમ ફરો છો ?"

હીરા કોઠારી કહે : "શું કરું શેઠજી ! મારે માથે તો આભ તૂટી પડ્યું છે. અહીં ભીમનાથ મહાદેવની જગ્યાએ ભગવાન સ્વામિનારાયણ આવ્યા હતા તે રૂપિયા દસ હજારનો ખર્ચ કરી ચાલ્યા ગયા છે !"

"એમાં ગાંડા ભાઈ ! આટલો શોક શું કરો છો ! એ તો ભગવાન કહેવાય છે ને !"

"ભગવાન કહેવાતા નથી, છે જ. પણ બધું મારે માથે નાખતા ગયા છે, મારે ક્યાંથી કાઢવા. એ મૂંઝવણમાં છું. આ કૈલાસભારતી મારી શોધ-ખોળ કરતા જ હશે... શું કરું, કંઈ સમજાતું નથી."

શેઠ કહે : "તમારે તો રૂપિયાનું જ કામ છે ને ! અલ્યા મુનીમજી ! આપણી ઉઘરાણી દસ હજારની આવી છે તે વેલડામાંથી નીચે ઉતારો."

હજાર-હજાર રોકડા રૂપિયાની એક-એક એવી દસ કોથળીઓ વેલડામાંથી નીચે ઉતારી, શેઠે હીરા કોઠારીને કહ્યું : "જાવ, ચૂક્તે કરી દો." એમ કહી શેઠ વેલડામાં બેસવા જતા હતા ત્યાં હીરા કોઠારીએ કહ્યું : "શેઠજી ! તમારું નામ-ઠામ તો જણાવો."

"અમારું નામ છે 'વિશ્વંભર સોદાગર' ને મુલક ખૂબ આઘો છે... વળી, ભગવાન સ્વામિનારાયણ અમને ઓળખે છે..." એમ કહી શેઠ ઝટપટ વેલડામાં બેસી ગયા. પલકારામાં તો વેલડું અંધારે અદૃશ્ય થયું !

હજુ હીરા કોઠારી કંઈક વિચારે છે ત્યાં જ ભીમનાથના મહંતજી ફાનસ લઈને હીરા કોઠારીની ભાળ લેવા નીકળ્યા હતા, તે મળ્યા. મહંત કંઈ બોલે એ પહેલાં જ હીરા કોઠારી કહે : "મહંતજી ! શું કરું ! આ રૂપિયાની ચોકી કરવામાં જ સંધ્યા ઢળી ગઈ. શ્રીજીમહારાજ તો આગળ મુકામ નક્કી હતો તે રૂપિયા મૂકીને નીકળી ગયા. અહીંથી દૂર જાઉં તો કોઈ ઉપાડી જાય તે બીકે અહીં જ સાચવતો ઊભો રહ્યો. ઠીક થયું તમે આવી ગયા. લોંઠકા માણસોને બોલાવીને ધન ઉપડાવી લો." મહંતજીનો પારો આસમાને ગયેલો પણ હીરા કોઠારીએ એક શ્વાસે બધું કહ્યું ને ધન મળ્યું તેથી નિરાંત થઈ.

ભગવાન શ્રીહરિ આગળ કુંડળ રોકાવાના છે એવું હીરા કોઠારીએ સાંભળેલું. તેથી એ પણ ઘોડીએ અસવાર થઈ રાત્રે બે વાગે કુંડળ પહોંચ્યાં. એ જ વખતે શ્રીજીમહારાજ પણ જાગી ગયા હતા, તેથી તેઓએ હીરા કોઠારીને દૂરથી જોઈને સાદ કર્યો : "અલ્યા, કોણ છે ત્યાં ?"

ત્યારે હીરા કોઠારી બોલ્યા : "મહારાજ ! એ તો હું છું હીરો."

શ્રીજીમહારાજ કહે : "તે એકલો કેમ રહી ગયો ! ઘોડું ટારડું લાગે છે."

"અરે, મહારાજ ! તમે તો મને ચૂકવણું કરવા રોકેલો તે..."

"હાં...હાં.. એ પછી શું થયું ? ચૂકવણું કર્યું ?"

"અરે, પ્રભુ ! આ પૃથ્વી પરથી માણસાઈ મરી પરવારી નથી. મને બહાવરો જોઈ રસ્તે વેલડું લઈને જતાં એક શેઠ ઊભા રહ્યા ને મને સાંત્વના આપી ને પૈસા બધા એમણે આપ્યા !"

"એમના નામ-ઠામ નોંધી લીધું છે કે નહિ ?"

"નામ તો એમનું વિશ્વંભર સોદાગર હતું. બહુ આઘેના હતા."

"પણ ઠેકાણું તો લેવું'તું ને !"

"ઠેકાણું પૂછ્યું તો કહે 'સ્વામિનારાયણ ભગવાન' અમને ઓળખે છે, અમારું નામ દેજો. એમ કહી ઝટપટ વેલડું હંકારી ગયા કે આભમાં ઊડી ગયા કે શું થયું - કંઈ જ મને ખબર નથી... "

ભગવાન શ્રીહરિ કહે : "આપણે રોટલાનું કામ હતું તે થયું. હવે ટપાટપનું શું. આ ફેરે તેણે અમારું કામ કર્યું. તે ભલે કર્યું... હવે ઘોડી ખીલે બાંધીને સૂઈ જાવ, પથારી તૈયાર છે." હીરા કોઠારી તો શ્રીજીમહારાજની લીલાને અંતરમાં વાગોળતાં, અહોભાવમાં ગરકાવ થતાં 'વિશ્વંભર સોદાગર' કોણ હશે - એની ઉદારતાનું ગાન કરતા સૂતા. સવારે ઊઠ્યા ત્યારે સૂરો-માતરો, મામૈયો બધા

દરબારો હીરા કોઠારીની વાત પર હસી હસીને બેવડા વળી ગયા.

સુરાખાચર કહે : ''અલ્યા, હીરા ! એ શેઠ વિશ્વંભર હતા, તે વિશ્વંભરનો અર્થ જાણે છે કે નહિ ? આખા વિશ્વનું ભરણ-પોષણ કરે તેનું નામ વિશ્વંભર. જીવપ્રાણીમાત્રનું ભરણ-પોષણ આ મહારાજ સિવાય બીજું કોણ કરે છે ? અરે, ગાંડા ! આ મહારાજ જ તને મળ્યા હતા ! એટલું ય ઓસાણ ન રહ્યું !''

હીરા કોઠારીએ ભગવાન શ્રીહરિ સામે જોયું... અને મહારાજ પણ હસીને બોલ્યા : ''હીરા ! પાણીનો દેગડો માથે મૂકીએ તેનો ભાર લાગે છે, પણ દરિયામાં ડૂબકી મારીએ તો આખી પૃથ્વીનું પાણી માથા ઉપર ચઢે છે પણ લેશ ભાર લાગે છે ? તમને ભીમનાથમાં થોડો ભાર લાગેલો, તે હળવો કર્યો, હવે ભાર છે ?''

''પણ મહારાજ ! ભાર હળવો કરવાની તમારી કળા ન્યારી છે.'' આ સાંભળી શ્રીજીમહારાજ મંદમંદ હસી રહ્યા.

(સદ્. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૬૫ના આધારે...)

## પોલારપુર ગામના લીલાચરિત્રો-પ્રસંગો

**પોલારપુરમાં દિવ્ય-મનુષ્ય ચરિત્ર કરતા પરમેશ્વર શ્રીહરિ :**
**'ગયા પોલારપર અવિનાશ, જેઠા બનાણી કણબીને વાસ.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૯)

કૂણા માસુમ ગાલ, ઊપડતી નમણી આંખો, કાળા ભમ્મર નેણ, રાતાચોળ અધર, માથે વીંટેલી ભૂરી સુંવાળી જટા, ચંદ્રમાના તેજનં લીંપણ પણ ઝાંખું પડે એવું તેજસ્વી કાન્તિ પ્રસરાવતું શરીર. ૧૮ વર્ષના આ બાળાજોગીને નીરખી જીવકોર બાઈનું હૈયું ધરાતું નથી. એમની આંખો મટકવું બંધ કરી પીપળા નીચે બેઠેલ આ બાળાજોગીની પાતળી કાયા પર અટકી ગઈ છે.

સં. ૧૮૫૫માં ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ કરતાં કરતાં પીપળી, ગાંફ, ભડિયાદ, ધોલેરા, ગોરાસુ, ખરડ, ઝીંઝર, ભીમનાથ થઈ પોલારપુર પધાર્યા. ગામની લીલીછમ વાડીઓ પરથી આવતો ફાગણિયો વાયુ અંતરને આહ્લાદથી ભરી રહ્યો છે.

નીલકંઠ વર્ણીએ પોલારપુર ગામની બહાર વાડી છે ત્યાં ઝાડવાની ટાઢી-શીળી છાયામાં ઢાળિયું મકાન જોયું, બાજુમાં જ કૂવાનાં ખળખળતાં જળ જોયાં. વર્ણીરાજને આ સ્થાનમાં રાત રહેવાનું મન થઈ આવ્યું. દૂર પીપળાના

ઝાડ નીચે મૃગચર્મ પાથરીને બેઠા હતા ત્યાં જ વાડીનાં માલિકણ બાઈ જીવકોરનું હૃદય એ બાળાજોગીમાં ખેંચાઈ ગયું. મન એ માધુરી મૂર્તિમાં વળગી ગયું.

જેઠા બનાણી એમના પતિ થાય. સાસુ દેહ મૂકી ગયાં તેને બાર દિવસ વીતી ગયા હતા. આજે તેરમું હતું. એ નિમિત્તે જેઠા બનાણીનો બંધુવર્ગ આજુબાજુના ગામેથી આવ્યો હતો.

જીવકોરબાઈના હૃદયમાં એક વિચાર ઝબકી ગયો – 'આ જોગી જો આંગણું પાવન કરે ને સુખડી જમે તો સાસુનો જીવ ગત્યે જાય. એણે જેઠા બનાણીને વાત કરી. જેઠા બનાણી નીલકંઠ વર્ણી પાસે ગયા. નમ્રતાથી હાથ જોડી પંચાંગ પ્રણામ પાઠવ્યા ને વાડીમાં આવવા વિનંતી કરી.'

**'ગયા લૈને તળાવને તીર, કાઢ્યું ત્યાંના કૂવામાંથી નીર;**
**ખીજડા તળે આસન કીધું, જમ્યા સુખડી ને જળ પીધું.**
**પછી બાકી પ્રસાદીનું પાણી, નાંખ્યું તે કૂપમાં કૃપા આણી;**
**પુરવાસી કરે જળપાન, થાય નિર્મળ બુદ્ધિ નિદાન.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૯/૮-૯)

નીલકંઠ વર્ણીરાજ પધાર્યા. કૂવાના કાંઠે ઝાડ નીચે ઓટલા પર બિરાજમાન થયા. કૂવામાંથી જાતે સીંચીને પાણી કાઢ્યું. હાથ-મોં ધોયાં અને શાલિગ્રામને સ્નાન-જળપાન કરાવ્યું. પોતે પણ જળ પીધું ને વધેલું જળ કૂવામાં પાછું નાખ્યું. (આ કૂવાની અંદર જેઠા બનાણીના પુત્ર ત્રિકમભાઈ તથા ગામના વણિક ઝવેરભાઈએ પાકું બાંધકામ કરાવ્યું હતું. જે આજે પણ મોજૂદ છે.)

જેઠા બનાણીએ સુખડી આપી. વર્ણીપ્રભુએ સુખડી શાલિગ્રામને ધરાવી પોતે અંગીકાર કરી. કારજે આવેલા સૌને તેનો પ્રસાદ મળ્યો.

જેઠા બનાણીની પત્ની જીવકોરબાઈને જટાળા બાળજોગીની જાણે ભૂરકી લાગી ગઈ હતી ! એને કંઈ જ સૂઝતું નહોતું. એને મનમાં થયું કે આ બાવાએ નક્કી કંઈક ટૂમણ કર્યાં ! આમંત્રણ આપેલું એટલે જાકારો તો કેમ દેવાય ! વર્ણીરાજની મૂર્તિ બાઈના અંતરમાં વિના પ્રયાસે બેસી ગઈ !

સંધ્યા ઢળવા લાગી. પંખીઓ કિલકિલાટ કરતાં માળામાં છુપાવા લાગ્યાં. ફાગણ વદનું અંધકારિયું ધરતી માથે કાળો કામળો ઓઢીને જાણે બેસી ગયું હતું.

જીવકોરબાઈએ હિંમત ભેગી કરીને કહ્યું : ''બ્રહ્મચારીજી ! હવે ગામમાં ચોરે જતા રો', અમારે અહીં સાધુ-બાવા જે કોઈ આવે છે તે ચોરે જ ઊતરે છે.''

વર્ણી કહે : ''બાઈ ! અમે વસ્તીમાં જતા નથી, તે ચોરે ન ફાવે. અમે તો

અહીં જ મૃગછાલા પર પીપળા નીચે પડ્યા રહેશું.''

જેઠો કહે : ''છોને બેઠા, એ આપણને ક્યાં નડવાના છે !''

પોતાના પતિની વાત સાંભળી બાઈ કશું બોલી નહિ પણ આંખો સામેથી બાળજોગીની મૂર્તિ તસુભાર ખસતી નથી ! એની મોટી પળોજણ થઈ પડી હતી. એ તો બ્હાવરી બ્હાવરી ઘરનાં કામ નિપટાવવા લાગી. કૂવાને કાંઠે ઓટલે બેઠેલ વર્ણી અંધારામાં પણ તેજના ફોરે પરખાતા હતા.

થોડીવાર પછી આંગણમાં ખાટલા ઢળાવા લાગ્યા. બાળબચ્ચાં થાક્યાં-પાક્યાં ઊંઘવા લાગ્યાં. નીલકંઠ વર્ણીએ મૃગચર્મ સંકેલી આંગણા તરફ પ્રયાણ કર્યું. એક ખૂણે મૃગચર્મ પાથરીને સ્વ-સ્વરૂપનું ધ્યાન કરતાં બેઠા છે. બાઈએ જોયું કે આ બાવો તો આંગણામાં આવ્યો ! એણે એના દીકરા ત્રિકમને વર્ણી પાસે મોકલ્યો. એણે જઈને કહ્યું : ''તમે આંગણે કેમ આવ્યા ?''

નીલકંઠ વર્ણી બોલ્યા : ''ત્યાં ભેંસો ને બળદના પૂંછડાં વાગે છે તે અહીં આવ્યા.'' ઢોર-ઢાંખરની ગમાણ વર્ણીપ્રભુ બેઠેલા તે ઓટલાની બાજુમાં જ હતી.

''પણ, મારી માએ કહેવડાવ્યું છે એટલે...''

''એમાં શું તારી માને હું જવાબ દઉં... ચાલ.'' એમ કહી નીલકંઠ વર્ણીરાજ તો ત્યાંથી ઊભા થયા ને વરંડામાં આવ્યા.

ત્યારે જીવકોરબાઈ કહે : ''અરે, અરે ! મહાત્મા ! તમે તો ઓટલેથી આંગણે ને આંગણેથી ઠેઠ અહીં આવ્યા !''

''તે આવીએ જ ને ! અમને ઢોર મારતાં હતાં, હવે અહીં બેસીશું.''

''ઠીક છે બેસી રહો.'' કહીને જીવકોરબાઈ ઘરકામમાં ગૂંથાઈ ગયા. પણ એને નીલકંઠ વર્ણીની મૂર્તિ નજર સામેથી ખસતી જ નહોતી. કહી-કથી શકાય નહિ એવી શીતળતા એના અંતરમાં વ્યાપી ગઈ હતી. આ એણે આ પહેલા કદી અનુભવ્યું નહોતું.

જેમ જેમ રાત્રિ પસાર થઈ તેમ તેમ ધીરે ધીરે વર્ણીરાજ ઓશરીમાં આવીને બેઠા. તે જોઈને જીવકોરબાઈ બોલી : ''અરે, આ જોગીડાને મારે શું કહેવું ? બહાર બેસવાની હા પાડી તો માંહી ઠેઠ ઓશરી પર આવ્યા !''

વર્ણીરાજ કહે : ''પણ હું શું કરું ! વરંડામાં વારે વારે કૂતરાં આવે તે અમને અડી જાય તો નાહવું પડે, તે વાસ્તે બાઈ ! અહીં બેઠા છીએ. આમાં તમને શું નડે છે ?''

ત્યારે જેઠા બનાણીએ કહ્યું : ''જોગી ! બેસો વાંધો નહિ, ઈ બટકબોલી

છે!'' એમ કહી જેઠા બનાણી પોતાની પત્ની તરફ જોઈને કહે : ''કોઈને નિમંત્ર્યા પછી દયા-માયાથી રાખવા જોઈએ, એ ક્યાં પલંગ-પોઢણિયાં માગે છે ? તે ઓશરીએ છો ને રહ્યા !''

બાઈ કહે : ''ઠીક બાવા ! પણ હવે અહીં જ બેસી રહેજો, ક્યાંય આઘા-પાછા જશો નહિ.''

નીલકંઠ વર્ણી કહે : ''હવે ક્યાંય નહિ જઈએ.''

થોડી રાત વીતી હશે. બાઈ આવેલી મે'માન બાઈઓ સાથે ઓરડામાં વાતે વળગી પણ નીલકંઠ બાળજોગીની મૂર્તિ અંતરથી અળગી થતી નહોતી.

ચારે કોર તમરાં બોલતાં હતાં. નીરવ શાંતિ હતી. ધીમે પગલે વર્ણીરાજ ઊઠ્યા. બારણા પાસે જઈ કડું ઠપકાર્યું.

જીવકોરબાઈને થયું કે નક્કી પેલા બાળાજોગી જ આવ્યા !

એ બારણું ખોલીને કંઈક કહે તે પહેલાં તો વર્ણી જ કહેવા લાગ્યા : ''અરે, બાઈ ! તમે તો કેવા છો ! આંગણે બોલાવ્યા પછી અમને જમવાનુંય પૂછતાં નથી.''

જીવકોરબાઈ કહે : ''હવે રાત પડી ગઈ, સૂઈ જાવ. રસોડાનો સંજેરો કરી વાળ્યો તે ક્યાંથી દઉં !''

વર્ણીપ્રભુ કહે : ''બાઈ ! ભૂખ્યા તે કંઈ ઊંઘ આવે ! તમે જ કહો.''

બાઈને શું કહેવું તે કંઈ સૂઝ્યું નહિ. મહેમાન બાઈઓ ધીમે રહી જીવકોરબાઈને કહેવા લાગી : ''બાવાને તો 'આવ' એમ પણ ન કહેવાય, તમે તો ઘરમાં ઘાલ્યા. હવે કર્યાં ભોગવો.''

નીલકંઠ વર્ણીએ કહ્યું : ''બાઈ ! ચૂલે જુઓ તો ખરા ! કંઈક મળી રહેશે.''

જીવકોરબાઈ કહે : ''આ જોગી કેવા છે ! આ ટાળે વાળું શેનું કરાવું ! વહેલા બોલ્યા હોત તો કરાવત. હવે તો કાંઈ નથી. ખીચડીનું હાંડલું ધોઈ ચૂલે મૂકીને અહીં બેઠી છું.''

વર્ણીરાજ કહે : ''ખોટું શું કરવા બોલો છો ? હાંડલું તો હજુ અર્ધું ભર્યું છે, તેમાંથી અમારે કડછો ધાન જોઈએ છે, એમાં ના પાડો છો !''

ફળિયામાં ખાટલે આડા પડેલા જેઠા બનાણી ઊંઘું-ઊંઘું થતા હતા તે જાગ્યા ને ઓરડે ગયા.

વર્ણીએ કહ્યું : ''પટેલ ! આ તમારાં પટલાણી તે કેવાં છે ! અમને ભૂખ લાગી છે તે જમવાનું તો પૂછતાં નથી, માગીએ છીએ ત્યારે જૂઠું બોલે છે. હાંડલામાંથી થોડું ધાન આપતાં જીવકોરબાઈનો જીવ કોચવાય છે.''

જેઠા બનાણી કહે : ‘‘દે ને અલી !’’

ત્યારે તેની પત્ની જીવકોરબાઈ બોલી : ‘‘હવે કંઈ નથી રહ્યું.’’

વર્ણીપ્રભુ કહે : ‘‘એ ચૂલે જતાં નથી, જઈને જોયા વિના ‘નથી.. નથી..’ બોલે છે !’’

જીવકોરબાઈ દોડતી ઘરમાં અંદર ગઈ, ચૂલેથી હાંડલું ઊંચકી લાવી, થોડું ભારે લાગ્યું. જોયું તો ખીચડીથી અડધું ભરેલું !

નીલકંઠ વર્ણી જેઠા બનાણી સામે જોઈ મંદમંદ હસવા લાગ્યા. હવે બાઈ મૂંઝાઈ. એણે નક્કી કરી લીધું કે આ જોગીબાવા કામણ-ટૂમણવાળા છે. હાંડલામાં ખીચડી નહોતી ને નીકળી એટલે બાઈ ભોંઠી પડી ગઈ ! એ અંદરથી થાળી લાવી, તેમાં ખીચડી કાઢીને વર્ણીરાજને જમવા આપી.

ફાનસના અજવાળે, મૃગચર્મ ઉપર બેસી વર્ણીપ્રભુ ખીચડી જમવા લાગ્યા. પહેલો કોળિયો ભર્યો ને કહ્યું : ‘‘આ કોરી ખીચડી ગળે શે ઊતરે ! ઘીનો છાંટો દે ને બાઈ !’’ કંઈ આનાકાની કર્યા વિના જીવકોરબાઈએ ઘી પીરસ્યું.

વળી, વર્ણી બોલ્યા : ‘‘અમે દૂધે વાળું કરીએ છીએ, દૂધ વિના નહિ જમીએ.’’ ત્યારે જીવકોરબાઈએ કહ્યું : ‘‘ભોગ લાગ્યા, આ ટાણે દૂધ ક્યાંથી આપું ? બધું મેળવી દીધું છે !’’

વર્ણીપ્રભુ કહે : ‘‘મેળવી દીધું હોય તો ભેંસો ક્યાં નથી ! દોહી લાવો.’’

‘‘અરે, તમે બાવા બન્યા તે શું કહું ? એકવાર ભેંસ દોહી લીધી તે ફરી દોવા ન દે. હવે આવતીકાલે દૂધ મળે.’’

નીલકંઠ પ્રભુ કહે : ‘‘એવું તે હોય, તાંબડી લઈને તમે દોહવા તો બેસો, લાવો હું તાંબડીને આંગળી અડાડી દઉં એટલે ભેંસ દોહવા દેશે.’’

જીવકોરબાઈએ ખીચડીનો પરચો દીઠો હતો એટલે હવે આ બાળાજોગી સામે વધુ રકઝક ન કરી. ઝટ તાંબડી લઈ આવી. વર્ણીપ્રભુએ આંગળી અડાડી દીધી. બાઈ ફાનસને અજવાળે ભેંસ દોહવા બેઠી. હજુ આંચળને અડે છે તે પહેલાં તો ભેંસ પારસો મૂકીને દૂધ ટપકાવવા લાગી ! બાઈએ હરખ ભરીને દૂધ દોહી લીધું. તે રોજ પોણી તાંબડી ભરાતી, આજે સાંજે જ હજુ દોહી હતી છતાં અત્યારે આખી તાંબડી છલકાવી ને દૂધ દોહ્યું !

તાજું શેડકઢું દૂધ તાંસળી ભરીને જીવકોરબાઈએ નીલકંઠ વર્ણીને આપ્યું. વર્ણી કહે : ‘‘ગાળ્યા વિના દૂધ કે જળ પીએ એ પશુ કહેવાય.’’

જેઠા બનાણી કહે : ‘‘જોગી ! અમે ગરણું વાપરતાં જ નથી. વળી, ભેંસનું

દૂધ તો તાજું છે.'' ત્યારે વર્ણીરાજે કહ્યું : ''તોય ગાળીને આપશો તો જ જમીશું, નહિ તો આ બેઠા !''

ઘરમાં ગળણું મળે નહિ. શાનાથી ગાળવું ! પટેલ-પટલાણી વિમાસણમાં હતાં. વર્ણી કહે : ''પટેલ ! તમારી નવી નકોર બાંધણી પડી છે તે કાઢીને એક છેડો જળથી ધોઈ તેનાથી ગાળી લો.''

નીલકંઠ બાળાજોગી એક પછી એક ભેદ-ભરમ ભાંગવા લાગ્યા હતા. જેઠા બનાણીએ પણ જાણી લીધું કે આ જોગી કામણ-ટૂમણવાળા છે. વધુ રકઝક કર્યા વિના નવી પાઘડીના કપડાથી દૂધ ગાળીને આપ્યું.

મધરાતે વર્ણીએ ખીચડી ને દૂધ આરોગ્યાં, ને ચળું કરીને ઓશરીના એક ખૂણે સૂઈ ગયા. વહેલી સવારે છાના-માના ઊઠીને નીલકંઠ વર્ણીપ્રભુ બરવાળાના મારગે ચાલી નીકળ્યા.

જીવકોરબાઈને આખી રાત ઊંઘ ન આવી. વર્ણીરાજની મૂર્તિ એના અંતરમાં હરખાતી પરખાતી હતી. જેઠા બનાણીના અંતરમાં પણ એનું અગમ્ય સુખ અનુભવાતું રહ્યું. સૌ સવારે જાગ્યાં, જોયું તો બાળાજોગી ચાલી ગયા હતા. કઈ બાજુ ગયા, કેવી રીતે ગયા - વગેરે અનેક સમસ્યાઓ વાયુવેગે વહેતી થઈ.

નીલકંઠ વર્ણીરાજે બતાવેલા ઐશ્વર્ય-પ્રતાપને સંભારી સંભારી સૌ મુગ્ધભાવે એ મૂર્તિને મનોમન સંભારતા રહ્યાં. કૂવે ને વાડીએ, ગામમાં ને ચોરે-ચૌટે બધે બે દિવસ સુધી તપાસ કરી પણ વર્ણીપ્રભુ તો વલ્લભીપુર પહોંચી ગયા હતા.

નીલકંઠ વર્ણી પોલારપુર પધાર્યા હતા તે વાતને બાવીસ વરસ વીતી ગયા છે. સં. ૧૮૭૭માં ભગવાન શ્રીહરિ લોયા ગામે કારતક વદથી મહા સુદ સુધી સતત અઢી મહિના પોતાના વ્હાલા સંતો-હરિભક્તોને અપાર સુખ આપી રહ્યા છે. આજુબાજુના ગામડાંના બાઈઓ-ભાઈઓ રોજ રોજ ઊમટે છે. કોઈ બળદગાડામાં તો કોઈ પગે ચાલીને સંઘ આવી રહ્યા છે.

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી લોયામાં શાકોત્સવની તૈયારી થવા લાગી. મહારાજે આપેલ આદેશ મુજબ રીંગણા, ઘી, વઘારવાનો સરંજામ, હવેજ-મસાલા વગેરે તૈયાર થઈ ગયું. સુરાખાચરે કોઈ વાતની મણા રાખી નથી. કૂણાં રીંગણાં આજુબાજુની વાડીઓમાંથી મંગાવ્યા હતા. તેની સોડમ ન્યારી હતી. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી રીંગણાં ધોવાઈને તૈયાર થઈ ગયાં. ડીંટાં રખાવીને ચાર-ચાર ફાડિયાં કરાવી દીધાં. શ્રીજીમહારાજે રીંગણાંનો હવેજ ચણાનો લોટ દહીંમાં મસળીને જરૂરી મસાલા નાખીને તૈયાર કરાવ્યો. સંતો-હરિભક્તો હવેજ ભરવા

લાગ્યા. સુરાખાચરે પોતાના દરબારની પાછળના ભાગમાં ચૂલ્યો ગળાવી હતી. તે પર મોટી રંગેડા જેવી ઊંચી-પહોળી કડાઈઓ મંગાવીને ગોઠવી દીધી છે.

ભગવાન શ્રીહરિએ પીતાંબર ધારણ કર્યું છે, ખભે ગમછો નાખ્યો છે, કંઠમાં મોતીની માળા ઝૂલી રહી છે, હાથમાં સુવર્ણકડાં શોભે છે. ચરણોમાં મખમલી મોજડી ધારણ કરી છે.

ચૂલ્યોમાં અગ્નિ પ્રગટ્યો. શ્રીજીમહારાજે મણ મણ ઘી એક એક રંગેડામાં નંખાવ્યું. મરી-મસાલા, મરચું-હળદર જુદાં જુદાં ઠામમાં રાખ્યાં હતાં. વીજળીની ચપળતાથી ભગવાન શ્રીહરિ વઘાર દેવા લાગ્યા. માપસર તાપ હોઈ ઘીની સોડમને છમકારે આકાશ ફોરવા લાગ્યું.

એક પછી એક રંગેડામાં ભગવાન શ્રીહરિ રીંગણાં છમકાવતા જાય છે. લોંઠકા ભક્તો રીંગણાંના સૂંડલા લઈ લઈ રંગેડામાં ઠલવતા જાય છે. શ્રીજીમહારાજ વાઢેલી જુવારનો સૂકો પૂળો બેઉ હાથમાં લઈ હવેજિયાં રીંગણાંને ઘીમાં ડૂબાડતા જાય છે. વધારાનો હવેજ અને હળદર છૂટે હાથે રંગેડામાં નાખતા જાય છે. પોષ મહિનાની ઠંડીમાં પણ ચૂલ્યોના તાપથી ભગવાન શ્રીહરિનું કલેવર પરસેવાથી રેબઝેબ છે. એ હળદરવાળા હાથ શ્રીહરિ પીતાંબરે લૂછતા હોય..., મુખે પરસેવો નાકને ટેરવે આવી ટપકતો હોય... એ દર્શન જ અલૌકિક હતાં ! વીજળીની ત્વરાથી બધા રંગેડામાં રીંગણાંને મહારાજે વઘારી દીધાં. ધીમો તાપ રખાવ્યો. વળી, ફરીવાર કડબનો પૂળા હાથમાં ગ્રહી રીંગણાંને ઘીમાં ડૂબાડતાં, હળવે હાથે હલાવતાં ભગવાન શ્રીહરિ ફરવા લાગ્યા.

ગામોગામથી ભક્તોના સંઘ મીઠી હલકે કીર્તનો ગાતાં આવતાં હતાં. શાક વઘારતી શ્રીજીમહારાજની આ મૂર્તિને સૌએ અંતરમાં મઢી લીધી. એવામાં એક ડોશીમા આંખ આડે હાથનું નેજવું કરી કરીને એ માણીગરને માવને નિહાળતાં ઊભાં હતાં. એમનું હૈયું ભગવાન શ્રીહરિના આ અલૌકિક સ્વરૂપમાં એવું તો ચોંટી ગયું હતું કે સંઘ તો ક્યારનોય મહારાજના દર્શન કરીને સભામા બેસી ગયો પણ ડોશીમાં સંઘથી જુદાં પડી એકલા કેટલીય વાર ત્યાં ને ત્યાં ઊભાં રહ્યાં, જાણે પગ ખોડાઈ ગયા હતા !

ભગવાન શ્રીહરિ છેલ્લે રંગેડે રીંગણાં હલાવવા આવ્યા કે ડોશીમા તરફ નજર કરી, એ નજરના તાંતણે ડોશી ખેંચાયાં. મહારાજ રીંગણાં હલાવતાં જ બોલ્યા : “માજી ! ઓળખો છો !”

“તમને બધા ભગવાન કે’ છે તે હું પગે લાગવા આવી છું પણ આ તમારું

મુખડું મને ક્યાંક જોયાનું સાંભરે છે.''

ભગવાન શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા ને કહ્યું : ''અમે બાળાજોગી વેશે તમારી વાડીએ આવ્યા હતા ને તમે અમને હેતથી ઘી-દૂધ ને ખીચડી જમાડેલાં તે...?''

''હાં હાં... સાંભર્યું.... અરર ! તમે પોતે ભગવાન હતા ! હું તો ઈ પછી રોજ રોજ યાદ કરતી હતી. ને તે દુની ગોતતી હતી, તે આજ મળ્યા ખરા ! મારો મનખો સુધરી ગયો ! ને તમે ય મને ઠીક ઓળખી કાઢી ! તમારી તો બહુ વાતો સાંભળી છે... પણ મારે ત્યાં રોકાણા ઈ જ તમે ! લ્યો, કરો વાત... હું તો ઘેલી જ બની ગઈ'તી, અરેરે ! કેવી અભાગણી ! આજ લગી તમને સંભારતી રહી, તે મારે તો આજ સોનાનો સૂરજ ઊગ્યો ! આયખાને આરે મળ્યા ખરા ! હવે મૂકશો નહિ.''

પોલારપુરના જીવકોરબાઈ આજે હરખઘેલાં થઈ એ ભગવાન શ્રીહરિને જોતાં જ રહ્યાં ને કાલું-ઘેલું ગણગણતાં રહ્યાં. પછી મહારાજે ડોશીમાને કહ્યું : ''જેઠા બનાણીને દર્શને મોકલજો.'' એમ કહી વર્ષો પૂર્વેની સ્મૃતિ તાજી કરી.

શ્રીજીમહારાજે અમરલોકને પણ દુર્લભ એ શાકનો પ્રસાદ જ્યારે ડોશીમાને દીધો ત્યારે દેવોને પણ એની ઈર્ષ્યા આવી ગઈ ! ભગવાન શ્રીહરિએ હોંશે હોંશે સંતો-હરિભક્તોને નિજ હાથે શાક પીરસ્યું. સુરાખાચરનાં પત્ની શાંતાબા, સંઘા પટેલના પત્ની હેતબા વગેરે બાઈઓએ બાજરાના રોટલા પણ બનાવેલા, પરંતુ ભગવાન શ્રીહરિએ વઘારેલું આ રીંગણાંનું શાક એવું તો સ્વાદિષ્ટ થયેલું કે સૌ બીજી વાનગી ભૂલી ગયા ને એકલું શાક જ જમ્યા...!!!

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧ : વાત નં. ૭૬ના આધારે...)

## પોલારપરમાં પૈસાપાત્રની પ્રશંસા કરતા સંતને ભગવાન શ્રીહરિ વઢ્યા

એકવખત શ્રીજીમહારાજ ગામ પોલારપર પધાર્યા હતા. અને ત્યાં મહારાજ થાળ જમીને ચાલ્યા. તે વખતે ગામના રહીશ હરિજન સૌ મહારાજને વળાવવા સારુ આવ્યા હતા અને તેમના ભેગો એક પૈસાપાત્ર વાણિયો આવ્યો હતો અને એક સંત પ્રભુદાસ કરીને મહારાજ સાથે હતા. તેણે મહારાજને પડખે ચડીને બે-ચાર વાર કહ્યું જે, ''મહારાજ ! આ શેઠ બહુ પૈસાવાળા છે.'' પણ મહારાજ કાંઈ જવાબ આપે નહીં. પછી બહુ વખત કહ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, ''પૈસાપાત્ર હોય તો બટકાં ભર બટકાં !!'' પછી તે સાધુ બોલતાં બંધ થયા અને સૌ હરિજન પાછા વળ્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૬૪)

# બોરુ ગામના લીલાચરિત્રો-પ્રસંગો

**ભગવાન શ્રીહરિએ સહનશીલ સંતોને ઉપદ્રવ કરતા ગગનગર બાવાને વીહાભાઈ દ્વારા નિવાર્યો**

મોટી બોરુ ગામની આથમણી બાજુ ઝાડવાંની ઘટા છે. ત્યાં પાણીનો ઝરો વહેતો. વાર-તહેવારે લોકો સુરધનનો પાળિયો પૂજતા. આ ખુલ્લી જગ્યામાં એ પાળિયા પર લોકોએ નાની દેરી બનાવી. જગ્યા વાળી, ઝાડ રોપ્યાં. ઓટા-બેઠક કરી. આવી આંખને ઠારે એવી જગ્યા જોઈ એક ભટકતો બાવો ત્યાં રહી ગયો. ગગનગર એનું નામ. ગાંજા ને હુક્કાનો અઠંગ વ્યસની. માથે ભૂખરી જટા. જટા એવી ગૂંચાઈ ગયેલી કે સુગરીઓ ભેગી થઈને જાણે વણી ગઈ ન હોય ! બાવાની લાલઘૂમ આંખોમાંથી અંગારા ઝરતા. એને સુરધન સાથે કોઈ લેવાદેવા નહોતી.

ગામના ઠાકોર બાપાભાઈ વાઘેલાને એમ કે સાધુ-સંન્યાસી અખંડ રહે એ આપણા ગામની શોભા છે. તેઓ આ અતીત બાવાને ગાંજો-ભાંગ, સીધુ-સામગ્રી પૂરી પાડતા. રોજ રાતે ગામલોકો સુરધનની જગ્યામાં બેસવા જતા. બાવો અલક-મલકની વાતો કરતો. ડીંગ હાંકતો.

એ સમય એવો હતો કે લોકમાં સંત-અસંતની પરખ નહોતી. અરે ! એ જાણવા-સમજવાની પળોજણ જ કોઈ કરતું નહિ ! અંગ પર ભગવું ચઢ્યું એટલે એમાં ભગવાન બેસી ગયા, એવી માન્યતા. એ જે કંઈ કથે-કરે બધું સવા સોળ આની દિવ્ય મનાતું. ગગનગિરિ બાવાના સંગમાં ગામના જુવાનિયા આવતા તેને ગાંજાનો ચસકો લાગ્યો. ગાંજાની કળીઓ ચોળી હોકામાં ભરી, એ બાવાની જેમ પીવા લાગ્યા.

આ પ્રદેશમાં નિષ્કુળાનંદ સ્વામી પોતાના સંતમંડળ સાથે વિચરણ કરતા. એકવખત સ્વામી મોટી બોરુ ગામ પધાર્યા. ગામમાં ગગનગર બાવાની મઢૂલી એ એક જ ધાર્મિક જગ્યા હતી. બાવો ભગવાન સ્વામિનારાયણનો દ્વેષી હતો, કારણ કે એમના સંતો જ્યાં જ્યાં જતા ત્યાં જીવનશુદ્ધિ, વ્યસનમુક્તિ ને સંત-અસંતના લક્ષણો સમજાવતા. બધી વાતો આ બાવાને લાગુ પડતી. એટલે એણે આજ દિન સુધી કોઈ સ્વામિનારાણીય સાધુને ફરકવા દીધેલ નહિ.

આ ગામમાં પટેલ ફળિયે એક સત્સંગીએ પોતાની દીકરી દીધેલી. એનું પગેરું કાઢતાં નિષ્કુળાનંદ સ્વામી આજ પહેલી વાર ગામમાં પધાર્યા હતા. 'રૂડા

પટેલનું ફળિયું ક્યું ?' એમ પૂછતાં સ્વામી તો પટેલના આંગણે પહોંચી ગયા. પટેલને એક ઓસરીએ સાત ઓરડા હતા. બહોળું કુટુંબ. ચાર સાંતીની ખેતી હતી. આઠ-આઠ બળદને કંઠે ઘૂઘરમાળ ઘમકતી. ગાયો-ભેંસો પણ ઘણી હતી.

પટેલે એક ઓરડો સંતો માટે કાઢી આપ્યો. 'નાના દીકરા લખમણની વહુના પિયરિયાંના સાધુ છે' એમ સંબંધનો તાંતણો બાંધીને સૌએ સંતોની સેવા બરદાશ કરી. એક ટાણું લૂખું-સૂકું જમનારા, ત્યાગ-વૈરાગ્યની ખુમારીવાળા આ સંતો હતા. જેમની વાણી અને વર્તન એક હતાં. કોઈની નિંદા કરતા નહિ, છતાં સંતના લક્ષણોની વાત, ભાગવતની સાખ લઈ, સુપેરે કરતા. જે બીજાનાં વ્યસન છોડાવતા હોય, તે પોતે તો ક્યાંથી વ્યસન કરે ? ભગવાનના ભજન-સ્મરણ, કથા-કીર્તનમાં તલ્લીન રહેતા આ સંતો, પ્રથમ દર્શને જ સૌના મનમાં વસી ગયા.

રાત્રે પટેલ ફળિયે નિષ્કુળાનંદ સ્વામીએ કથાવાર્તા માંડી. મનુષ્યદેહનું દુર્લભપણું કહ્યું. એમાં પણ પ્રગટ ભગવાનની પ્રાપ્તિ અતિ દુર્લભ લેખાવીને એ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશરો કરી લેવા ટકોર કરી. આમ, પટેલ ફળિયે સત્સંગના બીજ રોપાયાં.

નિષ્કુળાનંદ સ્વામીની પવિત્ર વાણી સાંભળીને ઘણા લોકો ખેંચાયા. બાવાને આ વાતની જાણ બીજે દિવસે થઈ. તેણે ગામધણી બાપાભાઈના કાન ભંભેર્યા. કોઈપણ ઉપાયે આ સંતો ગામમાંથી ચાલ્યા જાય એવી ભલામણ કરી. બાપાભાઈને થયું, 'નાહકનું પટેલો સામે આડું પડશે' એમ ધારી તેઓ મૌન રહ્યા.

બાવાનું હૃદય બળતું હતું. હજુ સાધુ ગયા નથી ! સાંજ પડી, સ્નાન માટે સંતો પાણીનો ધરો શોધતાં આ સુરધનની જગ્યાએ આવી ચઢ્યા. વાઘની બોડમાં જાણે હરણાં પેઠાં ! હવે તો પૂછવું જ શું ? થાય એટલો હાથનો પ્રહાર કર્યો ને પછી લાકડી લીધી. ઘણા વખતની દાઝ ભરી હતી. આજ મોકો મળતાં એ ઉતારી. સંતો તો 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' કરવા લાગ્યા. 'આજે જ ચાલ્યા જાવ, ગામ છોડી દો, ફરી આવશો તો જીવતા નહિ મૂકું.' બાવાએ ધમકી આપી.

સંતોના શરીરે સોળો ઊઠી હતી. શરીર દુઃખતાં હતાં. એ સાંજે જ તેઓ ગામમાંથી નીકળી ગયા. સંતોએ કોઈને કશી જાણ ન કરી. પટેલ ખેતીકામમાં રોકાયેલા હતા. દિવસ આથમ્યે ઘરે આવ્યા ત્યારે સંતોને ન જોયા. પટેલને એમ કે એક દિવસનો મુકામ હશે, ફરી આવશે, પણ ફરી સંતો ત્યાં ગયા જ નહિ !

સંતોને ભાલમાંથી દંઢાવ્ય ને ગુજરાત જવાનો રસ્તો જ આ હતો. આથી બાવાને અઠવાડિયે - મહિને કોઈ ને કોઈ ભગવાન સ્વામિનારાયણના સાધુ રસ્તે મળી જતા.

એની મઢૂલીથી રસ્તો નજીક હતો. એ સંતોની પાછળ પડતો. આથમણી કોર જતા હોય તો મારતો મારતો નાની બોરુ સુધી મૂકી આવતો. અને ઉગમણી કોર સંતો જતા હોય તો મારતો મારતો બુટમાતાના સ્થાન સુધી મૂકી આવતો. પછી પાછો વળતો. સંતોને શ્રીજીમહારાજની આજ્ઞા હતી કે, 'गंलिदंना संडना च कृसा कुमंसिर्भ्जिनैः । क्षंन्सव्योंम्व दर्वेषां चिन्सनीया हिसा च सैः ॥' - કોઈ દુષ્ટજન મારે કે ગાળ દે, તે સહન કરવું પણ સામો હરફ ઉચ્ચારવો નહિ, તેનું હિત થાય તેવું ચિંતવન કરવું.

પટેલોની ઘણી મોડી ખબર પડી કે આ બાવો સંતોને મારે છે. ગામમાં કોઈને ખબર પણ ન પડે એ રીતે ગગનગર બાવાએ સંતોને બૂરી વલે કરી છે ને હજુ એનો ઉપદ્રવ ચાલુ છે ! પણ ગામના ઠાકોર એને પોષતા હોય ત્યાં કોને કહેવું ? ગગનગર બાવો આમ, પેધે પડી ગયો. એક ગામથી બીજે ગામ જતા નિર્દોષ સંતોને તે મારની પ્રસાદી આપતો જ. સંતો પણ મૂંગે મોઢે સહન કરતા.

એકવાર બધા મંડળના સંતો સમૈયા પર ભેગા થયા. તે વખતે આ મોટી બોરુ ગામના બાવાના ઉપદ્રવની વાત સહજ નીકળી. આમ તો, આ કરતાં વધુ ખતરનાક જીવલેણ હુમલાઓ આ સંતોએ સહન કર્યા હતા એટલે આવાં છમકલાં એને મન તુચ્છ હતાં. તેમ છતાં સંતોની અંદર-અંદર થતી વાતો ભગવાન શ્રીહરિના કાન પર આવી. શ્રીજીમહારાજે નક્કી કર્યું આ તો બંધ થવું જ જોઈએ.

વડતાલમાં ચૈત્રી પૂનમનો સમૈયો કરીને ભગવાન શ્રીહરિ વેલડામાં બેસીને ગઢડે જવા નીકળ્યા. તે વખતે નાની બોરુથી ઉગમણી કોર માતાની દેરી છે, ત્યાં ત્રીસેક પગલાં દૂર વેલડું ઊભું રખાવ્યું. નાની બોરુના હરિભક્તોને ખબર કર્યા કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં પધાર્યા છે. સૌ દર્શને ઊમટ્યા. દેવચંદ શેઠ, હીરો સોની, ચીકો પંડ્યા વગેરે મુખ્ય હરિભક્તોને ભગવાન શ્રીહરિએ પૂછપરછ કરી. સુરધનની જગ્યામાં કોણ બાવો છે ? ક્યાંનો છે ? એને શું આડું પડ્યું છે ? મોટી બોરુના ગામધણી કોણ છે ? વગેરે પૂછ્યું.

દેવચંદ શેઠ આદિક ત્રણેય હરિભક્તોએ વિસ્તારથી વાત કરતાં કહ્યું : "મહારાજ ! એ બાવાનું દુઃખ અમારે સત્સંગીઓને પણ કાયમનું છે."

મહારાજ કહે : "આ નાની બોરુમાં જેનો ભાર પડતો હોય એવા કોઈ મોટા માણસ હોય તો અહીં બોલાવો."

હરિભક્તો કહે : "પ્રભુ ! છે, પણ અહીંયા લાવવા જેવા નથી. એ હાથમાં હોકો લઈને જ ફરતા હોય છે. ઘોડે ચઢે તોય હોકાની નાળ મોઢે લગાવી હોય. એક હાથમાં લગામ ને બીજા હાથમાં હોકો !"

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''તમે બોલાવો તો ખરા !''

હરિભક્તો વીહાભાઈ મુખીને બોલાવી લાવ્યા.

વીહાભાઈ પંચમાં પૂછાતા, આબરૂદાર વ્યક્તિ હતા, પણ હોકાના બંધાણી હોઈ ભગવાન શ્રીહરિ પાસે આવતા સંકોચાતા હતા. એણે વિચાર્યું કે ''સ્વામિનારાયણ પાસે હોકો લઈને ન જવાય.'' પણ હોકા વિના ડગલું ભરાય પણ કેમ ? એણે હોકો લીધો. અને દેરી પાસે પીંપર હતી ત્યાં ટેકવ્યો, પછી શ્રીજીમહારાજ પાસે આવ્યા.

ભગવાન શ્રીહરિ વેલડામાંથી નીચે ઊતરીને એક વૃક્ષના શીતળ છાંયે વેદિકા પર બિરાજ્યા હતા. એ વખતે કોઈ ભક્ત શેરડીના માદળિયાં લાવ્યા હતા તે માનસરોવરના હંસલા મોતી ચણે એમ ભગવાન શ્રીહરિ એક એક માદળિયું જમવા લાગ્યા. જમણા હાથે મૂઠી ભરી ડાબા હાથની હથેળીમાં રાખે ને એક એક માદળિયું જમણા હાથે જમતા જાય. હરિભક્તો શ્રીહરિની આ લીલામાં મશગૂલ થઈ ગયા હતા. દેવોને દુર્લભ આ પ્રસાદી હરિભક્તોને મળી.

એ જ વખતે વીહોભાઈ મુખી આવ્યા. દેવચંદ શેઠે ઓળખાણ કરાવી. વીહોભાઈ શ્રીજીમહારાજને પગે લાગ્યા. મહારાજે મૂઠી ભરીને માદળિયાં મુખીને આપ્યાં. ભગવાન શ્રીહરિએ મુખી પર આંખો ઠેરાવી. શાસ્ત્રોની વાતો માંડી : ''તમે તો રજપૂત કહેવાવ. ક્ષત્રિયનો ધર્મ તો બધા કરતાં શ્રેષ્ઠ કહ્યો છે. ચારે વર્ણનું રક્ષણ એ કરે. તેમાં પણ તમ જેવા ધર્મવાળા ક્ષત્રિયો ગાય-બ્રાહ્મણ ને સાધુ-સંતોને મારવા ન દે, જરૂર પડ્યે જાન દઈ દે.'' ભગવાન શ્રીહરિએ એવી વાતો કરી કે રજપૂતની છાતી ફૂલવા માંડી.

વીહોભાઈ બોલ્યા : ''મહારાજ ! મારે લાયક કંઈ કામ હોય તો વિના સંકોચે કહેજો.''

ભગવાન શ્રીહરિ કહે : ''અમારા સત્સંગીઓ તમારી નિશ્રામાં સુખી છે પણ અમારા સંતો મોટી બોરુના રસ્તે નીકળી શકતા નથી. ત્યાં સુરધનની જગ્યાએ ગગનગર બાવો બેઠો છે. તે જુએ કે પાછળ કૂતરાની જેમ હડી કાઢે છે. સંતોને મારતો-પીટતો દૂર સુધી જાય છે. અમારા સંતો તો સાધુતાના ધર્મથી બહાર પગ ભરતા નથી. દુર્જનની નિંદા, અપશબ્દ કે માર સહન કરી લે છે પણ આ બાવાનું રોજનું થયું છે. તેની પાછળ બાપાભાઈ ઠાકોરનું પીઠબળ છે. એટલે અમારા ભક્તો પણ કંઈ કહી શકતા નથી. સંતોને માર પડે છે, તેની તમને તો ખબર હશે જ....''

ત્યારે વીહોભાઈ કહે : ''ના, મહારાજ ! આ બાબત આજે જ જાણી. તે

હવેથી જો મારશે તો બાવાને જીવતો નહિ રહેવા દઉં.''

આ સાંભળી શ્રીજીમહારાજ તેના પર બહુ રાજી થયા. આશીર્વાદ આપ્યા ને કહ્યું : ''મુખી ! અમારા સંતો-હરિભક્તોનો આટલો પક્ષ રાખશો તો કુટુંબે સહિત સુખી થશો. અમે તમને અંતકાળે લેવા આવીશું.''

મુખીને અંત શું ને હમણાં શું ? એ તો એક જ ધૂને ચઢી ગયા : 'ગગનગર હવે માથું ઊંચકી ન શકે. મારા ગામને ગોંદરે સ્વામિનારાયણ ભગવાનના આવા પવિત્ર ગાય જેવા સાધુને કોઈ કાંકરીચાળો પણ કેમ કરી શકે !'

ભગવાન શ્રીહરિને તેમણે વચન આપ્યું કે, ''પ્રભુ ! હવે આપ નિશ્ચિંત રહેજો.'' પછી ભગવાન શ્રીહરિ ત્યાંથી નીકળી ગઢડા પધાર્યા.

વીહોભાઈ બીજે જ દિવસે મોટી બોરુ ગયા. ગામધણી બાપાભાઈને મળ્યા, બેઠા. બાપાભાઈ ઠાકોરે કસુંબો લેવા આગ્રહ કર્યો.

ત્યારે વીહાભાઈએ કહ્યું : ''બાપુ ! કસુંબો પછી, મને એ જણાવો કે ઓલ્યો ગગનગિરિ, રસ્તે જતા નિર્દોષ સાધુને મારે છે, એ તમે જાણો છો કે નહિ ? ભગવાન સ્વામિનારાયણના સાધુઓનો કંઈ વાંક ગુનો ?''

આ સાંભળી બાપાભાઈ ખડખડ દાંત કાઢવા માંડ્યા ! એ કહે : ''ભલા આદમી ! ગાયો ગાયો વઢે એ તો ! એમાં આપણે ન પડવું. પડીએ તો છૂંદી નાખે!''

વીહોભાઈ અકળાઈને કહે : ''ગાયો લડતી નથી, તમે આખલાને ફટવ્યો છે, તે ગાયોને શિંગડાં ભરાવે છે. એનો મદ તો હવે તમારે જ ઉતારવો પડશે.''

બાપાભાઈએ તો વીહોભાઈ બોલ્યા તેના પર સાવ ટાઢું પાણી રેડી દીધું : ''એ આપણાથી નો બને.''

વીહોભાઈ ઝટ ઊભા થઈ ગયા. કસુંબો પીધા વગર ઘોડી પલાણી ને વેણ મારતા ગયા કે 'દરબાર ! ભલે એ બાવાને સોડમાં રાખજો, પણ તમારે સોનાની ચૂડલીવાળીયું ખૂણો ગોતશે ને અમારાં માથાં વઢાશે તો અમારી સ્ત્રીયું નાતરે પણ જશે. તમારે એ નહિ બને. અને યાદ રાખજો કે નાનીબોરુમાં અમારા રજપૂતનાં ત્રીસ ઘર છે તે બધાં ખપી જઈશું. પછી ભલે ભગવાન સ્વામિનારાયણના સાધુ પર ઘા થાય...'

એટલું કહીને ઘોડીનું ચોકડું ડોંચતા વીહોભાઈ નાની બોરુ તરફ નીકળ્યા. બાપાભાઈએ આ ખમીરવંતા યુવાનને જુદા રંગમાં જોયો હતો. એને થયું આ બાવાને કારણે નાહકની લડાઈ શીદ વહોરવી ? એમણે ગગનગર બાવાને ઝટ પોતાની પાસે બોલાવી લાવવા ખવાસને મોકલ્યો.

બાવો આવ્યો. બાપાભાઈએ ત્રીજું નેત્ર ખોલ્યું : ''અલ્યા ફાટેલ ! હવે જો

તે સ્વામિનારાયણના સાધુને માર્યા તો આ ગામને પાદર મોટું ધીંગાણું થશે. માથાં વઢાશે. હવે તારો જીવ પણ જોખમમાં છે. પાડોશમાં ક્ષત્રિય સાથે વેર બાંધીને તને હું નહિ રાખી શકું. તું તારા ઉચાળા આજ રાત્રે ભરીને ચાલતો થા, વિલંબ કરીશ મા.''

બાવાને કોઈ શબ્દ બોલવાનો રહ્યો નહિ. પોતે દોષી હતો. એણે જ અપરાધ કર્યા હતા તેનું ફળ તો જમપુરીનું બાકી જ હતું પણ આ લોકમાંય એ ક્યાંય રઝળતો મરશે એના ભણકારા કાનમાં સંભળાવા લાગ્યા હતા. એ જ રાત્રે બાવો ક્યાંય પલાયન થઈ ગયો.

નાની બોરુના આ વીર રજપૂતે ભગવાન શ્રી સ્વામિનારાયણનું વચન અધ્ધર ઝીલી સંતોની રક્ષા કરી. સત્સંગ કાજે ખપી જવાના પ્રણ લીધા !

ભગવાન શ્રીહરિના દર્શને નાની બોરુના હરિભક્તો સાથે તેઓ ગઢડા ગયા. અને માંડીને બધી વાત કરી, ત્યારે શ્રીજીમહારાજ વીહાભાઈને ભેટીને બોલ્યા : ''શૂરવીરતા તે આનું નામ ! અમારા પ્રથમ દર્શને વચન મનાઈ ગયું ને પ્રાણ સાટે પક્ષ રાખ્યો ! ખરા રજપૂત !'' એમ કહી વીહાભાઈની ઘણી પ્રશંસા કરી.

વીહાભાઈએ ભગવાન શ્રીહરિ પાસે વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો. તેમનાં નાના-મોટાં વ્યસનો છૂટી ગયાં. કરુણાભીના શ્રીહરિની અપાર કૃપા તેમના પર વરસી ગઈ. એમના પરિવારમાં શાંતિ અખંડ છવાઈ ગઈ. વીહાભાઈને લીધે તેમના પરિવારના બીજા રજપૂતોને પણ સત્સંગનો રંગ લાગ્યો.

ભગવાન શ્રીહરિએ પોતાનું બિરુદ પાળ્યું. વીહાભાઈના અંતકાળે અક્ષરધામમાં લેવા માટે પધાર્યા. તેનાં દર્શન ગામમાં ઘણાંને થયાં હતાં. મોટી બોરુમાં પણ સંતો આવતા થયા. આમ, એકની શૂરવીરતાએ સત્સંગની ગંગોત્રી વહાવી દીધી ! (શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૨૪ના આધારે...)

## શ્રીજીમહારાજે પોતાની પછેડી ફાડીને સંતને પગે બંધાવી

પછી મહારાજ ત્યાંથી (કમિયાળાથી) ચાલ્યા તે ભોળાદ અને બોરુ વચ્ચે એક ઓઝાકુઈ આવે છે ત્યાં ખીજડો છે. તે ઉપર સંતોએ પોતાની ભીની ચાદરો કરીને નાંખી અને છાંયે મહારાજને પધરાવ્યા. પછી થોડીકવાર થઈ એટલે મહારાજ લઘુશંકા કરવા પધાર્યા. તે મહારાજનાં પગ તાપના દાઝવા મંડ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''આવા પગબળણામાં મારા સાધુ ઉઘાડે પગે ચાલે છે!!'' પછી પોતાની પછેડી હતી તે ફાડી ફાડીને સંતને પગે બાંધવા આપી. પછી

સુરાખાચર તથા સોમલાખાચર વિગેરે પાર્ષદોએ પોતાનાં વસ્ત્ર ફાડીને સંતોને પગે બાંધવા આપ્યાં. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૮)

## બોરુમાં તળાવને કિનારે ભગવાન શ્રીહરિએ મર્મની વાત કરી

એકવખત મહારાજ બોરુને પાદર પધાર્યા અને ત્યાંના તળાવમાં સૌ હરિજન સાથે સ્નાન કરવા પધાર્યા. ત્યારે અમદાવાદવાળા દામોદરભાઈ બોલ્યા જે, ''એ હરિભક્તો ! તમારા ઉતારા સાચવજો, નહીંતર ચોર લઈ જશે!'' પછી મહારાજ નાહીને તળાવને કાંઠે દેરી છે ત્યાં પધાર્યા. અને દામોદરને કહ્યું જે, ''તમે શું કહેતા હતા ?'' દામોદરભાઈ કહે, ''મહારાજ ! 'તમારા ઉતારા સાચવજો !' એમ હરિભક્તને કહેતો હતો.'' મહારાજ કહે, ''આ તો બધાય અક્ષરના મુક્તો છે અને હરિભક્ત તો હવે થાશે.'' એવી રીતે દામોદરભાઈને મહારાજે વાત કરી. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૯)

## બોરુમાં પર્વતભાઈને કહ્યું, પંચ વર્તમાન પાળે તેનું કલ્યાણ

એકવખત મહારાજ બોરુને પાદર તળાવની પાળે દેરી છે, ત્યાં સવારમાં નિત્યવિધિ કરવા બેઠા હતા. તે વખતે મયારામ ભટ્ટ તથા પર્વતભાઈ વિગેરે દોઢસો માણસનો સંઘ ત્યાં આવ્યો. અને મહારાજને પગે લાગીને પર્વતભાઈ બોલ્યા જે, ''મહારાજ ! તમે કહો તે તમને હું આપું.'' તે સાંભળી મહારાજ બોલ્યા જે, ''અનંત કોટી બ્રહ્માંડ છે તે મારે આધારે છે. હવે તે બહાર હોય તો તે મને આપો !''

ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, ''તમે કહો તેમ કરું.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમારાં પાંચ શુકન (વચન-નિયમ) પાળો તો તમારું કલ્યાણ.'' પર્વતભાઈ બોલ્યા જે, ''સૌ પાળતા હોત તો તમે શું પળાવત ?'' મહારાજ કહે : ''હું તમને છૂટી મેલત, જે ન પાળે તેનું કલ્યાણ.'' તે ઉપર મહારાજે વાત કરી જે, ''પરશુરામ થઈ ગયા, તેમણે ક્ષત્રિને મારીને લોહીના કુંડ કર્યા અને કહ્યું જે, 'આમાં જે નાય તેનું કલ્યાણ.' પછી જેણે માન્યું તેનું કલ્યાણ કર્યું.'' તેમ મહારાજ કહે જે, ''જો સૌ પાળતા હોત તો હું તેને છૂટી મેલત જે, ન પાળે તેનું કલ્યાણ. આ તો નથી પાળતા તે મારે પળાવવાં છે.'' (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૮૦)

## બોરુ-ભોળાદ વચ્ચે કેરીનો ટોપલો પડાવનાર બાવાને શિક્ષા

શ્રીજીમહારાજ કારિયાણીએ વિરાજમાન હતા અને ગુજરાતમાંથી બે

સાધુ ચાળીશ કેરીનો ટોપલો ભરીને લાવતા હતા. તેઓ ચાલતાં ચાલતાં બોરુ અને ભોળાદ વચ્ચે એક ઓઝાકુઈ છે. ત્યાં ખીજડા નીચે ટોપલો મૂકીને (બંને સંતો) કૂઈએ પાણી પીવા ગયા. તે વખતે એક બાવો આવી ચડ્યો. તે કેરીનો ટોપલો જોઈને રાજી થયો જે, "આ સારું થયું." પછી સંત પાણી પીને આવ્યા અને બાવાજીને કહ્યું જે, "બાવાજી ! આઘા ખસો, અમારે ટોપલો લેવો છે." ત્યારે બાવાજી કહે, "ક્યા ટોપલા લેનાવાલે હે ? એ ટોપલા તો હમેરા હે !" સાધુ કહે, "બાવાજી ! અમારે સ્વામિનારાયણ ભગવાન સારુ લઈ જવી છે; માટે મેલી દ્યો." બાવો કહે, "સ્વામિનારાયણ ક્યા ખાઈ જાને ?" સંત કહે, "બાવાજી ! તમારે જોતી હોય તો બે કેરીઓ આપીએ, પણ ટોપલો એક કોરે મેલો !" બાવો કહે, "એક (પણ) કેરી તમને નહીં આપું, ચલે જાવ !"

પછી સંતે વિચાર કર્યો જે, "મહારાજની આજ્ઞા નથી, નીકર માર મારત, પણ આને માર્યા કરતાં વિશેષ શિક્ષા થાય તેમ કરીએ." પછી બે સંતે તે બાવાને ઝાલીને તેના માથાનો ફેંટો હતો તે ફાડીને બાવાને ખીજડાના થડ સાથે બાથ ભરાવીને તેના આખા ડીલે વીંટી દીધો. અને કૂઈમાંથી પાણીનાં તુંબડાં કાઢીકાઢીને ખીજડાનાં મૂળિયામાં રેડ્યાં અને બે-ચાર તુંબડાં બાવાના શરીર ઉપર રેડ્યાં. પછી ખીજડાના મૂળમાંથી કરોડો મંકોડા નીકળ્યા. તે બાવાને આખા શરીરે ચોંટ્યા, તેથી બાવો ચીસો પાડવા મંડ્યો. અને સાધુએ કહ્યું જે, "બાવાજી! હવે નિરાંતે કેરીયું જમજ્યો." એમ કહીને પછી સાધુ ટોપલો લઈને ચાલી નીકળ્યા. તે કારિયાણી આવીને મહારાજને કેરીયું જમાડી અને બાવાને કોઈક મનુષ્ય આવ્યું તેણે છોડ્યો હતો. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૪૬૬)

## સોઢી ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### સોઢી ગામની બીબડીએ દાતણ આપ્યું એટલામાં કલ્યાણ

એકવાર શ્રીજીમહારાજ કાઠીના સ્વારોને સાથે લઈને ગઢપુરથી ચાલ્યા તે સારંગપુર થઈને બરવાળે રાત્રી રહ્યા ને ત્યાંથી વહેલા ઊઠીને ચાલ્યા તે સોઢી ગામના પાદરમાં આવ્યા. ત્યારે મહારાજ માણકી ઘોડીથી હેઠા ઊતર્યા ને પાર્ષદોએ ઘોડી માથેથી ગાદલી લઈને પાથરી દીધી તે ઉપર બિરાજમાન થયા. પછી મહારાજ કહે, "અમારે દાતણ કરવા છે." ત્યારે સુરાખાચર બોલ્યા જે,

“હે મહારાજ ! આ ગામની સીમમાં બાવળ ન મળે, માટે ધોલેરે જઈને દાતણ કરજો.” ત્યારે મહારાજ કહે, “અમારે તો આંહી જ દાતણ કરીને પછી ચાલવા છે માટે બે સ્વારને ગામમાં તપાસ કરવા મોકલો તે દાતણ મળે તો લાવે.”

પછી સુરાખાચર તથા સોમલાખાચર તે બંને ગામમાં ગયા. ગામના માણસોને પૂછ્યું, “ગામમાં ક્યાંય દાતણ મળશે ?” ત્યારે ગામના માણસોએ કહ્યું, “સીમમાં કે ગામમાં ક્યાંય બાવળનું દાતણ તો નહિ મળે, પણ આ ગામમાં બે તરકડી બાઈઓ છે. તેણે પોતાને ઘેર ફળિયામાં નાના બાવળ વાવેલા છે, તે નિત્ય તેને પાણી પાય છે ને કહે છે જે આ બાવળનાં દાતણ તો અલ્લા કરશે. માટે તમે ત્યાં જાઓ તે જો આપે તો.” પછી બંને કાઠી બીબડીના ઘેર ગયા ને તે બાઈઓને કહ્યું, “હે બાઈઓ ! અમારા ભગવાનને દાતણ કરવું છે, તે આ ગામને પાદર બેઠા છે તો તેને દાતણ કરવા આ તમારા બાવળ આપશો ?” ત્યારે તે બાઈ કહે, “અમે તો આ બેય દાતણ અલ્લાને આપવા સારુ રાખ્યાં છે.” ત્યારે સુરાખાચરે કહ્યું, “એ અલ્લા છે માટે તે સારુ એક દાતણ લાવો.” ત્યારે બાઈ કહે, “જો અલ્લા હોય ને આ બેય દાતણ કરે તો અમે લઈને આવીએ.”

સુરાખાચરે હા પાડી, તેથી તે બીબડીઓ દાતણ કાપીને તેના કાંટા સોરીને દોઢ દોઢ વેંતનાં લાંબા લાંબા દાતણ લઈને શ્રીજીમહારાજ પાસે આવ્યા. મહારાજને વંદન કરીને દાતણ દીધાં એટલે મહારાજ પોટલીયામાંથી પાણી મંગાવીને તે દાતણ ધોઈને ચાવવા લાગ્યા. પછી દાતણ કરી ધોઈને નાખી દીધાં તે પ્રસાદી સંતોએ લઈ લીધું. પછી ભગવાન શ્રીહરિ મુખારવિંદ ધોઈને માણકીએ અસવાર થઈને ચાલ્યા તે વખતે બેય બાઈઓ બોલી, “હે સ્વામિનારાયણ ! અમારા અચ્છા કરજો.” ત્યારે મહારાજે કહ્યું, “ભલે અમે અચ્છા કરીશું.” આ રીતે બે વખત બાઈઓએ કહ્યું એટલે શ્રીજીમહારાજે બંને વખત તેમજ કહ્યું. પછી શ્રીજીમહારાજ જ્યાં સુધી ચાલતા દેખાયા ત્યાં સુધી તે બાઈઓ મહારાજની સામું એક નજરે જોઈ રહ્યાં.

પછી રસ્તામાં સુરાખાચરે મહારાજને પૂછ્યું, “હે મહારાજ ! તમે તે તરકડીયુંનું કેવું કલ્યાણ કરશો ?” ત્યારે મહારાજ કહે, “તમારી બરોબર તેમનું કલ્યાણ કરીશું.” તે સાંભળીને કાઠીઓ બોલ્યા જે, “ભણે એ તરકડીયું તો ભારે ખાટી ગયું !” એમ વાતો કરતા થકા ગામ ધોલેરે પધાર્યા.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૨૩ના આધારે...)

# નાવડા ગામના લીલાચરિત્રો-પ્રસંગો

## હીરા શેઠ સત્સંગી થયા

ગામ નાવડાના હીરા શેઠ પોતાના મનમાં એવો સંકલ્પ કરીને ગઢડા આવ્યા જે, ''ભગવાન હોય તો સોળે ચિહ્ન દેખાડે, તો ભગવાન ખરા.'' પછી તે ગઢપુર મહારાજનાં દર્શને આવ્યા અને મહારાજને પગે લાગી સભામાં બેઠા. પછી મહારાજ બોલ્યા જે, ''શેઠ ! ચિહ્ન જોઈને સત્સંગ કરવો છે કે એમ ને એમ ?'' શેઠ કહે, ''મહારાજ ! સોળ ચિહ્ન દેખાડો તો સારું.'' પછી મહારાજે ચરણારવિંદ લાંબા કરીને સોળે ચિહ્ન દેખાડ્યાં. પછી હીરા શેઠને વર્તમાન ધરાવ્યાં અને તે સત્સંગી થઈને પોતાને ઘેર ગયા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૨૦૨)

## હીરા શેઠે મંદિર કરાવ્યું અને તેને ધામમાં તેડી ગયા

ગામ નાવડામાં એક બાઈ જ્યારે ત્યાં સાધુ ફરવા આવે ત્યારે તેમનું પાણી ભરી આપતી અને તે ગામમાં હીરા શેઠ મંદિર કરાવતા હતા. પછી તે બાઈને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગઈ. ત્યાં અક્ષરધામમાં હીરા શેઠના મહોલ ચણાતા હતા. તેને જોઈને તે બાઈએ મહારાજને પૂછ્યું જે, ''મહારાજ ! આ કેના મહોલ ચણાય છે ?'' ત્યારે મહારાજ કહે કે, ''હીરા શેઠ ત્યાં અમારું મંદિર ચણાવે છે. તેમના સારુ અહીંયાં સોનાના મહોલ કરાવીએ છીએ.'' પછી બાઈએ મહારાજને પૂછ્યું કે, ''ક્યારે પૂરા થશે ?'' મહારાજ કહે, ''આજથી છ મહિને પૂરા થશે.''

પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવી અને હીરા શેઠને તે વાત કરી જે, ''તમે તો અહીંયાં પથ્થરનું મંદિર કરાવો છો અને તમારા સારુ ત્યાં સોનાનું મંદિર મહારાજ કરાવે છે. અને તેમાં હીરા, માણેક અને મોતીનાં તોરણ બંધાવ્યા છે.'' શેઠ કહે, ''મહારાજે કાંઈ કહ્યું છે ?'' બાઈ કહે, ''હા, છ મહિને એ મહોલ પૂરા થશે.'' તે સાંભળીને શેઠે તે વાર, તિથિ ચોપડીમાં લખી રાખી અને પોતે ચોમાસાના વખતમાં ધંધુકે કામ પ્રસંગે ગયા હતા. ત્યાં પોતાને તાવ આવ્યો.

પછી તેમણે પોતાના દીકરા ઝીણાભાઈને પૂછ્યું જે, ''ઝીણા ! ઓલી ડોશીએ કહ્યું છે તેમાં કેટલા દિવસ બાકી છે ?'' ઝીણા શેઠે ચોપડો જોઈને કહ્યું જે, ''બાપા ! ત્રણ દિવસ બાકી છે.'' પછી પોતે ચોમાસાની ઋતુ હતી તેથી ગાડાં ચાલે નહીં, તેથી પાડા ભાડે કરીને પોતાને ઘેર આવ્યા. અને છ મહિના પૂરા થયા

તે દિવસે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા અને ધામમાં લઈ ગયા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૨૩૫)

## નાવડા ગામમાં નથુ ઠક્કરને તેના દીકરાએ જ્ઞાન દીધું

ગામ નાવડામાં ઠક્કર નથુ નામે હરિજન હતા પણ તેને દીકરો નહિ તેની તેને બહુ ઈચ્છા રહ્યા કરતી હતી. તેથી તે એકવાર ગઢડે શ્રી ગોપીનાથજીને દર્શને ગયા ને ત્યાં દીકરો માંગ્યો ત્યારે મહારાજે એક વાસનાવાળા જીવને ત્યાં મોકલી દીધો. તેથી તેને દીકરો થયો ને તે પાંચ વરસનો થયો તેવામાં તાવ આવવાથી મરી ગયો ત્યારે તેને બાળીને સહુ ઘેર આવ્યા. પછી નથુ ઠક્કરને તે છોકરામાં બહુ હેત હોવાથી તે કલ્પાંત કરવા માંડ્યો ને પોતાનું માથું ઘંટીના પડમાં પછાડ્યું. તેથી ફૂટ્યું ને લોહી નિસર્યુ ત્યારે તેની બેનને ખબર પડવાથી તેણે આવીને થાંભલા સાથે બાંધી લીધો ને કહ્યું, ‘‘આપણે સત્સંગીએ આમ ન કરવું જોઈએ. સાધુ જાણે તો ઠપકો દે.’’ એમ કેટલોક સમજાવ્યો ને પોતે પાસે બેસીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા માંડી. એમ કરતા અરધી રાત્રી ગઈ ત્યાં મહારાજ પધાર્યા તે અંધારું હતું પણ એકદમ ઘણો પ્રકાશ થઈ ગયો. પછી મહારાજે નથુ ઠક્કરને કહ્યું, ‘‘તું શા વાસ્તે મરે છે ?’’ ત્યારે તે કહે, ‘‘મહારાજ! મારે એકનો એકજ દીકરો હતો તે મરી ગયો ને તેમાં મારે હેત બહુ હતું. તેથી મારાથી રહેવાતું નથી.’’ ત્યારે મહારાજે તેનો દીકરો કાળીયો તેને બોલાવ્યો. તેથી તે હતો તેવોજ મૂર્તિમાન આવ્યો ને નથુ ઠક્કરને કહેવા લાગ્યો જે, ‘‘તમે શા સારુ મારા માટે કલ્પાંત કરો છો ? આજથી પાંચ વરસ પહેલા હું ક્યાં તમારો દીકરો હતો કે તમે ક્યાં મારા બાપ હતા ? ને હું જનમ્યો ત્યાંથી એક વખત પણ મેં તમારી સાથે ખાધું નથી કેવલ દૂધ સાકર કે પેંડા ભર રહ્યો છું ને હું તો પૂર્વે બ્રહ્મચારી હતો પણ મને કાંઈક માબાપમાં વાસના હતી તેથી મારે મરવાનો સમય થયો ત્યારે મારાં માબાપ મને સાંભરી આવ્યાં ને તે વખતે તમે ગઢપુરમાં ગોપીનાથજી પાસે દીકરો માંગ્યો. તેથી મહારાજ મને ધામમાં ન તેડી ગયા ને તમારા ઘેર જન્મ આપ્યો પણ હવે મને વાસના ટળી ગઈ એટલે મહારાજ રાજી થઈને મને અક્ષરધામમાં તેડી ગયા છે ને તમે જો આત્મઘાત કરશો તો મહારાજ તમને ક્યાંય નાખી દેશે તે કોઈ રીતે પાછો છૂટકો નહિ થાય.’’

એ પ્રમાણે કેટલુંક કહ્યું તે સાંભળીને નથુ ઠક્કરને ભાન આવ્યું. તેથી તેણે પોતાના દીકરા કાલીયાને કહ્યું જે, ‘‘હવે તમે સુખેથી ધામમાં જાઓ ને હવે હું

નહિ મરું ને મને હવે જેમ છે તેમ બરાબર સમજાણું છે.'' તે પછી મહારાજ તથા તે છોકરો અંતર્ધાન થઈ ગયા. પછી નથુ ઠક્કર તથા તેમની બેન તે તીર્થ કરવા નીકળ્યાં હતાં ને ગાડી જોડીને બધે મંદિરે જાત્રા કરી ને બધે મંદિરે એક એક રસોઈ દીધી તથા ઠાકોરજી વાસ્તે ઘરેણાં અને લુગડાં કરાવ્યાં ને પછી ઘેર આવ્યાં. પછી નથુ ઠક્કર જીવ્યા ત્યાં સુધી પોતે સંત સમાગમ કરવામાં જ બધો વખત ગાળ્યો હતો. (શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૧૦)

# બરવાળા ગામના લીલાચરિત્રો-પ્રસંગો

## બરવાળામાં મંદિર લીંપનાર મજૂરણબાઈનું કલ્યાણ

ગામ બરવાળામાં એક બાઈએ ત્રણ ત્રણ આના દાડી લઈને મંદિરમાં ગાર કરી હતી. પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે બાઈ કહે. ''સ્વામિનારાયણ ! તમે કેવા ?'' ત્યારે મહારાજ કહે, ''તેં મારું મંદિર લીંપ્યું છે તેથી.'' ત્યારે બાઈ કહે, ''મેં તો ત્રણ ત્રણ આના દાડી લઈને ગાર કરી છે.'' ત્યારે મહારાજ કહે, ''છ છ આના કેમ લીધા નહીં ? પણ અમારા મંદિરમાં ગાર કરી છે, માટે ચાલો.'' એમ કહીને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૨૩૨)

## બરવાળામાં શ્રીજીમહારાજે ઉતારો બદલ્યો

શ્રીજીમહારાજ ગામ બરવાળે પધાર્યા હતા અને ત્યાં ધર્મશાળામાં ઉતારો કર્યો. તે વખતે તે ધર્મશાળાનો રખવાળ આવ્યો અને બોલ્યો જે, ''અહીંયાં કેના કહેવાથી ઊતર્યા છો ?'' પછી મહારાજે સુરાખાચરને કહ્યું જે, ''સુરાખાચર ! આપણે શિક્ષાપત્રી કરી અને આપણે લોપી. કેમ કે, તેના ધણીને પૂછ્યા વિના ઉતારો કર્યો; માટે સૌ તૈયાર થઈ જાઓ.'' પછી ત્યાંથી બીજી જગ્યામાં ઊતર્યા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૬૩)

## બરવાળાના શેઠ સુંદરજી તથા કાનજી બંને ભાઈઓ સત્સંગી થયા

ગામ બરવાળાના શેઠ સુંદરજી તથા કાનજી દરબારનું ગામ દેદરડા તેનું કારભારું કરતા. તે બંને ભાઈ એકવખત ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજ અને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના દર્શન કરવા ગયા. દર્શન કરીને સભામાં

બેઠા ને સંતોની કથાવાર્તા સાંભળીને સત્સંગી થયા. રઘુવીરજી મહારાજ પાસેથી વર્તમાન ધારણ કરીને કંઠી બાંધી ગુરુમંત્ર લીધો. પછી આચાર્ય મહારાજે કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામીને કહ્યું, "સ્વામી ! આ નવા સત્સંગી છે તો તેને સમાસ થાય તેવી વાતો કરજો." ત્યારે સ્વામીએ વાત કરી કે, "ત્રણ પ્રકારનો કુસંગ છે તેને ઓળખી રાખજો. જો તે કુસંગને નહિ ઓળખો તો સત્સંગ રહેશે નહિ." પછી વળતે દિવસે બ્રહ્મચારીને ત્યાં જમીને ઘેર ગયા.

પછેગામના બ્રાહ્મણોને ખબર પડી કે, 'શેઠ તો સ્વામિનારાયણના સત્સંગી થયા માટે ચાલો આપણે તેનો સત્સંગ મેલાવી દઈએ.' એમ વિચારીને તે બ્રાહ્મણો બરવાળા આવ્યા. શેઠે તેને ઉતારો કરાવી પાકું સીધું અપાવ્યું. તેની લાડુની રસોઈ કરી. પછી જમતી વખતે બંને શેઠને બોલાવીને કહ્યું, "તમે સ્વામિનારાયણની કંઠી બાંધી છે તે તોડી નાખો તો અમે જમીએ, નહિતર નહિ જમીએ." ત્યારે બંને ભાઈએ વિચાર કર્યો જે, "આપણને કોઠારી સ્વામી ભક્તિવલ્લભદાસજીએ ત્રણ પ્રકારના કુસંગની વાત કરી હતી જે, એક તો માંખી જેવા, બીજા કાગડા જેવા અને ત્રીજા કીડીયું જેવા. તેમાં આ બ્રાહ્મણ તો માંખી જેવા છે. તે આપણને અમૃત જેવો સત્સંગ મળ્યો તે પાછો કઢાવે છે પણ આપણે તે મૂકવો નથી." એમ ધારીને બંને ભાઈઓ બોલ્યા, "તમારે જમવું હોય તો જમો નહિતર તમારી મરજી પણ સત્સંગ તો અમારા માથા સાટે છે. માટે તમારી મોહબત હવે અમારે રહેવાની નથી. કારણ કે, આટલા દિવસ અમને સાચા ગુરુ નહોતા મળ્યા ત્યાં સુધી તમારી મોહબત રાખી પણ હવે નહિ રહે." તે સાંભળીને બ્રાહ્મણો જમીને ચાલ્યા ગયા. એમ જે શૂરવીર હોય તેને કોઈ ડગાવી શકે નહિ.

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૫૨૮ના આધારે...)

## વારણા ગામના લીલાચરિત્રો-પ્રસંગો

**વારણાનાં પૂતળીબાઈની ખીચડી જમ્યા અને સમાધિ કરાવી :**

ગઢડાના દાદાખાચરના દરબારમાં અન્નકૂટોત્સવની તૈયારીઓ થઈ રહી હતી. લાડુબા-જીવુબા, પાંચુબા, રાજબા વગેરે સાંખ્યયોગી બાઈઓ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા વહેલી સવારથી મોડી રાત સુધી અન્નકૂટની સેવામાં લાગી ગયાં હતાં. સેવ વણાઈ ચૂકી હતી. પાપડ-પાપડી તૈયાર કરીને સૂકવવા મૂક્યાં હતાં. વડીઓ મૂકવાનું કામ ચાલુ હતું. જીવુબા પ્રત્યેક વડી મૂકતી વખતે

શ્રીજીમહારાજનાં અંગ-અંગનું ચિંતવન સૌને કરાવતાં હતાં.

આ અન્નકૂટની સેવામાં વારણા ગામની કેટલીક બાઈઓ પણ સેવામાં આવી હતી. તેમાં પ્રશ્નોરા નાગર જ્ઞાતિનાં એક પૂતળીબાઈ પણ હતાં. તેમણે પોતાની આંખે ઉત્સવનું આવું વાતાવરણ પહેલીવાર નિહાળ્યું. ગઢડા જેટલા દિવસ તેઓ રોકાયાં તેટલો તેમને જીવુબાનો વધુ સમાગમ થયો. જીવુબાએ તેમને ભગવાન શ્રીહરિના અપરંપાર મહિમાની અદ્ભુત વાતો કરીને સત્સંગનો રંગ લગાડી દીધો. ત્યારપછી આ પૂતળીબાઈ વારંવાર ભગવાન શ્રીહરિનાં દર્શને અને સમાગમ માટે ગઢડા જતાં, ત્યાં રોકાતાં.

એકવાર તેમણે અવસર મળતાં શ્રીજીમહારાજનાં નજીકથી દર્શન કર્યાં. ભગવાન શ્રીહરિની દૃષ્ટિ તેમના પર પડી. પૂતળીબાઈએ પોતાને કેવી રીતે સત્સંગ થયો તે વાત કરી. પછી ભગવાન શ્રીહરિને વિનંતી કરતાં કહ્યું : ‘‘મહારાજ ! હવે વારણા પધારો ત્યારે મારે ઘેર તમને જમાડવા છે. સૌને સત્સંગનો રંગ લગાડવો છે. આપ દયા કરો. આવવાનું ગોઠવો.’’ ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ‘‘આ વખતે વડતાલ જતાં તમારે ત્યાં આવી જઈશું.’’

આ સાંભળી પૂતળીબાઈ તો રાજીનાં રેડ થઈ ગયાં. તેમણે ગામની અન્ય મહિલાઓને આ વાતથી વાકેફ કર્યાં.

નિયત સમયે ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તોની સાથે પધાર્યા. વારણા ગામની ભાગોળે બહેનોએ પાણીનાં ચળકતાં બેડાં માથે લઈ મહારાજનું સામૈયું કર્યું. સર્વે સંઘનું સાંજનું ભોજન વારણાં રાખ્યું હતું. તેમાં ભગવાન શ્રીહરિનો થાળ પૂતળીબાઈએ માંગી લીધો હતો.

શ્રીજીમહારાજ સાંજે પૂતળીબાઈને ત્યાં પધાર્યા. તેમના અંતરમાં તો ઉમંગ માતો નહોતો. હરખઘેલાં થઈને તેમણે ભગવાન શ્રીહરિને પાટલે બેસાર્યા. સામે બીજો પાટલો મૂકી થાળ ભરી લાવ્યાં. ભગવાન શ્રીહરિ બીજું બધું ભોજન એક બાજુ કરીને એકલી લૂખી ખીચડી જમવા લાગ્યા. તેમાં પણ ખીચડીની ચારે કોરને, રોટલીની કોરની જેમ કાઢીને વચ્ચે-વચ્ચેથી ગ્રાસ ભરતાં જાય ને જમતાં જાય.

પૂતળીબાઈએ આગ્રહ કરી દૂધ પીરસ્યું. પછી ખીચડી ને દૂધ જમવા લાગ્યા. તે કોરને દૂધ અડે નહિ ને જમતા જાય ! થોડીક ખીચડી જમણી કોરે કાઢે ને થોડીક ખીચડી ડાબી કોરે કાઢી નાંખે.

ભગવાન શ્રીહરિનું આવું મનુષ્ય ચરિત્ર જોઈ પૂતળીબાઈ કહે : ‘‘મહારાજ! તમને ખીચડી જમતાં આવડતી નથી, તો કલ્યાણ શી રીતે કરશો ?’’

આ સાંભળી ભગવાન શ્રીહરિએ પૂતળીબાઈ સામે મરમાળી દૃષ્ટિ કરી ને હસતાં હસતાં કહ્યું : "પૂતળીબાઈ ! કલ્યાણ તો હું આમ કરું." એમ કહીને ભગવાન શ્રીહરિએ હાથની ચપટી વજાડી.

ચપટીનો અવાજ સાંભળતાંવેંત પૂતળીબાઈને સમાધિ થઈ ગઈ. ભગવાન શ્રીહરિએ દિવ્ય, માયા-પાર અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. અનંત સૂર્યનું તેજ ઝાંખું કરે તેવું શીતળ તેજ સર્વત્ર છાઈ રહ્યું હતું. ભગવાન શ્રીહરિ દિવ્ય સિંહાસન પર વિરાજમાન હતા. સેવામાં અનંતકોટિ મુક્તો પણ પોતાની ભાવના પ્રમાણે ભગવાન શ્રીહરિની સેવામાં વિવિધ ઉપહારો લઈને તત્પર ઊભા હતા. સર્વેના અંગમાંથી કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ નીકળતો હતો. એ બધા મુક્તોના પ્રકાશ ભગવાન શ્રીહરિમાં લીન થતો હતો. આવા અપાર ઐશ્વર્યવાન શ્રીજીમહારાજને નીરખતાં પૂતળીબાઈ ગદ્ગદ થઈ ગયાં.

પૂતળીબાઈ ભગવાન શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન ઊભાં હતાં. તે વખતે દૃષ્ટિ બાંધીને ભગવાન શ્રીહરિ કહે : "પૂતળીબાઈ ! હું કલ્યાણ કરું એવો ખરો કે નહિ ?"

પૂતળીબાઈ કહે : "મહારાજ ! મારું તો શું પણ અનેક જીવનાં કલ્યાણ કરો એવા તમે છો !" એમ કહી પોતાને જે ક્ષુલ્લક સંશય થયો હતો તે માટે ક્ષમા માગી. શ્રીજીમહારાજ ફક્ત મંદમંદ હસ્યા !

પૂતળીબાઈ સમાધિમાંથી બહાર આવ્યાં તે વખતે ભગવાન શ્રીહરિ નાના-નાના ગ્રાસ લઈ ખીચડી જમી રહ્યા હતા, પરંતુ બાઈની દૃષ્ટિ હવે પલટાઈ ગઈ હતી. આ મનુષ્ય જેવા જણાય છે પણ મનુષ્ય નથી, સાક્ષાત્ સર્વોપરી ભગવાન છે – એવો દૃઢ નિશ્ચય કરી બાઈ ભગવાન શ્રીહરિના ચરણોમાં પડી ગયાં.

શ્રીહરિ કહે : "પૂતળીબાઈ ! અમારું સ્વરૂપ ત્રિકાળમાં નિર્દોષ છે. માયા-પાર છે. અમારામાં જેટલો દિવ્યભાવ – નિર્દોષબુદ્ધિની દૃઢતા થશે તેટલો તમારો દેહભાવ જશે. તમે નિર્દોષ થશો. જેવા અમે નિર્દોષ છીએ તેવા જ અમારા શરણમાં આવેલાં બાઈ-ભાઈ સર્વે નિર્દોષ ને દિવ્ય છે. પ્રાકૃતભાવ દેખાય છે તે પોતાની માયિક દૃષ્ટિનું પ્રતિબિંબ છે... આ દૃઢતા જેમ જેમ થતી જશે તેમ તેમ અક્ષરધામ ઢૂંકડું થતું જશે."

ભગવાન શ્રીહરિની વાણીમાં આજ સત્સંગનો સાર-મર્મ વહી રહ્યો હતો. પૂતળીબાઈના મિષે શ્રીજીમહારાજે સમગ્ર સમાજને છતી દેહે અક્ષરધામનું સુખ લેવાની અદ્ભુત ચાવી બતાવી દીધી.

વારણાથી ભગવાન શ્રીહરિ સંઘ સાથે વડતાલ પધાર્યા. પૂતળીબાઈએ શ્રીહરિના શબ્દોને હૃદયસ્થ કરી લીધા હતા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૮૧ના આધારે...)

## વારણાના બ્રાહ્મણ ભક્તને ઘેર ધુંધળી મલ જન્મેલો, તે સ્વામીના વચને ગયો

એક સમે સ્વામી (ગોપાળાનંદ સ્વામી) ગામ વારણે પધાર્યા હતા. ને ત્યાંના હરિજનો સૌ સ્વામીના દર્શને આવ્યા. તે ભેળા એક પ્રશ્નોરા બ્રાહ્મણ મોઢે મોહરિયું બાંધીને દર્શને આવ્યા હતા. તેને સ્વામીએ પૂછ્યું જે, ‘‘મોહરિયું કેમ વાળ્યું છે ? ડાઢબાઢ દુઃખે છે કે શું ?’’ ત્યારે બ્રાહ્મણ કહે, ‘‘ના સ્વામી ! એક છોકરું છે તેને હું બક્કી લેવા ગયો, એટલે તેણે ઘોડિયામાં સૂતાં સૂતાં ઠોંટ મારી; તેથી મોઢું સૂજી ગયું છે.’’ પછી સ્વામી તેને ઘરે પધાર્યા. ત્યાં ઢોલિયા ઉપર સ્વામીને પધરાવ્યા. પછી છોકરાને જોઈને સ્વામી બોલ્યા જે, ‘‘આ તો ઓલ્યો ધુંધળી મલ્લ છે. પાપી, ડટણ સો પટણ કર્યું, તે તું અહીંયાં હરિભક્તને ઘેર ક્યાંથી આવ્યો ? ચાલ્યો જા અહીંથી!’’ એમ સ્વામીએ કહ્યું. પછી સ્વામી પાદર ગયા ત્યાં પછવાડેથી એ છોકરો દેહ મેલી ગયો.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૫૨)

## બ્રહ્મચારી વારણા ગામમાં બાવા ખાચર માટે દૂધ લાવ્યા

એકવખત મૂળજી બ્રહ્મચારી વડતાલ જતા હતા. સાથે દાદાખાચર તથા તેમનાં મનુષ્ય સૌ હતાં. અને દાદાખાચરના દીકરા બાવા ખાચર નાના હતા, તે ભૂખ્યા હતા ને દૂધ સારુ રોતા હતા. પછી બ્રહ્મચારી ગામ વારણામાં પ્રશ્નોરા હરિજનને ઘેર ગયા. ત્યારે હરિજન બાઈ બોલી જે, ‘‘અહો ! બ્રહ્મચારી આવ્યા, બ્રહ્મચારી આવ્યા !’’ ત્યારે બ્રહ્મચારી કહે, ‘‘તારો બાપ ભૂખ્યો છે તે રોવે છે, માટે તેના સારુ દૂધ લઈ આવ્યા !’’

પછી બાઈએ ખીચડી તથા દૂધ બંને લાવી આપ્યાં. તે લઈને બ્રહ્મચારી સૌ ઊતર્યા હતા ત્યાં આપી આવ્યા. ને પછી પોતે હરિજનને ઘેર ગયા અને તે બાઈને કહે જે, ‘‘લે, હવે તું મને પૂછ્ય જે, ક્યાંથી આવ્યા છો ? ને ક્યાં જાઓ છો ? એમ પૂછ્ય !’’ પછી તે બાઈએ ખાટલી નાંખી આપી, ને તે ઉપર બ્રહ્મચારીને બેસારી, પછી બધા સમાચાર પૂછીને પછી બ્રહ્મચારીને વાળુ કરાવ્યું.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૮૯૦)

### આનંદાનંદ બ્રહ્મચારીએ વારણાના ભક્તોની મરકીના રોગથી રક્ષા કરી

સ્વામી વડતાલ પધારતા હતા અને ગામ વારણાને પાદર ગયા. તે વખતે તે ગામમાં મરકીનો રોગ આવેલો હતો. અને ગામને પાદર ગાડી છોડાવીને સ્વામી ત્યાં ઊતર્યા હતા. ત્યાં સૌ હરિજન સ્વામીને દર્શને આવ્યા અને પ્રાર્થના કરીને સ્વામીને કહ્યું જે, ''આ ગામમાં મરકીનો રોગ બહુ જ આવ્યો છે અને વૈદ દારૂ પાય છે.'' તે સાંભળીને સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કહ્યું જે, ''તમે સૌ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાનો થાળ કરજો. અને જેને દારૂ પાયો હશે તે મરશે.'' પછી સ્વામીના આશીર્વાદથી જેટલા જેટલાને રોગ થયો હતો તે સૌ સાજા થયા. અને પછી ગઢપુર આવીને સૌએ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાના થાળ કર્યા. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૯૫૧)

## ભોળાદ ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### ગોપાળાનંદ સ્વામીનાં ને ભૂદેવનાં અપમાનથી ભોળાદ ગામના મુખીને આઠ જમ ઊપાડી ગયા

અને ગામ ભોળાદમાં સ્વામી (ગોપાળાનંદ સ્વામી) પધાર્યા હતા. અને ત્યાં ગામના પટેલે (આગેવાન, મુખીએ) એક હરિજન બ્રાહ્મણ કથા કરતા હતા તેને કહ્યું જે, ''જો તારે કથા કરવી હોય તો કંઠી તોડી નાંખ્ય.'' ત્યારે બ્રાહ્મણ કહે, ''કંઠી તો મારા માથા સાટે છે.'' ત્યારે પટેલ કહે, ''તો અમારે તારી પાસે કથા કરાવવી નથી.'' એમ કહીને રજા દીધી. પછી તે વાત કોઈક હરિજને ગોપાળાનંદ સ્વામીને કહી. તે વખતે ગામનો પટેલ પણ સ્વામી પાસે બેઠો હતો. પછી સ્વામીએ કહ્યું જે, ''પટેલ ! તમે વ્યાસજીનું અપમાન કેમ કર્યું ? કથા કરનાર તો વ્યાસજી કહેવાય ! માટે તમે બ્રાહ્મણનું અપમાન નથી કર્યું પણ વ્યાસજીનું અપમાન કર્યું છે. માટે તમને એક જમ તેડવા આવશે.'' ત્યારે પટેલ કહે, ''એક જમને તો હું મારી નાખીશ.''

ત્યારે સ્વામી કહે, ''બે જમ આવશે.'' પટેલ કહે, ''એકને હું મારીશ અને એકને મારો ભાઈ મારશે.'' ત્યારે સ્વામી કહે, ''ચાર આવશે ચાર !'' ત્યારે પટેલ કહે, ''બેને હું મારીશ અને બેને મારો ભાઈ મારશે.'' પછી ગામના લોકે પટેલનું કહ્યું જે, ''મૂરખ થા મા મૂરખ ! આ તો જેટલા કહેશે તેટલા જમ આવીને તારા કાકા

ઊભા રહેશે !'' પછી સ્વામી કહે, ''જા, આઠ જમ તેડવા આવશે !'' પછી થોડાક દિવસ થયા કેડે તેનું ભવિષ્ય આવીને ઊભું રહ્યું. તે વખતે ગામનાં બૈરાં તળાવે પાણી ભરતાં હતાં. તેણે છેટેથી જમને ભાળ્યા, એટલે તેમના માથેથી પાણીનાં બેડાં પડી ગયાં અને સૌ ચીસ પાડવા લાગ્યાં અને સૌને મૂર્છા આવી ગઈ.

પછી તે યમદૂતે રજપૂતને ઘેર જઈને કહ્યું જે, ''અમે આવ્યા છીએ, તારે મારવા હોય તો માર.'' પછી યમના દૂત તેને એક ગાઉ સુધી તેના સ્થૂળ દેહ સોતો ઢસડી ગયા. તે આખા ગામના માણસે ભાળ્યો. અને પછી સીમાડે તેના દેહને પડતું મેલીને પછી જમપુરીમાં લઈ ગયા. એમ મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૭૫૧)

### શ્રીજીમહારાજ આંબલીના પાણીમાં જલેબી પલાળીને જમ્યા

તે ભોળાદ થઈને ભોગાવો ઊતરતાં શ્રીજીમહારાજ જલેબીનું એક ગુલું (ઘૂંચળું) જમ્યા ને પાણી પીધું. ને ત્યાંથી ચાલ્યા ત્યારે ગાડામાં રીંગણાંની ગાંસડી હતી, તેમાંથી એક રીંગણું તાણી કાઢે ને તે ઉપર હાથ ફેરવીને તેને માંહી ઘાલે ને બીજું કાઢે. એમ લીલા કરતે સતે મારગમાં એક તલાવડી આવી, તેને કાંઠે ઊભા રહ્યા. અને વૈકુંઠ બ્રહ્મચારીને મહારાજે કહ્યું જે, ''આ તળાવડીમાં પાણી છે.'' ત્યારે તેમાંથી બ્રહ્મચારી પાણી ભરી લાવ્યા. ત્યારે મહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, ''આ કંડિયામાં શું છે ?'' ત્યારે તેમણે કહ્યું જે, ''એમાં જલેબી છે.'' એમ કહીને તેમાંથી ત્રણ ગુલાં કાઢીને મહારાજને આપ્યાં. ત્યારે પોતે બોલ્યા જે, ''આંબલીનું પાણી હોય તો લાવો.'' ત્યારે લાડુબાઈએ તૈયાર કરીને આપ્યું. ત્યારે જલેબીનાં ત્રણ ગુલાં આંબલીના પાણીમાં પલાળીને પોતે જમ્યા ને ભૂમાનંદ સ્વામીના પત્તરમાં હાથ ધોયા. (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો - ૧૮૮૬ની લીલા)

## પચ્છમ ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### પચ્છમના જાદવજી ત્રવાડીને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા

મહારાજ ગાંફથી પચ્છમ પધાર્યા અને ત્યાં જાદવજી કરીને ત્રવાડી બ્રાહ્મણ હતા. તે માંદા હતા. તેને જોવા માટે મહારાજ તેને ઘેર પધાર્યા. પછી પાણીનો કળશિયો ભરીને લાવ્યા ને મહારાજને કહે, ''મહારાજ ! આમાં ચરણારવિંદ બોળી દ્યો.'' મહારાજ કહે, ''અમે બ્રાહ્મણને ચરણારવિંદ બોળી આપતા નથી.''

પછી હાથનો અંગૂઠો બોળી આપ્યો અને મહારાજ ચાલી નીકળ્યા. તે પચ્છમને સીમાડે જઈને મહારાજે ઘોડીને પાછી વાળી અને પચ્છમ સામું મોઢું કરીને ઊભી રાખી. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "મહારાજ ! કેમ ઊભા રહ્યા ?" મહારાજ કહે, "જાદવજી ત્રવાડીએ અત્યારે દેહ મેલ્યો, તેને અક્ષરધામમાં મેલ્યા." અને જાદવજી ત્રવાડી ત્યાં બોલ્યા જે, "શ્રીજીમહારાજ મને માણકી ઘોડી ઉપર ચડીને તેડવા પધાર્યા છે." એમ કહીને દેહ મેલ્યો.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૭૬)

## પચ્છમ ગામના ભક્તોએ સંઘે સહિત ભગવાન શ્રીહરિની સેવા કરી રાજી કર્યા

ખરડથી શ્રીજીમહારાજ ગાંફ તથા પચ્છમને સમીપે આવ્યા. ત્યારે ગામ પચ્છમના હરિભક્ત સીમાડે સામા આવીને દંડવત કરીને હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે સર્વે અમારા ગામમાં પધારો !"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે ઘણાંક મનુષ છીએ, તે અર્ધા ગાંફ મધ્યે જાય ને અર્ધા તમારા ગામે આવીએ." ત્યારે તે હરિજને ઘણુંક સ્તવન કર્યું, તેના નામ વિપ્ર જાદવજી, પીતાંબર, ઉદ્ધવજી ને હરિભાઈ આદિક દ્વિજ અને પટેલ જેરાજ ને દેવજી આદિક ઘણાક હરિજને શ્રીજીમહારાજને રાજી કરીને પોતાના ગામમાં પધરાવ્યા. ધન્ય તે ગામ ને ધન્ય તે હરિજન, જે પ્રત્યક્ષ પ્રમાણ પુરુષોત્તમ તેની સેવામાં ને સંતહરિજનની સેવામાં હંમેશાં રહ્યા ! કેમ જે, તે ગામ મારગ મધ્યે છે.

પછી ગાજતે-વાજતે શ્રીજીમહારાજ વિપ્ર જાદવજીના ઘર મધ્યે બિરાજમાન થયા. પછી શ્રીજીમહારાજ જમતા હવા. તે રૂડાં ભોજન પ્રથમથી કરી મૂક્યાં હતાં, તે જમીને બહાર ફળિયા મધ્યે પલંગ ઉપર બિરાજે છે ને સર્વે અસ્વાર ઊભા છે. ત્યારે ત્યાંના હરિજને એમ કહ્યું જે, "હે મહારાજ ! બીજું સર્વે તો ઠીક છે, પણ પાણીની કોરનું દુઃખ છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "પાણી ક્યાંથી લાવો છો ?" ત્યારે હરિજને કહ્યું જે, "હે પ્રભો ! ઉગમણી કોરે ભજાસર સરોવર છે. તે મધ્યે વીરડામાં સુંદર જળ છે ને ત્યાં રૂડા પીપરના વૃક્ષની છાયા અતિ શ્રેષ્ઠ છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "તે તો આપણા માર્ગ મધ્યે છે. તમે રસોઈના સર્વે સરંજામ ગાડાં ભરીને ત્યાં લાવો. અમે પણ સર્વે જને સહિત ત્યાં ઊતરશું." તેમ કહીને પોતે સર્વે જને સહિત ત્યાં ઊતર્યા. પછી હરિજન ગાડલાં ભરીને

આટો, દાળ, ઘી, મિસરી, ચોખા ને ઘણાંક વાસણ આદિક હાલ (તરત) લાવ્યા ને તૈયાર કરીને ઘણાક વિપ્ર નાહીને શીઘ્ર મોદક આદિક ભોજન કરવા લાગ્યા.

અને શ્રીજીમહારાજ એક પલંગ બિછાવ્યો હતો, તે ઉપર બિરાજ્યા. તે સ્થળને વિશે ઘણાક ગોવાળિયા ગાયોને પાતા હતા ને મહારાજના ઘોડા પણ ઘણા તરસ્યા હતા, તેથી તે ગોવાળિયા પ્રત્યે મહારાજે કહ્યું જે, ''હે ગોવાળિયા! અમારા ઘોડા તરસ્યા છે, તેને પાશો ભલા ? અમે મેમાન છીએ.'' ત્યારે તેણે એમ કહ્યું જે, ''હે મહારાજ ! તમારી ઘોડી અમે રાજી થઈને પાશું, પણ આ કાઠીડા તો અમારી ગાયો લઈ જાતા, માટે તેના ઘોડા તો ન પાઈએ !''

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''અમારી મોબતથી પાશો ?'' ત્યારે તેણે એમ કહ્યું જે, ''હે મહારાજ ! તમે તો ભગવાન જેવા છો.'' તેમ કહીને સર્વે ઘોડાને પાયા. પછી શ્રીજીમહારાજે ગવૈયા સંતોને કહ્યું જે, ''વાજાં લઈને રૂડાં વિષ્ણુપદ બોલો.'' પછી સંતો બોલ્યા. પછી શ્રીજીમહારાજનો થાળ થયો ત્યારે પોતે જમ્યા. જમીને પછી સર્વે સંતજનને જમાડીને સર્વે સંઘના મનુષને જમાડીને તૃપ્ત કર્યા.

પછી શ્રીજીમહારાજે સર્વે વિપ્રોને આજ્ઞા કરી જે, ''મોદક ઘણાક વધ્યા છે, તે ગામનાં સર્વે જન બાઈઓ-ભાઈઓને જમાડી દ્યો.'' ત્યારે તે ગામના સર્વે દ્વિજને જમાડીને રાજી કર્યા. પછી ગ્રામજનો તે સ્થળને વિશે ખડ-જોગાણ લાવ્યા ને પથારી કરાવી અને સર્વે સરંજામ લાવીને સેવા કરી મહારાજને અતિ રાજી કર્યા. પછી આરતી વેળા થઈ તેથી સંધ્યા આરતી કરી અને સર્વે પહેલાં અતિ રૂડી મૂર્તિ એવા શ્રીજીમહારાજ ઊભા થઈને અતિ રૂડા ગહેરા શબ્દથી પ્રથમથી પોતે 'રામ કૃષ્ણ ગોવિંદ...' આદિક સર્વે ધૂન બોલે ને વાંસેથી સર્વે જન બોલે. એમ ધૂન કરીને સર્વે જન શ્રીજીમહારાજને નમ્યા.

પછી મહારાજ પલંગ ઉપર બિરાજેલા હતા એટલાક મધ્યે ધોલેરાનો સંઘ આવ્યો. તે સર્વને જમાડીને પછી તે ભેગો વિપ્ર નારાયણજી એકાંતિક ભક્ત હતો, તેને શ્રીજીમહારાજે કહ્યું જે, ''નારાયણજી ! તમે કીર્તન બોલો.'' ત્યારે આ પદ બોલ્યો હતો, તેનું નામ,

**'રંગના ભીના રઘુરાયા હારે મારી નજરે નારાયણ આયા...રંગના૦**
**આઠે તે પહોર જ્યાં અનાહદ વાગે, પરી તે બ્રહ્મ પુરુષોત્તમ બિરાજે;**
**હારે મુનિમોતીડે મંડપ છાયા, રંગના ભીના રઘુરાયા.'**

એ કીર્તન પાંચ વાર ગવરાવ્યું. પછી કીર્તન ગાતા રખાવીને શ્રીજીમહારાજે તે દ્વિજનાં વખાણ કર્યાં જે, ''એક દિન સમે અમે આ દ્વિજના ઘરે જઈને તેની

સર્વે પ્રકારે રક્ષા કરી હતી.'' તે વાત કહીને પછી પોતે પોઢી રહ્યા. ઈતિ શ્રીગામ પચ્છમનું આખ્યાન સમાપ્ત થયું.

(પ.ભ. શાસ્ત્રી લક્ષ્મીરામ કૃત લીલાચિંતામણી : પ્ર. ૮૦)

## ઝીંઝર ગામના લીલાચરિત્રો-પ્રસંગો

### ઝીંઝરમાં ખોડાભાઈએ શ્રીજીમહારાજને રીંગણાં જમાડી સુખી થયા

પછી ત્યાંથી મહારાજ ઝીંઝર પધાર્યા અને ખોડાભાઈને ઘેર ઊતર્યા. પછી મહારાજ કહે, ''ખોડાભાઈ ! રીંગણાંના ઓળા હોય તો જમીએ.'' ખોડાભાઈ કહે, ''લ્યો મહારાજ ! રીંગણા લઈ આવું.'' પછી ગામમાં એક કોળીએ રીંગણાંની વાડી કરી હતી. ત્યાં ખોડાભાઈ અરધો રૂપિયો લઈને રીંગણાં લેવા ગયા. અને વાડીવાળાને કહ્યું જે, ''મને બે રીંગણાં આપ અને હું તને તેના બે આના આપું.'' વાડીવાળો કહે, ''આઠ આના આપો તોપણ મારે તમને રીંગણાં નથી દેવાં.'' ખોડાભાઈ કહે, ''આઠ આના લે પણ બે રીંગણાં આપ.'' પછી કહે, ''એક રૂપિયો આપો તોપણ ન આપું.''

પછી વાડીવાળાની ઘરવાળી બોલી જે, ''બાપુને બે રીંગણાં આપો ને !'' એમ કહીને તેણે બે રીંગણાં અપાવ્યાં. તે ખોડાભાઈ લાવ્યા ને મૂળજી બ્રહ્મચારીએ ઓળો કરીને મહારાજને થાળ કરીને જમાડ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''ખોડાભાઈ ! આજથી તમો વહેવારે સુખિયા થશો.'' કેમ કે, પૂર્વે તમે સેવકરામ નામે સાધુ હતા અને મેં તમારી ચાકરી કરી હતી, પણ તમે મને પાશેર અનાજ આપ્યું નહોતું, તે પ્રતાપે કરીને આવી સ્થિતિ છે.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૬૬)

## ભાલપ્રદેશના અન્ય ગામોના લીલાચરિત્રો-પ્રસંગો

### ભાલમાં છોકરે પાણી પાયું ત્યાં સાત પેઢીનું કલ્યાણ કર્યું

મહારાજ વરતાલ પધારતા હતા અને ભાલમાં જતાં તરસ્યા બહુ થયા. પછી મહારાજે સુરાખાચરને કહ્યું જે, ''મને તરસ બહુ લાગી છે.'' તે સાંભળી સુરાખાચર બોલ્યા જે, ''મહારાજ ! લ્યો હું પાણી લાવું.'' પછી એક કણબીનો છોકરો છેટે સાંતી હાંકતો હતો, તેને સુરાખાચરે દીઠો અને ઘોડું દોડાવી ત્યાં ગયા.

ત્યાં સુરાખાચરને દેખીને છોકરો બળદિયાની ઓથ્યે બેસી ગયો. સુરાખાચરે તેને કહ્યું કે, ''છોકરા !'' ત્યારે છોકેરે કહ્યું કે, ''ભાઈ સાહેબ ! મને મારશો નહીં.''

ત્યારે સુરાખાચર બોલ્યા જે, ''મારે તને મારવો નથી, પણ મારે પાણી જોઈએ છે, તે આપીશ ?'' છોકરો કહે કે, ''આજ નવી બતક ભરીને લાવ્યો છું.'' પછી તે છોકરાને સાથે લઈને સુરાખાચર પાણીની બતક લેવરાવીને મહારાજ પાસે આવ્યા.. અને રસ્તામાં છોકરાને કહ્યું કે, ''તારું પાણી પીને મહારાજ બહુ રાજી થાશે. માટે તું કાંઈક માંગજે.'' ત્યારે છોકરો કહે, ''શું આપે ?'' સુરાખાચર કહે, ''જે માંગીશ તે આપશે.'' છોકરો કહે કે, ''મારે એક સો વીઘાં જમીન છે અને બીજી સો વીઘાં જમીન આપે તો સુખેથી ખેડી ખાઉં.'' તેને સુરાખાચરે કહ્યું કે, ''તે તો આંહી ને આંહી પડ્યું રહેશે; માટે તારા જીવનો મોક્ષ માંગજે.'' પછી પાણી પીને મહારાજ બહુ રાજી થયા.

પછી મહારાજ કહે, ''આ કોનું પાણી છે ?'' સુરાખાચર કહે, ''આ છોકરો ઊભો તેનું છે.'' પછી તે છોકરાને મહારાજે પાસે બોલાવીને કહ્યું જે, ''છોકરા! તું વર માંગ !'' ત્યારે છોકરે કહ્યું જે, ''મારા જીવનું કલ્યાણ થાય.'' ત્યારે મહારાજ કહે, ''તારી સાત પેઢીનું કલ્યાણ થાશે જા !'' એમ પાણીમાં રાજી થયા.

(સદ્. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૨૩૪)

## કાદીપુરમાં ગુલતાનની ગાદીના મહંતરૂપે કાઠીભક્તોને જમાડ્યા

એકવાર શ્રીજીમહારાજ કાઠીઓના સ્વાર સહિત ચાલ્યા તે ફરતા ફરતા ગામ કાદીપુર આવ્યા. પછી મહારાજે કહ્યું જે, ''આ ગામમાં એક જ હરિભક્તનું ઘર છે માટે આપણે અહીં ગુલતાનના મહંતની જગ્યા છે ને ત્યાં તેના ચેલા રહે છે. માટે ત્યાં આપણે જઈએ ને અમે તેના મહંતના જેવી બોલી બોલીશું ને તમારે ગુરુજી, ગુરુજી કહેવું ને રાધાકૃષ્ણ એવું ભજન કરવું પણ તે બાવા સાંભળતાં સ્વામિનારાયણ નામ બોલવું નહિ.'' એમ કહીને પછી ભગવાન શ્રીહરિ કાઠીઓના સ્વારે સહિત તે જગ્યામાં પધાર્યા. ત્યાંના બાવાઓએ પૂછ્યું, ''તમે કોણ છો ?'' મહારાજ કહે, ''અમે ગુલતાનની ગાદીના મહંત છીએ.'' એમ કહીને તેના ગુરુ રૂપે તેને દર્શન થવા લાગ્યા. પછી તે બાવાઓએ સારો ઉતારો આપ્યો. શીરો-પૂરી કરીને સહુને જમાડ્યા ને ઘોડાને જોગાણ તથા નીરણ દીધી. રાત્રે ભગવાન શ્રીહરિને ઢોલિયો પાથરી દીધો ને કાઠીઓ સર્વેને ગાદલાં આપ્યાં.

પછી શ્રીજીમહારાજે જગ્યામાં રહેતા બાવાને કહ્યું, ''આપણા કોઠારમાં

કેટલા રૂપિયા ભેગા થયા છે ?'' ત્યારે બાવાએ કહ્યું, ''આશરે ચાર હજાર રૂપિયા છે.'' ત્યારે મહારાજ કહે, ''તે બધા ગુલતાનની જગ્યામાં પહોંચાડી દેજો.'' એમ વાત કરીને શ્રીજીમહારાજ પોઢી ગયા. સવારે ચાલવાની તૈયારી કરી ત્યારે સુરાખાચર ઘોડીએ ચડતાં પેગડામાં પગ દઈને 'સ્વામિનારાયણ' બોલીને સ્વાર થયા ને બીજા સ્વારો પણ એ પ્રમાણે નામ લઈને સ્વાર થયા ત્યારે બાવો બોલ્યો, ''અલ્યા તમે સ્વામિનારાયણીયા છો કે શું ?'' ત્યારે સુરાખાચર કહે, ''અમે બધાય સ્વામિનારાયણીયા છીએ ને જે રાત્રીએ ઢોલિયામાં પોઢ્યા હતા તે પોતે સ્વામિનારાયણ ભગવાન છે.'' ત્યાં તો શ્રીજીમહારાજ પણ માણકી ઉપર સ્વાર થયા. પછી બાવો ધોમ તાપમાં ધખતો હોય તેમ બડબડ બોલવા લાગ્યો. ત્યારે સુરાખાચરે કહ્યું, ''ભણે બાવલીયા ! ગાંગરમાં નીકર જરા શિક્ષા કરવી પડશે.'' આમ કહીને ચાલ્યા, ને ગામના પાદરમાં ગયા. ત્યાં તો ગામમાંથી હરિભક્ત ક્ષત્રિય રુકાભાઈ આવ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. રુકાભાઈએ મહારાજને રોકાવાનો આગ્રહ કરીને કહ્યું, ''હે મહારાજ ! આપ બાવાની જગ્યામાં કેમ ઊતર્યા ? મારું ઘર એ આપનું જ છે.'' ત્યારે મહારાજ કહે, ''અમારી સાથે આ કાઠી ભક્તો ઘણાં હતાં, તેથી ત્યાં ઊતારો કર્યો હતો.'' પછી રુકાભાઈએ કહ્યું, ''હે પ્રભુ ! આજ તો મારે ઘેર પધારી મને કૃતાર્થ કરો.'' ત્યારે મહારાજ કહે, ''હવે અમે રોકાશું નહિ. કારણ કે, આ વખતે જવાની બહુ ઉતાવળ છે. ફરી ક્યારેક આવીશું.'' એમ કહીને શ્રીજીમહારાજ સંઘ સહિત ચાલી નીકળ્યા. (શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ : વાત નં. ૨૨૨ના આધારે...)

# ભાલપ્રદેશના ભક્ત રત્ન નામાવલી

સંસ્કૃત ભાષામાં ભાલ શબ્દનો અર્થ કપાળ થાય છે. આ વિસ્તાર કપાળ જેવો સપાટ અને કાંકરા-પત્થર વગરનો હોવાથી કદાચ એવું નામ પડ્યું હોવાનું મનાય છે. ભાવનગર અને અમદાવાદ જિલ્લાના મળીને કુલ ૯૪ ગામોના સમુહ વડે બનતો, દરિયા કાંઠાનો અને સવાના પ્રકારના ઘાસિયા મેદાનો ધરાવતો વિસ્તાર 'ભાલ વિસ્તાર' તરીકે ઓળખાય છે. પ્રકૃતિપ્રેમીઓ માટે આ વિસ્તાર સ્વર્ગ સમાન છે, કેમકે આ વિસ્તારમાં પશુ-પક્ષીઓની અનેકવિધ જાતિ/પ્રજાતિઓ જોવા મળે છે.

**ધૂળ ગામ ધોલેરા, ને બંદર ગામ બારા;**
**કાંઠા ઘઉંની રોટલી, ને પીવા પાણી ખારા.**

ભાલની ધરતીનું મહત્ત્વનું ગામ ધોલેરાના કોઈ મૂલ નથી. અહીંનું પ્રખ્યાત બંદર પણ ગામથી દૂર છે. અહીં કાંઠાળ ઘઉંની રોટલી ખાવા મળે છે અને પીવા માટે ખારું પાણી મળે છે આવો છે ભાલ પ્રદેશ.

**નહિ છાશ છમકોને છાંયડો, એવા કેતાક અવગુણ કહું;**
**ભૂંડામાં ભલું એ કે, ભાલમાં નીપજે ઘઉં.**

આ વિસ્તાર એવો છે જ્યાં છાશ, શાકભાજી નથી મળતા કે નથી ક્યાય ઘેઘૂર વૃક્ષની વનરાઈ - આવા ઘણા અવગુણ છે પણ ત્યાંના ઘઉં ખૂબજ સારા પાકે છે આ છે ભાલની નિશાની. આ વિસ્તારના ભાલીયા ઘઉં અત્યંત પ્રખ્યાત છે.

એ જ રીતે ભાલપ્રદેશના ઉચ્ચકોટિના ભગવાન શ્રી સ્વામિનારાયણ સમકાલીન મહામુક્તરાજ હરિભક્તોનો ઉલ્લેખ વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણી' ગ્રંથના ૧૧૮મા પ્રકરણમાં ૫૧થી વધુ ગામોના ૨૭૫ જેટલા હરિભક્તોના નામનો ઉલ્લેખ કર્યો છે. તેમાંથી કેટલાક હરિભક્તોનો ઈતિહાસ કે ચરિત્ર-પ્રસંગોનું શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો-ભક્તો દ્વારા રચિત ગ્રંથોમાં આલેખન થયું છે. અહીં આપણે તે હરિભક્તોની માત્ર નામાવલીને માણી જીવનને કૃતાર્થ કરીએ.

## ૧ ધોલેરા

૧. પુંજાજી ભક્ત (ક્ષત્રિય)
૨. બાપુજી ભક્ત (ક્ષત્રિય)
૩. વર્સોભાઇ (ક્ષત્રિય)
૪. કાયોજી ભક્ત (ક્ષત્રિય)
૫. અજુબા (ક્ષત્રિય)
૬. ફુલિબાઇ (ક્ષત્રિય)
૭. ત્રિકમ ભક્ત (વણિક)
૮. ડોસો ભક્ત (વણિક)
૯. રતનજી ભક્ત (વણિક)
૧૦. કાનજી ભક્ત (વણિક)
૧૧. કલ્યાણજી ભક્ત (વણિક)
૧૨. ગગજી ભક્ત (વણિક)
૧૩. ખીમો ભક્ત (કણબી)
૧૪. રતના ભક્ત (કણબી)
૧૫. વનમાળી ભક્ત (ઘાચી)
૧૬. મોના ભક્ત (લુવાણા)
૧૭. દામા ભક્ત (લુવાણા)
૧૮. વના ભક્ત (સોની)
૧૯. દાસ ભક્ત (સોની)
૨૦. દયાળ ભક્ત (સોની)
૨૧. કલુબાઇ (કોળી)

## ૨ ગોરાસા

૧. દાદા ભક્ત (ચારણ)
૨. ઠાકરશી ભક્ત (વણિક)

## ૩ ભડીયાદ

૧. રૂગનાથ ભક્ત (બ્રાહ્મણ)
૨. ત્રિકમ ભક્ત (બ્રાહ્મણ)
૩. જગજીવન ભક્ત (બ્રાહ્મણ)
૪. પુરૂષોત્તમ ભક્ત (બ્રાહ્મણ)
૫. મયારામ ભક્ત (બ્રાહ્મણ)

## ૪ કાદિપુર

૧. રૂપાભાઇ (ક્ષત્રિય)

## ૫ ગાંફ

૧. વસતા ભક્ત (બ્રાહ્મણ)
૨. જગા ભક્ત (બ્રાહ્મણ)
૩. ઓધવજી ભક્ત (બ્રાહ્મણ)
૪. હિરજી ભક્ત (બ્રાહ્મણ)
૫. પુંજા ભક્ત (બ્રાહ્મણ)
૬. શામા ભક્ત (બ્રાહ્મણ)
૭. નાથજી ભક્ત (બ્રાહ્મણ)
૮. રળિયાતબાઇ (બ્રાહ્મણ)
૯. ગલાલબાઇ (બ્રાહ્મણ)
૧૦. હઠિભાઇ (ક્ષત્રિય)
૧૧. હરિભાઇ (ક્ષત્રિય)
૧૨. અજુભાઇ (ક્ષત્રિય)
૧૩. હરજી ભક્ત (કણબી)
૧૪. લવજી ભક્ત (કણબી)
૧૫. રણછોડ ભક્ત (કણબી)
૧૬. હેમજી ભક્ત (સોની)
૧૭. માવ ભક્ત (બારોટ)
૧૮. માવા ભક્ત (ધોબી)

## ૬ પીપળી

૧. દાદા ભક્ત (ક્ષત્રિય)
૨. દેશળજી ભક્ત (ક્ષત્રિય)
૩. દેવબાઇ (ક્ષત્રિય)
૪. દાદાભાઇ (દેવજાતિ)

## ૭ કમિયાળા

૧. ખીમરાજ ભક્ત (દેવજાતિ)
૨. આવરદાસ ભક્ત (દેવજાતિ)

૩. સેસા ભક્ત (દેવજાતિ)
૪. વણાર ભક્ત (દેવજાતિ)
૫. પ્રાગજી ભક્ત (દેવજાતિ)
૬. હઠી ભક્ત (દેવજાતિ)
૭. ડોસા ભક્ત (દેવજાતિ)
૮. વાંસા ભક્ત (કોળી)
૯. અજા ભક્ત (કોળી)
૧૦. વાઘા ભક્ત (કોળી)
૧૧. વસતા ભક્ત (કોળી)
૧૨. જીજીબાઈ (દેવજાતિ)

## ૮ પચ્છમ

૧. ઓદ્ધવજી ભક્ત (બ્રાહ્મણ)
૨. હરિભાઈ (બ્રાહ્મણ)
૩. પીતાંબર ભક્ત (બ્રાહ્મણ)
૪. પુરૂષોત્તમ ભક્ત (બ્રાહ્મણ)
૫. નાનજી ભક્ત (બ્રાહ્મણ)
૬. જેઠા ભક્ત (બ્રાહ્મણ)
૭. જાદવજી ભક્ત (બ્રાહ્મણ)
૮. પ્રભુરામ ભક્ત (બ્રાહ્મણ)
૯. મેઘજી ભક્ત (બ્રાહ્મણ)
૧૦. ભાણિબાઈ (બ્રાહ્મણ)
૧૧. જેરાજ ભક્ત (કણબી)
૧૨. દેવજી ભક્ત (કણબી)
૧૩. ભાઈજી ભક્ત (લુહાર)

## ૯ ફેદરા

૧. રૂગનાથજી ભક્ત (ક્ષત્રિય)

## ૧૦ ખસતા

૧. નારાયણજી ભક્ત (બ્રાહ્મણ)
૨. જેઠા ભક્ત (બ્રાહ્મણ)
૩. ગજોજી ભક્ત (ક્ષત્રિય)

## ૧૧ રોજકા

૧. ગજા ભક્ત (ગઢવી)
૨. વિસા ભક્ત (ગઢવી)
૩. રવા ભક્ત (ગઢવી)
૪. દેવુબાઈ (ગઢવી)
૫. કાકાભાઈ (ક્ષત્રિય)
૬. માનોભાઈ (ક્ષત્રિય)
૭. હઠિભાઈ (ક્ષત્રિય)
૮. જાઈભાઈ (ક્ષત્રિય)
૯. દુદોભાઈ (ક્ષત્રિય)
૧૦. મશરુ ભક્ત (ક્ષત્રિય)
૧૧. જગા ભક્ત (બ્રાહ્મણ)
૧૨. શિવરામ ભક્ત (બ્રાહ્મણ)
૧૩. રગનાથ ભક્ત (કણબી)

## ૧૨ ખરડ

૧. સુજોજી ભક્ત (ક્ષત્રિય)
૨. નાથોજી ભક્ત (ક્ષત્રિય)
૩. જેઠા ભક્ત (ચારણ)
૪. બનુબા (ચારણ)
૫. ભીમ ભક્ત (સુથાર)
૬. આસો ભક્ત (સુથાર)

## ૧૩ ચોકડી

૧. હરખા ભક્ત (કોળી)

## ૧૪ ઝીંઝર

૧. ખેતોજી ભક્ત (ક્ષત્રિય)
૨. જામોજી ભક્ત (ક્ષત્રિય)
૩. રાજાભાઈ (ક્ષત્રિય)
૪. ખોડોજી ભક્ત (ક્ષત્રિય)
૫. હોથીભાઈ (ક્ષત્રિય)
૬. નાનજી ભક્ત (ક્ષત્રિય)

૭. જેઠા ભક્ત (વણિક)
૮. ગગા ભક્ત (વણિક)
૯. હરિશંકર ભક્ત (બ્રાહ્મણ)
૧૦. અંબારામ ભક્ત (બ્રાહ્મણ)

## ૧૫ ધંધુકા

૧. વજો ભક્ત (વણિક)
૨. નરસૈદાસ ભક્ત (વણિક)
૩. ધના ભક્ત (સુથાર)

## ૧૬ ખડોલ

૧. મુલુ ભક્ત (ક્ષત્રિય)
૨. ભીમ ભક્ત (ક્ષત્રિય)
૩. જેઠા ભક્ત (કણબી)
૪. પંચાણ ભક્ત (સુથાર)
૫. વીરા ભક્ત (બ્રાહ્મણ)
૬. દલા ભક્ત (બ્રાહ્મણ)
૭. દાજી ભક્ત (બ્રાહ્મણ)
૮. આણંદ ભક્ત (બ્રાહ્મણ)
૯. કુબેર ભક્ત (સોની)
૧૦. બેચર ભક્ત (સોની)

## ૧૭ રાયકા

૧. વખતા ભક્ત (ભાટ)

## ૧૮ અડવાલ

૧. તુલજારામ ભક્ત (બ્રાહ્મણ)
૨. ગલાલબાઈ (બ્રાહ્મણ)

## ૧૯ રંગપર

૧. બેચર ભક્ત (બ્રાહ્મણ)

## ૨૦ જમાલપર

૧. હલુભાઈ (ક્ષત્રિય)

## ૨૧ બળોલ

૧. રયા ભક્ત (ક્ષત્રિય)
૨. મેઘા ભક્ત (ક્ષત્રિય)
૩. અરજણ ભક્ત (ક્ષત્રિય)
૪. વાઘા ભક્ત (ક્ષત્રિય)
૫. જેસંગ ભક્ત (ક્ષત્રિય)
૬. ભીમ ભક્ત (ક્ષત્રિય)
૭. કમા ભક્ત (ક્ષત્રિય)
૮. હરખા ભક્ત (ક્ષત્રિય)
૯. વશરામ ભક્ત (ક્ષત્રિય)
૧૦. કુબેર ભક્ત (બ્રાહ્મણ)
૧૧. ગાંગજી ભક્ત (બ્રાહ્મણ)
૧૨. ભગવાન ભક્ત (ચારણ)
૧૩. રતનજી ભક્ત (ચારણ)
૧૪. આયદાન ભક્ત (ચારણ)
૧૫. કૃષ્ણ ભક્ત (સોની)

## ૨૨ હડાળા

૧. ગોકુળ ભક્ત (સોની)
૨. કેશવજી ભક્ત (બ્રાહ્મણ)

## ૨૩ બગોદરા

૧. હરજીવન ભક્ત (બ્રાહ્મણ)
૨. નાનજી ભક્ત (કોળી)
૩. અજા ભક્ત (ચારણ)

## ૨૪ જવારદ

૧. આધાર ભક્ત (ભાટ)
૨. ગજા ભક્ત (ભાટ)
૩. ગોરા ભક્ત (ભાટ)
૪. ખોડા ભક્ત (ભાટ)
૫. ચેલા ભક્ત (ખત્રી)
૬. નથુભાઈ (ખત્રી)

૭. કૃષ્ણ ભક્ત (દરજી)

## ૨૫ સરગવાળા

૧. મઘુબાઈ (દેવજાતિ)
૨. મેઘજી ભક્ત (બ્રાહ્મણ)

## ૨૬ સમાણી

૧. સગરામ ભક્ત (ભરવાડ)

## ૨૭ નાની બોરૂ

૧. હીરા ભક્ત (સોની)
૨. નથુ ભક્ત (વણિક)
૩. દેવચંદ ભક્ત (વણિક)
૪. માદેવ ભક્ત (બ્રાહ્મણ)
૫. દયાળ ભક્ત (બ્રાહ્મણ)
૬. કાના ભક્ત (બ્રાહ્મણ)
૭. નથુ ભક્ત (ખત્રી)

## ૨૮ મોટી બોરૂ

૧. રાઘવજી ભક્ત (વણિક)
૨. પીતાંબર ભક્ત (વણિક)
૩. મોરારજી ભક્ત (વણિક)

## ૨૯ જાખડા

૧. કાશીદાસ ભક્ત (વણિક)
૨. કૃષ્ણ ભક્ત (વણિક)
૩. ભાઈજી ભક્ત (ક્ષત્રિય)
૪. કૃષ્ણ ભક્ત (સુથાર)

## ૩૦ વટામણ

૧. ભલુજી ભક્ત (ચારણ)
૨. તેજા ભક્ત (ક્ષત્રિય)
૩. પથા ભક્ત (ક્ષત્રિય)

## ૩૧ કઉકા (કૌંકા)

૧. સુજોજી ભક્ત (ક્ષત્રિય)
૨. બાદર ભક્ત (ક્ષત્રિય)
૩. ખોડા ભક્ત (ક્ષત્રિય)
૪. જેઠીબાઈ (ક્ષત્રિય)
૫. અલુ ભક્ત (ક્ષત્રિય)
૬. ભગવાન ભક્ત (બ્રાહ્મણ)
૭. વલ્લભ ભક્ત (બ્રાહ્મણ)
૮. જગજીવન ભક્ત (બ્રાહ્મણ)
૯. રાજારામ ભક્ત (બ્રાહ્મણ)
૧૦. ભૂખણ ભક્ત (સોની)
૧૧. જીવીબાઈ (સોની)
૧૨. અશમાલ ભક્ત (વોરા)

## ૩૨ પીસાવાડ

૧. રાઈજી ભક્ત (ભાટ)

## ૩૩ વેજલકા

૧. નાથા ભક્ત (ક્ષત્રિય)
૨. સજાણ ભક્ત (ક્ષત્રિય)
૩. ભના ભક્ત (ક્ષત્રિય)
૪. રાજા ભક્ત (ક્ષત્રિય)

## ૩૪ કોઠ

૧. ગોપાલજી ભક્ત (ક્ષત્રિય)
૨. ભીમજી ભક્ત (ક્ષત્રિય)
૩. પથોભાઈ (ક્ષત્રિય)
૪. હીરા ભક્ત (ક્ષત્રિય)
૫. હરભમ ભક્ત (ક્ષત્રિય)
૬. ભગવાન ભક્ત (ક્ષત્રિય)
૭. વર્સો ભક્ત (ક્ષત્રિય)
૮. બાદર ભક્ત (ક્ષત્રિય)
૯. રૂપા ભક્ત (ક્ષત્રિય)
૧૦. હર્જીબા (ક્ષત્રિય)
૧૧. અજુબા (ક્ષત્રિય)

૧૨. અંબાભાઈ (ક્ષત્રિય)
૧૩. પુરૂષોત્તમ ભક્ત (બ્રાહ્મણ)
૧૪. વજેરામ ભક્ત (બ્રાહ્મણ)
૧૫. બાપુજી ભક્ત (ચારણ)
૧૬. બેચર ભક્ત (સુથાર)
૧૭. ગણેશ ભક્ત (લુહાર)

## ૩૫ વાલથેરા

૧. હરજી ભક્ત (કણબી)

## ૩૬ ધોળકા

૧. નારણજી ભક્ત (બ્રાહ્મણ)
૨. રેવાશંકર ભક્ત (બ્રાહ્મણ)
૩. સેવકરામ ભક્ત (બ્રાહ્મણ)
૪. મહાશંકર ભક્ત (બ્રાહ્મણ)
૫. ભાણજી ભક્ત (બ્રાહ્મણ)
૬. શિવબાઈ (બ્રાહ્મણ)
૭. અવલબાઈ (વણિક)
૮. પુતળીબાઈ (વણિક)
૯. વજા ભક્ત (વણિક)

## ૩૭ વાસણા

૧. ડોસા ભક્ત (દેવજાતિ)

## ૩૮ ચલોડા

૧. જીતબાઈ (કણબી)

## ૩૯ કાશીદરા

૧. કાશીદાસ ભક્ત (કણબી)

## ૪૦ મોડાસર

૧. મોડભાઈ (ક્ષત્રિય)

## ૪૧ વિછિયાવ

૧. કલ્યાણ ભક્ત (વણિક)
૨. ખોડા ભક્ત (વણિક)

## ૪૨ સાણંદ

૧. નથુ ભક્ત (ક્ષત્રિય)
૨. નારાયણ ભક્ત (ક્ષત્રિય)
૩. જીજી ભક્ત (ક્ષત્રિય)
૪. મુળજી ભક્ત (ક્ષત્રિય)

## ૪૩ મછિયાવ

૧. બાપુ ભક્ત (ક્ષત્રિય)
૨. તેજા ભક્ત (ક્ષત્રિય)
૩. જેઠીભાઈ (ક્ષત્રિય)
૪. ફઈબા (ક્ષત્રિય)
૫. બાઈબા (ક્ષત્રિય)
૬. કુલીબા (ક્ષત્રિય)
૭. કુલજીબા (ક્ષત્રિય)
૮. ગલીબા (ક્ષત્રિય)
૯. રાઈબા (બ્રાહ્મણ)
૧૦. નાથીબા (બ્રાહ્મણ)
૧૧. અવલીબા (બ્રાહ્મણ)
૧૨. રાજબાઈ (બ્રાહ્મણ)
૧૩. જીવરામ ભક્ત (બ્રાહ્મણ)
૧૪. હીરબાઈ (ચારણ)
૧૫. લાલા ભક્ત (ભરવાડ)
૧૬. રંગાબાઈ (મૈયારી)
૧૭. સલામ ભક્ત (મુસલમાન)

## ૪૪ દદુકા

૧. જીવોજી ભક્ત (ક્ષત્રિય)
૨. અલુજી ભક્ત (ક્ષત્રિય)
૩. ઘોડજી ભક્ત (ક્ષત્રિય)
૪. કાંધોજી ભક્ત (ક્ષત્રિય)
૫. દલુજી ભક્ત (ક્ષત્રિય)
૬. કલ્યાણ ભક્ત (ક્ષત્રિય)

૭. હીરબાઈ (ક્ષત્રિય)

૮. બેચર ભક્ત (લુહાર)

## ૪૫ થલ

૧. કલા ભક્ત (સુથાર)

૨. ગણેશ ભક્ત (કોળી)

## ૪૬ ડુભાલી

૧. રણછોડ ભક્ત (લુવાણા)

૨. વરસોજી ભક્ત (ક્ષત્રિય)

## ૪૭ ઝાંપ

૧. પુંજા ભક્ત (સોની)

## ૪૮ બલદાણા

૧. હરજીવન ભક્ત (કોળી)

૨. મોરાર ભક્ત (કોળી)

૩. રામબાઈ (કોળી)

## ૪૯ મિટાલ

૧. નંદરામ ભક્ત (બ્રાહ્મણ)

## ૫૦ કાણોતર

૧. કસિયોજી ભક્ત (ક્ષત્રિય)

૨. વેજા ભક્ત (ભરવાડ)

૩. સાર્દુલ ભક્ત (ભરવાડ)

૪. નાથા ભક્ત (વણિક)

## ૫૧ શિયાલ

૧. માધા ભક્ત (વણિક)

૨. લાધા ભક્ત (વણિક)

૩. ઘેલા ભક્ત (વણિક)

૪. જેઠા ભક્ત (વણિક)

૫. રતનજી ભક્ત (ક્ષત્રિય)

૬. જેસા ભક્ત (ક્ષત્રિય)

૭. રૂપા ભક્ત (ભરવાડ)

૮. વરજાંગ ભક્ત (ભરવાડ)



## તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** જ્યાં અનેકવાર પધાર્યા તેમજ એકીસાથે ચાર માસ સુધી રોકાઈને માછલાંઓને સમાધિ, માંકડનું કલ્યાણ આદિક અનેક ઐશ્વર્યયુક્ત **લીલાચરિત્ર** કર્યાં છે તેમજ જન્માષ્ટમી, દિવાળી, અન્નકૂટોત્સવ, પ્રબોધની જેવા અનેક ઉત્સવ ઉજવીને જ્યાં ઉત્સવોની પરંપરા વહેતી કરી છે. અને ગુરુવર્ય ઉદ્ધવાવતાર મહા મુક્તરાજ સદ્‌ગુરુપદને શોભાવતા શ્રી રામાનંદ સ્વામી તથા સત્સંગમાં જેમને ખુદ શ્રીજીમહારાજે ‘મા’નું બિરુદ આપીને વારંવાર બિરદાવેલ છે એવા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીનું પ્રથમ મિલન થયું છે. તેમજ પાંચસો પરમહંસોના મહા મંગલમય પદ પંકજથી પુનિત થયેલ અક્ષરધામ તુલ્ય ભૂમિમાં વિશાળ સરોવર, દરબારગઢ, દરબારગઢમાં લીંબવૃક્ષ, શ્રીહરિ પૂજિત શિવજી, ગુરુવર્ય રામાનંદ સ્વામીનું વર્ષાસ્થાન, રામાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીનું

પ્રથમ-મેળાપ સ્થાન, માંકડનું કલ્યાણ (મોક્ષ) સ્થાન વગેરે સ્થળોએ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનાં ચરણારવિંદથી પાવન કરેલાં પવિત્ર તીર્થસ્થળોનાં દર્શન કરી જીવનને ધન્ય બનાવવા યોગ્ય છે. આ તમામ **દર્શનીય સ્થળો** તીર્થધામ સરધારમાં હાલ મોજુદ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્ય તન ધારણ કરીને ભરતખંડને પાવન કર્યો. અનેક સ્થળોએ તીર્થધામ બનાવ્યાં. જે સ્થળો સાથે શ્રીજીમહારાજનો પ્રત્યક્ષ સંબંધ હોય તે સ્થળનું સ્વરૂપ કદાચ કલમ વડે વર્ણન કરી શકાય અને તે સ્થળ સાથે સંકળાયેલ લીલા-ચરિત્રો પણ યથાશક્ય સંભારી શકાય. પરંતુ તે તીર્થસ્થળોનો મહિમા તો હંમેશાં અવર્ણનીય જ રહે છે. આવું જ એક અનેરું તીર્થધામ સરધાર છે, જ્યાં અક્ષરાધીશ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ ચાતુર્માસ દરમ્યાન રોકાયા હતા. તે વખતે ભગવાન શ્રીહરિના સંપર્કમાં આવેલાં પ્રસાદીભૂત વૃક્ષો, મકાનો, તળાવ કે બીજી અનેક વસ્તુઓ હજુ પણ **મોજુદ** છે. આ સરધાર તીર્થધામમાં આવનાર - દર્શનાર્થી તે સઘળાં સ્થાનાદિ પોતાના અહોભાગ્યને સંભારી, શ્રીજીમહારાજનો જયનાદ સંભળાવતા હોય તેવું લાગે છે. કારણ કે, પરમાત્માના સંપર્કમાં આવતા તે તે સઘળી વસ્તુઓ એવી ધન્યતા પામેલ છે કે તેવી ધન્યતા પ્રાપ્ત કરવા ઘણાં જન્મથી તપશ્ચર્યા કરતાં તપસ્વીઓ પણ સમર્થ થતા નથી.

સરધારમાં ગુરુ રામાનંદ સ્વામી વારંવાર પધારી સદાવ્રત આપતા. મુક્તાનંદ સ્વામી અને રામાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ પણ સરધારમાં થયો હતો. તે સ્થાન આજે પણ વિદ્યમાન છે. મુક્તાનંદ સ્વામી પ્રથમ જ્યાં દસ મહિના રોકાયા હતા તે તુલસીદાસજીનો ચોરો આજે પણ ઈતિહાસની સાક્ષીએ અડીખમ ઊભો છે. સરધારધામના અહોભાગ્ય સમા શ્રીહરિના સંભારણારૂપે માંકડની લીલાવાળો ઓરડો, મીનસરોવર, રાજા તુંગજીત તથા વૈરજીતનો દરબારગઢ, લીંબવૃક્ષ, પ્રસાદીના શિવજી, તેમજ રામાનંદ સ્વામી અને ભગવાન શ્રીહરિ તથા સંતો-ભક્તોએ અનેકવાર જે સરોવરમાં સ્નાન કરીને તીર્થરૂપ બનાવ્યું છે. એ સરોવરનો મહિમા શ્રીમુખ વચનથી સ્વયં શ્રીજીમહારાજે કહ્યું છે : **'જે જે જન્મે અહીં જળજંત, એનાં જાણવાં પુણ્ય અનંત; પ્રાણી જે કરશે જળપાન, નિશ્ચે પામશે મોક્ષ નિદાન.'** - "આ સરોવરમાં જીવપ્રાણીમાત્ર જે કોઈપણ પાણી પીશે કે તેમાં સ્નાન કરશે તેનું નિશ્ચે કલ્યાણ થશે." આ બધા પ્રસાદીનાં સ્થાનો આજે પણ મોજુદ છે. તીર્થધામ સરધારના દર્શન કરી તેનો મહિમા હૃદયમાં ભરીએ

ત્યારે એક અદ્ભુત દિવ્ય અનુભૂતિ થાય છે. ભગવાન શ્રીહરિ અને નંદસંતોનાં ચરણોથી અંકિત એવી સરધારની ધરતીની રજ માથે ચડાવવાનું મન થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે 'ભવિષ્યમાં અહીંયાં મોટું મંદિર થશે' એવો આશીર્વાદ આપ્યો હતો તેવા તીર્થધામ સરધારમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે કલાત્મક શિખરબધ્ધ મંદિર; રાજકોટ-ભાવનગર હાઈવે પર કે જે ભૂમિને ભગવાન શ્રી સ્વામિનારાયણે 'નૈમિષારણ્ય ક્ષેત્ર' ધરતી કહી હતી તેમજ સરમાલ્કમ સાહેબને મળવા માટે રાજકોટ જતા હતા ત્યારે સરધારમાં લીલ વોકળી (નદી) ઉપર હાલમાં નાનો પુલ છે તે ઉપર પસાર થઈને આ નૂતન મંદિરની જગ્યાએ વિશ્રાંતિ લીધેલી અને ગામના ભક્તો ટીમણ-સાની વગેરે લાવેલા તે સ્વીકાર કરીને રાજકોટ ગયા હતા તેવી અદ્ભુત **ઐતિહાસિક** ઘટનાનો **સંબંધ** ધરાવતી અતિ પ્રાસાદિક જગ્યામાં ભવ્ય **શિખરબધ્ધ** મંદિર સાકાર થયું છે.

આ પાંચ શિખર સહિત બંસીપહાડ પથ્થર(રાજસ્થાની ગુલાબી પથ્થર)માં ૯૯૪૧૫૫ ફુટના ઘેરાવાવાળું અને ૮૧ ફુટ ઊંચાઈવાળું તૈયાર થતા શિલ્પ સ્થાપત્યમાં **સંપ્રદાયના નજરાણારૂપ** બન્યું છે. આ મંદિરમાં ૧૬ ઘુમ્મટ અને ૧૦૮ સ્તંભ તેમજ ૧૦૮ કમાન છત કોસલા નકશીકામ યુક્ત **ભવ્ય મંદિર** તૈયાર થયું છે. તેની સાથે સાથે ભક્ત ભુવન, ભક્ત ભોજનાલય, સંતનિવાસ, સભામંડપ, શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલ પણ બની ચૂક્યાં છે. વિશેષમાં મંદિર પરિસરમાં સુંદર કલાત્મક નયનરમ્ય આધુનિક સગવડો સહિત ત્રણ પ્રવેશદ્વારો પણ બની ચૂક્યાં છે.

વર્તમાન સમયે પૂ. સ્વામીની નિશ્રામાં સાચા સ્ત્રી-ધનના ત્યાગી, પંચવર્તમાન યુક્ત સંતો-પાર્ષદોનું મંડળ ૧૦૦થી ઉપરાંત સંખ્યામાં સરધાર-ભાવનગર-મહુવા-વિદ્યાનગર-સુરત-ડોંબીવલી અને જગન્નાથપુરી મંદિરમાં નિવાસ કરીને ભગવાન શ્રીહરિના ભજન-સ્મરણ સહ સંપ્રદાય વિકાસ અને સત્સંગ પ્રચારનું અનેરું કાર્ય કરી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના 'સર્વજીવ હિતાવહ' દિવ્ય સંદેશાને મુમુક્ષુ જીવાત્મા સુધી પહોંચાડવા માટે સત્સંગ વિચરણમાં અવિરતપણે ગતિશીલ રહે છે.

આવા પવિત્ર પ્રસાદીભૂત તીર્થધામના દર્શન કરી પોતાની જાતને ધન્યતા અનુભવવાનું રખેને ભૂલી ન જતા...!!! આ સરધાર ગામ રાજકોટથી ભાવનગર હાઈવે પર ૨૮ કી.મી. દૂર આવેલું છે.

## કલ્યાણકારી આધ્યાત્મિક-સામાજિક પ્રવૃત્તિઓ-આયોજનો

**➲ ઘરસભા-સત્સંગ-કથા પારાયણો-શિબિરો :**

સરધાર મંદિર સંકુલ અને ઉન્નતિમાર્ગના માર્ગદ્દષ્ટા એવા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત, મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન તથા શ્રીવેદવ્યાસજી રચિત શ્રીમદ્ ભાગવતની ગુજરાત તેમજ ભારત દેશનાં મોટાં શહેરો - અનેક નગરો તેમજ ગામડાંઓમાં તથા ગઢડા, વડતાલ, જૂનાગઢ, જગન્નાથપુરી, હરિદ્વાર, છપૈયા જેવાં મહાન તીર્થસ્થાનોમાં અને અમેરિકા, કેનેડા, લંડન, ઓસ્ટ્રેલિયા, સિસલ્સ વગેરે વિદેશોમાં ૫૦૦થી વધુ સફળ કથાઓ પૂર્ણ કરી છે. આ દરેક આયોજનોમાં હજારો અને લાખો લોકોએ પૂ. સ્વામીશ્રીની સચોટ અને આચરણ સુસંગત વાણી દ્વારા જીવન પરિવર્તન કર્યું છે.

કથાપારાયણ ઉપરાંત સરધારમાં ૨૫ જેટલી સત્સંગ શિબિરોનાં આયોજન થયાં છે. જેમાં હજારો હરિભક્તો પધારી પૂ. સ્વામીશ્રી તથા પૂ.સંતો-પાર્ષદો દ્વારા સત્સંગ-કથાવાર્તાના માધ્યમથી લાભાન્વિત બને છે. તેમજ હજારો બાળકો-યુવાનોને જીવનમાં એક અજોડ રાહ મળે, જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય, આ મનુષ્યદેહ વડે કંઈક કરી છૂટવાની તમન્ના જાગે, પોતાની વિવિધ ફરજો સમજાય તેમજ સંપૂર્ણ નિર્વ્યસની અને કર્મઠ બની ભગવાન શ્રી સ્વામિનારાયણની અતિ શ્રેષ્ઠ નિષ્ઠા દઢ કરી, નિયમ-ધર્મમાં દઢતા પ્રાપ્ત કરી તેમની એકાંતિકી ભક્તિ કરી જીવનને ધન્ય બનાવી શકે એટલા માટે દર વર્ષે ઉનાળું વેકેશનમાં **બાળ-યુવા મહોત્સવ**નું ભવ્ય **આયોજન** કરવામાં આવે છે. તે આ સંસ્થાનું ઉમદા **યોગદાન** છે.

પૂ. સ્વામીશ્રીના શ્રીમુખે ઘર બેઠાં મીડિયા અને ટીવી ચેનલોના માધ્યમથી ઘર-પરિવારમાં સુખ-શાંતિનું દિવ્ય વાતાવરણ બને અને ભારતીય હિન્દુ સંસ્કૃતિનો પ્રકાશ સર્વત્ર થતો રહે તેમજ ભાવિપેઢીમાં સંસ્કારોનું સિંચન કરવા અને તે સંસ્કારોનું જતન કરવા તેમજ ઘરને મંદિરમય બનાવવા માટે દરરોજ રાત્રે ૯ થી ૧૦.૧૫ વાગ્યા સુધી **'ઘરસભા-સત્સંગ'**નું **આયોજન** થાય છે.

આ ઘરસભા દ્વારા **હજારો પરિવારો** તેમાં નિત્ય જોડાઈને **લાભાન્વિત** થઈ રહ્યા છે. આજે વૈજ્ઞાનિક સંશોધને વિશ્વને માનવીની મુઠ્ઠીમાં લાવી દીધી, પરંતુ માનવમાં મન-હૃદય દૂર થતાં ચાલ્યાં. દરેક પરિવારમાં અહમ્‌ના ટકરાવે

અનેક સમસ્યાઓ સર્જી છે અને પરિવારો તૂટતા ચાલ્યા. પતિ-પત્ની વચ્ચે નજીવી બાબતમાં ઝઘડા થાય છે અને વરવું સ્વરૂપ પકડે છે. જેથી છૂટાછેડાના બનાવો પણ વધી રહ્યા છે. જેમાં નાના બાળકોને સહન કરવાનું આવે છે. કેટલીકવાર ધારી લીધેલી માન્યતા કે અવળી સમજણને કારણે પણ પરિવારમાં વિખવાદ થાય છે. આ બધા પ્રશ્નોમાંથી મુક્ત થઈએ અને પરિવારમાં સંપ, સૃહદભાવ અને એકતા તેમજ સુખ-શાંતિ અને પ્રગતિ થાય તે માટે ઘરસભા નિયમિત સાંભળવી એ અદ્ભુત **જડીબુટ્ટી** છે. જે પરિવારો નિત્ય ઘરસભા સાંભળતા થયા તેમના ઘરોની સમસ્યા ઉકેલાઈ ગઈ છે. પારિવારિક શાંતિ-એકતા માટે એકબીજાને સમજવા, મોટું મન રાખવું, એકબીજા માટે ઘસાઈ છૂટવું, એકબીજાનું સહન કરી લેવું, તથા માફી માંગવી અને માફી આપવી તથા એકબીજા પ્રત્યે **પ્રેમભાવના** વધારવાની **વૃત્તિ** કેળવવા સચોટ **માર્ગદર્શન** આ ઘરસભા સાંભળવાથી પ્રાપ્ત થાય છે. પરિવારમાં **એકતા-સંપ** હશે તો જ શાશ્વત **સુખ-શાંતિ** આવશે.

**➲ શ્રી સ્વામિનારાયણ બીજમંત્ર દૈનિક હોમાત્મક યજ્ઞ અનુષ્ઠાન :**

ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદગત અભિપ્રાયને જાણનારા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ આધિ-વ્યાધિ અને ઉપાધિ, દુઃખ-દારિદ્ર, શારીરિક-કૌટુંબિક વગેરે મુશ્કેલીઓમાંથી અનંત આત્માઓ મુક્ત થઈ આ લોકના સુખ સાથે ભગવાનની પ્રાપ્તિ રૂપી મહાસુખના ભોક્તા બને તેવા શુભ હેતુસર ભગવાન શ્રી સ્વામિનારાયણનો અગાધ મહિમા સમજાવતો **બીજમંત્ર** આપ્યો છે. જેનું વિધિપૂર્વક **અનુષ્ઠાન** કરવાથી અથવા પવિત્ર સંતો-બ્રાહ્મણો પાસે કરાવવાથી તમામ સંકટો નષ્ટ થઈ જાય છે.

ભક્તોની સર્વ કષ્ટની નિવૃત્તિ માટે, સુખ સમૃદ્ધિની પ્રાપ્તિ માટે, કર્મજન્ય પીડાની શાંતિ માટે તીર્થધામ સરધારને આંગણે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી રચિત શ્રી સ્વામિનારાયણ બીજમંત્રનું પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની પ્રેરણાથી આજીવન-દૈનિકાદિ વિવિધ ‘હોમાત્મક યજ્ઞ અનુષ્ઠાન’ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ બતાવ્યા મુજબ કરવામાં આવી રહ્યું છે.

આ બીજમંત્ર કામધેનુ ગાયની જેમ સર્વ સિદ્ધિ આપનાર, સર્વ મનવાંછિત શુભ સંકલ્પો પૂર્ણ કરનાર છે. માટે આપ પણ કોઈપણ પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિ વેળાએ તેમજ જન્મ દિવસ, લગ્નપ્રસંગ, વર્ષગાંઠ વગેરે **શુભ પ્રસંગે** તેમજ સદ્ગત આત્માઓની સ્મૃતિમાં **પ્રાર્થના સ્વરૂપે** આ યજ્ઞમાં

**સહભાગી** થઈ શકો છો. **અનુષ્ઠાન માટે સંપર્ક : મો. ૯૯૦૯૦૭૦૦૦૪**

**➲ મંદિર નિર્માણકાર્ય :**

ભગવાન શ્રી સ્વામિનારાયણના **'कारयित्वा मन्दिराणि तत्र स्वप्रतिमा अहम्।'** - ''મહા મંદિરો કરાવીને, તેમાં મારી અર્ચામૂર્તિઓ સ્થાપન કરું.'' આ દિવ્ય સંકલ્પને અનુલક્ષી પૂ. સ્વામીશ્રીના પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રમાણે અનેક ગામડાઓમાં આર્થિક સાથ-સહકાર સાથે ૧૦૦થી વધુ હરિમંદિરોનું નિર્માણકાર્ય કરવામાં આવ્યું છે. સરધાર, ભાવનગર, મહુવા, ડોંબીવલી, જગન્નાથપુરી અને વિદ્યાનગર સહિત શિખરબધ્ધ તેમજ તમામ હરિમંદિરોના બધા જ નકશા-પ્લાનો સ્વયં પૂ. સ્વામીશ્રીની આંતરિક સૂઝબુઝ અને કલ્પના પ્રમાણે કરવામાં આવે છે. જેથી કરીને તેમાં આધુનિકતા તથા ભવ્યતાની સાથે સાથે દિવ્યતા અને વ્યવસ્થાના પણ પૂર્ણ અનુસંધાનનું દર્શન થાય છે.

**➲ નિઃશુલ્ક કોલેજિયન વિદ્યાર્થી છાત્રાલય :**

આ સંસ્થા દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી નિઃશુલ્ક છાત્રાલયની સેવા અવિરત કાર્યરત છે. કોલેજિયન વિદ્યાર્થીઓ માટે આધુનિક સુવિધાથી સજ્જ છાત્રાલય, શુદ્ધ અને પવિત્ર ત્રણ ટાઈમ પૌષ્ટિક ભોજન, કોલેજ જવા માટે વાહન વ્યવસ્થા, કપડાં ધોવા માટે લોન્ડ્રી સુવિધા, અભ્યાસલક્ષી સ્કોલરશીપ, કોલેજબેગ, નોટબુક વિતરણ, અભ્યાસલક્ષી વિવિધ સેમીનારો તેમજ વિવિધ આનંદ ઉત્સવો સાથે પૂ. સ્વામીશ્રી તથા સંતો દ્વારા સંસ્કાર સિંચન, રાષ્ટ્રભાવના અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વર્તમાન સમયમાં સરધાર, ભાવનગર, મહુવા મંદિર છાત્રાલયમાં ૧૨૦૦થી વધુ કોલેજિયન વિદ્યાર્થીઓ રહી ભારતીય સંસ્કૃતિના સંસ્કારોના સિંચન સાથે નિઃશુલ્ક વિદ્યાભ્યાસ કરી રહ્યા છે. જગન્નાથપુરીમાં આ સુવિધા નિર્માણાધીન છે, તેમજ વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવના તાબાનું વડતાલ ટેમ્પલ મેનેજિંગ બોર્ડના આગ્રહથી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પૂર્ણ રાજીપાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર સહિત ૧૦૦૦થી વધારે વિદ્યાર્થી અભ્યાસ કરી શકે તેવું નૂતન છાત્રાલય પણ પૂ. સ્વામીશ્રીના માર્ગદર્શન પ્રમાણે નિર્માણાધીન છે.

**➲ દીન-જન હિતાર્થે વિશાળ હોસ્પીટલ દ્વારા માનવ સેવાયજ્ઞ :**

ભગવાન શ્રી સ્વામિનારાયણના'સર્વજીવ હિતાવહ' સંદેશ અનુસાર અનુસાર સમાજના પ્રત્યેક વર્ણના સુસ્વાસ્થ્ય માટે તથા પછાત જનસમુદાયના સ્વાસ્થ્ય-સુરક્ષાની જાગૃતિ માટે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા

ગામડાંઓના દર્દીઓને સારી સારવાર ઉપલબ્ધ કરાવવાના આશયથી સેવાયજ્ઞ રૂપે આધુનિક સુવિધાથી સુસજ્જ 'શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલ' દીન-દુઃખી જનહિતાર્થે કાર્યરત છે. આ હોસ્પીટલમાં ન્યૂરોલિજસ્ટ, ગાયનેક, ઓર્થોપેડિક, ડેન્ટીસ્ટ, ગેસ્ટોલોજીસ્ટ વગેરે નિષ્ણાંત અનુભવી ડોકટરો ખૂબજ ખંત અને ઉદારતાથી સેવા આપી રહ્યા છે. દર્દીઓના સગાં-સંબંધીઓને ભોજનાદિની **સુવિધા** પણ મંદિર તરફથી આપવામાં આવે છે.

છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત આ હોસ્પીટલમાં ૬૦ હજારથી વધુ દર્દીઓ **લાભાન્વિત** થયા છે. અને ૧૦ હજારથી વધુ નાના-મોટા સફળ ઓપરેશનો થયાં છે.

આગામી દિવસોમાં આ સંસ્થા દ્વારા એક વિશાળ અને અદ્યતન સુવિધાયુક્ત હોસ્પીટલનું નિર્માણ કરી નિઃશુલ્કભાવે જનસમાજની સેવા કરવાનો પણ પૂ. સ્વામીશ્રી દ્વારા **પરોપકારી સંકલ્પ** જાહેર કરવામાં આવ્યો છે.

**➲ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા :**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પૂ. સ્વામીના માર્ગદર્શન અને અથાગ પરિશ્રમથી આજના આધુનિક વિજ્ઞાન યુગના સહારે ઈ.સ. ૨૦૦૪ થી ઈ.સ. ૨૦૧૬ સુધીમાં ભારતના ચારધામ આદિક તીર્થસ્થળોની ૧૩ જેટલી સ્પેશ્યલ ટ્રેનયાત્રાનું આજ દિવસ સુધીમાં આયોજન થયેલ છે. આ દરેક યાત્રામાં ૧૨૦૦ જેટલા હરિભક્તો જોડાઈને મોક્ષનું પાથેય મેળવીને ભાગ્યવાન બન્યા છે.

**➲ ગામડે ગામડે સંતોનું સત્સંગ વિચરણ :**

ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિવ્ય સંદેશો મુમુક્ષુ જીવાત્માઓ સુધી પહોંચાડવા માટે પૂ. સ્વામીશ્રીના માર્ગદર્શન પ્રમાણે સતત સંતો-પાર્ષદોનું સત્સંગ વિચરણ અવિરતપણે ચાલું જ રહે છે. શહેર હોય કે નગર હોય, ગામ હોય કે પુર હોય, મંદિર હોય કે ન હોય, હરિભક્ત હોય કે બિનહરિભક્ત હોય...વગેરે ઠેર-ઠેર સ્થળોએ જઈને ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનું જ્ઞાન મુમુક્ષુ જીવાત્માઓને સત્સંગ સભાઓ કે કથાપારાયણો દ્વારા સમજાવે છે. તેમજ ભક્તોના નિવાસસ્થાનોમાં જઈને ઠાકોરજી સહિત પધરામણીઓ કરીને હરિભક્તોના ઘર-આંગણાંઓ પવિત્ર કરે છે. પૂ. સ્વામીશ્રી અને સંતો દ્વારા ૪૦૦૦થી વધુ ગામડાંઓ અને શહેરોમાં સત્સંગ વિચરણ તેમજ ૧ લાખથી વધુ ઘરોમાં પધરામણી કરવામાં આવી છે.

**➲ સંતોના વિદ્યાભ્યાસ સંબંધી પ્રવૃત્તિઓ :**

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્યારા પરમહંસોને સંસ્કૃત, સંગીતકળા, ચિત્રકળા વગેરે અનેક કળાઓમાં ખૂબજ પારંગત બનાવ્યા હતા. તે વારસો હંમેશાં જીવંત રહે તે માટે પૂ. સ્વામીશ્રીની નિશ્રામાં સરધાર ખાતે 'શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત વિદ્યા પ્રતિષ્ઠાનમ્ તથા સંત સંસ્કાર કેન્દ્ર' નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં સંતમંડળના યથાયોગ્ય **અનેક સંતો-પાર્ષદો** ગુરુઆજ્ઞાથી સંસ્કૃતના અભ્યાસની સાથે, આધુનિક યુગના વાતાવરણને અનુલક્ષીને અંગ્રેજી અભ્યાસ અને કોમ્પ્યુટર ક્ષેત્રમાં તેમજ ઉચ્ચકક્ષાના સંગીત અભ્યાસમાં **પારંગત** કર્યા થયા છે અને થઈ રહ્યા છે.

**➲ વિદેશ ધાર્મિક સત્સંગ યાત્રા :**

પૂ. સ્વામીશ્રી પોતાના સંતમંડળ સહિત વિદેશમાં વસતા હરિભક્તોને સંપ્રદાય-સત્સંગનું પોષણ મળે અને પશ્ચિમી દેશના વાતાવરણથી બચી ફેલ-ફતુર-ફેશનથી દૂર રહે અને ભારતીય સંસ્કૃતિ ભુલાઈ ન જાય તે માટે ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જર્મન, ફીજી, નાઈરોબી-કેન્યા, સિસલ્સ, દુબઈ વગેરે દેશોની અનેકવાર સત્સંગ-ધર્મયાત્રા કરીને મુમુક્ષુ જીવાત્માઓને આધ્યાત્મિક સુખના ભોક્તા બનાવ્યા છે.

## સમાજ સેવાનાં અન્ય કાર્યો

**➲ ભૂકંપ તેમજ  પૂર હોનારતમાં આર્થિક સહયોગ :**

ગુજરાતના ભુજ આદિક ભૂકંપ તેમજ સુરત-અમરેલી આદિક પૂર હોનારતમાં આર્થિક સહયોગ તેમજ કેદારનાથમાં પુર તથા નેપાળમાં ભૂકંપ માટે ફંડ, જેવા સરકારશ્રીના રાહતકાર્યમાં સંસ્થા દ્વારા પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી આર્થિક સહયોગ કરવામાં આવે છે.

**➲ ભારતીય સૈન્યના શહીદ જવાનોના પરિવારોને આર્થિક અને શૈક્ષણિક સહાય :**

ભારતીય સૈન્યના શહીદ જવાનો પરિવારોને આર્થિક સહયોગ મળી રહે તેવા શુભ હેતુથી 'શ્રી મારુતિ વીર જવાન ટ્રસ્ટ - સુરત'ના માધ્યમથી સંસ્થા દ્વારા પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી રૂા. ૫૧ લાખ શહીદ પરિવારોને ફાળવવામાં આવ્યા છે. તેમજ શહીદ પરિવારના બાળકોને પણ શૈક્ષણિક સહાય આપવામાં આવે છે.

**➲ પર્યાવરણની જાળવણી માટે વૃક્ષારોપણ :**

ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોનું પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. આયુર્વેદના

જનક મહર્ષિ ચરકે પણ વાતાવરણની શુદ્ધતા માટે વિશેષ વૃક્ષોનું મહત્ત્વ બતાવ્યું છે. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો અને ઔષધિ આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવવામાં મદદરૂપ બને છે. આપણા દેશમાં સરકારશ્રી દ્વારા અનેકવિધ પર્યાવરણને લગતી વનમહોત્સવ જેવી યોજનાઓ કાર્યરત છે. **'વૃક્ષ વાવો, જીવન બચાવો', 'વૃક્ષ જતન, આબાદ વતન', 'એક બાળ, એક ઝાડ'** વગેરે આ બધાં સૂત્રોમાં પણ વૃક્ષારોપણનો મહિમા સૂચવાયો છે. તેના જ ભાગરૂપે પૂ. સ્વામીશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી સંસ્થા દ્વારા પાંચ વર્ષમાં **૫ લાખ વૃક્ષારોપણ** કરવાનો **સંકલ્પ** કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ૧ લાખથી વધુ વૃક્ષારોપણનું કાર્ય પૂર્ણ થયું છે.

**➲ સામૂહિક સ્વચ્છતા અભિયાનોનું આયોજનો :**

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં સ્વચ્છતા અભિયાનને ઉજાગર કરતા અનેક સંવિધાનો બતાવ્યાં છે. જે વાત આપણને આજ સમજાય છે, જે સ્વચ્છતા અભિયાન આજે સરકાર ચલાવી રહી છે. તેના જ ભાગરૂપે સંસ્થા દ્વારા અનેકવિધ ગામડાં અને શહેરોમાં સામૂહિક સ્વચ્છતા અભિયાનનું **આયોજન** કરવામાં આવે છે. સન ૨૦૧૪માં હરિદ્વારને આંગણે પૂ. સ્વામીશ્રી દ્વારા ગુજરાતમાંથી ગયેલા ૧૫ હજાર જેટલા ભક્તજનોના સહકારથી ગંગાસફાઈ **અભિયાન** હાથ ધરવામાં આવ્યું હતું.

**➲ મેડીકલ સહાય તથા સર્વરોગ નિદાન તથા રક્તદાન કેમ્પો.**

પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આરોગ્ય કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં સામાન્ય દર્દીઓની તપાસ કરવામાં આવે છે. જેમાં હૃદય, નેત્ર, બાળકોના રોગ નિવારણ, ચામડી, ઈ.એન.ટી અને મહિલા આરોગ્ય વગેરે રોગને લગતા કેમ્પોનું તેમજ રક્તદાન કેમ્પોનાં **આયોજન** થાય છે. આ કેમ્પો હજારો દર્દીઓ લાભ લઈને સુખકારી સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું છે. શ્રી સ્વામિનારાયણ મંદિર હોસ્પીટલ ખાતે સૌપ્રથમવાર એડવાન્સ ટેક્નોલોજી યુક્ત મશીનો તેમજ લેપ્રોસ્કોપી દ્વારા (દૂરબીનથી ટાંકા વગરના) રાજકોટના નામાંકિત અને અનુભવી ડોકટરો દ્વારા રાહતદરે ઓપરેશનની **સુવિધા** ઉપલબ્ધ છે.

**➲ કુદરતી આફતમાં સેવા :**

કુદરતી મહામારી રોગશાળામાં સંસ્થા દ્વારા ફૂડપેકેટ તેમજ આર્થિક સહાયો કરવામાં આવે છે. તાજેતરમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોના નામની

આફત સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે પૂ. સ્વામીશ્રીએ લક્ષ્ય ટીવી ધાર્મિક ચેનલ દ્વારા **'ઘરસભા'**ના **માધ્યમથી** સરકારશ્રીના 'ઘેર રહો, સુરક્ષિત રહો'ના આદેશની લાખો લોકોને **પ્રેરણા** આપી છે. તેમજ સંસ્થા દ્વારા દરરોજ એક હજારથી વધારે વ્યક્તિઓની ભોજન વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

**ગૌશાળા :** સનાતન ભારતીય સંસ્કૃતિના અંગ સમાન ગૌમાતાની રક્ષા થાય અને મહિમાની અભિવૃદ્ધિ કરવા સંસ્થા દ્વારા સુંદર **ગૌશાળા** પણ ચાલે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર**, સરધાર તા.જી. રાજકોટ.

સંપર્ક : **કોઠારી સ્વામી પતિતપાવનદાસજી** - મો. ૯૮૭૯૭૫૮૫૦૩

**website :** www.sardhardham.org

**E-mail :** contac@sardhardham.org

**આરતી સમય :- મંગળા : ૫.૪૫ સંધ્યા : ૭.૦૦**

**દરરોજ કથાવાર્તા ॥** સવારે ૬.૩૦ થી ૭.૦૦ રાત્રે ૯.૦૦ થી ૧૦.૩૦



## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી

વિશ્વવંદ્ય એવી ભારતીય સંસ્કૃતિના અનેક ધર્મગ્રંથોમાં વર્ણન કરાયેલા અતિ પ્રસિદ્ધ અને મહિમાશાળી ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામ માંહિલું એક તીર્થ એટલે જગન્નાથપુરી. આ પૃથ્વીલોકમાં **'પુરુષોત્તમ ક્ષેત્ર'** નામનું અતિ મહાન તીર્થ છે તે પરમ પાવનકારી છે. જગન્નાથપુરીમાં બિરાજમાન જગન્નાથ ભગવાનના નિરંતર નિવાસથી; પોતાને વિષે ભગવદ્ દર્શનાર્થે પ્રવેશ કરનાર યાત્રાળુઓનાં પાપમાત્રને દર્શનમાત્રથી જ નાશ કરે છે. શ્રી કૃષ્ણાવતાર પૂર્વે, આ ક્ષેત્રમાં ભગવાન નીલમાધવ સ્વરૂપે મંદિરમાં બિરાજતા હતા, પરંતુ ત્યારબાદ પોતાની જ ઈચ્છાથી મહાન ભક્ત ઈન્દ્રદ્યુમ્ન રાજાને નિમિત્ત બનાવી હાલમાં દર્શન આપતી અલૌકિક મહાકાષ્ઠની મૂર્તિ કે જેમાં સમુદ્ર માર્ગે ભગવાનની જ પ્રેરણા-સંકેતથી જગન્નાથપુરીમાં પ્રાપ્ત થયેલા અસ્થિ પણ પધરાવેલ છે. તેથી પણ આ ક્ષેત્રનો મહિમા અત્યંત અપાર વૃદ્ધિને પામેલો છે.

ભારત દેશના અતિ ગૌરવભર્યા આ તીર્થધામમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પણ નીલકંઠવર્ણી સ્વરૂપે તીર્થોમાં વન વિચરણ કરતી વખતે અહીં સં. ૧૮૫૪માં પધાર્યા હતા. આ સ્થાનમાં પૃથ્વીના ભારરૂપ બનેલા કેટલાક દુરાચારી અસુરોના નાશ માટે ભગવાન શ્રી જગન્નાથજીની વિનંતિને માન આપીને **દશ માસ** સુધી અહિંના પ્રસિદ્ધ શ્રી ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કિનારે જ નિવાસ કરીને રહ્યા હતા અને અહીંના તમામ ક્ષેત્રોને પણ વિશેષ **તીર્થત્વ** આપીને **પાવન** કર્યાં હતાં.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન' ગ્રંથ-શાસ્ત્રનો સંવાદ, સુવ્રતમુનિ અને રાજા પ્રતાપસિંહના માધ્યમથી સૌપ્રથમવાર આવા મહિમાવંત; અને તેમાં પણ સાક્ષાત્ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના મળેલા સ્વરૂપાનંદ સ્વામી-સુવ્રતમુનિ જેવા સંતો-ભક્તોના સાક્ષાત્ સંબંધથી સવિશેષ ગૌરવગાથાને પ્રાપ્ત કરેલા આ જગન્નાથપુરી-મહાન તીર્થધામના **ચક્રતીર્થ** નામના સ્થાનમાં થયો હતો.

આ તીર્થધામ જગન્નાથપુરીમાં ૧૮૧ વર્ષ પછી સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૦૦મી શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ પ્રસંગે 'જગન્નાથપુરી મહોત્સવ' તા. ૩ થી ૧૧-૧-૨૦૧૩ સુધી અતિ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંતો-હરિભક્તોએ તા. ૮-૧-૨૦૧૩ માગશર વદ - ૧૧ 'શ્રીસ્વામિનારાયણ' મહામંત્રના પ્રાગટ્યદિને અને કથા અંતર્ગત ભગવાન શ્રીહરિ જેતપુર ગાદિપટ્ટાભિષેકની મંગળ ઘડીએ એક શ્રેયસ્કારી સંકલ્પ કર્યો કે - આ મહિમાવાન અને નીલકંઠ વર્ણી સ્વરૂપે પધારેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના પવિત્ર ચરણરજથી પાવન બનેલ પુરીધામમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું વિશાળ મંદિરનું નિર્માણ થાય. અને આ મંદિરની સાથે જગન્નાથપુરી ધામમાં દર્શનાર્થે પધારતા ભાવિક યાત્રાળુઓને રહેવા, ઉતારા કરવા, શુદ્ધ સાત્ત્વિક ભોજન જમવા માટે તેમજ અન્ય જરૂરી સુવિધા-સગવડ મળી રહે અને આવનાર ભાવિકજનોને અગવડતા નિવારી શકાય તેવા શુભ હેતુ સહ સંકુલનું નિર્માણ કરવું.

'જગન્નાથપુરી મહોત્સવ' પ્રસંગે સંતો-હરિભક્તોએ કરેલ જગન્નાથપુરીધામમાં મંદિર નિર્માણના સંકલ્પાનુસાર મંદિર તેમજ રહેવા-જમવાની અદ્યતન સુવિધાથી યુક્ત સંકુલ નિર્માણ પામે તેવા શુભ હેતુસર પુરી-કોણાર્ક

હાઈવે પર તન-મનને આંદોલિત કરતી નયનરમ્ય ૧૮ એકર ભૂમિનું સંપાદન કરવામાં આવ્યું. પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ઓરિસ્સા તથા ગુજરાત રાજ્યના ગૌરવ સમાન ભવ્ય શિખરબધ્ધ મંદિર, દર્શનાર્થી લાખો શ્રદ્ધાળુ યાત્રિકો માટે રહેવા-જમવાની ઉત્તમ સુવિધાઓ, કથાપારાયણ સભામંડપ, નિઃશુલ્ક વિદ્યાર્થી છાત્રાલય, દિવ્ય પ્રદર્શન અને વિશાળ પાર્કિંગનું નિર્માણકાર્ય તેમજ અનેકવિધ આધ્યાત્મિક તથા સામાજિક કાર્યો થશે. જે માત્ર સંપ્રદાય જ નહિ, પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃતિનું ગૌરવ બની રહેશે.

ભારતીય સંસ્કૃતિના દરેક પહેલુઓના રક્ષક અને સંપોષક જવાબદારીના પ્રતિક સમાન તૈયાર થનાર આ નૂતન મંદિર પરિસરના નવનિર્માણ કાર્યમાં આપણે પણ કંઈક યોગદાન કરીને આપણી માતૃસંસ્કૃતિના રક્ષણ માટે આવો આપણે સૌ સાથે હળી-મળીને એક મજબૂત કદમથી આગેકૂચ કરીએ. આ સર્વ કલાયુક્ત મંદિર મુમુક્ષુ દર્શનાર્થી જીવાત્માના મનમાં આધ્યાત્મિકતા અને હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટ કરશે અને દર્શનાર્થી ભક્તોના અંતરાત્મામાં અમરછબી અંકિત કરતું તીર્થધામ પુરવાર થશે.

**મુખ્ય મંદિર :** ➠ લંબાઈ ૨૯૫ ફૂટ, પહોળાઈ ૨૪૫ ફૂટ, ઊંચાઈ ૧૬૫ ફૂટ. ૬૫ x ૬૫ ફૂટનો મુખ્ય એક ઘુમ્મટ, ૩૫ x ૩૫ ત્રણ નાના સામરણ (ઘુમ્મટ) તથા તેર સમચતુષ્કોણ (સામરણ) શિખર તથા ૧૨૬ કલાત્મક કમાનો અને કુલ ૧૨૨ સ્થાપત્યસભર સ્થંભ. ઉત્તર-પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૨૪ સ્થંભો અને ૨૪ તોરણ યુક્ત બે માળની ભવ્ય રૂપચોકી (પ્રવેશચોકી) નિર્માણ થશે. મંદિરને ફરતે પરંપરાગત સ્થાપત્ય ધરાવતા સ્થંભોથી નીખરી ઊઠતો ત્રણથરો પ્રદક્ષિણાપથ થશે. ૧. મુખ્ય મંદિર ફરતે, ૨. મંદિરની જગતી ફરતે અને ૩. મંદિરની પીઠ ફરતે. કુલ ૨૦૧ કલાત્મક છતો.

**યાત્રિક નિવાસ સુવિધા :** ૫૯૬થી વધુ સ્નાનગૃહ (બાથરૂમ-સંડાસ) યુક્ત રૂમો

**ભક્ત ભોજનાલય :** એકી સાથે હજારો યાત્રિકો બેસીને મહાપ્રસાદ ભોજન માણી શકશે.

**કથાપારાયણ સભામંડપ :** વિશાળ બે 'કથાપારાયણ સભામંડપ'. જેમાં શ્રીમદ્ સત્સંગિજીવન, શ્રીમદ્ ભાગવત, શ્રીરામ ચરિત્ર માનસ વગેરે હિન્દુ ધર્મગ્રંથોની કથાપારાયણો ભક્તજનો કરાવી શકશે.

**નિઃશુલ્ક કોલેજિયન વિદ્યાર્થી છાત્રાલય :** મંદિર પરિસરમાં જ ૨૦૦૦થી વધુ કોલેજિયન વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સુવિધા ઊભી કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા થશે.

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર,**
કોણાર્ક-પુરી મરિન ડ્રાઈવ રોડ, પુરી (૭૫૨૦૦૧) ઓડિશા.
સંપર્ક : **કોઠારી સ્વામી અચ્યુતદાસજી** - મો. ૮૦૦૦૦૫૮૫૦૬

---

**આરતી સમય :- શણગાર : ૬.૩૦ ● સંધ્યા : ૭.૦૦**
**દરરોજ કથાવાર્તા ॥ સવારે ૭.૦૦ થી ૭.૪૫ ● રાત્રે ૮.૦૦ થી ૮.૩૦**
**અભયદાન સત્સંગ રવિસભા :- સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦**
**દર એકાદશી :- સવારે ૭.૦૦ કલાકે અભિષેક તથા મહાપૂજા**



## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - ભાવનગર

જે ધરા ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌપ્રથમવાર સં. ૧૮૫૫માં ૧૮ વર્ષની ઉંમરે નીલકંઠવર્ણી સ્વરૂપે પધારી દેવજી ભગતની ધર્મશાળામાં ત્રણ દિવસ રોકાઈને ત્રાંબાની ગોળીમાંથી ત્રણ દિવસ સુધી સદાવ્રત આપ્યું હતું તેમજ રાજાધિરાજ થયા બાદ નરેશ શ્રી વજેસિંહ દરબારના આમંત્રણથી પધારી જે ભૂમિને પોતાનાં ચરણારવિંદથી પુનિત કરી છે, તેમજ આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી આદિક નંદસંતોના પુનિત પદરજથી પણ પાવન થયેલી ઐતિહાસિક ગોહિલવાડની-ખમીરવંતા શૂરવીરોની ધરતી પર વસેલા ભાવનગર શહેરને આંગણે સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ગોહિલવાડવાસી ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના નિર્માણકાર્યનો શુભારંભ થઈ ગયો છે.

ભાવનગર શહેરમાં રાજકોટ હાઈવે પર માર્કેટીંગ યાર્ડની સામે જ આવેલી તન-મનને આંદોલિત કરતી નયનરમ્ય જગ્યા પર કલાથી નીતરતું મનોરમ્ય પંચશિખર

યુક્ત મંદિર સંપ્રદાય અને ગોહિલવાડ-ગુજરાત અને ભાવનગર શહેરની શાન ગણાશે. આ નવનિર્મિત મંદિરના નિર્માણકાર્ય અંતર્ગત અનેકવિધ અન્ય સામાજિક તેમજ શૈક્ષણિક સદ્ધર્મયુક્ત પ્રવૃત્તિઓ પણ સૌ ભક્તો માટે કેન્દ્રરૂપ સિદ્ધ થશે. જેમ કે -

**મુખ્ય મંદિર :** ➠ વિશાળ પ્રદક્ષિણા પથ. ➠ કલાત્મક નકશીકામ યુક્ત જગતી. ➠ કલાત્મક અને ભવ્ય ગજેન્દ્રપીઠ. ➠ મકરાણા આરસ પથ્થર વડે મંદિર બાંધકામ.

**યાત્રિક નિવાસ :** ➠ ૧૦૦ વધુ રૂમો/ઉતારા (ટોયલેટ-બાથરૂમ સાથે) ➠ ચાર માળ સાથે વિશાળ હોલ સુવિધા. ➠ દરેક માળે જનરલ ટોયલેટ-બાથરૂમ. ➠ લીફ્ટ સહિતની સુવિધા.

**ભક્ત ભોજનાલય :** ➠ એક સાથે હજારો ભક્તો પ્રભુપ્રસાદ ગ્રહણ કરી શકશે. ➠ પવિત્રતાથી બનાવેલ સાત્ત્વિક ભોજન તમામ દર્શનાર્થીઓ મહાપ્રસાદ રૂપે પ્રાપ્ત કરી શકશે.

**કથા-સભામંડપ :** ➠ વિશાળ કથામંડપનું નિર્માણ. ➠ કોઈપણ હિન્દુ ધર્મગ્રંથની કથાપારાયણ કરાવી (બેસાડી) શકાશે. ➠ કોઈપણ યોગ્ય વક્તાશ્રી દ્વારા કથા કરાવી શકાશે. ➠ વક્તા-શ્રોતા માટે રહેવા-જમવાની ઉત્તમ સુવિધા.

**નિઃશુલ્ક કોલેજિયન વિદ્યાર્થી છાત્રાલય :** ➠ ૨૦૦૦થી વધુ કોલેજિયન વિદ્યાર્થીનો સમાવેશ. ➠ વિશાળ રૂમો (એટેચ્ડ ટોયલેટ-બાથરૂમ) ➠ શુદ્ધ સાત્ત્વિક ભોજન સુવિધા. ➠ દરેક માળે રીડીંગ રૂમ હોલ. ➠ લાઈબ્રેરી તથા પ્લે ગ્રાઉન્ડ. ➠ સંતો દ્વારા સામાજિક-આધ્યાત્મિક તથા અભ્યાસલક્ષી માર્ગદર્શન.

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર,**
માર્કેટીંગ યાર્ડની સામે, ચિત્રા, ભાવનગર
સંપર્ક : **કોઠારી પાર્ષદ અક્ષય ભગત** - મો. ૭૮૭૮૪૪૪૪૩૦

---

**આરતી સમય :- શણગાર : ૬.૩૦ ● સંધ્યા : ૭.૦૦**
**દરરોજ કથાવાર્તા ॥ સવારે ૭.૦૦ થી ૭.૪૫ ● રાત્રે ૮.૦૦ થી ૮.૩૦**
**અભયદાન સત્સંગ રવિસભા :- સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦**
**દર એકાદશી :- સવારે ૭.૦૦ કલાકે અભિષેક તથા મહાપૂજા**



## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - મહુવા

માલિની માલણ નદીને કાંઠે વસેલું પૌરાણિક અને ઐતિહાસિક શહેર કે જે સૌરાષ્ટ્રનું કાશ્મીર ગણાય છે. યૌવનભાવે પ્રકૃતિ અહીં સદા ખીલેલી જ રહી છે, પ્રાકૃતિક સૌંદર્યથી શોભાયમાન મહુવા નગર ઐતિહાસિક દૃષ્ટિએ પણ એટલું જ સમૃદ્ધ છે. મધુપુરી (મહુવા) પોતાના પ્રાકૃતિક અને રળિયામણા સૌંદર્યથી સાત્ત્વિક ભૂમિનું મુખ લાગે છે. અને તેને કિનારે વહેતી માલિની માલણ નદી મધુપુરી નગરીને જાણે વાસંતી શણગાર અર્પણ કરી રહી છે. આવા શીતળ સૌમ્ય વાતાવરણમાં વનવિચરણ દરમ્યાન સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ત્રણ-ત્રણ રાત્રિ રોકાણ કરીને અતિ પ્રસન્ન થયેલ; તેમજ મહુવાના શ્રીજીસમકાલીન ભક્ત જીણાભાઈને તેમની નિષ્કામ ભક્તિ જોઈ પોતાનો જામો આપીને શ્રીજીમહારાજે વરદાન આપેલ કે, ‘મહુવામાં સત્સંગનો જામો થશે.’ ( આ જામો હાલ મહુવા શ્રી સ્વામિનારાયણ મંદિર ખારગેટના સભામંડપના સિંહાસનમાં પધરાવેલ છે.) ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પાવન ચરણોથી અંકિત આ પવિત્ર મહુવાધામમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનું સંતમંડળ મહુવા મંદિરમાં નિવાસ કરીને મહુવા અને આજુબાજુના વિસ્તારમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપીને સંપ્રદાયનો વિકાસ કરી રહ્યું છે. જેથી શ્રીજીમહારાજે આપેલા

વરદાનને ચરિતાર્થ થતું જોઈ શકાય છે. જેના પરિણામ સ્વરૂપે પૂ. સ્વામીશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી સૌરાષ્ટ્રના નજરાણારૂપ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણાધીન છે.

આ નવનિર્મિત મંદિરના નિર્માણકાર્ય અંતર્ગત અનેકવિધ અન્ય સામાજિક તેમજ શૈક્ષણિક સદ્ધર્મયુક્ત પ્રવૃત્તિઓ પણ સૌ ભક્તો માટે કેન્દ્રરૂપ સિદ્ધ થશે. જેમ કે -

➠ **મુખ્ય મંદિર :** ➠ **યાત્રિક નિવાસ :** ➠ **ભક્ત ભોજનાલય :** ➠ **કથા-સભામંડપ**

➠ **નિ:શુલ્ક કોલેજિયન વિદ્યાર્થી છાત્રાલય :** ૧૦૦૦ થી વધુ કોલેજિયન વિદ્યાર્થીઓ માટે વિના મૂલ્યે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા છે. તેમજ વિદ્યાર્થીઓને સમયસર કોલેજે પહોંચાડવા માટે તદ્દન નિ:શુલ્ક વાહન વ્યવસ્થા પણ થશે. અને ઉચ્ચ અભ્યાસની સાથે-સાથે પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં વિદ્યાર્થીઓને ભારતીય વૈદિક સંસ્કૃતિના શુભ સંસ્કારોનું પણ અધ્યાત્મ શિક્ષણ પ્રાપ્ત થશે.

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર,**

ગાયત્રી સોસાયટીની બાજુમાં, **મહુવા**

સંપર્ક : **કોઠારી સ્વામી ભજનપ્રકાશદાસજી** - મો. ૯૦૯૯૯૯૦૬૨૨

| આરતી સમય | અભયદાન સત્સંગ રવિસભા |
|---|---|
| **મંગળા :** ૫.૪૫ | **સમય :-** સાંજે ૫.૦૦ થી ૭.૦૦ |
| **શણગાર :** ૭.૧૫ | **॥ દરરોજ કથાવાર્તા ॥** |
| **રાજભોગ :** ૧૧.૩૦ | સવારે ૭.૦૦ થી ૭.૪૫ |
| **સંધ્યા :** ૭.૦૦ | રાત્રે ૮.૦૦ થી ૮.૩૦ |
| **શયન :** ૮.૩૦ | |

નોંધ :- દર પૂનમે તથા દર એકાદશીએ ખારગેટ મંદિરમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવે છે.

## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - વિદ્યાનગર

ગુજરાતની શ્રેષ્ઠતમ શૈક્ષણિક નગરી **વલ્લભવિદ્યાનગર** ખાતે



વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ દેવની છત્રછાયામાં વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ તાબાનું **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર** સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના **માર્ગદર્શન** પ્રમાણે આધ્યાત્મિકતાની ઉજાગરતા માટે **નવનિર્માણ** પામી રહ્યું છે. જેમાં દરરોજ આરતી, સ્તુતિ-પ્રાર્થના, નિયમ-ચેષ્ટા તેમજ પૂજ્ય સંતોના દ્વારા સત્સંગ-કથાવાર્તા થશે.

મંદિરની સાથે શિક્ષાપત્રીના સદ્‌વિદ્યા પ્રવર્તનના આદેશ અનુસાર ૧૦૦૦થી વધુ કોલેજિયન વિદ્યાર્થીઓ માટે આધુનિક સુવિધાથી સુસજ્જ **નિઃશુલ્ક** શ્રી સ્વામિનારાયણ **છાત્રાલય**નું નિર્માણકાર્ય થશે. દેશ-વિદેશમાંથી અભ્યાસાર્થે આવતા કોલેજિયન વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની સાથે-સાથે પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં ભારતીય વૈદિક સંસ્કૃતિના **શુભ સંસ્કારો**નું પણ અધ્યાત્મ શિક્ષણ પ્રાપ્ત કરાવતું-શિક્ષણ સેવાનું આ સત્કાર્ય, વડતાલ સંસ્થાના **વિકાસલક્ષી**-વિવિધ **સેવા કાર્યો** તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની **આગવી વિચારધારા** પર **સુવર્ણ કળશ**ની જેમ શોભી ઉઠશે.

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર,**
**પ્રોફેસર સોસાયટી સામે, મોટા બજાર, વિદ્યાનગર**
સંપર્ક : **કોઠારી સ્વામી શ્યામચરણદાસજી** - મો. ૯૮૭૯૨૫૮૫૦૩

**આરતી સમય :- શણગાર : ૬.૩૦ ● સંધ્યા : ૭.૦૦**
**દરરોજ કથાવાર્તા ॥ સવારે ૭.૦૦ થી ૭.૪૫ ● રાત્રે ૮.૦૦ થી ૮.૩૦**




**શ્રી સ્વામિનારાયણ મંદિર - સુરત**
પાવર હાઉસની પાછળ,
ગજેરા સ્કૂલની બાજુમાં,
તાપી કિનારે, મોટા વરાછા, **સુરત.**
સંપર્ક : **કોઠારી સ્વામી પ્રભુચરણદાસજી**
- મો. ૮૦૦૦૦૫૮૫૦૩
**આરતી સમય :-**
શણગાર : ૬.૩૦ સંધ્યા : ૭.૦૦

દરરોજ કથાવાર્તા ॥
સવારે ૬.૪૫ થી ૭.૩૦
રાત્રે ૮.૦૦ થી ૮.૩૦
**અભયદાન સત્સંગ રવિસભા -**
સમય :- સાંજે ૫.૦૦ થી ૭.૦૦
દર એકાદશી -
સવારે ૭.૦૦ કલાકે
અભિષેક તથા મહાપૂજા




**આરતી સમય :-**
શણગાર : ૭.૦૦
સંધ્યા : ૭.૦૦
દરરોજ કથાવાર્તા ॥
સવારે ૭.૧૫ થી ૮.૦૦
રાત્રે ૮.૦૦ થી ૮.૩૦
**અભયદાન સત્સંગ રવિસભા -**
સમય :- સાંજે ૫.૦૦ થી ૭.૦૦
દર એકાદશી -
સવારે ૭.૦૦
કલાકે અભિષેક તથા મહાપૂજા

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી**
રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) મુંબઈ (મહારાષ્ટ્ર)
સંપર્ક : **કોઠારી પાર્ષદ હરેશ ભગત** - મો. ૮૮૮૮૦૫૮૫૦૩


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
ઘરમાં શાંતિમય વાતાવરણ માટે... દરરોજ નિહાળીએ
રાત્રે ૯.૦૦ કલાકે
શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર આયોજીત
ઘરસભા
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
9879758503
7600058504
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ
ઘરસભા સત્સંગ દ્વારા
દિશા બદલીએ, જીવન સુધારીએ
लक्ष्य
સરધાર
SARDHARKATHA
कर्तव्य
सबका कल्याण हो...
ઘરસભા


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
તીર્થધામ સરધારને આંગણે
દૈનિક હોમાત્મક યજ્ઞ
અનુષ્ઠાન
સંપર્ક : ૯૯૦૯૦૭૦૦૦૪
દરરોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૩૦ થી ૬.૩૦
પ્રેરક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થવા માટે, દુઃખદારિદ્ર અને મુશ્કેલીઓ દૂર થાય અને
સર્વ મનોવાંછિત શુભ સંકલ્પો પૂર્ણ થાય તે માટે, જન્મ દિવસ, લગ્નપ્રસંગ વગેરે શુભ પ્રસંગે
તેમજ સદ્ગત આત્માઓની સ્મૃતિમાં આપ પણ આ યજ્ઞ અનુષ્ઠાનમાં સહભાગી થઈ શકો છો.



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



ભગવાન શ્રી સ્વામિનારાયણ



પૂ. સ. ગુ સ્વામી
શ્રી નિત્યસ્વરૂપદાસજી

**જે જે સ્થાનોમાં પ્રગટ પ્રભુ શ્રીહરિએ વિચરણ કર્યું,
પધરામણીઓ કરી તે તે શહેર-ગામ-ઘર-ધર્મશાળા-ફૂલવાડી-બગીચા-નદી-તળાવો અને સ્થાવર-જંગમ સમસ્ત મહાપ્રસાદીરૂપ પવિત્ર બની ગયાં. જ્યાં જ્યાં પ્રગટ પરમેશ્વર એવા ભગવાન શ્રીહરિના પદારવિંદ પડ્યાં એ ઓરડા, ઓસરી, ફળી, વાડી, ખેતર અને ચોક વગેરે અક્ષરધામ સમાન બની ગયાં ! જ્યાં પ્રગટ પરમાત્મા પોતે રમ્યા-જમ્યા અને હર્યા-ફર્યા એ સર્વે ભૂમિ વંદન કરવા યોગ્ય બની ગઈ. તે પવિત્ર પૃથ્વીની રજને સ્પર્શતા તન ને મન બંને પાવન થઈ જાય છે.
પ્રસાદીની ધરતીમાં કોઈ પાપી મૃત્યુ પામે તો તેની પણ સદ્ગતિ થાય છે !**

**પ્રગટ ભગવાન શ્રીહરિના ચરિત્રો અસંખ્ય છે,
પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉજવાતા નાના-મોટા ઉત્સવ-સમૈયાઓને અનુરૂપ સત્સંગીઓના સત્સંગને પોષણ મળે, બળ મળે તેમજ પ્રેરણા મળે તેવા ચરિત્રોને આપણે વાંચતા-સાંભળતા કે ચિંતવતા આવ્યા છીએ. તેમજ જે તે ગામના આદર્શરૂપ સંતો-હરિભક્તોના જીવનકવનને વાગોળતા આવ્યા છીએ. એ ઉપરાંત સંપ્રદાયના પ્રસિદ્ધ તીર્થસ્થાનો અને લુપ્તપ્રાયઃ પ્રસાદીનાં સ્થાનોનાં પણ વાંચનયાત્રાને માધ્યમ બનાવી માનસિક દર્શન કરતા આવ્યા છીએ.**

**એ પ્રાસાદિક તીર્થસ્થાનોમાં ભાલપ્રદેશનાં તીર્થસ્થાનો સંબંધિત સંપ્રદાયના શાસ્ત્રોના આધારે સંકલિત કરાયેલ દિવ્ય-ચરિત્રગાથાને તલસ્પર્શી અભ્યાસ સાથે આવો આપણે પણ 'ભાલપ્રદેશ તીર્થદર્શનગાથા'ને આપણા હૈયાને સોળવલ્લા સોનાથી મઢી લઈએ અને એ સોનાનાં પાત્રમાં ચરિત્રોરૂપી અમૃતને ભરી, જન્મોથી પ્યાસા જીવાત્માઓ સુધી પહોંચાડી તેમને તૃપ્ત કરીએ.**

તીર્થધામ સરધાર
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા. જી. રાજકોટ - ૩૬૦ ૦૨૫.